
ઉપમિતિ-સારોદ્ધાર

ભાગ ૨

સદાગમ પ્રભાવે ફાંસીમુક્ત ... સંસારી જીવ પ્રપંચ કહે છે.



સંસારી ફાંસીયે જાય છે




Upamiti Bhavaprapancha Kathasaroddhar

[Vol. 2 : Parts 4-5]

by

Acharya Shree Devendrasuriji



Translated in Gujarati

by

Muni Kshamasagarji

The disciple of

Revered Acharya Shree Kailassagarsuriji

પ્રકાશક :–
શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય વતી

અધ્યાપક :–
જેશીંગભાઈ ચુનીલાલ શાહ
મુ. પો. શિવગંજ (રાજસ્થાન)

*

અવતરણકાર :–
પરમપૂજ્ય પ્રવચનકાર આચાર્યદેવ
શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીના શિષ્ય
મુનિ ક્ષમાસાગરજી

*

પ્રથમાવૃત્તિ : ૧૨૫૦
વીર સં. ૨૪૯૩
વિક્રમ સં. ૨૦૨૩

*

મૂલ્ય : રૂપીઆ ચાર

*

મુદ્રક :–
મહેતા અમરચંદ બહેચરદાસ
શ્રી બહાદૂરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસ
મુ. પો. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

પ્રાપ્તિસ્થાનો :–

૧ **શ્રી શાંતિલાલ જગજીવન**
ઠે. માણેકચોક, સાંકડી શેરીના
નાકે, યુનાઈટેડ બેંક નીચે,
મુ. અમદાવાદ

૨ **સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. હાથીખાના, રતનપોળ
મુ. અમદાવાદ

૩ **રતિલાલ બાદરચંદ શાહ**
ઠે. દોશીવાડાની પોળ
મુ. અમદાવાદ

૪ **સોમચંદ ડી. શાહ**
મુ. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૫ **શ્રી વર્ધમાન જૈ. ત. પ્ર. વિદ્યાલય**
મુ.પો.શિવગંજ(રાજસ્થાન)

*

॥ णमो वीयरागाणं ॥

શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર

નું

ગુજરાતી અવતરણ

[ભાગ ૨ :: પ્રસ્તાવ ૪-૫]

શેઠશ્રી સુમતિલાલ છોટાલાલના

ધર્મપત્ની

સ્વ. શ્રી શારદાબેન તરફથી ભેટ

અમદાવાદ.

: પ્રેરક :

પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્યદેવશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી

મહારાજના શિષ્યરત્ન ત્યાગમૂર્તિ પંન્યાસપ્રવર

શ્રી મંગળવિજયજી ગણીન્દ્ર

પ્રકાશકીયમ્

જડવાદના જડબામાં જકડાએલી જનતાને જગાડવા અમારી સંસ્થા પ્રભુશ્રી મહાવીર ભગવંતે પ્રકાશિત કરેલા તત્ત્વોના સાહિત્યને લોકભાષામાં રજુ કરે છે.

આ સંસ્થા પાછળ કોઇ બળ કામ કરતું હોય તો એ છે ત્યાગમૂર્તિ પન્યાસ પ્રવર શ્રી મંગળવિજયજી મહારાજના પવિત્ર આશીર્વાદ. એ વિના આ સંસ્થા જ્યોતિ વિહૂણા દીપક જેવી હોત.

એ સ્વનામધન્ય પુરૂષે અમને રાહ ચિંધ્યો. અમે એ સ્વીકાર્યો, એટલે આટલું કાર્ય થઈ શકયું છે. શ્રી ઉપદેશ પ્રાસાદ ભાગ ૫ હિન્દી, શ્રી શાન્તસુધારસ ભાગ ૨ ગુજરાતી અને ઉચ્ચપ્રકાશના પંથે પ્રકાશિત કર્યા બાદ એ ગુણશીલ ગુરુદેવે મુનિવરશ્રી ક્ષમાસાગરજી દ્વારા અવતરણ કરાવી આપેલ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધારને ત્રણ ભાગમાં આ સંસ્થા રજુ કરે છે.

પૂ અવતરણકાર મુનિની અમે અનુમોદના કરીએ છીએ, સાથોસાથ પ્રથમ ભાગમાં નિષ્કામભાવે અવિરત સેવા અર્પનારા સુશ્રાવક શ્રી ચિમનલાલ જેચંદભાઇ અમદાવાદવાળાની પણ અનુમોદના કરીએ છીએ.

આ પ્રકાશનમાં કયાંય ક્ષતિ જણાય તો એની જાણ કરવા આપને વિનંતિ કરીએ છીએ. જેથી દ્વિતીયાવૃત્તિમાં એનું પરિમાર્જન થઈ શકે.

જૈન તત્ત્વજ્ઞાનનું સાહિત્ય પ્રકાશિત કરવાનું અમને નીતિપૂર્વકનું બળ મળો એ જ મુનિભગવંતોના આશીર્વચનને અમે ઇચ્છીએ છીએ.

વિ. સં. ૨૦૨૩
ભાદરવા વદ ૧૨


લી. અધ્યાપક
જેશીંગલાલ ચુનીલાલ શાહ



આચાર્ય વિજય નીતિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર આચાર્ય
વિજય હર્ષસૂરીશ્વરજીના શિષ્યરત્ન પંન્યાસ મંગલવિજય ગણીવર



વિવેચન કર્તા મુનિ ક્ષમાસાગરજી



શેઠશ્રી સુમતિલાલ છોટાલાલના ધર્મપત્ની

સ્વ. શ્રી. શારદાબેન

અમદાવાદ.

સ્વ૦ શ્રી શારદાબેન

સ્વર્ગસ્થ શ્રી શારદાબેનનો જન્મ વિક્રમ સંવત ૧૯૭૩ ના કારતક શુદ પાંચમના રોજ બારેજા ખાતે થયો. પિતાજીનું નામ શ્રી ત્રીકમલાલ વાડીલાલ અને માતાજીનું નામ શ્રી ચંપાબેન હતું. માતાજી શ્રી ચંપાબેનનું અવસાન ઘણી જ નાની ઉંમરે એટલે ૩૩ વર્ષની ઉંમરે થએલું. તેઓ ધનપીપળીની ખડકી અંદર ગોપાળની હવેલી, રાયપુરમાં રહેતાં હતાં. માતાજી શ્રી ત્રીકમલાલ ૬૪ વર્ષની ઉંમરે અવસાન પામ્યા હતા.

શ્રી શારદાબેનનું લગ્ન સ્વ૦ શ્રી છોટાલાલ રવચંદ અમદાવાદ, રાયપુર, વાઘેશ્વરની પોળમાં રહેતા. તેમના એક પુત્ર શ્રી સુમતિલાલ સાથે થયા. સંસારી અનેક જોખમો હોવા છતાં શ્રી શારદાબેન ધર્મિષ્ઠ, પરગજુ હૃદયના સરળ અને દયાળુ હતા. તેઓ શાંતિથી ધર્મકાર્ય કરતા અને દરેક પર્વતિથિએ ઉપવાસ, એકાસણા, બિયાસણા આદિ તપ બની શકે તે મુજબ ગોઠવેશ કરતા.

પરન્તુ સંસારમાં હંમેશાં કસોટી હોય જ છે, તે મુજબ શારદાબેનની તબિયત લથડી અને માંદગી વધતી ગઈ તો પણ તેઓ ઉપવાસ એકાસણા વિગેરે નિત્ય

નિયમો કરવાનું ચાલુ જ રાખતા. વિ. સં. ૨૦૧૭ માં શરીરને રોગોએ ઘેરી લીધું. અને ૨૦૨૨ ના પોષ વદ એકમ ને શનીવારે શ્રી નવકાર મહામંત્રનો જપ કરતાં કરતાં તેઓનું અવસાન થયું.

શારદાબેન પોતાની પાછળ પતિ શ્રી સુમતિભાઇ, ત્રણ પુત્રો શ્રી નરેશકુમાર, શ્રી પંકજકુમાર, શ્રી રાજેશકુમાર અને પુત્રી શ્રી લેખાબેન તથા મોટા પુત્રના પત્ની શ્રી નયનાબેન વગેરેને મૂકી ગયા.

સ્વર્ગસ્થના આત્માને દેવગુરુધર્મની આરાધનાના પ્રતાપે શાંતિ થાઓ.





યોગનિષ્ઠ દિવ્યજ્યોતિર્ધર
આચાર્ય ભગવંત
શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના
પતિતપાવન
અને
વરદ કરકમલોમાં
ભાવભીની સ્નેહાંજલિરૂપે
આ
અર્ઘ્ય ધરું છું.

ભવદીય
ક્ષમાસાગર

શ્રી શ્રુતજ્ઞાન ભક્તિનો લાભ લેનારા મહાનુભાવોની

શુભ નામાવલી



	નામ	ગામ
૫૦૦)	શાહ મૂળચંદ હરિલાલ જૈન	મુંબઈ
૩૫૦)	શેઠ જેશીંગભાઈ કાલિદાસ ચેરીટી ટ્રસ્ટ	અમદાવાદ
૨૦૦)	સંઘવી વેરીદાસ પ્રતાપજી	વાંકલી
૨૦૦)	શાહ સરદારમલજી જુહારમલજી	પાદરલી
૧૭૫)	શાહ ત્રીકમચંદ હીરાચંદ	બેલગામ
૧૭૫)	શાહ મનુભાઈ ભોગીલાલ	ગોધાવી
૧૭૫)	શાહ સુમતિલાલ છોટાલાલ	અમદાવાદ
૧૭૫)	શાહ ગીરધારીલાલ પ્રેમચંદ	બેડા (રાજસ્થાન)
૧૭૫)	શાહ બાબુલાલ ખુમાજી	તખતગઢ
૧૭૫)	શાહ કાનજી ભીમશી તથા લાલજી કુરપાર	તગડી (કચ્છ)
૧૫૦)	શાહ બાબુલાલ અમથાલાલ	સરદારપુર
૧૫૦)	શાહ હીરાલાલ દુર્લભજી	વલ્લભીપુર
૧૨૦)	શાહ ભીમરાજ હંસરાજ	વાસા
૧૦૦)	શાહ કુટરમલ હીરાચંદ	ચાંદરાઈ
૫૦)	શાહ નંદલાલ મોહનલાલ ફોજદાર	અમદાવાદ



અનુક્રમણિકા

	પૃષ્ઠ
નિવેદન	૯
પ્રસ્તાવના	૧૩
કથાસાર	૨૩

ચતુર્થ પ્રસ્તાવ

ચતુર્થ પ્રસ્તાવના પાત્રો	૨
પ્રકરણ પહેલું રિપુદારણ અને શૈલરાજ	૧૧
પ્રકરણ બીજું નરસુંદરી	૩૩
પ્રકરણ ત્રીજું વિચક્ષણ અને જડ	૬૭
પ્રકરણ ચોથું વિશ્વની સફરે	૮૭
પ્રકરણ પાંચમું ભૌતાચાર્ય અને વેલ્લહક કથા ...	૧૧૨
પ્રકરણ છઠું મોહપરિવાર	૧૩૮
પ્રકરણ સાતમું મહામોહનું સામંતચક્ર	૧૫૬
પ્રકરણ આઠમું ભવચક્રના કૌતુકો	૧૭૫
પ્રકરણ નવમું મહેશ્વર અને ધનગર્વ	૨૦૩
પ્રકરણ દસમું અવાંતર નગરો	૨૨૭
પ્રકરણ અગ્યારમું જૈનનગર—અવલોકન	૨૪૮
પ્રકરણ બારમું કાર્ય નિવેદન	૨૭૧
પ્રકરણ તેરમું નરવાહન દીક્ષા અને રિપુદારણ દશા ...	૨૮૩

પંચમ પ્રસ્તાવ

	પૃષ્ઠ
પંચમ પ્રસ્તાવના પાત્રો	૩૦૪
પ્રકરણ પહેલું વામદેવ	૩૦૭
પ્રકરણ બીજું રત્નચૂડ	૩૧૬
પ્રકરણ ત્રીજું વિમળનો વિકાસ	૩૩૧
પ્રકરણ ચોથું વિમળનો વિરાગ	૩૫૮
પ્રકરણ પાંચમું બઠર ગુરુ	૩૭૮
પ્રકરણ છઠ્ઠું સૂરિજીની આત્મકથા	૩૯૩
પ્રકરણ સાતમું વિમળની દીક્ષા	૪૨૨
પ્રકરણ આઠમું વામદેવની દુર્દશા	૪૨૭



ૐ અર્હં યેં નમઃ

નિ વે દ ન

શ્રી સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુના શાસનમાં પ્રભાવક મહાપુરૂષો સિદ્ધાન્તના તત્ત્વોને વિશ્વના ઉદ્ધાર માટે ઉચ્ચ કોટીના ગ્રંથોમાં ગૂંથી પરમ તારક બન્યા છે. શ્રી ઉમાસ્વાતિજી રચિત "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" અને ચિરંતનાચાર્ય રચિત શ્રી "પંચસૂત્ર" ગ્રંથો છે. આ ગ્રંથોમાં તત્ત્વ ઘણું સમાએલું છે.

એ રીતે શ્રી સિદ્ધર્ષિ ગણી દ્વારા વિરચિત શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા" ગ્રંથ પણ અગાધ છે. એ દુષમ કાળમાં પણ સુસમ કાળના સમયના સ્વાદને ચખાવે છે.

આ ગ્રંથ કથાનુયોગનો હોવા છતાં, એમાં દ્રવ્યાનુયોગનું સુંદર વર્ણન, શબ્દોની વ્યાખ્યા, કથાની રસધારા છે. આ ગ્રંથ જૈન અને જૈનેતરોમાં પણ સુપ્રસિદ્ધિને વરેલો છે. આ ગ્રંથ સોળ હજાર શ્લોકના પ્રમાણનો છે. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ એમાં સંક્ષેપ કરી "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" ગ્રંથ રચ્યો. એનું પ્રમાણ છ હજાર શ્લોક જેટલું છે. એ દ્વારા "ટુંકુ ને ટચ" જાણવાની ઇચ્છાવાળા ભવ્યો ઉપર સુંદર ઉપકાર કર્યો ગણાય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત "વૈરાગ્ય કલ્પલતા" ગ્રંથ પણ પ્રસ્તુત ગ્રંથનું રૂપાંતર છે. શ્રી " ભુવનભાનુ કેવલિ " ચરિત્રમાં પણ આની ઘણી છાયા દેખાય છે. શ્રીયુત્ મોતીલાલ ગીરધરચંદ કાપડીયાએ ઉપમિતિ ગ્રંથ ઉપર સુંદર અને સરલ વર્ણન કર્યું છે.

જૈનેતરોમાં શ્રી હર્મન જેકોબી અને પીટરસન જેવા પાશ્ચાત્યોએ આ ગ્રંથની મુક્ત કંઠે પ્રશંસા કરી છે, એ વિદ્વાનો પણ આ રચના માટે મસ્તક નમાવે છે.

આજના યુગમાં જીવન જીવી રહેલો અને ભરપૂર ઉપાધિમાં અટવાઇ ગએલો માનવ એ મહાગ્રંથોને સ્વતઃ વાંચે એ શક્ય નથી. કદાચ વાંચવા જાય તો એને રસ ન આવે, કાં સમજાય નહિ. એટલા ખાતર " ઉપમિતિ ભવ પ્રપંચા કથા સારોદ્ધાર " ઉપર ગુજરાતી અવતરણ લખાવવાની ભાવના થઇ. એ અવતરણ કરવું મારે માટે અશક્યપ્રાય હતું.

એ કાર્ય કોને સોંપવું ? આમાં ઘણો સમય ગયો. સંવત ૨૦૨૦ નું ચાતુર્માસ અમારૂં સિદ્ધક્ષેત્રની છત્રછાયામાં થયું. ત્યાં એ વર્ષે શાસનરાગી શાન્તમૂર્તિ ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મહારાજ પણ ચાતુર્માસ હતા. એમના શિષ્ય મુનિ શ્રી ક્ષમાસાગરજી મહારાજને મેં આ કાર્ય કરવા જણાવ્યું. એમણે જીવનમાં વિશિષ્ટ લેખનકાર્ય કરેલ નહિ એટલે કાર્ય સ્વીકાર માટે સંકોચ અનુભવતા હતા. છતાં મારી લાગણી એમણે સ્વીકારી અને અવતરણ લખવાનું કાર્ય ચાલુ કર્યું.

અવતરણ શાસ્ત્ર રહસ્યજ્ઞ ઉપાધ્યાયજી શ્રી કૈલાસસાગરજી મહારાજે વાંચ્યું અને યોગ્ય પણ લાગ્યું એટલે છપાવવાનો નિર્ણય કર્યો જે ધાર્યા કરતાં અવતરણનું કદ મોટું થયું પણ સરસ હોવાથી તેમજ

સંક્ષેપ કરવામાં પાછો ઘણો સમય આપવો પડે અને એમ કરવા જતાં રસધારા તૂટવાની આછી આછી સંભાવના જણાતી હતી, એટલે એ અવતરણ મુદ્રિત કરવાનું નક્કી કર્યું.

નિવેદનની અંદર કથાનો સારાંશ આપવા વિચાર હતો, પણ મુનિવર્ય શ્રી ક્ષમાસાગરજીએ " કથાસાર " જુદો લખ્યો છે, અને એથી વાચકને સંપૂર્ણ કથા પુનઃ સ્મૃતિપટ ઉપર આવી જાય એમ હોઇ નિવેદનમાં કથાસાર મૂકતાં નથી.

મૂળ ગ્રંથકારે કથાપાત્રો અને કથાઓનો ભાવ એટલો સરસ આલેખ્યો છે કે જેને વાંચતા આપણું હૈયું ડોલી ઉઠે. પ્રથમ પ્રસ્તાવમાં નિષ્પુણ્યક દ્રમકની વાત વાંચીએ ત્યારે આપણને આપણો આત્મા કેવો દ્રમક છે એનો ખ્યાલ આવી જાય છે. બીજા પ્રસ્તાવમાં આત્મા નિગોદથી નિકળી કચા ક્રમે ઉન્નતિ પામે છે, એની વિગત રમૂજી ભાષામાં લખી છે. અને ત્રીજા પ્રસ્તાવથી હિંસા–વૈશ્વાનર–સ્પર્શનાદિને લગતી વાતો ચાલુ થાય છે.

ચોથા પ્રસ્તાવનું તત્ત્વજ્ઞાન એટલે કર્મસાહિત્યનો ભંડાર. મોહાદિ આઠ રાજવીઓ એ મોહનીયાદિ કર્મોના પ્રતીકો બતાવી ગ્રંથકારે પોતાની શક્તિનો અપૂર્વ પરિચય બતાવ્યો છે. પાંચમા–છઠ્ઠા–સાતમા પ્રસ્તાવ સુધી સંસારભ્રમણનું ભાન કરાવી આઠમા પ્રસ્તાવમાં આત્માની સિદ્ધ દશાનો ખ્યાલ અને પ્રાપ્તિ એ ખૂબ મજેદાર છે.

આ રીતે આઠ પ્રસ્તાવોમાં જીવ નિગોદથી નિકળી મોક્ષે જાય ત્યાં સુધી સ્વચ્છ (યથાર્થ) ઇતિહાસ રજુ થાય છે. આ ગ્રંથ ખરી રીતે આત્મદર્શનનો નિર્મળ આરીસો છે. એમાં આપણા જીવનની અવનતિ અને ઉન્નતિનો ઇતિહાસ પ્રતિબિંબિત થએલો જણાય છે.

આત્માની વિભાવદશામાં થતાં મનોવિકારો, કષાયો, તૃષ્ણાઓ અને એના કારણે થતી યાતનાઓ વિગેરે હૂબહૂ જણાવ્યા છે.

આ ગ્રંથના અવતરણનું કાર્ય વડિલોના આશીર્વાદના કારણે મુનિ ક્ષમાસાગરજીએ પૂર્ણ કર્યું છે, એ અનુમોદનાપાત્ર છે સાથે એઓને અનેક આવા શાસનની સેવાના અને સુરક્ષાના કાર્યો કરવાનું બળ મળે એવી ભાવના રાખું છું.

આ ગ્રંથની ઉપયોગિતા અને લોકપ્રિયતા કેવી બને છે, એનો ખ્યાલ અમૂક સમયના વહી ગયા પછી આવશે.

કથાનુયોગની ઉપયોગિતા, આર્ય સાહિત્યકારો અને આર્ય સાહિત્યની ઉચ્ચતા, મૂળ ગ્રંથની ઉપાદેયતા વિગેરે બાબતો ઉપર અવતરણકારે પ્રસ્તાવનામાં ઘણો પ્રકાશ પાડેલો છે એટલે અત્ર વધુ લખતો નથી. ગચ્છમાં વ્યવસ્થા અને સંરક્ષણની ઘણી જવાબદારીઓ હોવાથી વિશેષ લખવા માટેનો બહોળો સમય પણ નથી.

અંતમાં, મરુધરની ભૂમિ ઉપર શાસનરત્ન શ્રી ગોમરાજજી કુતેચંદજી સંઘવી આદિ પુણ્યવાનો દ્વારા શિવગંજમાં સંસ્થાપિત "શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય" દ્વારા અનેક અભ્યાસીઓ તૈયાર કરાય છે તેમજ ધર્મશ્રદ્ધાનાં હેતુભૂત-વૈરાગ્યમય તત્ત્વજ્ઞાનના ગ્રંથો પણ પ્રકાશિત થાય છે.

ઉપદેશપ્રાસાદ ગ્રંથનો હિન્દી અનુવાદ કરાવી પાંચ ભાગો બહાર પાડ્યા. શ્રી મો. ગી. કાપડીયાના વિવેચનવાળા શાન્ત સુધારસનું તૃતીય મુદ્રણ કરાવ્યું. પંચસૂત્રનું (ઉચ્ચ પ્રકાશના પંથે) પુસ્તક દ્વિતીય આવૃત્તિમાં છપાવ્યું. અને આ શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" અવતરણને ત્રણ ભાગમાં પ્રકાશિત કરે છે. એટલે ભવ્યાત્માઓને મુમુક્ષુકરવા અને જૈનશાસનમાં જ્ઞાનપ્રભાવનાની

લાગણી માટે આ સંસ્થા અને સંસ્થાના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

આ સંસ્થા ઉત્તરોત્તર સારા તત્ત્વજ્ઞાનના સારા પુસ્તકોને પ્રકાશિત કરે, એજ શાસનદેવ પ્રતિ અભ્યર્થના.

વિક્રમ સં. ૨૦૨૩
શ્રાવણ વદ ૧૨
લુહારની પોળ, જૈન ઉપાશ્રય
અમદાવાદ

લી૦
પં૦ મંગળવિજયજી ગણી.



॥ णमो वीयरागाणं ॥

પ્રસ્તાવના

શાસ્ત્રીય પરિભાષામાં કથાઓની ત્રણ વિભાગમાં વહેંચણી છે. (૧) દેવ વિષયક, (૨) દેવ–મનુષ્ય વિષયક, (૩) મનુષ્ય વિષયક.*

માત્ર દેવોની વાતો હોય તે દેવવિષયક. માત્ર મનુષ્યોની વાતો હોય તે મનુષ્ય વિષયક અને દેવ–મનુષ્યની સંયુક્ત વાતો હોય તે દેવ–મનુષ્ય વિષયક કહેવાય છે.

જો કે પ્રાણીકથાઓ આવે છે. પરંતુ એ અલ્પસંખ્યક હોવાના કારણે અને અતિરૂચિકર ન હોવાના કારણે ગણનામાં ગણી નથી. પંચતંત્ર કે હિતોપદેશ જેવા સંસ્કૃત ભળવા સાહિત્યમાં તેમજ અન્ય ભાષાઓમાં લખાએલા ગ્રંથોમાં પ્રાણીકથાઓ આવે છે. પણ એ લગભગ કાલ્પનિક હોય છે. બાળકોને બોધ આપવા પૂરતું એ કથાનું લક્ષ હોય છે.

---

* तत्थ य " तिविहं कहावत्थु " त्ति आयरियपवाओ ।
तं जहादिव्वं, दिव्वमाणुसं माणुसं च ।
(समराईच्चकहा)

શાસ્ત્રીય પરિભાષામાં બીજી રીતે સામાન્યતઃ ચાર વિભાગમાં પણ વહેંચણી કરવામાં આવેલી છે. (૧) અર્થકથા, (૨) કામકથા, (૩) ધર્મકથા, (૪) મોક્ષકથા.*

અર્થકથા— અર્થતંત્ર વિષયક, ખેતી, હુન્નર, ઉદ્યોગ, શિલ્પ, ચિત્રકળા, ધાતુવાદ, વૈદ્યકશાસ્ત્ર સંબંધી કથાઓ.

કામકથા— કામ ઉદ્દીપક કથાઓ. સ્ત્રી-પુરૂષના રૂપ, શૃંગાર, લાવણ્ય, હાસ્ય, હાવ, ભાવ, વિલાસ, દંપતીપ્રેમ, કોકશાસ્ત્ર સંબંધી વાર્તાઓ.

ધર્મકથા— આત્મકલ્યાણ વિષયક. યતિધર્મ, ગૃહધર્મ, સમ્યક્ત્વ, માર્ગાનુસારિતાને પ્રાપ્ત કરાવનાર સંવેગ અને નિર્વેદજનક કથાઓ.

સંકીર્ણકથા— અર્થ, કામ અને ધર્મ એ ત્રણેના ભાવોથી સંમિશ્ર કથાઓ. શ્રોતાને ધર્મ પ્રાપ્તિ કરાવવાના ઉદ્દેશથી અર્થ કામની કથાઓ સાથે ધર્મકથા કહે તે પણ સંકીર્ણ કથા છે. એવા કાવ્યો, કથાનકો, આખ્યાનો, આખ્યાયિકાઓ, નાટકો, સંવાદો. હેતુ, દૃષ્ટાન્ત, તર્ક વિગેરેનો પણ આમાં સમાવેશ થઇ શકે છે.

આ રીતે કથાઓ ત્રણ અને ચાર વિભાગોમાં આવી શકે છે. એમાં આ "ઉપમિતિ ભવ પ્રપંચ કથા સારોદ્ધાર" ગ્રંથનો વિચાર કરીએ તો ત્રણ ભાગમાથી મનુષ્ય સંબંધી કથામાં સમાવેશ થાય. કારણ કે સંસારીજીવ-તસ્કર શ્રી સદાગમની સાનિધ્યમાં રહેલા પ્રજ્ઞાવિશાલા, અગૃહીતસંકેતા અને ભવ્યપુરૂષ-શ્રી સુમતિને જે પોતાની આપવીતિ કથા અથથી ઇતિ સુધી સંભળાવે છે, એમાં પ્રસ્તાવ

---

* एत्थ समन्नओ चत्तारि कहाओ हवंति ।
तं जहाअत्थकहा, कामकहा, धम्मकहा, संकिण्णकहा य ।
(समराईच्चकहा)

ત્રીજથી આઠમા સુધીમાં આવતી કથા મુખ્યતાએ મનુષ્યભવ સાથે સંકળાએલી છે. એટલે આપણે આ કથાને મનુષ્ય સંબંધી કથા કહી શકીએ એમ લીએ.

ચાર વિભાગીય કથામાંથી આ ગ્રંથને ધર્મકથા ગ્રંથ ગણી શકાય. કથાનો ઉદ્દેશ આધ્યાત્મિક છે. પ્રથમ પ્રસ્તાવથી જ વૈરાગ્ય સભર વાતથી ઉત્થાન કરવા દ્વારા સંવેગ નિર્વેદ ઉત્પન્ન કરી આત્મામાં ભવભીરૂતાનો અને સંસારનૈર્ગુણ્યનો ભાવ પ્રજ્વલિત કરે છે.

આ કથાગ્રંથને સંવેગજનક કહી શકાય, નિર્વેદ પ્રદાયક માની શકાય, તત્ત્વબોધક ગણી શકાય. પ્રથમ પ્રસ્તાવથી સિદ્ધર્ષિ ગણિએ ઉઠાવ એવો સુંદર આપ્યો છે કે સમજુના હૈયા હચમચી જાય. એને પોતાના જીવનના સારા-નરસા પાસા તપાસવાનું મન થઇ આવે. ક્રોધાદિ કષાયો, હિંસાદિ પાપોથી થએલ આપદાઓ, સહેલી દુર્દશાઓનો હુબહુ ચિતાર નયનોની સામે તરવરતો જણાય.

આ ગ્રંથને ધીરે ધીરે વાંચતા મનનપૂર્વક જેમ જેમ આગળ વધીએ, તો એને અપૂર્વ જાણકારી મળતી જાય. સંવેગ અને નિર્વેદ-ભાવમાં ભરતી આવે. આત્માની અવનતિ અને ઉન્નતિના કારણો જાણવા મળે. આપણે પણ 'કયાં અને શા માટે ભૂલ્યા હતા' એનો ખ્યાલ એ વખતે આપણા નયનો અજ્ઞાનના આવરણોથી અવારિત હશે તેથી નહિ આવ્યો હોય. પણ આજે આ કથાગ્રંથના વાચનથી જાણી શકીશું કે કયાં અને શા માટે ભૂલ્યા હતા. એ રીતે આત્મવીણાના તાર ઝણઝણી ઉઠે છે.

ગ્રંથકર્તાએ ચોથા પ્રસ્તાવમાં તો કમાલ કરી નાંખી છે. એમણે કર્મસાહિત્યના સંપૂર્ણ સારાંશને કથાપાત્રોમાં જે શૈલીએ મઢ્યાં છે,

એ જોતાં ખરેખર મહા આશ્ચર્ય થઇ આવે છે તેથી તેઓને લબ્ધવરદ કહી શકાય. કર્મના મુખ્યભેદો, પેટાભેદો, પ્રભેદો, મોહનું રાજતંત્ર, એની સામંતશાહી, ચારિત્રધર્મરાજ, એનું રાજતંત્ર, એની સામન્તશાહી, હાર, જિત, હારજિતના કારણો એના આધારો, કર્મ-પરિણામની તટસ્થતા વિગેરે જે પાત્ર પદ્ધતિએ ગોઠવ્યા છે એ કાર્ય કેટલું કપરું છે એ વાચકને વિચારવા દઈ આપણે આગળ વધીએ.

ચોથા પ્રસ્તાવના પાત્રોને આપણે આપણી બુદ્ધિના ચોકઠામાં બરોબર ન ગોઠવીએ તો આગળના વાચનમાં મુશ્કેલી ઉભી થાય. એ પાત્રોને ધારણાશક્તિથી સ્થિર કરવા પ્રયત્ન કરવો. નહિ તો રસધાર ધારાબદ્ધ નહિ રહે. એમાં વળી ચેલી ભોળીભાળી બ્રાહ્મણ દિકરી અગૃહીતસંકેતાને ન સમજાય અને એનું સમાધાન પ્રજ્ઞા-વિશાલા કરે, ત્યારે કથાવાચકને પૂર્વાપરનો સંબંધ ખ્યાલમાં ન હોય તો સ્વયં ચકરાવે ચડી જાય, એટલે આ કથા અસામાન્ય ઉપમા ઉપમેય ભરપૂર છે.

આજના પાશ્ચાત્યોના રંગથી અધકચરા રંગાએલા કેટલાક માનવબંધુઓને પાશ્ચાત્ય સાહિત્ય અને સાહિત્યકારો વધારે ગમતા હોય છે. એમના ઉપમા ઉપમેયો અને કથાઓ કે લેખનો અભેદ દેખાય છે. વસ્તુતઃ એમણે પોતાના આર્યદેશનું સાહિત્ય વાંચ્યું હોતું નથી.

એ મહાનુભાવો પોતાના આર્યદેશના સાહિત્યનો ઉંડાણથી વિચાર કરે તો ખ્યાલ આવે કે આપણે ત્યાં પણ અપૂર્વ સાહિત્ય-કારો થઇ ચૂક્યાં છે. આપણાં ત્યાં અપૂર્વ ગ્રંથના રચનારાઓ થયા છે, એ કાળમાં આજના સભ્ય ગણાતા પાશ્ચાત્યો વનવગડામાં વિવસ્ત્ર વનવાસીની દશામાં જીવી રહ્યાં હતાં. સંસ્કૃતિ અને સભ્યતાનો આછો ખ્યાલ પણ એ વેળા એમને ન હતો. આજે સભ્ય ગણાવા

છતાં એમની સભ્યતા માત્ર અર્થ અને કામની ભૌતિક મર્યાદાઓમાં પૂરાએલી છે. નહિ કે અધ્યાત્મના તાણા-વાણાથી ગૂંથાએલી.

આજ સુધી એવો કોઇ માડીજાયો પાશ્ચાત્ય થયો છે કે પૂ૦ આ૦ શ્રી હરિભદ્રસૂરિજીની હરોળમાં માત્ર સાહિત્યની દૃષ્ટિએ અરોબરી કરી શકે ? શું કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની ગણનામાં ગણી શકાય એવો છે કોઇ ? મહર્ષિ શ્રી પતંજલિના યોગદર્શન સાથે સરખાવી શકાય એવો યોગવિષયક મૌલિક ગ્રંથ આલેખી શક્યું છે ? મહાસમર્થ નીતિકાર શ્રી ચાણુક્યના નીતિગ્રંથોનું સ્થાન પ્રાપ્ત કરવા પાશ્ચાત્યોના નીતિગ્રંથને સૌભાગ્ય સાંપડયું છે ? ઉજ્જૈનીના અવનીપતિ શ્રી ભર્તૃહરિના શૃંગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતક જેવા ગ્રંથો જડશે ? તિલકમંજરી, કાદંબરી અને ગીતગોવિન્દ જેવા કાવ્યગ્રંથો શું અજોડ નથી ? સર્વજ્ઞપ્રણીત આગમો અને ભારતીય પ્રજ્ઞના શ્રી વેદગ્રંથો આર્યાવર્ત વિના કયાંય છે ? બીજે જે હકિકતો મળે છે તે અહીંથી લઇ જવાએલી હકિકતો નથી તો શું છે ?

શ્રી ધર્મદાસ ગણી, શ્રી સિદ્ધસેનદિવાકરજી, આ૦ શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી સિદ્ધર્ષિ ગણી, શ્રી વાદિદેવસૂરિજી, શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી મલ્લવાદીજી, શ્રી મુનિસુંદરસૂરિજી, કવીશ્વર મુનિશોભન, વાચક શ્રી યશોવિજયજી, ઉ૦ શ્રી વિનયવિજયજી, પરમાર્હત કવિ ધનપાલ, શકટ, મહર્ષિ શ્રી વ્યાસ, શ્રી વાલ્મિકી, શ્રી પાણિની, શ્રી પતંજલિ, શ્રી ચરક, શ્રી વાત્સ્યાયન, શ્રી અર્બુદ, આ૦ બાભ્રવ્ય, શ્રી ચાણુક્ય, આર્યભટ્ટ, કુમારીલભટ્ટ, વરરુચિ, કૈયટ, વરાહમિહર, કાલિદાસ, માઘ, શ્રીહર્ષ, ભટ્ટી, જયમંગલ, જયદેવ વિગેરે ભારતીય સેંકડો જૈન અને જૈનેતર મુનિઓ, ઋષિઓ અને પંડિતો થઇ ગયા છે કે જેના આદર્શગ્રંથો પાશ્ચાત્ય સાહિત્યકારો કરતાં આગવું સ્થાન ધરાવે છે. આ ગૌરવભરી ગુણગાથા હૃદયમાં સંગૃહીત કરવા જેવી નથી ? પ્રત્યેક ભારતીયને ઉન્નત મસ્તક રખાવે તેવી નથી ?

આ આપણો પ્રસ્તુત ગ્રંથ પણ એક અદ્વિતીય ગ્રંથ છે. સંસ્કૃતભાષાનો અભ્યાસ કરી પુણ્યશ્લોક શ્રી સિદ્ધર્ષિનો મૂળ ગ્રંથ વાંચવા જેવો છે. એ વાંચીએ તો જ એની વાસ્તવિકતાનો ખ્યાલ આવી શકે. એ વિના એનો આહલાદ કયાંથી માણી શકાય ?

કથાગ્રંથો સર્વ ધર્મ અને સર્વ દેશના છે. તેને દિશા કે કાળના બંધન હોતા નથી. એનું પ્રભુત્વ સર્વત્ર વ્યાપક છે. સર્વદા સર્વત્ર હતું અને રહેશે. કારણ કે માનવમનમાં એક અનુકરણ કરવાની આગવી ખાસીયાત હોય છે. વાર્તાઓ ઉપરથી પોતાના વિચારોને બંધબેસતી વાતોવાળી કથાઓના નાયકોના જીવનને એ આદર્શ ગણતો હોય છે. ધીમે ધીમે તદ્રૂપ થવા ઇચ્છા રાખતો હોય છે. વિશિષ્ટ સત્ત્વની અલ્પતાવાળા આત્માઓ આદર્શપુરૂષોની હરોળમાં આવી શકતા નથી પણ એના જીવને જીવનમાં મૂકવા જેવું કે એમના વચનો પ્રમાણે જીવન જીવવા જેવું તો જરૂર માને છે.

કથાસાહિત્યને દીપકની જ્યોત સાથે સરખાવી શકાય તેમ છે. ભલભલા તર્ક-કર્કશોને પણ કથા ઘણી વાર ઉંડી અસર ઉભી કરી દે છે. આદર્શ જીવનવાળાની આદર્શકથા સાંભળી ઘણાના જીવન પરમોચ્ચ પંથે વળેલાં સાંભળવા મળે છે.

આચાર્ય પુરન્દર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા બૌદ્ધો દ્વારા પોતાના બુદ્ધિમાન શિષ્યો હંસ અને પરમહંસના માર્યા જવાથી પ્રચંડ કોપે ભરાયા અને ચૌદસો ચુમ્માલીસ બૌદ્ધ-ભિક્ષુઓને કાગડા બનાવી મંત્રથી ઉત્તપ્ત બનેલા તેલભર્યા કડાહમાં તળી દેવા તીવ્ર આતુર બન્યા હતા, ત્યારે એમના ધર્મમાતા "યાકિની" મહત્તરાજીએ મહાપુરૂષ સન્મુખ ત્રણ ગાથા રજુ કરી હતી.

એ ત્રણ ગાથાઓમાં કષાયોથી ભડભડ ભડકે બળતા અગ્નિ-

શર્માની અને શમના ચંદનથી શીતળ બનેલા ગુણસેનની કથાનો અતિ ટૂંક સાર હતો.*

એ ગાથા વાંચતા જ ક્રોધનો ઉત્તાપ શમી ગયો. શાંત અને સ્વસ્થ બની ગયા. આ છે સંવેગવાહી કથાનો પ્રભાવ.

ભરત સાથે યુદ્ધ કરવાની સંમતિ લેવા આવેલા અઠ્ઠાણું પુત્રોને પરમાત્મા શ્રી ઋષભદેવે અંગારદાહકનું દૃષ્ટાન્ત આપી બાહ્ય યુદ્ધ-ભાવમાંથી પાછા વાળી આંતરશત્રુઓના નાશ માટે પોતાના પુરૂષાત્તનને અજમાવવાની હિતશિક્ષા આપી અને અઠ્ઠાણું ભરતબંધુ માની પણ ગયા. એ જ પ્રમાણે રાજરાણીમાંથી પવિત્રતા પંથે પધારેલા સાધ્વીજી શ્રી સુનંદાએ સાત સાત ભવથી રાગથી રઝળતા રૂપસેનને પૂર્વકથાની સ્મૃતિદ્વારા માર્ગે આણ્યો.

પરમતારક ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવના ચરણે દીક્ષા લીધા પછી મુનિવરોના ચરણકમળની રેણુથી ઉદ્વિગ્ન બની અવળા પગલા ભરવાની ભાવના ભાવી ચૂકેલા મેઘકુમારને પૂર્વભવની વાતોની સ્મૃતિ કરાવવા દ્વારા પ્રભુએ સ્થિર કર્યાની વાતથી આપણે સારા પરિચિત છીએ.

---

* गुणसेण–अग्गिसम्मा, सिहाणन्दा य तह पिया–उत्ता ।
सिहि–जालिणी माइ–सुया, धण–धणसिरिमो य पई–भज्जा ॥

जयविजया य सहोयर, धरणो लच्छी य तह पई–भज्जा ।
सेण–विसेणा पित्तिय–उत्ता, जम्मंमि सत्तमए ॥

गुणचन्द–वाणमंतर, समराइच्च गिरिसेण पाणो उ ।
एक्कस्स तओ मोक्खो, बीयस्स अणंतसंसारो ॥

(श्री समराईच्चकहा)

આ રીતે ધર્મકથા દ્વારા અનેક આત્માઓનો ઉદ્ધાર પ્રત્યેક યુગમાં થતો આવેલો જોવાય છે. કામકથા અર્થકથા ઉદ્ધારક બની ના શકે. પ્રાયઃ એ અનર્થકારક જ બનતી હોય છે.

મૂળગ્રંથ " ઉપમિતિભવપ્રપંચા કથા " છે. એ સાગર સમો મહાન્ છે. એમાંથી સરોવરના રૂપમાં " ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર " નાનો ગ્રંથ કર્યો છે. વસ્તુતઃ બન્નેમાં તત્ત્વ એક જ છે. માત્ર કદમાં વિશાળમાંથી સંક્ષિપ્ત કર્યો છે. પણ તત્ત્વમાં સંક્ષેપ નથી કરવામાં આવ્યું.

એટલે જે ગ્રંથને સન્મુખ રાખી અવતરણ લખવામાં આવ્યું છે, એ " ઉપમિતિભવપ્રપંચા કથા સારોદ્ધાર " છે. અવતરણનું પણ એ જ નામ રાખ્યું છે.

પૂજ્યપાદ ગુણગણમંદિર મંગળમૂર્તિ પંન્યાસજી મહારાજ શ્રી મંગળવિજયજી ગણિવરની સતત સત્પ્રેરણાથી આ બીજા ભાગનું કાર્ય ત્વરીત થયું છે. પ્રથમ ભાગની સાથે જ બીજો ભાગ બહાર પ્રકાશિત થઇ રહ્યો છે.

વળી આમાં શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસનો કાર્યવિષયક સહકાર સારો સાંપડ્યો છે. જો એમની ખંતીલી ભાવના ન હોત તો પ્રથમ ભાગ ૨૦૨૨ના આખરમાં બહાર પાડવાની મહેચ્છા છતં શ્રી મંગલ મુદ્રણાલય (અમદાવાદ)ની વધુ પડતી ઢીલાસના કારણે એ જેમ ઘણા લાંબા ગાળે પ્રકાશિત થાય છે એમ આ બીજા ભાગ માટે પણ બન્યું હોત.

તૃતીય વિભાગ વહેલો પ્રકાશિત થાય એ માટે સતત્ પ્રયત્ન ચાલુ છે. બીજા ભાગની જેમ ત્રીજા ભાગમાં યોગ્ય સહકાર પ્રાપ્ત

થશે તો ત્રીજો ભાગ પણ ત્રણ–ચાર માસના ગાળામાં પુસ્તકરૂપે વાચકવર્ગના કરકમલમાં આવશે.

આ લેખનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાથી મતિમોહાદિ દોષોના કારણે વિપરીત લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ "મિચ્છામિ દુક્કડં."

વીર સં. ૨૪૯૩ વિ. સં ૨૦૨૩
શ્રાવણ શુદ ૧૨ ને ગુરૂવાર
મુ. સિહોર [સૌરાષ્ટ્ર]

મુનિ ક્ષમાસાગર.



કથા સા ૨

ચતુર્થ પ્રસ્તાવ :

"સિદ્ધાર્થ" નગરમાં "નરવાહન" રાજાને "વિમલમાલતી" મહારાણી હતી. સંસારીજીવ એમના ત્યાં પુત્ર થયો. "રિપુદારણ" નામ રાખ્યું. અવિવેકતા બ્રાહ્મણીએ "શૈલરાજને" જન્મ આપ્યો. રિપુદારણ અને શૈલરાજની મિત્રતા થઇ. મિત્રતાના કારણે રિપુદારણ અભિમાની બન્યો. શૈલરાજે "રતબ્ધચિત્ત" લેપ આપ્યો. રિપુદારણે છાતી ઉપર લગાવ્યો. સૌ એને નમવા લાગ્યા. એથી એ વધુ અભિમાની બની ગયો.

"કિલષ્ટમાનસ" નગરે "દુષ્ટાશય રાજા" અને "જઘન્યતા" રાણીને "મૃષાવાદ" પુત્ર હતો. રિપુદારણ એક દિવસે કિલષ્ટમાનસ નગરે પહોંચી ગયો. મૃષાવાદ સાથે મિત્રતા થઇ ગઇ. અસત્ય બોલવું, બીજા ઉપર કલંક ચડાવવું. એ એને રમત જેવું હતું. અવિનય અને બોટા ટોળમાં પાવરધો બન્યો.

અભ્યાસવયે પિતાજીએ "મહામતિ" કળાચાર્યને સોંપ્યો. પણ એમનો વિનય ન જળવ્યો. કળાચાર્યે માન્યું કે હજુ નાદાન છે. ભણશે એટલે વિનયી બનશે. અભ્યાસ દરમ્યાન પણ એ ન સુધર્યો સહાધ્યાયી રાજકુમારોને પોતાથી તુચ્છ માનવા લાગ્યો.

કળાચાર્યની સામે થવા લાગ્યો. એક દિવસે કળાચાર્યને આસન ઉપર બેસી ગયો અને કળાચાર્ય જોઇ ગયા. એને ઠપકો આપતાં સામો થયો અને પક્ષપાતનું કલંક મૂકયું. કળાચાર્યે તજી દીધો.

પિતાજી પાસે આવતાં અભ્યાસનું પૂછયું. ભળતી વાતો કરી પિતાજીને બનાવ્યા. ફરી અભ્યાસ કરવા મોકલ્યો તો હા કહી અને બીજે ભટકવામાં સમય ગાળતો. મૃષાવાદે " માયા " સાથે મિત્રતા કરાવી. પિતા માનતા હતા કે રિપુદારણ ભણે છે પણ એ જુગારી અને પરનારી લંપટ બની ગયો.

બીજી તરફ " શેખરપુર " ના રાજા " નરકેશરી " અને રાણી " વસુન્ધરા " ને " નરસુંદરી " પુત્રી હતી. એણીને પ્રતિજ્ઞા હતી કે પોતાના કરતાં કળાકુશળતામાં વધુ પ્રગુણ હોય એની સાથે લગ્ન કરવા. નરકેશરી જનવાયકાઓથી આકર્ષાઇ રિપુદારણને પોતાની પુત્રી આપવા સિદ્ધાર્થનગરે આવ્યા. નરવાહન રાજાને પોતાની પુત્રીની પ્રતિજ્ઞા જણાવી. એક સભામંડપમાં પરીક્ષા લેવાનું નક્કી થતાં સૌ ત્યાં આવ્યા. નરસુંદરીએ રિપુદારણને કળાઓ ઉપર અલ્પવિવેચન કરવાનું જણાવતાં પરસેવો થઇ ગયો. જીભ તાળવે ચોંટી ગઇ.

નરવાહન રાજાએ કળાચાર્યને કારણ પૂછતાં જાણ્યું કે આ તો બાર વરસથી રખડેલ બન્યો છે. શૈલરાજ અને મૃષાવાદની કળા વિના કાંઇ જાણતો નથી. રિપુદારણને આ વાતનો ખ્યાલ આવતાં મૂર્ચ્છા આવી ગઇ. સભા વિસર્જન કરવામાં આવી. પુણ્યોદયના પ્રતાપે નરકેશરી રાજાએ પરીક્ષાનો વિચાર પડતો મૂકી નરસુંદરીને સમજાવી રિપુદારણ સાથે લગ્ન કરાવી દીધા. નવદંપતી નવભુવનમાં નવનવા સુખો ભોગવવા લાગ્યા.

શૈલરાજ અને મૃષાવાદને નવદંપતીના પ્રેમને જોઇ ઇર્ષા થઇ આવી. બન્નેએ પ્રેમમાં ભંગાણ પડાવવાનો નિશ્ચય કર્યો. કમનશીબ

ક્ષણે કુમારીએ સભામાં ક્ષોભ થવાનું કારણ પૂછ્યું. કુમારે ગલ્લાતલ્લા કર્યા. સુંદરીએ કળાઓનું વિવેચન કરવા જણાવ્યું અને વાત વધી પડી. રિપુદારણ ઉશ્કેરાયો અને વિનીત પત્નીનો તિરસ્કાર કર્યો. પત્નીએ ક્ષમા માંગી પણ કુમાર ન માન્યો. રાજભુવનમાંથી કદ્પાંત કરતી નિકળીને કુમારના પિતાના મહેલે ગઈ.

નરસુંદરીને તાવ આવી ગયો. સાસુ વિમલમાલતીને કારણની જાણ થતાં પુત્રને સમજાવવા આવી. પણ પુત્રે માતાને લાત મારી તિરસ્કૃત કરી. વિમલમાલતીએ નરસુંદરીને વાત કરતાં તે મૂર્ચ્છિત બની ગઈ. વિમલમાલતીના કહેવાથી નરસુંદરી પતિ પાસે આવી માફી માગી. કુમાર ન છાજે એવું બોલી ગયો. નરસુંદરી હતાશ થઇ ત્યાંથી નિકળી શૂન્યગૃહમાં જઇ ગળે ફાંસો ખાધો. વિમલમાલતી પાછળ આવી હતી, એણે પણ આપઘાત કર્યો. કુંદલિકા દાસી તપાસ કરતી અહીં આવી ચડતાં બે મૃતક જોઇ બૂમરાડ મચાવી મૂકી. લોકોના જાણમાં વાત આવી. સૌએ રિપુદારણનો ફજેતો કર્યો. ભિખારીની જેમ રખડતી દશામાં એને વર્ષો ગાળવા પડ્યા.

રસના કથાનક :

એક દિવસે નરવાહન રાજા "લલિત" ઉદ્યાનમાં ફરવા ગયા. ત્યાં શાંત મુનિશ્વરને જોયાં. એમને નમસ્કાર કરી વૈરાગ્યનું કારણ પૂછ્યું. વિચક્ષણાચાર્યે લાભનો વિચાર કરી સ્વવૃત્તાન્ત કહેવાનું પ્રારંભ કર્યું.

"ભૂતલ" નગરમાં મલસંચય રાજા અને તત્પક્તિરાણીને "શુભોદય" અને "અશુભોદય" બે પુત્રો હતા. શુભોદયને નિજચારૂતા પત્ની અને "વિચક્ષણ" કુમાર પુત્ર હતો. અશુભોદયને સ્વયોગ્યતા પત્ની અને "જડ" પુત્ર હતો. વિચક્ષણ અને જડ કાકા-કાકાના પુત્રો હોવાથી ભાઈ થયા. વિચક્ષણ ગુણીયલ અને જડ લફંગો હતો.

" નિર્મળચિત્ત " નગરના મલક્ષયરાજા અને સુંદરતા રાણીની " બુદ્ધિ " નામની પુત્રી સાથે વિચક્ષણકુમારના લગ્ન થયાં. એને " પ્રકર્ષ " પુત્ર થયો. બુદ્ધિને " વિમર્શ " ભાઈ હતો. બહેન ઉપરના પ્રેમને લીધે એ એની સાથે જ રહેતો. આ રીતે વિમર્શ અને પ્રકર્ષ મામાભાણેજ થયા.

વિચક્ષણ અને જડ વદનકોટર બગીચામાં ફરવા ગયા. ત્યાં " લોલતા " નામની નમણી નારીનો પરિચય થતાં જડ એમાં આસક્ત બની ગયો. અને એના કહ્યા મુજબ " રસના " ને સુંદર ભોજન વિગેરે દ્વારા પ્રસન્ન રાખતો. પણ વિચક્ષણ અલિપ્ત જ રહ્યો જડના સ્વજનોએ જડ-રસનાના સંબંધને આવકાર્યો પણ વિચક્ષણના માતતાતે રસનાની મૂળોત્પત્તિ જાણવા જણાવ્યું. વિમર્શ અને પ્રકર્ષ રસનાની જાતભાતની ભાળ કરવા ઉપડ્યા.

મામાભાણેજ બાહ્ય પ્રદેશોમાં ફરી અંતરંગ પ્રદેશ " રાજ-સચિત્ત " નગરે આવ્યા. " મિથ્યાભિમાન " અધિકારીએ નગરની શૂન્યતાનું કારણ જણાવ્યું. " રાગકેશરી " નું આ નગર છે. " વિષયાભિલાષ " મંત્રી છે. સ્પર્શન રસના વિગેરે એના અનુચરોને સંતોષે હેરાન કર્યા એટલે રાજા, દાદા મહામોહ, મહામંત્રી યુદ્ધે ચડ્યા છે. મામાને રસનાનો સહેજ ખ્યાલ આવ્યો પણ વધુ બાતમી આપવા મિથ્યાભિમાને ના પાડી.

મામા-ભાણેજ " તામસચિત્ત " નગરે પહોંચ્યા. " શોક " સાથે મેળાપ થતાં એણે જણાવ્યું કે હું મારા મિત્ર " મતિમોહ "ને મળવા આવ્યો છું, આ મહામોહના બીજા પુત્ર દ્વેષગજેન્દ્રનું નગર છે. એને મહારાજા સાથે યુદ્ધમાં જવું પડયું છે. એમના પત્ની અવિવે-કતા ગર્ભવતી હોવાના લીધે " રૌદ્રચિત્ત " નગરે " દુષ્ટાભિસન્ધિ " રાજાને ત્યાં મોકલી. એણે " વૈશ્વાનર " ને જન્મ આપ્યો છે

મામા-ભાણેજ ચિત્તવૃત્તિ અટવીમાં પહોંચ્યા. ભાણાને કુતુહલ થતાં મામાએ " ચિત્તવૃત્તિ " અટવી, " પ્રમત્તતા " નદી, " તદ્વિલસિત " દ્વીપ, " ચિત્તવિક્ષેપ " મંડપ, " તૃષ્ણા " વેદિકા, "વિપર્યાસ" સિંહાસન અને "મહામોહ" રાજાનું વર્ણન કહી સંભળાવ્યું.

વાત સાંભળવામાં હોંકારો ન આપવાથી મામાએ ભાણાને પૂછ્યું, તું બરોબર સમજે છે ? ભાણાએ હા કહી એટલે મામાએ રહસ્ય સમજવા વચ્ચે ભૌતાચાર્યની વાત કહી.

" સદાશિવ " પૂજારીએ પોતાના બહેરાપણાની દવા માટે શાંતિશિવ શિષ્યને વૈદ્ય પાસે મોકલ્યો. એ વેળા કોઇ અપરાધ બદલ વૈદ્ય પુત્રને મારતા હતા. શાંતિશિવે પૂછ્યું કે આ શું કરો છો ? વૈદ્યે જણાવ્યું, " આ મારૂં કશું સાંભળતો નથી. " શાંતિશિવ સમજ્યો કે બહેરાપણાનો ઉપાય માર છે. ગુરૂને માર્યો, એ અધમૂવા બન્યા. ભક્તોએ છોડાવ્યા. વૈદ્યને બોલાવતાં સર્વ સમાધાન થયું.

મામાએ કહ્યું: ભાણા ! તને સ્પષ્ટ ન સમજાય તો પ્રશ્ન કરજે. મંડપ વિગેરેના ભાવાર્થની સમજુતી માટે એક કથા ચાલુ કરી.

વેલ્લહક કથા :

" ભુવનોદર " નગરના " અનાદિ " રાજા અને " સંસ્થિતિ " રાણીને બાઉધરો " વેલ્લહક " પુત્ર હતો. અજીર્ણ, ઉદરપીડા હોય તોય ભોજન તજતો ન હતો. ઉજાણી કરવા ગયા. ત્યાં ખૂબ ખાતાં તાવ ચડ્યો. સમયજ્ઞવૈદ્યે કહ્યું: આપને તાવ છે માટે ન ખાવું જોઇએ. ન માન્યું અને ખાવા લાગ્યો. આખરે વમન થયું અને એમાં જ રગદોળાયો. વમન પાસેનું અન્ન આરોગ્યું. સન્નિપાત થઇ ગયો. પછી કોઈ રક્ષણ આપી ન શક્યું. અનંતકાળ રીબાયો.

આ સ્થળે પ્રજ્ઞાવિશાળાએ અગૃહીતસંકેતાને ચિત્તવૃત્તિ અટવીમાં આવેલા પાત્રોની વાર્તા સાથે સંયોજના કરી બતાવી.

ભાણેજે મહામોહનો પરિચય પૂછ્યો એટલે મહામોહ, મહારાણી મહામૂઢતા, મિથ્યાદર્શન સેનાપતિ, એના પત્ની કુદૃષ્ટિ વિગેરેની સમજુતી આપી.

પછી મહામોહના પુત્ર રાગકેશરી, એમની ભાર્યા મૂઢતા, મિત્રો કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ, નાના પુત્ર દ્વેષગજેન્દ્ર, તેના પત્ની અવિવેકતા, મકરધ્વજ અને એના સેવકો પુંવેદ, સ્ત્રીવેદ, ષંઢવેદ, પત્ની રતિદેવી, હાસ્ય, અરતિ, ભય, શોક, જુગુપ્સા, રાગકેશરી અને દ્વેષગજેન્દ્રના કષાય બાળકો, વિષયાભિલાષ મંત્રી, એના પત્ની ભોગતૃષ્ણા, દુષ્ટાભિસંધી વિગેરેનો પરિચય આપ્યો.

જ્ઞાનસંવરણ, દર્શનાવરણ, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય વિગેરે મિત્ર રાજાઓનો અને એના પરિવારનો ખ્યાલ આપ્યો. ભાણાએ કહ્યું: મામા ! પરિવાર દેખાય ત્યારે રાજાઓ દેખાતા નથી અને રાજાઓ દેખાય ત્યારે પરિવાર દેખાતો નથી. આ પ્રશ્નનો વ્યવહારૂ ઉત્તર સાંભળી ભાણાને સંતોષ થયો.

ભાણાએ ફરી પ્રશ્ન કર્યો. મહામોહનું જોર ચાલે નહિ એવું એકે સ્થળ છે કે નહિ ? ઉત્તરમાં મામાએ ભવનું દુઃખસ્વરૂપ, ઈંદ્રિયોની ગુલામી, ભોગોની ભયાનકતા, સ્ત્રીદેહવિચારણા, રતિ, જુગુપ્સા, જ્ઞાનસંવરણ રાજાઓના જયના ઉપાયો, એના વિજેતાઓ વિગેરેનું વર્ણન કર્યું. આ સાંભળી પ્રકર્ષ વિચારે ચડ્યો.

અરે મામા ! મહામોહના વિજેતાઓ ભવચક્રમાં રહે છે કે બીજે ? મામાએ સ્પષ્ટીકરણમાં જણાવ્યું કે એ લોકો પણ યોગીઓ જેવા હોય છે. અંતરંગ અને બહિરંગ એમ બન્ને સ્થળે હોય છે. ભાણાને ભવચક્રનગર જોવાનું મન થયું, એટલે મામા-ભાણેજ ભવચક્ર ભણી ઉપડ્યા. આ સમયે શીશીરઋતુ ચાલતી હતી. રસ્તામાં ચિત્તવૃત્તિ અટવીનો મૂળમાલિક કોણ ? એ વાત નિકળતાં મામાએ સંસારીજીવ

કહ્યો અને મહામોહને ધાડપાડુ તરીકે ગણાવ્યા. બન્ને ભવચક્રે જઈ પહોંચ્યા.

વસંતઋતુએ આ વેળા પોતાનું સામ્રાજ્ય પૃથ્વી પર ફેલાવ્યું હતું, વનનિકુંજોમાં વનવિહાર માટે પ્રજા ઉમટેલી હતી. માદક રમત, ગમત, આનંદ, પ્રમોદની ક્રીડાઓથી વાતાવરણ ઉદ્દીપક હતું.

વસંત ઉપર પ્રફુલ્લ બનેલા મહામોહ રાજાએ માનવાવાસના ભોગવટાનો પટ્ટો લખી આપ્યો. વર્ષમાં બે માસ એનો અધિકાર રહેતો. મકરધ્વજને પણ આ સમયે માનવાવાસે જવાની રજા મળી. મકર અને વસંત પ્રિયમિત્રો હતા. એમને વિરહ પાલવતો ન હતો.

વસંતની પધરામણી વખતે મોજ માણવા લોલાક્ષ રાજા વનવિહારે આવ્યો. મકરધ્વજે બાણો મારી વિજય મેળવ્યો. પ્રકર્ષ મકરને જોઈ શકતો ન હતો એટલે મામાએ યોગાંજન આંજ્યું. પ્રકર્ષને હવે બધું દેખાતું હતું. મહામોહ વિગેરે સૌ મકરની આજ્ઞા ઉઠાવી રહ્યા હતા. દ્વેષગજેન્દ્ર, શોક, હાલ ફરજ ઉપર આવવાની વાટ જોતા હતા.

લોલાક્ષરાજાએ દેવીનો દારૂથી અભિષેક કરી ચોગાનમાં પરિવાર સાથે દારૂ પીવા બેઠો. દારૂ ઘણો પી ગયો. પાસે નાનો ભાઈ રિપુકંપન હતો. એણે દારૂના નશામાં પોતાની પત્ની રતિલલિતાને નાચવાની આજ્ઞા કરી. નૃત્ય કરતી લલિતાને કામુકતાથી પકડવા લોલાક્ષ દોડ્યો. લલિતા નાઠી દેવીના મંદિરમાં. લોલાક્ષે એનું માથું ઉડાડવા જતાં દેવીની મૂર્તિનું મસ્તક છેદી નાખ્યું. લલિતા બહાર આવીને ધૂમાધૂમ કરતાં પતિ ઘેનમાંથી જાગૃત થતાં યુદ્ધ થયું. લોલાક્ષ યુદ્ધમાં માર્યો ગયો. આ હતું પરનારીના પ્રેમનું પ્રજ્વલતું પરિણામ.

રિપુકંપન રાજા બન્યો. એને બીજી રાણી મતિકલિતાથી પુત્ર થયો. પુત્રજન્મનો હર્ષોત્સવ કરાવ્યો. હર્ષનો મદ ચઢ્યો. અભિમાનથી

ભરી ગયો. રિપુકંપન પોતે નાચવા લાગ્યો. અંતઃપુરમાંથી કરુણ અવાજો આવ્યા. પુત્રના મૃત્યુના સમાચાર મળતા પિતા અંતઃપુરમાં ગયો. એ પણ પુત્રશોકથી મૃત્યુ પામ્યો. આ હતો શોકનો પ્રભાવ.

મામા–ભાણેજ બજારમાં ગયા. મહેશ્વરશ્રેષ્ઠી હીરા–ઝવેરાતના ઢગલાઓ વચ્ચે બેસી ખૂશ થતો હતો. ધનમદમાં મસ્ત હતો. "દુષ્ટશિલ" ત્યાં આવી ખાનગીમાં એક રાજમુકુટ વેચી ગયો. ગુપ્તચરો દ્વારા રાજાને સમાચાર મળતાં એને ત્યાં દરોડો પાડી મુદ્દામાલ સાથે પકડી એની સર્વસંપત્તિ રાજ્યે લઇ લીધી. મામાએ ધનની અસ્થિરતા સમજાવી.

પ્રકર્ષે આ વખતે ભીખારી જેવાને જોયો. એ સુંદર કપડા, મીઠાઇ, ફુલ ખરીદી લાવ્યો. એનો પરિચય આપતાં મામાએ કહ્યું: ભાઇ! સમુદ્રદત્તશેઠનો રમણ પુત્ર છે. વેશ્યાને ત્યાં જાય છે. તું ચાલ તને કૌતુક જોવા મળશે. ત્યાં ઉપડયા. મકરધ્વજે આ રમણને બાણોથી વિંધ્યો. વેશ્યા કુંદકલિકાએ હાવભાવ કરી ધન લઇ લીધું. ચંડરાજકુંવર આવશે એ વાત જણાવી ત્યાં ચંડ આવી પહોંચ્યો. એણે ખૂબ માર્યો. દાંત તોડી પાડયા. હોઠ કાપી નાખ્યા. વાળ લૂંચી લીધા. રાત્રે મરી ગયો. આ વેશ્યાગમનના ફળો છે.

વધુ કૌતુકો જોવા માટે ભાણાને મામા વિવેકપર્વત ઉપર લઇ ગયા.

"કુબેર" સાર્થવાહના પુત્ર "કપોતક" ને જોયો. જુગારમાં ઘણું ખોઇ બેઠો, છતાં એ કુટેવ છોડતો ન હતો. જુગારમાં માથું હારી જતાં જુગારીએ એનું માથું ફોડી નાખ્યું. જુગારથી દુર્દશા.

ઘોડા ઉપર જતો, પરસેવાથી રેબઝેબ અને જંગલમાં રઝળતા મનુષ્યનો પરિચય આપતા મામાએ કહ્યું: આ લલિતપુરનો લલન રાજા છે. શિકારના શોખથી રાજ્ય ખોઇ બેઠો. માંસભક્ષણથી ઉદર-

પૂર્તિ કરે છે. આ વાત થતી હતી ત્યાં શિયાળ પછવાડે દોડતાં એક ખાડામાં ઘોડો અને લલન પડયા. ઘોડાની પાછુ ખાતા ત્યાં જ મૃત્યુ પામ્યો. શિકારના કટુફળો.

એક પુરૂષની જીભ ખેંચી ગરમ-ગરમ શીશુ એના મુખમાં પાતા જોઇ પ્રકર્ષે મામા તરફ જોયું એટલે સમાધાન માટે કહ્યું: ભાઇ ! આ દુર્મુખ છે. ચણકપુરનો " તીવ્ર " રાજા યુધ્ધે ગયો ત્યારે આણે " રાજા હારી જશે " એવી અફવા ફેલાવી ગામને ભગાડી મૂકયું. વિજયપતાકા સાથે રાજા આવ્યો. સમાચાર મળતાં ગુસ્સે થઇ દુર્મુખની આ દશા કરી છે. વિકથાનું આ વિષમ પરિણામ.

પ્રકર્ષે " હર્ષ " ને જોયો. એ માનવાવાસના " વાસવ " શેઠના ઘરે ગયો. મિત્રમિલનના કારણે ઉત્સવ થઇ રહ્યો હતો. ઉર્મિલ સભર વાતાવરણ હતું. એટલામાં " વિષાદ " અને લંબનકે પ્રવેશ કર્યો. લંબનકે વાસવને " પુત્ર રત્નદ્વીપેથી કમાઇને આવતાં ચોરોએ લૂંટ્યો અને મારી નાખ્યો. " આવા સમાચાર આપતાં હર્ષના સ્થળે વિષાદે સ્થાન લીધું. મામાએ કહ્યું: ભાણા ! હર્ષ અને વિષાદ બંને ખરાબ છે.

વિવેકપર્વત ઉપરથી મામાએ " માનવાવાસ, વિબુધાલય, પશુ-સંસ્થાન અને પાપપિંજર " એમ ચાર અવાંતર નગરોનો ખ્યાલ આપ્યો. પછી " જરા, રૂજા, મૃતિ, ખલતા, કુરૂપતા, દરિદ્રતા અને દુર્ભગતા " નો અને સાતેના વિરોધી "સુભગતા" વિગેરેનો પરિચય આપ્યો. નિવૃત્તિ નગરીમાં આ રાક્ષસીઓનું બળ કામયાબ બનતું નથી.

ત્યારબાદ મિથ્યાદર્શનને આધીન એવા " નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, મિમાંસક અને લોકાયત " દર્શનોનું વર્ણન કર્યું. એ લોકોના આચારો, કાર્યો, ધ્યેય અને ધ્યેયમાં ભૂલો એ વિગેરેનો ખ્યાલ આપ્યો.

મામા-ભાણેજ જે પર્વત ઉપર ઉભા હતા એના શિખર ઉપર "જૈન નગર" હતું. ત્યાં વસનારા જૈનમુનિઓનું વર્ણન કર્યું. એમના યમ, નિયમ, વ્રત, શક્તિ વિગેરે જણાવ્યા. "સંતોષ" સેનાનીને જોવાની ઇચ્છા થઇ એટલે એ બન્ને જૈન નગરે ઉપડયા.

મામાએ "ચિત્તસમાધાન" મંડપ, "નિષ્પૃહતા" વેદિકા, "જીવવીર્ય" સિંહાસન, એ સિંહાસન ઉપર બિરાજેલા "ચારિત્ર-ધર્મરાજ" એમના "દાન, શીલ, તપ અને ભાવ" એમ ચાર મુખો, "વિરતિ" રાણી, "સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત" આ પાંચ મિત્રો, એનો મોટો પુત્ર "યતિધર્મ" યતિધર્મના "ક્ષમા, માર્દવ આર્જવ, મુક્તતા, તપયોગ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય" એ દશ મનુષ્યો, એના પત્ની "સદ્ભાવસારતા" અને બીજા પુત્ર "ગૃહિધર્મ" તથા એના પત્ની "સદ્ગુણરક્તતા" વિગેરેની સમજુતી આપી.

પરિચય સાંભળી ભાણો ગેલમાં આવતો હતો. મામાએ આગળ ચલાવ્યું. "સમ્યગ્દર્શન" સૈન્યાધિપતિ, એના પત્ની "સુદૃષ્ટિ", "સદ્બોધ" મંત્રી, એના પત્ની "અવગતિ", એ જ મંત્રીના "અભિનિબોધ, સદાગમ, અવધિ, મનઃપર્યાય અને કેવળ" એ પાંચ મિત્રો, "સંતોષ" અને એના પત્ની "નિષ્પપાસિતા" વિગેરેનું વર્ણન સમજાવ્યું. મોહરાજા સંતોષને દુશ્મન રાજા સમજતો હતો અને ભાણાને પણ એમ હતું. જ્યારે મામાએ સ્પષ્ટ કર્યું કે આ તો ચારિત્રધર્મરાજનો સેનાની છે ત્યારે આશ્ચર્ય થયું. મામાએ ત્યાંનું ચતુરંગ સૈન્ય દેખાડયું. બે માસ જૈનપુરમાં ગાળ્યા.

વર્ષામાં ગમન સારૂં નહિ હોવાથી બીજા બે માસ ત્યાં ગાળ્યા. પછી પોતાના નગરે આવી ગયા. શુભોદય રાજા સમક્ષ રસનાનો ઇતિહાસ જણાવ્યો.

પેલો જડકુમાર તો રસનાને લોલતાના કહ્યા મુજબ માંસ વિગેરેથી તૃપ્ત કરતો, પરિણામે માનવમાંસ ખાવાની લત લાગી. બાળકને મારવા શર ક્ષત્રિયના ઘરમાં પેઠો. શરે ભુમો પાડી. લોકોએ પકડયો. શરે સખત માર મારતા મરી ગયો.

વિચક્ષણે લોલતાનું માન્યું નહિ. પિતા સમક્ષ રસનાને તજવાની વાત કરી. પિતાએ ધીરે ધીરે છોડવા જણાવ્યું. વિમલાલોક અંજનથી જગત્સ્વરૂપ સાક્ષાત્ થયું. વિચક્ષણે દીક્ષા ગ્રહણ કરી. ક્રમે આચાર્યપદે ગુરુએ સ્થાપ્યા.

હે રાજન્! તે વિચક્ષણાચાર્ય હું પોતે જ છું. અને આ મારી દીક્ષાનું કારણ આપને જણાવ્યું છે.

॥ ઇતિ રસના કથાનક ॥

વિચક્ષણાચાર્યનું વૃત્તાન્ત સાંભળીને નરવાહન રાજાને વૈરાગ્ય થયો. ત્યાં કેટલાક પ્રશ્નો પૂછ્યાં અને એના સમાધાનો ગુરુદેવે કર્યાં. પુત્ર માટે ખેદ થયો. આખરે એને રાજ્ય આપવાનો નિર્ણય કર્યો. શૈલરાજ અને મૃષાવાદની મુક્તિ માટે પ્રશ્ન કરતાં ગુરુદેવે જણાવ્યું: "શુભાભિસંધિ" રાજા "શુભ્રમાનસ" નગરમાં છે. એની "વરતા" અને "વર્યતા" રાણીઓને "મૃદુતા" અને "સત્યતા" પુત્રીઓ છે. એના લગ્ન કુમાર સાથે થશે ત્યારે આ દુર્ગુણો જશે. એ કુમારના પ્રારબ્ધ ઉપર છોડી નરવાહન રાજાએ દીક્ષા લીધી.

રિપુદારણને રાજ્ય મળતાં શૈલ-મૃષા પ્રસન્ન બન્યા. એકદા "તપન" ચક્રી પધાર્યા તેથી મંત્રીઓએ રિપુદારણને એમનું માન-સન્માન કરવા જણાવ્યું પણ એણે ન માન્યું. મંત્રીઓ ગયા. ચક્રીએ ચરપુરુષોથી વાત જાણી હતી. "યોગેશ્વર" તંત્રવાદીને મોકલ્યો. એણે ચૂર્ણ નાખી અર્ધપાગલ બનાવ્યો. બધાના વચ્ચે નરપિશાચ

જેવો બનાવી નચાવ્યો. અંત્યજ ભંગી વિગેરેના ચરણોમાં નમન કરાવ્યાં. એનો ફજેતો કરવામાં આવ્યો. સૌના તમાચા અને પાદ-પ્રહારો ખાતા એ મરણ પામી પાપિષ્ઠનિવાસના સાતમા મહોલ્લે ગયો. ઘણું ઘણું રખડયો. અધમગતિઓમાં ભમ્યો. કર્મો હળવા થતાં ભવિતવ્યતાએ નવી ગુટિકા આપી. એટલે એ સંસારીજીવ તરકર "વર્ધમાનપુર" ભણી રવાના થયો.

પંચમ પ્રસ્તાવ :

વર્ધમાનપુરના ધવળરાજા હતા. કમળસુંદરી રાણી અને વિમળ-કુમાર પુત્ર હતો. એ નગરમાં સોમદેવ શેઠ હતા. એમને કનકસુંદરી પત્ની અને વામદેવ પુત્ર હતો. વામદેવને વિમળ, માયા, સ્તેય એમ ત્રણ સાથે મિત્રતા થઇ.

એક વખતે વિમળ અને વામદેવ ક્રીડાનંદન વનમાં ગયા. વનનિકુંજમાં એક યુગલ જોયું. એ ભાગ્યવંત હતું એમ વિમળે જણાવેલું. એમાંના નરને આકાશમાર્ગે આવેલા બે પુરૂષો સાથે યુદ્ધ થયું. સુંદરી ભય પામીને ભાગી વિમળ પાસે આશ્રય માગતા સંરક્ષણ આપ્યું. જે નર સુંદરીને ઉપાડી જવા મથતો હતો તેને વનદેવતાએ થંભાવી દીધો. નાશવાની ઇચ્છા થતાં વનદેવતાએ છૂટો કર્યો. યુગલનરે એને પણ ખૂબ માર્યો. વિજ્યી નરે સુંદરીને સંરક્ષણ આપવા બદલ વિમળનો ઉપકાર માન્યો.

વિમળે એ નરને પરિચય આપવા જણાવ્યું. એણે કહ્યું: હે આર્ય! વૈતાઢ્ય પર્વતના ગગનશેખર નગરના મણિપ્રભ રાજા છે.

એની પુત્રીનું નામ રત્નશીખા હતું મેઘનાદ વિદ્યાધરને પરણાવવામાં આવેલી એનો હું પુત્ર છું. રત્નચૂડ મારું નામ છે. આ સુંદરી મારી પત્ની છે. ચૂતમંજરી એનું નામ છે. અચળ અને ચપળ મારી માસીના દિકરા હતા. તે આ મારી પત્નીને ઉઠાવી જવા માગતા હતા. મેં એમને હરાવ્યા. તમે મારી પ્રિયતમાને બચાવી.

રત્નચૂડે વિમળને ઉપકારી માની સુમેચક રત્ન અર્પણ કરવા આગળ ધર્યું. ચૂતમંજરીએ પતિની પ્રાર્થનાનો સ્વીકાર કરવા આગ્રહ કર્યો. રત્નચૂડે વિમળના વસ્ત્રને છેડે બાંધી દીધું. વિમળને એમાં આનંદ ન થયો. રત્નચૂડે વામદેવ પાસેથી વિમળના કુળ, ગોત્ર, ધર્મની માહિતી મેળવી લીધી.

રત્નચૂડે ક્રીડાનંદનવનના યુગાદિદેવના મંદિરે દર્શન કરવા પ્રાર્થના કરી. વિમળ અને વામદેવ ગયા. વિમળ પ્રભુદર્શનથી આનંદ વિભોર બન્યો. પ્રભુમૂર્તિ જોતાં મૂર્ચ્છા આવી. જાતિસ્મરણ જ્ઞાન થયું. રત્નચૂડનો ઉપકાર માન્યો. ધર્મગુરુ તરીકે માની એના ચરણોમાં પડ્યો. માત-પિતાદિને બોધ થાય એવો ઉપાય પૂછ્યો. રત્નચૂડે શ્રી બુધસૂરિજીના પરિચયની વાત કરી. અવસરે અહીં લાવવા પ્રયત્ન કરીશ, એમ જણાવી સૌ છૂટા પડ્યા.

વિમળકુમારે સુમેચક રત્ન વામદેવને આપી ગુપ્ત સ્થળે દાટવા જણાવ્યું. વામદેવે દાટી દીધું. બન્ને પોતપોતાના ઘરે ગયા. વામદેવને ચોરવાનું મન થતાં રાત્રે વનમાં આવી, રત્ન કાઢી બીજે સ્થળે સંતાડયું. મૂળ સ્થળે પત્થર મૂકયો.

સવારે વામદેવ રત્ન લેવા ગયો. વિમળ પણ અચાનક વનમાં આવી ચડતાં તે ગભરાઇ ગયો અને રત્નની જગ્યા ભૂલી ગયો. વિમળે વામદેવને જંગલમાં આવવાનું કારણ પૂછતાં કપટભર્યો ઉત્તર આપ્યો. બંને યુગાદિદેવના દર્શને ગયા. વિમળ મંદિરમાં ગયો

અને વામદેવ ત્યાંથી નાઠો. એને રત્નથી કામ હતું. વિમળે શોધ કરાવતાં વામદેવ મળ્યો. એણે વાત પૂછતાં બનાવટી કહી સંભળાવી. વનદેવતાએ થૂળ એના શરીરમાં ઉભું કર્યું અને પોલ ખુલ્લી કરી દીધી.

એક દિવસે વામદેવને સાથે લઇ વિમળ યુગાદિદેવના મંદિરે ગયો. ભાવવાહી સ્તુતિ બોલતો હતો ત્યાં રત્નચૂડ વિગેરે આવી પહોંચ્યા. સ્તુતિ સાંભળવા અને મૌન રાખવા ઇશારો કર્યો. છેવટે સૌએ દર્શન-વંદન કરી ઉદ્યાનમાં બેઠક જમાવી રત્નચૂડે વિલંબના કારણમાં પોતાને પ્રાપ્ત થએલ વિદ્યાદેવીઓ રાજ્ય અને રાજ્યાભિષેકની વાત કહી. સૂરિજી કઇ રીતે આવશે એ પણ ભોંયમ જણાવી દીધું. સૌ છૂટા પડ્યા.

ધવલરાજને પુત્રના વિરાગીપણાની ચિંતા થતા રાગી બનાવવા પ્રયત્ન કર્યો. વિમળે એ વાત ઝડપી લઇ હિમગૃહની યોજના કરી દુઃખીઓને ત્યાં લાવવા આજ્ઞા કરી. રાજધર્મ સમજાવ્યો. પિતાજી પ્રસન્ન બન્યા.

ધવલરાજના સેવકો એક દુઃખીને લાવ્યા. એ સૌથી વધુ દુઃખી જણાતો હતો. રાજાને જોવાનું મન થયું. સેવકોએ પડદા દૂર કરી દેખાડ્યો. સૌ એના ઉપર હસ્યા અને બબડાટ કર્યો. દરિદ્રો ક્રોધે ભરાણો. ઉગ્ર અને તેજીલી ભાષામાં સૌનો ઉધડો લીધો. રાજાએ શક્તિશાળી માની વિનવ્યા અને મૂળ સ્વરૂપે દર્શન કરાવવાની પ્રાર્થના કરતા દરિદ્રીમાંથી શ્રી બુધસૂરિજી બન્યા.

રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતે વિકૃત સ્વરૂપ શાથી બનાવેલ એ જણાવી સંસારીજીવો શ્યામ, ભૂખ્યા, તરસ્યા, રોગી વિગેરે કઇ રીતે છે એ જણાવ્યું. સંસારીજીવોને લગતી બહરગુરુની કથા કહી.

ભવગામના શિવમંદિરમાં સારગુરુ નામે શૈવાચાર્ય હતો. ભોળો હોવાના કારણે ધૂર્ત ચોરોએ છેતરી પોતાને પરાધીન બનાવ્યો. ધન, કુટુંબ પડાવી કેદ કરી નચાવ્યો. ભૂખ્યો થયો ત્યારે ભવગામની ચારે શેરીઓમાં જુદા જુદા પાત્ર આપી રખડાવ્યો. ખૂબ માર પડતો. ત્રીજી–ચોથી શેરીમાં અલ્પ ભિક્ષા મળતી.

ગુરુદેવ બુધસૂરિજીએ અહીં ઉપનય કહ્યો. ભવગામ એટલે સંસાર. ચાર શેરી એ ચાર ગતિ. ચોરો મોહ, રાગ, રોષ. રાજાએ છૂટવાનો ઉપાય પૂછતાં બહરગુરુની કથા આગળ ચલાવી. બહરને એક દયાળુ માહેશ્વર મળ્યો. એણે મંદિરમાં પ્રવેશી બહરગુરુને પાણી પાયું. ગુરુની પાગલતા દૂર થતાં એણે પૂછ્યું: આ શું ? માહેશ્વરે એના મૂળ સ્વરૂપનું વર્ણન કરી હાથમાં વજ્રદંડો આપ્યો અને ચોરોને મારવાનું જણાવ્યું. બહરગુરુએ તેમજ કર્યું. ચોરો મરી ગયા. પોતાની સંપત્તિ અને કુટુંબ મળ્યા. ભવગામથી થોડે દૂરના શિવાલયમાં પહોંચ્યો અને એ સુખી બન્યો. બુધસૂરિજીએ ભાવાર્થ કહ્યો. આ પ્રમાણે આત્મા મોક્ષ મેળવી શકે.

ધવલરાજાએ દીક્ષાની ઇચ્છા બતાવી. સાથે જણાવ્યું કે પૂજ્ય ! આપને બોધ કઇ રીતે થયો તે જણાવો. ગુરુદેવે આત્મકથા હિત ખાતર કહેવી ચાલુ કરી.

ધરાતલનગરમાં શુભવિપાક રાજા હતા. એમને નિજસાધુતા રાણી અને બુધકુમાર પુત્ર હતો. અશુભવિપાક નામના નાના ભાઇને પરિણતિ નામની સ્ત્રી અને મંદ નામનો પુત્ર હતો. બુધ અને મંદને ભાઇના નાતે સારો પ્રેમ હતો. બુધને ધિષણા નામની પત્ની હતી. બુધને વિચાર નામનો પુત્ર થયો હતો.

એક દિવસે બુધ અને મંદ ફરવા ગયા. એમાં લલાટ નામનો

પર્વત જોયો. શીર્ષ નામનું શિખર હતું. એ ઉપર કમરી નામનો બગીચો હતો. લલાટપર્વતે નાશિકા ગુફા બુધ અને મંદના જોવામાં આવી એમાંથી ભુજંગતા નારી નિકળી. એના હાવભાવમાં બુધ ન ફસાયો પણ મંદ ફસાઇ ગયો. એણે ભુજંગતાના કહ્યા મુજબ ઘ્રાણુને ખૂશ કરવા જતાં અનેક દુઃખો ભોગવ્યાં. ઘ્રાણ સાથે બંનેની મિત્રતા હતી.

બુધનો પુત્ર વિચાર વગર કહે વિશ્વયાત્રાએ નિકળેલો તે હાલમાં પાછો વળેલો. પિતાજી ને ઘ્રાણની મિત્રતા જોઇ એની મિત્રતા કરવા ના પાડી. એની મૂળશુદ્ધિ જણાવતાં એણે કહ્યું.

પિતાજી ! આ ઘ્રાણ સજ્જન નથી. ભવચક્રમાં ફરવા ગએલો ત્યાં મને મારા માસીઆ મલ્યા. એમણે એ નગરના દાર્શનિક સ્થળો બતાવ્યા. સાત્ત્વિક માનસપુર, વિવેકપર્વત, જૈનનગર મેં જોયાં. એક પુરૂષને લઇ જતાં જોઇ મેં માસીને એની પૃચ્છા કરી. એ સંયમ સુભટ હતો. મોહરાજાના સૈનિકોએ એકાંતનો લાભ લઇ મારેલો. એને એના જૈનપુરમાં ચારિત્રધર્મરાજ પાસે લઇ ગયા. પોતાના વડા સૈનિકની આવી દશા જોઈ યુદ્ધ માટે મંત્રણાઓ થઇ. સમ્યગ્દર્શને લડી લેવા કહ્યું, સદ્બોધે જણાવ્યું કે મૂળ સ્વામી સંસારીજીવ આપણા પક્ષમાં ન આવે ત્યાં સુધી આપણો વિજય અસંભવિત છે. છેવટે સત્યદૂતને મહામોહની સભામાં મોકલ્યો. સંધિકરારની વાતો કરવામાં મહામોહના સૈનિકો છંછેડાઇ ગયા. સંસારીજીવ અમારો સ્વામી કયાંથી ? એઓ યુદ્ધ માટે તૈયાર થયા. સત્યે આવી ચારિત્ર-રાજને વાત કરી. તેઓએ યુદ્ધમાં ઝંપલાવ્યું પણ મહામોહે કરુણ પરાભવ આપ્યો.

કલહના મૂળ કારણની શોધમાં જાણવા મળ્યું કે વિષયાભિલાષ મંત્રીએ વિશ્વવિજય માટે પોતાના પાંચ વીર વિશ્વવિજયી સ્પર્શન

વિગેરેને મોકલેલા પણ સંતોષે એમનો પરાભવ કરેલો. આ હતું વૈરનું મૂળ કારણ.

પિતાજી ! આ પાંચમા "ઘ્રાણ" નો પણ સમાવેશ થાય છે. આપે ઘ્રાણનો વિશ્વાસ ન કરવો જોઇએ. પુત્ર વિચારની વાત સાંભળી બુધકુમારે ઘ્રાણના ત્યાગનો નિર્ણય સુદઢ કર્યો. પણ મંદકુમાર ઘ્રાણ અને ભુજંગતાની આધીનતાથી ગંધમાં વધુ આસક્ત બનતો ગયો. લીલાવંતીબ્રેનના ઘરે જતાં ઝેરભર્યાં સુગંધી ચૂર્ણને સૂંઘતા મૃત્યુ પામ્યો. બુધકુમારને વૈરાગ્ય થયો એણે સંયમ લીધું. ક્રમે ક્રમે આચાર્ય બન્યા, અને એ પોતે હું જ છું.

શ્રી બુધસૂરિજીનું ચરિત્ર સાંભળી મહારાજા ધવલને વૈરાગ્ય થયો. પોતાના પુત્ર કમળને રાજ્ય આપી વિમળકુમાર સાથે દીક્ષા ગ્રહણ કરી. સર્વત્ર આનંદ આનંદ થયો. ઘણાં જીવોને સમ્યક્ત્વ, દેશવિરતિ આદિનો લાભ થયો.

વિમળ દીક્ષાનો આગ્રહ કરશે, એમ માની વામદેવ એ ગામથી ભાગ્યો. એ અભવ્ય છે ? એ કયારે સુયોગ્ય બનશે ? આવા વિમળના પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું—

હે વિમળ ! બહુલિકા અને રતેયની મિત્રતા તજશે ત્યારે એ સુખી બનશે. વિશદમાનસ નગરના શુભાભિસન્ધિ રાજાની શુદ્ધતા અને પાપભીરૂતા બે રાણીઓ છે. એમની ઋજુતા અને અચોરતા પુત્રીઓ સાથે વામદેવના લગ્ન થશે ત્યારે એ સુખી બનશે. હાલમાં એ અયોગ્ય છે.

વામદેવ ભાગીને કાંચનપુરે ગયો. સરલશેઠને પિતા માન્યા. બન્ધુમતીએ આદરપૂર્વક રાખ્યો. છતાં વામદેવ પિતાતુલ્ય સરલની દુકાને ચોરી કરી પણ એ નગરરક્ષકો જોઇ ગયા. માલ સાથે પકડાયો.

રાજાએ ફાંસીની સજા ફટકારતાં સરલશેઠે બચાવ્યો પણ રાજાએ મહેલમાં જ રાખ્યો. વિદ્યાસિધ્ધે લક્ષ્મીગૃહ ચોર્યું પણ આરોપ વામદેવ ઉપર આવ્યો અને રાજાએ ફાંસીએ લટકાવી દીધો. પાપિષ્ઠ-પિંજર, પંચાક્ષપશુસંસ્થાન વિગેરે સ્થળોએ ઘણું રખડયો. જન્મ-મરણના અનેક ફેરા કર્યાં.

આખરે ભવિતવ્યતાએ સંસારીજીવને પુણ્યોદયની સાથે આનંદ-પુરની સફરે રવાના કર્યો.



શ્રી
ઉપમિતિ ભવપ્રપંચ કથા–
સારોદ્ધાર

પ્રસ્તાવ–ચતુર્થ

ગુજરાતી અવતરણ

* ચતુર્થ પ્રસ્તાવના પાત્રો *

સિદ્ધાર્થનગર–રાજધાની (બાહ્ય)
નરવાહન રાજા–રિપુદારણના પિતા
વિમલમાલતી–નરવાહન રાજાની રાણી.
રિપુદારણ–સંસારીજીવ. નરવાહન રાજાનો પુત્ર.
નરસુંદરી–રિપુદારણની પત્ની.
મહામતિ–રિપુદારણના વિદ્યાગુરુ.
નરકેસરી–શેખરપુરનો રાજા અને નરસુંદરીનો પિતા.
વસુંધરા–નરકેસરીની રાણી અને નરસુંદરીની માતા.

અવિવેકતા–દ્વેષગજેન્દ્રની પત્ની.
શૈલરાજ–અવિવેકતાનો પુત્ર. માનનું રૂપ.
ક્લિષ્ટમાનસ–અંતરંગ નગર.
દુષ્ટાશય–અંતરંગનગર ક્લિષ્ટમાનસના રાજા.
જઘન્યતા–દુષ્ટાશયની રાણી.
મૃષાવાદ–દુષ્ટાશયનો પુત્ર. રિપુદારણનો મિત્ર.
માયા–મૃષાવાદની બહેન.

卐 વિચક્ષણાચાર્ય ચરિત્ર 卐

ભૂતલ–નગરનું નામ.

મલસંચય–ભૂતલનગરના રાજા.

તત્પક્તિ–મલસંચયની રાણી.

શુભોદય–મલસંચય રાજાનો પુત્ર ૧.

અશુભોદય–મલસંચય રાજાનો પુત્ર ૨.

નિજચારુતા–શુભોદયના પત્ની.

સ્વયોગ્યતા–અશુભોદયના પત્ની.

વિચક્ષણ–શુભોદય–નિજચારુતાનો પુત્ર.

જડ–અશુભોદય અને સ્વયોગ્યતાનો પુત્ર.



નિર્મળચિત્ત–નગરનું નામ.

મલક્ષય–નિર્મળચિત્તના રાજા.

સુંદરતા–મલક્ષયના પત્ની.

બુદ્ધિ–મલક્ષય–સુંદરતાની પુત્રી અને વિચક્ષણના પત્ની.

વિમર્શ–મલક્ષયનો પુત્ર, વિચક્ષણનો શાળો.

પ્રકર્ષ–વિચક્ષણ–બુદ્ધિનો પુત્ર.

રસના–જડની પત્ની.

લોલતા–રસનાની દાસી.

卐 રસના શુદ્ધિ વિભાગ 卐

રાજસચિત્ત–નગર. (અંતરંગ)

મિથ્યાભિમાન–રાજસચિત્તનો રક્ષક.

રાગકેશરી–રાજસચિત્તનગરનો રાજા.

મહામોહ–રાગકેશરીના પિતા.

વિષયાભિલાષ–રાગકેશરીનો મંત્રી.

રસના–વિષયાભિલાષની પુત્રી.

તામસચિત્ત–નગર. (અંતરંગ.)

દ્વેષગજેન્દ્ર–રાગકેશરીનો ભાઇ, તામસચિત્તનો રાજા.

અવિવેકતા–દ્વેષગજેન્દ્રની પત્ની.

મતિમોહ–તામસચિત્તનો રક્ષક.

ચિત્તવૃત્તિ–મહાટવી

પ્રમત્તતા–નદી.

તદ્વિલસિત–દ્વીપ.

ચિત્તવિક્ષેપ–મંડપ.

તૃષ્ણા–વેદિકા.

વિપર્યાસ–સિંહાસન.

મહામોહ–ચિત્તવૃત્તિના મહારાજા.

મહામૂઢતા–મહામોહના પત્ની.

મિથ્યાદર્શન–મહામોહનો સેનાપતિ.

કુદૃષ્ટિ–મિથ્યાદર્શનની પત્ની.

શોક–મહામોહનો વડો સૈનિક.

દૈન્ય, **આક્રંદન**, **વિલાપ** }–શોકના અનુચરો.

卐 ભૌતાચાર્ય-વેલ્લહકની અવાંતર કથાઓ 卐

સદાશિવ-ભૌતાચાર્ય.

શાંતિશિવ-સદાશિવનો શિષ્ય.

ભુવનોદર-નગર.

અનાદિ-ભુવનોદરનો રાજા.

સંસ્થિતિ-અનાદિ રાજાની રાણી.

વેલ્લહક-અનાદિરાજાનો ખાઉધરો પુત્ર.

સમયજ્ઞ-વૈદ્યરાજનો પુત્ર.

મૂઢતા-રાગ કેશરી રાજાની પત્ની.

કામરાગ
સ્નેહરાગ
દૃષ્ટિરાગ
} રાજા કેશરીના ત્રણ મિત્રો.

મકરધ્વજ-કામદેવ. વસંતમાં માનવાવાસનો રાજા.

રતિ-મકરધ્વજના પત્ની.

પુંવેદ
સ્ત્રીવેદ
નપુંસકવેદ
} મકરધ્વજના નોકરો.

હાસ-મકરધ્વજપાસે બેઠેલો વ્યક્તિ નં. ૧

તુચ્છતા-હાસની પત્ની.

અરતિ-મકરધ્વજ પાસે બેઠેલ વ્યક્તિ નં. ૨

ભય-મકરધ્વજ પાસે બેઠેલ વ્યક્તિ નં. ૩

હીનસત્ત્વા-ભયની પત્ની.

શોક–મકરધ્વજ પાસે બેઠેલ વ્યક્તિ નં. ૪

ભવસ્થા–શોકના પત્ની.

જુગુપ્સા–મકરધ્વજ પાસે બેઠેલ વ્યક્તિ નં. ૫

ભોગતૃષ્ણા–વિષયાભિલાષની પત્ની.

卐 મહામોહના સાત મિત્ર રાજાઓ 卐

૧ જ્ઞાનસંવરણ–જ્ઞાનરોકનાર. પાંચ સેવકવાળો.

૨ દર્શનાવરણ–દર્શનરોકનાર. ચાર નોકરવાળો.

૩ વેદનીય–સુખ-દુઃખ દેનાર. બે ચાકરવાળો.

૪ આયુ–બંધન કરનારો. ચાર દાસવાળો.

૫ નામ–ચિત્રવિચિત્ર રચના કરનારો. બેંતાલીસ અનુચરવાળો.

૬ ગોત્ર–ઉંચ–નીચ કરનારો. બે પરિચારકવાળો.

૭ અંતરાય–વિઘ્ન કરનારો. પાંચ પરિજનવાળો.

ભવચક્ર–નગર.

લોલાક્ષ–લલિતપુરનો રાજા.

રિપુકંપન–લોલાક્ષનો નાનો ભાઇ.

રતિલલિતા–રિપુકંપનની પત્ની.

મતિકલિકા–રિપુકંપનની બીજી પત્ની.

મહેશ્વર–શ્રેષ્ઠી.

દુષ્ટશીલ–ચોરીનો માલ લાવનાર સૈનીક.

રમણ–વેશ્યા આસક્ત યુવક.

મદનમંજરી–ગણિકા.

કુંડકલિકા–યુવાન વેશ્યા.

ચંડ–કુંડકલિકા વેશ્યાનો પ્રેમી.

કપોતક–કુબેર શેઠનો જુગારી પુત્ર.

લનન–લલિતપુરનો પદભ્રષ્ટ થએલો શિકારી રાજા.

દુર્મુખ–વિકથા કરનાર ચણકપુરનો શેઠ.

વાસવ–ધનપતિ.

ધનદત્ત–વાસવનો મિત્ર.

વર્ધન–વાસવનો પુત્ર.

લંબનક–વર્ધનનો નોકર.



હર્ષ–રાગકેશરીનો સૈનિક.

વિષાદ–શોકનો મિત્ર.



માનવાવાસ
વિબુધાલય
પશુસંસ્થાન
પાપી પંજર

} ભવચક્રના અવાંતર–નગરો.

જરા
રુજા
મૃતિ
ખલતા
કરૂપતા
દરિદ્રતા
દુર્ભગતા

} સાત રાક્ષસીઓ.

નૈયાયિક વૈશેષિક સાંખ્ય બૌદ્ધ લોકાયત	જમીન પરના પાંચ નગરો.



જૈન–વિવેકગિરિ ઉપરનું નગર.

સાત્ત્વિક માનસપુર–ભવચક્રનું એક નગર. વિવેકપર્વતનો આધાર.

વિવેક–સાત્ત્વિક માનસપુરમાં આવેલ પર્વત.

અપ્રમતત્ત્વ–વિવેક પર્વતનું શિખર.

ચિત્તસમાધાન–મંડપ.

નિસ્પૃહતા–વેદિકા.

જીવવીર્ય–સિંહાસન.

ચારિત્રધર્મ–જૈનપુરનો રાજા.

વિરતિ–ચારિત્રધર્મની પત્ની.

યતિધર્મ–ચારિત્રધર્મનો પુત્ર યુવરાજ.

સદ્ભવસારતા–યતિધર્મની પત્ની.

સામાયિક છેદોપસ્થાપન પરિહાર વિશિદ્ધિ સૂક્ષ્મસંપરાય યથાખ્યાત	ચારિત્ર ધર્મરાજના પાંચ મિત્રો.

ક્ષમા આર્જવ માર્દવ મુક્તત્તા ત્તપ સંયમ સત્ય શૌચ આકિંચન્ય બ્રહ્મચર્ય	આ દશ યતિધર્મ યુવરાજના સહચારીઓ છે.

ગૃહિધર્મ–ચારિત્રધર્મનો બીજોપુત્ર.

સદ્ગુણરક્તતા–ગૃહિધર્મની પત્ની.

સમ્યગ્દર્શન–ચારિત્ર રાજનો સેનાપતિ. મહામાત્ય.

સુદૃષ્ટિ–સમ્યગ્દર્શનની પત્ની.

સદ્બોધ–ચારિત્રરાજનો મંત્રી.

અવગતિ–સદ્બોધની પત્ની.

આભિનિબોધ સદ્ભાગમ અવધિ મનઃપર્યવ કેવળ	સદ્બોધ મંત્રીના મિત્રો.

સંતોષ–ચારિત્ર ધર્મરાજનો વડો સૈનિક.

નિષ્પિપાસિતા–સંતોષની પત્ની.

શુભ્રમાનસ–નગર.

શુદ્ધાભિસંધિ–રાજા.

વરતા–શુદ્ધાભિસંધિની પત્ની.

વર્યતા–શુદ્ધાભિસંધિની પત્ની.

મૃદુતા–શુદ્ધાભિસંધિ અને વરતાની પુત્રી.

સત્યતા–શુદ્ધાભિસંધિ અને વર્યતાની પુત્રી.

❁ ❁ ❁

તપન–ચક્રવર્તી રિપુદારણનો ગર્વ ઉતારનાર.

યોગેશ્વર–તપનચક્રીનો મહામાંત્રીક.



પ્રકરણ પહેલું

રિપુદારણ અને શૈલરાજ

સિદ્ધાર્થનગર અને શ્રી નરવાહનરાજાદિ :

શ્રી સદાગમની સાંનિધ્યમાં પ્રજ્ઞાવિશાળા અને ભવ્યપુરૂષની ઉપસ્થિતિમાં અંગૃહીતસંકેતોને અનુલક્ષીને સંસારીજીવ પોતાનું જીવનચરિત્ર સંભળાવી રહ્યો છે, મનુજગતિ નગરીનું એ સ્થળ હતું.

ક્રોધ, હિંસા અને સ્પર્શનેન્દ્રિયની પરાધીનતાના પાપી પ્રતાપે પોતાની નંદિવર્ધનના ભવમાં જે વિડંબનાઓ અને દુર્દશાઓ થઈ તેનો આબેહૂબ ચિતાર રજુ કરી દીધો અને આગળનો ચિતાર રજુ કરતાં જણાવે છે કે–

આ મનુષ્યલોકમાં "સિદ્ધાર્થ" નામનું સુંદરતાથી ઉભરાતું નગર હતું. નગરના નર અને નારીઓ ધર્મનિષ્ઠ અને શ્રદ્ધાને વરેલા હતાં. ધર્મના પ્રતાપે અહિંના નર–નારીઓની મનઃકામનાઓ અલ્પ પ્રયત્ને પૂર્ણ થતી હતી.

નગરના આવાસો ધવલ અને અતિસ્વચ્છ હતાં. અગાસીમાં આરસપહાણો જડેલા હતાં. એમાં નિશાપતિ ચંદ્ર જ્યારે ગગનમાં ઉદય પામતા ત્યારે પ્રતિબિંબો પડવાથી અનેક ચંદ્રનો આભાસ આ નગરમાં જણાતો.

નાની અને ભોળી બાળાઓ ચંદ્રના પ્રતિબિંબને સુંદર વિકસ્વર કુલોનો દડો માની, લેવા દોડી જતી અને હાથ ન લાગતાં વિલખી બની ધીરે ધીરે પાછી વળતી.

આ નગરના રાજ્યસિંહાસનને શ્રી "નરવાહન" રાજા શોભાવી રહ્યા હતાં. પુણ્યશાળી પુરૂષો પણ એમને પોતાના નાથ તરીકે સ્વીકારવામાં ગૌરવ અનુભવતાં હતાં. સાક્ષાત્ ધનપતિ શ્રી કુબેર જેવા ગણાતા હતા. એ રીતે નરવાહન[૧] નામને સાર્થક કરનારા હતા.

કૃષ્ણિધર પોતાની જીભથી શ્વેતદૂધને પી જાય છે તેમ આ રાજા પોતાની બેધારી તલવાર દ્વારા યશઃપ્રભા રૂપ શત્રુઓના ધવલ દૂધને પી જતા હતા. એથી એઓની પરાક્રમી તરીકે ખ્યાતિ વ્યાપ્ત બની.

નિર્મળ, સુગંધી અને વિકસિત માલતીલતાનું પુષ્પ ભ્રમરને પોતા ભણી આકર્ષે તેમ નરવાહન રાજાના હૃદયને આકર્ષનારી ગુણવતી "વિમલમાલતી" પટ્ટરાણી હતી.

રિપુદારણ રાજકુમારનો જન્મ :

હે અગૃહીતસંકેતા ! ભવિતવ્યતાએ મને વિમલમાલતી મહારાણીની કુક્ષીમાં સ્થાન આપ્યું. ગર્ભકાળ પુરો થતાં શુભ દિવસે મહારાણીની કુક્ષીથી જન્મ થયો. મારા જન્મની સાથે જ મારા જુના મિત્ર પુણ્યોદયનો પણ જન્મ થયો.

---

૧ નરવાહન : નર–મનુષ્ય. મનુષ્ય છે વાહન જેને તે નરવાહન. કુબેર દેવતાને નરનું વાહન છે, એ રીતે અહીં બે અર્થ છે.

વિમલમાલતીને ખબર પડી કે મને પુત્ર અવતર્યો છે, એટલે એના મુખકમળ ઉપર હાસ્યની ઉર્મિઓ ઉભરાઇ ગઇ. પિતાજીને પ્રિયવંદા દાસીએ પુત્ર જન્મનાં વધામણાં આપ્યા, એટલે એઓ પણ આનંદ વિભોર બની ગયા. રાજ્યમાં ઠેર ઠેર મારા જન્મની ખુશાલીમાં "આનંદોત્સવ" ઉજવવામાં આવ્યો. બાર દિવસના ઉત્સવની ઉજવણી પછી "રિપુદારણ" તરીકે મારૂં નામકરણ કરવામાં આવ્યું.

શૈલરાજનો જન્મ અને મિત્રતા :

હે સુલોચને ! નંદિવર્ધનના ભવની મારી ધાવમાતા અવિવેકતા પોતાના પતિ દ્વેષગજેન્દ્ર પાસે ગએલી અને એના સંસર્ગથી અવિવેકતાને ગર્ભાધાન થયું. જોગાનુજોગ જે દિવસે મારો જન્મ થયો, તે જ દિવસે અવિવેકતાને પણ પુત્ર થયો.

એ બાળકની છાતી વધારે પડતી આગળ નીકળેલી હતી. એનાં આઠ મુખો હતા. એ મુખો સમતળ ભૂમિ ઉપર નાના બેડોળ શિખર જેવા દેખાતા હતા. "શૈલરાજ"[૧] એ બાળકનું નામ રાખવામાં આવ્યું.

મારા જન્મથી માત-તાત ઉષામાં ખીલેલા ગુલાબની જેમ સદા પ્રસન્ન જણાતા હતા. મારા લાલન, પાલન અને સંવર્ધન માટે પાંચ ધાવમાતાઓની વ્યવસ્થા થઇ. એ રીતે લાડ કોડમાં બીજના ચંદ્રની જેમ દિન પ્રતિદિન વધવા લાગ્યો. બીજી તરફ શૈલરાજ મારી જેમ વધવા લાગ્યો.

---

૧ શૈલરાજ એ અભિમાનનું રૂપક છે. આઠ મસ્તક તે અભિમાનના આઠ પ્રકાર છે. જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, તપ, રૂપ, બળ અને જ્ઞાન.

હું પાંચ વર્ષનો થયો ત્યારે અષ્ટમસ્તકધારી શૈલરાજ મારી નજરે આવ્યો. અનાદિ કાળથી મને શૈલરાજ ઉપર પ્રેમ હતો. એને જોતાં જ પ્રેમના મૂર્ચ્છિત સંસ્કારો પલ્લવિત થઇ ગયાં. જોવા માત્રથી હું શૈલરાજ ઉપર એવો પ્રેમાળ બની ગયો કે એની પ્રતીતિ માટે મારી પાસે કોઇ શબ્દો નથી.

સાનમાં સમજનારો શાણો શૈલરાજ સમજી ગયો કે રિપુદારણને મારા ઉપર પ્રીતિ થઇ છે. દુષ્ટ આશય વાળો તે કૃત્રિમ પ્રેમ દેખાડતો બે હાથ પહોળા કરી મને જોરથી ભેટી પડ્યો.

મને વિચાર આવ્યો કે આ શૈલરાજ કેવો ચતુર છે? સામા વ્યક્તિના હૃદયના ભાવોને જાણવામાં કેટલો કાબેલ છે? આની પ્રીતિ કેવી અનહદ અને નિખાલસ છે? શૈલ મારો મિત્ર થાય તો?

આવા વિચારોને અન્તે મેં શૈલરાજ સાથે મિત્રતા કરી. અમો બન્ને લંગોટીયાં બાળમિત્રો બન્યા. અમે હવે સાથે જ રમતા, ખાતા, પીતા, હરતા, ફરતા અને મોજ મજા માણતાં. આ રીતે અમારી મિત્રતા પાંગરતી ગઇ.

શૈલરાજનો પ્રભાવ :

શૈલરાજની મિત્રતાના કારણે મારા અંતરમાં વિવિધ ભાતિના વિચાર તરંગો તરવરવા લાગ્યા.

ઓહ! મારી જાત-ભાત કેવી ઉચ્ચ છે? અરે! મારું કુળ કેવું ઉત્તમ છે? મારા વૈભવ તરફ જુવો, છે કાંઇ કમિના? અહાહા! મારું રૂપ? અરે ભલભલેરી ભામિનીઓના અંતરને આકર્ષી લે અને મને મેળવવાની ઝંખના કરે.

મારૂં તેજ, મારો પ્રભાવ, મારૂં જ્ઞાન, મારા સત્ત્વાદિ ગુણો, આ બધું બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. ત્રણ લોકમાં જે ઉત્તમ વરવા ગુણો હતા અને જે શક્તિઓ હતી. તે સૌએ મને ઉત્તમ માની મારામાં જ આવી વાસો કર્યો છે.

અરે ! વિશ્વમાં સર્વોત્તમ ગુણીયલ હું જ છું. મારે વળી કોઇ વંદ્ય હોય ખરા ? મારે વળી પૂજ્ય કોણ ? વિશ્વના બધા પ્રાણીયો માટે હું શિરસાવંદ્ય અને પૂજ્ય છું. સૌ મારા કરતા નાનેરા છે અને હું સૌનો વડેરો છું.

વળી જેને વડભાગી શૈલરાજ જેવાની મિત્રતા કરવાનું પુણ્ય લાધ્યું હોય, એનું તો પૂછવું જ શું ? મારા અને મારા મિત્ર શૈલના ગુણો કોણ ગાઈ શકે તેમ છે ?

આવી જાતના અભિમાનને ઉત્તેજિત કરનારા વિચારોમાં મસ્ત રહેવાના કારણે મારૂં મસ્તક આકાશના તારા દેખનારની જેમ ઉંચુને ઉંચુ રહેવા લાગ્યું. નીચે જોઇ ચાલવું એ તો નમાલાનું કામ, એમ હું માનતો થયો. મદઝરતાં ગંધહસ્તિની[1] જેમ હું સ્વૈર વિહારી બની ગયો. પવનની જેમ જ્યાં ઈચ્છા ત્યાં વિહરી શકતો.

અભિમાનના પ્રતાપે મમતામૂર્તિ માતાને વાંદતો નહિ. પૂજ્યપાદ પિતાજીને પ્રણામ કરતો નહિ. પરંપરાગત લૌકિક દેવો અને કુળદેવીઓને નમસ્કાર કરતો નહિ. વંદનીય

---

૧ ગંધહસ્તિ. જે હાથીના ગંડસ્થલમાંથી સદા મદ ઝરતો હોય અને એ મદની સુગંધના લીધે બીજા હાથીઓ ભયભીત બની જાય અને એમનો મદ ઉતરી જાય, આવા હાથીને ગંધહસ્તિ કહેવાય છે.

વિદ્યાગુરૂજીનો વિનય જાળવતો નહિ. પાષાણ સ્તંભની જેમ સદા અક્કડનો અક્કડ રહેતો.

મારી રીતભાત જોઈ પૂ૦ પિતાજીને ખ્યાલ આવી ગયો કે રિપુદારણ અભિમાનની જીવંત પ્રતિમા છે. શૈલરાજ સાથે મિત્રતા થઇ ગઇ છે. અભિમાનને જ પોતાનું સર્વસ્વ ધન ગણે છે. વિશ્વના દરેક વ્યક્તિઓને પોતાના કરતાં ક્ષુદ્ર માને છે અને પોતાને સૌથી વધુ શ્રેષ્ઠ અને બલિષ્ઠ માને છે.

પિતાજીને મારા પ્રતિ મમતા ઘણી હતી, એટલે એઓ વિચારે છે કે જો આવી પરિસ્થિતિમાં મારા પુત્ર રિપુદારણની આજ્ઞાનું સાધારણ પણ ઉલ્લંઘન થશે, તો અભિમાની આ કંઇક નવો ઉત્પાત કરી મૂકશે, કાં તો રાજ્ય છોડી ભાગી જશે. અને જો આવું બની જાય તો એ મારે માટે ઘણું બરાબ લેખાશે. એટલે પહેલેથી વ્યવસ્થા કરી લઉં તો સારૂં. પાણી પહેલાં પાળ બંધાય એ જ સારૂં છે.

નાના નાના રાજવીઓ, સામંતો, મંત્રીઓ, અધિકારી વર્ગ, દાસ દાસી પરિવારને ભેગો કરી પિતાજીએ મારા સ્વભાવનું વર્ણન કરી દીધુ અને કહ્યું કે "કુમાર જે કાંઇ આજ્ઞા કરે તે તરત જ સ્વીકારી લેવી. એનો પડતો બોલ ઝીલી લેવો. એના મનને જરા પણ ઓછું ન આવવા દેવું. જે રીતે રાજી રહે એ રીતનો પ્રયત્ન કરવો."

પિતાજીની આજ્ઞાના કારણે હું નાનો હતો છતાં દરેક બંડીયા રાજાઓ મારી પાસે સેવકની જેવા બની રહેવા લાગ્યા. આ રાજવીઓ કુલીન અને પરાક્રમી હતાં છતાં

મારા પિતાજીને પ્રસન્ન રાખવા ખાતર નિર્ગુણશેખર એવા મારી સેવા કરતાં હતાં. મારી અમ્મા અમ્મા બોલાવતા હતા. મારી દરેક આજ્ઞાનો અમલ ઘણું જ ઝડપથી અને સારી રીતે થતો હતો.

ભદ્રે ! રાજકીય બહુમાન અને સન્માન જે મારૂં કરવામાં આવતું હતું, તે મારા સહચર પુણ્યોદયના પ્રભાવે હતું. એની ગુપ્ત હાજરી મુખ્ય કારણભૂત હતી, છતાં અજ્ઞાનથી હું માનતો કે જે મારૂં વર્ચસ્વ છે અને મને માન સન્માન મળે છે, તે મારા મિત્ર શૈલરાજને આભારી છે.

સ્તબ્ધચિત્ત લેપ અને તેની અસરો :

શૈલરાજે મારો પ્રભાવ ઘણો વધારી દીધો એટલે હું તો એના ઉપર ઘણો જ રાજી રાજી બની ગયો. મારી મમતા એના પ્રતિ ઘણી વધી ગઇ. એક દિવસે એકાંતમાં મેં શૈલરાજને જણાવ્યું.

અરે મિત્ર ! દેવતાઓને પણ દુર્લભ આવું સન્માન અને બહુમાન મને પ્રાપ્ત થાય છે, એ તારા જ પ્રતાપે છે. એ વાતમાં મને જરા પણ શંકા કરવા જેવું લાગતું નથી.

શૈલરાજે ઠાવકું મોં રાખી જણાવ્યું, હે કુમાર ! મારામાં તો કાંઇ અદ્‌ભુત શક્તિ નથી. ગુણહીન વ્યક્તિ છું, છતાં તમને ગુણવાન દેખાઉં છું, એમાં તમારી સૌજન્યતા જ કારણભૂત છે.

"જગતમાં જે સ્વયં દુર્ગુણી હોય એને અન્યગુણી

પુરૂષો પણ દુર્ગુણી દેખાય અને ગુણશીલ આત્માઓને દુર્ગુણીમાં પણ ગુણો જ દેખાતા હોય છે."

આપ સજ્જન રાજકુમાર છો. એટલે ગુણહીન મારામાં પણ ગુણો જણાયા. એક સાધારણ વ્યક્તિ ઉપર આપની આ વિશાળ કૃપાદૃષ્ટિ થઇ એટલે કંઇક ધીઠ્ઠો બનીને આપને વિનંતિ કરવા ઇચ્છું છું. મને શ્રદ્ધા છે કે કુમારશ્રી મારી વિનંતિનો સ્વીકાર કરશે.

પ્રિય કુમાર! મારી પાસે "સ્તબ્ધચિત્ત"[૧] નામનો એક લેપ-ઔષધ છે. મેં મારી જાતદેખરેખ હેઠળ એ બનાવી રાખ્યો છે. એ લેપમાં અચિંત્યશક્તિ રહેલી છે. આપ એ લેપમાંથી સહેજ છાતી ઉપર લગાવીને ખાત્રી કરી જોશો, આપને તરત પ્રભાવ દેખાઇ આવશે. પછી આપને એની શક્તિ અને પ્રભાવ વિશે પૂછવાનું રહેશે નહિ. આપ એકવાર છાતી ઉપર લગાવી અનુભવ કરી જુવો.

મેં કહ્યું "જેવી મિત્ર શૈલની મરજી."

શૈલરાજે મને લેપ આપ્યો અને એના કહેવા મુજબ મેં મારા વિશાળ વક્ષસ્થલ ઉપર લેપ લગાવ્યો.

લેપ લગાવતાંની સાથે જ એની અસર ચાલુ થઈ ગઈ. મારી છાતી ધમણની જેમ ફુલવા લાગી. થોડીવારમાં હું વધુ અક્કડ બની ગયો. શૂળી ઘોંપેલા માનવીની જેમ હું કોઇની

---

૧ સ્તબ્ધચિત્ત: જે લેપ લગાવવાથી માનવીનું કોમળ હૃદય સ્તબ્ધ-શૂન્ય જેવું બની જાય, અભિમાન વધતાં માનવીના હૃદયની કુણાશ જતી રહે છે અને હૃદય પાષાણ તુલ્ય કઠોર થતું હોય છે.

સામું જોતો ન હતો. આથી હું વધારે સન્માન મેળવવા લાગ્યો અને લોકો મને ઝૂકી ઝૂકી નમવા લાગ્યા.

મિત્ર શૈલના વચનોમાં મને વિશ્વાસ તો હતો જ, પણ શીઘ્ર પ્રભાવી લેપના કારણે મને વધુ શ્રદ્ધા થઇ. લેપની શક્તિથી હું પ્રભાવિત બન્યો અને વારંવાર એનો ઉપયોગ કરવા લાગ્યો.

મૃષાવાદ સાથે મૈત્રી :

એક દિવસે હું અંતરંગ પ્રદેશના "કિલષ્ટમાનસ" નામના નગરે જઇ પહોંચ્યો. ત્યાં અવગુણોની સાક્ષાત્ મૂર્તિ-સમા "દુષ્ટાશય" રાજા રાજ્ય ચલાવી રહ્યાં હતા. વિશ્વમાં એવો એક પણ અવગુણ નહિ હોય કે જે આ રાજવીમાં ન જડે.

આ દુષ્ટાશય રાજાને પોતાના સમાન સ્વભાવ અને ગુણ-વાળી "જઘન્યતા" નામની પટરાણી હતી, અને "મૃષાવાદ" એમનો લાડકવાયો પુત્રરત્ન હતો.

મૃષાવાદ મારા જોવામાં આવ્યો. એની સાથે શાઠ્ય, દૌર્જન્ય વિગેરે મિત્રો હતાં, કે જે નમ્રતા, સરલતા અને સજ્જનતાના કટ્ટર વિરોધિ હતા.

દુષ્ટાશય રાજા અને મૃષાવાદે મારું સન્માન કર્યું, હું એમના આચરણથી ખૂશ થઇ ગયો. એ લોકોના મહેમાન-ગીરીની મોજ માણવા થોડા દિવસ ત્યાં જ રહી ગયો. મૃષાવાદનું મિલન વારે ઘડી થતું અને અમારામાં પ્રેમ અંકુર ખીલી નીકળ્યાં. એક દિવસે અમો મિત્રતાગ્રંથીથી જોડાઈ ગયા.

અજ્ઞાનના આવરણ તળે દબાએલો હું કિલષ્ટમાનસ નગર, દુષ્ટાશય રાજા, જઘન્યતા રાણી, મૃષાવાદ પુત્ર વગેરેના સત્ય સ્વરૂપને ન પીછાણી શકયેા. મને તેા એ બધા ઘણાં સજ્જન, મળતાવડા અને માયાળુ જણાયા.

મમતાળુ મૃષાવાદ સાથે મારે એવી મિત્રતા થઇ કે જાણે ભાર'ડની પ્રીતિ. અમારાં શરીર નોખા પણ આત્મા એક. આવું દૂધ સાકર જેવું અમારૂં જીવન બની ગયું.

નવા મિત્ર મૃષાવાદને સાથે લઈ હું મારા નગરે આવ્યેા. મને નવા મિત્રથી ઘણેા આનંદ હતેા. મનફાવતી રીતે વર્તવા છતાં કેાઇની મને રેાક ટેાક ન હતી.

બધાની સામે ગમે તેવું અકાર્ય કરૂં છતાં નવા મિત્રની બુદ્ધિથી હું અકાર્ય સંતાડી રક્ષા મેળવતેા. આંતરધૃષ્ટતા મેં સારી કેળવી લીધી. મહાભયંકર અપરાધ કરીને પણ કબુલાત ન કરવી એ મારે મન રમત હતી. તેમ ગૂનાઓ કરવા એ પણ રમત બની ગઇ.

અરે ! એટલું જ નહિ પણ ઘણીવાર જાતે ગૂનેા કરીને એનેા આરેાપ બીજા ઉપર પણ સહેલાઈથી પધરાવી દેતેા અને હૃદયમાં હસતેા રહેતેા. જોયુંને ભાઇસાહેબને કેવા ફસાવ્યા ? એમ કહી મનમાં મલકાતેા.

વધારે પડતું મૃષાવાદનું આલંબન લેવાથી અને બીજાઓ ઉપર ખેાટા દેાષેાનું આરેાપણ કરવાથી કેાઈવાર હું પણ મુશ્કેલીમાં મુકાઇ જતેા. મારે માથે પણ આપત્તિની શ્યામ વાદળી ઘસી આવતી, છતાં પુણ્યેાદયના રૂડા પ્રતાપે આપત્તિ-

માંથી હેમખેમ બચી જતો. મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડતો ન હતો.

હે સુલોચને ! શૈલરાજ અને મૃષાવાદના સંસર્ગના પ્રતાપે મારૂં વર્તન માતેલા આખલા જેવું ઉદ્ધત અને પાડા જેવું સ્વચ્છંદ બની ગયું. એ રીતે મિત્રોની સાથે આનંદ પ્રમોદ કરતાં મારી વય અધ્યયનને યોગ્ય થઇ.

કળાચાર્ય સાથે ઉદ્ધત વર્તન :

પિતાજીએ મને અધ્યયન કરાવવા માટે "મહામતિ" નામના કળાચાર્યને સન્માનપૂર્વક બોલાવ્યા. "શાલાગમન" ઉત્સવ કરી મને કળાચાર્યને સોંપવામાં આવ્યો.

પિતાજીએ મને હિતશિક્ષા આપતા જણાવ્યું. હે વત્સ ! આ તારા ગુરૂદેવ છે. તારા જ્ઞાનદાતા કળાચાર્ય છે. તું એમના ચરણમાં નમસ્કાર કર. શિષ્યપણાનો સ્વીકાર કરી એમનો વિદ્યાર્થી બની રહેજે.

અભિમાનથી મેં પિતાજીને ઉત્તર આપ્યો. અરે ! પિતાજી આપ ઘણાં ભોળા લાગો છો. આપે આવી શીખામણ મને આપવી યોગ્ય જણાય છે ? આ બિચારો કળાચાર્ય મારા કરતાં શું વધારે જાણે છે ? શું એ મને ભણાવવાનો હતો ? સામાન્ય માનવીઓનો અને મૂર્ખાઓનો એ ભલે ગુરૂ બને, પણ મારે માટે તે ગુરુ થવા લાયક ક્યાં છે ? શાસ્ત્ર ભણવાની દૃષ્ટિથી હું કદી પણ એના ચરણોમાં ઝૂકી નમસ્કાર કરવાનો નથી.

તમારા બધાનો ઘણો આગ્રહ છે, એટલે હું કળાઓનો અભ્યાસ કરવા કળાચાર્ય કને જઇશ પણ કળાચાર્યનો વિનય

મારાથી કદાપી નહિં બને. કળાચાર્યનો વિનય મારી માના લોહી બરાબર છે.

પિતાજી કળાચાર્યને એકાંતમાં લઈ ગયા અને જણાવ્યું. આર્ય ! મારો પુત્ર ઘણો જ અભિમાની છે. વિનય અને વિવેક એમાં જરાએ નથી. તેથી આપને વિનંતિ પૂર્વક જણાવું છું કે આપે એના અવિનય અને ઉદ્ધતાઇ પ્રતિ લક્ષ ન આપવું. તેમ જ મનમાં ઉદ્વેગ ન કરવો પણ દરેક કળાઓનો સારીરીતે અભ્યાસ કરાવવો.

વિનય વિવેકની પરિમલથી યુક્ત પિતાજીના વચનોની મહામતિ કળાચાર્ય ઉપર ઘણી સુંદર છાપ પડી. એણે પિતાજીને શાંત સ્વરે જણાવ્યું કે " રાજેન્દ્ર ! જેવી આપની આજ્ઞા. " આપની ઇચ્છાને માન આપી હું કુમારને ભણાવવામાં પ્રયત્ન કરીશ. કુમારની ઉદ્ધતાઇ અને અવિનય ઉપર ધ્યાન નહિ આપું. આપ નિશ્ચિંત રહેજો.

કળાચાર્ય વિચારે છે કે આ કુમાર શાસ્ત્રોના ભાવાર્થોને હજુ જાણતો નથી. રમતગમત અને ખેલકુદમાં વય ગુમાવી છે. નાદાનીયત અને ફુલેલા ફુગ્ગા જેવા મિથ્યા અભિમાનથી ધમધમી રહ્યો છે, એટલે વિનય, વિવેક શૂન્ય અને ઉદ્ધતાઈ ભરેલા શબ્દો બોલે છે.

પરંતુ જ્યારે શાસ્ત્રાભ્યાસ કરશે અને ચાલાક તેમ જ ચતુર બનશે ત્યારે સ્વયમેવ અભિમાનને ફગાવી વિનયશીલ નમ્રતાનો પુંજ બની જશે.

આ જાતનો મનોમન નિશ્ચય કરીને નિર્મળ હૃદયી શ્રી

મહામતિ કળાચાર્ય મને આદર અને પરિશ્રમ પૂર્વક કળાઓનો અભ્યાસ કરાવવા લાગ્યા. મોટા રાજવીનો પુત્ર અને રાજાની નમ્ર ભલામણ એટલે બીજા કરતાં મારા પર વધુ ધ્યાન આપતા.

વાદળ દળ વારિનિધિ પાસેથી જળ મેળવે તેમ અન્ય વિનીત રાજકુમારો કળાસમુદ્ર કળાચાર્ય પાસેથી કળાઓની કેળવણી લેતા હતા.

કળાચાર્ય મારા પ્રતિ વધુ ધ્યાન આપી કળાભ્યાસનો પ્રયત્ન કરતા, તેમ તેમ મારી મિત્રતા શૈલરાજ અને મૃષાવાદ સાથે વધુ વિકસિત થયે જતી. અભિમાનના કારણે જાતિ, કુળ, ઐશ્વર્ય, રૂપ વિગેરે બાબતોમાં કળાચાર્યનું અપમાન કરતો અને બધા વચ્ચે ઉતારી પાડતો. મારા કરતા ઘણા તુચ્છ એમને માનતો. શબ્દોની ઝડી વરસાવી ઉપાધ્યાયને નિરૂત્તર બનાવી દેતો.

મારી ઉદ્ધતાઇની પરાકાષ્ઠા જોઇ કળાચાર્યે વિચાર કર્યો કે આ રિપુદારણ મહાપાપાત્મા છે. શાસ્ત્રાભ્યાસની આમાં જરાએ યોગ્યતા જણાતી નથી. સન્નિપાતના રોગીને અમૃત સમુ દૂધ પાવામાં આવે તો એ દૂધ એના રોગમાં ઘણો જ વધારો કરી મૂકે, તેમ શાસ્ત્રાભ્યાસ રિપુદારણના અભિમાન દોષને વધારે વધારનાર બનશે.

શ્વાનનું પુચ્છ કદી સીધુ ના બને તેમ આ કુટિલ કુમાર કદી નમ્ર બનવાનો નથી. હું સેંકડો નહિ પણ લાખો પ્રયત્ન કરૂં તો પણ કળાભ્યાસ કરશે નહિ. શ્વાનપુચ્છની જેમ સદા વક્ર જ રહેશે.

મહારાજાશ્રીના નમ્ર આગ્રહના કારણે મેં કુમારને વિદ્વાન

અને ગુણશીલ બનાવવાનો પ્રયત્ન કર્યો. આટલા દિવસો મેં કુમારને સુધારવામાં ગાળ્યા પણ હવે સમય બગાડવો સર્વથા અયોગ્ય છે. કુમાર કોઇ રીતે કહ્યાગરો અને વિનયી બને એ શકય નથી.

આવા વિચારોના પરિણામે કળાચાર્યે મને ભણાવવામાં આદર અને શ્રમ ઓછા કરી નાખ્યા. રસ્તાના રેઢા પથરા જેવી તુચ્છ કિંમત મારી ગણાવા લાગી. બહારથી મારા પ્રતિ ઉપેક્ષાભાવ દેખાડતાં અને અંતરમાં નારાજી ભરાઇ ગએલી જણાતી હતી.

એઓ અતિ ગંભિર અને શાણા વ્યક્તિ હતા. દીલનાં ગંભિર સાગર સમા હતા. પિતાજીની શરમ અને છાયા એમને નડતી હતી. એટલે મારા તરફના અણગમાને મુખના વિકારો દ્વારા કે વાણીના ઉચ્ચાર દ્વારા પ્રગટ કરતા ન હતા.

કળાચાર્યનું અપમાન :

એક દિવસે કાર્ય પ્રસંગે કળાચાર્ય બહાર ગયા હતા. એમની ગેરહાજરી જોઇ હું કળાચાર્યના આસન ઉપર બેસી ગયો.

સહાધ્યાયીઓએ મને જણાવ્યું. અરે રાજકુમાર ! આ આપણા વિદ્યાગુરુનું આસન છે. આપણા માટે એ પૂજ્ય અને બહુમાન કરવા યોગ્ય છે. એના ઉપર બેસવાથી અવિનય થાય, પાપ લાગે અને વિદ્યા ન આવડે.

મેં તરત જ જડબેસલાક ઉત્તર આપ્યો. અરે મૂર્ખાઓ ! તમે મને હિતશિક્ષા આપનારા કોણ ? આ વિનયના પાઠ

તમારા સાત પેઢીના પૂર્વજોને ભણાવો. ખબરદાર છે મને શિખામણ આપી તો ?

વિનયવંતા રાજકુમારો સણસણતો ઉત્તર સાંભળી ડઘાઈ ગયા. સ્વેચ્છાએ આસન ઉપરથી નીચે ઉતરી મારે સ્થાને બેઠો. કળાચાર્ય આવ્યા ત્યારે રાજકુમારોએ મારા અવિનયી વર્તનની ફરીયાદ નોંધાવી.

કળાચાર્ય ક્રોધે ભરાણા અને મને કહ્યું, અરે રિપુદારણ ! આ તેં શું કર્યું ?

અસૂયા પૂર્વક મેં કહ્યું, શું આવો અવિનય મારાથી બને ? વાહ તમારૂં બુદ્ધિકૌશલ્ય ? શું તમારૂં શાસ્ત્ર જ્ઞાન ? કેવું આપનું દીર્ઘદર્શીપણું ? જુઠાબોલા અને ઇર્ષાખોર વિદ્યાર્થીઓએ સંપ કરી ઠીક તમને બનાવ્યા છે. જો તમે ન ભોળવાયા હોત તો મારા ઉપર આવી દાદાગીરી ન જ કરત.

કળાચાર્ય શ્રી મહામતિ મારો જવાબ સાંભળી ભોંઠા પડી ગયા. મનમાં વિચાર્યું કે આ જડભરતને કહેવામાં કાંઇ સાર નથી. આ વિનયી કુમારો અસત્ય બોલે એ સંભવિત નથી. રિપુદારણનો દોષ છે, પણ એ છૂપાવે છે. બેર, કોઇ વેળા હું મારી નજરે જોઇ જઇશ, ત્યારે એની વાત છે.

એક વખતે કળાચાર્ય બહાર જવાનું બહાનું જણાવી ત્યાં જ ગુપ્ત સ્થળે સંતાઇ ગયા. કમઅક્કલ મને એ ખ્યાલ આવ્યો નહિ અને કળાચાર્યના આસન ઉપર આરામથી બેસી ગયો.

આસન ઉપર બેઠાને થોડો સમય થયો ત્યાં તો કળાચાર્ય

એકદમ આવી ટપકયાં. એમને જોતાં જ આસન ઉપરથી તરત જ હું ઉભો થઇ ગયો.

કળાચાર્યે મને પૂછયું. દુષ્ટ ! શો ઉત્તર આ વખતે તું આપે છે ? આસન ઉપર તું બેઠો હતો કે નહિ ? તારી પાસે કયો બચાવ છે ?

મેં તરત જ કાન બંધ કરી દીધા. અરે ! આપ આ શું બોલો છો ? આ કુમારો મારા ઉપર દ્વેષીલા છે એટલે પોતે અપરાધ કરી મારા ઉપર આરોપ મૂકે છે.

મારો ધૃષ્ટતા ભર્યો નિર્લજ્જ ઉત્તર સાંભળી કળાચાર્યે વિચાર કર્યો કે, છે આની કાંઇ ધીઠ્ઠાઇ ? મેં નજરે અપરાધ કરતાં જોયો છતાં પણ અસત્ય બોલતાં જરાય અચકાય છે ? નજરે દીઠી વાતને પણ કબુલ કરવા તૈયાર નથી. આ દુષ્ટને સુધારવાનો કોઇ ઉપાય કારગત નિવડે એમ મને જણાતું નથી. અસાધ્ય કક્ષાનો આનો ઉદ્ધતાઇનો અવગુણ છે.

વિનયી રાજકુમારો કળાચાર્યને એકાંતમાં લઇ ગયા અને વિનય પૂર્વક બોલ્યા, હે આર્ય ! આ પાપાત્મા, અભિમાની અને અસત્યભાષી રિપુદારણનું મુખ જોવું એ પણ મહાપાપ છે. એવાને આપણી શાળામાં રાખવો ઉચિત જણાય છે ? એ અધમના લીધે અમારે ઘણું ઘણું સહન કરવું પડે છે.

ભલા રાજકુમારો સાથે એ રહેવા યોગ્ય પણ નથી. સાથે રાખવામાં બીજા રાજકુમારો ઉપર માઠી અસર પડશે.

લોભ, ક્રોધ, શઠતા, ચોરી, જારી વિગેરે દુર્ગુણોવાળા વ્યક્તિઓને સુધારી શકાય છે. ધીરે ધીરે આ દુર્ગુણો ઉપર

કાબુ પ્રાપ્ત કરી શકાય છે, પણ અસત્ય ભાષીને કોઇ કાળે સુધારી શકાતા નથી.

આ રિપુદારણ ઉદ્ધત, અભિમાની અને ધૃષ્ટ છે. એટલું જ નહિ પણ મહાઅસત્યવાદી છે. એને મારી શાળામાં રાખવો યોગ્ય નથી. આવો વિચાર કરી કળાચાર્યે મને બોલાવ્યો અને જણાવ્યું.

હે કુમાર! તારે અવિનય કરવો, ઉદ્ધતાઇ કરવી અને અસત્ય બોલવું એ ઉચિત નથી. ઉદ્ધત વિદ્યાર્થીઓને મારી શાળામાં હું રાખવા ઇચ્છતો નથી. તું ઉદ્ધતાઇ કરે અને બીજાઓને પણ બગાડે એ ન પાલવે. તારે અહીં રહેવું હશે તો શૈલરાજ અને મૃષાવાદ એ બંને મિત્રોનો ત્યાગ કરવો પડશે. જો તારે એમની મિત્રતા ન જ છોડવી હોય તો આ શાળામાં પગ ન મૂકવો. કાલથી તારે અહીં અધ્યયન માટે આવવું નહિ.

આ શબ્દો સાંભળતા મારો મીજાજ માઝા બહાર જતો રહ્યો. મેં કળાચાર્યને ચોપડાવ્યું. "તું તારા બાપને રહેવા જગ્યા આપજે, અમારે તારી શાળાની શી ગરજ છે? નાલાયક! તને હું જોઇ લઇશ."

આ પ્રમાણે ધગધગતા અંગારા જેવા કઠોર શબ્દો દ્વારા કળાચાર્યને ઉઘડો લઇ નાખ્યો. ભારેખમ તિરસ્કાર કરી મુકયો. સ્તબ્ધચિત્ત લેપનું મારા વક્ષસ્થળે વિલેપન કર્યું. મારી છાતી પહોળી અને કઠણ બની ગઈ. ઉંચે તિરસ્કારથી જોતો, ધબ ધબ કરતો અધ્યાસગૃહની બહાર નિકળી ગયો.

શ્રી મહામતિ કળાચાર્ય વિનયી રાજકુમારો પ્રતિ બોલ્યા.

વ્હાલા વિદ્યાર્થીઓ ! અભિમાની અને અસત્યભાષી પાપાત્મા રિપુદારણ આપણી પાઠશાળા તજી ચાલ્યો ગયો છે. એના જવાથી આપણને સૌને શાંતિ થશે, પણ એક વાત વિચારણીય થઇ પડે છે.

આપણા મહારાજાને રિપુદારણ ઉપર ઘણો વધુ પડતો સ્નેહ છે. જગતમાં કહેવત છે કે " स्नेही दोषान् न पश्यति." સ્નેહી વ્યક્તિ જેના ઉપર સ્નેહ ધરતા હોય એના દોષો જોઇ શકતા નથી. એટલું જ નહિ પણ નિગુર્ણશેખર હોય છતાં ગુણશીલ માનતા હોય છે. એટલે આપણા ઉપર સાધારણ આપત્તિની સંભાવના રહી શકે.

રિપુદારણને કાઢી મુકવાના સંબંધમાં મહારાજા તમને કાંઇ પૂછે તો તમારે મૌન રાખવું. હું યોગ્ય સમાધાન કરી લઇશ. તમારે જરા પણ બીવું નહિ અને બોલવું પણ નહિ.

" જેવી આપની આજ્ઞા " એમ જણાવી કુમારોએ કળાચાર્યના વચનોને માન આપ્યું.

પિતાજીની સાથે પ્રપંચ :

અપમાનિત થયેલો હું શાળાએથી નીકળી પિતાજી પાસે આવ્યો, પિતાજીએ મને ઉમળકાભેર આવકાર આપ્યો અને પૂછયું. વત્સ રિપુદારણ ! તારો શું અભ્યાસ ચાલે છે ?

પિતાજીને મેં જણાવ્યું. તાતપાદ ! ભાષાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂમિતિ, ખગોળવિદ્યા, ભૂસ્તરશાસ્ત્ર,

સમાજરચનાશાસ્ત્ર, શરીર ચિકિત્સા, વ્રણચિકિત્સા, શસ્ત્રવિદ્યા, ધનુર્વિદ્યા, યોગવિદ્યા, ચિત્રકળા, સંગીતકળા, નૃત્યકળા, વાદ્યકળા વિગેરે દરેક કળાઓ હું પહેલાંથી જ જાણતો જ હતો.

છતાં આપના આગ્રહથી શ્રી મહામતિ કળાચાર્ય પાસે જઈ એ કળાઓમાં વધુ પ્રગુણતા મેં મેળવી છે. આ વિશ્વ સ્પર્ધામાં મને મૂકવામાં આવે તો બીજો કોઇ મારો સમોવડીયો નિકળે એ શકય નથી.

છલ પ્રપંચ ભરી મારી વાત હતી, છતાં મધુર હતી એટલે પૂ૦ પિતાજી ખૂબ પ્રસન્ન બન્યા. મારી પીઠ થાબડી મને ધન્યવાદ આપતાં જણાવ્યું. તારો પરિશ્રમ ઘણો આવકારદાયક છે. મારૂં હૃદય કદંબપુષ્પની જેમ આનંદથી ખીલી ઉઠયું છે. પરન્તુ એક વાત તું હજુ ધ્યાનમાં લે.

પોતાની ઉન્નતિની અભીપ્સા રાખનાર માનવીએ ઉચ્ચ કોટિનો કળાભ્યાસ કર્યો હોય તો પણ વિદ્યાના વિષયમાં સંતોષ ન માનવો જોઇએ. વિદ્યા, ધ્યાન અને યોગ જેટલા વધારવામાં આવે અને સ્થિર, સુદૃઢ કરવામાં આવે તેટલા વધુ લાભપ્રદાયક બનતા હોય છે.

વ્હાલા વત્સ ! તેં જે કળાઓનો અભ્યાસ કર્યો છે એને વધુ સ્થિર કર અને જે કળાઓનો અભ્યાસ બાકી છે એનું શિક્ષણ લઇ અમારા અંતરને આનંદિત કર.

વિનય દેખાડતાં મેં કહ્યું "જેવી આપની આજ્ઞા."

કમલાનને ! મારા ઉત્તરથી તાતપાદ ઘણા પ્રસન્ન બન્યા

અને કોષાધ્યક્ષને તરત બોલાવી આજ્ઞા કરી કે "મહામતિ કળાચાર્યની શાળાને ધન, ધાન્ય, સુવર્ણ અને અન્ય જોઇતી સાધન સામગ્રીઓથી ભરપૂર કરો. કળાભ્યાસ માટે મારા પુત્રને ઘણો સમય મળે અને અહીં આવવાની આવશ્યકતા ન રહે. અભ્યાસમાં અવરોધ ઉભો ન થાય."

કોષાધ્યક્ષે રાજાશ્રીની આજ્ઞાનો અક્ષરશઃ અમલ કર્યો. મહામતિ કળાચાર્યના મનમાં થયું કે જો હું રિપુદારણની ઉદ્ધતાઇ અને શાળાત્યાગ સંબંધી વાત રાજાજીને જણાવીશ તો એમને ઘણું દુઃખ થશે. હાલમાં મૌન રાખવું ઉત્તમ જણાય છે. આવા વિચારથી પિતાજીને મારા વર્તનની વાત ન કરી.

તાતપાદે મને ફરી જણાવ્યું. વત્સ! આજથી તું કળાચાર્યના ઘરે જ રહેજે. બહુ ખંત ઉત્સાહ અને શ્રમથી ભણજે. જે ભણ્યો છે એનું પુનરાવર્તન કરતો રહેજે. નથી ભણ્યો એનું શિક્ષણ લેજે. તારે મારી ચિંતા કરવી નહિ. મને મળવા માટે પણ ન આવીશ. હું તારી ખબરઅંતર પૂછાવી લઇશ. ત્યાંજ રહેજે અને ખંતથી ભણજે.

"હું આપની આજ્ઞા મસ્તકે ચડાવું છું." એમ કહી ત્યાંથી રવાના થયો.

પિતાજી પાસેથી રવાના થઇ પ્રિય મિત્ર મૃષાવાદ પાસે ઉતાવળે ઉતાવળે ગયો અને પૂછ્યું.

અરે મિત્ર! તું તો ભારે હોંશિયાર છે? કયા અધ્યાપકના અધ્યયનથી તારામાં આવી કુશળતા આવી છે? તારી ચતુરતાના પ્રતાપે મેં પિતાજીને રાજી રાજી કરી દીધા. કળાચાર્ય સાથેની

તકરારની વાતને હવામાં ફુગાવી દીધી મુશ્કેલીથી પ્રાપ્ત થાય એવી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. આવી કુશળતા તું કયાંથી શીખ્યો ?

મૃષાવાદે જણાવ્યું સાંભળ.

"રાજસચિત્ત" નગરના "રાગકેશરી" મહારાજાને "મૂઢતા" નામના મહારાણી છે. એમને "માયા" નામની પુત્રી છે. એ માયા સાથે મારો પરિચય થયો. અમારી પરસ્પર પ્રીત થઈ. અમારી મમતા ઘણી વધી ગઇ અને મેં એણીને પ્રિય બહેન તરીકે સ્વીકારી. એ બહેનના ઉચ્ચ શિક્ષણના પ્રતાપે મારામાં આવી કૌશલ્યશક્તિ પ્રાપ્ત થઇ છે.

એ માયાને મારા ઉપર ઘણો જ પ્રેમ છે. મારો વિરહ એ સહન કરી શકતી નથી. હું જ્યાં જાઉં ત્યાં સાથે જ આવે. મારા શરીરમાં ગુપ્ત પણે સદા રહેતી હોય છે.

મેં કહ્યું, મિત્ર ! માયા બહેનના મને પણ દર્શન કરાવ.


અવસર આવે જરૂર દર્શન કરાવીશ. એમ મૃષાવાદે કહ્યું.

ત્યાર બાદ વેશ્યાઓના પણ્યાગારોમાં, દારૂના પીઠામાં, દ્યૂતકારોના દ્યૂતગૃહોમાં સ્વતંત્ર રીતે આવજા કરવા લાગ્યો. મારા દુર્ગુણો પણ વધતાં ચાલ્યાં. ઘટવાનો સંભવ ના રહ્યો.

વળી મૃષાવાદના જોરે નગરજનોમાં એવું જુઠાણું ફેલાવ્યું કે હું સારી રીતે કળાભ્યાસ કરૂં છું. કળાઓમાં નિષ્ણાત બની રહ્યો છું. મારો બધો સમય વિદ્યાના વ્યાસંગમાં જ વીતે છે. પૂ૦ પિતાશ્રીને પણ મુખ દેખાડવું બંધ કર્યું. આ રીતે બરોબર બાર વર્ષ પસાર કર્યાં.

મૃષાવાદથી જનવાયકા ફેલાવી કે કુમાર સર્વ કળાઓમાં પ્રવીણ બન્યો છે. દરેક કળાઓ હસ્તગત કરી લીધી છે. આ જનવાયકા દેશ દેશાન્તરોમાં પણ ફેલાઇ ગઈ.

અનુક્રમે કામદેવનું સ્વાગત કરતા યૌવનના આંગણે મારો પ્રવેશ થયો.



પ્રકરણ બીજું

નરસુંદરી

"શેખરપુર" નામનું નગર હતું. શ્રી "નરકેશરી" મહારાજાની વિજયપતાકા ફરકતી હતી. શ્રી "વસુન્ધરા" નામે મહારાણી હતા, એમને નવનીતના પુજસમી "નરસુંદરી" પુત્રીરત્ન હતું.

કળાઓનો શ્રેષ્ઠ અભ્યાસ કરી યૌવનના આંગણામાં પગ મૂકયો ત્યારે નરસુંદરીએ પ્રતિજ્ઞા કરી કે "જે રાજકુમાર કળાઓમાં મારા કરતાં વધુ શ્રેષ્ઠ સાબિત થશે, એ પુણ્ય પુરૂષની જીવનસહચરી બનીશ. એ મારી મનઃકામના પૂર્ણ નહિ થાય તો જીવનપર્યન્ત કૌમાર્યવ્રતનું પાલન કરીશ."

માત તાતના ખ્યાલમાં આ પ્રતિજ્ઞાની વાત આવી ત્યારે એઓ ઘણું ચિંતિત બની ગયા. પુત્રીની સમકક્ષાએ કળા અભ્યાસમાં કોઇ કુમાર આવી શકે તેમ નથી તો એના કરતાં વધુ કુશળ કયાંથી હોઈ શકે? પુત્રીની કઠોર પ્રતિજ્ઞા કેમ પુરી થશે?

'હું વિદ્યા અભ્યાસમાં ઘણો પ્રગુણ છું' એ જનવાયકા શ્રી નરકેશરી નૃપતિના સાંભળવામાં આવી. એમના મનમાં વિચાર આવ્યો કે મારી કેતકી જેવી કન્યા માટે શ્રી રિપુદારણ રાજકુમાર કદાચ સુયોગ્ય હશે.

શ્રી નરવાહન રાજા ઉચ્ચ વંશના ઉત્તમ રાજવી છે. ભાગ્યદેવતાની પ્રસન્નતા હોય તોજ એમના સાથે સંબંધ સંભવી શકે. રિપુદારણકુમાર વિશિષ્ટ વિદ્યાસંપન્ન હશે તો આપણી આશા ફલીભૂત થશે.

હું મારી ગુણવતી કન્યાને લઈને સિદ્ધાર્થપુર નગરે જઉં અને કુમારની પરીક્ષા કરી નરસુંદરીના મંગળ લગ્ન કરાવી દઉં. જેથી મને માનસિક શાંતિ થાય.

સિદ્ધાર્થપુરમાં આગમન અને રિપુદારણનો ફજેતો :

શુભ દિવસે ચતુરંગ સૈન્ય સાથે વહાલસોઈ પુત્રીને સાથે લઇ શ્રી નરકેશરી રાજાએ પ્રયાણ કર્યું અને ક્રમેકમે સિદ્ધાર્થપુરના ઉદ્યાનમાં આવી પહોંચ્યા.

મારા પિતાજી શ્રી નરવાહન રાજાને એમણે પોતાના આવવાના સમાચાર દૂત દ્વારા જણાવ્યા. પિતાજી સંદેશો સાંભળીને ખુબ ખુશી થયા. રાજશાહી દબદબા પૂર્વક એમનું સન્માન ઉમળકા ભેર કરવામાં આવ્યું. અનેક વધામણા અને ધવળ મંગળ ગીતો સાથે નગરપ્રવેશ કરાવી ઉત્તમ રાજકીય મહેલમાં ઉતારો આપવામાં આવ્યો.

ઉભય વડિલોએ વિચાર વિમર્શ કરી જાહેર ઉદ્‌ઘોષણા કરાવી કે " શ્રી રિપુદારણના કળા અભ્યાસની શ્રી નરસુંદરી પરીક્ષા લેનાર છે અને પરીક્ષામાં કુમારશ્રી ઉત્તીર્ણ થશે એટલે શ્રી નરસુંદરી પોતાના કોમળ કરપલ્લવો દ્વારા કુમારના કંઠમાં વરમાળા પહેરાવશે.

નગરના બહારના ભાગની વિશાળ ભૂમિ ઉપર મહામંડપ

બાંધવામાં આવ્યો. રાજ્યની મહત્તા પ્રમાણે ધ્વજા, પતાકા, કળાનો અને રેશમી દુપ્પટાના દરવાજાઓની રચના થઈ. રાજા-શ્રીના બેસવાના આસનો, સામંતવર્ગ, મહામંત્રી, સેનાપતિ, નગરશેઠ, ગુપ્તિપાલ વિગેરેના પણ આસનો યોગ્યતા પ્રમાણે ગોઠવવામાં આવ્યા.

કળાચાર્ય શ્રી મહામતિને પણ આમંત્રણ આપવામાં આવેલું. એમને માટે પણ એક વિભાગ રાખવામાં આવેલો.

નિયત દિવસે સભામંડપમાં રાજાઓ, અધિકારી વર્ગ, નગરના વડા નાગરીકો, સામાન્ય નાગરીકો, નારીઓ ઉપસ્થિત થયાં. શ્રી કળાચાર્ય મહામતિ પણ સમયસર પોતાના વિદ્યાર્થી રાજકુમારોની સાથે આવી પોતાનું સ્થાન સંભાળ્યું.

હું પણ મારા મિત્ર પુણ્યોદય શૈલરાજ અને મૃષાવાદ સાથે સભામંડપમાં આવ્યો અને નિયત કરેલા પિતાજીના સમીપના આસને બેસી ગયો.

મારો પૂરાણો મિત્ર પુણ્યોદય મારા અસહ્ય આચાર વિચાર અને અભિમાનના કારણે ઘણો નારાજ રહેતો હતો. મારી ચિંતાના કારણે એ દુબળો, શ્યામ, નિસ્તેજ અને મંદપ્રભાવી બની ગયો હતો.

પૂ૦ પિતાજીએ કળાચાર્યને સંકેત કરી પોતાની બાજુમાં બોલાવ્યા અને શ્રી નરકેશરી રાજાના પધારવાનું કારણ જણાવ્યું.

કુમારી શ્રી નરસુંદરીની પ્રતિજ્ઞા અને મારી પરીક્ષાની વાત પણ જણાવી દીધી.

નરસુંદરી મને વરશે એ વાત સાંભળી મારી છાતી ગજ ગજ ફુલી ગઈ. મુખ ઉપર સ્મિતની રેખાઓ ઉપસી ગઈ. સોહામણી સંધ્યાના આકાશમાં હું આશાભેર ઉડ્ડયન કરવા લાગ્યો.

કળાચાર્યના મનમાં હાસ્ય આવ્યું, છતાં મુખની મુદ્રામાં પરાવર્તન ન થવા દીધું. એઓ સમજતા હતાં કે પરીક્ષામાં કુમારની પોકળતા પ્રગટ થશે. દિવસે આકાશના મધ્યભાગમાં દેખાતા ચંદ્ર જેવો આ ફીકો થઇ જશે.

શ્રી નરકેશરી મહારાજા ગંભીરતા પૂર્વક આ સભા મંડપમાં પ્રવેશ્યા. પિતાજીએ એમનું હૃદયપૂર્વક સન્માન કર્યું અને પોતાના પાસેના સુખાસન ઉપર બિરાજમાન થવા વિનંતિ કરી.

એટલામાં પોતાની સમવયસ્કા સોહામણી સખી સમુહથી પરિવરેલી, રૂપ સૌંદર્યથી અપ્સરાઓને શરમાવતી, વેશભૂષાના યોગ્ય પરિધાનથી અદ્‌ભુતતાને વરેલી, વિલાસીઓના મનને મસ્ત બનાવતી, હંસ જેવી મંદગતિએ ચાલતી નરસુંદરીએ સભામાં પ્રવેશ કર્યો. સભામાં તદ્દન નીરવતા છવાઇ ગઇ. સૌ એ ચંદ્રવદનાને જોવામાં તલ્લીન બની ગયા.

નમણી નરસુંદરીને નિહાળતાં મારા નયનયુગલ નાચી ઉઠયાં, હૈયું ગેલમાં આવી ગયું. શૈલરાજે પણ હર્ષ વ્યક્ત કર્યો. સ્તબ્ધચિત્ત લેપને વક્ષસ્થળ ઉપર બરોબર લગાડ્યો.

લેપના પ્રભાવે મારા માનસ સરોવર તરંગાવલી ઉઠી. ઓહ ! મારા વિના કયો માનવી આ મૃગાક્ષીના કરગ્રહણની યોગ્યતા ધરાવે છે ? શ્રી રતિદેવી કામદેવ વિના બીજે શોભે ખરા ?

નરસુંદરીએ પૂજ્ય તાતપાદના ચરણકમળમાં નમસ્કાર કર્યા. એના નમસ્કારમાં પણ અપૂર્વ કામણ મને દેખાતું હતું.

શ્રી નરકેશરી રાજાએ કહ્યું, વત્સે! અહીં બેસ. તું નિર્ભયતાથી જે પ્રશ્નો પૂછવા હોય તે શ્રી રિપુદારણ રાજકુમારને પૂછી શકે છે. એ તને ઘણું સુંદર સંતોષકારક સમાધાન આપશે અને તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરશે.

નમ્રતા અને સરલતાની મૂર્તિ નરસુંદરીએ જણાવ્યું. તાતપાદ! આપ સૌ વડિલોની સમક્ષ પ્રશ્નો કરવા એ મારે માટે ઉચિત ન ગણાય. એટલે સ્વયં આર્યપુત્ર દરેક કળાઓના નામ જણાવે અને એનું ટુંક વિવેચન કરે. મને એમાં કોઇ વિભાગ ઉપર પૂછવા જેવું જણાશે ત્યાં પૂછીશ અને એ પ્રશ્નનું સમાધાન રાજકુમારશ્રી આપે.

આવા ઉમદા ઉત્તરથી સૌ વડિલો ખૂબ ખુશ થયા. સભા નરસુંદરીના વિનય અને ઔચિત્ય ઉપર આનંદિત બની.

મારા પિતાજીએ મારા ભણી જોયું અને બોલ્યા.

રિપુદારણ! રાજકુમારીની વાત ઘણી આવકાર આપવા જેવી છે. તું દરેક કળાઓના નામ જણાવવા સાથે એના ઉપર ટુંકુ અને પ્રમાણસરનું વિવેચન કરતો જા, જેથી રાજકુમારીની અન્તરઆશા પૂર્ણતાને પામે. અમને સૌને પ્રસન્નતા થાય. કુળની યશઃપ્રભા વધુ નિર્મળ અને દિગંત વ્યાપી બને. તારી જયપતાકા લહેરાવા લાગે. તારા ગુણની ગાથા ગવાય. તારામાં કેવું ઉચ્ચ કોટીનું જ્ઞાન છે એ પણ જગત સ્વયં જોઇ લે.

પિતાજીનું આ સંભાષણ સાંભળી મારી તો ભારે પરિસ્થિતિ વિકટ બની ગઈ. કળાઓનું વિવેચન તો દૂરે રહ્યું, અરે ! એના નામો પણ મસ્તકમાંથી સરકી ગયા. હૈયું થડ થડ થડકવા લાગ્યું. શરીરમાંથી પ્રસ્વેદની ધારાઓ વહેવા લાગી. હાથપગ થરથર થથરવા લાગ્યા. આંખો અકરચકર થવા લાગી. એવો અતિશય ક્ષોભ થઇ ગયો કે મારા મુખમાંથી એક બોલ બહાર ન આવ્યો. જીભ તાળવે ચોટી ગઇ.

કળાચાર્ય સાથે પિતાજીનો ધીમો વાર્તાલાપ :

મારી આવી સ્થિતિ જોઇ પૂ૦ પિતાજી વિમાસણમાં પડી ગયા. મુખ ઉપર શ્યામ રેખાઓ છવાઇ ગઇ. કળાચાર્યના મુખ તરફ જોઈ ધીમેથી કહ્યું. અરે ! આ કુમારને શું થયું ?

કળાચાર્ય—કુમારને ગભરામણ થઈ છે. બીજું કાંઇ કારણ જણાતું નથી. ક્ષોભના આ લક્ષણો છે.

નરવાહન—આ વખતે ક્ષોભ થવાનું શું પ્રયોજન ?

કળાચાર્ય—કળાઓના વિષયમાં કુમારશ્રીને કાંઇ જ્ઞાન નથી. શો ઉત્તર આપવો ? એ મુંઝવણ અનુભવે છે. અને એના પરિણામે આ ક્ષોભ ઉત્પન્ન થયો છે.

નરવાહન—કુમારમાં અજ્ઞાન કેમ સંભવે ? એ દરેક કળાઓમાં સુંદર નિષ્ણાત બન્યો છે ને ?

આ વેળા કળાચાર્યના માનસપટલ ઉપર મારા અસભ્ય અને ઉદ્ધતાઈ ભર્યા વર્તનો અંકિત થયા. અવિનય, અસત્યભાષણ, જૂઠા આરોપો સ્મૃતિમાં આવ્યા એટલે સાધારણ આવેશ

આવી ગયો અને જોરથી બોલી ઉઠ્યા કે કુમારને તો શૈલરાજ અને મૃષાવાદની જ કળાઓનો અભ્યાસ છે. એમાં જ નિષ્ણાત છે. બીજું કાંઇ એ શીખ્યો નથી.

નરવાહન—આ વળી કઇ કળા છે ?

કળાચાર્ય—અવિનય કરવો, અસત્ય બોલવું, ખોટા આળ આપવા, અભિમાન ધરવું એ જ એની ચતુરાઇ છે. એમાં જ પાવરધો અને અગ્રેસર છે. એ સિવાયની કળાઓના નામ પણ એ જાણતો નહિ હોય પછી વિવેચન તો આ કયાંથી કરવાનો હતો ?

નરવાહન—આમ કેમ બન્યું ?

કળાચાર્ય—અમારે આપને આ વિષયમાં શું કહેવું ? કુમારના કુવર્તનની કથા કરી શકાય તેવી નથી. આપને મનઃ સંતાપ થાય એટલા ખાતર અમે કંઇ કહ્યું નથી. કુમારની રહેણી કહેણી કોહાએલા કુતરા જેવી છે. એની દુર્દશાનો ચિતાર આપતાં અમારી વાણી ખુટ્ટી થઇ જાય છે.

નરવાહન—જે બન્યું હોય તે અમોને કહી સંભળાવો. હે આર્ય ! એ કહેવામાં મારો ભય ન રાખશો. હું આપને કહું છું એટલે આપે સંશય રાખવાનો નથી. યથાર્થ જણાવો.

કળાચર્ય—રાજન્ ! કુમાર શાળામાં દાખલ થયો એ અગાઉથી એનામાં અભિમાન તો હતું જ. તે દિવસે દિવસે શ્વેત કોઢની જેમ વ્યાપક બનતું ગયું. વારંવાર માર્‌ અપમાન કરતો. તિરસ્કાર અને ઉદ્ધતાઇ એ એનો આનંદ હતો. અપશબ્દો બોલવા એ રમુજ હતી. અમો એને ઉદ્ધતાઇ ભર્યા

વર્તનથી અટકાવવા અસમર્થ હતા. હિતલાગણીથી કાંઇ કહેવામાં આવતું તો નફ્ફટાયો ઉત્તર આપતો. મારા આસન ઉપર બેસી જવું અને અન્ય કુમાર વિદ્યાર્થીઓને રંજાડવા એ એની ખાસીયત હતી.

નરવાહન—આર્ય ! આપ કુમારના વર્તનને જાણતા હતા, એના અભ્યાસ વિશે પણ આપને ખ્યાલ હતો, તો શા માટે કુલક્ષણા કુમારને પરીક્ષા માટે સભામંડપમાં લઇ પધાર્યા ?

કળાચાર્ય—નરનાથ ! હું કુમારને લઇ સભામાં આવ્યો નથી. મારા ત્યાંથી કુમારને નિકળ્યાને બાર વર્ષના વહાણા વીતી ગયા છે. આપના આમંત્રણથી હું મારી શાળાથી આવ્યો છું. કુમાર બીજા કોઇ ઠેકાણેથી આવ્યો છે. એ કયાંથી અહીં ઉપસ્થિત થયો એ અમારા જાણમાં પણ નથી.

નરવાહન—આર્ય ? આપના વિદ્યાગૃહને તજે કુમારને બાર વરસ થયાં ? બાર વર્ષ કયાં રહ્યો ? આટલા વર્ષ હેમકુશળ એના ગયા અને હાલમાં જ શા માટે અપમાનિત થવાનો અવસર આવ્યો ?

કળાચાર્ય—કુમારનો અંતરંગ પ્રદેશનો પુણ્યોદય નામનો મિત્ર હતો. એ મિત્રના પ્રભાવથી સુખ, સંપત્તિ, આબાદી અને સૌભાગ્ય પ્રાપ્ત થતાં હતા.

નરવાહન—હાલમાં એ પુણ્યોદય કયાં છે ?

કળાચાર્ય—કુમારની પાસે જ હાજર છે. પરન્તુ અસભ્ય-વર્તનના કારણે એ દુર્બલ, નિસ્તેજ અને સત્ત્વ વિહૂણો બની ગયો છે. એથી આ આપત્તિ ટાળવા જેવું એનું બળ જણાતું નથી.

નરવાહન—અરેરે ! આ કુલાંગાર કુમારે મહાસભામાં અમને શરમીંદા બનાવ્યા. સારા આનદાન પુરૂષોની વચ્ચે કીર્તિ કલંકિત કરી. અમારે ઉંચુ મુખ કેમ કરવું ? ઓ પ્રભુ !

લોકનિંદા અને વ્યાધિ :

મારા પિતાજીનું મુખારવિંદ લજ્જાવનત બની ગયું. શ્યામ રેખાઓ ઉપસી ગઇ. કળાચાર્ય અને પિતાજીના ધીરા વાર્તાલાપનો ભાવ લોકો કળી ગયા. હું અભણ અને ગમાર છું એ વાત સૌ જાણી ગયા. મૂર્ખશિરોમણિ તરીકે મને સૌએ વધાવી લીધો.

શિશિરના આખરમાં ખરી પડેલા વૃક્ષોના ફીકા સુકા પાંદડા જેવા મારા સ્વજનોના મુખ બની ગયા. અધિકારી વર્ગમાં ગ્લાનિ ઉપજી. નગરના સુજ્ઞ પુરૂષોને આશ્ચર્ય ઉપન્યું. યુવક વર્ગમાં કુતુહલ અને હાસ્ય ફરી વળ્યું. નિર્મળાનયના નરસુંદરી વિલખી બની ગઇ. શ્રી નરકેશરી રાજાને ઘણી નવાઈ થઇ.

મારી દશા ઘણી વિચિત્ર બની ગઇ. મને હતું કે પિતાજી બળપૂર્વક બોલાવવા પ્રયત્ન કરશે. સભાજનો પણ ધારતા હતા કે શ્રી મહારાજા કુમારને વિવેચન કરવા આજ્ઞા ફરમાવશે.

આવા વિચારોથી મારો ભય ખૂબ વધી ગયો. હૃદયના ધબકારાની સંખ્યા ઘણી વધી ગઇ. જ્ઞાનતંતુ કાર્ય કરતા બંધ થવા લાગ્યા. ક્ષણવારમાં મૃત્યુની આગાહી આપતી મૂર્ચ્છા આવી અને પાંખ કપાએલા પંખીની જેમ ધરણી પર ધબ કરતો હું ઢળી પડ્યો.

" અરે પુત્ર તને શું થયું ? અરે બેટા તને શું થયું ? "

એમ પોકાર કરતી મારા માતાજી વિમલમાલતી દોડી આવ્યા અને મારા શરીરે વળગી પડ્યા.

સમય જોઇ પિતાજીએ સભાને ઉદ્દેશી જણાવ્યું "મારા સ્નેહી સજ્જનો ! આજે કુમારશ્રીનું શરીર અસ્વસ્થ છે. એને અચાનક કોઇ વ્યાધિએ ઘેરી લીધો છે. એટલે પરિક્ષાનું કાર્ય આગળ ઉપર રાખવામાં આવે છે. આપ સૌ અત્ર પધાર્યા એ બદલ ધન્યવાદ આપું છું અને આપ સૌ સન્માનભેર જઇ શકો છો." એમ જણાવી સભા વિસર્જન કરવામાં આવી.

પિતાજીની આજ્ઞા થતાં સૌ વિખરાય ગયા.

નગરના ચૌટે અને ચોરે, ખૂણે ખાંચરે અને જાહેરમાં બધે જ એક જ વાત બોલાવા લાગી. વાહ કુમારનું પાંડિત્ય ? વાહ એની બોલવાની છટા ? ખરી પરીક્ષા થઇ ! આપણા રાજાના કુંવર જેવું કોણ ભણેલું હશે ? આજ સુધી સૌને ઠીક મૂરખ બનાવ્યા. જબરો નિકળ્યો માળો.

આ રીતે ખુલ્લંખુલ્લા બોલતા, પેટ પકડીને હસતા અને અતિ ખૂશી થતા હતા. લજ્જાળુપણે પિતાજીએ નરકેશરી મહારાજા અને કળાચાર્યને વિદાય આપી. નરકેશરી પોતાના આવાસે ગયા અને કળાચાર્ય પોતાની શાળાએ પધાર્યા.

નરકેશરી રાજાએ વિચાર કર્યો કે જે પરીક્ષા કરવાની હતી તે થઈ ગઇ. કુમારમાં કાંઇ કૌવત કળાયું નહિ. એની કીર્તિ જે સાંભળી તે મૃગજલ જેવી બનાવટી હતી. આપણે વધુ રોકાણ કરવું તે ઉચિત નથી, આવતી કાલે જ પ્રયાણ કરી જઈશું.

સભા વિખરાઇ ગઈ, નરકેશરી રાજા અને કળાચાર્ય પણ ચાલ્યા ગયા. સભામંડપ માનવ રહિત બન્યો એટલે મારો ભય હળવો બન્યો અને ધીરે ધીરે સ્વસ્થતા આવી.

વજ્રાઘાત કરતા પણ વધુ આઘાત પિતાજીના હૃદય ઉપર લાગ્યો. સૈન્યમાં ઘવાએલા તડફડતા સૈનીકની જેમ બાકીનો દિવસ પૂરો કર્યો. મનોવ્યથા એમના અંતરને વલોવી રહી હતી.

વ્યથાની ઉગ્રતા ઘણી સતેજ હતી. સાંજની રાજ્ય કારોબારીની સભા પણ ભરવામાં ન આવી. વ્યથિત હૃદયે પિતાજી શયનખંડમાં આવી શય્યા ઉપર પોઢી ગયા, રાત વીતે જાય છે પણ ઉંઘ આવતી નથી. દિવસની ઘટના એમના અંતરને કોતરી નાખ્યા કરે છે. સુકોમલ શય્યા પણ આજે દાહક જણાતી હતી.

નરસુંદરી સાથે લગ્ન :

મારા જુના ગોઠીયા મિત્ર પુણ્યોદયને થયું કે ભરસભામાં કુમારની આબરૂના કાંકરા કર્યા તે ઠીક ન કર્યું, એ બિચારાને નાહકનો મેં ઢેડફજેત કરાવ્યો.

જે કે આ રિપુદારણ આવી સુશીલ અને સુડોળ સુકન્યા મેળવવાની યોગ્યતા ધરાવતો નથી. માનસરોવરની વસનારી અને મોતીનો ચારો ચરનારી શ્વેત હંસલી બાવળ પર વસતા કૃષ્ણવર્ણો કાકને શોભે નહિ, છતાં કુમારના અપયશને અટકાવવા કુમારી સાથે લગ્ન તો કરાવી દઉં.

મારા પિતાજીને રાત્રીના અંતિમ પહોરે સહેજ નિદ્રા

આવી. પુણ્યોદયે દિવ્ય શ્વેતપુરૂષનું રૂપ લઈ સ્વપ્નમાં દર્શન આપ્યા. હે રાજન્! જાગો છો કે ઉંઘો છો? એમ પ્રશ્ન કર્યો.

"જાગું છું." પિતાજીએ ઉત્તર આપ્યો.

તું ચિંતા તજી હળવો બન, હું નરકેશરી મહારાજાની સુલક્ષવંતી સુકન્યા તારા પુત્રને અપાવીશ. એ કન્યા તારા પુત્ર સાથે જ લગ્નગ્રંથીથી જોડાશે, ગભરાઇશ મા. એમ પુણ્યોદયે આશ્વાસન ભર્યા શબ્દોથી પિતાજીને દિલાસો આપ્યો.

"આપની મહાકૃપા" એ રીતે ઉપકારી પિતાજીએ ઉપકાર માન્યો અને દિવ્ય શ્વેતપુરૂષ અદશ્ય બની ગયો.

પ્રાતઃકાળની ઉષાએ પોતાના કીરણો પાથર્યા અને મંગળ પાઠકે સૂર્યોદયના આગમનની તૈયારી જણાવતું મધુર કાવ્ય લલકાર્યું.

"પોતાનો પ્રભાવ હીન થવાથી ઉદાસ બનેલા શ્રી સૂર્યે અસ્તાચલ ભણી વિદાય લીધી હતી, તે પોતાના તેજ અને પ્રકાશની સંપત્તિ મેળવી ફરી પૂર્વાકાશના ગગનમાં આવી રહ્યાં છે."

મંગળ પાઠકની મંગળ વાણી અને પુણ્યોદયે આપેલા મંગળ સ્વપ્નના કારણે પિતાજીને વિચાર આવ્યો કે આજે કોઈ મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ થવી જોઇએ. મંગળ વાણી અને મધુર સ્વપ્નથી પિતાજી ઘણા પ્રમુદિત બની ગયા. પ્રાતઃ ક્રિયાઓ કરતાં એમનામાં વ્યગ્રતા કે ઉદાસીનતા ન હતી. બીજી તરફ ભલા પુણ્યોદયે નરકેશરી મહારાજાના અંતઃકરણમાં પ્રેરણા ઉત્પન્ન કરી, એઓ વિચારવા લાગ્યા.

"મારા અહીંના આગમનનું કારણ બીજા રાજ્યોમાં પણ ખૂબ જાહેર બની ગયું છે. શ્રી નરવાહન રાજા વિશિષ્ટ કોટિના ઉદાર, યશસ્વી અને સન્માનનીય વ્યક્તિ છે. હું મારી પુત્રીને આપ્યા વિના પાછો વળીશ તો મારા અને નરવાહન રાજાના કુટુંબમાં શરમજનક બીના લેખાશે. એ કરતાં નરસુંદરીના લગ્ન કરાવીને જઉં તો એ ઘણું સુયોગ્ય લેખાશે."

શ્રી નરકેશરી મહારાજાએ નરસુંદરીને બોલાવી અને પોતાની ઈચ્છા જણાવી બધી વાતોથી માહિતગાર કરી.

પુણ્યોદયે એને પ્રેરણા કરી કે તારે રિપુદારણ સાથે લગ્ન કરવા જોઇએ. એથી ઉભય રાજવી કુળોનું સન્માન જળવાશે અને તારા પિતાની આજ્ઞા ઉઠાવવાનો તને લાભ મળશે એટલે એણીએ પણ સહર્ષ સંમતિ આપી.

શ્રી નરકેશરી મહારાજા મારા પિતાજીની પાસે આવ્યા અને જણાવ્યું. હે રાજન્! હું મારી વહાલસોઇ કન્યા આપના પુત્રને આપું છું. પરીક્ષાની અગ્નિ પરીક્ષા કરવી યોગ્ય નથી, એ વાતને તિલાંજલિ આપો.

વળી જો લગ્ન નહિ થાય તો અધમ વ્યક્તિઓ માટે નિંદાનું મોટું કારણ મળશે. એટલે બધા વિચારોને પડતા મૂકી કુમાર-કુમારીના વિધિપૂર્વક લગ્ન કરી કંકુના તિલક કરીએ. આપ સ્વીકાર કરો.

પિતાજીએ આ વાત સહર્ષ સ્વીકારી. તરતજ જોષી બોલાવ્યો. નજીકના શુભ દિવસે જ લગ્નોત્સવ કરી અમોને પરણાવ્યા.

દામ્પત્ય જીવન :

પોતાની કેળજેવી કોમળ કન્યા પરણાવી શ્રી નરકેશરી રાજા પોતાના નગર ભણી રવાના થયા. પિતાજીએ અમને આલીશાન આવાસ રહેવા આપ્યો. એ આવાસમાં આનંદ પ્રમોદ કરતા ચક્રવાક ચક્રવાકીની જેમ દિવસો જતા હતા. સૂર્ય કયારે ઉગતો અને કયારે આથમતો એનો પણ અમોને ખ્યાલ ન આવતો.

પુણ્યોદયના પ્રતાપે અમારી પરસ્પરની પ્રીતિ જલ-મીન જેવી બની ગઈ. એક વિના બીજાને જરા પણ ચાલતું નહિ. બે શરીર અને એક આત્મા જેવો અમારો ગાઢ સંબંધ થઇ ગયો. ક્ષણનો વિયોગ અમને આકરો લાગતો.

આનંદના હિલોળે હિંચતા અને સુખ સાહ્યબીમાં મહાલતાં અમને જોઈ શૈલરાજ અને મૃષાવાદ રોષે ભરાણા. અમારા સૌભાગ્ય સુખની એમને ઇર્ષા થઇ આવી. અમારો આનંદ એ સાંખી ન શકયા.

ઈર્ષાની આગથી બળતા બન્ને ભેગા મળી વિચાર કરવા લાગ્યા કે કુમાર અને કુમારીનો વિયોગ કેમ થાય ? એમાં ઝગડાની ચીનગારી કેમ મૂકી શકાય ? એક બીજા અબોલા કેમ લે ? છૂટા કેમ પડે ?

શૈલરાજે મૃષાવાદને પાનો ચડાવ્યો. અરે મૃષાવાદ ! તું એક કામ કરીશ ?

મૃષાવાદે કહ્યું: તને ના કહેવાય ? શું છે એ કાર્ય ?

શૈલરાજે જણાવ્યું, તું એકવાર કુમારીકાના હૃદયમાં ભેદનીતિ ઉભી કર. નરસુંદરીનું મન ઉંચુ થાય એવા પ્રયાસ કરી જો. પછી જોયું જશે.

મિત્ર શૈલ! તારે આ વિષયમાં મને પાનો ચડાવવાની જરૂર નથી. તારા ચડાવવાથી હું કરૂં એમ ન માનીશ. પણ કુમારીના હૃદયમાં કુમાર પ્રત્યે અણગમો થાય એવો પેંતરો થયો જ માની લે. મારૂં સામર્થ્ય તું એક વાર જોઇ લે.

આ પ્રમાણે અમારા વિરહ કરાવવાની પાશવી યોજના ઘડી કાઢી, બન્ને મિત્રો વિખુટા પડ્યા.

અહંકારની આડમાં :

ઉર્વશી અને રંભાના રૂપને ઝાંખું પાડનાર, રૂપ અને સૌંદર્યથી છલકતું નારી રત્ન સદ્‌ભાગ્યે પ્રાપ્ત થયું, એટલે મને વિચાર તરંગો આવવા લાગ્યા કે હું વિશ્વમાં ઘણો જ ભાગ્યશાળી વ્યક્તી છું. ધન્યવાદને પાત્ર છું. જો હું પુણ્યવાન્ ન હોત તો આવું સોહાગણ સુપુષ્પ જેવું નારીરત્ન મને કયાંથી પ્રાપ્ત થાત ?

દેવાંગના જેવી પ્રિયતમાની પ્રાપ્તિથી મારો અહંકાર ખીલી ઉઠયો. દેવોને નમવાનું બનતું નથી. વડિલોને વંદના કરતો નથી. બંધુઓ સાથેનો સંબંધ જાળવતો નથી. પરિવાર ઉપર પ્રેમ બતાવતો નથી. નોકરો સાથે નમ્રતા જરા પણ રાખતો નથી. લોક સમુહની લજ્જા મને નડતી નથી. ચરાચર વિશ્વની જરાય દરકાર નથી. હું સર્વથા બેપરવા બની ગયો.

લોકવાતો :

મારા અહંકારભર્યા વર્તનથી લોક સમુહ નારાજ હતો. મારા પ્રતિ કોઇની જરાએ મમતા ન હતી. એટલે ભેગા મળી વાતો કરતા.

અરે ! આ વિધાતાની વિચિત્રતા કેવી ? કયાં મૂર્ખશિરોમણિ કુમાર અને કયાં ગુણવતી નરસુંદરી ? કાક કંઠે મોતીની માળા જેવું બન્યું છે. ગર્દભરાજ ઉપર સોહામણી અંબાડી મૂકવા જેવું બન્યું છે. રે ! નિર્દય દૈવ ! શું તારી અકળકળા ?

પહેલાંથી જ કુમારમાં અભિમાન ભર્યું પડ્યું હતું. એમાં વળી આ નિર્મળ નારીરત્ન લાધ્યું. એટલે અભિમાન ઓર તરંગે ચડ્યું. વાંદરાની જાત ચપળ અને કૂદાકૂદ કરનારી અને એમાં ભમરાએ નાક ઉપર ડંખ ચોટાડયો. પછી જુઓ એની ચપળતા. નરસુંદરીના મિલનથી કુમારને અભિમાનનો કેફ વધુ વધી ગયો છે.

માનસરોવરના મોતીનો ચારો ચરનારી હંસલી કર્કશ કંઠા કાગળાને ન શોભે, વનરાજીના લીલા પત્ર ફળને આરોગનારી હાથણી વૈશાખ માસમાં મસ્ત થનારા ગર્દભને ન શોભે, તેમ નિર્મળનયના આ નરસુંદરી નરગર્દભ કુમારને ન શોભે. આ યુગલ ઘણું જ કઢંગુ છે.

રંગમાં ભંગ :

નમ્રતાપુંજ નરસુંદરીનું નારીહૃદય નિર્મળતાથી નીતરતું હતું. કપટનો કાદવ જરાપણ ન હતો. આશય પણ સ્વચ્છ સ્ફટિક સમો હતો. એણીને પતિદેવના પ્રેમની પરીક્ષા કરવા મન થયું. સહજભાવે પ્રશ્ન કર્યો.

આર્યપુત્ર ! પૂજ્ય પિતાજીએ આપને સભામાં કળાઓના વિવેચન માટે જણાવેલું એ વખતે આપના શરીરમાં અચાનક અસ્વસ્થતા કેમ થઇ ગઇ ? આપ કેમ કાંઈ બોલ્યા નહિ ? આપ એકદમ મૂર્ચ્છિત થઇ કેમ ઢળી પડ્યા ?

મૃષાવાદ આવા સોનેરી સમયની રાહ જોઇ રહ્યો હતો. યોગશક્તિ દ્વારા એણે મારા મુખમાં પ્રવેશ કર્યો. મને એ ખ્યાલ પણ ન આવ્યો. મૃષાવાદની પ્રેરણાથી મેં કહ્યું, પ્રિયે ! તને એ વખતે શું જણાયું ? તેં શું અનુમાન કર્યું ?

નરસુંદરી—આર્યપુત્ર ! એ વેળા મારા મનમાં થયું કે શું સાચેજ કુમારશ્રી અસ્વસ્થ બન્યા કે પછી કળાઓના અભ્યાસના અભાવે આ દશા થઇ. હું કાંઇ નિર્ણયાત્મક નિશ્ચય કરી ના શકી.

રિપુદારણ—વ્હાલી ! તારે એવી મૃષા કલ્પના કરવાની જરૂર નથી. હું દરેક કળાઓમાં પ્રભુત્વ પ્રાપ્ત કરી ચૂકયો છું. એ વખતે શરીર પણ અસ્વસ્થ બન્યું ન હતું. માત-પિતાએ મિથ્યા મોહથી વિના કારણે ધાંધલ મચાવ્યું. રજમાંથી ગજ કરી નાખ્યું. એ જોઇ હું ધીરજ ધરી મૌનપણે બેસી રહ્યો.

કપટના મિશ્રણવાળો મારો ઉત્તર સાંભળી શાણી કુમારી કળી ગઇ કે આ આર્યપુત્ર મિથ્યા અભિમાની છે, અસત્યવાદી અને કપટ પરાયણ છે, હૃદયના ધીઠા જણાય છે.

પ્રિયતમાએ ફરી પૂછયું, આર્યપુત્ર ! આપ મને કળાઓના નામ ગણાવી એ ઉપર વિવેચન સંભળાવી મારા હૃદયને

સંતોષ આપ્યો. આપના પવિત્ર મુખથી હું કળાઓ આતુરતા પૂર્વક સાંભળવા ઇચ્છું છું.

શૈલરાજ પણ સમયની શોધમાં હતો. આ લાગ જોઈ એણે યોગશક્તિથી મારા શરીરમાં પ્રવેશ કર્યો. મારી વિશાળ છાતી ઉપર "સ્તબ્ધચિત્ત" લેપનું ખૂબ વિલેપન કરવામાં આવ્યું.

લેપનો તીવ્ર પ્રભાવ પથરાયો. મારૂં હૃદય પાષાણ જેવું કઠોર બની ગયું. અરે! આ દુષ્ટા મને પ્રશ્ન પૂછે છે? પંડિતાઈના અભિમાનથી મને હસે છે? આવી કુલટા પત્નીનું મારે શું પ્રયોજન?

મેં તાડુકીને કહ્યું, અરે રંડે! મારા આ મહેલમાંથી બહાર નિકળી જા. તારા જેવી ભણેલીને મારા જેવા મૂર્ખ સાથે રહેવું ન ગોઠે. ચાલ, આ મહેલ છોડી દૂર જા. તારૂં મોં મારે નથી જોવું.

વિના અવસરે થયેલા મારા કટુ કોપાવેશને જોઇ હિમપાતથી બળીને શ્યામ બનેલી કમળીનીની જેમ શ્યામ અને તેજવિહીન બની ગઇ. પોતાનું મુખ પાલવના છેડાથી છૂપાવી દીધું. અશ્રુધારા વહાવતી અને શરીરે ધ્રુજતી મારા મહેલમાંથી બહાર નીકળી માતાજીના મહેલ તરફ ચાલી ગઇ.

મારી છાતી ઉપરનો લેપ સૂકાઈ ગયો એટલે મારૂં અંતઃકરણ કાંઈક ઠૂણું બન્યું. મને મારી વર્તણૂંક માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. મારા ઉપર અતિસ્નેહ ધરનારી અને પ્રિયતમ માની દેવની જેમ પૂજા કરનારી પ્રિયતમાનો આ રીતે ધૃષ્ટતાપૂર્વક તિરસ્કાર કર્યો તે સારૂં ન કર્યું.

નરસુંદરી ઉપર મને ફરી રાગ વધ્યો. મને એના મધુર સંભારણા યાદ આવવા લાગ્યા. મારી મૂર્ખતા ઉપર મને ઘૃણા ઉત્પન્ન થઇ. હૃદય દુઃખથી ઉભરાવા લાગ્યું. કામદેવે પણ મને પોતાના બાણોથી વીંધી નાખ્યો. ચિંતાતુર રીતે શયનખંડમાં શય્યા પર ઢળી ગયો.

માતા વિમલમાલતીની સમજાવટ :

સુકોમળ પલંગ મને અગ્નિદાહ જેવો જણાતો હતો. મારા શ્વાસ દીર્ઘ અને ઉષ્ણ નીકળતા હતા. શય્યામાં આળોટતો હતો, ત્યાં ઉદાસવદને માતા વિમલમાલતી આવી પહોંચ્યા.

માતાજીનો મેં ઉચિત વિવેક પણ ન જાળવ્યો. માતાજીએ પોતાની મેળે જ આસન લઇ બેઠક લીધી. હું પણ મારા મનોભાવોને સંતાડી ડાહ્યા જેવો બની પલંગમાં જ પડ્યો રહ્યો, જાણે હું કાંઇ જાણતો નથી.

માતાજીએ નમ્ર સ્વરે કહ્યું: વત્સ ! વિનયશીલા વનિતાને આવી રીતે ધૂત્કારી ન મૂકાય. એ તો કુલની જ્યોત છે, કુલદીપિકા છે, એની સાથે આવું ઉદ્ધત આચરણ કરે તે શોભે ખરૂં ? બેટા ! સામાન્ય પ્રસંગમાં આવો ક્રોધ કરવો ન ઘટે. અહીંથી ગયા પછી એ કુલીન પત્નીની શી હાલત થઇ એ જાણે છે ?

મેં કહ્યું: માતાજી સંભળાવો.

માતાએ કહ્યું: બેટા ! જ્યારે એ મારે ત્યાં આવી ત્યારે એની વેણીના વાળ વિખરાઇ ગાલ ઉપર પથરાઇ ગયા હતા.

હૃદયના તાપથી એનું હૃદય ધગધગતું હતું. મુખની કાંતિ અદૃશ્ય બની ગઇ હતી. તે અહીંથી આવીને મારા પગમાં ઝૂકી પડી.

મેં પૂછયું: વત્સે ! આ શું ?

એણીએ ઉત્તર આપ્યોઃ માતાજી ! આજે મને દાહજ્વર થયો છે, બીજું કાંઇ નથી. એની પીડાથી પીડાઇ રહી છું. આપની કૃપાથી સારૂં છે.

શુદ્ધ અને શીતળ પવન આવતો હતો ત્યાં એના પલંગની ગોઠવણ કરી શીતોપચાર ચાલુ કર્યો. ગુલાબજળ–ચંદન વિગેરેના વિલેપન કર્યા. ઘનસાર અને નવસારના પ્રયોગો પણ કર્યા.

છતાં પણ વ્યાધના બાણથી વિંધાએલી હરણીની અને ઉષ્ણ પાષાણ ઉપર તરફડતી માછલીની જેમ એને જરાય શાન્ત્વના મળતી ન હતી. અમારો એકે ઉપાય સાર્થક ન નિવડ્યો.

મેં પૂછયું: બેટા ! હાલમાં તને દાહજ્વર કેમ થઇ આવ્યો ? એણીએ કાંઇ પણ ઉત્તર ન આપતાં માત્ર સૂકો દીર્ઘ નીસાસો મૂકયો.

મને થયું કે જરૂર આના મનોદુઃખનું કાંઇ કારણ બન્યું હશે. એ વિના ઓચિંતો અને અકાળે દાહજ્વર સંભવે નહિ. પરન્તુ લજ્જાળુ ગુણના લીધે આ કુલવતી કુલવધુ કાંઇ કહેતી નથી.

મેં એણીને ઘણો આગ્રહ કર્યો. મારા શપથ આપ્યા એટલે આખરે સત્ય ઘટના મને જણાવી.

મેં કહ્યું: બેટા ! તું શાંત થા. ચિંતા ન કરીશ. મારા પુત્રને સમજાવી તારા પ્રતિ પ્રેમભરી રીતે વર્તવા જણાવી દઇશ. પણ પુણ્યવતી ! શું તને એ ખ્યાલ નથી કે મારો પુત્ર સિંહ જેવો મહાઅભિમાની છે. કોઇની પણ સામાન્ય વાતને પણ સહન કરી શકતો નથી. કોઈના હળવા આક્ષેપને જીરવી જાણતો નથી.

તું પુત્રના સ્વભાવ અને હૃદયને બરોબર ઓળખી લે. તારે એનાથી પ્રતિકૂળ ન બોલવું અને ન વર્તવું. દેવ જેવો માની પૂજા કરી પ્રસન્ન રાખવા પ્રયત્ન કરવો. મારા તને આશીર્વાદ છે કે " પતિદેવા ભવ ".

હે પુત્ર ! મારા આશ્વાસનના શબ્દો સાંભળી દીનવદના ઘણી હર્ષિત થઈ. અમૃતથી સિંચાએલી વેલડી જેમ ખીલી ઉઠે એમ એનું હૃદય ખીલી ઉઠયું.

મારા ચરણોમાં માથુ મૂકી દઇ બોલીઃ હે માતાજી ! અભાગણી મારા ઉપર આપે મહાન્ ઉપકાર કર્યો છે. આપના જેટલા ઓવારણાં લઉં એટલા ઓછાં છે.

આપ આર્યપુત્ર પાસે જાઓ અને એમનું મન મનાવી રીસામણાં દૂર કરાવી દો. મારો એમની સાથે એકવાર મેળ કરાવી આપો. હું ફરીથી એ અપ્રસન્ન અને એવો પ્રયત્ન કરીશ નહિ.

કદલિકા દાસીને એની માવજતમાં મૂકી હું તને મનાવવા આવી છું. તું શાન્ત થા.

તારા આવેશથી એ મરણતોલ દશાને અનુભવે છે. તારી પ્રસન્નતા એ એને માટે સંજીવિની છે. એ સરલ આશયા છે. પ્રણયથી કે પ્રમાદથી તારા પ્રત્યે અપરાધ થયો હોય તો પણ તારે ક્ષમા આપવી જોઇએ. એના નજીવા અપરાધને યાદ કરીને તોછડું વર્તન ન દાખવવું જોઇએ.

માતાજીને પાદપ્રહાર :

માતાજીની વાત સાંભળી મારૂં હૃદય ગળગળું બની ગયું. મારા અકાર્ય માટે મને દુઃખ થયું. પ્રિયતમાની ઉપર ફરીને રાગ જાગ્યો. માતાજીની આજ્ઞાપાલન કરવાનો ઉત્તર આપવા તૈયાર થતો હતો ત્યાં શૈલરાજે મારા હૃદય ઉપર સ્તબ્ધચિત્ત લેપ હળવે રહી લગાવી દીધો.

લેપની અસર અન્તઃકરણ ઉપર થઇ. પ્રિયતમાનો અપરાધ નજર સમક્ષ તરવરવા લાગ્યો. તરત જ ક્રોધમાં આવી જઈ મેં ઉદ્ધતાઈપૂર્વક જણાવી દીધું કે, મારે એ કળાવિશારદનું કામ નથી. એ પાપણનું કામ નથી.

માતાજીએ કહ્યું: બેટા ! આવું ન બોલ. શાન્ત થા અને એકવાર તું એને ક્ષમા આપ. તારી પત્નીનો અપરાધ નથી પણ મારો અપરાધ છે એમ તું માની લે. આ શબ્દો બોલતાં માતાજી મારા ચરણોમાં ઢળી પડ્યા.

મેં કહ્યું: "ચાલી જા, તારૂં પણ મારે કામ નથી. એ

દુષ્ટાનો પક્ષ લેનાર અને જેને મેં તરછોડી દીધી એને સ્થાન આપનાર તારૂં મુખ પણ હું જોવા માગતો નથી. દૂર થા."

મારો ક્રોધ ભભૂકી ઉઠ્યો, માતાએ કરેલા ઉપકારો વિસરી ગયો અને વાત્સલ્યમૂર્તિ માતાના મસ્તક ઉપર જોરથી લાત મારી. આકરા વચનોથી અપમાન કરી કાઢી મૂકી.

મારી શાણી માતા સમજી ગઇ કે આ મારો પુત્ર અભિમાનનું બાવલું છે. કદાગ્રહ મૂકે એ સંભવતું નથી. ઉદાસ વદને મહેલમાં પાછી આવી અને બનેલી ઘટના નરસુંદરીને કહી સંભળાવી.

કડાકા સાથે વાદળમાંથી પડેલી વીજળી મકાનને ધરતી પર ઢાળી દે તેમ મારા અશ્રાવ્ય અને હૃદયભેદક વચનો સાંભળીને એ ધરતી પર ઢળી પડી. પોતાનું ભાન ગુમાવી મૂર્ચ્છિત થઈ ગઇ.

શીતોપચાર દ્વારા એની મૂર્છા દૂર કરવામાં આવી અને કરુણ સ્વરે વિલાપ કરવા લાગી. એણીના વિલાપે બધાના હૃદયને કંપાવી મૂકયાં, સૌ વિલાપ કરવા લાગ્યા. ધીરજ ધરી માતાએ શાન્ત્વના આપતાં જણાવ્યું:

બેટા નરસુંદરી ! તું શાંત થા. તારો પતિ અભિમાનથી ચકચૂર છે. એ અક્કડ અને કાષ્ટ જેવો જડ બની ગયો છે. એનું હૃદય વજ્ર કરતાં વધુ કઠોર છે. વિલાપ બંધ કર, વિષાદ ઓછો કર, ધૈર્ય અને સાહસનું અવલંબન લે. હું તને એક ઉપાય બતાવું તે અમલમાં મૂકી જો.

તું એકવાર તારા પતિદેવ પાસે જા અને અનુકૂલ કરવા પ્રયત્ન કરી જો. તારી વિનંતિથી કદાચ એનું હૃદયપરિવર્તન થશે. એ છતાં એનું હૃદયપરિવર્તન ન થાય તો પણ આપણને એવો અભરકો નહિ રહે કે આપણે પ્રયત્ન ન કરી જોયા. લોકમાં પણ કોઇને બે શબ્દ કહેવાના ન રહે. તું જા, અને તારા નાથને મનાવ.

પ્રિયતમાની પ્રાર્થના :

માતાજીની આજ્ઞા માન્ય કરી નરસુંદરી ધ્રુજતી ધ્રુજતી મારી પાસે આવી. પુત્રવધુના પગલે પગલે માતાજી પણ આવ્યા અને દ્વારની આડમાં શાન્ત બની છૂપાઇ ગયા. નરસુંદરીનું ધ્યાન એ તરફ ન હતું.

પ્રિયતમા આવીને મારા ચરણે વળગી પડી અને આરાધ્યદેવ સમજી વિનવવા લાગી.

ઓ મારા સ્વામિનાથ ! મારો અપરાધ ક્ષમા કરો. હું અપરાધ નહિ કરું. હે પ્રિયતમ ! મારી આ ભૂલને આપ ભૂલી જાઓ. હે કાન્ત ! એકવાર નેહનજરે નિહાળો. મારા જીવિતેશ્વર ! આપ વિણ મારે કોણ આધાર છે ? ઓ વલ્લભ ! એકવાર ક્ષમા આપો. વ્હાલા પ્રાણનાથ ! આ દુઃખી અભાગણી ઉપર મહેર ધરો. અરે પતિદેવ પ્રિયતમ ! આપ મહાન્ છો, નમસ્કાર કરવા યોગ્ય છો. ઓ મારા જીવનસાથી ! મને માફ કરો, મને માફ કરો.

હું આપના મનને દુઃખ થાય એવું કાર્ય નહિ કરું.

કોમળ કમળના કુલની જેમ જાળવીશ. આપ વિના આ વિશ્વમાં મારૂં કોઇ શરણુ નથી. આપના વિના હું અસહાય અને નિરાધાર બની જઇશ. આપ કૃપા નહિ કરો તો જલ વિણ માછલું તરફડીને મૃત્યુ પામે એમ હું પણ તરફડીને મરણુને શરણુ થઇશ. હે પ્રાણાધાર ! ક્ષમા કરો, ક્ષમા કરો.

નરસુંદરીના નમ્ર વચનો સાંભળી મારૂં હૃદય ગદગદિત બની ગયું. પૂર્વના સ્નેહભર્યાં સંસ્મરણો નવપલ્લવિત થઇ ગયા. મારૂં કઠોર હૃદય કોમળ બની ગયું. મધુર શબ્દોથી બોલવા પ્રયત્ન કરૂં છું પણ એટલામાં મિત્ર શૈલરાજ હાજર થઈ ગયો.

પ્રિયતમાનો તિરસ્કાર :

બસ બલાસ. શૈલરાજની વક્ર નજરના લીધે મારૂં કોમળ હૃદય કઠણ બની ગયું. સ્નેહના સંસ્મરણો વિસારે પડી ગયા. નરસુંદરીની નમ્ર વિનંતિ ભૂલી ગયો. હડહડતો તિરસ્કાર કરી નાખ્યો.

અરે પાપે ! મધુરાં વેણ બોલી મને જાળમાં ફસાવવા માગે છે ? તારી માયાજાળમાં ફસાઇ જાઉં એવો મૂર્ખ નથી. ચાલી જા દુષ્ટે ! મારે તારૂં કામ નથી. મીઠાં વચનો બોલી તું બીજાને છેતરવાનો પ્રયત્ન કરજે. પણ આ રિપુદારણ કાચો પોચો નથી કે તારાથી છેતરાઇ જાય.

તું તો કળાઓમાં કુશળ છે, ભણેલ–ગણેલ છે, બધાને છેતરવામાં તું ચતુર હોઇશ પણ આ મૂર્ખશિરોમણિ રિપુદારણને છેતરવા માટે તારે કેટલાય ભવો લેવા પડશે. ચાલી જા મારા મહેલમાંથી.

તારા જેવી વિદુષી માટે હું હાસ્યનો પાત્ર છું. ગામડીયો ગમાર છું, તારી સાથે બોલવામાં મને શો લાભ ? અને આમાં મારૂં સ્વામીપણું કયાં છે ? દૂર થા.

કઠોર અને કટુ વાણીનો મેં પત્ની ઉપર વરસાદ વરસાવી નાખ્યો. એનું હૃદય પીંખાઇ ગયું. પાંખવિહુણી હંસલી જેવી એની દશા થઇ. શૈલરાજની ચડવણીથી ન કહેવા જેવું કહી હું મૌન રહ્યો. વનમાં વસતા યોગી જેવો ધ્યાનસ્થ બની ગયો.

ગગનગામિની વિદ્યા ભૂલી જનાર વિદ્યાધરની જેમ નરસુંદરી કર્ત્તવ્યવિમૂઢ બની ગઈ. મારે શું કરવું અને કયાં જવું એનું પણ ભાન ન રહ્યું.

પ્રિયતમના તીર જેવા તીક્ષ્ણ, નિર્દય અને મર્મભેદી વચનો સાંભળવા અને તિરસ્કૃત, અપમાનિત જીવન જીવવું એ કરતાં મરણને શરણ થવું શું ખોટું ? આવો કઠોર નિર્ણય કરી ધીમા પગલે મહેલથી બહાર નીકળી ગઈ.

નરસુંદરી શું કરે છે અને કયાં જાય છે, એ જોવા માટે હું પણ સ્તબ્ધચિત્ત લેપ લગાવી, મિત્ર શૈલને સાથે લઇ એની પાછળ પાછળ ચાલ્યો. મારા દુષ્કૃત્યોથી દુઃખી થએલો સૂર્ય પણ આ વખતે અસ્તાચલ તરફ ચાલ્યો ગયો.

પ્રિયતમાનો આપઘાત :

દિનપતિ સૂર્ય અસ્ત થઈ ગયો. એટલે અંધકારે વિશ્વ ઉપર શ્યામ આવરણ પાથર્યું. માર્ગો અને રાજમાર્ગો ધીરે ધીરે જનશૂન્ય બની ગયા. બધે નીરવ શાંતિ પથરાઇ ગઇ એ વખતે અજાણ શૂન્ય ખંડેર ઘરમાં નરસુંદરીએ પ્રવેશ કર્યો.

આ તરફ નિશાપતિ શ્રી ચંદ્ર પૂર્વાચલથી ઉદય પામ્યા. એનો પ્રકાશ હજુ ઘણો મંદ હતો. એ ઝાંખા પ્રકાશમાં હું નરસુંદરીને જોઇ શકતો હતો, પણ એને મારો ખ્યાલ ન હતો. ચોરની જેમ શૂન્યઘરના બારણાની આડમાં હું છૂપાઇને ઉભો રહ્યો.

નરસુંદરીએ નિરાશાભરી નજરે ચારે કોર નિહાળ્યું. પત્થરના ઢગલા ઉપર ચડી છતની વળી સાથે દોરડું બાંધ્યું. દોરડાનો બીજો છેડો પોતાના ગળામાં નાખી દીન અને ઉચ્ચ સ્વરે બોલીઃ

હે લોકપાલો ! દીન, દુઃખીયારી આ નરસુંદરીની વાત આપ સાંભળો. જો કે આપ સૌ જ્ઞાની છો, દિવ્યચક્ષુને ધારણ કરનારા છો એટલે મારા મરણના કારણને જાણતા હશો. છતાં હું આપને જણાવું છું.

" આર્યપુત્ર અને હું પ્રેમમાં મસ્ત થઇ વિનોદ કરતા હતા. એ વખતે મેં પૂછ્યું કે આપને કળાઓનું જ્ઞાન કેટલું છે ? આ પ્રશ્ન કરતી વખતે મારા મનમાં એમનો પરાભવ કરવાનો ભાવ ન હતો, એમને હલકા પાડવાની ઇચ્છા ન હતી, છતાં આર્યપુત્રને એ વાત ન ગમી. એમણે મનકલ્પિત પોતાનો પરાભવ માની લીધો. મેં તો સહજભાવે જ પ્રશ્ન કર્યો હતો. "

નરસુંદરી લોકપાલોને લાગણીથી જે વાત જણાવી રહી છે તે સત્ય છે. હું એના ગળાનો પાશ છેદી નાખું. આ વિચાર

કરી પાશ-રાશ છેદવા જાઉં છું, ત્યાં નરસુંદરીએ ફરી લોક-પાલદેવોને ઉદ્દેશીને કહ્યું:

" હે લોકપાલો ! મારા દુઃખીયારીના આપ પ્રાણો ગ્રહણ કરો. જન્માન્તરોમાં આવો પ્રસંગ કદી પ્રાપ્ત ન થાઓ. "

નિર્મળ હૃદયા નરસુંદરીનો આશય નિર્મળ હતો. પતિદેવ સાથે જન્માંતરોમાં કલેશ-કંકાશ ન થાઓ એ ભાવ હતો. પણ શૈલરાજે મારા કાનમાં કહ્યું: સાંભળ્યું ને ? આ ભવમાં નરસુંદરી તારો સંબંધ ઇચ્છતી નથી પણ આવતા ભવમાં ય તારો પનારો ઇચ્છતી નથી.

શઠશેખર શૈલરાજની વાત મને સર્વથા સત્ય જણાઈ. કારણ કે સુંદરીએ જણાવ્યું: " આવો પ્રસંગ જન્માન્તરોમાં પણ પ્રાપ્ત ન થાઓ. " આ પ્રસંગ એટલે મારી સાથેના લગ્ન. મને થયું કે જે મારો સંબંધ ઇચ્છતી નથી એને જીવાડીને શું કામ છે ? મરવા દો એ નાગણને.

શૈલરાજના સ્તબ્ધચિત્ત લેપના પ્રતાપે ઉપરના વિચારો મને આવ્યા. નરસુંદરીને બચાવવાનો ઉપાય પડતો મૂકયો. દોર ગળામાં બરોબર ફસાવી તે લટકી પડી. ક્ષણવારમાં ચંડી દેવી કરતાંય મોટી જીભ બહાર નીકળી આવી. નયનના ડોળા બહાર નીકળી આવ્યા. અલ્પ સમયમાં પ્રાણો પણ ચાલ્યા ગયા.

માતા શ્રીવિમલમાલતીનો આપઘાત :

મહેલમાંથી નરસુંદરી અને એની પાછળ હું નીકળેલો એ માતાના જોવામાં આવી ગયું. એથી એને વિચાર આવ્યો કે અપમાનિતા નરસુંદરી રીસાઇને કયાંક ચાલી જતી જણાય

છે અને એણીને મનાવવા મારો પુત્ર રિપુદારણ પાછળ પાછળ જતો દેખાય છે.

અમે સહેજ દૂર ગયા એટલે માતા વિમલમાલતી અમારી પાછળ પાછળ ચાલવા લાગ્યાં અને શૂન્ય ખંડેર ઘરમાં આવી પહોંચ્યા.

શૂન્યગૃહમાં આવતાં જ નરસુંદરીનો લટકતો મૃતદેહ એમણે જોયો. એમના મુખમાંથી એક ચીસ નીકળી ગઇ. અરેરે ઘણું જ અઘટિત બની ગયું છે. મારા પુત્રે પણ આપઘાત કર્યો જણાય છે. જો એમ ન હોય તો નરસુંદરીને આપઘાત કરતાં કેમ ન રોકે ? જરૂર એણે પણ આપઘાત કર્યો છે ?

પુત્ર અને પુત્રવધુના વિરહમાં મારે જીવીને શું કામ છે ? આવો નિર્માલ્ય વિચાર કરી માતા વિમલમાલતીએ પણ ગળામાં ફાંસો નાંખ્યો.* ક્ષણવારમાં એનું પ્રાણપંખેરું ઉડી ગયું. શૈલરાજના સ્તબ્ધચિત્ત લેપથી નરપિશાચ એવા મેં મંગલમૂર્તિ માતાને પણ બચાવવા પ્રયત્ન ન કર્યો.

થોડા સમય પછી શૈલરાજનો "સ્તબ્ધચિત્ત" લેપ કંઇક સૂકો બન્યો. મારા પાપોનો સંતાપ થવા લાગ્યો. પશ્ચાત્તાપના તાપથી મારું હૃદય ભરાઇ ગયું. મને મારી માતાની મમતા અને પ્રિયતમાનો પ્રેમ સાંભરી આવ્યો. મારું હૃદય એકાએ

---

* મૂળ ઉપમિતિમાં આ વાત બીજી રીતે છે. એમાં અધિકાર છે કે માતાને એવી કલ્પના થઇ કે પુત્રના નિમિત્તે આપઘાત કર્યો છે. અથવા પુત્રે જ ફાંસો લગાવી આપઘાત કરાવ્યો છે. પુત્રવધુ વિના મારે જીવીને શું કરવું છે ? એમ માની ફાંસો ખાધો.

બની ગયું, મારૂં મન શોકથી ભરાઇ ગયું, રડવું રોકી ન શકયો, જોરથી પોકેપોક મૂકી રડવા લાગ્યો.

શૈલરાજે મને કહ્યું: ભલામાણસ ! તું પુરૂષ છે કે સ્ત્રી છે ? નારીના પાછળ નર રડે તે તો આજે જ જોવા મળે છે. છાનો રહે, કોઇ જોશે તો તને મૂરખ ગણશે. નમાલો ગણશે. શૈલ-રાજની શિખામણથી હું મૌન થઇ ગયો.

રિપુદારણનો તિરસ્કાર :

મહેલમાં રહેતી કદલિકા દાસીને થયુ કે મહારાણીબાને ગયાને ઘણો વખત થયો છતાં કેમ પાછા વળ્યાં નથી ? ઘણો વખત થયો માટે શોધ કરવી જોઇએ.

કદલિકા શોધ કરવા નીકળી અને શોધતાં શોધતાં શૂન્ય ગૃહમાં આવી ગઇ. માતા અને નરસુંદરીના લટકતાં મૃતક શરીરો જોઇ એના હૃદયમાં ધરરર ધ્રાસકો પડ્યો. બેફામ અવાજે કરવા લાગી અને હૈયાફાટ રૂદન કરવા લાગી.

કદલિકાના હૃદયદ્રાવક રૂદનના અવાજોથી નગરના લોકો ત્યાં જોવા આવી પહોંચ્યા. સૌએ કદલિકાને પૂછ્યું કે શું બન્યું છે ? એટલામાં પિતાજી પણ આવી પહોંચ્યા.

કદલિકાએ મારા અને નરસુંદરીના ગૃહકલહને અને માતાજીના અને નરસુંદરીના તિરસ્કારને ઉઘાડો પાડી દીધો. જેટલું જાણતી હતી તે બધું જ કહી સંભળાવ્યું.

આકાશમાં ચંદ્રનો ઉદય સંપૂર્ણ રીતે થઇ ચૂકયો હતો. એના કિરણો સારો પ્રકાશ પાથરી રહ્યાં હતાં.

એ કિરણોના પ્રકાશમાં નગરના નાગરિકોએ અને પિતાજીએ મારી માતા વિમલમાલતીના અને નરસુંદરીના મૃતદેહોને લટકતા બરોબર જોયા.

આ ભયંકર પાપકર્મથી મારા પગ ત્યાં જ ચોંટી ગયા હતા. હું એક પગલું ભરી આગળ ચાલવા શક્તિસંપન્ન ન હતો. મારી જીભ તાળવે ચોંટી ગઇ અને હોઠ જાણે સીવાઇ ગયા હોય તેવી મારી સ્થિતિ થઇ. એક અક્ષર મારા મુખમાંથી નીકળી શકે તેમ ન હતો.

ચોરની જેમ બારણા પાછળ લપાઇને ઉભો હતો પણ કોઇની નજર મારા ઉપર પડી ગઇ. મને હાથ પકડી બહાર કાઢ્યો. સૌને કદલિકાની વાત સાચી લાગી. હું ભયંકર ગૂનેગાર તરીકે સાબીત થયો. માતા અને પત્નીનો હત્યારો કહેવાયો. નાગરિકોએ મારો ભારે તિરસ્કાર કર્યો. મારા ઉપર તિરસ્કાર અને કટુવેણોની ઝડીઓ વર્ષવા લાગી. સૌ કોઇ મને હડધૂત કરતાં હતાં.

પિતાજીએ શોકવિહ્વળ હૃદયે માતા અને પત્નીની મૃતકાર્યવિધિ કરી. પિતાજી ઘણા જ ગમગીન બની ગયા હતા. મારા પાપકૃત્યોને જોઇ મારા પ્રતિ ઘણી નફરત છૂટી. મારા ઉપરનો પ્રેમ નષ્ટ થયો અને તિરસ્કાર આવી ગયો.

મારો પુત્ર મહા આપત્તિઓનું કારણ છે, કુલદૂષણ, કુલાંગાર અને અધમાધમ વૃત્તિઓ વાળો છે. મહાપાપાત્મા અને ઘાતકી છે. પુત્ર છે તેથી શું ? ભલે અંગજ રહ્યો પણ એ દુષ્ટને કયાં સુધી પાળવો–પોષવો ? મલ, મૂત્ર, પરૂ વિગેરે અંગમાં જ–

શરીરમાં જ થાય છે છતાં કાંઈ સંગ્રહ કરવા જેવી ચીજો કયાં છે ? ત્યાજ્ય અને ગર્હણીય છે, એમ આ પુત્ર પણ મળની જેમ ત્યાજ્ય છે. આવા પુત્રનું કાંઇ કામ નથી.

રાજમહેલ ત્યાગનો આદેશ :

પિતાજીએ સેવક દ્વારા આદેશ મોકલી આપ્યો કે "તું મહેલ તજી ચાલ્યો જા. અને કદી પાછો આવીશ નહિ, તારૂં પાપી મોઢું અમને બતાવીશ નહિ."

મારી દિનદશા વિપરીત બની ગઇ. મારા તેજ અને ઓજસ ઉતરી ગયાં. કાંતિ અને શોભા નાશ પામી ગયા. નગરમાં ફરી ફરી ભીખ માગી ગૂજારો કરવા લાગ્યો. સૌ મને હડધૂત કરતા હતા. મારે માથે દુઃખના ડુંગરો આવી પડ્યા.

મારી કફોડી પરિસ્થિતિ જોઇ છોકરાઓ મશ્કરીઓ કરવા લાગ્યા. સૌ મને પજવવામાં આનંદ માનતા. માઠું માન માટીમાં મળી ગયું. પૌરવાસીઓને મારા ઉપર ઘણી નફરત હતી એટલે મારા સામે જ મારી નિંદા કરતા અચકાતા નહિ. મારા ઉપર તિરસ્કાર અને ફીટકાર વર્ષાવતા હતા.

અરે, નારીઓ પણ મને શબ્દબાણોથી વીંધી નાખતી. આંગળીનો ઇશારો કરી બોલતીઃ એ રિપુદારણ જાય. એ પોતાના ઉત્તમકુળમાં કંટક હતો. કુલાંગાર અને ઝેરસમૂહ હતો. મહાપાપીએ ભણતી વખતે અભિમાનમાં ચકચૂર બની મહામતિ કળાચાર્યજીનું મહા અપમાન કર્યું હતું. એ નિરક્ષર ભટ્ટાચાર્યે મહાપંડિતપણાનો ડોળ રાખી સૌને છેતર્યા હતા.

વાત્સલ્યમૂર્તિ માતાનો એણે વધ કર્યો. વિનય-વિવેક અને જ્ઞાનની નિર્મળ મૂર્તિ જેવી પત્નીનો વધ કર્યો. આ મહાપાપીના મુખ સામે જોવું એ પણ પાપ છે. મહાપાપ છે.

નર-નારી સૌ બોલતા હતા કે આ પાપી રિપુદારણ માટે નરસુંદરી યોગ્ય નથી, એ અમો લગ્ન પહેલાંથી કહેતાં હતાં. ક્યાં એ ઉત્તમ નારીરત્ન અને ક્યાં આ ઉકરડાનો ભૂંડ ? ભલું થયું કે આને સુંદરીનો વિયોગ થયો. પરન્તુ આપણા નગરની શોભા સમી નરસુંદરીનું મૃત્યુ એ ઘણું ખરાબ થયું.

આવી આકરી લોકનિંદા સાંભળવા છતાં, ફીટકારોને ઝીલવા છતાં, તિરસ્કારોને સહન કરવા છતાં મારી શાન ઠેકાણે ન આવી. મને મારી અવદશાનું ભાન ન થયું. હતો તેવો જ રહ્યો.

નાગરિકોએ મારો બહિષ્કાર કર્યો, પિતાજીએ દૂર ત્યજી દીધો, તો પણ શૈલરાજ અને મૃષાવાદ મારા પ્રિય મિત્રો હતા. મેં વિચાર કર્યો કે આ બે મિત્રોના સહકારથી જ મને મન-ગમતી સામગ્રીઓ મળી હતી અને ભવિષ્યમાં પણ આ મારા પ્રિય સાથીદારોની સહાયથી ઋદ્ધિ-સિદ્ધિ સહેલાઇથી મેળવીશ. એમાં જરાય શંકા કરવા જેવું નથી.

આ વિચારપ્રહાવ રોજ ચાલતો રહેતો. બીજી તરફ લોકોનો ફીટકાર પણ મળતો રહેતો. દુઃખની મહાનદીમાં ડુબકીઓ ખાતાં મારા ઘણા દિવસો પસાર થઈ ગયા.

હે અગૃહીતસંકેતા ! મારા નિંદ્ય પાપાચરણોથી પુણ્યોદય

અતિદુર્બલ દેહવાળો બની ગયો. મારા ઉપર એ પણ વારંવાર કોપ કરતો. એ ક્ષીણ હીન મૃતઃપ્રાય દશામાં આવી પડ્યો. પુણ્યોદય મૃતઃપ્રાય થવાના લીધે મારે દુઃખો વધારે જોવા પડતા. હું એક રાજકુમારમાંથી રાંકડો ગરીબડો ભીખારી બની ગયો.



પ્રકરણ ત્રીજું

રસના કથાનક
વિચક્ષણ અને જડ[1]

શ્રી વિચક્ષણાચાર્યના દર્શન :

શ્રી નરવાહન રાજા એક દિવસે રાજપરિવાર સાથે અશ્વ-ક્રીડા કરવા માટે નગરના બાહ્ય પ્રદેશમાં ગએલા હતા. ઘણા વખત સુધી ઘુડદોડ કરાવી આનંદ માણ્યો. ઘુડદોડના શ્રમથી થાકેલા મહારાજા વિશ્રાંતિ માટે નજીકના "લલિત" ઉદ્યાનમાં ગયા.

લલિત ઉદ્યાનમાં અલ્પ આરામ લીધા પછી રાજાશ્રી ઉદ્યાનની શોભા નિહાળવા પોતાના પરિવાર સાથે નીકળ્યાં. જાતજાતના વૃક્ષો અને ભાતભાતની વનલતાઓ, લતામંડપો, પુષ્પગુલ્મો વિગેરે નિહાળતા નિહાળતા એમની દૃષ્ટિ એક અશોકવૃક્ષના નીચે સ્થિર બની. ત્યાં અનેક સાધુભગવંતોથી પરિવરેલા શ્રી વિચક્ષણાચાર્ય બિરાજી રહ્યા હતા.

સાધુગણને જોતાં જ મહારાજાનું મુખ પ્રસન્ન બની ગયું.

---

૧ આ અંતરંગ કથા છે. એના નામો ગુણવાચી છે. આપણા જીવનના સારા-નરસા પાસાઓની સાથે ઘણો જ સુમેળ છે વિચાર કરશો તો સમજવામાં વાંધો નહિ આવે.

હૃદયમાં આનંદની લહરીઓ ઉઠવા લાગી. એમના મનમાં વિચારો આવ્યા.

ગુણગણમંડિત પરમપાવન પૂજ્યવર આ મુનિવરનું શું અદ્‌ભુત રૂપ છે ? કેવી એમના શરીરમાંથી શાંત કાંતિ ઝરી રહી છે ? અહો ! ખીલખીલ વહેતું કેવું યૌવન દેખાય છે ? અદ્‌ભૂત રૂપ, અપૂર્વ કાંતિ અને મઘમઘતું યૌવન હોવા છતાં આ પુણ્યપુરૂષે શા માટે દીક્ષા ગ્રહણ કરી હશે ? શું એમના વૈરાગ્યનું કારણ હશે ? મુનિવરશ્રીના ચરણે જઇ હું એમને જ પ્રશ્ન કરી સમાધાન મેળવું.

શ્રી નરવાહન ભૂપતિ સૂરીશ્વર શ્રી વિચક્ષણાચાર્ય પાસે ગયા. ઉલ્લસિત હૃદયે વિનયપૂર્વક વંદના કરી. આચાર્યશ્રીએ કલ્યાણકારી " ધર્મલાભ " આશીર્વાદ આપ્યો. રાજા પરિવાર સાથે ઉચિત રીતે આચાર્યશ્રીજીના સમીપમાં બેઠા.

નગરના અન્ય માનવો પણ ત્યાં આવી પહોંચ્યા. ગુરુદેવને વંદના કરી પ્રસન્નચિત્તે સૌ પોતપોતાને ઉચિત સ્થાન જોઇ બેસી ગયા. ભાગ્યયોગે હું પણ ત્યાં કૌતુકદૃષ્ટિથી પહોંચી ગયો. શૈલરાજની અસર મારા ઉપર હજુ ઘણી હતી, એટલે મેં આચાર્યશ્રીને કે અન્ય મુનિવરોને વંદના પણ ના કરી. બે હાથ પણ ન જોડ્યા. ઉદ્ધત રીતે સભામાં બેસી ગયો.

આચાર્યભગવંતે દેશનાનો પ્રારંભ કર્યો. એમનો અવાજ ઘનશ્યામ વાદળની ગર્જના જેવો ગંભીર અને ચાંદીની ઘંટડી જેવો મધુર હતો. એમની ધર્મદેશના અમૃતથી અધિક મધુરી શ્રોતાગણને જણાતી હતી.

એ દેશના સંસારસાગરને પાર કરવા નૌકાની ગરજ સારતી હતી. એ સાંભળી લઘુકર્મી આત્માઓના મોહના ઝેર ઓછા થઈ ગયા. કોઇએ સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો, કોઇએ દેશવિરતિનો. ઘણા આત્માઓ સમ્યક્ત્વ પામ્યા અને ઘણાં માર્ગાનુસારી પણ બન્યા.

અવસર જોઈ નરવાહન રાજાએ તપોધન આચાર્યશ્રીને બે હાથ જોડી અંજલિબદ્ધ પ્રણામ કરી વિનયપૂર્વક મનમાં વિચાર કરી રાખેલો પ્રશ્ન કર્યો.

આચાર્યભગવંતે જણાવ્યું: હે રાજન્! સંતપુરૂષોએ આત્મપ્રશંસા અને પરનિંદાના દુર્ગુણથી દૂર રહેવું જોઇએ. અને પોતાની પૂર્વ અવસ્થાનું જીવન પણ કોઇને ન જણાવવું જોઇએ.

તેમ છતાં એ વિષયમાં તમારો આગ્રહ છે અને સાંભળતા તમોને એ ગુણકારી બનશે એટલે હું કહું તે એકાગ્ર મનથી સાંભળવા તત્પર રહેશો.

વિચક્ષણાચાર્યનો પૂર્વ ઇતિહાસ :

વિરાટ વિશ્વમાં "ભૂતલ" નામનું નગર છે. એમાં પ્રતિદિન અનેક અવનવા બનાવો બન્યા કરે છે. ત્રણે લોકમાં પ્રસિદ્ધિને વરી ચૂકેલું છે. અનાદિકાળથી એ નગર છે. એની સ્થાપના કયારે થઈ એ કોઈ જાણી શકતું નથી અને અન્ત કોઇ દિવસ થશે નહિ.

વિશ્વવિખ્યાત "મલસંચય" રાજા રાજ્ય ચલાવે છે. "તત્પક્તિ" એમના રાણી હતા. એ પણ વિખ્યાત વ્યક્તિમાં ગણાતા. એમને એક ગુણીયલ અને યશસ્વી "શુભોદય"

નામનો પુત્રરત્ન હતો. બીજો દોષોની ખાણ જેવો "અશુભોદય" નામનો પુત્ર હતો.

શુભોદયને પોતાના જેવી ગુણ-શીલવાળી અને સ્વરૂપવતી "નિજચારૂતા" સુપત્ની હતી અને અશુભોદયને તામસ સ્વભાવની, કર્કશા, કુરૂપા, "સ્વચેાગ્યતા" નામની કુપત્ની હતી.

શુભોદય અને નિજચારૂતાને ગુણગણથી શોભતો "વિચક્ષણ" પુત્ર થયેા. અશુભોદય અને સ્વચેાગ્યતાને "જડ" નામે પુત્ર થયેા. જે દોષરૂપ ચોરલોકો માટે અંધાર રાત જેવો હતો. દોષોની ભરતી એમાં ઘણી હતી.

વિચક્ષણ અને જડ એ બન્ને ભાઇઓ ધીરે ધીરે મોટા થતા ગયા. અનુક્રમ સમય પસાર થતાં યૌવન વયમાં બન્ને ભાઇઓએ પ્રવેશ કર્યો.

વિચક્ષણના લગ્ન :

વિશ્વવિખ્યાત "નિર્મળચિત્ત" નગરમાં સર્વના કલ્યાણને કરનારા શ્રી "મલક્ષય" નામના મહારાજાનું શાસન સુંદર ચાલતું હતું. એમને સૌભાગ્યવતી "સુંદરતા" પટ્ટરાણી હતા.

આ રાજદંપતિને "બુદ્ધિ" નામની સુકન્યા હતી. જે કુલભૂષણા, કુલની યશઃપ્રભારૂપ ધજાને ફરકાવતી અને સુગુણોથી સુશોભિતા હતી.

સુકન્યા "બુદ્ધિનું" યૌવન જ્યારે ખીલી ઉઠયું, ત્યારે શ્રી મલક્ષય મહારાજાએ પોતાની પોડશી સુકન્યા માટે સુયોગ્ય શ્રી વિચક્ષણકુમાર સાથે પાણીગ્રહણ કરાવવા સ્વયંવરા બુદ્ધિને હર્ષપૂર્વક મોકલી આપી.

સુંદર વૈભવશીલ ઉત્સવ કરીને વિચક્ષણ બુદ્ધિ સાથે લગ્ન-ગ્રંથીથી જોડાયો. સમાન ગુણશીલવાળા હોવાથી આ દંપતી અલ્પ સમયમાં અતિસ્નેહાળ પરસ્પર બની ગયા. સરોવરના સોહામણા કાંઠડે રમતા સારસયુગલ જેવું પ્રેમાળ આ જોડલું બની ગયું.

વિમર્શનું આગમન અને પ્રકર્ષનો જન્મ :

શ્રી મલક્ષય મહારાજાએ પોતાની પુત્રી બુદ્ધિના ખબરસાર પૂછવા પોતાના પુત્ર વિમર્શને એક દિવસે "નિર્મળચિત્ત" નગરે મોકલ્યો.

વિમર્શને બહેન પ્રતિ મમતા ઘણી હતી એટલે જલ્દી શ્રી મલસંચય રાજાને ત્યાં આવી પહોંચ્યો. બહેનની સુખની વાતો સાંભળી ખુશી થયો.

વિમર્શને પોતાની બહેન બુદ્ધિ ઉપર વહાલ ઘણું હતું. બુદ્ધિને પણ માડીજાયા ભાઈ ઉપર સ્નેહ ઘણો હતો. વળી બનેવી શ્રી વિચક્ષણકુમાર તરફથી માન-સન્માન ઘણું જળવાતું હતું, એટલે વિમર્શ પોતાના બનેવીના ત્યાં જ રહી ગયો.

ચક્રવાક યુગલની જેમ બુદ્ધિ-વિચક્ષણના દિવસો પસાર થાય છે. સૂર્ય કયાં ઉગે છે અને કયાં અસ્ત થાય છે એ પણ સુખી યુગલને ખ્યાલ આવતો નથી. એ રીતે દાંપત્ય જીવનમાં બુદ્ધિને ગર્ભ રહ્યો.

રતનખાણ રતન પ્રગટ કરે એમ બુદ્ધિએ ગર્ભકાળ સંપૂર્ણ થયો ત્યારે પુત્રરત્નનો જન્મ આપ્યો. એ લાડિલા નંદનું નામ પ્રકર્ષ રાખવામાં આવ્યું.

બીજની શશીકળાની જેમ બુદ્ધિનંદન પ્રકર્ષ વધવા લાગ્યો. પિતા શ્રી વિચક્ષણના ગુણો એના વારસામાં આવ્યા. પિતા-પુત્રની જોડી ગુણમાં અદ્વિતીય જોડી બની ગઇ. વિમર્શને પ્રકર્ષ ઘણો વહાલો થઈ પડ્યો. મામા-ભાણેજમાં પણ અદ્વિતીય સ્નેહ થઇ ગયો.

વદનકોટર બગીચામાં :

વિચક્ષણકુમાર અને જડકુમાર એક વખતે પોતાના "વદનકોટર"* નામના બગીચામાં ફરવા ગયા.

બગીચામાં સુસ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો દ્વારા અને મધુર, શીતળ પેય પદાર્થો દ્વારા આનંદ-પ્રમોદ કરતાં કેટલોક સમય ત્યાં પસાર કરી નાખ્યો.

ખાઇ-પી પ્રસન્ન થએલા બગીચાને જોવા આગળ વધ્યા, ત્યાં મોગરાના પુષ્પ જેવા ધવલ "દશન"× નામના વૃક્ષોને જોયા. તે વૃક્ષો બે શ્રેણીમાં મનોહર રીતે ગોઠવાએલા હતા. કદમાં કળી જેવા જણાતાં હતા.

બન્ને જણા દશનવૃક્ષોની પંક્તિ વચ્ચે થઇ આગળ વધતાં હતાં, એમાં એમને એક ગુફા દેખાણી. ગુફાનો આદિભાગ દેખાતો હતો પણ ઉંડાણ પછીનો બીજો ભાગ નજરે પણ

---

* વદનકોટર—વદન એટલે મુખ. કોટર એટલે ગુફા. આપણા મુખને જ વદનકોટર રૂપક સમજવું.

× દશન—દાંત. દાંત ઉપર-નીચે એમ બે શ્રેણીમાં છે. સફેદ છે. દાંતોને વૃક્ષોની ઉપમા આપી છે.

પડતો ન હતો. આ ગુફામાં શું હશે ? આવી વિશાળ અને ઉંડી ગુફામાં કોણ રહેતું હશે ? એવો વિચાર કરી રહ્યા હતા અને આશ્ચર્યથી ગુફાની ચારે તરફ જોઈ રહ્યા હતા.

એટલામાં એક લાલસુખેર કોમલાંગી વનિતા બહાર આવી. એની સાથે એક પરિચાયિકા પણ હતી.

લાલસુરંગી લલનાને જોતાં જ જડકુમાર એણીના ઉપર મોહિત થઇ પડ્યો. વિચાર કરવા લાગ્યો કે શું મજાનું રૂપ ? કેવો ગોળમટોળ ચહેરો ? કેવી મજેની ચાલ ? એના સૌભાગ્યની તો વાત શી કરવી ? શું આ સ્વર્ગથી ભ્રષ્ટ થએલી અપ્સરા હશે ? પાતાળલોકની નાગકન્યા તો નહિ હોય ને ? વૈતાઢ્યમાં વસતી વિદ્યાધરી હશે ? નરલોકની નારી આવી નયનહરા ન હોઇ શકે.

ઓહ ! હવે ખ્યાલ આવી ગયો. વિધાતાએ મારા ખાતર ખાસ પરિશ્રમ ઉઠાવી આનું અલૌકિક સર્જન કર્યું છે. આ કન્યાના હાવભાવ પણ મારા ઉપરની પ્રીતિ દેખાડી રહ્યા છે. માટે આ સ્નેહાળ સુકન્યાનો સ્વીકાર કરવો જોઇએ.

વિચક્ષણકુમારે પણ આ રક્તવર્ણા નારીને જોઇ, પરન્તુ એ અધ્યાત્મ તરફ વળેલો વ્યક્તિ હતો. એણે વિચાર્યું કે આ પરાઇ નારી છે. મારે એના મુખ તરફ જોવું ઉચિત ન ગણાય. સન્માર્ગના રસ્તે સંચરેલા પુરૂષોને વ્રત હોય છે કે " પરનારી જોઇ નયનો નીચા ઢાળી દેવા " અને " સહસ્ર-કિરણ સૂર્યના બિંબને જોતાં જ નયનો નમી જાય છે તેમ

સજ્જનના નયનો પણ પરાઇ નારને નિહાળતા નીચા નમી જાય છે.”

મહાપુરૂષને છાજે તેવો વિચાર કરી વિચક્ષણ ત્યાંથી આગળ વધવા ઇચ્છા કરે છે અને જડકુમાર ત્યાંથી એક ડગ આગળ જવા ઇચ્છતો નથી. પરન્તુ વિચક્ષણ હાથ પકડી આગળ લઇ જવા પ્રયત્ન કરે છે ત્યાં “ હે નાથ ! મારી રક્ષા કરો, મારી રક્ષા કરો ” આવા પોકાર કરતી રક્તવર્ણા નારીની દાસી દોડતી અમારી પાછળ આવી.

જડકુમારે પાછળ વળી જોયું અને દાસીને કહ્યું: તું ભયભીત ન બન. તારે ડર રાખવાનું કોઇ કારણ નથી. તું શાંત અને નિર્ભય થા. તને શો ભય છે એ જણાવ. હું દૂર કરી દઇશ.

દાસીએ નયન ઘૂમાવતા મધુરતાપૂર્વક કહ્યું: આપ બન્ને કુમારો મારાં સ્વામિનીને તરછોડીને ચાલ્યા જવા લાગ્યા એટલે એઓ મૂર્ચ્છિત થઈ ઢળી પડ્યાં છે. નાથવિરહિણી. તે છેલ્લા શ્વાસોશ્વાસ લઇ રહી છે. તેથી મારી આપને નમ્ર વિનંતિ છે કે આપ મારા સ્વામિનીની પાસે પધારો. આપના પધારવાથી મારા સ્વામિની જરૂર સ્વસ્થતા પ્રાપ્ત કરશે.

મારા સ્નેહિઓ ! આપના આગમનથી મારા સ્વામિની સ્વસ્થ બનશે એટલે હું આપને અમારી જીવનકથા સુંદર રીતે સમજાવી શકીશ.

જડે વિચક્ષણકુમારને કહ્યું: ભાઇ ! ચાલોને ત્યાં ? ભલેને આપણા ત્યાં જવાથી આના સ્વામિનીને શાંતિ થાય. એના

સ્વામિનીની જીવનકથા સાંભળવા મળશે. એમાં આપણને કયો દોષ લાગશે ?

વિચક્ષણે વિચાર કર્યો કે આ દાસી બોલવામાં ભારે ચાલાક છે. બોલવાની મધુરતા છે અને એમાં ફસાવવાની કળા ભરેલી છે. આપણને ફોસલાવી ફસાવી દે એટલે એના સ્વામિની પાસે ન જવું હિતકારક છે.

તો પણ ત્યાં જઇએ તો ખરા. એ સ્વામિનીનું શું વર્ણન કરે છે એ પણ જાણીએ. બોલવામાં ભલે મીઠું-મધુરું બોલે, તો ય એના સકંજામાં હું નહિ આવી શકું. આ જાતનો વિચાર કરી દાસીની વિનંતિનો સ્વીકાર કર્યો.

દાસી વિનયપૂર્વક એ બન્ને કુમારોને પોતાના સ્વામિની પાસે માનભેર લાવી.

જડકુમાર અને વિચક્ષણકુમારના જવાથી મૂર્ચ્છિત બનેલી સ્વામિની એમના આગમનના સમાચાર મળતાં સ્વસ્થ બની. દાસીએ બન્ને કુમારોનો આભાર માન્યો અને નમસ્કાર કર્યા. અને વિનયપૂર્વક બોલીઃ

હે નાથ ! આપે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. આપની કૃપાથી મને જીવિતદાન મળ્યું છે અને મારા સ્વામિનીને પણ જીવિતદાન મળ્યું છે. આપનો આભાર માનું છું. આપના ઉપકારનો બદલો વાળવા હું અસમર્થ છું. આપનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. આપ અમારા જીવિતેશ્વર છો.

જડકુમાર—તારા સ્વામિનીનું શું નામ છે ?

દાસી—હે દેવ ! શ્રી "રસના"દેવી નામ છે.

જડકુમાર—ભદ્રે ! તું કયા નામથી ઓળખાય છે ?

દાસી—" લોલતા " કહી મને સૌ બોલાવે છે.

હું આપની ચિરપરિચિત છું. ઘણો સમય મેં આપના સહવાસમાં ગાળ્યો છે. હે સ્વામિન્ ! આ અભાગણીને આપ કેમ ભૂલી ગયા ? ખરેખર હું ભાગ્યહીના નારી છું. નહિ તો આપ મને ભૂલો ખરા ?

જડકુમાર—તું અમારી ચિરપરિચિતા કેવી રીતે થાય ?

દાસી—મારે આપને એ જ વાત જણાવવાની છે.

પુરાણો પરિચય :

શ્રી " કર્મપરિણામ " મહારાજાનું " અસંવ્યવહાર " નામનું નગર છે. ત્યાં આપ બન્ને જણા ઘણો સમય વસેલા પણ છો. ત્યાંથી આપને શ્રી કર્મપરિણામ મહારાજાની આજ્ઞાથી " એકાક્ષનિવાસ " નગરમાં જવાનું થયું. થોડા સમય પછી " વિકલાક્ષનગરમાં " જવાની આજ્ઞા થઇ.

વિકલાક્ષનગરમાં ત્રણ મહોલ્લા હતાં. એના પ્રથમ મહોલ્લામાં " દ્વિહુષિક " નામના કુલપુત્રકોનો વાસ હોય છે. આપ બંને ત્યાં કુલપુત્રક તરીકે વસતા હતા. આપનામાં આજ્ઞાપાલનનો વિશિષ્ટ ગુણ હતો એટલે શ્રી કર્મપરિણામ મહારાજાએ અતિ પ્રસન્ન થઇ આપને " વદનકોટર " નામનું મહાવન

ઈનામમાં આપ્યું. વદનકોટર મહોવનનુ સ્વામિત્વ અને ભોગવટો આપનો કાયમી કર્યો. વદનકોટરમાં આ મહાગુફા પણ કાયમી છે.

ભાગ્યદેવતાને વિચાર આવ્યો કે આ બે દ્વિહૃષિકો સ્ત્રી વગરના છે. નારી વિના એ બિચારા પોતાનો સંસાર સુખપૂર્વક પસાર નહિ કરી શકે. એમને ગોઠશે નહિ. "નારી વિનાનો સંસાર અને સાકર વિનાનો કંસાર" એ બંને ફીકા હોય છે, એવો વિચાર કરી આપના સુખને કાજે લાલ સુરંગી નારી બનાવી. એ જ આ મારા સ્વામિની શ્રી રસનાદેવી પોતે છે અને હું એમની દાસી લોલતા છું.

જડકુમારને થયું કે મેં જે કલ્પના કરેલી તે સર્વથા સત્ય નિકળી. સાચે જ વિધાતાએ પ્રસન્ન થઇને અમારા વિનોદ-વિલાસ ખાતર જ રસનાદેવીનુ સુશોભિત સર્જન કર્યું છે.

વિચક્ષણકુમારને વળી જુદો જ વિચાર સૂઝયો. આ વળી ભાગ્યદેવતા નામનો કોણ વ્યક્તિ છે? ઓહ, એ તો કર્મપરિણામ રાજા પોતે જ હશે. એ વિના બીજામાં આવી શક્તિ કયાંથી હોય?

જડકુમાર—લોલતા! ત્યારપછી શું બન્યું?

લોલતા—હું અને મારા સ્વામિની ત્યારથી સદા આપની સેવામાં સાથે જ રહેતા આવ્યા છીએ. ભાતભાતના ભોજ્ય પદાર્થો ખાતા અને જાતજાતના પેય પદાર્થો પીતા આપ અને મારા સ્વામિની વિકલાક્ષ નિવાસના ત્રણે મહોલ્લામાં સાથે રહ્યા છે.

વળી "પંચાક્ષનિવાસ"માં આવેલ મનુજગતિનગરી અને

એના જેવા બીજા સ્થાનોમાં પણ આપની સાથે રહીને ખાન-પાનના વિલાસો કરતાં ઘણો સમય પસાર કર્યો.

લાંબા અને મધુરા સંબંધોના કારણે અમારા સ્વામિની આપનો ક્ષણભરનો વિયોગ સહન કરવા સમર્થ નથી. આ રીતિએ આપ અને મારા સ્વામિનીનો સંબંધ ઘણો જ જુગ જુનો છે. આ આપણા પુરાણ પરિચયનો મેં આપને ખ્યાલ આપ્યો છે. હવે આપને સ્મૃતિમાં આવ્યું હશે.

જડકુમાર—હું તારી વાત સાંભળી રાજી થઈ ગયો છું. સુંદરી ! આપના સ્વામિનીને આ નગરમાં પ્રવેશ કરાવો. આ સુંદર આવાસમાં કુંકુમ પગલાં પધરાવો, અને આનંદપૂર્વક રહો તેમજ પૂર્વની જેમ મોજ-મજા કરો.

લોલતા—દેવ ! આપ આવી આજ્ઞા ન ફરમાવો. આ મારા માનવંતા સ્વામિનીએ કોઈ દિવસ પણ "વદનકોટર" ઉદ્યાનની બહાર પગ મૂકયો નથી. આપે પહેલાં પણ વદન-કોટર ઉદ્યાનમાં જ પાલણપોષણ કર્યું છે અને આજે પણ આપશ્રી એ રીતિએ જ વદનકોટર ઉદ્યાનમાં જ રહેવાનો આદેશ આપી લાલન-પાલન અને સંવર્ધન કરો.

જડકુમાર—લોલતા ! તું જે કહે તે અમારે મંજુર છે. તું કહીશ એ રીતે તારા સ્વામિનીને અમે સન્માનહોર રાખીશું. તારા સ્વામિનીને જે મનપસંદ હોય તે તારે અમને જણાવી દેવું જેથી અમો એનો અમલ કરી શકીએ.

લોલતા—"આપની મહાકૃપા" આપે મને કહેવા જેવું જ કયાં રાખ્યું ? મારા માનવંતા સ્વામિની શ્રીરસનાદેવીના

લાલન-પાલન સંવર્ધન દ્વારા અને એમના મનોનુકૂલ વર્તન દ્વારા આપ અખંડ અપાર સુખના સ્વામી બનો એ જ મારા અંતરમાં અખંડ આશા છે.

રસનાદેવીમાં આસક્ત બનેલા જડની દશા :

પ્રેમાધીન બનેલા જડભરત જડકુમારે રસનાદેવીને વદન-કોટરમાં અલાયદું અને મનોરમ્ય સ્થાન આપ્યું.

રસનાદેવીના સંતોષ ખાતર સારા સારા મિષ્ટાન્નો, મસાલા ભરપૂર કચોરી, ભજીયા, ભેળ વગેરે ફરસાણો, તરહતરહની તરકારીઓ, ચટણી, અથાણાં અને સંભારીયા, દૂધ, દહીંની બાસુંદી, શીખંડ, રાયતા વિગેરે સામગ્રીઓ સારા પ્રમાણમાં આપ્યા.

મત્સ્યંડી જાતની ઉત્તમ શર્કરા, દ્રાક્ષ, ખજૂર, બદામ, ચારોલી, અખરોટ, કાજુ, કીસમીસ વિગેરે મેવાની અનેક પ્રકારની ચીજો મહાદેવીની મહેમાનગીરીમાં મુકવા માંડ્યો.

ઉત્તમ જાતીય ગોળ, એના જેવા અન્ય મધુર અને શક્તિવર્ધક પદાર્થો, મુખને સુગંધી કરનારા અને મનને બહેલાવતાં મશાલાયુક્ત નાગરવેલના પાન, વરીયાળી, એલા, લવિંગ, તજ, કર્પૂર આદિ દ્રવ્યો અને અનંતકાયની બનાવટો રસનાદેવીની સેવામાં ધરવા લાગ્યો.

દ્રાક્ષાસવ, મધ્વાસવ, પ્રિયંગુ આસવ, ગુડાસવ વિગેરે અનેક જાતીય મદ્યો દ્વારા રસનાદેવીની શાંતિ કરવામાં જડ-કુમાર જરાય કમીના ન રાખતો. રસનાદેવીના દાસી લોલતાની જે આજ્ઞા થાય તે પ્રેમથી સ્વીકારતો અને ઉત્સાહથી અમલ કરતો.

જડકુમાર રસનાદેવીમાં એટલો આસક્ત બની ગયો કે એને વ્યવહારની શિષ્ટતાનું પણ ભાન ન રહ્યું. નગરના નરનારી દ્વારા ઘણી નિંદા થતી પણ એનું લક્ષ ન જતું. રસનાને રાજી રાખવા જતા ઘણાં કષ્ટ આવી પડતાં તો એને સમભાવે સહી લેતો. એટલું જ નહિ પણ દુઃખને પણ સુખ જ માની લેતો.

વિચક્ષણકુમારની વિચક્ષણતા :

વિચક્ષણકુમારે પણ લોલતાદાસીના વચનો સાંભળ્યાં. વિચાર્યું કે આ રસનાદેવી મારા પણ પત્ની થાય છે. કારણ કે મારા વદનકોટર ઉદ્યાનના મહાખીલ-ગુફાની અંદર એનું સ્થાન છે. એનું લાલન-પોષણ કરવું એ મારી ફરજ છે. પરન્તુ આ લોલતાદાસી કહે એ રીતે તો નહિં જ વર્તવાનું. એમ જો વર્તવા જઈશ તો મારૂં આવી જ બનશે. દાસીનો આદર અને આભાર માનવો મોંઘો પડી જાય તેમ છે.

આ રીતે સુવિવેકથી નિર્ણય કરી ઉત્તમ, સાત્ત્વિક અને ધર્માનુકૂળ અશન-પાન દ્વારા રસનાદેવીનું પોષણ કરે છે, પણ લોલતાની વાતનું ધ્યાન સરખું આપતો નથી. એટલે એના દિવસ સાત્ત્વિકસુખમાં જાય છે.

ધર્માનુકૂળ આહાર-વિહારથી વિચક્ષણકુમારને ધર્મ, અર્થ અને કામની સાનુકૂળતાઓ પ્રાપ્ત થઈ. પૌરનાગરિકોનો પ્રશંસાપાત્ર વ્યક્તિવિશેષ બની ગયો. કોઈ જાતના કષ્ટ એના શિરે આવતાં જ નહિ. સુખમાં વિઘ્ન ઉભુ થતુ નહિ. સજ્જન પુરૂષો એના સાથી બનતા અને નગરની ઉત્તમ નામાંકિત વ્યક્તિઓમાં એની ગણના થઈ.

માત-તાતની જડકુમારને સલાહ :

રસનાદેવીમાં મસ્ત બનેલા જડકુમારે અવસર જોઇ પોતાના માત-તાત પાસે પોતાને રસનાદેવી કઇ રીતે પ્રાપ્ત થયાં એ વાત વિગત પૂર્વક જણાવી.

માતા સ્વયોગ્યતા અને પિતા અશુભોદય જડની વાત સાંભળતાં જ ખુબ ખુશ બની ગયા. અરે બેટા ! તું ઘણો જ ભાગ્યશાળી છે. તને ઘણીજ સુંદર વનિતા પ્રાપ્ત થઇ છે. તારા જેવા જ ઉત્તમ ગુણો એનામાં છે. પ્રેમાળ પત્નીનું પાલન પોષણ પ્રયત્ન પૂર્વક કરજે.

માત પિતાનું સમર્થન મળવાથી જડબુદ્ધિ જડકુમાર વિશેષ પ્રયત્ન અને ઉત્સાહ પૂર્વક રસનાદેવીની સંભાળ કરવા લાગ્યો. એના હૃદયમાં અને પ્રવૃત્તિમાં એક વાત વસી ગઈ કે રસનાદેવીનું પાલન અને પોષણ એજ એનું પરમ કર્તવ્ય છે.

વિચક્ષણની રજુઆત :

વિચક્ષણ કુમાર, માતા નિજચારુતા, પિતા શુભોદય, પત્ની બુદ્ધિદેવી, પુત્ર પ્રકર્ષ અને શાણો વિમર્શ વિગેરે સૌ આનંદથી વાતો કરવા બેઠાં છે. અવનવી સૌ વાતો સંભળાવે છે.

એ વખતે વિચક્ષણકુમારે રસનાદેવીની પ્રાપ્તિનો પ્રસંગ જણાવ્યો. રસનાદેવી અને લોલતા માટે પોતાનો શો અભિપ્રાય છે, એ પણ જણાવ્યું અને પિતાજીને એ વિષયમાં હિતશિક્ષા આપવા જણાવ્યું.

પિતાજીની સુશિક્ષા :

પિતાશ્રી શુભોદયે કહ્યું, હે વત્સ ! તને શું કહેવું ? તું પોતેજ દરેક વસ્તુના તત્ત્વને સમજે છે. દરેક વસ્તુના ઉંડાણ, એની મહત્તા, એની કાર્યક્ષમતા વિગેરે તારા જાણમાં છે જ. તને અમારે શું કહેવાનું બાકી રહ્યું ?

તને મારા ઉપર પ્રીતિ છે. તારા સ્વભાવમાં જ વડીલોને માનવંતા રાખી કાર્ય કરવાની પ્રણાલિકા છે. એટલે તેં મને આ વિષયમાં પૂછયું. પણ તું કયાં સુજ્ઞ નથી ? છતાં સાંભળ.

વ્હાલા વત્સ ! નારી તો સરોવરમાં ઉઠતા તરંગ જેવી ચંચલ હોય છે. નદીની જેમ ઢળાવ તરફ નીચે નીચે જવાનો સ્વભાવ ધરાવતી હોય છે. મૃત્યુને ભેટાવનાર હાલતી ચાલતી વિષ વેલડી છે. બીજના ચંદ્ર જેવી વક્ર હોય છે. સંધ્યા સમયે સોહામણા દેખાતા રંગરંગી વાદળ જેવી ક્ષણ રાગ ધરનારી હોય છે. માયાજાળ પાથરવામાં મહાનિપુણ હોય છે. નયનના કટાક્ષ માત્રમાં સામાના માનસમાં સંભ્રમ અને ચંચળતા ઉત્પન્ન કરનારી છે.

બેટા ! તને શું કહેવું ? નારી તો જીવતા જાગતા સાપના ભારા છે. દોષોની ખાણ છે. નારીને પ્રમદા કહેવાય છે. પુરૂષને પોતાના પ્રેમપાશમાં કયારે પકડી લે તે કાંઇ કહી ન શકાય.

તારે રસનાનો કોઇ દિ વિશ્વાસ ન કરવો. બીજા જે હિતેચ્છુ વ્યક્તિ હોય એણે પણ આ વાત સ્મૃતિમાં રાખવી જોઇએ. મારૂં આ અનુભવેલુ મંતવ્ય છે.

લોલતા દાસી અને રસના મને સારા જણાતાં નથી.

રસનાનો અને તારો મેળ પણ ક્યાંથી થાય ? રસના ક્યાંની છે ? કોણ છે ? એનું કૂળ-શીલ કોણ જાણે છે ? માતા પિતા કેવા છે ? એમની ખાનદાની કેવી છે ? તારે રસનાદેવીનો સ્વીકાર કરતા અગાઉ એની મૂળોત્પત્તિ જાણી લેવી જોઇએ.

अज्ञातकुलशीलानामप्रमत्तोऽप्यंलं पुमान् ।
स्त्रीणामर्पितसद्भावः प्रयाति निधनं यतः ॥

અજાણ્યા કુળની અને દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રીઓથી સદા સાવધાન રહેનારો માનવી પણ ભોળપણમાં હૈયા ખોલીને પોતાની વાતો એવી સ્ત્રીઓને કરી દે છે. તો તે પોતેજ પોતાના નાશને આમંત્રણ આપે છે.

માતા, પત્ની, પુત્ર અને શાળાના વિચારો અને વિચક્ષણનો નિર્ણય :

નિજચારૂતા માતા, બુદ્ધિદેવી પત્ની, પુત્ર પ્રકર્ષ અને શાળા વિમર્શે શ્રી વિચક્ષણકુમારની કાર્યવાહીની ખુબ પ્રશંસા કરી અને કુટુંબના વડા વ્યક્તિ આમપુરૂષ શ્રીશુભોદયે જે શિક્ષા આપી તે ઘણી હિતકરા છે. છેલ્લે સૌએ જણાવ્યું કે "સત્પુરૂષોની શિક્ષા કોઇ કાળે અનિષ્ટકારક બનતી નથી."

વિચક્ષણકુમારે વિચાર કર્યો કે આ સ્વજનો સાચી વાત કહી રહ્યાં છે. આ મહાનુભાવોનું કથન સુંદર અને સુયોગ્ય છે. અજ્ઞાત કુલ-શીલા નારીને બુદ્ધિશાળી માનવીઓએ નજ રાખવી જોઇએ.

રસનાદેવી કેવાં છે ? એ તો લોલતાના કહેવાથી અને મારી બુદ્ધિના અનુસારથી જાણી લીધું છે. એના કુલ-શીલ-

પણાનો પણ આછો ખ્યાલ આવી ગયો છે, તો પણ તાતપાદની આજ્ઞા થઇ છે એટલે રસનાની મૂળશોધ કરવા જરૂર ઘટતા ઉપાયો લઇશ. આવો વિચાર કર્યો અને પિતાજીને કહ્યું:

" તાતપાદે જે આજ્ઞા કરી તે મારે શિરોધાર્ય છે." પણ રસનાની મૂળ શોધ માટે કયો વ્યક્તિ મોકલવો યોગ્ય જણાય છે ?

પિતાજીએ જણાવ્યું. વત્સ ! રસનાની મૂળ શોધ માટે વિમર્શ યોગ્ય વ્યક્તિ છે. તે દરેક પદાર્થો અને પદાર્થોના પરમાર્થને બારીકાઇથી જાણી શકે છે. એને કાર્ય કરવાની સત્તા સોંપવામાં આવે એ યોગ્ય ગણાશે.

પ્રિય પુત્ર ! તને ધન્યવાદ ઘટે છે. જેને આવો શાણો અને બાહોશ મિત્ર પ્રાપ્ત થયો છે. એ મિત્ર વિમર્શને તારે તારા આ કાર્યની સિદ્ધિને માટે નિયુક્ત કરવો જોઇએ.

વિચક્ષણે વિમર્શના પ્રતિ જોયુ.

વિમર્શે કહ્યું: " આપની કૃપા " હું એ કાર્ય કરીશ.

વિચક્ષણે કહ્યું: જો એમ જ છે તો તાતપાદની આજ્ઞાને મસ્તકે ચડાવી જલ્દી કામે લાગી જાઓ.

મૂળશોધ માટે વિમર્શ અને પ્રકર્ષનુ ગમન :

આમ વડિલની આજ્ઞા પ્રમાણે હું આજથી કાર્ય કરવા તૈયાર છું, પરન્તુ આ વિશ્વ વિરાટ છે. એમાં અનેક રાજ્યો આવેલાં છે. એ બધે સ્થળ રસનાની શોધ કરવા જતા ધાર્યા કરતા સમય વધુ થઈ જાય તો પણ આપે મારી ચિંતા ન કરવી. અધીરતા ન ધરવી. એમ વિમર્શે કહ્યું.

વિચક્ષણ—ભાઈ ! તમને એક વર્ષની સમય મર્યાદા આપવામાં આવે છે. હવે કાંઈ મુશ્કેલી છે ?

વિમર્શ—આ સમય કાર્ય માટે પૂરતો છે.

સૌ વડિલ પુરૂષોને નમસ્કાર કરી, સૌના આશીર્વાદ મેળવી રસનાની મૂળશોધ કરવા વિમર્શે પ્રયાણની મંગલ તૈયારી કરી.

વિમર્શમામાને જતા જોઈ પ્રકર્ષ ભાણીયો તરત ઉભો થઈને દાદા શુભોદય, દાદીમા નિજચારૂતા અને પિતા વિચક્ષણકુમારને નમસ્કાર કરે છે. અને જણાવે છે કે હે પૂજ્યપુરૂષો ! આપ પૂજ્યોના વિરહમાં રહેવા હું સમર્થ નથી, છતાં વિમર્શમામા સાથે રહેવાથી એમનો ઘનિષ્ઠ પરિચય અને પ્રેમ થઇ ગયો છે. એઓ મને ઘણા વહાલા લાગે છે. એટલે હું મામા વિના રહી નહિ શકું. કૃપા કરી આપ સૌ મને અનુજ્ઞા આપો તો હું મામાની સાથે સાથે જઉં.

વિનયથી વિનમ્ર વાણી સાંભળતા પિતા વિચક્ષણ આનંદમાં આવી ગયા. હૃદયમાં વહાલ ઉભરાઇ ગયુ. અને કહ્યુઃ બેટા ! "ઘણું સારૂં, ઘણું સારૂં" અને પોતાની ગોદમાં પ્રેમાળ પુત્રને બેસાડી ભેટી પડ્યા. પોતાના હાથેથી એનું મુખચંદ્ર ઉંચુ કરી ગાલે ચૂંબન કર્યું.

વિચક્ષણકુમારે તાતપાદ શ્રી શુભોદય પ્રતિ જોઈ કહ્યુંઃ પિતાજી ! આ પનોતા પુત્રનો વિનય-ગુણ જોયોને ?

બેટા ! એમાં આશ્ચર્ય જેવું શું છે ? તારા જેવો ગુણીયલ પ્રેમાળ પિતા હોય અને બુદ્ધિદેવી જેવી શીલવતી સ્નેહાળ

માતા હોય પછી ખામી રહે ? ગુણી પુરૂષનું સંતાન પણ ગુણીયલ જ હોય.

વત્સ ! તને ધન્યવાદ છે. નિર્મળહૃદયા અને શીલગુણા પત્ની મળી, વળી કુલભૂષણ વિનયી પુત્ર મળ્યો તેથી તું ભાગ્યવાન છે. તારૂં કુટુંબ ઘણું જ સુયોગ્ય છે.

રસનાનો અને તારો સંબંધ અમને બહુ ખટકતો હતો. અમારા દીલમાં એક ભીતી ઉભી થઇ હતી. રખેને રસના મળવાથી શરમાળ બુદ્ધિદેવીને દુઃખ ઉભુ થાય. કારણ કે રસના તો શોકય પત્ની કહેવાયને ? વળી આ વિનયી કુમળા પુત્ર પ્રકર્ષના ઘાતનું નિમિત્ત ન બને.

પરન્તુ હવે મારે આ વિષયમાં તને કાંઇ કહેવાનું રહેતુ નથી. તમે બધા જ શાણા અને સમજુ છો. મામાની સાથે પ્રકર્ષને જવાની ઇચ્છા હોય તો ભલે જાય. પ્રકર્ષનું જવું લાભકારક જ છે. એના જ્ઞાન અને અનુભવ વધશે.

" પૂજ્ય તાતપાદની આજ્ઞા મારે પ્રમાણ છે. " એમ પિતાજીને ઉત્તર આપ્યો.

વિમર્શ અને પ્રકર્ષે સૌ વડિલોને નમસ્કાર કર્યા અને મંગળ આશીર્વાદ લઇ પ્રયાણ આદર્યું.

પ્રકરણ ચોથું

વિશ્વની સફરે

શરદ ઋતુનુ વર્ણન :

માનસરોવરમાં મોજ કરતાં હંસપક્ષીઓની પાંખ જેવી ધવલ અને સ્વચ્છ દિશાઓ બની ચૂકી હતી. હંસ, ચક્રવાક અને સારસ યુગલો હર્ષ વ્યક્ત કરતા કલરવો કરી રહ્યાં હતાં.

નદીના નીર નિર્મળ બની ચૂકયા હતા. વનો, ઉપખંડો, ઉદ્યાનો શરદના પુષ્પોથી આગંતુકોનુ સ્વાગત કરતા હતા. માર્ગો પણ યાતાયાત માટે અનુકૂળ થઇ ચૂકયા હતા.

શરદઋતુની શોભા ચંદ્રવદના વનિતાના સ્વચ્છ, પુષ્ટ અને માદક ગુણોને વરી હતી. એણે કુમકુમ પગલા આ વિશ્વ ઉપર મૂકયાં હતાં.

પાકેલી ડાંગરની ડાખડીઓને પોતાની વક્ર અને રક્ત ચાંચમાં ભરાવી પોપટ પંક્તિઓ ગગનમાં મસ્ત રીતે ઉડી રહી હતી. વર્ષાઋતુએ વિરામ લીધો હતો છતાં કોઇક વાર ઇન્દ્રધનુષ્ય શોભાને વેરી જતુ હતુ.

પૂર્વાકાશમાં અગત્સ્યઋષિનો તારો ઉદય પામ્યો હતો. એના કારણે જળાશયોના જળ નીરજ બન્યા હતા. મુનિઓનો ઉદય થાય અને માનવીના મન નિર્મળ ન બને એ કેમ સંભવે ?

એમ *અગત્સ્યના ઉદિત થવાથી પાણી પવિત્ર બન્યાં હતાં.

આકાશમાંથી વાદળોએ વિદાય લીધેલી એટલે એ સ્વચ્છ સ્ફટિક જેવું બન્યું હતું. ગુરુ-શુક્ર વિગેરે તારલાંઓ ઝગમગ ઝગમગ પ્રકાશ પાથરી રજનીની રમણીયતાનો વધારો કરી રહ્યાં હતાં.

હંસ, મેના, મોર સમુહના કિલ્લોલથી સરોવરીયાં સોહામણાં બની ગયાં હતાં.

પ્રિયતમા પોતાના પ્રિયતમને હાવભાવ, મધુર વેણુલાં અને વિનયથી પ્રસન્ન કરે છે, એમ દશેરા, ધનતેરસ, દીપાવલિકા, સુત્રામા, કૌમુદી વિગેરે ઉત્સવ સમુહ દ્વારા ઋતુદેવી શરદ સૌ માનવીઓના હૃદય અને નયનોને પ્રસન્ન કરી દેતાં હતાં.

વિમર્શ અને પ્રકર્ષ આ સોહામણી શરદમાં સુંદર સરોવરોને જોઈ આનંદ કરતા જાય છે. એક-એકથી ચડીયાતા નગરોને નિહાળી ખુશ થતા જાય છે. વન, ઉપવન, આરામ અને ઉદ્યાનોમાં ફરી રાજી બનતા જાય છે. જુદા જુદા પ્રદેશોમાં ઉત્સવોની મજા લૂંટતા જાય છે.

આ પ્રમાણે મામા-ભાણેજ રસનાની શોધ માટે ઘણુ ફર્યા. અનેક યુક્તિ-પ્રયુક્તિ અજમાવી. સેંકડો અનુમાનો અને તર્કો કરી જોયા છતાં રસનાની કાંઇ પણ માહિતી મળી નહિ.

---

* અગત્સ્ય નામનો તારો છે. અને જૈનેતરોમાં અગત્સ્યઋષિ થયા છે. એ ઋષિના નામ સાથે સંબંધિત હોવાથી આ ઘટના કલ્પી છે.

બાહ્યપ્રદેશોમાં ભ્રમણ કરતા શરદૃઋતુ પૂર્ણ થઇ ગઇ અને નવા સાજ સાથે હેમન્તઋતુ પૃથ્વીતળ ઉપર આવી પહોંચી.

હેમન્તઋતુ :

હેમન્તઋતુ વિયોગી યુગલોને પ્રલયકાળ જેવી ભયંકર જણાતી હતી. વિરહની વેદનામાં વધુ વધારો ઉમેરતી હતી. રાત્રીઓ ધીરે ધીરે મોટી બનતી જતી હતી અને એની સાથે જ ક્ષુધા પણ વધતી જતી હતી.

સહસ્રકિરણ દિનપતિ સૂર્યનો પ્રકાશ જગત ઉપર ઓછો થવા લાગ્યો અને એ રીતે પ્રાણીઓને જલપાનની પિપાસા ઓછી થવા લાગી.

યુવકો શીતઋતુની શીતથી પોતાની રક્ષા માટે શયન-ગૃહમાં પલંગ ઢાળી ઉપર પોઢી રહ્યાં હતાં અને કુમકુમ કસ્તુરિકાના વિલેપનથી મદભર બનેલી પોતાની પ્રિયતમાના આશ્લેષને શીથિલ કરવા ઇચ્છતા ન હતા.

હિમપાત થવાથી કામદેવાનો પુષ્પરૂપ બાણસમૂહ બળીઝળી શ્યામ બની ચૂકયો હતો, તો પણ *ઇક્ષુયષ્ટિરૂપ દંડ દ્વારા સંપૂર્ણ વિશ્વ ઉપર એણે અસાધારણ વિજય મેળવ્યો હતો.

સામાન્ય રીતે હિમપાત દરેક વનસ્પતિ માટે અનિષ્ટ કરનારો હતો, છતાં યવધાન્ય માટે આશીર્વાદરૂપ હતો. યવ-

---

* ઇક્ષુયષ્ટિ—શેરડીના સાંઠા. આ ઋતુમાં એનો પાક ખેતરોમાં ખુબ હોય છે

ધાન્ય હિમપાતથી વધુ ફલદાયી બન્યું. ક્ષુદ્ર માનવીની વૃત્તિ જનસાધારણ કરતા નિરાળી હોય છે.

જો કે પુષ્પસમુહ નષ્ટ થયો હતો, તો પણ કામદેવની યશોગાથા ગાવા શ્યામ ફલક જેવા મોગરાના ગુલ્મો-ગુચ્છો વિકાસને પામી રહેલ હતા અને એના ઉપર અષ્ટદલ, ષોડશ-દલ અને શતદલ પંખુડીયા શ્વેત સુમનસો વિજય કાવ્યોને અક્ષરોનું રૂપ આપતા હતા. મોગરાના પાંદડા શ્યામકાંતિવાળા હોવાથી *ફલકોનું કામ આપતા અને શ્વેત પુષ્પો અક્ષર બનતા હતાં.

આવી ઋતુ હેમન્તમાં મામા-ભાણેજ બાહ્ય પ્રદેશના દેશ વિદેશમાં ઘણું ફર્યા. આનંદ-પ્રમોદ અને જલસા કર્યા અને સાથે રસનાની મૂળ શોધ માટે ઘણું ધ્યાન આપ્યુ, છતાં એ માટેની સફળતાની નિશાની પણ ન જણાઈ.

આંતરપ્રદેશોમાં ગમન :

બે ઋતુ જેવો વિશાળ સમય રસનાની શોધ માટે બાહ્ય પ્રદેશોમાં મામા-ભાણેજે પસાર કરી દીધો, છતાં કાંઇ નામ-નિશાન પણ ના મળ્યું એટલે આંતરપ્રદેશોમાં શોધ માટે રવાના થયા.

આંતરપ્રદેશોમાં જુદા જુદા સ્થાને શોધ કરતા એક દિવસે મામો-ભાણેજ "રાજસચિત્ત" નગરે આવી પહોંચ્યા.

નગર ઘણું રળીયામણું, સ્વચ્છ અને ધન, ધાન્ય તેમજ

---

* ફલક—BLACK BORD

સમૃદ્ધિથી છલકતું હતું. છતાં માનવસંખ્યા ઘણા જ અલ્પ પ્રમાણમાં દેખાતી હતી. આ જોઇ પ્રકર્ષે પ્રશ્ન કર્યો.

પ્રકર્ષ—મામા ! સામે દેખાતા નગરમાં માનવસંખ્યા ઘણી ઓછી દેખાય છે અને નગર સમૃદ્ધિભરપૂર, જોવાલાયક અને રળીયામણું દેખાય છે, એનું કારણ શું ?

વિમર્શ—ભાણા ! આ નગરમાં માનવસંખ્યા અલ્પ છે, છતાં સુંદર અને સમૃદ્ધિવાળું જણાય છે, એ તારી વાત સત્ય છે. આવાસો વ્યવસ્થિત અને ઉપદ્રવરહિત છે એટલે અનુમાન કરી શકાય છે કે આ નગર ઉપર આપત્તિઓ કે કોઇ ઉપદ્રવો નથી થયા. રાજ્ય તરફથી પણ પરેશાની નથી.

વળી વિશિષ્ટ કાર્યના લીધે આ નગરના મહારાજા બહાર પધાર્યા જણાય છે અને સાથે મોટો પરિવાર અને નાગરિકો પણ ગયા હશે જેથી નગર ખાલી ખાલી જણાઇ રહ્યું છે.

પ્રકર્ષ—આપ કહો છો તેમ હશે, છતાં ચાલો આપણે અંદર જઇ નગરને જોઇએ તો ખરા.

વિમર્શ અને પ્રકર્ષ નગરની અંદર ગયા અને ફરતા ફરતા રાજમહેલના આંગણે પહોંચી ગયા. ત્યાં એમને " મિથ્યાભિમાન " નામના વડાપ્રધાનનો ભેટો થઇ ગયો. એ વડાપ્રધાનની સાથે પરિવારમાં "અહંકાર" વિગેરે થોડા પુરૂષો હતા.

વિમર્શ—જો ભાણા ! આ નગરની શોભા જે જણાઇ રહી છે તે સામે ઉભેલા પુરૂષને આભારી છે. આ પુરૂષના પ્રભાવથી નગરની સમૃદ્ધિ જળવાઇ રહી છે.

પ્રકર્ષ—આપણે એ પુરૂષની પાસે જઇએ અને એની સાથે વાર્તાલાપ કરીએ.

મામા-ભાણેજ મિથ્યાભિમાન પાસે પહોંચી ગયા અને પૂછ્યુઃ આર્ય ! આ નગર સમૃદ્ધ હોવા છતાં જનસંખ્યા ઘણી ઓછી છે એનું શું કારણ ?

મિથ્યાભિમાન—આ વાત જગતપ્રસિદ્ધ છે, છતાં તમે એ વાતથી અજાણ છો, ભારે આશ્ચર્ય ગણાય !

વિમર્શ—આર્ય ! આપે અમારા ઉપર ગુસ્સે ન થવું. અમો અજાણ્યા મુસાફીર છીએ. અમને એ વાતનો ખ્યાલ ન હોય એમાં શું આશ્ચર્ય ?

મિથ્યાભિમાન—ખરેખર એમ જ હોય તો સાંભળોઃ આ નગરના નાયક વિશ્વવિખ્યાત શુભનામધેય શ્રી "રાગકેશરી" મહારાજા છે. સુગૃહીત નામધેય મહામહિમ શ્રી "મહામોહ" એમના પૂજ્ય પિતાજી છે. "વિષયાભિલાષ" વિગેરે એમના મહામંત્રીઓ છે.

એ બધા વડેરા પુરૂષો યુદ્ધયાત્રા માટે ગએલા છે. એમને ગયાને આજે અનંતકાળ થઇ ગયેા છે. એટલે આ નગરની જનસંખ્યા અલ્પસંખ્યક જણાય છે.

વિમર્શ—ભાઇ મિથ્યાભિમાન ! શ્રી રાગકેશરી મહારાજાને કોની સાથે યુદ્ધ ચાલે છે ?

મિથ્યાભિમાન—પાપાત્મા "સંતોષ" નામના માનવ સાથે.

વિમર્શ—મિથ્યાભિમાન ! "સંતોષ" સાથે યુદ્ધ થવાનું શું કારણ છે ?

મિથ્યાભિમાન—વાત એમ બની હતી કે શ્રી રાગકેશરી મહારાજાની આજ્ઞાથી મહામંત્રી શ્રી વિષયાભિલાષે સ્પર્શન, રસના વિગેરે પોતાના અંગત પાંચ માણસોને વિશ્વવિજય માટે મોકલ્યા હતા. એ પાંચેએ મળીને લગભગ પૂર્ણવિશ્વનું સામ્રાજ્ય મેળવી લીધું હતું.

એટલામાં " સંતોષ " નામનો કોઈ મહાબળવાન વિરોધી જાગ્યો. એણે આ પાંચેને પાછા હઠાવી કેટલાક જીવોને એમની પાસેથી પડાવી નિવૃત્તિનગરીમાં લઇ ગયો.

આ બાતમી અમારા માન્યવર મહારાજા શ્રી રાગકેશરીને પ્રાપ્ત થઈ એટલે એઓ અત્યંત કોપાયમાન થઇ ગયા. પોતાના સર્વ સૈન્યને યુદ્ધ માટેનો આદેશ આપી દીધો. વડાધિકારી પુરૂષો અને મહાસૈન્યની સાથે મહારાજાશ્રી યુદ્ધ કરવા રવાના થઇ ગયા. આ છે યુદ્ધનું મૂળ કારણ.

મિથ્યાભિમાન પાસેથી યુદ્ધના કારણની વાત જાણતા વિમર્શને વિચાર આવ્યો કે રસનાની વાત જાણવાની જે ઇચ્છા હતી તેની આજે સાધારણ માહિતી પ્રાપ્ત થઇ. રસનાનું ઉત્પત્તિસ્થળ ખ્યાલમાં આવી ગયું.

વિષયાભિલાષને જોઇશું ત્યારે રસનાના ગુણ અને સ્વભાવ જાણી શકાશે. જગતમાં કહેવત છે કે " બાપ જેવા બેટા અને વડ જેવા ટેટા " એટલે વિષયાભિલાષ જે જાતના ગુણ-દોષવાળો હશે, તેવા જ એના આ અંગત પાંચ માણસો હશે. આવો વિચાર મનમાં કર્યો અને ફરી મિથ્યાભિમાનને પૂછયું.

વિમર્શ—આર્ય ! સૌ વડાધિકારી પુરૂષો મહારાજાશ્રીની

સાથે યુદ્ધમાં પધાર્યા તો આપનું અત્ર રહેવાનું શાથી બન્યું ?

મિથ્યાભિમાન—ભદ્ર ! યુદ્ધ માટે હું પણ મહારાજાની સાથે ગયેા હતેા. હું સૌથી વડેા અધિકારીપુરૂષ ગણાતેા હતેા એટલે મહારાજાએ મને આ નગરીમાં જવાની આજ્ઞા કરી અને સાથે જણાવ્યું: મિથ્યાભિમાન ! આ નગર તમે છેાડશેા નહિ. અમારી ગેરહાજરીમાં તું અહીં જ રહેવાનું રાખ એજ ઉત્તમ છે.

કારણ કે અમારી ગેરહાજરીમાં તું જ આ નગરનું સંરક્ષણ કરવા સમર્થ છે. અમારી ગેરહાજરીમાં પણ તારા રહેવાથી આ નગરની શેાભા અને સમૃદ્ધિ ઘટવાની નથી. કેાઈ જાતનેા ઉપદ્રવ આવશે નહિ. તું અહીં રહ્યો એટલે અમે પણ આ નગરમાં છીએ એમ તારે સમજી લેવાનું. આટલા માટે જ અમારી ઇચ્છા છે કે તું અહીં જ રહે.

મેં કહ્યું: " મહારાજાધિરાજ શ્રી રાગકેશરી મહારાજાની જેવી આજ્ઞા. " હું અહીં શા માટે આવ્યેા એ વાત મારા કહેવાથી તમારા ખ્યાલમાં આવી ગઈ હશે.

વિમર્શ—અરે મિથ્યાભિમાન ! મહારાજાને ગયાને ઘણેા વખત થયેા છે, તેા એમના ક્ષેમકુશળના કાંઇ શુભ સમાચાર છે કે નહિ ?

મિથ્યાભિમાન—હા, હા. વિજયમંગળના સમાચાર આવ્યા છે. મહારાજા રાગકેશરીએ બધેા પ્રદેશ પેાતાના હસ્તક કરી લીધેા છે. વિજયડંકેા વગાડવાની અને વિજયધ્વજ ફરકાવવાની

તૈયારી છે, પરન્તુ "સંતોષ" સર્વથા જિતી શકાય એવો વ્યક્તિ નથી.

"સંતોષ" વચ્ચે વચ્ચે અવસર જોઇને અમારા સૈન્ય ઉપર જબરો ધસારો બોલાવી દે છે. ભૂલથાપ ખવરાવીને અમારા સૈન્યના કબ્જે રહેલા નાગરિકોને ઉપાડી જાય છે. એના હાથમાં ગયા પછી અમારા મહારાજાનું કાંઇ ચાલતું નથી, મહાવક્ર અને ધૃષ્ટ માનવી છે.

ભદ્ર ! સંતોષ બલિષ્ઠ અને ચાલાક હોવાના કારણે જ મહારાજા શ્રી રાગકેશરીને જિતવામાં આટલો વિલંબ થયો. સામાન્યક્ષત્રિય હોત તો કયારનાય ભૂક્કેભૂક્કા બોલાવી દીધા હોત.

વિમર્શ—હાલમાં મહારાજા શ્રી રાગકેશરી કયાં વિદ્યમાન છે?

મિથ્યાભિમાનેને મનમાં શંકા થઇ કે આ બે ગુપ્તચરો તો નહિ હોયને ? ફરી ફરી રાજ્યસંબંધી જ પ્રશ્નો કર્યા કરે છે. આપણી બાતમી જાણીને કાંઇ નૂકશાની ઉભી કરશે તો ? આવી શંકા થવાના કારણે બરી વિગત જણાવવી બંધ કરી. ગોટાળીયા ઉત્તર આપવા ચાલુ કર્યા.

મિથ્યાભિમાન—મને બબર નથી કે હાલમાં કયાં છે ? પણ જ્યારે યુદ્ધયાત્રા માટે નીકળેલા ત્યારે સૌ પ્રથમ મહારાજાશ્રીએ "તામસચિત્ત" નગરને ઉદ્દેશીને પ્રયાણ કર્યું હતું.

વિમર્શ—આપે અમારા પ્રશ્નોના માનભર્યા ઉત્તરો આપી અમને સંતોષ આપ્યો છે. આ નગરની શોભનતા અને અલ્પ વસતીના કારણે જાતજાતના વિકલ્પો થયા હતા, તેનું આપે

નિરાકરણ કરી આપ્યું. આપની પાસેથી અમને ઘણું જાણવાનું અને સમજવાનું મળ્યું છે. અમે આપનો આભાર માનીએ છીએ અને આપની રજા લઇ આગળ જઇએ છીએ.

મિથ્યાભિમાન—તમારૂં કલ્યાણ થાઓ.

મામા અને ભાણેજે મિથ્યાભિમાનને શિષ્ટતા ખાતર નમસ્કાર કર્યા અને આગળ વધ્યા. માર્ગમાં મામાએ ભાણીયાને કહ્યું.

ભાણા ! મિથ્યાભિમાને વાત કરતાં આપણને જણાવ્યું હતું કે વિષયાભિલાષ મંત્રીના પાંચ અંગત માણસો વિશ્વવિજય માટે ગએલા હતા એમાં રસનાનું નામ આપણને જાણવા મળ્યું. જેની શોધ માટે નિકળ્યા એનું નામ અને સ્થાન આપણને પ્રાપ્ત થયાં.

આપણે તામસચિત્ત નગરે જઇએ અને એના પિતાને જોઇએ. એના ગુણ અને સ્વભાવને જાણીએ. જેથી આપણને રસનાના ગુણ અને સ્વભાવનો ખ્યાલ આવશે.

પ્રકર્ષ—ભલે, ચાલો તામસચિત્ત નગરે.

તામસચિત્ત નગરે :

મામા ભાણેજ બંને જણા તામસચિત્ત નગરે જઈ પહોંચ્યા. ભયંકર અને ભીષણ આગ લાગવાના કારણે જાણે શ્યામવર્ણ ન બની ગયું હોય, એવું ધ્રુમવર્ણું આ નગર જણાતુ હતુ. સજ્જન પુરૂષો આ નગરને નિંદ્યકોટિનું ગણતા હતા. માનવ સંખ્યા રાજસચિત્ત નગરની જેમ અલ્પ હતી છતાં નગરની

ધનાઢ્યતામાં ન્યૂનતા જણાતી ન હતી. આ નગરને જોઇ ભાણાએ પ્રશ્ન કર્યો.

પ્રકર્ષ—મામા ! આ નગરનો કોઇ નાયક છે કે નહિ ?

વિમર્શ—ભાણા ! કોઇ નાયક હોય એવું લાગતું નથી, છતાં કોઇ નાયકના જેવો વ્યક્તિ તો હશે. સાધારણ કામ-ચલાઉ વહિવટીતંત્ર સંભાળનાર નાયક જેવો કોઇ માનવ હોવો જોઇએ.

મામા ભાણેજ વાત કરી રહ્યા હતાં એટલામાં બહારના કોઇ ઠેકાણેથી આવતા અને નગરમાં પ્રવેશ કરવા ઇચ્છતા "શોક" નામના નાના અધિકારી પુરૂષને જોયા. "શોક" અધિકારી સાથે "આક્રન્દન" "વિલાપ" "દૈન્ય" વગેરે નોકરવર્ગના વ્યક્તિઓ હતા.

મામા ભાણેજે આ "શોક" અધિકારી સાથે ઔચિત્ય-ભરી વાતો કરી અને પછી નમ્રતા પૂર્વક પ્રશ્ન કર્યો.

ભાઈ ! આ નગરનો રાજા કોણ છે ?

આક્ષેપ અને છણુકાપૂર્વક શોકે ઉત્તર આપતાં જણાવ્યું કે મહામહિમ શ્રી મહામોહ રાજાના પુત્ર અને રાજરાજેશ્વર શ્રી રાગકેશરી મહારાજાના ભાઈ, વિશ્વવિખ્યાત, શત્રુઓ રૂપ પર્વતો ભેદવામાં વજ્ર સમા દારૂણ, મહાપરાક્રમી શ્રી દ્વેષગજેન્દ્ર મહારાજા આ નગરના રાજા છે. આ સુપ્રસિદ્ધ પુરૂષરત્નને તમે ઓળખતા નથી ?

અરે ! તમે કદાચ રાજેશ્વરને ન ઓળખતા હો એ બને, પરન્તુ મહારાજાના માનીતા, અતિવલ્લભા કુટુંબમાં સૌ વડિ-

દ્વોના માનવંતા, પોતાના પ્રખર પ્રતાપથી પ્રત્યેક દુઃખોને દૂર કરનારા મહાદેવી શ્રીઅવિવેકતાને પણ નથી ઓળખતા ? ગામડીયા ગમાર જેવો શું પ્રશ્ન પૂછો છો ?

વિમર્શ—ભાઈ ! આપ અમારા ઉપર કોપાયમાન ન બનો. જગતમાં બધા માનવીઓ બધી વાત જાણે એવું હોતું નથી. અમે દૂર દેશના વતનીઓ છીએ. અજાણ્યા મુસાફરો છીએ. આ નગરનું નામ પણ આજે જાણ્યું છે અને નગર પણ આજે જોઈશું. હા ! તમારા મહારાજાનું નામ સાંભળ્યું હતું પણ એ વાતને ઘણો લાંબો સમય વીતિ ગયો હતો, એટલે સ્મૃતિપથથી બહાર થઈ ગએલ. તમારા કહેવાથી પુનઃ વાત યાદ આવી. અસ્તુ....

હે ભદ્ર ! મહારાજશ્રીના દર્શન કરવાની અમારી ઘણી ઉત્કંઠા છે, તો મહારાજાશ્રી અત્રે બિરાજમાન છે કે ક્યાંય બહાર ગએલા છે ?

શોક—આ તમે શું પૂછો છો ? મહારાજા ક્યાં ગયા છે, એ વાત સુપ્રસિદ્ધ બની ચૂકી છે. સહૃદયી, સાવધાન અને બુદ્ધિમાન સૌ જાણે છે. છતાં તમે નથી જાણતા એ ભારે આશ્ચર્ય.

સાંભળો, મહામહિમ શ્રી મહામોહ મહારાજા, શ્રી રાગ-કેશરી મહારાજા અને અમારા મહારાજા શ્રી દ્વેષગજેન્દ્ર એ ત્રણે મહાસૈન્યને લઈને મહાવિરોધી અને મહાઘાતકી સંતોષને પરાસ્ત કરવાનો સુદૃઢ નિશ્ચય કરીને પોતાની રાજધાનિઓથી ગયા છે અને એ વાત ઉપર આજે વર્ષોના વહાણા વીતિ ગયા છે.

વિમર્શ—મહાદેવી શ્રી અવિવેકતા હાલમાં આ નગરને શોભાવી રહ્યાં છે કે એઓ પણ બીજે કોઇ સ્થળે પધાર્યાં છે?

શોક—મહાદેવીજી હાલમાં અહીં નથી, તેમજ મહારાજાશ્રી પાસે પણ નથી. એ માટે આપને કારણ જાણવું હોય તો સાંભળો.

મહાવિરોધી સંતોષના નાશનો પૂર્ણ નિશ્ચય કરીને પોતાના વીરવિક્રમ પુત્ર રાગકેશરીને લઈ મહામહિમ શ્રી મહામોહ મહારાજા અત્ર પધાર્યા હતા, ત્યારે અહીંના મહારાજા શ્રી દ્વેષગજેન્દ્ર પણ યુદ્ધયાત્રા માટે તૈયાર થઇ ગયા હતા.

મહાદેવી શ્રી અવિવેકતાએ પોતાના પતિદેવને યુદ્ધમાં જતા જોઈ કહ્યું, સ્વામિન્! આપની સાથે હું પણ યુદ્ધમાં આવીશ.

દ્વેષગજેન્દ્ર—દેવી! તું ગર્ભવતી છે. ગર્ભના ભારથી તારૂં શરીર આળસુ બન્યું છે. તેથી તું યુદ્ધિભૂમિમાં આવે એ યોગ્ય નથી. તું અહીંયા રહે. હું યુદ્ધમાં જઇશ.

અવિવેકતા—દેવ! આપ વિના હું એકલી આ મહેલમાં રહી ના શકું. મહેલ ઉદ્યાન વિગેરેમાં મારૂં મન ન લાગે એનું શું કરવું?

દ્વેષગજેન્દ્ર—પ્રિયે! તારી વાત સાચી, પણ ગર્ભવતી અવસ્થામાં યુદ્ધભૂમિમાં તને ન લઇ જવાય. તને અહીં ન ગમતું હોય તો તું "રૌદ્રચિત્ત" નગરે જા. એ નગરનો વહિવટ "દુષ્ટાભિસંધિ" રાજા ચલાવે છે અને એ મારો માનવંતો વફાદાર વડો સૈનિક છે.

અવિવેકતા—આર્ય ! આપને મારે વધુ શું કહેવું ? આપ જે આજ્ઞા ફરમાવો તે મારે સર્વથા માન્ય જ હોય.

શ્રી દ્વેષગજેન્દ્ર યુદ્ધયાત્રા માટે મહામહિમ શ્રી મહામોહ મહારાજા સાથે ગયા અને પતિદેવની આજ્ઞાથી અવિવેકતા મહારાણી રૌદ્રચિત્ત નગરે પધાર્યા.

ત્યાંથી શ્રી અવિવેકતા મહારાણી કોઇ વિશેષ કારણના લીધે બહિરંગ પ્રદેશમાં ગયા છે. અમારા મહારાણી ઘણા ચતુર છે અને સમયના પુરા પારખુ છે, એટલે મહત્વના કારણે બહિરંગ પ્રદેશે ગયા છે.

અહીંથી ગયા હતાં ત્યારે દુષ્ટાભિસંધિના ત્યાં એક પુત્ર-રત્નનો જન્મ આપેલ અને પછી મારા સાંભળવામાં એવું આવ્યું કે મહારાણીનું પતિદેવ સાથે મિલન થયું. અને ફરી બીજા એક પુત્રરત્નનો જન્મ આપ્યો છે. એટલે મહારાણી હાલમાં નથી પતિદેવ પાસે, કે નથી આ નગરમાં.

અવાંતર સ્મૃતિ :

પ્રજ્ઞાવિશાલાએ અગૃહીતસંકેતાને કહ્યું, અલી પ્રિય સખી ! આ સંસારીજીવે જે વેળા નંદિવર્ધનના ભવમાં વૈશ્વાનર સંબંધી વાત જણાવેલી અને એ વખતે હિંસા સાથે લગ્ન થતી વખતે જણાવેલું કે "તામસચિત્ત નગર કેવું છે, દ્વેષ-ગજેન્દ્ર રાજા અને અવિવેકતા રાણી કેવા છે, અને તામસચિત્ત નગરથી અવિવેકતા રાણી રૌદ્રચિત્ત નગરે શા માટે ગયા હતા એ કારણ આગળ જણાવશું" તે વાત સંસારીજીવે હાલમાં આપણને સંભળાવી, તે તને ખ્યાલમાં આવી હશે.

અગૃહીતસંકેતા—હા, તેં ઠીક યાદ કરાવ્યું હો !

પ્રજ્ઞાવિશાલાએ સંસારીજીવને પૂછયું, હે સુંદર ! જે વખતે શ્રી વિચક્ષણાચાર્યજી નરવાહન રાજાની સમક્ષ વિમર્શ પ્રકર્ષની વાતો સંભળાવતા હતા અને તું પણ સભામાં બેસી એ વાત સાંભળતો હતો, તો તને એમાંથી કાંઈ ખ્યાલ આવ્યો કે નહિ !

સંસારીજીવ—બહેન ! એ વખતે હું વાતોના રહસ્યને જરાય સમજતો ન હતો. અનર્થોની પરંપરામાં માત્ર મારૂં અજ્ઞાન જ કામ કરતું હતું. મારા મનમાં એ વખતે એટલું હતું કે આ સાધુ મારા પિતાને કોઈ સરસ વાતો સંભળાવી રહ્યા છે. હે અગૃહીતસંકેતા ! હું એ કથાના પરમાર્થને જરાય સમજતો ન હતો.

અગૃહીતસંકેતા—આ જે વાર્તા ચાલી રહી છે, એમાં કાંઇ ઉંડું તત્ત્વજ્ઞાન રહેલું છે ? એ કથાનો પરમાર્થ જુદો છે ?

સંસારીજીવ—મારા ચરિત્રમાં ગૂઢાર્થ વિનાનો કોઈ શબ્દ નથી. ઘણો જ ભાવાર્થ રહેલો છે. માત્ર મનોરંજનની કથા છે એમ આપે ન સમજવું. મારી કથામાં ઘણા રહસ્યો સમાએલાં છે અને એ સમજવા જેવા છે. કથા છે, એમ માની સંતોષ ન માનશો.

તમને જો ભાવાર્થ ન સમજાય તો એ વિષયમાં તમારે ચતુર પ્રજ્ઞાવિશાલાને પૂછી સમાધાન મેળવી લેવું. એ સુજ્ઞા છે અને દરેક પદાર્થના પરમાર્થને સમજી શકે છે. તેમજ બીજાને પણ સરસ રીતે સમજાવી શકે છે.

અગૃહીતસંકેતા—બહુ સારૂં, એમ કરીશ. પણ હાલમાં તો કથા આગળ ચલાવો.

શ્રી વિચક્ષણાચાર્ય જે કથા કહી રહ્યા હતા તે કથાના અનુસંધાનમાં સંસારીજીવે આગળ જણાવવાનું ચાલું કર્યું.

વિમર્શ—ભદ્ર શોક ! આપને અહીં આવવાનું કારણ શું બન્યું ?

શોક—યુદ્ધમાં જતા અમારા મહારાજા દ્વેષગજેન્દ્રે આ નગરના સંરક્ષણ માટે "મતિમોહ" મંત્રીને અહીં મોકલ્યા હતા અને એ "મતિમોહ" મંત્રી મારા માનવંતા મિત્ર થાય છે. મહારાજાના સૈન્યને મહાટવીમાં મૂકી મારા મિત્રને મળવા માટે અહીં આવ્યો છું.

વિમર્શ—આર્ય ! ધન્યવાદ. આપ આનંદ પૂર્વક નગરમાં જઇ શકો છો.

વિમર્શ સાથે વાતચીત પૂર્ણ થયા પછી શોકે નગરમાં પ્રવેશ કર્યો. ત્યાર બાદ બુદ્ધિદેવીના બુદ્ધિધન પુત્ર પ્રકર્ષને વિમર્શે કહ્યું, વત્સ ! મહાસૈન્યે જે મહાટવિમાં પડાવ નાખ્યો છે ત્યાં જઇએ. રાગકેશરીને અને તેમના મંત્રી-મંડળ વિગેરેને જોઇએ.

પ્રકર્ષ—"જેવી આપની મરજી."

મામા ભાણેજ જલ્દી મહાટવી ભણી ઉપડ્યા અને પવનવેગે ત્યાં પહોંચી ગયા.

મહામોહાદિના સભામંડપમાં દર્શન :

મહાટવીની મધ્યમાં એક મહાનદી આવેલી હતી. મહાનદીના રેતીવાળા ઉંચાણના દ્વીપ જેવા ભાગ ઉપર એક વિશાળકાય મંડપ બાંધવામાં આવ્યો હતો.

મંડપના મધ્યાંગણમાં એક સુશોભન વેદિકા–બેઠક બનાવવામાં આવી હતી. વેદિકા–બેઠકના મધ્ય વિભાગમાં મહાર્ઘ્ય સિંહાસનો ગોઠવેલાં હતાં. વિશાળકાય મંડપમાં ચોતરફ ચતુરંગ સૈન્ય બેઠું હતું.

ઉપરની બેઠકમાં મહામોહ મહિપતિના પરાક્રમી પનોતા પુત્ર રાગકેશરી અને વીરવિક્રમી દ્વેષગજેન્દ્ર બિરાજ્યા હતા. વચ્ચેના મહામૂલ્યવાન મહાસિંહાસન ઉપર મહાપ્રતિભા સંપન્ન શ્રી મહામોહ શોભી રહ્યા હતા.

મામા ભાણેજ પવનવેગે મહાટવીમાં આવી ગયા અને આ મહામંડપ વિગેરે નિહાળી વિમર્શે કહ્યું.

ભાણા ! સામે જો, આપણે અહીં બેઠા બેઠા મહામોહની સંપૂર્ણ સભા જોઇ શકીએ છીએ, એટલે સભામંડપમાં પ્રવેશ કરવો ઉચિત નથી.

આપણે સભામંડપમાં પ્રવેશ કરીએ તો મહામોહ કે અન્ય રાજકીય વર્ગને આપણા ઉપર ગુપ્તચર વિગેરેની શંકા થાય અને કાંઇ મુશ્કેલી ઉભી થાય, એના કરતા અહીંથી સભાની બધી કાર્યવાહીનું બારીકાઇથી નિરીક્ષણ કરીએ તો કેમ ?

પ્રકર્ષ—"ભલે ! મામા એમ કરો" પરન્તુ આ વિશાળ જંગલ, આ વિશાળ નદી, નદીનો ઉંચો રેતાળ વિભાગ, વિશાળકાય મંડપ, વેદિકા, મહાર્ઘ્ય સિંહાસન, એના ઉપર બિરાજતા મહારાજાઓ, મંડપના સદસ્યો, આ બધી બાબતો મારા માટે નવીન છે.

આમાંનું મેં કશું જોયું નથી. આ બધાના નામો શું છે? આ બધાના ગુણો કયા કયા છે? એ જાણવા મન થઇ રહ્યું છે. મામાજી! આપ વિગતવાર જણાવો અને હું શાંતિપૂર્વક સાંભળું.

વિમર્શ—વત્સ ! તેં ઘણી સરસ વાત પૂછી, પરન્તુ તે એક સાથે ઘણા પ્રશ્નો પૂછી નાખ્યા. તારા પ્રશ્નો વિચારણાને માગે તેવા છે, એટલે હું પૂર્ણ વિચાર કરીને તને ઉત્તર આપું.

પ્રકર્ષ—ભલે, આપ વિચારીને ઉત્તર આપો.

વિમર્શે પોતાની સૂક્ષ્મ દૃષ્ટિ ચારેબાજુ ફેંકી. મહાટવીનું અવલોકન કર્યું, મહાનદીને બરોબર જોઇ લીધી. વિશાળ મંડપ, વેદિકા, મહાસિંહાસન વિગેરેનું સ્વરૂપ જાણી લીધું. મહામોહ અને અન્ય સદસ્યોનો સારી રીતે વિચાર કરી લીધો. ત્યાં રહેલા તમામ પદાર્થોનો બારીકાઇથી અભ્યાસ કરી જોયો અને નિશ્ચયાત્મક તેમજ દૃઢતમ કરવા ધ્યાન લગાવ્યું. અલ્પ સમય બાદ માથું ધૂણાવ્યું અને મુખ ઉપર સ્મિત મરકવા લાગ્યું.

મામાને હસતાં જોઈ પ્રકર્ષે પૂછયું, મામા ! આમ કેમ હસો છો ?

વિમર્શ—સામે રહેલી સર્વ વસ્તુઓનું સ્વરૂપ મારા ખ્યાલમાં આવી ગયું એટલે હાસ્ય આવ્યું.

પ્રકર્ષ—મામા ! આપને જે બધું સમજાઈ ગયું હોય તો મને મારા પ્રશ્નોનો સ્પષ્ટ ખુલાસો કરી આપો.

વિમર્શ—વ્હાલા પ્રકર્ષ ! તું સાંભળ.

ચિત્તવૃત્તિ મહાટવી :

વત્સ ! જે અટવીમાં આપણે આવ્યા છીએ તે અટવીનું નામ "ચિત્તવૃત્તિ"[૧] છે. આ "ચિત્તવૃત્તિ" મહાટવીમાં વિશ્વના તમામ પ્રાણીઓ, મનુષ્યો, ગામ, નગર, પુર વિગેરે બનાવી એમાં વસે છે. કેટલાક મનુષ્યો એ ગામ નગર આનંદપ્રદ ઉલ્લાસવર્ધક અને નિર્મળ બનાવતાં હોય છે અને કેટલાક મનુષ્યો અસંતોષપ્રદ, હતોત્સાહી અને મલીન બનાવતાં હોય છે.

તેથી આ અટવી બહિરંગ પ્રદેશના માનવીઓ માટે સુખ અને દુઃખનું કારણ માનવામાં આવે છે. જે મનુષ્યો આ અટવીમાં સાત્ત્વિક અને નિર્મળ વૃત્તિઓ રાખી શકતા હોય છે તેમના આવાસો આહ્લાદક અને ગુણકારી બનતા હોય છે અને જેઓ તામસ કે સમળ વૃત્તિઓ રાખતાં હોય છે, તેમના આવાસો અમનોહર અને અવગુણદાયક કે અવગુણપોષક બની જતાં હોય છે.

---

૧ ચિતવૃત્તિ એટલે મનના વિચારો.

પ્રમત્તતા નદી :

ભાઇ ! જો, આ મહાનદીનું નામ "પ્રમત્તતા"[૧] છે. એ નદીના કીનારાઓ "નિદ્રા"[૨] ના નામથી ઓળખાય છે. "કષાયો"[૩] એ નદીના પાણીરૂપે છે. આ નદીના ચપળ તરંગોને "વિષય"[૪] નામ આપવામાં આવ્યું છે. નદીના પાણીનો સ્વાદ દારૂ જેવો અને માદકગુણી છે. "વિકથા"[૫] રૂપ પ્રવાહ-ઝરણાઓ પમત્તતા નદીમાં આવી મળે છે.

તેં રાગકેશરી રાજાના રાજસચિત્ત નગર અને દ્વેષગજેન્દ્ર રાજાના તામસચિત્ત નગરોને જોયા હતાં ને ? એ બે નગરોમાંથી આ નદી ઉત્પન્ન થાય છે. મૂળ એનું આ નગરોમાં આવેલું છે. ત્યાંથી ધીરે ધીરે વહેતી વહેતી આ નદી ચિત્તવૃત્તિ મહાટવીમાં આવે છે અને આખરે ભવસાગરમાં એ સરીતા સમાઈ જાય છે.

વિશાળ પટ અને પૂરપાટ પ્રવાહવાળી મહાનદીના નીરમાં ગબડ્યો એટલે ખલાસ થયો સમજવો. એમાંથી પાછા નિકળવાનો વિચાર કરવાનોયે સમય રહેતો નથી. પડ્યો એટલે

---

૧ પ્રમત્તતા-પ્રમાદ, આળશ આત્મહિત પ્રતિ ઉપેક્ષા. ભવ અને ભૌતિક વસ્તુ તરફનો ભાવ.

૨ નિદ્રા-ઉંઘ. એના પાંચ પ્રકારો છે.

૩ કષાય-ક્રોધ, માન, માયા અને લોભ. નદીમાં પાણી વહ્યા કરે, તેમ કષાયો પણ ચાલ્યા જ કરે છે.

૪ વિષય-પાંચ ઇંદ્રિયોને ગમતા પદાર્થો પ્રતિ રાગ.

૫ વિકથા-રાજકથા, દેશકથા, ભોજનકથા અને સ્ત્રીકથા.

આવી બન્યું જ માની લેવાનું. ફરી એને કિનારો હાથ લાગે ત્યારે ખરો. એ તો ભવસમુદ્રમાં જઈ અટવાઈ જાય અને દુઃખીને સર્વનાશને મેળવવાનો.

પરન્તુ જે બુદ્ધિશાળી માનવીઓ આ મહાનદીથી દૂરના દૂર જાય છે, એનાથી ભય પામી સમીપમાં આવતાં નથી, એવા પુણ્યશાળી પુરૂષો ભવસાગરની સફરના દુઃખો જોતાં નથી.

તદ્વિલસિત દ્વીપ :

ભાણા ! પેલો દેખાય છે, તે "તદ્વિલસિત"[૧] દ્વીપ છે. નદીના નીરથી ધોવાઈને સ્વચ્છ બનેલી "રેતી" ને "હાસ-હાસ્ય" નામ આપવામાં આવ્યું છે. વિલાસ, વિભ્રમ, હાવ, ભાવ, નૃત્ય અને ગીતરૂપ સારસ, હંસ, ચક્રવાક, ચાતક, મયૂર અને કોકીલ પક્ષીઓ છે. માદક પીણાઓના મદથી ઘેરાએલા નયનોવાળા નરસમુહથી આ દ્વીપ ઉભરાઈ રહ્યો છે.

છેલછબીલા અને લટકચાળા કામી લોકોને માટે આ દ્વીપ મનોરંજનનું ક્રીડાંગણ ગણાય છે. તત્ત્વવેત્તાઓ અને યોગની અભીપ્સા રાખનારાઓ આ દ્વીપથી દૂર-સુદૂર રહેતા હોય છે.

ચિત્તવિક્ષેપ મંડપ :

સામેના મહામંડપ તરફ ધ્યાન આપ જોઇએ. એનું નામ "ચિત્તવિક્ષેપ" મંડપ છે. આ મંડપમાં બેઠેલા સદસ્યોને મંડપ ખૂબ પ્રીતિકર છે. પરન્તુ બહિરંગ પ્રદેશનો કોઈ મૂર્ખ

---

૧ તદ્વિલસિત-પ્રમાદ વિગેરેમાં કે પ્રમાદ વિગેરેથી વિલાસો કરવા રૂપ.

માનવી ભૂલથી આ મંડપમાં પ્રવેશ કરીલે તો એની મતિમાં અવશ્ય ભ્રમ થાય જ. ચિત્ત ભ્રમિત થયા પછી સંતાપ અને કલેશ આવી પડે. ઉન્માદીપણું કે ગાંડોઘેલો બની જાય. એણે જે કાંઇ યમ, નિયમ, વ્રત વિગેરે ગ્રહણ કર્યા હોય તે બધાથી ભ્રષ્ટ બની જાય. સારાસારનો વિવેક કોઇને રહેવા પામતો નથી.

તૃષ્ણાવેદિકા :

વત્સ ! ચિત્તવિક્ષેપ મંડપની મધ્યમાં વેદિકા-બેઠક છે, તેનું નામ "તૃષ્ણા" રાખવામાં આવ્યું છે. મહારાજા મહામોહને તૃષ્ણાવેદિકા અત્યંત પ્રિય છે. પ્રિય હોવાના કારણે જ મહામોહ રાજા પોતાના કુટુંબીજનો સાથે તૃષ્ણાવેદિકા ઉપર બેઠો છે. બીજા એમના સામંત રાજાઓ મંડપમાં છૂટા છવાયા ઠેર ઠેર બેઠેલા દેખાય છે.

આ વેદિકા મહિપતિ શ્રી મહામોહ અને એના કુટુંબી રાગકેશરી દ્વેષગજેન્દ્ર વિગેરે સૌને અતિપ્રિય છે અને એના ઉપર બેસી મલકાયા કરે છે. પરન્તુ બહિરંગ પ્રદેશના પ્રાણીઓને તો એ વેદિકા દુઃખનું જ કારણ બને છે. તૃષ્ણાવેદિકા ઉપર બેઠો એટલે એને પરવશ બની દુઃખ, દુઃખ અને દુઃખ જ ભોગવવાનું.

વિપર્યાસ સિંહાસન :

ભદ્ર ! તૃષ્ણાવેદિકા ઉપર મોટું સિંહાસન દેખાય છે, એનું નામ "વિપર્યાસ" છે. એ સિંહાસન ઉપર આરૂઢ થએલો મહામોહ મહિપતિ શત્રુઓની નજરમાં શીઘ્રતાથી આવી શકતો નથી. આ સિંહાસન મહાપ્રભાવશાલી છે. એ

જ્યાં સુધી છે, ત્યાં સુધી મહામોહનું કોઇ શત્રુ ભગાડી શકવા સમર્થ નથી. આ સિંહાસનના જોરે જ એનું રાજ્ય ચાલે છે.

બહિરંગ પ્રદેશના માનવીઓની નજર આ સિંહાસન ઉપર પડતી નથી, ત્યાં સુધી એ માનવીઓની બુદ્ધિ સારી રહે છે. જો સિંહાસન ઉપર નજર પડી જાય તો એની બુદ્ધિમાં વિપર્યાસ થવા લાગે છે. એની બુદ્ધિમાંથી નિર્મળતા વિદાય લઇ લે છે અને તામસભાવ પ્રવેશ કરે છે.

આગળ ઉપર જણાવેલા પ્રમત્તતા નદી, તદ્વિલસિતદ્વીપ, ચિત્તવિક્ષેપ મંડપ, તૃષ્ણાવેદિકા વિગેરેમાં જે શક્તિઓ રહેલી છે, તે બધી શક્તિઓ માત્ર આ સિંહાસનમાં પણ સમાએલી છે. એ કરતાં પણ વધે એમ છે.

મહામોહ મહિપતિ :

ભાણા ! વિપર્યાસ સિંહાસન ઉપર એક દુર્બલ અને શ્યામ શરીરવાળો માનવી દેખાય છે, તે જ મહામોહ મહિપતિ છે. એની શરીરરચના "અવિદ્યા"માંથી થએલી છે. અર્થાત્ એના શરીરને "અવિદ્યા" નામ આપવામાં આવ્યું છે. આ મહામોહ સર્વલોકમાં ઘણો સુપ્રસિદ્ધ વ્યક્તિ છે.

વિશ્વમાં દેખાતા શરીર, જીવિત, ધન, યૌવન વિગેરે પૌદ્ગલિક પદાર્થો અનિત્ય, અપવિત્ર, દુઃખદાયક અને જડ છે. છતાં આ મહાપરાક્રમી મોહરાજા પોતાના પ્રભાવથી નિત્ય, પવિત્ર, સુખદાયક અને ચૈત્યન્યવંતા મનાવે છે*

* શરીર અનિત્ય છે છતાં નિત્યત્વની બુદ્ધિ એમાં છે. અપવિત્ર છે છતાં પવિત્ર મનાય છે. શરીર છે તેથી ભૂખ, રોગ, શ્રમ વિગેરે

ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર, ઉપેન્દ્ર, નરેન્દ્ર વિગેરે મહાપરાક્રમી વ્યક્તિઓ પણ મહામોહની આજ્ઞા મસ્તકે સહર્ષ ઉપાડે છે. મહામોહ પોતાની સત્તાથી વિશ્વને સત્તાતળે દાબી રાખે છે. સૌ નોકરની જેમ વર્તે છે.

પ્રકર્ષ ! મેં મહામોહ વિગેરેનું વર્ણન કર્યું. હવે એના મહામંત્રી, સેનાપતિ, એનો પરિવાર અને એના સદસ્યો વિગેરેનું વર્ણન કરું છું. તું ધ્યાનપૂર્વક સાંભળજે.

અરે ! હું જે કહું છું તે તું સાંભળે છે કે નહિ ? કારણ કે તું મોટા વિચારમાં પડી ગયો દેખાય છે. તું કાંઇ સાંભળે છે કે નહિ ? તું કાંઇ પૂછતો નથી અને હુંકારો પણ આપતો નથી. માત્ર ટગર ટગર મારું મુખ જોયા કરે છે.

વત્સ ! જે વાત હું કરું છું તે તારી સમજમાં આવે છે કે નહિ ?

પ્રકર્ષ—મામા ! આપના પ્રભાવથી બધું બરોબર સમજાય છે.

વિમર્શ—તો તું સાંભળ. હું શા માટે હસ્યો હતો, એ તારા ખ્યાલમાં આવી ગયું ? મારા હસવાથી તારે ગુસ્સે ન થવું. સ્નેહના કારણે હાસ્ય આવે એ દોષનું કારણ ગણાતું નથી.

ભલા ભાણા ! ચાલુ વાતો સાંભળવા માત્રથી તારે સંતોષ ન માનવો. આ વાત માત્ર મનને બહેલાવવા પૂરતી નથી પણ પરમાર્થભરપૂર છે. એના રહસ્યોને સમજવા પ્રયત્ન કરજે.

દુઃખો મળે છે છતાં સુખનું સાધન મનાય છે. શરીર જડ છે છતાં ચૈતન્ય જેવું વર્તન થાય છે. આ મોહના પ્રતાપે છે.

કોઇ સ્થળે ભાવાર્થ ખ્યાલમાં ન આવે તો તારે ફરી એ વિષયમાં પૂછી લેવું. તું હુંકારો ભરે અને પ્રશ્ન કરે તો વાર્તા કહેવામાં આનંદ થાય અને તને કથાનો ભાવાર્થ પણ સમજાય.

માત્ર વાતો સાંભળી લે અને એના ખરા રહસ્યને ન જાણે અને કોઇ પ્રવૃત્તિ આદરવા જાય, તો પરિણામ ઘણીવાર નુકશાનકારક બની જાય છે. ભૌતાચાર્યનો શિષ્ય વગર સમજે કામ કરવા ગયો, તેથી એના માથે આપત્તિ આવી પડી. એટલે તને મારૂં કહેવું છે કે દરેક વાતના પરમાર્થને સમજજે.

પ્રકર્ષ—મને ભૌતાચાર્યના શિષ્યની વાત કહેશો ?

વિમર્શ—ભદ્ર ! સાંભળ.



પ્રકરણ પાંચમું

ભૌતાચાર્ય અને વેલ્લહક કથા

શ્રી વિચક્ષણસૂરિ નરવાહન રાજા સામે દેશના આપી રહ્યા છે. નરવાહન રાજાના પ્રશ્નના ઉત્તરમાં પોતે દીક્ષા શા માટે લીધી એ વાત જણાવી રહ્યાં છે એમાં વિમર્શ અને પ્રકર્ષ રસનાની મૂળશોધ માટે ગએલા, એઓ ચિત્તવૃત્તિ અટવીમાં આવી પહોંચ્યા છે. પ્રકર્ષને વિમર્શે ત્યાંના મંડપ અને મહામોહ વિગેરેનું સ્વરૂપ સમજવા ભલામણ કરી. આ વખતે વિમર્શ એક અવાંતર કથા કહે છે.

ભૌતાચાર્ય કથા :

એક નગરમાં "સદાશિવ" નામનો ભૌતાચાર્ય* રહેતો હતો. એ ભૌતાચાર્યનું શરીર વૃદ્ધાવસ્થાના કારણે ઘણું જ દુર્બળ અને શીથિલ બની ગયું હતું. જન્મથી જ એ બહેરો હતો. શ્રવણેન્દ્રિય કશાય કામની ન હતી.

એકવાર ત્યાં મશકરા છોકરાઓ ભેગા થયા અને આંગળીઓના ઇશારાઓથી મશકરી કરતાં જણાવ્યું કે હે ભટ્ટારક! નીતિશાસ્ત્રમાં નીચેની વાત આવે છે, તે આપે ધ્યાનમાં લેવી જોઇએ.

---

* ભૌતાચાર્ય—શિવજીનો પૂજક.

विषं गोष्ठी दरिद्रस्य, जन्तोः पापरतिर्विषम् ।
विषं परे रता भार्या, विषं व्याधिरुपेक्षितः ॥

લક્ષ્મીથી અને ગુણથી જે દરિદ્રનારાયણ હોય એવા સાથે મિત્રતા ઝેર જેવી છે. પાપ પ્રતિ પ્રેમ કરવો એ હળાહળ ઝેર છે. પોતાની પત્ની પરપુરૂષના પ્રેમમાં પડી જાય તો એ તાળપુટ ઝેર છે અને વ્યાધિની ઉપેક્ષા કરવી એ શીઘ્રઘાતી ઝેર છે.

પૂજ્યપાદ ! એટલે જ અમે આપને કહીએ છીએ કે આપ ઔષધ કરો. બહેરાપણું મટાડો. " ઉગતો શત્રુ અને વધતા વ્યાધિને તરત જ દાબી દેવામાં સાર છે. " આપે બહેરાપણાની બેદરકારી કરવી યોગ્ય નથી. જલ્દી ઉપચારો ચાલુ કરી દેવા જોઇએ.

મશકરા છોકરાઓની વાત સમજી લઇ સદાશિવને રોગ મટાડવાની તમન્ના જાગૃત બની. એ મૂર્ખ પૂજારીને આગ્રહ બંધાઇ ગયો કે કોઇ પણ ભોગે રોગ તો મટાડવો જ જોઇએ. રોગની ઉપેક્ષા ન જ કરાય. એટલે એણે પોતાના શાંતિશિવ નામના શિષ્યને બોલાવ્યો.

અરે શાંતિશિવ ! તું વૈદ્યરાજના ઘેર જા. વૈદ્યરાજને મારા બહેરાપણાના રોગને જણાવજે અને એના નાશ માટે જે દવા, અનુપાન અને પથ્ય જણાવે તે સમજી લેજે. પછી તું તરત આવજે. વિલંબ ના કરીશ. વિલંબ કરીશું તો વ્યાધિનો પ્રકોપ વધી જશે અને પછી કાબુમાં લેવા ઘણો પરિશ્રમ કરવો પડશે.

ગુરૂદેવની આજ્ઞાથી શાંતિશિવ ત્વરિત ગતિએ વૈદ્યરાજશ્રીના ઘરે પહોંચી ગયો અને ત્યાં પહોંચતા જ એક બનાવ એના જોવામાં આવ્યો.

ભાગ્ય સંયોગે એ વખતે એવું બન્યું હતું કે વૈદ્યરાજનો પુત્ર રખડી રખડીને ઘરે આવ્યો. પોતાના રખડેલ પુત્રને જોતાં જ વૈદ્યરાજની આંખો લાલઘૂમ થઇ ગઇ. વાળનું બનેલું મજબુત દોરડું હાથમાં લીધું અને પુત્રને થાંભલા સાથે બાંધી દીધો.

બંધન સખત બાંધવામાં આવેલ, એટલે પીડા થવાના કારણે વૈદ્યપુત્ર રડવા લાગ્યો. વૈદ્યરાજે ફરી બીજા સ્થંભ સાથે વધુ મજબુત બાંધ્યો. છોકરાએ પોક મૂકી રડવું ચાલુ કર્યું. વૈદ્યરાજ સીધી દોર અને લીસી લાકડી હાથમાં લઇ પુત્રને ઝૂડવા લાગ્યા.

ભૌતાચાર્ય સદાશિવ ગુરૂની બહેરાશ મટાડવાની દવા લેવા આવનાર શાંતિશિવે પુત્રના ઉપર મારનો વરસાદ વરસાવતા વૈદ્યરાજને પૂછયું. અરે વૈદ્યરાજજી! પુત્રને આવી સખત મારપીટ કેમ કરો છો? આ યોગ્ય ગણાય?

સમાધાન કરતાં વૈદ્યરાજે કહ્યું, શું કરૂં શાંતિદેવ? આ મારો દુષ્ટ પુત્ર હું જે કાંઇ કહું તે જરાય સાંભળતો નથી. એટલે આ એની દવા કરૂં છું.

આ વાત થતી હતી ત્યાં વૈદ્યરાજના પત્ની હાહાકાર કરતા આવી પહોંચ્યા. પુત્રને બચાવવા વૈદ્યરાજના હાથે વળગી પડ્યા.

વૈદ્યરાજે ક્રોધથી ધમધમી કહ્યું, તું આઘી જા. હું આટલું આટલું કહું છું પણ એ જરાય સાંભળતો નથી. નાલાયક પુત્રને બરોબર મારવો જ પડશે. નહિ તો તને પણ માર પડશે.

વૈદ્યરાજે બસવાનું કહેવા છતાં ન બસી એટલે વૈદ્યરાજે પત્નીને પણ બરોબર ફટકારી.

આ પ્રસંગને જોઇ શાંતિશિવે વિચાર્યું કે જે ઔષધ ગુરૂદેવ માટે લેવાનું હતું તે મેં જાણી લીધું છે. ન સાંભળે એને સારી રીતે મારવો એ બહેરાપણું નાબૂદ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. સમજવા જેવું સમજી લીધું, નાહક વૈદ્યરાજને પૂછી શા માટે તકલીફ આપવી ?

વૈદ્યરાજના ઘેરથી પાછો વળી શાંતિશિવ શિવપૂજક શ્રેષ્ઠિના ઘરે ગયો અને એક મજબુત દોરડાની માગણી કરી.

શિવભક્તે શણની દોરડી આપી પણ શાંતિશિવે કહ્યું કે મારે શણની દોરીનું કામ નથી, વાળની બનેલી મજબુત દોરડીનું કામ છે.

શિવપૂજકે વાળની દીર્ઘ દોરડી આપી અને પૂછયું, ભાઇ શાંતિશિવ ! આ દોરડાને તમે શું કરશો ?

શાંતિશિવે ઉત્તર આપ્યો, તાતપાદ ભટ્ટારક ગુરૂદેવશ્રીની દવા કરવાની છે. આ પ્રમાણે જણાવી ગુરૂદેવના મઠ તરફ ગયો.

ગુરૂદેવને જોતાં જ ડોળા ચડાવ્યાં, આંખો લાલઘૂમ બનાવી, ગુરૂદેવને બળજબરી પકડ્યા અને મઠની વચ્ચે લાવી થાંભલા સાથે બાંધી દીધાં. હાથમાં મોટી ડાંગ ઉપાડી ગુરૂ-

દેવને ઝૂડવાની શરૂવાત થઈ ગઇ. એક ઉપર એક દંડ પ્રહાર ચાલુ થયેા.

શિવભક્તોને વિચાર આવ્યેા કે આપણા ગુરૂદેવશ્રી સદાશિવ ભૌતાચાર્યનેા કાન સંબંધી ઈલાજ ચાલવાનેા છે, તેા આપણે જઇએ એ સારૂં ગણાય. આપણા જેવું કામ હશે તેા સેવાનેા લાભ મળશે, એમ વિચારી શિવભક્તો ત્યાં આવ્યા.

અહીં જોયું તેા શાંતિશિવ ગુરૂદેવને પ્રહાર ઉપર પ્રહાર કરે જતેા હતેા. મલીન વસ્ત્રને નિર્મળ કરવા ધેાતી પાષાણ ઉપર ધેાકાથી કૂટે એમ નિર્દય ઘાતકીપણે કૂટતેા હતેા, એટલે શિવભક્તો બેાલ્યા.

અરે શાંતિશિવ ! આ તેં શું આદર્યું છે ? પૂજ્યપાદ ગુરૂદેવને કેમ મારી રહ્યો છે ?

શાંતિશિવે ઉત્તર વાળ્યો, "આ પાપી ઘણી ઘણી મહેનત કરવા છતાં સાંભળતેા નથી."[૧]

ભૌતાચાર્ય કરૂણ અવાજે કરી રડવા લાગ્યા. અત્યંત વેદનાથી પીડિત થતા અને મૃત્યુની સેાડમાં આવેલા પ્રાણીની જેમ કરૂણાભરી ચીસેા ભૌતાચાર્ય કરવા લાગ્યા અને બચાવની યાચના કરવા લાગ્યા.

શિવભક્તો ભૂમાભૂમ કરતા ગુરૂદેવના રક્ષણ કાજે શાંતિશિવને વળગી પડ્યા, એટલે શાંતિશિવે કહ્યું કે "હું

૧ શાંતિશિવ વૈદ્યરાજનું અણસમજુ રીતે અનુકરણ કરી રહ્યો છે.

આટઆટલું કરું છું છતાં આ દુષ્ટ સાંભળતો જ નથી, તેથી આ પાપાત્માને હજુ મારવો પડશે.” આટલા પ્રયત્ન છતાં કેમ એક પણ અક્ષર સાંભળતો નથી ? તમે અહીંથી આઘા ખસી જાઓ. દૂર જાઓ, નહિ તો તમને પણ માર પડશે.

શાંતિશિવે શિવભક્તોને દૂર ખસી જવા કહ્યું, પણ એ ખસ્યા નહિ એથી દંડ લઈ એમના ઉપર પ્રહાર કરવા ચાલુ કર્યા.

શિવભક્તોની સંખ્યા વધુ હતી, આના હાથમાંથી લાકડી ખૂંચવી લો, ખૂંચવી લો, એમ બોલતા શાંતિશિવને બાથમાંથી પકડી લાકડી પડાવી લીધી.

શિવભક્તોએ વિચાર કર્યો કે શાંતિશિવને ભૂત બૂત વળગ્યું લાગે છે. કાં તો મગજ ખસી ગયું હશે. એવી કલ્પના કરી, સારી પેઠે માર માર્યો. ચોરને બાંધે એ રીતે એને બાંધી દેવામાં આવ્યો.

શિવભક્તોએ સદાશિવના રજ્જુબંધનો કાપી નાખ્યા અને એમની યોગ્ય સેવા ચાકરી કરી. ઘણા ઉપચારોના પરિણામે એમનામાં સ્ફૂર્તિ આવી. પુણ્ય કંઈક શેષ હશે તેથી જીવનને પામ્યા. માર એવો મૂઢ અને સખ્ત પડ્યો હતો કે બચવાની સંભાવના જ ન હતી.

શિવભક્તોએ શાંતિશિવને પૂછ્યું, ભલા માણસ ! આ તેં શું કરવા ધાર્યું હતું ? ગુરૂદેવને યમમંદિરે મોકલવા વિચાર કર્યો હતો કે ?

શાંતિશિવે જણાવ્યું, અરે! વૈદ્યરાજે મને ગુરૂદેવની બહેરાશ મટાડવાનો ઉપાય બતાવ્યો હતો. તે ઉપાય અજમાવતો હતો. મને તમે બંધનથી મુક્ત કરો. આપણા ગુરૂદેવના વ્યાધિની અવગણના ન કરો. વ્યાધિ પ્રતિ બેદરકાર રહેવું એ આપણા માટે સારૂં ન ગણાય.

શિવભક્તોએ વિચાર્યું કે આને ભારે ભૂત વળગ્યું છે. ગુરૂદેવને મારવાનો આગ્રહ હજુ પકડી રાખ્યો છે. છતાં શાંતિશિવને જણાવ્યું કે જો તું ફરીથી ગુરૂદેવને ન મારે તો તને બંધન મુક્ત કરીએ.

આવેશ પૂર્વક તાડૂકી શાંતિશિવે કહ્યું, તમારા કહેવાથી શું હું મારા પૂજ્ય ગુરૂદેવની દવા નહિ કરૂં? મને વૈદ્યરાજે જે ઉપાય દર્શાવ્યો છે તે કરવાનો જ છું. તમારૂં માનવાનો નથી. તમારૂં સાંભળવા પણ ઈચ્છતો નથી.

શિવભક્તોએ વૈદ્યરાજશ્રીને માનભેર તેડાવ્યા અને અહીંના મઠમાં બનેલી આ બધી વિગત વિસ્તારપૂર્વક સમજાવી.

વૈદ્યરાજને પ્રથમ તો મનમાં ખૂબજ હસવું આવ્યું અને પછી શાંતિશિવને કહ્યું, ભલા ભટ્ટારક! મારો પુત્ર બહેરો ન હતો. પરન્તુ વૈદકશાસ્ત્રના ઉચ્ચતમ ગ્રંથોનો મેં પરિશ્રમ કરી અભ્યાસ કરાવ્યો, એના રહસ્યોને સમજી લેવા રોજ એને સમજાવું છું. એ રખડેલ રેઢીયાળ હોવાથી મારૂં કહ્યું કરતો નથી એટલે મેં એને માર્યો. ભગાના ભા! "માર" એ કાંઇ બહેરાપણાની દવા નથી.

વળી મશ્કરીમાં બોલ્યા, શાંતિશિવ! તારા ગુરૂદેવ તારી

દવાના પ્રભાવથી નીરોગી બની ગયા છે. હવે તું તારા ઔષધનો ગુરૂદેવ ઉપર પ્રયોગ કરીશ નહિ. એ દવાની જરૂરત રહી નથી.

મારે તો ગુરૂદેવ સારા નરવા થાય એટલું જ જોઇએ છે. તમારા કહેવાથી આ મારી દવા નહિ કરૂં, એમ શાંતિશિવે જણાવ્યું, તેથી ગુરૂભક્તોએ શાંતિશિવના બંધનો દૂર કર્યા અને સૌ પોતપોતાના ઘરે ગયા.

વત્સ પ્રકર્ષ ! હું કહું તે તું સાંભળી જાય અને રહસ્યને ન સમજે કે સમજવા પ્રયત્ન પણ ન કરે, તો ભૌતાચાર્ય અને શાંતિશિવ જેવી અવદશા થાય. માટે તને કહું છું કે પરમાર્થ સમજવા સાવધાન રહેજે.

પ્રકર્ષ—મામા ! આ ચિત્તવૃત્તિ અટવી અને એના પરમાર્થને હું સમજી ગયો છું પરન્તુ પ્રમત્તતા નદી, ચિત્ત-વિક્ષેપ મંડપ, તદ્વિલસિત દ્વીપ, વિગેરેને બરોબર સમજી શકયો નથી.

હું તો એટલું જાણી શકયો છું કે આપે જણાવેલ વસ્તુઓ અભ્યંતર લોકોને આનંદ દેનાર અને બહિરંગ લોકોને અનર્થ કરનાર છે. સામાન્ય રીતે નામ ભેદો કરવામાં આવ્યા છે. પણ કાર્યની દૃષ્ટિથી કશો ખાસ ભેદ જણાતો નથી. હોય તો આપ મને સમજાવશો.

વિમર્શ—ભાઈ મેં તને દરેકના નામો કહ્યા, દરેકના ગુણો પણ જણાવ્યા, છતાં તને એનો ભાવાર્થ ખ્યાલ ન આવ્યો હોય તો તું એ વાત ફરી લક્ષમાં લઇ લે. હું તને સમજાવું છું.

મામાએ બધી વસ્તુઓનું પુનઃ વર્ણન કર્યું.

વિચક્ષણાચાર્ય નરવાહન રાજવીને આ સર્વ પદાર્થો બરોબર સમજાય એ રીતે જણાવે છે.

આ પ્રસંગે સંસારીજીવે અગૃહીતસંકેતાને પદાર્થોના સ્વરૂપનો પૂર્ણખ્યાલ આપવા જણાવ્યું, કે ભદ્રે અગૃહીતસંકેતા! પદાર્થની સમજુતી સરળ કરવી હોય તો એને કથાના રૂપમાં ગોઠવીને સમજાવવામાં આવે તો એ સહેલાઇથી સમજી શકાય છે. એટલા માટે હું તને આ પદાર્થો "વેલ્લહક" ની કથા દ્વારા સમજાવવા પ્રયત્ન કરીશ. તને એથી સ્પષ્ટ સમજૂતી પ્રાપ્ત થશે.

વેલ્લહક કથા :

"ભુવનોદર" નામનું એક મહાવિશાળ નગર હતું. "અનાદિ" નામના રાજા એ રાજ્યના અધિપતિ હતા. અજેય પરાક્રમથી અને અમેય બળથી પૂર્ણ વિશ્વના સંપૂર્ણ પ્રાણીઓ ઉપર પોતાની મનધારી સત્તા ચલાવી શકવા પૂર્ણ સમર્થ હતા.

"અનાદિ" મહારાજાને અતિપ્રિય, નીતિમાર્ગના જ્ઞાતા અને કાયદાશાસ્ત્રમાં કાબેલ "સંસ્થિતિ" નામે પટરાણી હતા.

રાજા રાણીને એક પુત્ર થયો અને "વેલ્લહકકુમાર" નામ સ્થાપવામાં આવ્યું. આ કુમાર ઘણો વહાલસોયો લાગતો હતો પણ ભારે આઉધરો નિકળ્યો. વેલ્લહકના આવાનો અભરકો કદી ભાંગતો નહિ. ગરિષ્ઠ અને સ્વાદિષ્ટ પદાર્થો વારેઘડીએ

પેટમાં પધરાવ્યા કરતો. કેટલું ખાવું, ક્યારે ખાવું અને કેવું ખાવું એનું એને લગીરે ભાન ન હતું.

વધુ પડતા અને વારેઘડીએ ખવાતા આહારના પરિણામે અજીર્ણ થઇ ગયું. પેટમાં વ્યાધિ થઈ ગયો અને ધીરે ધીરે જીર્ણજ્વર લાગુ પડ્યો, છતાં વેલ્લહકની ખાવાની ઇચ્છા વિરામ પામતી ન હતી. ખાવાની ઇચ્છા વધુ વધે જતી હતી.

જાણે રોગનું પ્રમાણ હજુ ઓછું જણાતું હશે, એટલે વેલ્લહકને ઉજાણી ઉજવવાનું મન થયું. ઉજાણી માટે વિવિધ વાનગીઓ કરવામાં આવી. વાનગીઓ એની સામેજ બનાવવામાં આવી રહી હતી, તેથી ભાઇસાહેબનું ખાવાનું મન થતું હતું. ઇચ્છાને કાબુમાં લઈ શકવા અસમર્થ બન્યો. લાલસાના કારણે તૈયાર થતી વાનગીઓમાંથી થોડું થોડું ત્યાંજ ઝાપટી જતો હતો.

વિવિધ ખાદ્ય પેય પદાર્થો, મિત્રમંડળ, અંતપુર અને દાસદાસી પરિવાર સાથે ઉજાણી ઉજવવા બહારના રાજકીય ઉદ્યાનમાં આવ્યો. ઉદ્યાનમાં હરવું-ફરવું આનંદ-પ્રમોદ, ખેલ-કૂદ વિગેરે વિલાસો વિલસી રમ્ય લીલાછમ ગાલીચા જેવા ઘાસની સમતલ ભૂમિ ઉપર સૌ બેઠા.

જુદી જુદી વાનગીઓ ગોઠવવામાં આવી. વાનગીઓ જોતાં જ વેલ્લહકના મોઢામાં પાણી છૂટી ગયું. ખાવાની ઇચ્છા ઉગ્ર બની અને બધી વાનગીઓમાંથી થોડો થોડો સ્વાદ કર્યો.

પેટ ભારેખમ થઇ ગયું. જીર્ણજ્વર પહેલાંથી હતો,

એમાં વનનો શીતળ પવન એટલે જ્વરનો પ્રકોપ અતિતીવ્ર બન્યો. શરીરમાં ઉષ્ણતામાન ઘણું ઝડપથી વધવા લાગ્યું.

આ વખતે "સમયજ્ઞ" નામનો વૈદ્યપુત્ર સાથે હતો. ઉજાણીમાં આવવા આમંત્રણ અપાએલું હોવાથી આવેલો. વેલ્લહકકુમારને ઘણો તાવ ચડી ગયો છે એ વાત એના ખ્યાલમાં આવી ગઇ. કુમારને તાવના પ્રતિકારનો ઉપાય બતાવતા જણાવ્યું.

કુમારશ્રી ! જ્વર પ્રકોપમાં ભોજન કરવું આપને માટે યોગ્ય નથી; લંઘન કરવું જોઇએ.

જો એમ નહિ કરવામાં આવે તો આપને ઘણું નુકશાન વેઠવું પડશે. આપનું આરોગ્ય તદ્દન કથળી ગયું છે.

આપે ખાવા ઉપર સર્વથા નિયંત્રણ કરવું જોઇએ. બહારની શીતળ હવા જ્વરમાં વધારો કરે છે. મહાસુદર્શન ચૂર્ણ અને ત્રિભુવનકીર્તિ ગુટિકાનું નિયમિત સેવન કરવું જોઇએ. આપે ઘણા દિવસ નિયમિતતા જાળવવી જોઇશે.

રસનાને આધીન બનેલા વેલ્લહકે સમયજ્ઞની વાતને જરાય લક્ષમાં ન લીધી. જ્વરના પ્રતિકારના ઉપાયો પણ ન કર્યા. પેટ ભરાઇ ગયું હતું, વાનગીઓ ગળામાં ઉતરતી ન હતી છતાં ઠાંસીને ખાવા લાગ્યો. ગળા સુધી ખાધે રાખ્યું.

છાતીમાં ગભરામણ થવા લાગી, ઉર્ધ્વવાયુનો ઉછાળો થવા લાગ્યો, પેટ વધુ પડતા આહારના દબાણને જીરવી ન શકયું એટલે એજ સ્થળે વેલ્લહકને ઉલટી–વોમીટ થઈ ગઈ.

સમયજ્ઞે કહ્યું, દેવ ! મેં આપને આહાર આરોગવા ના કહી હતી, પણ આપ મારી વાતની અવગણના કરી વધુ ખાધું તેથી એનું કેવું ભયંકર પરિણામ આવ્યું ?

વેલ્લહકે કહ્યું, સમયજ્ઞ ! મેં વધારે ખાધું જ નથી. વાયુના પ્રકોપથી ઉલટી થઇ ગઇ છે. મારૂં પેટ ખાલી થઇ ગયું છે. મારે ભોજન કરવાનું છે. જો પેટ ખાલી રહેશે તો વાયુથી જઠર ભરાશે અને વધુ નુકશાન થશે. મને હજુ ખાઇ લેવા દો.

ભોજન સ્થળે જે ઉલટી થએલી હતી એના છાંટા ભોજનના ભાણામાં પણ ઉડેલા છતાં એની દરકાર ન કરતાં વેલ્લહકે ભોજન કરવું ચાલુ કર્યું.

સમયજ્ઞે હાથ પકડી કહ્યું, દેવ ! દેવ ! આ શું કરો છો ? કાગડા જેવું ઘૃણાસ્પદ વર્તન આપને શોભે ? કયાં આપનો ચંદ્રકિરણ જેવો યશ ? કયાં આપની નિર્મળ શરીર કાંતિ ? કેવું આપનું વિશાળ રાજ્ય ? કેવા આપના ગુણશીલ માતા પિતા ? આપથી આવા બિભત્સ પદાર્થો ખવાય ? મારા દેવ ! આ ભોજન તજી દો.

મને ક્ષુધા અત્યંત સતાવે છે. હું તો ખાઈશ. તમે મને ન અટકાવો. એમ જણાવી વેલ્લહકકુમારે ઉલટી-વમન મિશ્રિત આહાર આરોગવો ચાલુ કર્યો અને પરિણામે જ્વર એકદમ વધી પડ્યો. જ્વરની સાથે સન્નિપાતનો વ્યાધિ ઉભો થયો.

સન્નિપાતના લીધે કુમાર પોતાનું ભાન ગુમાવી બેઠો. ઉલટી-વમન કરેલી ભૂમિમાં જ આળોટવા લાગ્યો.

એ રીતે ગંદકીમાં આળોટતા ઘણો સમય પસાર થઇ ગયો.

હે અગૃહીતસંકેતા ! મારે જે કથા કહેવાની હતી, તે મેં કહી સંભળાવી. તમને દરેક પદાર્થોનો ખ્યાલ આવી ગયો હશે.

અગૃહીતસંકેતા આ વાત સાંભળી વધારે મુંઝવણમાં પડી ગઇ. મેં તો ચિત્તવૃત્તિ અટવી વિગેરેના ભાવાર્થના સ્પષ્ટીકરણ માટે પૂછેલું પણ આ ભદ્રપુરૂષે એવી વાર્તા કહી કે કાંઇ મેળ જ એમાં દેખાતો નથી. ભેંશ આગળ ભાગવત જેવું બન્યું.

અગૃહીતસંકેતાએ સંસારીજીવને જણાવ્યું, ભાઇ ! તેં જે વાર્તા કહી, એનાથી મને કાંઇ લાભ થયો નથી. મારે જે રહસ્ય સમજવું હતું તે જરા પણ સમજાણું નથી. ચિત્તવૃત્તિ અટવી વિગેરેનો પરમાર્થ ન સમજાણો એ તો ઠીક, પણ તારી આ કથાનો મુદ્દો પણ મને ખ્યાલમાં આવેલ નથી.

મારે તને એટલું જ કહેવાનું છે કે ભાઇ ! તું સ્પષ્ટ સમજાવ તો સારૂં. આ રીતે મને કાંઈ ગતાગમ પડતી નથી.

સંસારીજીવે પ્રજ્ઞાવિશાલાને ઉદ્દેશીને કહ્યું, ભગિનિ ! મારે આરામની જરૂર છે. તું અગૃહીતસંકેતાને વેલ્લહકની કથાના મુદ્દાઓને સમજાવ. તું પણ અર્થઘટના સુંદર રીતે કરી શકે છે.

આદર પૂર્વક પ્રજ્ઞાવિશાલાએ કહ્યું, બહુ સારૂં.

વેદ્વહક કથાની અર્થઘટના :

વહાલી સખી ! તને કથાની અર્થઘટના કહું છું, તું સાંભળ. તને અવશ્યમેવ કથાના મુદ્દાઓનો પરમાર્થ સમજાઇ જશે.

વેદ્વહક કોણ ?

કર્મબંધનથી બંધાએલો જીવ એને વેદ્વહક સમજવાનો છે. એ કર્મો આ જીવને અનાદિકાળથી વળગેલા છે. પ્રવાહની અપેક્ષાએ વેદ્વહકને કર્મો ક્યારે વળગ્યા એની કોઇ ગણના નથી. કર્મબંધનો આદિકાળ નથી માટે "અનાદિ" એના પિતા થયા. આ પરિસ્થિતિની "સંસ્થિતિ" વિદ્યમાનતા પણ ત્યારથી છે, એટલે "સંસ્થિતિ" માતા જાણવી.

"ભુવનોદર" સંસાર વિના સકર્મક જીવ સંભવે નહિ. ભુવન એટલે ત્રણલોક અને ઉદર એટલે પેટાળ. અર્થાત્ સંસાર. સંસારમાં જ સકર્મક વેદ્વહક અને એના જેવા અન્ય સકર્મક જીવો હોય છે.

ચિત્તવૃત્તિ મહાટવી :

વેદ્વહકકુમારની મનોવૃત્તિઓને ચિત્તવૃત્તિ અટવી સમજવી, ચિત્તમાં વૃત્તિઓના વિચારોના વા-વંટોળ ચાલ્યા કરે છે, એજ મહાટવીમાં થાય છે. મહાટવીમાં ભૂલો પડેલો મુસાફર અટવાઈ જાય અને દિશાભ્રમ પણ થઈ જાય છે એમ વિચારોમાં જે અટવાય છે, ત્યાં મહામોહમહિપતિ વિગેરે પોતાનું સ્થાન જમાવે છે.

"મોહ" આવે એટલે વૃત્તિઓમાં "રાગકેશરીને" ફાવટ થાય અને જો રાગજન્ય પદાર્થોની પ્રાપ્તિમાં વિઘ્ન આવે તો "દ્વેષગજેન્દ્ર" પોતે સત્તા જમાવવા મથે. વૃત્તિઓ વિઘ્ન વિનાશ માટે "ક્રોધની" મદદ માગે, એ છતાં વિઘ્ન દૂર ન થાય તો "માયા" દેવીને આમંત્રણ મળે, એ દ્વારા કાર્ય-સિદ્ધ થાય તો પ્રાપ્તિનું "માન" ગર્વ ઉભો થાય અને વૃત્તિ અટવીમાં નિવાસ બનાવે.

માયા કરવાં છતાં વૃત્તિ પ્રમાણે અભીષ્ટ પ્રાપ્તિ ના થાય તો "લોભ તૃષ્ણા" સતાવ્યા કરે. શોક, અરતિ, ઉદ્વેગ, ઇર્ષા, અસૂયા વિગેરે ફોજનો ધસારો ચિત્તવૃત્તિ અટવીમાં આવી પડે.

જો ચેતન ચિત્તવૃત્તિઓને ઉઠવા જ ન દે, એના અંકુરને બહાર જ ન આવવા દે, તો મોહ મહિપતિ સ્વયં ન આવી શકે. મોહના અભાવમાં બીજાઓનો પ્રવેશ સંભવતો નથી. અલિ સખી! આ વાત તો તને ખ્યાલમાં આવી ગઇને? વેલ્લહકકુમારના સ્થાને આપણે આપણા સકર્મક આત્માને ગોઠવવો. આપણી ચિત્તવૃત્તિ અટવીમાં આ આંતરલોકોનું જોર ચાલે છે કે નહિ એ તપાસવું.

અજીર્ણની યોજના :

"વેલ્લહકકુમારને અનેક ભાતની ભોજનની વાનગીઓ આરોગવાની ઇચ્છા જાગ્યા કરતી," એ વાતને આ જીવ સાથે વિષય લંપટતાના ભાવ સાથે સરખાવવી.

"વેલ્લહકને વારંવાર ખાવાની ઇચ્છા જાગ્યા કરતી." એ

વાતને આ જીવ સાથે વારંવાર થતી વિષય ભોગોની ઇચ્છા સાથે યોજી દેવી.

"કુમારને અતિ ભોજન કરવાના પ્રતાપે અજીર્ણ થઈ ગયું." તેમ આ જીવને વધુ પડતા ભોગો ભોગવવાના પ્રતાપે કર્મો વધુ પડતા આત્મામાં ભેગા થઇ ગયા, તેથી કર્મોનું અજીર્ણ થઇ ગયું. એ અજીર્ણમાં અજ્ઞાન અને પાપનો જ કચરો ભેગો કરી રાખ્યો હતો.

"કુમારને વધુ ખાવાના લીધે અંતઃજ્વર થયો." તેમ અજ્ઞાન–મોહ કર્મો દ્વારા જીવને રાગ ઉત્પન્ન થાય છે. રાગાદિ જીવને તપાવે છે. જે વસ્તુ કે વ્યક્તિ ઉપર જીવને રાગ ઉત્પન્ન થાય અને એ વસ્તુ કે વ્યક્તિ પ્રાપ્ત ન થાય અથવા પ્રાપ્ત થયા પછી સંયોગમાંથી વિયોગ ઉભો થાય ત્યારે જીવને અન્તસ્તાપ-અંતરમાં વ્યથા રૂપ તાપની સતામણી થાય છે એજ તાવ છે.

પ્રમત્તતા નદીની સંયોજના :

"વેલ્લહકને વારંવાર ખાવાની ઇચ્છા થયા કરતી" રાગાદિ દ્વારા જીવને પ્રમાદાદિ થાય છે અને રાગાદિ દ્વારા મદ્યપાન, વિષયસેવન ઇચ્છા, ક્રોધાદિ ઉત્કટતા, નિદ્રા, લોક-નિંદાદિનું આચરણ વારંવાર થયા કરે છે, આનું નામ પ્રમત્તતા નદી.

પ્રમત્તતા નદી જ્યારે ચિત્તવૃત્તિ અટવીમાંથી પસાર થાય છે, ત્યારે આ જીવની વૃત્તિઓમાં–વિચારોમાં તરહ તરહના તરંગો જાગે છે. મદિરાપાનનું મન થાય, નિદ્રા વધુ આવે,

નમણી નારીઓના અને મુલાયમ વસ્ત્ર કે વસ્તુઓના સ્પર્શનું મન થાય, મધુર અને સ્વાદિષ્ટ ભોજનની ઝંખના જાગે.

સુગંધી અત્તરો અને સુગંધી ફુલોની ફોરમ એની નાસિકાને ગમે. નયન મનોહર નારીના રૂપો નિરખવા નયનો ટગર ટગર થયા કરે, વિષયની વાસનાને ઉદ્દીપન કરનારા સંગીતના સૂરોને બહેલાવતી વાજિન્ત્રોની સુરાવલી અને કોકીલકંઠા કામિનીઓના કમનીય ગીતો સાંભળવા કાન સરવળે.

ચિત્તવૃત્તિ અટવીમાં પ્રમત્તતા નદી પુરજોશમાં વહે ત્યારે આવી પરિસ્થિતિ જીવની સર્જાય છે.

ઉજાણી ગમનની ઉત્કંઠા યોજના :

" વેલ્લહકકુમારને ઉજાણી ઉજવવાનું મન થયું, તેથી વિવિધ વાનગીઓ તૈયાર કરાવરાવી. થોડી થોડી ત્યાંજ ખાધી, પછી ઉદ્યાનમાં ગયો અને ત્યાં મિત્રમંડળ સાથે ઉજાણી ઉજવી."

સકર્મક જીવને પણ એમ જ વિચારો આવે છે કે પૈસા વિગેરે અનર્ગલ સંપત્તિ મેળવું. પરદેશ જઇ અનેક રીતે ધનોપાર્જન કરી મોજમજા માણું. ધનાદિ દ્વારા અનેક નારીઓ સાથે વિવિધ વિલાસો વિલસું, ભોગો ભોગવવા એજ માનવ જીવનનું કર્ત્તવ્ય છે અને ધનનું ફળ છે. એવા વિચારો કરી વિલાસની સરિતામાં સ્નાન કર્યા કરું.

આ વિચારોને ઉજાણી ઉજવવા માટે વેલ્લહકકુમારના ઉદ્યાનગમન સાથે સરખાવવું.

તદ્વિલસિત દ્વીપનો ભાવાર્થ :

" વેલ્લહકકુમાર ઉદ્યાનમાં ગયો અને વિવિધ વાનગીઓના સ્વાદ કર્યા." એ રીતે જીવ અન્યાય અનીતિ દ્વારા છળ કપટનો આશ્રય લઈ ધન ભેગું કરે છે. ધનના અતિરેકથી ખાનપાનમાં મસ્ત બને છે. નાચ-ગાનના નખરાં સૂઝે છે. વેશ્યા દારૂ અને જુગાર એના પ્રિય સાથીદારો બને છે.

ગમ્યાગમ્ય ભોગ્યાભોગ્યના વિવેક વિનાનો બની સ્વચ્છંદાચારે વિચરે છે. સન્માર્ગ નગરથી ઘણો દૂર દૂર નીકળી જાય છે, દુરાચરણરૂપ ઉદ્યાનમાં આવી ચડે છે. અહીં પહેલાં ભોગવેલા પદાર્થોને ફરી ભોગવવા ઇચ્છે છે.

લોલુપતાનો પારો કેટલો ચડેલો છે તે આમાં જાણવા જેવું છે. પ્રમત્તતા નદીમાં આવેલ તદ્વિલસિતદ્વીપમાં મહામોહ વિગેરે આવીને અનાર્યક્રીડાઓ દ્વારા આનંદિત થાય છે.

ચિત્તવિક્ષેપ મંડપની સંઘટના :

ભદ્રે અગૃહીતસંકેતે ! " વેલ્લહકકુમારે ઉદ્યાનમાં પણ દરેક વાનગીઓ થોડી થોડી આરોગી. જંગલનો પવન એને લાગ્યો તેથી તાવની અસર થઇ અને થોડા સમયમાં જ તાવનો પ્રકોપ ઘણો ઉગ્ર થઈ ગયો. સમયજ્ઞ વૈદ્યપુત્રે જણાવ્યું, કે કુમારશ્રી આપના શરીરમાં તાવ છે, માટે આ ભોજન જતું કરો પણ કુમારને ભોજન ઉપર અતિતીવ્ર આસક્તિ હતી, તે વૈદ્યપુત્રની વાત સાંભળવા તૈયાર ન હતો."

કર્મના અજીર્ણના લીધે આ પ્રાણીને પણ તાવ આવી જાય છે. તેમાં પ્રમાદમાં પડવાથી અજ્ઞાનરૂપ વાયુના સ્પર્શ

થવાના કારણે કર્મજ્વર એનો ઘણો વધી જાય છે. ધર્મગુરુ-રૂપ વૈદ્યપુત્રને તાવનો ખ્યાલ આવી જાય છે. એ જીવને પ્રમાદમાં પડતો અટકાવવા હિતશિક્ષા આપે છે.

હે ભદ્ર ! કર્મના અજીર્ણથી તને આ જ્વર લાગુ પડ્યો છે. પ્રમાદને તિલાંજલિ આપ. નહિ તો તારો આ જ્વર અત્યંત વધી જશે. એમાં ઉપેક્ષા કરશો તો મહામોહના લીધે સન્નિપાત થઈ જશે.

પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માએ આવા પ્રકારના તાવના નિવારણ માટે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર ઔષધ બતાવ્યું છે. લાંઘણ દ્વારા ઉદર-શુદ્ધિ કરી તું એ દવાનું આસેવન કર જેથી તાવ વધતો અટકે, ભવિષ્યમાં સન્નિપાત ન થાય.

પરન્તુ અતિવિષયાસક્ત બનેલો જીવ ધર્માચાર્યની વાત ગણકારતો નથી. એ જીવ તો ધર્મગુરુ બતાવે એના કરતાં વિપરીત જ વર્તે છે. ધર્મગુરુના વચનો એના કાનને સ્પર્શતા જ નથી. આ જાતનું એ જીવનું માનસ હોય છે. આને જ ચિત્તવિક્ષેપ મંડપ સમજવો.

તૃષ્ણાવેદ્ધિકાનું તારણ :

સખી અગૃહીતસંકેતે ! " ભોળા વેદ્યહકને એવી તીવ્ર આસક્તિ હતી કે પેટપૂર ખાવા છતાં, ગળાની નીચે જતું નથી તોય લોલુપતાના લીધે હજુ ભોજન આધે જ રાખે છે. છેવટે ઉર્ધ્વવાયુનો ઉછાળો થયો અને ભોજનસ્થાને જ વમન-ઉલટી થઇ ગઇ. "

આ જીવને અજીર્ણ થવાથી ચિત્તતાપ-મનોજ્વર રહેતો હતો, એથી એનું મન વિહ્વળ રહ્યા કરતું.

વૃદ્ધાવસ્થાના કારણે સર્વેંદ્રિયોની શક્તિ ક્ષીણ બની ગઇ હોય છે. કર્ણપુરીના દેવો કયાંય ચાલ્યા ગયા હોય છે. દંત-પુરી ઉજ્જડ બની ગઇ હોય છે. નાસિકાપુરીમાં માત્ર ફુંફાડા જ સંભળાતા હોય છે. હસ્તપુરી થરથર કંપતી હોય છે. પેટલાદપુરીમાં માલ બપતો અને પચતો નથી. મુત્રપુરી અને ગુદાપુરીના કામ ઢીલા પડી ગયા હોય છે. એ સમયસર કામ બજાવી શકતાં નથી. પાદપુર પડું પડું થતું સદા ધ્રુજારી અનુભવતું હોય છે. નેત્રનગરીનું તેજ હણાઇ ચૂકયું હોય છે. શરીરપુરીમાં તમામ અવાંતરપુરીના કામકાજો અસ્તવ્યસ્ત અને મંદ બની ગયાં હોય છે.

તો પણ આ આસક્ત જીવ ભોગેચ્છાની ઠગારી ઝંખનાને તજતો નથી, પ્રમાદને છોડતો નથી, છતાં વિવેકવંત શાણો સમયજ્ઞ સમજાવે છે, તો એને સાંભળવા કે સમજવા ઉત્સુક હોતો નથી.

મોહાધીન બનેલા આ જીવની દશા એવી હોય છે કે મળ્યું એમાં વધારો કેમ થાય ? એ જ વિચાર્યા કરે.

ધનના ભંડાર ભરપુર છલકતાં હોય, વિનયવંત પનોતા પુત્ર હોય, કલ્યાગરી કામણગારી કામિની હોય, યશઃપ્રભા સુંદર ફેલાએલી હોય, વાહવાહ થતી હોય, તો પણ જીવ ધનભંડાર વિગેરેની વૃદ્ધિને ઝંખ્યા કરે.

" વમનમાં આવેલું નીકળી જાય છે. " એમ આ જીવને

પ્રાપ્ત થએલી વસ્તુઓ ચોરો દ્વારા ચોરાઇ જાય, રાજ્ય દ્વારા જપ્ત થાય, અગ્નિ યા જલ દ્વારા સર્વનાશ કે અલ્પનાશ થાય, પોતાની પત્ની રીસાઇને ચાલી જાય, પુત્રો વિવેક ન જાળવે અને સામા થાય.

વધુ પડતી આશાઓના કારણે જીવની આ દશા થાય છે. આનું નામ "તૃષ્ણાવેદિકા" અને એનો વકરેલો પ્રભાવ સમજવો.

વિપર્યાસ સિંહાસનની અર્થ સંયોજના :

અલી સખી ! વેલ્લહકકુમારને વમન થયું અને એના કારણમાં વેલ્લહકે વાયુના પ્રકોપને માન્યું, જો વધુ વખત ઉદર ખાલી રહેશે તો પેટમાં સખ્ત વાયુપ્રકોપ થઈ જશે અને શરીર નષ્ટ થઇ જશે. આ માન્યતા વેલ્લહકની હતી.

એમ જીવે એકઠો કરેલો વૈભવ નાશ પામી જાય કે પ્રિય સ્નેહી સ્વજનનો મૃત્યુના કારણે વિયોગ થાય. હૃદયને આઘાત-કારક અન્ય કોઈ ઉપદ્રવ આવી પડે ત્યારે આ ભદ્ર જીવ વિચારે છે, કે મારી યોજનામાં જરૂર કયાંક કચાશ રહી ગઈ, મારા પુરૂષાર્થમાં કયાંક ખામી રહી ગઈ. વ્યાધિની ચિકિત્સાની ખામીના કારણે પ્રિય સ્વજનનું મૃત્યુ થયું.

ખેર ! ફરી સાહસ અને ઉદ્યમનો આશ્રય લઇ વૈભવ મેળવું. નાશીપાસ થયે ન ચાલે. પુરૂષાર્થ એ જીવનની ઉન્નતિમાં આધારસ્થંભ છે. આમ હતાશ થયે કાંઇ કામ થતાં હશે ?

આ સર્વ વિચારણા વિપર્યાસ સિંહાસનના બળે થાય છે, ધન વાદળવીજ જેવું ચપલ છે, પ્રિયનો સંગમ સ્વપ્ન જેવો અસ્થિર છે. આયુષ્ય જલતરંગ જેવું ક્ષણભંગુર છે, ભોગવિલાસો

સંધ્યાના વાદળા જેવા અલ્પ સ્થાયી છે. એવી વાસ્તવિક વિચારણા ન કરતાં વિપરીત વિચારણા કરે, એ વિપર્યાસ સિંહાસન સાથે સરખાવવા જેવું છે.

વમનનું ફરી ભોજન :

સ્નેહાળ સખી ! તને ખ્યાલ છે ને ? "મૂરખ વેલ્લહકે વમનથી ઉચ્છિષ્ટ બનેલું ભોજન ફરી આરોગવા માંડયું. સમયજ્ઞ વૈદ્યપુત્ર વારતા રહ્યા અને ભાઇસાહેબ હોંશેહોંશે એ ગટકાવી ગયા."

એ જ વિધિથી આ જીવ ભોગવીને તજી દીધેલા અને ઉચ્છિષ્ટ બનેલા પદાર્થો પ્રતિ ફરી ભોગઅભિલાષ ધરાવે છે. કર્મમળથી એટલે હદ સુધી લેપાઈ ચૂકયો હોય છે કે એના લજ્જા-વિવેક વિગેરે ગુણો રહેવા પામતા નથી.

વિશ્વમાં રહેલા દરેક પદાર્થોને અનેક વખત અનેક રીતે પૂર્વના અનેક ભવોમાં આ જીવ ભોગવી ચૂકયો હોય છે. છતાં આજે એની સ્થિતિ એની એ જ. જાણે આ દશ્યમાન પદાર્થો વિણ ભોગવેલા છે.

જે પદાર્થો દેખાય છે તે પુદ્ગલ સમુદાય છે અને પરમાણુ સમુહ છે. એક પુદ્ગલ-પરમાણુ એવો નથી કે જેને આ જીવ ભોગવી ન ચૂકયો હોય. એટલે આ વમન કરેલા પુદ્ગલોને ફરી ભોગવવા એ વમન કરેલી અને વમનથી ખરડાએલી સામગ્રીનો પુનઃ ઉપભોગ કરવા બરોબર છે.

આ વાત ધર્મગુરુઓ બરોબર સમજાવે છે અને વમનની સાથે સ્પષ્ટ રીતે સરખાવે છે.

હે ભાગ્યવાન્ ! તમે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છો. અનંતજ્ઞાન,

અનંત દર્શન, અનંત ચારિત્ર ગુણોના સ્વામી છો. મહાસત્ત્વશીલ વ્યક્તિ છો. તમારે પુદ્ગલપ્રેમ કરવો ન શોભે. વમન કરેલા ભોજનને ફરી ખાવા જેવું નિંદ્ય કાર્ય છે. તમારો આત્મા નિર્મળ છે. આવું દૂષણ ન શોભે.

અવિદ્યા શરીરની યોજના :

સમયજ્ઞ વૈદ્યપુત્ર તુલ્ય ગુરુ જ્યારે આત્મસ્વરૂપનો ઉપદેશ આપે છે, ત્યારે આ જીવ વિચારે છે, કે ખરેખર આ ધર્માચાર્ય સાવ ભ્રમિત કે મૂર્ખ લાગે છે. સુંદર, મધુર, આરામ અને આનંદ આપનારા પદાર્થોની નિંદા કરે છે. માંસભક્ષણ, સ્ત્રીગમન, સંગીતશ્રવણ, સુગંધી પુષ્પ પરિભોગ, સુંદર વસ્ત્રાભૂષણ પરિધાન વિગેરે અપાર સુખના સાધનો છે, એને ધર્માચાર્ય દુઃખના સાધન જણાવે છે. એ દુઃખના સાધન માનવામાં આવે તો બીજા કયા સુખના સાધનો છે ?

આવી વિકૃત અને છીછરી કલ્પના કરીને તે જીવ વિષય અને વિષયના સાધનોને નિરંતર રહેનારા, સર્વ રીતે પવિત્ર, સુખને દેનારા અને આત્મીય માને છે. મારા સુખ ખાતર જ નિર્માણ થએલાં માને છે. ભૌતિક વસ્તુને આવશ્યક ગણે છે.

મહામોહના શરીરને અવિદ્યા નામ આપવામાં આવેલું તે આવા મનોભાવને અવિદ્યારૂપ શરીર સમજવું.

સન્નિપાતનો સંબંધ :

સંકેતા ! " વેલ્લહકકુમારે ગળા સુધી ખાધું, પછી વમન થયું, તાવ વધ્યો અને છેવટમાં સન્નિપાત થઇ ગયો. ભોજનસ્થાને જ પડી ગયો અને વોમીટમાં આળોટી રગદોળાવા

લાગ્યો. અવર્ણનીય દયામણી દશાને પામ્યો. આ પરિસ્થિતિમાં કોઇએ કુમારનું રક્ષણ કર્યું નહિ."

આ વર્તન કર્મમળથી મલીન બનેલા આત્મા માટે સમજવું. જીવ પ્રમાદયુક્ત બને છે, ત્યારે એને અનેક સંકલ્પ વિકલ્પ જાગે છે, તૃષ્ણામાં તણાવા લાગે છે. મનમાં અનેક વિપર્યાસો થાય છે. અવિદ્યાથી અંધ બની ભૂંડની જેમ સંસારકાદવમાં મસ્ત બને જાય છે. વિષયવિલાસના સાધનોમાં દુઃખ છતાં, પોતાની કલ્પનાથી સુખનો અનેકગણો આરોપ કલ્પી લે છે.

આ સમયે ધર્માચાર્ય સમજાવે તો, એ ધર્માચાર્ય આ જીવને મૂર્ખ, અક્કલ વગરના ગમાર લાગે છે. છેવટે ભાઇ પાપમાં વધુ ડુબે છે. કર્મનો તાવ લાગુ પડે છે અને સન્નિપાત થઇ જાય છે. વધુ પાપાચરણો કરે જાય છે.

પાપોદયના પાપી પરિણામે વમન કરેલી વસ્તુ કરતાં અનંતગુણી દુર્ગંધી, દુઃખદાયી નરક નિગોદાદિ ગતિમાં ગબડી પડે છે. ત્યાં એનો બચાવ કરનાર કે હૂંફ દેનાર કોઇ પણ શોધ્યું જડતું નથી.

મહામોહ પ્રાણીઓ સાથે બાહ્ય એવું સુંદર વર્તન રાખે છે કે એઓ પોતાના સારા બંધુ-સ્વજનોને તરછોડી મૂકે છે. મહામોહમાં એવી શક્તિ છે કે એના જોરે પ્રાણીઓને પોતાના હાથમાં રાખે છે. આત્મા પોતાની વર્ચસ્વશક્તિનું ભાન ભૂલી જાય છે.

સુનયને ! પ્રમત્તતા નદી વિગેરેના સર્જનહાર, તે દ્વારા જ

પોતાની વૃદ્ધિ માનનાર અને સર્વ પદાર્થોના ચક્રોને ગતિમાન કરનાર શ્રી મહામોહ મહિપતિ જ છે.

સંક્ષિપ્ત અર્થ યોજના :

સખી અગૃહીતસંકેતે ! પ્રમત્તતા નદી વિગેરેનો ભાવાર્થ સમજાવવા માટે તને આ વેલ્લહકકુમારનું દૃષ્ટાંત કહેવામાં આવ્યું છે. દરેક પદાર્થોના પરમાર્થ ખ્યાલમાં આવી ગયા હશે. છતાં ફરીવાર સિંહાવલોકન કરી લઇએ.

૧. વિષયો પ્રતિ ઉન્મુખતા અને ભોગવિલાસની અભિલાષા એ " પ્રમત્તતા નદી " સમજવી.

૨. વિષય ઉપભોગની સામગ્રીઓનો ઉપભોગ કરવો અને એમાં રાચવું, આનંદ માનવો, એ "तद्विलसित द्वीप" જાણવો.

૩. હે ચંદ્રમુખી ! વિષયભોગમાં પ્રવૃત્તિ થયા પછી ચિત્તમાં લોલુપતા જાગૃત થાય છે અને મસ્તકમાં એક પ્રકારની શૂન્યતા વ્યાપક બને છે તેને " ચિત્તવિક્ષેપ મંડપ " સમજવો.

૪. ભોગોનો ભોગવટો કરવા છતાં એમાં તૃપ્તિ થતી નથી અને વધુ ને વધુ ભોગવિલાસની ઇચ્છા જાગ્યા કરે છે, તેને " તૃષ્ણા વેદિકા " સાથે સરખાવવી.

૫. પાપના ઉદયથી ભોગોપભોગની સાધન-સામગ્રી પ્રાપ્ત ન થાય અથવા પ્રાપ્ત થયા પછી નષ્ટ થાય, તેથી ફરી એ વસ્તુઓ અને સાધનો મેળવવા પ્રયત્ન આદરવો, લોકો જેને પુરૂષાર્થ કહે છે તે જ " દૃષ્ટિવિપર્યાસ સિંહાસન " માની લેવું.

૬. આ સંસારના સર્વ પદાર્થો અનિત્ય, અપવિત્ર, દુઃખ-

પ્રદ અને આત્માથી ભિન્ન છે, છતાં નિત્ય, પવિત્ર, સુખપ્રદ અને આત્મીય માનવારૂપ વિચારધારાને "અવિદ્યા" સાથે યોજવી.

૭. આ સર્વ પદાર્થોનો પ્રવર્તનહાર મહામોહ છે. મહામોહ આ બધી વસ્તુઓ ઉત્પન્ન કરે છે અને આ બધી વસ્તુઓમાંથી મહામોહ ઉત્પન્ન થાય છે. એક-બીજા એક-બીજાના ઉત્પાદક, પોષક અને સમર્થક છે.

અલી સુંદરી ! પ્રમત્તતા નદી વિગેરે પદાર્થો જુદા જુદા ભાવાર્થોને સમજાવનારા છે. એ વાત તારે લક્ષમાં રાખી લેવી ઘટે.

અગૃહીતસંકેતાએ જણાવ્યું, હે બહેન ! કથાનકનો ભાવાર્થ તેં બરોબર સમજાવ્યો. તારા સમજાવવાથી ખ્યાલમાં આવી ગયો છે. તારું નામ " પ્રજ્ઞાવિશાલા " સાચું અને સાર્થક છે. તને વાર્તા અને ભાવાર્થ સમજાવવામાં ઘણો પરિશ્રમ પડ્યો માટે તું આરામ લે. સંસારીજીવને આરામ મળવાથી થાક ઉતરી ગયો છે માટે હવેની વાત એને જ કહેવા દે.

સંસારીજીવ આગળ વાર્તા ચાલુ કરે છે.

પ્રકરણ છટ્ઠું

મિથ્યાદર્શન આદિ મોહ પરિવાર

સંસારીજીવ વાતો આગળ ચલાવે છે.

શ્રી નરવાહન રાજાને રિપુદારણના સાંભળતાં શ્રી વિચક્ષણ સૂરીજીએ જણાવ્યું.

એ વખતે વિમર્શમામાએ પ્રકર્ષ ભાણેજને કહ્યું: ભાઇ પ્રકર્ષ! તને પ્રમત્તતા નદી વિગેરેનો પરમાર્થ સ્પષ્ટ સમજાવ્યો છે. તારે વધુ કાંઈ પૂછવાનું બાકી છે? કાંઇ પ્રશ્ન હોય તો જણાવ. એનું પણ નિરાકરણ કરી શકાય.

પ્રકર્ષ—મામા! પ્રમત્તતા નદી વિગેરેના નામો અને સ્વરૂપ મને બહુ સરસ રીતે ખ્યાલમાં આવી ગયા છે. પરન્તુ આ મહારાજા મહામોહ અને એમના પરિવારનો પરિચય કરાવો. એમના ગુણ-દોષો મને સમજાવો.

દેવી મહામૂઢતા :

વિમર્શ—ભાણા! સામે જો જોઇએ. મહારાજા મહામોહના સિંહાસનના અર્ધભાગમાં સ્થૂલકાય નારી બેઠેલાં છે, તે મહારાજાના માનવંતા અને સદા સૌભાગ્યવંતા મહારાણી સાહિબા છે. એ મહારાજાને અત્યંત પ્રિય છે. મહારાણીના ગુણો અને સ્વભાવ મહારાજાથી મળતા જ છે. મહામૂઢતા એનું નામ છે.

મહામાત્ય મિથ્યાદર્શન :

મહારાજાના સિંહાસનની બાજુના લઘુસિંહાસન ઉપર બેઠેલો શ્યામવર્ણો પુરૂષ દેખાય છે, તે મહારાજાનો મહામાત્ય છે. એ વક્ર દૃષ્ટિથી આખા સભામંડપના સદસ્યોનું નિરીક્ષણ કરી રહ્યો છે. રાજ્યના સંપૂર્ણ વહીવટ અને યોગક્ષેમની પૂર્ણ જવાબદારી એના શીરે રહેલી છે. ઘણો સમર્થ અને મહાબુધ્ધિ વ્યક્તિ છે. રાજાઓને પણ પોતાની બુદ્ધિથી બલિષ્ઠ બનાવી દેનારો છે. રાજ્યનું સંવર્ધન કરવામાં કુશળ કાર્યકર છે. " મિથ્યાદર્શન " નામથી પ્રસિદ્ધ થએલો છે.

વળી બાહ્યપ્રદેશના પ્રાણીઓના મગજમાં બુદ્ધિવિપર્યાસ કરે છે. વિપર્યાસના લીધે પ્રાણીઓ વીતરાગ પરમાત્માને સુદેવ માનવા જોઇએ પણ કુદેવ માને અને કામી દેવોને સુદેવ માને. વીતરાગ સુદેવની આજ્ઞાને પાળનારા ગુરુઓને કુગુરુ માને અને આરંભપરિગ્રહયુક્ત અબ્રહ્મચારી ગુરુને સુગુરુ માને. શ્રી જિનેશ્વરદેવ કથિત દયામૂલક સુધર્મને કુધર્મ માને અને કપોલ કલ્પિત હિંસાદિ અધર્મને સુધર્મ તરીકે સ્વીકારે. જીવાદિ નવ તત્ત્વોમાં ભારે ગોટાળા ઉભા કરે.

મિથ્યાદર્શન દ્વારા થતા વિપર્યાસના કારણે આત્માઓ પુણ્ય-પાપની પરીક્ષા કરવામાં અસફળ થાય છે અને પાપાચારો આચરી દુઃખદાયી સંસારાટવીની ભીષણતામાં અટવાઇ પડે છે. અટવાયા પછી પાર પામવાની આશાનું કિરણ પણ દેખાતું નથી અને દુઃખોની પરંપરાએ ઉલેચાતી નથી. એ અટવીના દુઃખોનું વર્ણન અશકય છે. શબ્દોથી એ બોલી ન શકાય અને પુસ્તકમાં પણ ઉતારી ન શકાય.

પ્રમત્તતા નદી, ચિત્તવિક્ષેપ મંડપ, તૃષ્ણાવેદિકા, વિપર્યાસ સિંહાસન વિગેરે જે વસ્તુઓ આગળ તને બતાવી એ બધાની યોજનામાં અને કાર્યવાહીના અમલીકરણમાં મિથ્યાદર્શનનો મોટો ભાગ હોય છે. મહામોહ મહિપતિનું મોટું વર્ચસ્વ આના લીધે જ છે. જમણો હાથ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. એ ન હોય તો મહામોહના રાજ્યમાં અરાજકતા અને અંધાધુંધી ફેલાઈ જાય.

કુદૃષ્ટિ :

મહામાત્યના અર્ધસિંહાસને જે એક બાનુ બેઠેલાં દેખાય છે, તે મહામાત્યના માનીતા પ્રિયતમા છે. "કુદૃષ્ટિ" નામથી વિશ્વવિખ્યાત બનેલા છે.

વિશ્વમાં જે શાકય, ત્રિદંડી, શૈવ, ચરક, આજીવક, બૌદ્ધ, કણાદ, ત્રિરાશી, કાપાલિક, મંખ, તાપસ, દિગંબર, પાશુપાત વિગેરે મતો અને યોગ, વૈશેષિક, પૂર્વમીમાંસક, ઉત્તરમીમાંસક, સાંખ્ય, બૌદ્ધ, કપિલ વગેરે દર્શનો ચાલે છે, તે બધા કુદૃષ્ટિને જ આભારી છે.

આ કુદૃષ્ટિના કારણે જ સૌ મતવાળા પરસ્પર વિવાદમાં પડે છે. વાદો ઉભા થાય છે. પોતાના મત અને સંપ્રદાય ઉભાં કરાવે છે. એ રીતે સામાન્ય પ્રાણીઓને ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરી આત્માની ઉન્નતિમાં મહા અવરોધ ઉભો કરે છે.

રાગકેશરી :

વ્હાલા પ્રકર્ષ ! મહામોહની જમણી તરફ નજર કર.

વિશાળ અને મૂલ્યવાન્ સિંહાસન ઉપર શોભી રહેલાં છે તે પોતે જ " રાગકેશરી " મહારાજા છે.

પોતાના પનોતા પરાક્રમી પ્રવર પુત્ર શ્રી રાગકેશરીને રાજ્યકારભાર ભળાવી વૃદ્ધ મહામોહ મહિપતિ હાલ નિશ્ચિત થઈને આરામ લઇ રહ્યાં છે. એમણે રાજકારણથી નિવૃત્તિ લીધી છે.

શ્રી રાગકેશરીને મહારાજ્યનું આધિપત્ય પ્રાપ્ત થયું છે, છતાં પિતાજીનો વિનય જાળવવામાં જરાય ન્યૂનતા બતાવતો નથી. પિતાજીનો પડતો બોલ આનંદપૂર્વક ઝીલી લે છે. પિતાજીને પોતાના સર્વાધાર, સર્વસ્વ અને પૂજ્યપુરૂષ ગણે છે. પિતાજીનું આજ્ઞાપાલન એ એનો મુખ્ય ગુણ છે. આજ્ઞા-ખંડનનો ભાવ એના એક રોમમાં નથી.

વિશ્વમાં રાગકેશરી રાજા પોતાનું પ્રભુત્વ પાથરીને પડ્યા હોય ત્યાં સુધી સંસારવર્તી આત્માઓને સુખ કયાંથી પ્રાપ્ત થાય ? સંસારમાં એવું કયું દુઃખ છે કે જે સંસારમાં રહેલા જીવે ન ભોગવ્યું હોય ? સર્વ દુઃખોનો અનુભવ થયા જ કરે છે.

રાગકેશરીના ત્રણ મિત્રો :

ભાઈ પ્રકર્ષ ! શ્રી રાગકેશરી મહારાજાની બાજુમાં કુકડાની માંજર જેવા લાલ શરીર અને મુલાયમ ત્રણ પુરૂષો દેખાય છે એ રાગકેશરીના પ્રિય મિત્રો છે. " દૃષ્ટિરાગ, " " કામરાગ " અને " સ્નેહરાગ " એ એમના નામો છે.

દૃષ્ટિરાગ :

ઘણી વ્યક્તિઓને પોતે માનેલા દર્શનનો અસત્ આગ્રહ થાય છે, તે આ " દૃષ્ટિરાગ " મિત્રના પ્રભાવે થાય છે. ઘણી

વાર માનવી પોતે સ્વીકારેલ વસ્તુને કે મતને અસત્ય છે એમ સમજવા છતાં મમત્વના કારણે તજી શકતો નથી અને પોતે માનેલી વાતને જ પકડી રાખે. તર્ક, વિતર્ક અને કુતર્ક કરી પોતાની અસત્ય માન્યતાને પણ સત્ય ઠેરવવા પ્રયત્ન કરે તે દૃષ્ટિરાગના* પાપી પ્રતાપને આભારી હોય છે.

સ્નેહરાગ :

આ રાગકેશરીનો બીજો મિત્ર છે. તે મિત્ર, ધન, પુત્ર, પત્ની, સ્વજન, સંબંધી, સ્નેહીઓ ઉપર અત્યંત રાગ અને મૂર્ચ્છા કરાવે છે. એ દરેક પ્રાણીઓને સ્નેહાળ વ્યક્તિ કે પ્રેમાળ પદાર્થની સાથે મનને કોમળ રીતે છતાં દૃઢ બંધનમાં બંધાવી દે છે. સ્નેહાળ વ્યક્તિ કે વસ્તુથી મન અળગું કરવું અત્યંત કઠણ બની જાય છે. સ્નેહનું બંધન સુંવાળું છતાં સુદૃઢ હોય છે.

કામરાગ :

રાગકેશરી પાસે ત્રીજો પુરૂષ બેઠેલો છે. તે જ "કામરાગ" કહેવાય છે. એનું બીજું નામ "અભિષ્વંગ" પણ છે. વિશ્વના સુંદર અને સુખાકારી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દમાં આસક્તિ જન્માવે છે. આસક્તિવાળો આત્મા પછી પોતાનું આત્મભાન ગૂમાવી બેસે છે. કામરાગની આસક્તિમાં વિનય,

---

* દૃષ્ટિરાગ : શાસ્ત્રમાં મિથ્યાદર્શનો ઉપરના રાગને દૃષ્ટિરાગ ગણાવ્યો છે. વર્તમાનમાં કેટલાક આત્માઓ કોઈ વ્યક્તિ વિશેષ ઉપર રાગ હોય છે, એને દૃષ્ટિરાગમાં ગણે છે, એ ઉચિત નથી. "दृष्टिरागस्तु असद्दर्शनाग्रहः"

વિવેક, મર્યાદા વિગેરે ગુણો રહી શકતા નથી. માત્ર દુર્ગુણોનો જ વધારો મેળવી શકે છે.

શ્રી રાગકેશરી મહારાજા આ ત્રણ પ્રિયમિત્રોની મદદથી વિશ્વ ઉપર પૂર્ણ આધિપત્ય ભોગવી શકે છે. પૂર્ણ રીતે વિશ્વને વશવર્તી રાખી શકે છે, પોતાની આજ્ઞા મનાવવામાં ત્રણે મિત્રોનું બળ ઉપયોગી હોય છે. એ મિત્રોની સહાય ન મળે તો રાગકેશરી મહારાજા પોતાની ધારી સત્તા ન ચલાવી શકે.

સન્માર્ગમાં ગમન કરવામાં મદમસ્ત હાથી જેવા બલીષ્ઠ અને પરાક્રમી પુરૂષોના શુભભાવનારૂપ કુંભસ્થલોને ચીરી નાખવામાં રાગકેશરી કેશરીસિંહ જેવો સમર્થ છે. પરાક્રમીઓમાં એ પરાકાષ્ઠાએ પહોંચેલો છે.

મહારાણી મહામૂઢતા :

રાગકેશરી મહારાજાના સિંહાસનના અર્ધ વિભાગ ઉપર બેઠેલા જે નારી દેખાય છે, તે રાગકેશરી મહારાજાના પટ્ટરાણી છે. " મહામૂઢતા " નામ ધરાવે છે. એમના પતિદેવમાં જે ગુણો છે, એ જ ગુણો આ મહારાણીએ પણ જીવનમાં કેળવ્યા છે. ગુણ, સ્વભાવ, આકૃતિમાં પતિદેવને પૂર્ણ અનુરૂપ અને અનુકૂળ છે.

દ્વેષગજેન્દ્ર રાજા :

મહામોહ મહિપતિના ડાબી તરફ એક મૂલ્યવાન સિંહાસન છે. એના ઉપર બેઠેલ નર એ પણ રાજવી છે. એ પોતે જ દ્વેષગજેન્દ્ર છે. વિશ્વમાં પ્રસિદ્ધ અને રાગકેશરી કરતા

કોઈ બાબતમાં ઉતરતી કક્ષાનો નથી. પરન્તુ મહામોહ મહિપતિને દ્વેષગજેન્દ્ર ઉપર વધુ વહાલ છે.

આપદા અને ઉપદ્રવોથી બાહ્યજગતના પ્રાણીઓ ભય પામતા હોય છે, એ રીતિએ જ દ્વેષગજેન્દ્રને જોતાં જ ભયવિહ્વળ બની જતાં હોય છે. દ્વેષગજેન્દ્રની દૃષ્ટિમાં એક એવી કાતીલ વિષભરી શક્તિ હોય છે જોતાં જ પ્રાણી થથરી ઉઠે છે.

આ વિશ્વરૂપ અટવીમાં દ્વેષગજેન્દ્ર રાજવી જ્યારે ફરવા નિકળ્યા હોય છે ત્યારે પ્રાણીસમૂહ મહાદુઃખતળે આવી પડે છે. દ્વેષગજેન્દ્રની સાનિધ્યમાં આ ભવમાં દુઃખ અને પરભવમાં દુઃખ, દુઃખ અને દુઃખ. એ જ દ્વેષગજેન્દ્રની કાર્યવાહીનો સરવાળો હોય છે.

ભાણા ! દ્વેષગજેન્દ્રનું નામ સાર્થક છે. દ્વેષગજેન્દ્રના નામથી લોકો ત્રાસ ત્રાસ પોકારતા હોય છે. એ રાજવી સ્નેહી યુગલોમાં વિખવાદ અને વિષાદના કંટક ઉભાં કરે છે. સ્નેહના તંતુથી જોડાએલા સ્નેહીઓને વિખૂટાં કરાવે છે. સંપથી એકમેક થઇને રહેતા સ્નેહીયોમાં વિચિત્ર સ્વભાવથી વૈર અને ઘર્ષણ ઉભું કરાવે છે. પ્રેમનાં મંડાણમાં ભંગાણ કરવું એ એનું મુખ્ય કાર્યક્ષેત્ર છે.

ગંધહસ્તિથી નાના હાથીઓ ભય પામી નાશી જાય, એમ દ્વેષરૂપ વિશાળ શ્યામળ હાથીથી વિવેકરૂપ નાના હાથીઓ ભયથી ગાભરા બની દૂર ભાગી જાય છે.

દ્વેષગજેન્દ્રની પ્રિયતમાનું નામ " અવિવેકતા " છે. એ હાલમાં આ મંડપમાં વિદ્યમાન નથી. એથી સિંહાસન ઉપર

દેખાતા નથી. અવિવેકતાનું વર્ણન આપણને શોકે* અગાઉ સંભળાવેલું છે એ તારા ખ્યાલમાં હશે.

મહાપરાક્રમી મકરધ્વજ :

પ્રકર્ષ—મામા ! મહામોહ-મહિપતિની પાછલી હરોળમાં મોટા સિંહાસન ઉપર બેઠેલા, જેની બાજુમાં ત્રણ મિત્રો જેવા વ્યક્તિવિશેષો બેઠાં જણાય છે, પોતાની પીઠ ઉપર બાણોનું ભાથું બાંધેલું છે. હાથમાં નિશાન લઈ ધનુષ તાણી રાખ્યું છે. ભાથામાં પાંચ બાણોનો સંગ્રહ છે. શરીરનો રંગ સુરેખ લાલ તામ્ર જેવો છે. વિલાસની ઉત્તેજિત લાલસાઓ જેનાં નયનોમાં ભરપૂર ભરી દેખાય છે. રૂપ અને જ્યોતિના પુંજસમી ચંચળ નયના નમણી નારીને પોતાના ખોળામાં બેસાડી છે. જેના વિજયધ્વજમાં મીન શોભી રહ્યું છે. જેના શરીરમાંથી તેજના વર્તુલકિરણો ચોમેર મદભર્યો પ્રકાશ રેલાવી રહ્યાં છે, તે કયા મહામહિમ રાજા છે ?

વિમર્શ—ભાઈ પ્રકર્ષ ! શું વિશ્વવિક્રમી આ રાજાને પણ તું નથી ઓળખતો ? મને પણ તારો આ પ્રશ્ન આશ્ચર્ય ઉપજાવે છે. વિશ્વમાં આ અતિપ્રસિદ્ધ, અતિ પરાક્રમી અને કામણગારો વ્યક્તિ છે.તું એને ન ઓળખી શકયો ? ભારે આશ્ચર્ય !

એ મહારાજાનું નામ મકરધ્વજ છે. દેવ, દાનવ, માનવ ઉપર આધિપત્ય ભોગવતા વિશ્વવિખ્યાત મહાસમર્થ દેવેન્દ્રો, દાનવેન્દ્રો અને માનવેન્દ્રો પણ ફુલમાળાની જેમ મકરધ્વજની આજ્ઞા પોતાના મસ્તક ઉપર આનંદથી ધારણ કરતાં હોય છે.

---

* આ વાત પૃષ્ઠ ૯૯ માં શોકે આ મામા-ભાણેજને જણાવી છે.

એની આજ્ઞાપાલનમાં જરા પણ અલ્પતા કે મંદતા રાખતા નથી. પરન્તુ આનંદ અને મનઃપ્રસન્નતા વ્યક્ત કરતાં હોય છે. આવા સમર્થની આજ્ઞાનો અસ્વીકાર કરવા કોણ સમર્થ છે ?

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ જેવા દેવો, પારાશર, વિશ્વામિત્ર જેવા માન્ધાતા ઋષિઓ પાસે એવા ફજેતા અને તોફાનો કરાવ્યા છે, કે જેનું વર્ણન કરતાં શરમનાં શેરડાં છૂટે.

એ મકરધ્વજે પરાક્રમ અને વિશિષ્ટ શક્તિથી પોતાના ત્રણ રૂપો કરી વિશ્વને પોતાના પગતળે રાખ્યું છે.

પુરૂષવેદ :

ભાઇ ! એની બાજુના ત્રણ પુરૂષોમાં જે પહેલો છે એનું નામ " પુરૂષવેદ " છે. પુરૂષવેદના પ્રભાવથી પુરૂષો પોતાના નિર્મળ કુળની અવગણના કરીને પરનારીના પ્રેમમાં પટકાય છે. પોતાની સુરૂપા સલુણી નારીને તરછોડી પરાઇ કુરૂપા નારીના નેહપાશમાં બંધાઈ જાય છે. પછી એ પોતાના કુળની કીર્તિને ગણકારતો નથી. ગુણશીલતાનો નાશ થશે એ વિચારતો નથી. સંધ્યાગત ક્ષણિક સોનેરી વાદળદળની કાંતિ જેવા સુખમાં આત્મભાન ભૂલી જાય છે.

સ્ત્રી વેદ :

ભદ્ર ! બીજા નરનું નામ " સ્ત્રીવેદ " છે. એ પુરૂષવેદ કરતાં વધુ પાવરધો છે. સ્ત્રીઓમાં સ્ત્રીવેદ જ્યારે વેગવાન્ બને ત્યારે એ સ્ત્રી લજ્જા, નમ્રતા, કોમળતા, શીલતા વિગેરે ગુણોને જલાંજલિ આપી દે છે. પરપુરૂષમાં આસક્ત બની

જાય છે. પોતાના નયનકટાક્ષોથી પુરૂષ ભ્રમરોને આકર્ષી ઉભયના અધઃપતનને કરે છે. ભાઈ ! આ વેદ મહાકાફર છે.

નપુંસકવેદ :

આર્ય ! ત્રીજો પુરૂષ દેખાય છે તે " ષંઢવેદ " નામથી ઓળખાય છે. " નપુંસક " વેદ પણ કહેવાય છે. આના પરાક્રમનું વર્ણન કરવું એ શરમજનક કાર્ય લેખાય છે. આ વેદ પ્રાણીઓ પાસે મહાનિંદનીય કાર્ય કરાવે છે. એની વિષય ઝંખના નર અને નારી એમ બંને પ્રતિ રહ્યા કરે છે. માનવ ધર્મના સામાન્ય ગણાતા આચારો પણ એ જાળવી શકતો નથી. સર્વત્ર સર્વ રીતે નિંદાપાત્ર એ થયા કરતો હોય છે. લોકમાં પણ એનું કોઈ ગણનાપાત્ર સ્થાન હોતું નથી.

આ ત્રણ મિત્રોની શક્તિના અભિમાનથી મકરધ્વજ વિશ્વને પોતાના નાનામાં નાના દાસ કરતાં પણ તુચ્છ ગણે છે. વિશ્વ એક રાંક છે, બાપડું છે. એમ એના મનમાં વસેલું છે.

મહારાણી રતિદેવી :

મકરધ્વજના અર્ધઆસનને શોભાવી રહેલા જે હસમુખા સન્નારી દેખાય છે, તે મકરધ્વજના પ્રિય પ્રિયતમા છે. એમનું શુભ નામ શ્રી " રતિદેવી " છે. પ્રેમના પરમાણુઓ અને સ્નેહના તંતુઓથી રતિદેવીની રૂપમૂર્ત્તિ બનેલી છે. લાગણી પ્રધાનતા, ભાવાવેશ અને અજ્ઞાનભર્યું સમર્પણ, એ એના ગુણો છે.

રતિ અને એના માનવંતા કંથ મળીને મંત્રણાપૂર્વક કાર્ય કરે અને પછી માનવીના જે હાલ થાય તે તો જુદા જ હોય. કામનાવાન્ માનવી કયું અકાર્ય ન કરે ?

પુરૂષાતનવાળો પુરૂષ પણ પોતાની પ્રિયતમાના દાસત્વને સ્વીકારે. અરે ! માત્ર દાસત્વ જ સ્વીકારે એટલું જ નહિ પણ દાસત્વમાં આનંદ અને પ્રેરણા માને. નારીની વેઠમાં પોતાની શેઠાઈ જુવે. હોંશે હોંશે એની આજ્ઞા શિરોધાર્ય કરે.

પ્રિય પ્રકર્ષ ! તારા પ્રશ્નના સમાધાનમાં મેં મકરધ્વજ રાજા અને એમના પત્ની તથા પરિવારનું હુબહુ વર્ણન કહી સંભળાવ્યું છે. તને એના વ્યક્તિત્વનો અને એની શક્તિઓનો ખ્યાલ આવી ગયો હશે.

હાસ :

પ્રકર્ષ—મામા ! તમે મકરધ્વજનું વર્ણન ઘણું સુંદર કર્યું, પણ મકરધ્વજની સમીપમાં પેલા સિંહાસન ઉપર પાંચ માનવીઓ બેઠા છે, એમના નામ અને પરિચય આપવા અનુગ્રહ કરશો ?

વિમર્શ—ભાણા ! એ પાંચમાં પહેલો અને રૂપે રંગે રૂડો રૂપાળો દેખાય છે તેનું " હાસ " નામ છે. ભારે માથાભારે છે. શત્રુઓની મશ્કરી કરવી, ઠેકડી ઉડાવવી એ એનો મુખ્ય સ્વભાવ છે.

આ " હાસ " બાહ્યપ્રદેશના પ્રાણીઓમાં વિના કારણે અને કેટલીવાર સામાન્ય કારણમાં મોટો ખળભળાટ મચાવી દે છે. " રોગનું મૂળ ખાંસી અને કજીયાનું મૂળ હાંસી " એ સાર્થક કરી બતાવે છે

ઘણીવાર સામાન્ય નજીવા પ્રસંગમાં મહાવૈર કરાવી નાખે છે. ભલભલાને ભરી સભામાં ઉતારી પાડે છે. વિકૃત અને

અતિચપળ હાસ્યથી ભ્રમણા અને શંકા ઉભી કરાવે છે. એમાંથી માનહાનિ, વૈર, વિખવાદ, અબોલા, ઈર્ષા, અસૂયા, ઉદ્વેગ આદિના અનેક દુર્ગુણો કુટીને કૃણગારૂપ બની જાય છે.

હાસના બાજુમાં જ અર્ધસિંહાસને બિરાજી રહેલા છે તે એમના માનવંતા અર્ધાંગના છે. "તુચ્છતા" એમનું નામ છે. હાસ અને તુચ્છતા પરસ્પર અપાર પ્રીતિ અને શ્રદ્ધા ધરાવે છે. તુચ્છતાના સ્વભાવમાં ભારેખમ અભિમાન ભર્યું છે. વિના કારણે નાના પુરૂષોની વાતો ઉપર અને બિનઆવડત ઉપર ખી ખી કરી હસ્યા કરે. હાસ દ્વારા પજવણી કરાવે છે.

અરતિ :

ભલા ! બીજા આસને ભારે શ્યામવર્ણો, બિહામણા, અણગમતા નારી દેખાય છે, એમનું "અરતિ" નામ છે. જેવા એમના રૂપ રંગ છે એવા એમના કાર્યના રંગ ઢંગ છે. બાહ્યપ્રદેશના પ્રાણીઓના અંતરમાં દુઃખ આપવું, એમના નાજુક મનને ત્રાસ અને તાપ આપી શોષવી નાખવું, એ એમનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. કુણાશ જેવી વસ્તુ એનામાં અલ્પાંશે નથી.

ભય :

પ્રકર્ષ ! ત્રીજા સિંહાસન ઉપર બેઠેલા પુરૂષને જો તો ? એની તહેનાતમાં સાત* સેવકો હાજર દેખાય છે. "ભય"

---

* શાસ્ત્રમાં સાત પ્રકારના ભય આવે છે. (૧) સ્વજ્ઞાતિને સ્વજ્ઞાતિનો ભય. (૨) સ્વજ્ઞાતિને પરજ્ઞાતિનો ભય. (૩) ધનાદિનાશ ભય. (૪) અકસ્માત્ ભય. (૫) જીવનચિંતા ભય. (૬) મરણ ભય. (૭) અપયશ ભય.

એવું એનું ગુણવાચક નામ છે. ભાઇસાહેબ ભયનું શરીર સદા કંપમાન જ હોય છે.

બહિરંગ પ્રદેશના પ્રાણીઓની ચિત્તવૃત્તિમાં જ્યારે એ ભય પોતાનું સ્થાન જન્માવે છે, ત્યારે એ પ્રાણીઓના મુખ-કમળો શ્યામ, નિસ્તેજ અને દયામણા બની જાય છે. એમના નયનો દયાની પ્રાર્થના કરતાં હોય છે.

"હાય અમારૂં શું થશે ? હાય અમારૂં શું થશે ?" એવા ભાવો હૃદયમાં ઉત્પન્ન થવાના કારણે ભયથી ગાભરા બનેલા હરણીયા જેવા મૂઢ બની જાય છે. શું કરવું અને કેમ બચવું, એ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે.

કેટલાક પ્રાણીયો ભયના પ્રતાપે સત્ત્વહીણા બની જાય છે. ભયના માર્યા પોતાના શત્રુને નમે છે. કાંઈક બિહામણું વાતાવરણ સર્જાય તો તરત જ જ્યાં ત્યાં પલાયન થવાનો પ્રયાસ આદરે છે.

ભયના અર્ધઆસને બિરાજી રહેલા છે એ એમના વહાલા પત્ની છે. એમનું નામ "હીનસત્ત્વા" છે. પતિદેવના પ્રત્યેક કાર્યમાં તન મનથી સહયોગ આપી પોતાનું નામ સાર્થક કરે છે. પતિદેવને પ્રસન્ન રાખવામાં પોતાની ફરજ સમજે છે.

શોક :

ભદ્ર ! ભયની બાજુમાં જ પેલો કાક જેવો શ્યામ માનવી દેખાય છે તે "શોક" છે. આનો પરિચય આપણને અગાઉ

થઇ ચૂકયેા છે. તને એ ખ્યાલમાં હશે.

તામસચિત્ત નગરમાં એ પેાતાના મિત્રને મળવા જતેા હતેા અને આપણને એનેા ભેટેા થએલેા. એણે આપણને ચિત્તવૃત્તિ અટવી વિગેરેનું વર્ણન કહી સંભળાવ્યું હતું. એ પેાતાના પ્રિયમિત્રની મુલાકાત લઇ જલ્દી મહામેાહ મહારાજાના સૈન્યમાં આવી પેાતાના સ્થાને ગેાઠવાઇ ગયેા છે.

બહિરંગ પ્રદેશના પ્રાણીઓ ઉપર જ્યારે શેાક પેાતાનું અનુશાસન ચલાવે છે, ત્યારે ભારે કરુણ પરિસ્થિતિ ઉભી થાય છે. શેાકાધીન બનેલા પ્રાણીઓ રડે છે. આક્રંદન કરે છે.

સ્નેહી યુગલેાનેા જ્યારે વિરહ થાય ત્યારે આ શેાક પેાતાના પ્રભાવ એવાઓ ઉપર વિશેષ પાથરે છે. એ યુગલ વિરહની વ્યથામાં મહાકરુણ અને હૈયાફાટ આક્રંદન કરે છે. હૈયાને હચમચાવી મૂકે એવેા કરુણ વિલાપ કરે છે. ખાન પાનની પરવા રહેતી નથી. શાન ભાન ભૂલી જાય છે.

કેાઇ વખતે શેાક એવી ક્રૂર પરિસ્થિતિ ઉભી કરે છે કે માનવી વિરહશેાકથી આત્મઘાત પણ કરી બેસે છે. ફાંસેા, ઝેર, અગ્નિ, સરેાવર, નદી, વાવ, કૂવા દ્વારા આત્મવિલેાપન કરી નાખે છે.

શેાકના અર્ધઆસને બેઠેલા નારી એમના કામણગારા પત્ની છે. " ભવસ્થા " એમનું નામ છે. મૂઢ પ્રાણીઓમાં ભ્રમ પેદા કરવેા અને એમાં વિખવાદ ઉભેા કરી પેાતાના પતિદેવ " શેાકને " એ પ્રાણીનેા હવાલેા આપવેા, આ એમનું મુખ્ય

કાર્ય છે. પ્રાણીઓ ભવથી બહાર ન ચાલ્યા જાય એ ખાસ કાળજીપૂર્વક ધ્યાન રાખતી હોય છે.

જુગુપ્સા :

પ્રકર્ષ ! પાંચમા આસને જે બેઠેલા બાનુ છે તે "જુગુપ્સા" નામના નારી છે. એમનું શરીર અમાવાશ્યાની કાળી રાત્રી જેવું શ્યામ છે. નાક બેસી ગએલું અને વક્ર છે. બહિરંગ પ્રદેશના પ્રાણીઓ ઉપર એ કેવી અસર કરે છે તે તું સાંભળ.

કોઇ દર્દીના દર્દભર્યા અંગમાંથી લોહી, પરૂ, માંસ ઝરતું દેખાય તો જુગુપ્સાને આધીન બનેલો પ્રાણી ઘૃણા કર્યા કરે. છી....છી....કરવા લાગે છે.

કોઇને અતિસાર આદિના કારણે ઝાડા ઉલટી પેશાબ થઈ જાય તો નાકે હાથ દઇ દે અને મોઢું મરડવા લાગે. વધુ પડતી દુર્ગંધ આવવા લાગે તો નાકે રૂમાલ આડો ધરે અને મુખ ફેરવી લે. તોછડાઇભર્યું બોલવા લાગે.

પરન્તુ ભાઈસાહેબ સ્વચ્છંદવાદી પોતાને વિચાર નથી આવતો કે આ મારૂં શરીર મળમૂત્રથી ઠાંસીને ભરેલું છે. આ શરીરમાં એકે સુગંધી કે ઉપયોગી પદાર્થ ભરેલો દેખાતો નથી.

સોળ બાળકો :

મામા ! મારી સામેના રાજાના ખોળામાં ધીંગા મસ્તી કરતાં પેલા સોળ છોકરા દેખાય છે તે કોણ છે ? ભારે તોફાન કરી રહ્યાં છે. કોઈના કાબુમાં રહે એવા લાગતાં નથી.

વત્સ પ્રકર્ષ ! વિદ્વાન્ વ્યક્તિઓએ એ સોળે બાળકોનું

સમૂહ નામ એક રાખ્યું છે. "કષાય"ના* નામથી એ સૌ ઓળખાય છે.

એ સોળમાં માતેલા સ્થૂલ ચાર બાળકો દેખાય છે તે મહાભયંકર છે. એમને "અનંતાનુબંધી"× કહેવામાં આવે છે. મિથ્યાદર્શન સેનાપતિનું એમને પીઠબળ છે તેથી ઘણી વધુ લોકરંજાડ કરે છે. આ ચારેની કનડગત હોય ત્યાં સુધી પ્રાણીઓને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કે તત્ત્વનો માર્ગ પ્રાપ્ત થઈ શકે નહિ.

અનંતાનુબંધી ચાર બાળકો કરતાં સહેજ પાતળા દેખાય છે. તે ચાર બાળકોને મહાપુરૂષો "અપ્રત્યાખ્યાની"+ કહે છે.

બહિરંગ પ્રાણીઓને આ બાળકો સહેજ પણ તત્ત્વમાર્ગે ચાલવા દેતા નથી. તત્ત્વમાર્ગને જોઈ શકે, એના લાભાલાભનો વિચાર કરી શકે પણ જીવનમાં અમલ કરવાની વાત આવે ત્યાં આ બાળકો એવી અબર લઈ નાંખે કે પ્રાણી તત્ત્વમાર્ગે ચાલવાનું નામ ન લે. વિરતિનો સ્વીકાર ન કરવા દે.

---

* કષાય—સંસારનો લાભ કરાવે તે. ક્રોધ, માન, માયા અને લોભ છે.

× અનંતાનુબંધી ક્રોધ. અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ. એ ચાર કષાય વધુ માથાભારે અને નરકગતિના દેનાર માનેલા છે.

+ અપ્રત્યાખ્યાની ક્રોધ, અપ્રત્યાખ્યાની માન, અપ્રત્યાખ્યાની માયા, અપ્રત્યાખ્યાની લોભ. આ ચારે દેશવિરતિને લેવા દેતાં નથી.

અપ્રત્યાખ્યાની બાળકો કરતાં પાતળી કાયાના ચાર બાળકો દેખાય છે, એને જ્ઞાની ભગવંતો "પ્રત્યાખ્યાની"× નામથી ઓળખાવે છે.

બાહ્યપ્રદેશના પ્રાણીઓ સામાન્ય રીતે ધીરે ધીરે તત્ત્વમાર્ગ ઉપર ચાલે તો અવરોધ ઉભો કરતા નથી. દેશવિરતિ ગ્રહણ કરે તો વાંધો કાઢતા નથી, પણ સંસારના સંપૂર્ણ વૈભવ વિગેરેનો ત્યાગ કરી સર્વથા તત્ત્વમાર્ગે ચાલવા ઇચ્છતા હોય, સર્વવિરતિ સ્વીકાર કરવા માગતા હોય તો મહા અવરોધ ઉભો કરે છે.

સૌથી નાના અને દુબળા જે બાળકો દેખાય છે, એમને "સંજ્વલન"* નામથી સત્પુરૂષો ઓળખાવે છે.

આ ચારે જણા તત્ત્વમાર્ગની આડે આવતા નથી. વિરતિનો વિરોધ કરતા નથી. પણ આત્મા જ્યારે વીતરાગ બનવાની ઇચ્છા કરે અને પ્રયત્ન આદરે ત્યારે મોટી મુશ્કેલી ઉભી કરે છે.

વીતરાગ બનવા ઇચ્છનારને વારંવાર પજવે. વીતરાગ બનવા તૈયારી કરે, ત્યાં માન સળવળે કાં લોભ આવીને ગલીપચી કરે. નહિ તો માયા અને ક્રોધ ધૂરકીયાં કાઢ્યા સિવાય ન રહે.

× પ્રત્યાખ્યાની ક્રોધ, પ્રત્યાખ્યાની માન, પ્રત્યાખ્યાની માયા, પ્રત્યાખ્યાની લોભ. આ ચાર સાધુમાર્ગનો સ્વીકાર કરવા દેતા નથી.

* સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા, સંજ્વલન લોભ. આ ચારે વીતરાગ અવસ્થા આવવા દેતાં નથી.

એ સોળ બાળકોમાંથી જે આઠ બાળકો રાગકેશરી તરફ નાચી કૂદી રહ્યા છે તેની માતા મૂઢતા રાણી છે અને પિતા રાગકેશરી છે. એ સિવાયના આઠ જે દ્વેષગજેન્દ્ર તરફ નાચી કૂદી રહ્યાં છે તેમની માતા અવિવેકતા છે અને પિતા દ્વેષ-ગજેન્દ્ર છે.

ભાણા ! આ મહામોહના પૌત્રોનું વર્ણન કરવું ભારે કપરું કામ છે. એઓની શક્તિ, શૌર્ય અને પરાક્રમ મહાઅદ્‌ભુત છે. મેં તો તને સમજાય એ રીતે ટૂંકમાં ખ્યાલ આપ્યો છે. આ વર્ણન મહામોહરાજાના કુટુંબનું જ થયું છે. એ કુટુંબીઓનો પરિચય પણ તને સ્મૃતિમાં રહી ગયો હશે.



પ્રકરણ સાતમું

મહામોહનું સામંતચક્ર

વિમર્શ મામા બરોબર બોલ્યાં હતાં. મહામોહરાજાના અંગત પરિવારનું મજેદાર વર્ણન કરી ગયા. વાત કહેવામાં મામાને ભારે લહેજત આવતી હતી. એમણે આગળ ચલાવ્યું.

ભાઇ પ્રકર્ષ ! મહામોહરાજાના સિંહાસનની નજીકની બેઠકને શોભાવનારા જે રાજવીઓ દેખાય છે, તે મહામોહ રાજાના અંગભૂત વિશ્વસનીય વડા સૈનિકો છે.

વિષયાભિલાષ મંત્રી :

રાગકેશરી રાજાની સમીપમાં બેઠેલો છે તે "વિષયાભિલાષ" મંત્રી છે. રાજમંડપમાં પણ એ સ્ત્રીને અડીને બેઠો છે. મુખમાં સુગંધ સભર પાનનું બીડું ચાવી રહ્યો છે. હાથમાં કમળના કોમળ ફુલને ડોલાવી રહ્યો છે અને એની મધુરી સુગંધની મજા માણી રહ્યો છે. પોતાની પ્રિયતમાના મુખચંદ્ર ઉપર વારંવાર કટાક્ષભરી નજર નાખી રહ્યો છે. વિણા મૃદંગ વિગેરે વાજિંત્રોના કર્ણપ્રિય સૂરાવલી સાંભળી રહ્યો છે. આ રીતે પાંચે ઇન્દ્રિયોના સુખને ભોગવી રહ્યો છે.

પોતાની સુખ સાહ્યબીના કારણે વિશ્વને હાથની હથેળીમાં નાચતું માને છે. મહામોહ મહારાજાનો મહાબલવાન્ મહા-

માત્ય છે. આપણે જેની શોધમાં નીકળ્યા હતા, તે જ આ વિષયાભિલાષ છે.

ભદ્ર ! બાહ્યપ્રદેશના પ્રાણીઓના હૃદય આકાશમાં વિવેકની શીળી છાંયડી કરનારા વાદળદળ ત્યાં સુધી જ શીતળતા કરે છે, કે "વિષયાભિલાષનો" મહાપ્રભંજન વાયુ ના વાયો હોય. વિષયાભિલાષના પવન ઝપાટે એ વિવેકના વાદળદળ દળદળમાં વિખરાઈ અદૃશ્ય બની જાય છે.

સ્પર્શન, રસના વિગેરે પાંચ બાળકોનો આ પિતા છે. એ સંબંધી વાત આપણે મિથ્યાભિમાન દ્વારા પહેલાં સાંભળી હતી.

વિષયની આસક્તિમાં ફસાએલા પ્રાણીઓ સ્પર્શન વિગેરે દ્વારા પરાભવ પામે છે અને પરાભવિત થએલા તે પામર કયા કયા અકાર્યોને આચરતા નથી ? રસનાને આધીન બનેલા જડના જીવનને આપણે જોઇએ જ છીએ ને ?

વિશ્વવિજેતા, અસહ્ય બલિષ્ઠ, ઉદ્દંડ શક્તિસંપન્ન, વીર વિક્રમી પોતાના પાંચ બાળકોને લીધે વિષયાભિલાષ સદા મદમસ્ત રહે છે. ત્રણ લોકના પ્રાણીઓને પોતાના તુચ્છ સેવકની હરોળના ગણે છે.

વત્સ ! આપણે જે કાર્ય માટે નિકળ્યા હતા, તે કાર્ય સિદ્ધ થઇ ગયું છે. રસનાની માહિતી મેળવવી હતી તે આપણને પ્રાપ્ત થઇ ગઇ છે. વિષયાભિલાષ મહામાત્યની એ પુત્રી થાય છે. આપણું કાર્ય પૂર્ણ થયું.

ભોગતૃષ્ણા :

પ્રકર્ષ—મામા ! મેં રસનાના પિતાજી વિષયાભિલાષને ઓળખ્યા, એમના બાળક બાળીકાઓને ઓળખ્યા. રસનાને ઓળખી, પરન્તુ મંત્રીશ્વરના અર્ધાસને બેઠેલા મુગ્ધાકૃતિ અને કમળદળનયના નારીને નથી ઓળખ્યા. એ કોણ છે ?

વિમર્શ—ભાઇ ! તે મહામંત્રીની ભાર્યા છે. એનું નામ ભોગતૃષ્ણા છે. એના સર્વ ગુણો પતિદેવ સાથે સરખાવી શકાય એવા જ છે.

સેનાનીઓ :

મહામાત્ય શ્રી વિષયાભિલાષના આગળ પાછળ અને જમણી ડાબી તરફ કેટલાક રાજાઓ જેવા જણાય છે અને વિષયાભિલાષ પ્રતિ મસ્તક નમાવી રાખ્યું છે તે દુષ્ટાભિસંધી વિગેરે છે.

આ લોકો રાગકેશરીના માનીતા અને દ્વેષગજેન્દ્રની સેવા કરનારા છે. મહામાત્ય વિષયાભિલાષની આજ્ઞા થાય તો એનો અમલ કરવામાં પોતાની શક્તિ, સામર્થ્ય અને સમય બધું જ સમર્પણ કરી દેનારા છે. કોઇ કાર્યથી પાછા ડગ ભરે તેવા નથી. પીછેહઠ કરતાં શીખ્યા નથી. મહામોહ રાજાના પણ ઘણા પ્રીતિપાત્ર છે.

આ વેદિકાની ચોતરફ ઘણાં પુરૂષો દેખાય છે, ઘણી નગરીઓ નજરે આવે છે, એમાં ઘણા બાળકો પણ દેખાય છે, એ બધાં બહિરંગ પ્રદેશના પ્રાણીઓને કલેશ આપનારા છે.

દેખાતાં આ બધામાં કોઈ એવી વ્યક્તિ નથી કે જે બાહ્યપ્રદેશના પ્રાણીને સુખી કરે. એ લોકો ગણનાથી પરે છે. માપ નીકળી શકે નેમ નથી. બધાના નામો ગણવા મુશ્કેલ છે, ત્યાં બધાના ગુણ-દોષનું નિવેદન કેવી રીતે કરવું ? ટૂંકમાં તું એટલું જાણી લે કે આ બધા મહામોહ મહારાજાના વફાદાર સૈનિકો છે.

પ્રકર્ષ—મામા ! વેદિકા ઉપર રહેલા દરેક સભ્યોનું આપે વર્ણન કરી બતાવ્યું, મને એ સાંભળવામાં ઘણો રસ પડ્યો અને આપની સમજાવવાની શૈલીથી બોધ પણ સારો થયો, છતાં હજુ કાંઇક પૂછવાનું મન થાય છે તો પૂછી શકું ?

વિમર્શ—બહુ આનંદપૂર્વક તું પૂછી શકે છે.

પ્રકર્ષ—જુવો મામા ! વેદિકાની મર્યાદાની બહારભાગમાં આ વિશાળ મંડપની અંદર જ જે પેલા સાત રાજવીઓ દેખાય છે અને એમની સાથે એમનો પરિવાર પણ છે, સૌની આકૃતિ, રૂપ રંગ જુદા જુદા છે, તો એ રાજાઓના શું શું નામ છે ? એમનામાં કયા કયા ગુણ-દોષો રહેલા છે ? એ બધું મને જણાવો.

વિમર્શ—ભાણા ! આ સાતે મોટા રાજવી છે. તે મહામોહના મદદનીશો છે. અંગભૂત તરીકે નહિ પણ મિત્રરાજા તરીકે ગણી શકાય. મહામોહના બાહ્યલશ્કરમાં એમનો સમાવેશ થાય છે. અંતરંગ સૈન્યમાં એમની ગણના ગણવામાં આવી નથી. છતાં એ મહામોહના સૈન્યમાં કામ આવતા હોય છે.

જ્ઞાનસંવરણ :

ભદ્ર પ્રકર્ષ ! સામે જો. એ "જ્ઞાનસંવરણ" નામનો રાજવી છે, એની પરિચર્યામાં પાંચ* પરિચાયકો સદા ખડે પગે હાજર હોય છે.

"જ્ઞાનસંવરણ" રાજા સુપ્રસિદ્ધ વ્યક્તિ છે. પાંચ પરિચાયકોના વિનાશક કાર્યોથી રાજાની કીર્તિ ક્રૂર કર્મ કરનારાઓમાં પ્રથમ કક્ષાની છે મહા કુખ્યાત વ્યક્તિ છે.

બહિરંગ પ્રદેશના પ્રાણીઓમાં જે જ્ઞાનનો પ્રકાશ હોય છે તે પ્રકાશ જ્ઞાનસંવરણ રાજા પોતાના પરિચાયકો દ્વારા આવરી લે છે. પ્રાણીઓને અંધ જેવા મૂઢ બનાવી દે છે. વિવેક, પ્રજ્ઞા, મતિ, બુદ્ધિ, મેધા વિગેરે ઝૂંટવી લે છે.

દર્શનાવરણ :

એ પછીના રાજવી ભાળી જો, એની તહેનાતમાં નવ વ્યક્તિઓ ઉભા છે. એ રાજાનું નામ "દર્શનાવરણ" છે.

નવ વ્યક્તિઓમાં પાંચ સુંદર સ્ત્રીઓ પરિચારિકા છે.× એ પોતાની શક્તિ દ્વારા વિશ્વના પ્રાણીઓને નિદ્રાળુ બનાવી ઘોરતાં કરી મૂકે છે. એ અવસ્થામાં શાન ભાન કશું હોતું

---

* મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ. મન.પર્યવ જ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ.

× નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ, આ પાંચ પરિચારિકાઓ દર્શનાવરણીયના ભેદો છે.

નથી. અનેક શક્તિનો અધિપતિ માનવ પણ મૃતક જેવો જડ અને અજ્ઞાન બની જાય છે.

બીજા ચાર મહાસાહસી પુરૂષો છે.[૧] તે પોતાની વિશિષ્ટ શક્તિથી જગતને અંધ જેવા અદેખતાં બનાવે છે.

વેદનીય :

તૃતીય સિંહાસનને શોભાવનારા રાજવી શ્રી "વેદનીય" છે. એમની બન્ને બાજુ એમના આજ્ઞાંકિત એક એક સેવક બેઠેલા છે.

બે સેવકોમાં પહેલાનું નામ "સાત" છે. તે પોતાની શક્તિથી વિશ્વના પ્રાણીઓને સુખી સુખી કરી દે છે. દેવ, દાનવ અને માનવને આનંદ આનંદ આપે છે. સૌનો એ લાડકવાયો બની જાય છે.

બીજા સેવકનું "અસાત" નામ છે. શોક, સંતાપ, દુઃખ વિગેરે અનેક અપ્રિય વસ્તુઓને આમંત્રણ આપી જગતના પ્રાણીઓને દુઃખી દુઃખી અને બેહાલ બનાવી દે છે. સૌને સંત્રાસ આપવો એ એનું મુખ્ય કાર્ય છે. એમાં જ એ ઉર્મિલ રહે છે.

આયુષ્ય :

અરે ! ચોથા મહારાજાને જો જોઇએ ! એ "આયુષ્ય" નામ ધરાવે છે. એમની આજ્ઞામાં ચાર નાના મોટા છોકરાઓ છે. એ ચારે સેવા કરવામાં મણા રાખતા નથી.

---

૧ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન આ ચારના આવરણનું કાર્ય કરનારા. વિશેષ માટે ગુરૂગમ લેવો જોઇએ.

આયુષ્ય મહારાજાની આજ્ઞાથી આ ચારે બાળકો અનંત શક્તિના અધિપતિ આત્માને ચારગતિરૂપ કારાગૃહમાં પગે જંજીરો જકડી પોતાની મરજી હોય ત્યાં સુધી ઘેરી રાખે છે.

ચારે છોકરા એવા કાબેલ છે કે કોઇ છટકવા ધારે તો પણ છટકી શકે એ સંભવિત નથી. મુદત પૂરી થયા પછી એક ક્ષણ પણ રાખવા તૈયાર હોતા નથી.

નામ :

આયુષ્ય રાજાની પછી જે રાજા છે તે "નામ" રાજા તરીકે વિખ્યાત બનેલો છે. બીજા બધાં કરતાં આ રાજવી વિશાળ પરિવાર ધરાવે છે. મુખ્ય સેવકોનો પરિવાર બેંતાલીશની સંખ્યાનો છે.

અવાંતર સેવકોની સંખ્યા અનેકગણી છે. પરિવારની દૃષ્ટિથી સૌથી વધુ પરિવાર ધરાવતો વક્તિવિશેષ છે. એનો પરિવાર વફાદાર અને આજ્ઞાંકિત છે. એ પરિવારના બળે વિશ્વને મનફાવતી રીતે વિડંબના આપ્યા કરે અને કોઇને ખુશ પણ કરે.

પ્રિય પ્રકર્ષ ! તને એના પરિવારના મુખ્ય બેંતાલીશ વ્યક્તિઓના નામો જણાવી દઉં. એમાં કેટલાક દેખાવે સારા છે. સુખ શાંતિના નિમિત્ત બનતા હોય છે, લોકમાં પ્રિયતાને પામેલા છે. છતાં બધાંય બંધનને તો કરનારા છે જ. પરિણામની દૃષ્ટિથી કોઈ એ સારા ન ગણાય.

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વિક,

વિહાયોગતિ, પરાઘાત, શ્વાસોશ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરૂલઘુ, તીર્થંકર, નિર્માણ, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશઃકીર્તિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, દુસ્વર, અનાદેય, અયશકીર્તિ.[૧]

ગોત્ર :

આ પછીના જે રાજશ્રી દેખાય છે, એ "ગોત્ર" નામથી પ્રસિદ્ધ થએલા છે. એમને બે સેવકો છે. એ સેવકો દ્વારા ગોત્રરાજા બહિરંગ પ્રદેશના પ્રાણીઓમાં ઉંચ અને નીચ એમ ભેદ પાડે છે. વિશ્વમાં ઉંચ અને નીચના તેમજ સ્પૃશ્યા-સ્પૃશ્યના જે ભેદો થાય છે તે આ ગોત્ર રાજાને આભારી છે.

અંતરાય :

પ્રકર્ષ ! આઠમા અવનીપતિને જો. એ "અંતરાય" નામના રાજવી છે. એમના હાથ નીચે તેજસ્વી, વફાદાર અને કાર્યકુશળ પાંચ કર્મચારીઓ છે.[૨]

એ પાંચે બાહ્યપ્રદેશના પ્રાણીઓને દાન આપતાં વિઘ્ન ઉભું કરે, લાભથી વંચિત રાખે, ભોગ ઉપભોગમાં અનેક મુશ્કેલીઓ સર્જી નાખે, શક્તિ અને પરાક્રમ વિહૂણા કરે અને હોય તો પણ એનો યોગ્ય સદુપયોગ ન થવા દે.

---

૧ આ બેંતાલીશ નામોનો અર્થ કર્મગ્રંથ પહેલાંથી અથવા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રથી જાણવો.

૨ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.

ભલા પ્રકર્ષ ! આ સાતે રાજાઓ અને એના પરિવારના મુખ્ય વ્યક્તિઓના નામો અને ગુણો તને સંક્ષેપમાં જણાવ્યા છે. જો દરેકની શક્તિ અને કાર્યોનું વર્ણન કરવા બેસું તો મારૂં સંપૂર્ણ જીવન અહીં જ પસાર થઈ જાય.

મામાના ગંભીર અને અર્થગૌરવ ભર્યા વિવેચનથી પ્રકર્ષ અતિ પ્રસન્ન બન્યો અને જણાવ્યું, મામા ! આપે મહામોહ રાજાના પરિવારની સમજુતી ઘણા સુંદર અને સરળ શબ્દોમાં આપી છે. મને ઘણું જાણવા મલ્યું છે.

ગંભીર પ્રશ્ન અને વિચારણીય ઉત્તર :

મામા ! બધી વાત સાચી પણ હજુ મારૂં એક આશ્ચર્ય સમતું નથી.

વિમર્શ—તું વાત કર, એટલે સમાધાન થાય.

પ્રકર્ષ—મામા ! આ મંડપમાં રાજાઓને ધારી ધારી જોઉં છું, ત્યારે એનો પરિવાર મારા જોવામાં આવતો નથી અને પરિવારને ધારી ધારી જોઉં છું તો મને એક પણ રાજા દેખાતો નથી. એનું શું કારણ હશે ?

આપે તો રાજાઓ અને રાજપરિવાર નામથી જુદા જુદા ગણાવ્યા છે અને ગુણો પણ ભિન્નભિન્ન બતાવ્યા છે, તો આ વિષયમાં વાસ્તવિક શું સમજવું ? આપ જણાવશો ?

વિમર્શ—વત્સ ! તારે આમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. રાજા અને રાજપરિવાર એક સાથે નહિ દેખાય. સર્વજ્ઞો પણ એક સમયે એને જોઈ શકતા નથી.

આપણા વર્ણનમાં જે રાજાઓ જણાવવામાં આવ્યા તે સામાન્ય[૧] રૂપથી જણાવેલાં છે. પરિચાયકો વિશેષ[૨] રૂપથી જણાવેલાં છે. સાપેક્ષવાદની દૃષ્ટિથી જોઇએ તો સામાન્ય અને વિશેષ પરસ્પર અનન્ય છે. અર્થાત્ સામાન્યથી વિશેષ કોઇ જુદું તત્વ નથી.

ખીલેલા કમળદળ જેવા નયનોને પહોળા કરી ધારી ધારી જોવાનો તું પ્રયત્ન કરે તો પણ એ નજરે નહિ જ આવે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ વિગેરે સાધનોના પરિવર્તનથી કે યોગથી આ રાજા અને પરિવારમાં પરિવર્તન થતું હોય છે. તારી સમજમાં સારી રીતે આવે એ માટે તને વિભાગો કરી વર્ણન સમજાવ્યું છે.

દરેક રાજા અને પરિવાર કેટલાક અંશે એકમેક છે, તો કેટલાક અંશે ભિન્ન પણ છે. આ રીતે એ લોકો "ભેદાભેદ" ગણાય છે. તારે આ રાજા અને પરિવારની રીતમાં આશ્ચર્ય પામવું નહિ.

તને એક ઉદાહરણ આપું. આમ્ર, વટ, પીપળ, કેળ, નારીયેલ, અશોક, બકુલ વિગેરેમાં વૃક્ષત્વ ધર્મ છે. એ સામાન્ય ધર્મ કહેવાય. સામાન્ય ધર્મ વ્યાપક હોય છે.

પરન્તુ આમ્રત્વ ધર્મ વડ, પીપળ, કેળ વિગેરેમાં

૧–૨ સામાન્ય અને વિશેષ શબ્દો અહીં ન્યાયશાસ્ત્રની ભાષામાં વપરાતા રૂઢ શબ્દો છે. એની સમીક્ષા ગુરૂગમથી લેવા વિનંતી, જો કે વિવેચનમાં સંક્ષેપમાં જણાવ્યું છે પણ કેટલાકને ન સમજાય એવી વાત છે તેથી ગુરૂગમ લેવો.

નથી, આમ્રત્વ ધર્મ માત્ર આમ્રમાં હોય. આ ધર્મને વિશેષ ધર્મ કહેવાય. વિશેષધર્મ સર્વવ્યાપક હોતો નથી.

એટલે આમ્રમાં વૃક્ષત્વ અને આમ્રત્વ એમ બે જુદા જુદા ધર્મ થયા પણ કહેવામાં આવે કે વૃક્ષત્વ ધર્મ અને આમ્રત્વ ધર્મ બેને જુદા પાડો, પણ એ સંભવી શકે ? ના. આનું નામ સામાન્ય અને વિશેષ ધર્મ, ભેદાભેદ પણ આને કહી શકાય.

મહામોહાદિના વિજેતા :

મામા ! આપના સરલ સ્પષ્ટીકરણથી મને ઘણું સરસ તત્ત્વજ્ઞાન સમજાણું. મારા જ્ઞાનમાં વૃદ્ધિ થઈ. મને જે આશ્ચર્ય જેવું થતું હતું તે જતું રહ્યું. તત્ત્વ જડી ગયું છે છતાં કાંઇને કાંઇ પૂછવાનું મન થયા કરે છે તેથી પ્રશ્ન કરું છું.

જુવો મામા ! આપે સરવાળે આઠ રાજાઓ જણાવ્યા. એ આઠ માટે મારી સમજમાં એમ આવ્યું છે કે વેદનીય રાજા, આયુષ્ય અવનીપતિ, નામ નરપતિ અને ગોત્ર ભૂપતિ. આ ચાર રાજાઓ બહિરંગ પ્રદેશના પ્રાણીઓમાં કેટલાકનું હિત કરે છે અને કેટલાકનું અહિત કરે છે, બધા જ અહિત કરે છે એવું નથી.

ત્યારે જ્ઞાનસંવરણ ક્ષમાપતિ દર્શનાવરણ નરપતિ, મહામોહ મહિપતિ અને અંતરાય અવનીપતિ, આ ચારે રાજવી બાહ્ય પ્રદેશના પ્રાણીઓનું સર્વાંશે અને સર્વથા અહિત કરવામાં જ તત્પર હોય છે. કોઇનું હિત કરવું એ એમના સ્વભાવમાંજ નથી.

આવી પરિસ્થિતિમાં કોઈ એવો પ્રાણી હશે કે જેને આ

ચારે રાજવીઓ કોઇ જાતની કનડગત ન કરી શકતા હોય ? એમનું જોર પણ ત્યાં વામણું બની જતું હોય ?

આ વાત સાંભળી મામાના અંતરમાં આનંદનો ધોધ વહેવા લાગ્યો. મંજુલ વાણીએ વદ્યા.

પ્રિય પ્રકર્ષ ! આ ચારે રાજવીઓને પરાભવ પમાડનારાઓ પણ આ વિશ્વમાં જરૂર વિદ્યમાન છે. પરન્તુ એવા આત્માઓ તેજસ્વી અને મહામૂલ્યવાન રત્નોની જેમ અલ્પસંખ્યક હોય છે.

સિદ્ધાન્તોના અગાધ અધ્યયન દ્વારા પોતાના અંતઃકરણને નિર્મળ સ્ફટિક સમું સ્વચ્છ બનાવી દીધું હોય, પ્રમાદને સહેજ ફરકવા દેતા ન હોય, અનિત્યાદિ ભાવનાઓ દ્વારા જગતના સ્વરૂપનો વિચાર કરવામાં કુશળતા લાધેલી હોય, વિશ્વની કોઇ કામી કામના કેમે કરી એમને કુમાર્ગની કેડીએ ન લઇ જઇ શકતી હોય, એવા વીર આત્માઓના કલ્યાણને આ મહામોહાદિ ચારે રાજવી અકલ્યાણમાં રૂપાંતર કરવા કેમ સમર્થ બની શકે ? એક રોમમાં વિકૃતિ દાખલ નથી કરી શકતા.

નિર્મળ જીવન જીવનારા યશસ્વી મહાપુરૂષોને વેદનીય આદિ ચાર રાજવીઓ સાનુકૂળતા જ કરી આપતા હોય છે. પ્રતિકૂળતા કદી એમનાથી ન બતાવી શકાય. મહામોહાદિ ચાર જેવા આ ઉદ્દંડ વ્યક્તિઓ નથી.

પ્રકર્ષ—મામા ! આપે જેમની યશોગાથા ગાઇ અને જેઓએ મોહાદિ ચાર શત્રુઓને પરાસ્ત કર્યા છે એવા નિર્મળ મહાપુરૂષો કયાં વસે છે.

વિમર્શ—ભાઈ! એ વિષયમાં ઘણાં વખત પહેલાં આમ-વદિલો પાસે સાંભળેલું છે, તે તને કહું, તું શાંતિથી સાંભળ.

"ભવચક્ર" નામનું એક મહાનગર છે. એની આદિ ક્યાંથી થાય અને અન્ત ક્યાં આવે એ જાણી શકાતું નથી. વળી અનેક આશ્ચર્યકારી ઘટનાઓથી સંકળાએલું છે. વિવિધ ભાતના અને વર્ગના પ્રાણીઓ આ મહાનગરમાં વસે છે.

મારી માન્યતા છે કે આ મહાશત્રુઓને પરાભવ આપનારા સ્ફુટિક હૃદયી મહાત્માઓ "ભવચક્ર" મહાનગરના નિવાસી હશે.

પ્રકર્ષ—મામા! તે નગર અંતરંગ છે કે બહિરંગ?

વિમર્શ—ભાણા! તે નગર અંતરંગ પણ છે અને બહિ-રંગ પણ છે.

ભવચક્ર નગરમાં બહિરંગ પ્રાણીઓ વસે છે, તેમજ મહામોહાદિ વિગેરે અંતરંગ લોકો પણ વસે છે. મહામોહ વિગેરેની સેનાનો પણ ત્યાં જ વાસ છે. આ રીતે બાહ્ય અને આંતર લોકોના વસવાટથી એ મહાનગર બહિરંગ પણ ગણાય અને અંતરંગ પણ ગણાય.

પ્રકર્ષ—મામા! મહામોહ રાજા વિગેરે ચિત્તવૃત્તિ અટ-વીમાં મોટા મંડપની ભીતર બેઠેલાં જોયા હતા, તો એ ભવચક્ર નગરમાં કેમ સંભવે? એક સાથે બે ઠેકાણે એઓ કેવી રીતે રહી શકે?

વિમર્શ—ભાઇ! આ લોકો યોગીપુરૂષ કહેવાય. ઘડીકમાં પ્રગટ થવું અને ઘડીકમાં અદૃશ્ય થવું એ એમની વિશિષ્ટ

શક્તિ છે. આ લોકો ધારે તેવા અને ધારે તેટલા રૂપો કરી શકે છે.

અંતરંગ લોકોની શક્તિ ભારે આશ્ચર્યજનક હોય છે. બુદ્ધિમાં ન ઉતરે તેવું અલૌકિક કળાકૌશલ એ ધરાવે છે. એટલે અંતરંગ લોકો ક્યાં ન હોય, એ કહી શકાય તેમ નથી. સર્વત્ર એકસાથે યોગ શક્તિ દ્વારા પ્રગટ થઈ શકે છે.

પ્રકર્ષ—મામા ! શત્રુઓના ગૌરવનું ભંગ કરનારા મહાત્મા પુરૂષો જ્યાં વસતા હોય અને મહામોહાદિ વસતા હોય, સંતોષનો પણ ત્યાં વાસ હોય એવું ભવચક્ર નગર જોવા લાયક અને આશ્ચર્યકારક ગણાય ને ?

વિમર્શ—અવશ્ય જોવા લાયક ગણાય.

પ્રકર્ષ—તો મામા ! મને એ નગર દેખાડો.

વિમર્શ—ભાણા ! આપણે રસનાની મૂળ શોધ કરવા નિકળેલા હતા અને એ આપણું ઇષ્ટ કાર્ય સિદ્ધ થઇ ગયું છે. હવે આપણે આપણા નગરે જઇએ એ સારૂં ગણાશે.

પ્રકર્ષ—મામા ! આમ તે હોય ? આપે તો ભવચક્ર નગરનું વર્ણન કહી મારા હૈયામાં જોવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી અને હવે આવું બોલો તે કેમ ચાલે ? મને ઘેર લઈ જવાની વાત કરો એ ઠીક નહિ. ભવચક્રપુર દેખાડો, આપનો ઉપકાર માનીશ.

વળી પિતાજી પાસેથી એક વર્ષની સમય મર્યાદા લઇ આપણે બહાર નિકળ્યા છીએ અને એ મુદ્દતમાં હજુ તો શરદ અને હેમંત એમ બે ઋતુઓ જ પૂર્ણ થઈ છે. હાલ તો શિશિર ઋતુના મંગલ એંધાણ થયા છે.

શિશિર વર્ણન :

મામા ! કામદેવ પોતાના પાંચ બાણોથી કમનીય કામનીઓના કોમળ હૃદયને પીંખી નાખે, તેમ ગગનમાંથી આવતી ઝાંકળના ફોરાઓથી મિશ્રિત બનેલો શિશિરનો અતિશીત વાયુ પ્રવાસીઓના હૃદયને પીંખી રહ્યો છે.

સાધન અને સંપત્તિ હીણા અધન્ય દરિદ્રીઓ શીતની કારમી પીડાથી આ ઋતુમાં ઘણા દુઃખો અનુભવે છે. શરીર કાંપતુ હોય છે અને ચામડી શુષ્ક બની જાય છે. પગની પાનીઓ અને બાળકોના ગાલ ફાટી જાય અને લોહીના કણ ઉભરાવા લાગે છે.

વધુ કાતિલ ઠંડીથી ગરીબોના હોઠ પવનથી કાંપતા પીપળના પાનની જેમ થરથર ધ્રુજતા હોય છે. અને એમની દંતવીણા સહજ રીતે સંગીત કરતી થાય છે. અર્થાત્ ધ્રુજારીના કારણે દાંતો ટકરાય અને કટકટ અવાજ થયા કરતાં હોય છે.

અગ્નિ એ પ્રીતિકર વસ્તુ નથી છતાં કાતિલ ઠંડીના કારણે જનસમુહ માટે પ્રીતિકર અને આદરણીય વસ્તુ બની ગએલ છે. અસહ્ય ઠંડીએ કાંપતા લોકોને માટે તો મનગમતો પદાર્થ બની ગયો છે. સાધારણ રીતે અનિષ્ટકારી વસ્તુ હોય છતાં અવસરે ઉપકાર કરી બતાવે તો એ પણ ઇષ્ટ બની જાય છે.

શિશિર ઋતુનો આખરનો સમય આવી પહોંચ્યો, વૃક્ષોની રમણીયાનો પરિચય આપનારા હરિત પર્ણો ખરી પડ્યા છે એથી એના આશ્રયતળે આવનારાઓએ આવવું તજી દીધું છે,

ખરેખર વૃક્ષો પણ ગરીબ અને અસહાય માનવી જેવી દુર્દશાને પામ્યા છે.

આ શિશિર ઋતુ પોતાની માયા સંકેલી રહી છે. આપણને ઘેરથી નિકળ્યાને હજુ છ માસ થયા છે. આટલા અલ્પ સમયમાં મામા આપ કેમ કંટાળી ગયા? મારા ઉપરની મધુર મમતાના કારણે પણ મામાએ મને ભવચક્ર નગર બતલાવવું જોઈએ. પછી તો મામાના જે વિચાર હોય તેમ કરવાનું છે.

ભવચક્ર નગર ભણી

ભાણેજની ભવચક્ર નગરને જોવાની ઇચ્છાને ટાળવી મુશ્કેલ જણાતાં મામાએ જવાની સંમતિ આપી. મામા ભાણેજ ભવચક્ર નગરે જવા તૈયાર થયાં. જતાં જતાં મહામોહના મહાસૈન્યને પણ બારીકાઈથી નિહાળી લીધું.

એ સૈન્ય મિથ્યાભિનિવેશ વિગેરે અનેક રથોથી મનોહર જણાતું હતું, મમત્વ વિગેરે મોટા દંતશૂળવાળા અને ગર્જના કરતા હાથીઓથી સૈન્યની અમાપ શક્તિનો ખ્યાલ આવતો હતો. અજ્ઞાન વિગેરે અતિ આવેગવાળા અશ્વોથી એ સૈન્યની સુંદરતા ઉછાળા લેતી હતી. દીનતા, ચપલતા, લોલુપતા વિગેરે પદાતી સૈન્યથી સૈન્યની શૂરવીરતા અને વિકરાળતાનો ખ્યાલ આવી જતો હતો.

સાગર સમા વિશાળ સૈન્યને નિર્ભીકપણે નિહાળતા નિહાળતા મામા ભાણેજે ચિત્તવૃત્તિ અટવીમાંથી બહાર નીકળી ભવચક્રનગર ભણી પોતાના પગ માંડ્યા. મંજિલ મજેથી

કાપવા લાગ્યા. રસ્તામાં ચાલવાનો શ્રમ ન જણાય એ ખાતર પ્રકર્ષે મામા વિમર્શને પ્રશ્નો પૂછવા ચાલુ કર્યા.

પ્રકર્ષ—મામા ! આ વિશ્વમાં કર્મપરિણામ રાજા સાર્વભૌમ સત્તાધીશ ગણાય છે, તો એની આજ્ઞા મહામોહ મહિપતિ અદા કરે છે કે નથી કરતા ?

વિમર્શ—ભાઇ ! કર્મપરિણામ રાજા એ મોટા ભાઇ છે અને મહામોહ એના નાના ભાઇ છે. બંનેમાં વધુ અંતર પડતું નથી. મહામોહ વિગેરે રાજાઓ ગણાય છે, છતાં કર્મપરિણામ રાજાના સૈનિકોમાં પણ ગણી શકાય.

મોટો ભાઇ કર્મપરિણામ પ્રાણીઓના ઘણીવાર મનગમતા કામ પણ કરી આપે છે, તેવી રીતે ઘણીવાર અણગમતા કામ પણ કરી આપે છે. એનો કોઇ એક નિશ્ચિત નિયમ નથી. પ્રાણીઓની યોગ્યતાના આધારે સારૂં નઠારૂં કરવાનો એનો સ્વભાવ છે.

પરન્તુ નાનો ભાઇ મહામોહ માત્ર સદા સૌને કનડગત કરવાનું જ શિખ્યો છે. કોમળતા જેવું તત્ત્વ એના એક અંશમાં નથી. પીડા આપવી, ત્રાસ વર્તાવવો, દુઃખ દેવા અને કઠોર કહેવું એજ એના પ્રિય કર્તવ્યો છે.

વળી મહામોહ મહાપરાક્રમી છે, તેથી બીજા રાજાઓ મોટે ભાગે આની પડખે રહેતા હોય છે અને સેવા બજાવતાં હોય છે. મોટા ભાઇ નાટક જોવાના વધુ શોખીન બીલેલા વ્યક્તિ છે.

મહામોહાદિ રાજાઓ પણ શ્રી કર્મપરિણામ રાજાની આગળ સદા નૃત્ય કરતા હોય છે. શ્રી કર્મપરિણામ અને એના પત્ની શ્રી કાળપરિણતિ સભામાં ઉચ્ચ સિંહાસને બેસી નૃત્ય નિહાળતાં રહે છે.

વળી મહામોહ અને બીજા જે અંતરંગ રાજા છે, તે બધાનો સ્વામી શ્રી કર્મપરિણામ રાજા છે. મહામોહ તો કર્મપરિણામે આપેલા એક વિભાગનો સ્વામી છે અને આજ્ઞાનો અમલ કરતો એક સેવક છે.

નિવૃત્તિ નગર વિનાના સર્વ નગરોનો ભોગવટો શ્રી કર્મપરિણામ કરે છે. બીજા નગરો કર્મપરિણામે જેને પટ્ટામાં ભોગવટામાં આપે તેજ ભોગવી શકે. એના ઉપર માત્ર પોતાનો અધિકાર સ્થાપી શકે છે.

પોતાના અધિકાર ક્ષેત્રમાં મહામોહ જે કાંઇ પ્રાપ્ત કરે તે બધી વસ્તુઓ પોતાના વડિલ બન્ધુ કર્મપરિણામના ચરણોમાં સમર્પણ કરી દે છે. કર્મપરિણામ એ સર્વ વસ્તુઓને પોતાની ઇચ્છા મુજબ સારા નરસા સ્થાને ઉપયોગમાં લગાવી દે છે.

મહામોહ આ રીતે ઘણીજ વફાદારી પૂર્વક ઉમળકાભેર આજ્ઞાનો અમલ કરતો હતો. એ કાર્યવાહીથી પ્રસન્ન બની શ્રી કર્મપરિણામે રાજસચિત્ત અને તામસચિત્ત એ બે નગરો જાગીરીમાં ભેટ આપ્યા.

એટલા માટેજ એ બે જાગીરીના શહેરોમાં અને ચિત્ત-વૃત્તિ અટવીમાં મહામોહનું વફાદાર સૈન્ય યુદ્ધની ઝંખના કરતું સદા વસે છે.

ખરી રીતે તો શ્રી કર્મપરિણામ રાજા એ સાર્વભૌમ સત્તાધીશ રાજા છે. મહામોહ વિગેરે એમની આજ્ઞા મુજબ ગાદીને સંભાળનારા છે, એટલે મોટા આસને બેઠા છે. આમ છતાં બંને એકરૂપ પણ છે, ભેદ હોતો નથી.

પ્રકર્ષ—મામા ! કર્મપરિણામ અને મોહરાજાના રાજ્યો એ વડિલોપાર્જીત મિલકત છે કે કોઇની આંચકીને બથાવી પાડેલી મિલકત છે ?

વિમર્શ—વત્સ ! એ મિલકત વડિલોપાર્જીત નથી, પૂર્વ-પરંપરાથી વારસામાં આવેલી નથી. રાજ્યાદિ બધું જ પરાયું છે. આ લોકોએ બલાત્કારે પડાવી પાડેલી મિલકતો છે.

કારણ કે ચિત્તવૃત્તિ અટવીનો મૂળ હકદાર સંસારીજીવ છે. શ્રી કર્મપરિણામ અને મહામોહે મળીને સંસારીજીવ ઉપર બલાત્કાર કરી એને ત્યાંથી કાઢી પોતાની તાકાતથી પોતે સ્વામી બની બેઠા.

પ્રકર્ષ—મામા ! સંસારીજીવનું રાજ્ય ઝૂંટવી લીધાને કેટલા વર્ષો વહી ગયા છે ?

વિમર્શ—મને એ ખ્યાલમાં નથી.

પ્રકર્ષ—મામા ! મને જે જે શંકાઓ હતી તેનું સમાધાન થઇ ગયું છે. અરે આપ જેવા વિચક્ષણ મામા સાથે હોય અને શંકાના સમાધાન ન થાય એ કેમ બને ?

આ રીતે વાતો કરતાં મામા ભાણેજ વાટ પસાર કરતાં હતા અને થાક જણાતો ન હતો એમ કરતાં એક દિવસે મંજલ પૂરી કરી શુભ ઘડીએ ભવચક્ર નગરની હદમાં આવી ગયા.

પ્રકરણ આઠમું

ભવચક્રના કૌતુકો

વસંતરાજ :

મામા અને ભાણેજ ભવચક્ર નગરે આવી પહોંચ્યા.

આ નગરની અંદર "માનવાવાસ" નામનું એક અવાંતર નગર હતું. તેની અદ્‌ભુતતા અપાર હતી. દેખાવે રળીયામણું અને વિસ્મયતાજનક હતું. અવાંતરનગરમાં વળી એક બીજું "લલિત" નામનું અવાંતર નગર હતું.

મામા ભાણેજે જ્યારે "લલિત" નગરમાં પગલા મૂકેલા ત્યારે જનસમૂહને ઉન્મત્ત બનાવનાર ઋતુરાજ શ્રી વસંતે પોતાના કુમકુમ પગલા ધરવા માંડ્યા હતા.

વસંત વર્ણન :

દક્ષિણ દિશામાંથી મધુર શુદ્ધ અને મંદ મંદ પવન આવતો હતો. તે કામી પુરૂષોને પ્રિયતમાની સ્મૃતિ માનસ પટલ ઉપર લાવી ધ્યાનમાં તત્પર બનાવી દેતો હતો.

પ્રિયતમાના ધ્યાનરૂપ ઈન્ધણ દ્વારા કામી જનોના અંતઃકરણ રૂપ કુંડમાં મદન અગ્નિ પ્રદીપ્ત થતો હતો.

ફુલોથી લચી પડતા ચંપક, અશોક, બકુલ, કુંદ, દમનક વિગેરેના વેલાઓ કામદેવના બાણોની શોભા ધરી રહ્યાં હતાં.

એ વેલાઓ કામીજનોના હૃદયને હત-પ્રત્યાહત કરી મૂકતા હતા.

રાજકવિઓ રાજાની બિરૂદાવલીઓની મધુર કંઠે કવિતાઓ ગાય, એમ આમ્રવૃક્ષની મંજરીનો આસ્વાદ કરવાથી મધુર કંઠી બનેલી કોયલો વસંત ઋતુરાજના ગાણા ગાઈ રહી હતી.

શ્રમથી શ્રમિત થએલા પાન્થલોકો પરબે જઇ પાણીનું પાન કરે, એમ ભ્રમણ કરી શ્રમિત બનેલા ભ્રમરો છાયાદાર વેલડીઓના પુષ્પોમાંથી મધુર મધુનું પાન કરી રહ્યા હતા.

ભાતભાતના સુગંધિ પુષ્પ ગુચ્છોની નિર્મળ પરાગથી ઉદ્યાનની ભૂમિ આચ્છાદિત બની ગઇ હતી. તે ભૂમિ કોમળ અને સ્વચ્છ રેતીથી વ્યાપ્ત શ્રી કામદેવ મહારાજાની શસ્ત્ર શિક્ષાયતન ભૂમિ સમી જણાતી હતી.

વિમર્શ મામા નગરની બહારના ભાગમાં ઉભા હતાં અને વસંત ઋતુનો ઉત્સવ નિહાળી ખૂશી થતાં ભાણા પ્રતિ બોલ્યા.

ભાણા ! તને સુઅવસરે ભવચક્ર નગર જોવાની જિજ્ઞાસા થઇ. કારણ કે વસંત ઋતુમાં ભવચક્ર નગરનું સૌંદર્ય સોળે કળાએ પૂર બહાર ખીલી ઉઠેલું હોય છે. એની રમણીયતાનો સાચો ખ્યાલ આ ઋતુમાં જ આવી શકે છે.

ભદ્ર ! ઉદ્યાનની અંદર ચારે બાજુ વનરાજીની શોભા ઉછાળા મારી રહી છે. પૃથ્વી રૂપી સ્ત્રીના હસતા કપોલ જેવો ઉદ્યાનનો વિસ્તાર કોના મનને આનંદ નથી આપતો ?

આ મનોહર હરીયાળા ઉદ્યાનના આકર્ષણથી અનેક

દંપતીઓ નરનારીના યુગલો આવે છે અને ચિત્ર વિચિત્ર મનોરંજનની ક્રીડાઓ કરે છે, આવું ઉદ્યાન કયા માનવીના હૈયામાં પ્રસન્નતાને ન બહાવરાવે ?

વ્હાલા પ્રકર્ષ ! આ ઉદ્યાનનો વિશાળ પટાંગણ, વનરાજીની શોભા, પંખીઓના કલરવો, નર–નારીના યુગલો સૌને આનંદ અને હર્ષ દેનારા બને છે.

પ્રકર્ષ—મામા ! આપે સાચું જ કહ્યું. માનવાવાસ રળીયામણો પ્રદેશ છે અને વસંતઋતુમાં એની શોભા પુરબહાર ખીલી ઉઠે છે.

વસંતોત્સવ માટે આગમન :

મામા અને ભાણેજ વાત કરવામાં મસ્ત બન્યા હતા, ત્યાં " લલિત " નગરમાંથી વસંતોત્સવની ઉજવણી માટે શ્રી " લોલાક્ષ " રાજાની સવારી ઉદ્યાનમાં આવતી દેખાણી.

લોલાક્ષ રાજા ચતુરંગ સૈન્યથી પરિવરેલો હતો. નાના પર્વતના શિખર સમા શ્યામવર્ણો ગજરાજ ઉપર એ આરૂઢ બનેલો હતો. વનની ખીલેલી વનરાજીના આકર્ષણથી એને વસંતોત્સવ ઉજવવાનું મન થયું. એટલે વનલક્ષ્મીને નિહાળવા અને વસંતોત્સવની મજા માણવા વનમાં આવ્યો.

લલિતનગરના લોકો મોહથી ઘેલા હતા, એમાં વસંતઋતુના આગમને ઘેલછામાં વધુ વધારો કર્યો. વળી લોલાક્ષરાજા મોહમાં સાથ આપે અને ઉદ્યાનશ્રી જોવા તેમજ વસંતના આનંદની લ્હાણ લેવા આવે પછી તો પ્રજાની ઉન્મત્તતાનું

પૂછવું જ શું ? એ પ્રજાને રાજાનો સહકાર મળે પછી તો મોહજન્ય મનોરંજનની કઈ કઈ ક્રીડાઓ ના કરે ?

સંગીતના શોખીનો ગાવામાં મસ્ત બની ગયા છે. નૃત્યકારો નૃત્યમાં ઉન્મત્ત બન્યા છે. કોઇ આનંદની ક્રીકીયારીઓ કરી મન બહેલાવે છે, તો કોઇ નાના સરોવરીયામાં પોતાની પ્રિયતમા ઉપર ચંદન કેશર ગુલાબજળ મિશ્રિત જળની પીચકારીઓ છાંટી હર્ષઘેલા બની રહ્યાં છે. કેટલાક કુલના દડાઓની રમતથી ઉલ્લાસમાં આવી રહ્યાં છે.

આ રીતિએ કામદેવથી ઉત્તેજિત બની અનેકવિધ રંગતરંગની ક્રીડાઓ કરી મનને સંતોષ આપી રહ્યાં છે.

આ ભાતભાતની ક્રીડાઓને પ્રકર્ષ પોતાના કમળદલ જેવા નિર્મલ નયન યુગલથી અનિમેષ નીહાળી રહ્યો હતો. આ બધું એને નવાઇ ઉપજાવતું હતું. જોવામાં એ પણ મસ્ત બની ગયો હતો.

વિમર્શ—ભદ્ર પ્રકર્ષ ! આ બધા જ બાહ્યપ્રદેશના પ્રાણીઓ છે. મહામોહ વિગેરે મહારાજાઓનું તારી આગળ વર્ણન કર્યું હતું, એનો આ સર્વ પ્રભાવ છે.

પ્રકર્ષ—મામા ! આ લોકો અનેક ભાતની ચેષ્ટાઓ કરી રહ્યા છે, તે કયા કારણને લઇને ? અને આ ચેષ્ટામાં કયા રાજાનો પ્રતાપ છે ?

વિમર્શ—સૌમ્ય ! જરા ધીરજ ધર. હું તને વિચારીને જણાવું.

વિમર્શે આસન લગાવી આંખો બંધ કરી. અંતરમાં

લીન બન્યો. ધ્યાન બરોબર કર્યું. એ બધી વાતોનો મનોમન નિર્ણય કરી લીધો. પછી ભાણેજને જણાવતા કહ્યું.

વસંત અને મકરધ્વજ મૈત્રી :

ભાઇ પ્રકર્ષ ! આપણે ચિત્તવૃત્તિ અટવીમાં પ્રમત્તતા નદીમાં ચિત્તવિક્ષેપ મંડપની અંદર મહામોહ રાજાની સભા જોઇ હતી, તે તને બરોબર યાદ છે ને ? એ જ સભામાં એક સદસ્ય તરીકે તેં મકરધ્વજને પણ જોયો હતો ને ? તે મકરધ્વજનો પ્રિય મિત્ર વસંત છે.

શિશિર ઋતુની સમાપ્તિ થઇ ત્યારે કારણવશાત્ વસંતને પોતાના પ્રિયમિત્ર મકરધ્વજ પાસે જવાનું થયું. બન્ને જણા થોડા દિવસ સાથે રહ્યા. મીલનસાર અને આનંદી સ્વભાવ હોવાથી સાથે રહેતાં, વાતો કરતાં એમની મૈત્રી વધુ ગાઢ બની ગઇ.

"વસંત" મહારાણી **શ્રી** કાલપરિણતિદેવીનો ખાસ અનુચર છે. એથી એણે પોતાના મિત્ર મકરધ્વજ આગળ પોતાની અંતરવ્યથા ઠાલવી.

વહાલા મિત્ર મકર ! મારે મારા સ્વામિની શ્રી કાલપરિણતિ દેવીની આજ્ઞાથી ભવચક્રનગરના અવાંતર નગર "માનવાવાસ"માં જવાનું છે. બે માસ સુધી મારે તારો વિરહ સહન કરવો પડશે. મને વિરહવ્યથા ખૂબ જ વ્યથિત કરશે. વિયોગના દુઃખથી મારૂં હૃદય કમકમી ઉઠે છે, છતાં મારા મિત્રની એક ઉડતી મુલાકાત લઈ આવું, એમ વિચારી તારી પાસે આવ્યો છું.

મકરધ્વજે વહાલભર્યા શબ્દોમાં જણાવ્યું, વાહરે, વસંત વાહ ! સાચે જ તું ભૂલકણો જણાય છે, શું આટલા અલ્પ સમયમાં જ તું પેલી વાત ભૂલી ગયો ? ગયે વર્ષે આપણે બન્ને માનવાવાસમાં સાથે જ રહ્યા હતા, મોજમજામાં બે મહિના કયાંય જતા રહ્યાં હતા. એ વાત શું વિસારે પડી ?

અરે ! મહાદેવીએ જ્યારે જ્યારે જે નગરે જવાનો આદેશ આપેલો છે, તે તે વખતે મને પણ મહારાજા શ્રી મહામોહે એ નગરનો રાજ્યવહિવટ સોંપેલો છે. જે વખતે તું જે નગરમાં જાય તે વખતે મારે પણ એ જ નગરનો વહીવટ સંભાળવાનો છે. તને વિરહની શંકા કાં થઈ ? આપણો વિરહ કયાં થવાનો છે ?

વસન્ત—ધન્ય મકર ! તેં સરસ યાદ કરાવ્યું. મધુર સ્મૃતિ કરાવી તેં આનંદિત કર્યો. મિત્ર ! વિરહની વ્યથા માનવીના અન્તરને એવી વલોવી નાખે છે કે એ પોતાના હાથમાં લીધેલા કાર્યોને પણ સુયોગ્ય રીતે અમલમાં મૂકી શકતો નથી.

હું તો વિરહ વ્યથાથી કાયર બનીને શાન ભાન ગૂમાવી બેઠો હતો. પણ તેં બધું યાદ કરાવી આપ્યું. હું તારો અંતરથી આભાર માનું છું. મિત્ર મકર ! ધન્યવાદ, હું વિદાય લઉં છું. તું જલ્દીથી આવજે.

મકરધ્વજ—મિત્ર વસંત ! તારો માર્ગ વિજયવંત બનો.

ત્યાર પછી વસંત માનવાવાસ નગરમાં આવ્યો. એણે બધા ઉદ્યાનો, કાનનો, ઉપવનો, વનખંડોમાં પોતાનો વિલાસી

અને ઉત્તેજનાજનક પ્રભાવ કેવો પાથર્યો છે, તે તને મેં જણાવી દીધું છે. વનશ્રીની શોભા વસંતને આભારી છે.

મકરધ્વજનો રાજ્યાભિષેક :

પ્રકર્ષ ! વસંતની વિદાય પછી મકરધ્વજે શ્રી વિષયાભિલાષ મંત્રીશ્વરને વિનંતિપૂર્વક જણાવ્યું કે પૂર્વપરંપરાથી ચાલતી આવેલી રાજકીય મર્યાદાઓનું સુયોગ્ય પરિપાલન થવું જોઇએ.

મહારાજા શ્રી મહામોહદેવે વસંત જ્યારે માનવાવાસ નગરે જાય એ વખતે ત્યાંના રાજ્યનું સુકાન મને સોંપવામાં આવશે એવું ફરમાવેલું. એ કૃપાના આધારે દર વર્ષે મને વસંતના સાથે જવાનું અને રાજ્યપાલન કરવાનું મળે છે.

તો પ્રતિવર્ષની જેમ આ વખતે પણ મહારાજાની કૃપાથી ત્યાંનું રાજ્ય મને મળવું જોઇએ.

વિષયાભિલાષ મંત્રીએ આ નિવેદન શ્રી રાગકેશરી મહારાજાને જણાવ્યું અને શ્રી રાગકેશરી મહારાજાએ પોતાના પૂજ્ય તાતપાદ શ્રી મહામોહ મહિપતિ સમક્ષ વિજ્ઞપ્તિરૂપે રજુ કર્યું અને સાથે નમ્રતાપૂર્વક જણાવ્યું.

" દૃઢ પ્રતિજ્ઞ અને પ્રભુતાને વરેલા નાયકોએ પોતાના વફાદાર અને વિશ્વસનીય સેવકોની સેવાથી સુપ્રસન્ન બની જે ઉત્કર્ષ કરી આપ્યો હોય, એની મર્યાદાઓનું સુવ્યવસ્થિત રીતે પાલન થવું જોઇએ. "

એકવચની મહામોહ મહારાજાએ એ વિજ્ઞપ્તિનો સહર્ષ

સ્વીકાર કર્યો. પોતાની રાજ્યસભા ભરાવી અને દરેક રાજાઓને સૂચન કર્યું.

હે રાજાઓ ! તમે સૌ શાંતિથી સાંભળો. " માનવાવાસ નગરનું રાજ્ય હાલમાં હું મારા પ્રિય સેવક આ મકરધ્વજને અર્પણ કરી રહ્યો છું. એના રાજ્યાભિષેક વખતે તમારે સૌએ આવવાનું છે અને એના વફાદાર સૈનિકની જેમ ખડે પગે સેવા કરવાની છે."

" મકરધ્વજને યોગ્ય લાગશે એ સેવા તમને સોપશે. તમારે એની આજ્ઞાનો સહર્ષ અમલ કરવાનો છે. હું પણ માનવાવાસ નગરે આવીશ અને મકરધ્વજના મંત્રી તરીકે કાર્ય કરીશ. "

સૌ રાજાઓએ મહામોહની આજ્ઞા સ્વીકારી, મસ્તક ઝૂકાવી આનંદ વ્યક્ત કર્યો.

પ્રસન્ન વદન બનેલા શ્રી મહામોહરાયે મકરધ્વજને કહ્યું, બેટા મકર ! માનવાવાસનું રાજ્ય તને સોંપું છું. ઐશ્વર્યશાળી રાજ્યનો રાજા બની તું અભિમાની ના થઈશ. તારા હાથ નીચેના રાજાઓનો આદર સત્કાર કરતો રહેજે. એમના હક્કો અને એમની સંપત્તિઓ આંચકી લેવાની વૃત્તિ ના કરીશ. સૌને પ્રેમથી વશ રાખજે. સત્તાની તુમાખીથી કામ સારા ન થાય. સૌનું સુંદર ગૌરવ જાળવજે.

મકરધ્વજે એ આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કર્યો.

સૌ માનવાવાસ નગરે આવ્યા. મકરધ્વજનો રાજ્યાભિષેક

કરવામાં આવ્યો. સૌ રાજાઓ એના સેવક બની આજ્ઞાનો અમલ કરવા તત્પર થયા.

મકરધ્વજનો પ્રતાપ :

મહાપ્રતાપી મકરધ્વજ રાજા બાહ્યપ્રદેશના લલિતપુરના રાજવી લોલાક્ષને પોતાના ઓજસથી પરાભવ પમાડી સપરિવાર નગરથી બહાર હાંકી રહ્યો છે, પરન્તુ અબુધ લોલાક્ષ રાજા એ નથી સમજી શકતો કે હું મકરધ્વજથી પરાભવ પામ્યો છું.

પ્રકર્ષ ! તને ખ્યાલ આવી ગયો હશે કે મહામોહરાયની કૃપાથી રાજવી પદને પામેલા મકરધ્વજના પ્રતાપથી રાજવી લોલાક્ષ અને જનસમૂહ વિવિધ ચેષ્ટાઓ કરી રહ્યાં છે.

પ્રકર્ષ—મામા ! મકરધ્વજ હાલમાં કયાં છે ?

વિમર્શ—ભદ્ર ! એ તો પાસે જ છે, જાતે હાજર રહીને જ આવા નાટકો કરાવે છે.

પ્રકર્ષ—તો એ અહીં કેમ દેખાતો નથી ?

વિમર્શ—ભાઇ ! એ અંતરંગ પ્રદેશના લોકો યોગી જેવા હોય છે. "પ્રગટ થવું અને અદશ્ય થવું" એ એમને મન સામાન્ય રમત છે. પરકાયપ્રવેશ વિદ્યામાં પણ નિષ્ણાત હોય છે. પોતાના વિજયથી એ ઘણાં ખુશી થઈ રહ્યાં છે. આ બાહ્ય જનસમુહના શરીરમાં રહ્યા રહ્યા નાટકો જોઇ રહ્યા છે.

પ્રકર્ષ—મામા ! તમે એ લોકોને કેવી રીતે જોઇ શકો છો ?

વિમર્શ—વિમલાલોક અંજનની યૌગિક શક્તિથી હું એ સૌને જોઇ શકું છું.

પ્રકર્ષ—મામા ! આપ મારા ઉપર કૃપા કરો અને મારા નયનોમાં એ અંજન આંજી આપો, જેથી હું પણ એ લોકોને જોઇ શકું.

વિમર્શે પ્રકર્ષના નયનોમાં અંજન આંજી દીધું. નયનોની જ્યોતિ દિવ્ય બની ગઇ. પછી મામાએ કહ્યું, પ્રકર્ષ ! તું લોકમાનસને જો, દિવ્ય જ્યોતિના પ્રકાશથી એમના હૃદયની પ્રક્રિયાનું વાચન કર.

પ્રકર્ષ અંજનના પ્રતાપે લોકહૃદયને જોઇ શકતો હતો. એના ભાવો વાંચી શકતો હતો. એથી એ ગેલમાં આવી ગયો અને જોરથી હસી પડ્યો.

જુવો મામા ! રાજ્યધુરાને વહન કરતો રાજ્યાભિષિક્ત બનેલો મકરધ્વજ રાજા દેખાય છે, મકરધ્વજની સેવામાં મહામોહ વિગેરે રાજવીઓ પણ હાજર થઇ ગએલા દેખાય છે. મકરધ્વજ પણ સિંહાસન ઉપર બેઠા બેઠા આ લોકો ઉપર બાણોનો વરસાદ વરસાવી રહ્યા છે. લોલાક્ષ રાજા પણ બાણોથી વિંધાઇને કામવશ બની ગયા છે.

રતિદેવી સૌને વિકારવશ જોઇને પોતાના પતિ મકરધ્વજ સાથે ખડખડાટ હસે છે. તાળીઓ પાડી આનંદ વ્યક્ત કરે છે. મહામોહ રાજા પણ મકરધ્વજ રાજાની યથાશક્ય સહાયતા કરી રહ્યો છે. લોકોને મકરધ્વજના આધીન બનાવી મોટેથી હસી રહ્યો છે. બીજા સેવકો પણ બોલી રહ્યા છે કે ઠીક

લોલાક્ષને અને પ્રજાને હંફાવ્યા. બધાને જ કામાસક્ત બનાવી દીધાં છે.

અહાહા ! મામા ! તમે તો ભારે નવાઇ ઉપજાવે એવું નાટક બતાવ્યું. હું કૃત્યકૃત્ય બની ગયો. તમારા જેવા મામા હોય પછી મારે કઈ વાતની કમીના હોય ? આપની કૃપા બદલ આપનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

રાજ્યાભિષેકમાં સર્વની હાજરી :

મામા ! તમે તો ઘણું જોવા જેવું બતાવીને મને ખૂબ ખીલવી રહ્યા છો હો. હું તમને એક વાત પૂછી લઉં ?

સુખેથી પૂછી શકે છે.

મામા ! મકરધ્વજની બાજુમાં મહામોહ, રાગકેશરી, વિષયાભિલાષ, હાસ્ય વિગેરે સૌ પોતપોતાની પત્ની સાથે દેખાય છે, પણ દ્વેષગજેન્દ્ર, અરતિ, શોક વિગેરે કેમ દેખાતા નથી? શું મકરધ્વજના રાજ્યાભિષેકમાં એમની હાજરી ન જોઇએ ?

વિમર્શ—ભાણા પ્રકર્ષ ! અહીં સૌ કોઇ આવેલા છે. મેં પહેલાં જ તને જણાવ્યું હતું કે આ લોકો અનેક રૂપો કરી શકે છે. ઘણીવાર પ્રગટ થાય અને ઘણીવાર અન્તર્ધાન થઈ જાય. અત્યારે દ્વેષગજેન્દ્ર, શોક, અરતિ વિગેરે હાજર છે. સેવાનો અવસર અને મકરધ્વજ મહારાજાની આજ્ઞાની રાહ જુવે છે. આજ્ઞા થતાં જ પ્રગટ થઈ જશે.

અત્યારે મહામોહ વિગેરેને સેવા સોંપવામાં આવી છે. એટલે એ લોકો પોતાની ફરજ ઉપર હાજર છે. મહામોહે

લોલાક્ષ રાજા અને પ્રજા ઉપર પોતાનો પ્રભાવ પાથર્યો છે. એટલે એ લોકો બીજી વસ્તુઓને ખૂબ ચાહી રહ્યા છે.

હાસ્ય પણ પોતાની ફરજ બજાવી સૌને હસાહસ કરાવી રહ્યો છે. રાગકેશરીએ પોતાની અસર એવી પાથરી કે એક બીજા સ્ત્રી-પુરૂષો એક બીજાને ભેટી પડવા આતુર બની ગયા છે. ભોગતૃષ્ણા, મૂઢતા, તુચ્છતા વિગેરે પણ પોતાને સોંપેલી સેવા બજાવી રહી છે.

પ્રકર્ષ—મામા ! આ બધા મકરધ્વજની સેવામાં આવ્યા છે, એટલે ચિત્તવૃત્તિ અટવીમાં આવેલ મહામોહનો મંડપ અત્યારે શૂનશાન પડ્યો હશે ને ?

વિમર્શ—ના રે ભાઇ ના. આ અભ્યંતર લોકો ભારે જબરા હોય છે. ઘણા રૂપો કરી શકે છે. એ અહીંયા છે, તેમ ત્યાં પણ છે જ. મહોમોહની રાજધાનિ તો ત્યાં જ છે. એ વિશ્વવ્યાપક મહારાજા છે. આ માનવાવાસમાં થોડા સમય પૂરતું જ મકરધ્વજનું રાજ્ય છે, એ પણ મહામોહની કૃપાથી પ્રાપ્ત થયું છે.

વળી મહામોહ રાજાનો ભારે વિચિત્ર અને કૌતુકી સ્વભાવ છે. એ પોતાના નોકરોને પણ રાજા બનાવે અને જેને જે અધિકારો આપ્યા હોય તે સુરક્ષિત રાખે છે. આ કારણે જ એણે મકરધ્વજને રાજ્ય આપ્યું અને પોતે વફાદાર સૈનીક બની સેવા બજાવી રહ્યો છે. એનું મૂળ સ્થાન શાશ્વત છે. આ બધાની ત્યાં સભામાં પણ કાર્યવાહી વ્યવસ્થિત ચાલી રહી છે.

પ્રકર્ષ—આપે ઘણું સરસ સમાધાન આપી મારૂં હૈયું હળવું બનાવી દીધું.

સુરાપાન અને વિવેકનાશ :

પ્રકર્ષ ભવચક્રનગરના કૌતુક જોવામાં ભારે રસ લેવા લાગ્યો. ચારે તરફ અવનવું જોવા માટે નજર ફેરવ્યા જ કરે. એવામાં લોલાક્ષ રાજા હાથીની અંબાડીએથી નીચે ઉતરી ઘણા જનસમૂહ સાથે વનના મધ્યભાગમાં આવેલ શ્રી ચંડિકા દેવીના મંદિરે દર્શન માટે ગયો.

ચંડિકાદેવીનો મદિરાથી અભિષેક કરી વિવિધ દ્રવ્યોથી પૂજા કરવામાં આવી. પૂજા કર્યા બાદ દેવી મંદિરના વિશાળ પટાંગણમાં રાજા, રાજપરિવાર અને નાગરીકો મદ્યપાન કરવા બેઠા.

રાજસેવકો વિશાળ પાત્રોમાં સુરા ત્યાં લાવ્યા. રત્ન, સુવર્ણ અને રજતના મદ્યપાનના ચષકો—પ્યાલાઓ સૌની સન્મુખ મૂકવામાં આવ્યા. સૌને એક પછી એક ઉત્તમ, મધુર, શક્તિવર્ધક અને માદક મદ્ય આપવામાં આવ્યું. આનંદથી મદ્યપાન કરવા લાગ્યા અને ઉન્મત્તતા વધવા લાગી. ઉદરમાં જેટલા નંખાય એટલા ચષકો ગટગટાવી ગયા.

પ્રમાણથી વધુ મદ્યપાનના કારણે સૌ વિવેકહીનતા યુક્ત બનવા લાગ્યા. સમય, સ્થાન અને કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલવા લાગ્યા. લોકો નાચગાનના તાનમાં મસ્ત બની ડોલવા લાગ્યા. વાજિંત્રના માદક વિકારી, સુરો અને મૃદંગના માદક તાલો શરૂ થઈ ગયા. કેટલાક હાથતાલી દઈ નાચવા લાગ્યા.

મદ્યના કેફી નશામાં ચકચૂર બની ભાન ભૂલેલા મદ્યપો કયું વિવેકહીન વર્તન ન આદરે ?

રતિલલિતાનો નાચ :

મદ્યના નશામાં મસ્ત બનેલો લોલાક્ષ રાજા આ તમાસો જોઇ રહ્યા હતા. એમની બાજુમાં એમનો લઘુબન્ધુ રિપુકંપન યુવરાજ બેઠો હતો. એણે મદ્યપાન વધુ પ્રમાણમાં કર્યું હોવાથી ઉત્કટ નશો ચઢેલો હતો.

યુવરાજ રિપુકંપને પોતાના પડખે બેઠેલી પોતાની પ્રિયતમા રતિલલિતાને વિવેકવિહીન બની કહ્યું. અરે ઓ વહાલી ! જુવે છે શું ? ઉભી થા. નાચવા લાગ, તારૂં મત્તમયૂર નૃત્ય દેખાડ.

રતિલલિતાને વડિલોની સન્મુખ નૃત્ય કરતાં લજ્જા આવતી હતી. નૃત્ય કરવા માટે મન માનતું ન હતું, પણ પતિદેવની આજ્ઞાને ઉલ્લંઘન કરવાની એનામાં શક્તિ ન હતી.

રતિલલિતા લજ્જાપૂર્ણ હૃદયે નૃત્ય માટે ઉભી થઈ. અંગૂલીમરોડ, હાવભાવ, શરીરડોલનની નૃત્ય પ્રક્રિયાઓમાં એ ઘણી નિપુણા હતી. એણીના શરીરનું લાવણ્ય મદ ઉભરાવે તેવું હતું. નયનો મદ સભર અને કટાક્ષ કરવામાં પાવરધા હતા.

લોલાક્ષ રાજા એ નમણી નારીના નૃત્યને નિહાળી રહ્યો. નૃત્ય નીહાળતા નયનોમાં કેફ વધવા લાગ્યો. આ અવસરનો લાભ લઈ મકરધ્વજે લોલાક્ષ ઉપર પોતાના પંચજાતીય બાણોનો સખ્ત મારો ચાલુ કર્યો. એ ઘણી જ ઝડપથી ઘવાઇ ગયો અને મકરધ્વજની આધીનતામાં આવી ગયો.

મકરધ્વજના બાણોના આઘાતોથી લોલાક્ષ નાના ભાઈના નૃત્ય કરતાં પત્ની રતિલલિતા ઉપર આસક્ત બનવા લાગ્યો. મનમાં રતિલલિતાને આલિંગન કરવાનો ઉભળકો જાગ્યો.

અન્ય મદ્યપાન કરનારાઓ મદ્યની અસરથી બેભાન જેવા બની ગયા હતાં. સ્થાન અને સમય વિગેરેનો વિવેક નષ્ટ થઇ ગયો હતો. જ્યાં મદ્યપાન કરેલ તે જ સ્થળે ઘણાં મૂર્ચ્છિત થઇ ઢળી પડ્યા હતા. ભૂતના વળગાળવાળા માનવીની જેમ ઘણાં ત્યાં જ આળોટવા લાગ્યા.

મદ્યની વિપરીત અસરના કારણે કેટલાને ત્યાં જ વમન થયું હતું. મૂર્ચ્છિત બની વમનમાં જ આળોટવા લાગ્યા. કુતરાઓ અને કાગળાઓ આવી મદ્યપાન કરનારાઓના મુખ ચાટતા હતા અને વમનને ખાતા હતા. કેટલા કુતરાઓ જાતીસ્વભાવના કારણે પોતાનો પગ ઉંચો કરી એ લોકોના મુખમાં મુતરી દેતા હતા.

મકરધ્વજના પ્રતાપે લોલાક્ષરાજા રતિલલિતામાં કામાતૂર બની ચૂકયો હતો. રાગકેશરીએ એમાં પ્રેરણા આપી અને મહામોહરાજાએ વધુ ઉત્સાહિત કર્યો, એથી પોતાની બન્ને ભુજાઓને પહોળી કરી રતિલલિતાને આલિંગન કરવા ઉભો થઇ એ તરફ દોટ મૂકી.

પોતાના જેઠ લોલાક્ષને કામાતૂર બની પોતાના તરફ આવતા જોઇ રતિલલિતા એકદમ ભયથી ગાભરી બની ગઇ. ભયભીત થવાના કારણે મદ્યનો નશો તરત ઉતરી

ગયો.* પોતાના બચાવ ખાતર દોડવા જાય છે ત્યાં લોલાક્ષે બળજબરીએ એણીનો હાથ પકડી પાડ્યો

જોરથી ઝાટકો મારી હાથ છોડાવી રતિલલિતા ભાગી ત્યાં ફરી એણે પકડી લીધી. રતિલલિતાએ રકઝક કરી કળ વાપરી હાથ છોડાવી લીધો અને સ્વરક્ષણ ખાતર ધ્રુજતી ધ્રુજતી મંદિરમાં દાખલ થઇ, દેવીની મૂર્તિના પાછળના ભાગે સંતાઇ ગઇ.

દ્વેષગજેન્દ્રનો સમય :

આ સમયે દ્વેષગજેન્દ્રને પોતાની ફરજ ઉપર હાજર થવા મકરધ્વજ રાજાની આજ્ઞા થઇ. દ્વેષગજેન્દ્ર પોતાના ક્રોધ માન વિગેરે આઠ બાળકોની સાથે ફરજ અદા કરવા મેદાને આવી પહોંચ્યો.

પ્રકર્ષ—મામા ! આ તો દ્વેષગજેન્દ્ર હાજર થતો લાગે છે.

વિમર્શ—ભાઇ ! ફરજ ઉપર ઉપસ્થિત થવાની આજ્ઞા થઇ એટલે હાજર થવું જ પડે. તું શાંતિથી આના તીક્ષ્ણ અને તેજસ્વી પરાક્રમને જો તો ખરો.

દ્વેષગજેન્દ્રે લોલાક્ષના શરીરમાં પ્રવેશ કરી એના માનસ ઉપર પોતાનો કબજો મેળવ્યો એટલે લોલાક્ષને વિચાર આવ્યો કે અરે ! આ દુષ્ટા રતિલલિતા મારા ઉપર પ્રેમ

* કોઇ ભય પમાડે અથવા સ્વતઃ ભય આવે તો દારૂનું ઘેન નષ્ટ થઈ જાય છે.

કરતી નથી ? મારી ઇચ્છાને તૃપ્ત થવા દેતી નથી ? જ્યાં ત્યાં નાશભાગ કરે છે, લાવ ત્યારે એણીને ખતમ જ કરી નાખું.

નગ્ન અને તીક્ષ્ણ તલવાર હાથમાં લઈ ચંડિકાદેવીના મંદિરમાં દાખલ થયો. મદ્યનું ઘેન હતું, બરોબર ભાન ન હતું, એટલે રતિલલિતાના ભ્રમમાં ચંડિકાદેવીનું મસ્તક ઉડાવી દીધું.

" હે આર્યપુત્ર ! બચાવો, હે આર્યપુત્ર ! બચાવો. " આવા પોકારો કરતી ભય બહાવરી બનેલી રતિલલિતા મંદિરની બહાર દોડી ગઇ.

પોતાની પ્રિયતમાનો અવાજ કાનમાં જવાથી રિપુકંપન સફાળો ઘેનમાંથી જાગૃત બન્યો. તરત જ પૂછ્યું, પ્રિયે ! તને શેનો ભય લાગે છે ? કેમ અવાજો કરે છે ?

રતિલલિતાએ પતિદેવને પોતાના ભયનું કારણ જણાવતાં કહ્યું, આર્યપુત્ર ! આપના વડિલબન્ધુ મારા ઉપર બલાત્કાર કરવા ધસી રહ્યા છે.

આ અવસરે દ્વેષગજેન્દ્રે રિપુકંપનના શરીરમાં પ્રવેશ કર્યો અને એના અન્તઃકરણ ઉપર પોતાનું આસન જમાવી દીધું.

રતિલલિતાની વાત સાંભળી રિપુકંપનનો ક્રોધ ભભુકી ઉઠ્યો. મોટા ભાઇને તિરસ્કારભર્યાં શબ્દો દ્વારા યુદ્ધ માટે આહ્વાન આપ્યું.

લોલાક્ષનું મૃત્યુ :

યુદ્ધના આહ્વાનને ઝીલી લોલાક્ષ યુદ્ધ માટે આવી ગયો.

બીજાઓનો નશો ઉતરી ગયો અને યોદ્ધાઓ તલવાર ભાલા તીરો લઇ યુદ્ધના મેદાનમાં આવી પહોંચ્યા.

કોઇને યુદ્ધના કારણની જાણ નથી. કોઇને કોઇએ પૂછ્યું નથી. અર્ધ નશાભરી હાલતમાં યુદ્ધનું ઘમશાણ જામી પડ્યું.

બન્ને ભાઇઓના સૈન્યમાં ભયંકર યુદ્ધ ખેલાયું અને ઘણા મરણને શરણ થયાં, તો પણ બન્ને ભાઇઓ એક બીજા ઉપર તલવારના ઘા ઝીકતા હતા. યુદ્ધ એમનું ચાલુ જ રહ્યું.

રિપુકંપનનો ક્રોધ વધુ તીવ્ર બન્યો. બળ અને સ્ફૂર્તિથી તલવારના ઘા કરવા લાગ્યો. એમાં લાગ જોઈ રિપુકંપને લોલાક્ષના ગળા ઉપર તીવ્ર ઘા માર્યો અને ઝાડ ઉપરથી નાળીયેર પડે તેમ મસ્તક ધડથી વિખુટું પડી ગયું.

આ વિનાશક યુદ્ધને જોઇ મામા ભાણેજ નગરના કોઇ સુરક્ષિત સ્થળે જઇ પહોંચ્યા અને વિરામ લેવા બેઠા.

વિમર્શ—ભાણા ! દ્વેષગજેન્દ્રની શક્તિ જોઇને ?

પ્રકર્ષ—મામા ! સારી રીતે જોઇ. હદ થઇ ગઇ હો. શું વિલાસી માનવીઓની આવી જ દશા થતી હશે ? શું મદ્યપાનનું આવું જ કરૂણ પરિણામ ?

વિમર્શ—હા ભાઇ, મદ્યપાનની કુટેવથી બુદ્ધિ નાશ થાય, વેરઝેર કલહ થાય, ધન જાય, પરલોકમાં દુર્ગતિ થાય અને આ ભવમાં પણ ઘણી આપદાઓનો સામનો કરવો પડે.

વળી જે લોકો મદ્યપાન કરીને પરનારીમાં કામાતૂર બની આલિંગન કરવા તૈયાર થાય એમની આવી ભયંકર દુર્દશા

થાય એમાં શું આશ્ચર્ય ? મદ્યપાનના તો આ સાધારણ પરિણામો છે. પણ પરલોકમાં નરક વિગેરેની મહાયાતનાઓ સહન કરવાની નસીબમાં આવી પડે છે.

પ્રકર્ષ—મામા ! તમે જે કહો છો તે બરોબર છે. આપની કૃપાથી મને બધું પ્રત્યક્ષ જોવા મલ્યું.

મિથ્યાભિમાન :

મામા અને ભાણેજ માનવાવાસના લલિતપુરમાં આરામ ખાતર થોડા દિવસ રહ્યા, રોજ નગરના જુદા જુદા દર્શનીય સ્થળો જોતા હતા. એક દિવસે ફરતા ફરતા રાજમહેલ પાસે આવ્યા, ત્યાં એક દીર્ઘકાય પુરૂષ જોવામાં આવ્યો.

પ્રકર્ષ—મામા ! આ તો પેલો મિથ્યાભિમાન દેખાય છે. પહેલાં આપણે એને રાજસચિત્તનગરમાં જોયો હતો.

વિમર્શ—હા. એ પોતેજ મિથ્યાભિમાન છે. તે પણ જુદા જુદા રૂપો બનાવી શકે છે. મકરધ્વજ મહારાજાની આજ્ઞા થવાથી પોતાની ફરજ બજાવવા અહીં આવ્યો છે.

પ્રકર્ષ—મામા ! આ મિથ્યાભિમાન ક્યાં જાય છે ?

વિમર્શ—સૌમ્ય ! સાંભળ, ચંડિકા દેવીના મંદિરમાં તેં રિપુકંપનને જોયો હતો ને ? યાદ છે ?

યુદ્ધમાં પોતાના બન્ધુ લોલાક્ષને યમપુરીમાં પહોંચાડ્યા બાદ એ લલિતપુરનો રાજા બન્યો છે અને આ સામે દેખાતો એનો રાજમહેલ જણાય છે. ગમે તે કારણે મિથ્યાભિમાન આ મહેલમાં પ્રવેશ કરવા ઇચ્છી રહ્યો લાગે છે.

પ્રકર્ષ—આપણે આ રાજમહેલ જોવા જઈશું ?

વિમર્શ—તારી ઈચ્છા હોય તો એમ.

મામા ભાણેજ રાજમહેલમાં ગયા.

પુત્રજન્મ અને વધામણાં :

રિપુકંપન રાજાને "મતિકલિતા" નામના બીજા એક રાણી હતા. એ ભાગ્યવતી રાણીએ એક સુંદર પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રની પ્રાપ્તિ માટે અનેક માનતાઓ માનવામાં આવી હતી. સૂર્યનો ઉદય થવાથી સરોવરમાં કમળો ખીલી ઉઠે, તેમ પુત્રનો જન્મ થતાં મહેલનું વાતાવરણ ખીલી ઉઠયું. મહેલને સુશોભનોથી સુંદર રીતે સુસજ્જ કરવામાં આવ્યો.

પ્રિયવંદા દાસી મહારાજાશ્રીને પુત્રરત્નના જન્મ થયાના વધામણા આપવા જાય છે. હર્ષનો અતિરેક એના મુખ ઉપર વહી રહ્યો હતો. ગુલાબના વિકસિત પુષ્પ જેવું એનું સ્મિત હતું. વિકસિત કમળદળ જેવા એના નયનો હતા. વક્ષસ્થલ ઉપર રહેલાં માંસલ સ્તનો કનક કળશની શોભાને ધરતા હતા. એની કુમકુમ ચાલ જોનારને મંગલનો આભાસ કરાવતી હતી.

મહારાજાશ્રીના સમીપમાં જઈ નમસ્કાર કરવાપૂર્વક કોયલ કંઠ અને રજત ઘંટડીના રણકાર જેવા મધુર અને પ્રિય સ્વરે પુત્રરત્નના મંગળ વધામણાં આપ્યા.

રાજવી રિપુકંપન પુત્રજન્મના સમાચાર સાંભળતાં જ ઘણો પ્રસન્ન બની ગયો. એના શરીરના રોમેરોમ વિકસ્વર બની ગયા. રૂવાંઓ ઉંચા થઈ ગયા.

આ અવસર જોઈ મિથ્યાભિમાન મહેલમાં ઘુસી ગયો અને શીઘ્રતાથી રાજાના શરીરમાં પ્રવેશ કરી પોતાનો પ્રભાવ પાથર્યો.

મિથ્યાભિમાનના પ્રતાપે રાજાનો આનંદ ઘણોજ વધી ગયો. હૈયું હર્ષની ઉર્મિઓથી ઉભરાવા લાગ્યું. એ પુત્રજન્મના સમાચારથી એવો ઘેલો ઘેલો બની ગયો હતો કે શરીરમાં સમાઇ શકતો ન હતો. છાતીના કસ તૂટી ગયા અને ગજગજ ફૂલાઈ ગઇ. એના માનસમાં તરંગો ઉઠવા લાગ્યા.

અહો ! હું આજે પરમ ભાગ્યશાળી બની ગયો. મને જ કલ્યાણની સંપદા પ્રાપ્ત થઈ. મારૂં કુળ આબાદ બની ગયું. વંશપરંપરાનો વેલો આગળ વધશે. હું વડભાગી બની ગયો. મારૂં રાજ્ય આજે સફળ બન્યું. મારા વિલાસો સાર્થક થયા. મારા મનોવાંછિત ફળ્યાં. મારા મહેલે અમિરસ ભર્યાં મેઘ વરસ્યાં. આજ સુધી મને પુત્ર ન હતો. ઘણા પ્રયત્ને પુત્રરત્ન પ્રાપ્ત થવાથી હું મહાભાગ્યવંત બની ગયો.

મિથ્યાભિમાનના પ્રતાપે રિપુકંપન આવા વિચારોમાં મશગૂલ બની ગયો. એ શરીરમાં સમાતો નથી, ગામ સાંકડું પડે છે અને નગરમાં માતો નથી, વિશ્વ પણ એને મન હવે વામન જણાય છે.

હર્ષના પ્રભાવ :

પુત્રજન્મના મંગળ વધામણા લાવનાર દાસી પ્રિયંવદાને દારિદ્ર નાશ પામે એવું મહાપારિતોષિક આપવામાં આવ્યું. રાજ્યમાં પુત્રજન્મ મહોત્સવ ઉજવવાનો આદેશ આપવામાં

આવ્યો. ગામ, નગર, મહેલ, રાજપથો, ચોગાનો, વનો, ઉપવનો વિગેરે શણગારવામાં આવ્યા. આશોપાલવના તોરણીયા બંધાણા, કુમકુમના છાપા દેવાણા. નૃત્ય, ગીત અને વાજિંત્રના મનોરંજન કાર્યક્રમ મંડાણા.

રાજમહેલમાં મોટા "વર્ધનક" વાજિંત્રો વાગી રહ્યા હતાં. દાસો નાચતા હતાં, દાસીઓ નાચતી હતી. પરિવાર પણ નાચવામાં મસ્ત બન્યો હતો. રાજા રિપુકંપન પણ તાનમાં આવી ગયો અને નાચવા લાગ્યો. જોરથી તાળીઓ પાડી ગાવા લાગ્યો. ઉંચો ઉછળી ઉછળી કૂદવા લાગ્યો.

વધામણાની રીતભાત, વાજિંત્રની સુરાવલી અને રિપુકંપનનું નૃત્ય જોઇ પ્રકર્ષને ઘણું આશ્ચર્ય થતું હતું. અનિમેષ નયને આ તોફાન જોઇ રહ્યો હતો. મનમાં વિચારતો હતો કે આવું ગાંડપણ કેમ થઇ રહ્યું છે? મામાને પ્રશ્ન કર્યો.

મામા! આ મહેલના નરનારીઓએ શરીર ઉપર શા માટે માટીના લેપો ચોપડ્યાં છે? શું કરવા રાડો પાડી રહ્યા છે? શા માટે હાથપગ ઉછાળીને ધમપછાડા કરી રહ્યા છે? આ રાજા પણ નાના બાળક જેવું હાસ્યપાત્ર શું કરી રહ્યો છે? રાજા થઇને રાડો પાડે અને વાંદરાની જેમ હૂપા હૂપ કરતો જાય અને કૂદાકૂદ કરે એ સારૂં લાગે? હાથપગ પહોળા કરી શું તમાશો બતાવી રહ્યો છે? શા માટે શરીરને આવું કષ્ટ આપે છે? ગાંડો તો નથી બની ગયો ને?[૧]

---

૧ અધ્યાત્મની દૃષ્ટિએ પ્રકર્ષનો પ્રશ્ન ઘણો જ સુંદર છે.

વિમર્શ—ભાઇ ! આપણે જ્યારે રાજમહેલમાં આવતા હતા, ત્યારે તેં મિથ્યાભિમાનને જોયેા હતેા ને ? એ આ રાજમહેલમાં આવ્યેા અને આ બધા લેાકેા પાસે આવું નાટક કરાવી રહ્યો છે. આ મિથ્યાભિમાનનેા પૌઢપ્રતાપ છે, એ પ્રતાપથી લેાકેાને પેાતાની જાતનું પણ ભાન રહેતું નથી, એથી આ નૃત્ય, ગીત, સંગીત કરી રહ્યા છે. ઘણાને ભૂતાવળ વળગી હેાય એવું લાગે છે.

પ્રકર્ષ—મામા બધાને આવી રીતે નચાવનારેા મિથ્યાભિમાન ખરી રીતે રાજાનેા શત્રુ જ ગણાય ને ? આ રીતે મિથ્યાભિમાનથી દબાએલેા રિપુકંપન રાજા કેમ ગણાય ? એનું રાજાપણું કેવું ? એની સત્તા કેવી ? એ રિપુને કંપાવનારેા કેવેા ?

વિમર્શ—ભાણા ! એ કાંઇ ભાવરિપુકંપન નથી. ભાવશત્રુઓનેા નાશ કરનારેા નથી. બાહ્ય શત્રુઓનેા વિજેતા છે માટે રિપુકંપન ગણાય છે. બાહ્ય શત્રુઓને જિતવા માત્રથી કાંઈ ભાવશત્રુઓનેા પરાભવ થતેા નથી. જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, બાહ્ય અને અભ્યંતર શત્રુઓની પરીક્ષા કરવા જેટલું વિવેક જ્ઞાન ન થાય, ત્યાં સુધી આંતર વિજેતા બનાતું નથી.

આ રિપુકંપનમાં જ્ઞાનનું બિંદુ પણ નથી. સારાસારનેા વિવેક નથી. એટલે જ મિથ્યાભિમાન પેાતાની ધારેલી રીતિ મુજબ બહુ ચતુરાઈપૂર્વક એની વિડંબના કરી રહ્યો છે અને એ વિડંબનામાં રિપુકંપન આનંદ માની રહ્યો છે.

શોકનું આગમન :

મામા ભાણેજ આનંદથી વાતો કરી રહ્યા હતા, એટલામાં રાજમહેલના તોરણ દ્વારે કોઈ બે વ્યક્તિઓ આવી પહોંચી. એ બે વ્યક્તિને જોઈ ભાણાએ પ્રશ્ન કર્યો.

મામા આ બે કોણ છે ?

વિમર્શ—ભાણા ! એકનું નામ "મતિમોહ" છે અને બીજાનું નામ "શોક" છે.

વિમર્શ આટલો ઉત્તર આપ્યો ના આપ્યો ત્યાં રાજમહેલના પ્રસૂતિગૃહમાંથી કરુણ, કર્ણકટુ, હૃદયભેદક અને અમંગળ સૂચક પોકારો આવવા લાગ્યા. વાતાવરણમાં વિષાદ ડોલવા વાગ્યું.

અમંગળ સૂચક અવાજો સાંભળી રિપુકંપન રાજા બહાવરો બની ગયો અને વાંજિત્રોના મંગલ સુરો, નૃત્ય ગીત વિગેરે ઉત્સવના કાર્યો બંધ કરાવ્યા. "પ્રસૂતિગૃહમાં શું બન્યું હશે" એ જાણવા આતુર બન્યો.

હાહાકાર કરતી, હૈયાફાટ રડતી, ભયભીત હરણલીઓના જેવા ભયભીત નયનોવાળી, હતાશાથી નિસ્તેજ મુખી બનેલી દાસીઓ પ્રસૂતિગૃહમાંથી દોડતી દોડતી આવી.

હે નાથ ! બચાવો, હે નાથ ! બચાવો. કુમારના પ્રાણો કંઠે આવી પહોંચ્યા છે. આંખો ખેંચાઈ ગઈ છે. નાડીના ધબકારા બંધ થઈ ગયા છે. ઓ અમારા નરપતિ ! બચાવો. બચાવો, દોડો દોડો, રાજકુમારની રક્ષા કરો, રક્ષા કરો.

રિપુકંપનના હૃદય ઉપર વજ્રના આઘાત કરતાં કારમો આઘાત થયો. આકુળ વ્યાકુળ બની ગયો. છતાં ધીરજ એકઠી કરી પરિવાર સાથે રાજમહેલના પ્રસૂતિગૃહમાં આવ્યો.

પ્રસૂતિગૃહમાં જતાંજ પોતાના પ્રતિબિંબ જેવો અને મહાતેજસ્વી પુત્રને જોયો, પણ એના પ્રાણો વિદાયની તૈયારીમાં ગૂંચવાયા હતા. કંઠપ્રદેશે પ્રાણો જવાના સમયની રાહ જોતા અટક્યાં હતા. રાજકુમાર જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો.

રાજાજ્ઞા થતાં જ ધન્વન્તરી વૈદ્યને બોલાવવામાં આવ્યા, વૈદ્યરાજે નાડ હાથમાં લઈ તપાસી જોયું. શરીરને પણ સૂક્ષ્મ નિરીક્ષણ પૂર્વક તપાસી લીધું. રોગની ઝીણવટ ભરી તપાસ કરી જણાવ્યું.

મહારાજ ! કુમારને મહાભયંકર કાળજ્વર લાગુ પડ્યો છે. આપણા ઔષધો કશી અસર કરી શકવાના નથી. ઝગમગતો દીવડો પવનના એક ઝપાટે સદા માટે ઓલવાઈ જાય તેમ મંદભાગી આપણાં સૌના જોતાજોતા કાળજ્વરના ઝાટકે કુમારનો પ્રાણ દીવડો સદા માટે બુઝાઈ જશે. પ્રાણ પંખેરૂં ઉડી જશે.

રાજવી રિપુકંપને જણાવ્યું, ઓ મારા નગરના લોકો ! જે મારા પુત્રના રોગનો નાશ કરશે, એને મરતાં બચાવશે તો હું એ વડભાગીને આ મારૂં સંપૂર્ણ રાજ્ય આપી દઈશ. હું એનો વફાદાર સૈનીક બનીને જીવનભર રહીશ. દાસ બની એની આજ્ઞા મસ્તકે ચડાવીશ.

રાજાની વિનંતિથી નગરના નરનારીઓએ જુદા જુદા ઔષધ, મંત્ર, તંત્ર, માનતા, બાધા, આખડી. માદળીયા, રક્ષાબંધન, જાપ, પાઠ, હોમ, યજ્ઞ, આરાધના, શાંતિકર્મ, ગ્રહપૂજા વિગેરે ઉપચારો કર્યા, છતાં પણ કુમાર ના બચ્યો. ક્ષણવારમાં એનું પ્રાણ પંખેરૂં ચાલ્યું ગયું. એ કુમારનું શરીર નિશ્ચેષ્ટ થઇ ત્યાં ઢળી પડયું.

રિપુકંપનનું મૃત્યુ :

સમયસૂચકતા વાપરી મતિમોહ અને શોકે રાજા–રાણીના શરીરમાં પ્રવેશ કર્યો અને પોતાની સત્તા અજમાવવી ચાલુ કરી.

મતિમોહ અને શોકના પ્રભાવથી રાજારાણી હાહાકાર કરવા લાગ્યા, ઓ મારા પુત્ર ! તું ક્યાં ગયો ? ઓ મારા લાડીલા ! તારા વગર અમારા પ્રાણો કેમ ટકશે ? અરે મારા પનોતા નંદન ! તને આ શું થઇ ગયું ? તને શું ખોટ જણાઇ ? અમને મુકી તું કેમ ચાલ્યો ગયો ? તારા જવાથી અમારા અરમાનો, અમારી આશાઓ, અમારી મહેચ્છાઓ ભાંગીને ભૂક્કો બની ગઇ. ઓ રતન ! અમે શું કરીશું ?

આવો મહાકરુણ વિલાપ કરતાં રાજારાણી મૂર્ચ્છિત થઈ ભૂમિ ઉપર ઢળી પડ્યાં. અત્યંત શોક થવાને કારણે રાજા રિપુકંપન ઢળતાંની સાથે મૃત્યુ પામ્યો. રાજાના પણ પ્રાણ પંખેરૂ પુત્ર વિરહથી પરલોક સિધાવી ગયા.

રાજાના મૃત્યુ થયાના સમાચાર ફેલાતાં ચોતરફ હાહાકાર મચી ગયો. બધા નરનારીઓ મહાકરુણ અવાજે કરવા લાગ્યા.

ચોધાર આંસુએ રડવા લાગ્યા. માથા પછાડી પછાડી કરુણ આક્રંદન કરવા લાગ્યા. વાતાવરણ ઘણું બિહામણું, દયામણું અને શોકથી વ્યાપ્ત બની ગયું.

અન્તઃપુરમાં રાણીઓને આ કરુણ સમાચાર મળતાં ત્યાં જ ભયંકર રડાકૂટ ચાલી. ભીંત સાથે માથા પછાડી પછાડી રાણીઓ રડવા લાગી. હાથથી મસ્તકની વેણીના વાળો તાણી તાણીને તોડવા લાગી. માથા અને ભીંત સાથે અફાળી અફાળી હાથના સૌભાગ્ય કંકણોને તોડી પાડ્યા. ઘણી રાણીઓ મૂર્ચ્છિત બની જમીન ઉપર જેમ તેમ આળોટવા લાગી.

પ્રકર્ષ અને વિમર્શની તત્ત્વવિચારણા:

પ્રકર્ષ—અરે મામા ! આ લોકો પહેલા કોઇ બીજો નાચ કરતાં હતા અને થોડીવારમાં આ બીજો નાચ કેમ ચાલુ કર્યો ?

વિમર્શ—ભદ્ર ! તેં મતિમોહ અને શોકને આ મહેલમાં પ્રવેશ કરતાં જોયા હતા ને ? એ બે જણાએ જ આ નૃત્યમાં ફેરફાર કરાવ્યો છે. એ બન્નેની આ માયાજાળ છે.

પ્રકર્ષ—તો શું આ લોકો સ્વતંત્ર નૃત્ય નથી કરતા ?

વિમર્શ—ભાઇ ! મેં તને પહેલાં જ કહ્યું હતું ને, આ લોકો સ્વતંત્ર નથી. આ લોકો એકે કાર્યમાં સ્વતંત્ર નથી. અભ્યંતર લોકોની જે આજ્ઞા થાય એ રીતે કામ કરવાનું હોય છે. અંતરંગ લોકો સારૂ કામ સોંપે તો સારૂ કામ કરવાનું અને નઠારૂં કામ સોંપે તો નઠારૂં કામ કરવાનું. પોતાની ઇચ્છા કે બુદ્ધિથી સ્વતંત્ર રીતે બાહ્યલોકોને કામ કરવાના હોતા નથી.

આ લોકો અજ્ઞાનથી અંધ છે, પામર અને દીન છે. પહેલાં મિથ્યાભિમાન નૃત્ય કરાવતો હતો અને હાલમાં શોક તેમજ મતિમોહ મળીને નૃત્ય કરાવી રહ્યા છે.

પ્રકર્ષ—મામા ! જુદા જુદા વિરૂદ્ધ જાતીય નૃત્યો આ રાજાના મહેલમાં જ થઇ શકતા હોય છે કે બીજા સ્થળે પણ થઇ શકે છે ? ઘડીના છઠ્ઠા ભાગમાં ખેલ બીજે બદલાય ખરો ?

વિમર્શ—ભલા ! આવા નૃત્યો તો સંપૂર્ણ ભવચક્રમાં થતાં હોય છે. ઘડીકમાં હર્ષ અને ઘડીકમાં શોક એવા નૃત્યો ભવચક્રમાં ઠેર ઠેર જોવા મળતાં હોય છે.

ભાણા ! હવે આ મહેલમાં શોક જણાવતાં કાળાવસ્ત્રો સૌ પહેરશે, કરૂણ સ્વરે છાતીફાટ સૌ રડશે. ઢોલ અને વાજિંત્રોમાંથી મૃત્યુ અને શોકસૂચક સ્વરો નિકળશે. વાતાવરણ ઘણું કરૂણ અને ગંભીર બની જશે. સ્વજનો રિપુકંપન રાજાના શરીરને બાંધી મહેલની બહાર લઈ જશે.

આ બિહામણી શોકજન્ય ક્રિયાઓ થાય એ અગાઉ આપણે મહેલની બહાર જતા રહેવું ઉત્તમ જણાય છે.

પ્રકર્ષ—મામા "જેવી આપની મરજી." મામા ભાણેજ મહેલમાંથી નીકળી બજારમાં ચાલ્યા ગયા.

શ્રી સૂર્યનારાયણ પણ રિપુકંપન રાજાના મૃત્યુશોકથી નિસ્તેજ બની સ્નાન કરવા માટે પશ્ચિમ સમુદ્રમાં ઉતરી પડ્યા.

પ્રકરણ નવમું

મહેશ્વર અને ધનગર્વ

રાજમહેલમાંથી મામો ભાણેજ નગરભણી નિકળી ગયા હતાં. સૂર્ય અસ્ત થએલ હોવાથી અંધકારે પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું. બધે કાજળ જેવું અંધારૂં વ્યાપ્ત બની ગયું હતું. રાજ્ય તરફથી રાજમાર્ગો ઉપર તેજસ્વી દીપમાળો કરવામાં આવી હતી. દુકાનોમાં સૌએ રંગરંગીન દીપમાળો પ્રગટાવી હતી.

મામા ભાણેજના જોવામાં એક વિશાળ દુકાન આવી એમાં અનેક રંગી દીવાઓ પ્રકાશ પાથરી રહ્યા હતા. મોટી ગાદીઓ એમાં બિછાવેલી હતી. ચારે તરફ ચતુર વણિક પુત્રો બેઠા હતા અને વચ્ચે એક ગર્ભશ્રીમંત જણાતા ધનપતિ શોભી રહ્યાં હતાં.

એ શ્રીમંત ધનપતિના સામે ઝગઝગાયમાન રત્નનો સમુહ પડ્યો હતો. રત્નો ઘણાં મહાર્ઘ્ય અને ફલદાયી હતા.

પ્રકર્ષ—મામા! આ મહેશ્વર ધનપતિ પોતાના રત્નોને જોઈ જોઈ શા માટે ખુશ થાય છે? સ્તબ્ધ જેવો કેમ બની જાય છે? આના નયનો નિર્મળ દેખાય છે છતાં સામાને કેમ બરાબર જોતો નથી? કાનમાં બહેરાશ હોય એવું જણાતું નથી છતાં વિનયપૂર્વક બોલતા યાચકોના વચન કેમ સાંભળતો નથી?

વિમર્શ—ભાણા ! મિથ્યાભિમાનનો પ્રિયમિત્ર "ધનગર્વ" છે. એ ધનગર્વ આના શરીરમાં પ્રવેશી આવી ચેષ્ટા કરાવી રહ્યો છે.

પ્રકર્ષ—અરે મામા ! આપણે પહેલાં રાગકેશરી અને એના આઠ બાળકો જોયા હતા, એમાંનો પાંચમો બાળક આ શેઠની બાજુમાં જ આવીને બેઠેલો દેખાય છે.

વિમર્શ—ભાઈ ! તારૂં કહેવું બરોબર છે, એજ બાળક છે. આટલી વાતચીત થઇ ત્યાં એક કોઇ અજાણ્યો માનવી આવ્યો.

લોભમાં ફસાયો :

અજાણ્યા વ્યક્તિએ એ ધનપતિના કાનમાં ગુપ્ત અને એકાંત સ્થળમાં વાત કરવા માટે જણાવ્યું. એટલે બંને જણા એકાંતમાં ગયા અને પેલા વ્યક્તિએ એકાંતમાં ક્યાંકથી લાવેલો મહામૂલ્યવાન્ રત્નજડિત મુકુટ દેખાડ્યો.

મહેશ્વર ધનપતિએ મુગુટ જોયો અને લાવનાર વ્યક્તિ તરફ બારીકાઇથી જોયું. એ ઓળખી ગયા કે આ વ્યક્તિનું નામ "દુષ્ટશીલ" છે અને તે "હેમપુર" નગરના મહારાજા શ્રી "બિભીષણ" નો સૈનિક છે. ચોક્કસ આ રાજમુકુટ ચોરી કરીને લઇ આવેલો જણાય છે. એ વિના આની પાસે આવે ક્યાંથી ?

આ વખતે રાગકેશરીનો પાંચમો પુત્ર ધનપતિની બાજુમાં હતો એ તરત જ ધનપતિના શરીરમાં પેસી ગયો. એના પ્રતાપે ધનપતિને વિચાર આવ્યો, કે એ મુકુટ ચોરીને લાવ્યો હોય કે બીજી રીતે લાવ્યો હોય, એનું મારે શું કામ ?

મારે તો આ મુકુટ ખરીદી જ લેવો જોઇએ. આવો મોંઘેરો લાભ કોણ જતો કરે ?

આવો વિચાર કરી દુષ્ટશીલ પાસેથી મુકુટની ખરીદી કરી એને પૈસા ચૂકવી દીધા. પૈસા લઇ દુષ્ટશીલ ચાલ્યો ગયો.

મહારાજા બિભીષણના ચરપુરૂષો અને સૈનિકો મુકુટની ચોરી કરનારની શોધ માટે નિકળી પડ્યા હતા. ચરપુરૂષને ક્યાંકથી બાતમી મળી કે મહેશ્વર ધનપતિએ મુકુટ ખરીદી લીધો છે. આ બાતમી મળતાં ચરપુરૂષો અને સૈનિકોએ એની દૂકાન ફરતો ઘેરો ઘાલ્યો.

આ લોકોએ મુદ્દામાલ સાથે ધનપતિને પકડી પાડ્યા. ધનપતિની દૂકાન લૂંટી લેવામાં આવી. હીરા ઝવેરાત બધુંજ કબજે કરવામાં આવ્યું. સર્વસ્વ પડાવી લેવામાં આવ્યું.

સૈનિકોનો સમુહ જોઇ દુકાનમાં બેઠેલા વણિક પુત્રો ભાગી ગયા. સગાસંબંધીઓ પણ જ્યાં ત્યાં ચાલ્યા ગયા. ભયના માર્યા કોઇ પણ ત્યાં ન રહ્યા. આફતમાં કોણ સહાયતા કરે ?

રાજપુરૂષોએ ધનપતિને બરોબર બાંધી ગધેડા ઉપર બેસાડ્યો. ધૂત્કારતા હડધૂત કરતા મુદ્દામાલ સાથે દીન હીન બનેલા ધનપતિને હેમપુર તરફ લઇ ગયા. લોકો પણ ધનપતિના લોભ અને ધનગર્વ ઉપર કટાક્ષ કરતા હતા.

અચાનક ધનપતિની આવી દુર્દશા જોઇ પ્રકર્ષે મામાને પૂછ્યું. મામા ! અનાયાસે રંગમાં ભંગ કાં પડ્યો ? આવી ઘટના કેમ બની ? આ ધનપતિનું ધન ક્યાં ? પેલા રત્નના

ઢગલા દેખાતા નથી. વિનય દેખાડતા લોકો જણાતા નથી. એનો ગર્વ બધો ક્યાં ચોગળી ગયો ? એના મુખનું તેજ ક્યાં અલોપ થઈ ગયું ? અરે મામા ! ક્ષણવારમાં આવું વિચિત્ર વાતાવરણ કેમ બની ગયું ?

ધનની અસ્થિરતા :

વિમર્શ—ભાઇ ! ધનનો ગર્વ અને ધનનો લોભ માનવીની આવી પરિસ્થિતિ કરે એમાં આશ્ચર્ય નથી. ધનના ગર્વથી આવી આપત્તિયો જ આવે. ધનલોભથી આ કરતાં પણ વધુ દુર્દશા થાય.

આ ધનપતિની ચોરીનો માલ લેવા બદલ આ દશા સૈનિકોએ કરી છે. ધનલોભમાં ન પડ્યો હોત તો આવું ન બનત.

પરન્તુ આ જગતમાં ઘણીવાર પાપના ઉદયે ન્યાયસંપન્ન આત્માઓના ધનને રાજા લઇ જાય, ભાગીદાર ઉપાડી જાય, તસ્કર ચોરી જાય, અગ્નિ બાળી નાખે, પાણી પોતાના પ્રવાહમાં તાણી જાય. પછી અન્યાય સંપન્ન ધનનું તો શું પૂછવું ?

ભાઈ ! ધર્મગ્રન્થો ધનને ઉનાળામાં તાપથી તપેલા પક્ષીના ગળા જેવું ચપળ જણાવે છે. પાણીના તરંગ જેટલી એની સ્થિતિ હોય છે. એનો જરાય વિશ્વાસ કરવા જેવો હોતો નથી. તેથી નિર્મળ બુદ્ધિવાળા પુરૂષો ધનનો લોભ કરતા નથી અને ધનનો ગર્વ પણ કરતા નથી.

કૃષિકાર પોતાના ખેતરમાં ધાન્ય વાવે તેમ મોક્ષની

આકાંક્ષા રાખનારા ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનને સાતક્ષેત્ર રૂપ ઉત્તમ સ્થાનમાં વ્યય કરે છે અને મોક્ષ ફલને મેળવે છે.

વત્સ ! દાન કરવું એ ધનની ઉત્તમ ગતિ છે. ભોગમાં ધનનો વ્યય એ મધ્ય ગતિ છે અને એ સ્વાર્થભાવના વધારે છે. ન આપી જાણે, ન ભોગવી જાણે એનું ધન તો જંગલમાં ઉગેલા ફુલ જેવું નકામું છે.

રમણ અને ગણિકા :

વિમર્શ અને પ્રકર્ષ ધનની અનિત્યતા અને સદુપયોગ વિષે વાતચિત કરતા હતા, ત્યાં એમણે ફાટલા તૂટલા અને જીર્ણ કપડાવાળા, શરીરે મલીન અને દુર્બલ યુવાનને બજારના રસ્તામાં જોયો.

એ દુર્બલ યુવાને એક દૂકાનમાંથી રૂપિયા આપી સુંદર કપડાની ખરીદી કરી. મિષ્ટાન્ન ભંડારમાંથી લાડવા લીધા. ફુલવાળાના ત્યાંથી થોડા ફુલ અને હાર ખરીદ્યો. પાનવાળાના ત્યાંથી બે પાન લીધા. અત્તર પણ ખરીદી લાવ્યો.

બાજુમાં સ્નાનાગાર હતું ત્યાં જઇ સૌ પ્રથમ લાડવા ખાધા અને પછી સારી રીતે અંગમર્દન કરી સ્નાન કર્યું. સ્નાન કરી વસ્ત્રો પહેર્યાં, મુખમાં તાંબુલ નાખ્યું, ફુલનો હાર પહેર્યો અને થોડા ફુલ હાથમાં રાખ્યા. વસ્ત્રો ઉપર અત્તર છાંટી સુગંધિત બનાવી આ દુર્બલ યુવાન ધીરે ધીરે ચાલતો આગળ વધ્યો. ચાલતાં ચાલતાં પોતાના શરીરની શોભાને વારંવાર જોયા કરતો અને મનમાં મલકાયા કરતો.

પ્રકર્ષ—અરે મામા ! આ યુવક કોણ છે ? એની આંખો,

ચહેરો અને ચાલ વિકાર ભરપૂર દેખાય છે. એ અહીંથી ક્યાં જઇ રહ્યો છે ?

વિમર્શ—ભાણા ! આ નગરનો જ રહેનારો છે. અહીંના શ્રેષ્ઠી સમુદ્રદત્તનો પુત્ર છે. " રમણ " એનું નામ છે. નાનપણથી જ કામુક બની ગયેા હતેા. એને વેશ્યાને ત્યાં જવાની લત લાગેલી છે.

આ ગામમાં જ " મદનમંજરી " નામની વેશ્યા રહે છે. એને " કુંદકુલિકા " પુત્રી છે. તે યુવાન અને ઘણી જ રૂપવતી છે. લાવણ્ય એના શરીર ઉપર નૃત્ય કરી રહ્યું છે. કુંદલિકામાં આ રમણ આસકત બનેલેા છે અને પેાતાના પિતા સમુદ્રદત્ત નગરમાં ધનકુબેર ગણાતા હતા છતાં આ કામીપુત્રે ઘર તદ્દન ખાલી કરી નાખ્યું છે.

ધન ઘરમાં હતું નહિ એટલે વેશ્યાએ પણ રમણને તરછોડી દીધેા. અપમાનિત કરીને તગડી મૂકવા છતાં કુંદકલિકાને એ ભૂલતેા નથી, એમાં જ આસક્ત છે.

વેશ્યા ઉપરની આસક્તિના કારણે જ્યાં ત્યાંથી મજુરી કરી અલ્પદ્રવ્ય ઉપાર્જન કરી લાવ્યેા છે. એ દ્રવ્ય લાવીને રમણે બજારમાં ખરીદી વિગેરે કરી, એ બધું તેં નજરેાનજર જોયું છે ને ? આ ભાઈ સાહેબ કુંદકલિકા સાથે વિલાસની ઝંખના રાખતા ડોલતા ડોલતા જઇ રહ્યાં છે.

મકરધ્વજ અને ભય :

મામા ભાણેજને આ વાત કહી રહ્યાં હતાં ત્યાં ભાણેજની નજર બીજી દિશામાં ગઇ અને જોયું કે કોઈ એક માણસ

જોરથી બાણ પણછ ઉપર ચડાવી રહ્યો છે અને મારવાની તૈયારી કરી રહ્યો છે.

આ જોતાં જ પ્રકર્ષ રાડ પાડી ઉઠ્યો અને મામાને કહ્યું. એ મામા ! મામા ! પેલો માણસ રમણને જોરથી બાણ મારી રહ્યો છે, તમે એમ કરતાં અટકાવો.

વિમર્ષ—ભાઇ ! આ તો સ્વયં મકરધ્વજ છે. એ "ભય" નામના અનુચરને લઇ નગરની રાત્રીચર્યા જોવા નિકળ્યાં છે. આ રમણ મકરધ્વજની પ્રેરણાથી જ કુંદકલિકાના ત્યાં જઈ રહ્યો છે. આપણા રોકવાના પ્રયત્નથી શો લાભ ? આપણા કહેવાથી કોઈ માને એમ નથી. રમણની કેવી દશા થાય છે એ તારે જોવું હોય તો ચાલો આપણે ગણિકાને ઘરે જઇએ.

પ્રકર્ષ—ચાલો ત્યારે.

મામા-ભાણેજ વેશ્યાગૃહ તરફ વળ્યા અને થોડીવારમાં પહોંચી ગયા. કુંદકલિકા ગૃહદ્વાર ઉપર જ બેઠી હતી.

કુંદકલિકાને જોતાં જ વિમર્શે નાક મરડયું, મોંમાંથી થૂકયું, મસ્તક કંપી ઉઠયું. મોં બગાડી હાથની હથેલીથી નાક ઢાંકી દીધું. મોઢામાંથી અરરર શબ્દો નિકળી પડ્યા. ચહેરો ઉદાસ અને રૂક્ષ થઇ ગયો.

પ્રકર્ષે આ જોઇને પ્રશ્ન કર્યો, અરે મામા ! તમને સ્હેજ-વારમાં આ તે શું થઈ ગયું ? નાક ઢાંકી કોની ઘૃણા કરો છો ? શું કાંઈ દુર્ગંધ આવે છે ?

વિમર્ષ—અરે ! વસ્ત્ર અલંકારોથી ઢંકાએલ અને કુલ

અત્તરોથી લદાએલ આ પાસે રહેલા અશુચિના ઢગલાને તું જોઈ શકતો નથી ? તને આવો પ્રશ્ન જ કેમ થાય છે ?

–કોઇ અશુચિ પદાર્થનો ઘડો કે પાત્ર સર્વત્ર બંધ હોય, ક્યાંય છિદ્ર ન હોય તો ઠીક, પણ આ કુંપી નવ ઠેકાણેથી દુર્ગંધ વહાવી રહી છે. હું અહીં એકક્ષણ ઉભો રહી શકું તેમ નથી. આ દુર્ગંધથી મારૂં માથુ ફાટી જાય છે. ચાલ, અહીંથી આપણે બીજે જઇએ. મારૂં માથુ દુઃખવા આવી ગયું છે.

પ્રકર્ષ—મામા ! તમારી વાત સાચી છે. મને પણ ઘણી દુર્ગંધ આવે છે. મને પણ ચક્કર આવે છે અને ગભરામણ થાય છે. ચાલો આપણે દૂર જઇએ.

મામા ભાણેજ દૂર જઇને રમણ અને કુંદકલિકાને જોઈ શકાય એ રીતે ઉભા રહ્યાં.

મકરધ્વજથી ઠગાએલો રમણ અને વેશ્યાએ કરેલી દુર્દશા :

આશાઓના મહેલમાં મહાલતો રમણ ગણીકાના ગૃહમાં પ્રવેશ્યો. મકરધ્વજ એક પછી એક બાણ રમણને લગાવે જતો હતો. મકરધ્વજ અને ભય પણ વેશ્યાગૃહમાં ગયા.

કુંદકલિકાને જોતાં જ રમણ હર્ષથી નાચી ઉઠ્યો. જાણે નવજીવન અને નવચેતના પ્રાપ્ત થઇ. જાણે મહામૂલા નવનિધિ ઘર આંગણે ફલ્યા. પંચદિવ્ય પ્રગટ્યાં અને રાજ્ય પ્રાપ્તિ થઇ એવો હરખઘેલો બની ગયો.

મદનમંજરીને ખ્યાલ આવી ગયો કે રમણ રૂપીયા લઇને આવેલો છે. એટલે એણીએ કુંદકલિકાને ઈશારાથી સમજાવી

દીધી. કુંદકલિકાએ રમણને હાસ્ય દ્વારા સન્માન આપ્યું. નયનના બાણથી અને હાવભાવથી એના હૃદયને ક્ષણવારમાં ખુશ કરી વિંધી નાખ્યું.

સમય જોઈ કામદેવ શ્રી મકરધ્વજે રમણને બાણો ઉપર બાણોથી માર્યો. એક મોટું શર લઈ રમણની છાતીમાં વિંધી દીધું.

મકરધ્વજના બાણોથી અતિકામુક બનેલા રમણે કુંદકલિકાના ગળામાં હાથ નાખ્યો અને ગૃહના અભ્યંતર ભાગમાં કામેચ્છાથી લઇ ગયો.

અભ્યંતર ભાગમાં જઇ રમણે લાવેલું ધન આનંદ પૂર્વક મદનમંજરીના કરકમલમાં મૂક્યું.

મદનમંજરીએ આભાર માનતા જણાવ્યું, પ્રિય દેવ ! તમે પધાર્યા તે ઘણું સારૂં કર્યું. અમારૂં આગણું પાવન થયું. આ પુત્રી કુંદકલિકા તમને વારંવાર યાદ કરતી હતી. આપના મીલન માટે ઘણું ઝંખતી હતી.

પરન્તુ આપણા "ભીમ રાજાના" કુંવર શ્રી "ચંડ" હમણાં પધારવાના છે તો તમે અહીં ક્યાંક સંતાઇ જાઓ, નહિ તો એ ચંડકુમાર આવેશમાં કાંઇક નવાજુની કરી બેસશે.

ભયની કાર્યવાહી :

મંદનમંજરીના મુખથી ખંજર જેવી અણીયાળી વાત સાંભળતા રમણના હૃદયમાં ભય પેસી ગયો. એજ વખતે ચંડકુમાર વેશ્યાગૃહના દરવાજે આવી પહોંચ્યો. રમણના તો હાંજા ગગડી ગયા. ભયભીત બની ધ્રુજવા લાગ્યો.

ચંડકુમારે વેશ્યાના ગૃહમાં પ્રવેશ કર્યો. એની નજરમાં ધ્રુજતો રમણ આવી ગયો એટલે કમરમાંથી તીક્ષ્ણ યમજીહ્વા જેવો છરો કાઢ્યો. ચળકતો છરો જોઇ રમણના મોતીયા મરી ગયા. મોમાં આંગળા નાખી ચંડના ચરણમાં પડી ગયો.

"ઓ મારા પ્રભુ ! રક્ષણ કરો, રક્ષણ કરો" એમ બોલી કરગરવા લાગ્યો. આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. પગ પકડી પ્રાણ રક્ષા માટે કાકલુદી ભરી પ્રાર્થના કરવા લાગ્યો.

આ જોઇ ચંડને દયા આવી. એણે રમણને માર્યો નહિ પણ હવામાં ડોલતાં સુંદર વાળોના ઝૂમખાંઓ કાપી નાખ્યા. બન્ને કાન, નાક કાપી નાખ્યા. ગાલોમાંથી માંસનો લોચો લઇ લીધો. એક આંખ છરીથી કાઢી લીધી. મોઢામાં શોભતાં દાંતો મારીને તોડી પાડ્યા. જમીન ઉપર પછાડી ઘણા જ પાદ પ્રહારો કર્યા. છેવટે મસ્તક ઉપર લાત મારી ઘર બહાર કાઢી મૂક્યો.

મા મંદનમંજરી અને પુત્રી કુંદકલિકા બંને ખૂબજ હસતાં હતા અને ચંડના દીલને ખૂશ કરતાં હતાં. ચંડ પણ મધુરાં વચનોથી કુંદકલિકા પ્રતિ વધુ આકર્ષિત બની રહ્યો હતો.

રમણ મહામુશ્કેલીએ વેશ્યાગૃહ બહાર નિકળ્યો. બહાર આવતા ચંડના સૈનિકોએ પણ સારી પેઠે માર્યો. આ રીતે જ્યાં ત્યાં માર ખાતાં નરક જેવી યાતનાઓ ભોગવી એજ રાત્રે રમણ યમદ્વાર પહોંચી ગયો.

તત્ત્વ વિચારણા :

પ્રકર્ષ—મામા ! આ દૃશ્ય તો જોતા કમકમાટી ઉપજાવે

તેવું હતું. પેલા મકરધ્વજનું પરાક્રમ તો ભારે જબરૂં, ભય પણ એનાથી ઉતરે તેવો નથી. એણે પણ ઠીક પાઠ ભજવ્યો. મદનમંજરી અને કુંદકલિકાની કળા કેવી વિચિત્ર ? રમણને ઠગી લીધો. રમણની દશાનો વિચાર કરતાં મારૂં હૃદય ભરાઇ જાય છે. સંતપુરૂષોને આના ચરિત્રથી દયા આવે. બીજાઓ માટે તો હાસ્યનું રમકડું બને. શું આ રમણનું કાંઇ જીવન હતું ?

વિમર્ષ—સૌમ્ય પ્રકર્ષ ! જે માનવી વેશ્યામાં આસક્ત બને છે, તેવાઓની આવી દશા થતી હોય છે. વેશ્યાની લત ભયંકર આપત્તિને આમંત્રી લાવે છે.

વેશ્યાઓ લોભની પૂતળીયો હોય છે. એ ધનને જુવે પણ ધનના ધણીને નહિ. શઠતા ભારોભાર ભરી હોય. એના દુઃશીલપણાનું વર્ણન અશક્ય છે. એનું ચિત્ત એક વ્યક્તિ ઉપર હોતું નથી. ચંચલ ચિત્ત જ્યાં ધન જુવે ત્યાં ઢળે. એમાં દયા, દાક્ષિણ્યતા, લજ્જા, વિવેક, પાપભીરૂતા વિગેરે ગુણનો અંશ પણ હોતો નથી. માત્ર સ્વાર્થપરાયણતા, ધનલંપટતા અને કપટપટુતાની કઠપૂતળીકાઓ હોય છે.

આવા અનેક દોષોથી ખદબદી રહેલી વેશ્યાઓમાં સુખની અભિલાષાથી જેઓ આસક્ત અને કામાતુર બનતા હોય છે, એઓની આવી અને આથી પણ કરૂણાજનક વધુ દુર્દશા થાય છે.

પ્રકર્ષ—મામા ! આપે સત્ય અને સુંદર વાત કહી.

મામા ભાણેજ ત્યાંથી ઉભા થઈ કોઇ સુંદર પાન્થશાળામાં ગયા અને શેષ રાત્રી આરામમાં ગાળી.

વિવેક પર્વત ઉપર :

સહસ્રરશ્મિ સવિતાનારાયણે પોતાનો પ્રકાશ ચારે તરફ ફેલાવ્યો. વિમર્શ અને પ્રકર્ષ જાગરૂક બની પ્રાતઃકાર્ય આટોપી લીધું.

વિમર્શે પ્રકર્ષને કહ્યું, ભાણા ! તને નવું નવું જોવાનું મન ઘણું થાય છે અને આ ભવચક્ર મહાવિશાળ છે. આ ભવચક્રમાં આશ્ચર્યજનક બનાવો સદા બનતાં જ હોય છે. એ જોવા જેટલો આપણી પાસે સમય નથી અને જોવાનું ઘણું રહી જાય છે. માટે હું કહું તેમ તું કર. તને સંતોષ થશે.

પ્રકર્ષ—આપ કહો તે મારે માન્ય છે.

વિમર્ષ—વત્સ ! સામે જો તો. નિર્મળકાંતિથી ઝગમગતો, મહાપ્રભાવી, ઉત્તુંગ અને વિસ્તીર્ણ "વિવેક" નામનો મહાગિરિ દેખાય છે. એ મહાગિરિના શિખર ઉપર આપણે ચડીએ તો આ ભવચક્ર પૂરેપૂરૂં દેખાય. ક્યાંય જવાની જરૂર નહિ. બેઠા બેઠા આરામથી ભવચક્રના બધાં જ આશ્ચર્યકારી બનાવો જોઇ શકાશે.

તું એ પર્વત ઉપર ચાલ અને સારી રીતે ધરાઇને ભવચક્રને જોયા કર. જોવામાં કોઇ વાત ન સમજાય તો તું મને પૂછજે. હું તને એ સમજાવીને ખુશ કરીશ.

પ્રકર્ષ—જેવી આપની ઇચ્છા. બન્ને જણા વિવેક પર્વત તરફ ચાલ્યા અને થોડીવારમાં ઝડપભેર ચઢી ગયા.

જુગાર અને કપોતક :

પ્રકર્ષ—મામા ! આ પર્વત ઘણો સુંદર છે. મને તો અહીં ઘણું ગમે છે. જુવોને ? ભવચક્રના બધા ખેલ અહીંયાથી સારી રીતે દેખાય છે. બસ, આરામથી બધું મને જોવા દો.

અરેરે મામા ! પેલા દૂરના દેવળીયામાં શું દેખાય છે ? જુવોને ! પેલો એક માણસ નાગો દેખાય છે. મુખ ઉપર નિરાશાનો ભારે બોજો જણાય છે, ચારે બાજુ ક્રૂર પુરૂષો વિંટળાઇ વળેલાં છે, હાથ બડી ચોપડવાથી ઘોળા દેખાય છે. ભૂખ્યો, તરસ્યો, દુબળો, દુઃખીયો એ ભાગી જવાની ઇચ્છા-વાળો લાગે છે. એ કોણ છે ?

એના માથાના વાળ પણ વિખરાએલાં છે, ચારે બાજુ દયામણી નજરથી જોઈ રહ્યો છે. ભૂત જેવો બિહામણો કોણ છે ? એની આવી હાલત કેમ થઇ ? એના મનમાં વિચારોની કેવી ભરમાળ ચાલે છે ?

વિમર્શ—ભદ્ર ! અઢળક ધન સંપત્તિના સ્વામી શ્રી કુબેરશ્રેષ્ઠીનો "કપોતક" નામનો એ પુત્ર છે. પહેલાં એનું ધનેશ્વર નામ હતું પરન્તુ એ કપુત્રક એટલે ખરાબ પુત્ર બન્યો માટે નામ પણ કપોતક પડી ગયું.

બાલ્યાવસ્થામાં જ દ્યૂતનું વ્યસન લાગી ગયું. એમાં પ્રીતિ વધી ગઇ. આસક્તિથી ધીરે ધીરે સર્વ ધન દ્યૂતમાં ખોઇ બેઠો. બાપની અનર્ગલ સંપત્તિ બેટાએ વેડફી નાખી, કંગાલ બની ગયો.

છતાં દ્યૂતની ટેવ ન ગઇ. દ્યૂત રમવા માટે ધન જોઇએ,

એટલે ધન ખાતર ચોરી કરવા લાગ્યો. ઘણીવાર ચોરી કરતાં પકડાયો અને શિક્ષા કરી પણ રાજમાન્ય શ્રેષ્ઠીનો પુત્ર છે એમ વિચારી રાજા એને જતો કરતા હતા. નહિતર મૃત્યુદંડ કરી દેત.

આજ રાત્રે દ્યૂત રમવા બેઠો. એમાં પોતાના પહેરવાના બે વસ્ત્રો પણ હારી બેઠો, છતાં પોતાનું મસ્તક એણે દ્યુત રમતાં હોડમાં મૂકી દીધું. દ્યુતમાં એ પોતાનું મસ્તક પણ હારી ગયો. એટલે આ બીજા જુગારીઓ કપોતક પાસે માથાની માગણી કરી રહ્યા છે. આ રીતે કપોતક પોતાના પાપે વિડંબના ભોગવી રહ્યો છે.

વિમર્શ ભાણેજને કપોતકની કથા કહી રહ્યા છે, ત્યાં ધૂતારા જુગારીઓએ એનું મસ્તક તોડી નાખ્યું. માથું ઉડાડી દેવાનું દૃશ્ય જોઇ પ્રકર્ષ એક ચીસ પાડી ગયો.

અરેરે ! મામા ! આ શું ? દ્યૂત રમનારા આત્માની આવી દુઃખ દર્દભરી દશા થાય છે ?

વિમર્શ—ભાઇ ! એમાં શું ? દ્યૂતના રમનારા અને એમાં આસક્ત બનનારાઓની આ લોકમાં આવી દશા થાય છે અને પરલોકમાં તો વધુ ભયંકર દશા થાય છે.

માનવી જ્યાં સુધી દ્યુતના વ્યસનમાં સપડાતો નથી ત્યાં સુધી જ એની સત્યભાષિતા ટકે, ગૌરવ જળવાય, સજ્જનપણું રહે, ધનની સ્થિરતા હોય અને જીવનની મધુરતા જણાય. પણ દ્યુતના સપાટે ચડ્યો એટલે ધીરે ધીરે સર્વવિનાશના પંથે નાશ પામે.

લલન અને શિકાર :

પ્રકર્ષ ભવચક્રના તમાસા જોઇ રહ્યો છે. જોતાં જોતાં એની નજર લીલા વૃક્ષો અને વનવેલડીયેાથી શેાભતાં વન ઉપર પડી.

વનમાં એક શ્રમથી શ્રમિત થએલેા નર જોયેા, એ સુંદર કદાવર અશ્વ ઉપર બેઠેા હતેા. શ્રમના લીધે પ્રસ્વેદથી શરીર નીતરી રહ્યું હતું. ક્ષુધા અને તૃષા પણ ઘણી સતાવતી હતી. હાથમાં તીક્ષ્ણ હથીયારેા હતા.

અરે મામા ! હાથમાં હથીયારેા લઇ, ઘેાડા ઉપર દેાડતેા શિયાળને આગળ રાખી પાછળ કયાં દેાડે જાય છે ? એ કેાણ છે ?

વિમર્શ—માનવાવાસ નગરનું અવાંતર "લલિતપુર" નામનું એક નગર છે. જે વ્યક્તિને તું જોઇ રહ્યો છે, એ પેાતેજ લલિતપુરનેા રાજા "લલન" છે.

લલનરાજા અરાજ નીતિવાળેા, માંસાહાર કરવામાં પાવરધેા, નિરપરાધી પ્રાણીઓના શિકારનેા શેાખીન અને મહાવ્યસની છે.

શિકારના શેાખના કારણે એણે રાજ્યનેા કારભાર તજી દીધેા, આ જંગલના પ્રાણીઓના શિકારમાં મસ્ત રહેવા લાગ્યેા અને અનેક જાતના પ્રાણીયેાના માંસ ભક્ષણ કરવા લાગ્યેા. રાજ્યચિંતા છેાડી પડાવ પણ જંગલમાં કરવા લાગ્યેા.

આ લલન અભાગીયેા છે, રાજ્ય માટેની યેાગ્યતા એનામાં

છે નહિ એમ બધા શાણા મંત્રીઓ દ્વારા વિચારપૂર્વક નિર્ણય કરી એને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને એના નીતિશીલ પુત્રને રાજ્યાભિરૂઢ કર્યો.

લલન રાજ્યભ્રષ્ટ થઇ ગયો, નગરમાંથી એને કાઢી મૂકવામાં આવ્યો. બેહાલ સ્થિતિ થઇ છતાં શિકારની લત એની ના છૂટી. જંગલમાં નિર્દય રીતે નિર્દોષ જીવોના શિકાર કરી માંસ ખાઈ પોતાનું જીવન વીતાવે છે. દયા જેવા ગુણો એમાં અંશમાત્ર નથી.

લલનનું મૃત્યુ :

મામા ભાણેજને લલનની દુષ્ટજીવન કથા સંભળાવી રહ્યાં છે અને એજ વખતે લલન શિયાળના શિકાર માટે જોરથી દોડી રહ્યો હતો. ઘોડો પૂરપાટ જતો હતા. ભયનું માર્યું શિયાળ દોડીને ક્યાંક લપાઈ ગયું અને લલન ઘોડાની સાથે જ કોઇ વિશાળ ખાડામાં પટકાયો.

લલન ઉંધે માથે ખાડામાં પડ્યો, એની ખોપરી તૂટી ગઇ, વળી વધારામાં ઘોડાને સખત વાગેલું, એ પણ ખાડામાં કૂદાકૂદ કરવા લાગ્યો અને એના પાદ પ્રહારો લલનને સખ્ત વાગતા હતા. એ ચીસાચીસ પાડતો હતો પણ અહીંયા સાંભળનાર અને વહારે ધાનાર કોઇ ન હતું. શરીરના ભૂક્કેભૂક્કા થઇ ગયા. ત્યાં જ આર્ત અને રૌદ્ર વિચારણામાં મૃત્યુને પામ્યો.

પ્રકર્ષ—મામા ! દુરાત્મા લલનને શિકાર કરવાના વ્યસનનું ફળ તરત જ મળી ગયું ? બિચારો કેવા બેહાલે મર્યો ?

વિમર્શ—અરે ! આ શિકારનું ફળ નથી, કુલ છે. ભોળા

ભાણા ! આ લલન નરકમાં જઇ ઘોર યાતનાઓ સહન કરશે અને એ શિકારનું ફૂલ ગણાશે.

જે પામર આત્માઓ પારકાએ મારેલા પ્રાણીઓના માંસને ખાય છે, તે બિચારાઓ આ ભવમાં દુઃખી થાય છે અને પરલોકમાં નરક વિગેરેના મહાદુઃખો પામતા હોય છે.

પરન્તુ જે નિર્દય પાપાત્માઓ જીવતા નિર્દોષ પ્રાણીઓને પોતાના હાથે જ હણી એના માંસને ખાતા હોય છે એને માટે પૂછવું જ શું ? એ પામર પાપાત્મા અનેકગણી વધારે યાતના ભોગવતા હોય છે.

દુર્મુખ અને વિકથા :

પ્રકર્ષ પોતાની દૃષ્ટિ બીજી દિશા તરફ ફેરવે છે ત્યાં ઉશ્કેરાટ ભર્યું દૃશ્ય એના જોવામાં આવ્યું.

એક માનવીની ક્રૂર પુરૂષો જીભ બહાર ખેંચી રહ્યા છે અને મોંમાં તપાવેલું અગ્નિ જેવું લાલ તાંબુ રેડી રહ્યા છે.

અરે મામા ! આ કેવું ઉશ્કેરાટ ભર્યું દૃશ્ય છે ? આ નિર્દય અને ક્રૂર પુરૂષો શામાટે પેલાની દુર્દશા કરે છે ?

વિમર્શ—વત્સ ! માનવાવાસમાં ચણકપુર નામનું એક નગર છે. ત્યાંનો આ રહેવાસી છે અને સુમુખ નામનો એ સાર્થપતિ છે. નાનપણાથી જ એની જીભમાં કટુતા ભરેલી હતી. મધુર અને મીત બોલતાં જ શીખ્યો ન હતો. કર્કશ અને મર્મભેદી શબ્દો જ બોલતો. એની જીભ કૃપાણ કરતા કાતીલ ગણાતી એટલે લોકોએ દુર્મુખ નામે બોલાવવાનું ચાલુ કરી દીધું.

આ નગરમાં "તીવ્ર" નામના રાજા રાજ્ય કરતા હતાં. એક વખતે ચતુરંગ સેના લઇ યુદ્ધ માટે બહાર ગએલા. શત્રુઓને દાબી પોતાની સત્તા વ્યવસ્થિત કરવા એમણે યુદ્ધમાં ઝંપલાવેલું.

રાજાસાહેબ યુદ્ધ માટે બહાર ગયા પછી રાજકથા, ભોજન કથા, દેશકથા, અને સ્ત્રીકથાના રસીયા દુર્મુખે બધે વાતો ફેલાવવી ચાલુ કરી, કે આપણો રાજા નિર્બળ છે અને શત્રુનું સૈન્ય સાગરસમ વિશાળ છે. આપણો રાજા જરૂર હારી જશે અને શત્રુરાજા આ નગરીને લૂંટી જશે. જેનાથી ભાગી શકાય તેણે આ નગર છોડી ચાલ્યા જવું.

મહારાજા તીવ્ર યુદ્ધમાં શત્રુને જિતી વિજયધ્વજ સાથે ચણકપુરમાં આવ્યા, પણ ચણકપુર ઘણું ઉજ્જડ બનેલું જોયું. કારણ તપાસતાં જાણવા મલ્યું કે દુર્મુખે નગરમાં ખોટી અફવાઓ ફેલાવેલી અને એ અફવાઓથી ભયભીત બની નગરલોકો સ્થળાંતર કરી ગયા છે.

સ્થળાંતર કરેલા લોકો પાછા વસવાટ માટે આવી ગયા એટલે નગરમાં દુર્મુખના દોષની જાહેરાત કરાવી ભયંકર સજા ફટકારી દીધી છે.

પ્રકર્ષ—એ મામા! આ રાંકડો દુર્મુખ કઠોર અને અસત્ય ભાષા બોલવા માત્રથી આવા ભયંકર ત્રાસને પામે, એ શું વધારે પડતું નથી? શું દંડ વધુ પડતો નથી?

વિમર્શ—ના રે ભાઇ ના. ભદ્ર! વિકથા-નિંદા કરવામાં અનેરો આનંદ માણનારા, મુખ ઉપર નિયમન નહિ રાખ-

નારા, જેમ તેમ વિવેક વિનાનું બોલનારાઓની આ દશા વધુ પડતી ન ગણાય.

વાણીને લાવા રસ જેવી સંતપ્ત બનાવી દેનારાઓ અને પ્રાણીઓના અંતર ઉપર વાણીના કોરડા વિંઝનારાઓ આ લોકમાં કષ્ટ પામે છે, એટલું જ નહિ પણ પરભવમાં મહાત્રાસદાયક જીવન જીવતાં હોય છે. કલેશની હારમાળા એમના લલાટે લખાઇ જાય છે.

દુર્મુખને અસિધારા વાણી બોલવાનું ફળ તો તેં જોયું ને ? પણ એ પામર પરલોકમાં દુર્ગતિએ જશે. માટે વિચારીને હિત અને મીત બોલતા શીખવું.

હર્ષ અને વાસવ :

મામા ભાણેજને કઠોર અને કટુ ન બોલવા વિષે સમજણ આપતા હતાં, ત્યાં ભાણેજે રાજમાર્ગ ઉપરથી પસાર થતા શ્વેત અને ગૌરવર્ણ એક પુરૂષને જોયો અને મામાને પૂછયું, કે મામા આ ગૌરાંગ પુરૂષ કોણ છે ?

વિમર્શ—ભાઇ ! આ ગૌરાંગ માનવીનું નામ "હર્ષ" છે અને તે રાગકેશરી મહારાજાનો સૈનિક છે.

માનવાવાસ નગરમાં "વાસવ" વણિક વસે છે. એ વાસવને બાલ્યકાળમાં ધનદત્ત નામના વ્યક્તિ સાથે મિત્રતા થઇ હતી. કાળાંતરે બંને જુદા પડ્યા. ઘણા વખતે આજે એમનું મિલન થશે એથી વાસવને ઘણો આનંદ થશે.

એ ધનદત્ત અહીં પ્રવેશ કરશે ત્યારે હર્ષ પણ પ્રવેશ કરશે અને પછી શું શું ખેલો ખેલાય છે તે તું જોજે.

પ્રકર્ષ વાસવ તરફ જુવે છે અને એ વખતે ધનદત્ત પણ આવી ચડે છે. હર્ષ પણ સાથે આવી પહોંચ્યો. વાસવ અને ધનદત્ત મલ્યા. હર્ષ વાસવના શરીરમાં પેસી ગયો. એટલું જ નહિ પણ સઘળા કુટુંબીઓના શરીરમાં પ્રવેશ્યો.

મિત્ર મિલનના હર્ષમાં ધનદત્તનું સુંદર સ્વાગત કર્યું. કુટુંબીજનો પાસે સત્કાર કરાવ્યો. અક્ષતે વધાવ્યો. પ્રીતિ-ભોજન યોજવામાં આવ્યું. આનંદ આનંદ વ્યાપી ગયો.

પ્રકર્ષ—મામા ! આ નાટક હર્ષ કરાવી રહ્યો જણાય છે ?

વિમર્શ—વત્સ ! તેં બરોબર પરીક્ષા કરી.

વિષાદ :

વાસવના દરવાજે કોઈ એક શ્યામવર્ણો માનવી પ્રકર્ષે દીઠો અને મામાને એનો પરિચય આપવા વિનંતિ કરી.

વિમર્શ—ભાણા ! એ શોકનો જીગરજાન મિત્ર છે. ભયંકરતાનો ભંડાર અને ક્રૂર તેમજ દારૂણ છે. સામે જો, એક મુસાફર આવી રહેલો દેખાય છે. એ વાસવના ઘરમાં જશે એજ વખતે આ શ્યામાંગ "વિષાદ" પણ ઘૂસી જશે.

વિવેક પર્વત ઉપર મામા ભાણેજને વાત કરતા હતા, ત્યાં મુસાફર વાસવના ઘરમાં ગયો અને એના કાનમાં કાંઈક કહ્યું. એજ સમયે વિષાદ વાસવના શરીરમાં લીન બની ગયો.

વાસવ શેઠને મુસાફરની વાત સાંભળતાં જ મૂર્છા આવી ગઇ અને દબ દઈ જમીન ઉપર પછડાઇ ગયા. તરત કુટુંબીજનો ત્યાં દોડી આવ્યા. શેઠને પવન નાખવા લાગ્યા અને બીજા શીત ઉપચારો કરવા લાગ્યા.

ઉપચારોથી મૂર્ચ્છા ઉતરી એટલે વાસવે મોટેથી વિલાપ ચાલુ કર્યો.

ઓ મારા દિકરા ! તને આ શું થઈ ગયું ? અરે મારા સુકુમાર પુત્ર ! તું કેમ આફતમાં આવી પડ્યો ? વિનયી વત્સ ! આવી અવસ્થા ક્યાંથી આવી પડી ? મારા દુર્ભાગ્યથી તું આપત્તિમાં આવી ગયો.

ઓ દિકરા ! મેં તને એ વખતે ના કહી હતી, છતાં અવળા ભાગ્યથી તું ચાલ્યો ગયો. ઓ મારા પ્રાણ ! આ સમયે હું શું કરૂં ? ક્યાં જાઉ ? તારા વગર મારૂં શું થશે ? હું અભાગીયો કેમ જીવતો રહ્યો ? હે દૈવ ! તારે મને પહેલા તેડાવી લેવો હતો. મારૂં જીવન હવે રગદોળાઇ ગયું.

વાસવ શેઠને વિલાપ કરતાં જોઇ બધાં સ્વજનો વિલાપ કરવા લાગ્યા અને વાતાવરણ વિષાદમય બનાવી દીધું. હાહાકાર અને ગમગીન વાતાવરણ બની ગયું. જ્યાં જુવો ત્યાં વિષાદ, શોક અને રૂદન દેખાતાં હતા.

ક્ષણવાર પહેલાં જ્યાં હર્ષથી સૌ મોજમજા કરતાં હતાં, ત્યાં વાસવનું ઘર શ્મશાન જેવું ભયંકર, દુઃખદાયી અને રૂદનના અવાજોથી બિહામણું બની ગયું.

પ્રકર્ષ—અરે મામા ! આ ઘરમાં ઘડીકમાં જ નાટક કેમ બદલી ગયું ? આનંદ મંગળના બદલે શોક રુદન કેમ ? નાચતા હતા અને હવે છાતીયો કેમ કુટે છે ?

વિમર્શ—વત્સ ! મેં તને પહેલાં જણાવેલું છે કે બાહ્ય-

પ્રદેશોના નાગરિકો સ્વતંત્ર નથી હોતા. અંતરંગ લોકો જેમ નચાવે તેમ કરે. આ લોકો પરાધીન હોય છે.

પહેલાં ગૌરાંગ હર્ષ આ વાસવના ગૃહના માણસોને નચાવતો હતો અને હમણાં શ્યામાંગ વિષાદ પોતે નચાવી રહ્યો છે. વિષાદે સૌને હડફેટે લીધા છે. વિષાદ ભારે દુષ્ટ અને કઠોર વ્યક્તિ છે.

પ્રકર્ષ—મામા ! પહેલાં મુસાફર આવ્યો હતો, એણે વાસવના કાનમાં શું વાત કરી કે જેથી એ મૂર્ચ્છિત થઈ ઢળી પડ્યો ?

વિમર્શ—ભદ્ર ! વાસવ શેઠને "વર્ધન" નામે પુત્ર હતો. રૂપ અને સૌંદર્યથી દીપતો હતો. વિનય વિવેક ગુણો એનો શણગાર હતો. એકનો એક પુત્ર હતો અને તે પણ અનેક માનતાઓ માન્યા પછી થયો હતો.

યુવાનીમાં ધનાર્જન માટે પરદેશોમાં સાહસ કરવાનું મન થયું. સંપત્તિશીલ પિતાએ ના કહી છતાં ઉત્સાહથી તે ગયો. સાથે ઘણો મોટો સાર્થ-કાફલો લીધો હતો.

દેશાન્તરે જઈ વ્યાપાર ઉદ્યોગ કરી અનર્ગલ લક્ષ્મી કમાણો. લક્ષ્મી અને સાર્થ ભેગા કરી પોતાના નગર ભણી આવવા પ્રયાણ આદર્યું.

માર્ગમાં કાદંબરી અટવી આવી. પલ્લીમાં વસતા તસ્કરોએ ધન ચોરી લીધું. ઘણાંઓને પકડી બંદીવાન કર્યા. વાસવપુત્ર વર્ધનને પણ પકડવામાં આવ્યો. બંદીઓને લઈ તસ્કરો પલ્લીમાં આવ્યા.

વર્ધન સાર્થનો ઈશ–સ્વામી છે. એની પાસેથી ઘણું ધન મળશે એ ઇચ્છાથી તસ્કરો એને ઘણી યાતના આપતા હતા. દુઃખ દેવામાં કમીના રાખવામાં આવતી ન હતી.

તેં જે મુસાફર માટે પૂછેલું તેનું નામ "લંબનક" છે. વાસવના ઘરનું કામ કરનારો, પગ ધોનારો વફાદાર દાસ છે. કાયમી સેવક છે.

પોતાના સ્વામીપુત્ર વર્ધનને દુઃખી થતાં જોઇ એનું હૃદય દ્રવી ઉઠતું. અવસર મળતાં તે ચોરપલ્લીમાંથી નાસી છૂટ્યો અને વાસવ શેઠ પાસે આવી સઘળી હકીકત જણાવી.

દાસ લંબનકની વાત સાંભળ્યા પછી શું બન્યું, એ તો તેં પ્રત્યક્ષ નિહાળ્યું છે જ.

પ્રકર્ષ—મામા ! આ બધા રડે છે, છાતી કૂટે છે, કકળાટ કરી મૂકે છે, તો એથી વર્ધનને લાભ થશે ખરો ? વાસવના વિલાપથી વિનયી પુત્ર સુખી બનશે ?

વિમર્શ—ના, ભાઇ ના. આ લોકો ગમે તેટલું રડે, ગમે તેટલા ધમપછાડા કરે તો પણ વર્ધન સુખી નહિ બને, એને અંશમાત્ર લાભ નથી. પરન્તુ દુઃખમાં વધારો જ કરે છે. પોતાનું દુઃખ પોતે જ ઉભું કરે છે.

આ મૂર્ખાઓ અનિષ્ટ સંયોગમાં અને ઈષ્ટ વિયોગમાં વિષાદ, શોક, આર્તધ્યાન, વિલાપ કરે છે અને પોતે જ નવા દુઃખો ઉભાં કરી દુઃખી થાય છે.

અજ્ઞ પુરૂષો અનિષ્ટનો વિયોગ થાય ત્યારે ખુશી થાય છે અને ઈષ્ટ સંયોગ–મનગમતી વસ્તુના મેળાપમાં હર્ષિત થાય છે. એમના મુખ ઉપર હાસ્યની રેખાઓ ઝળકતી થાય છે. વધામણાં, માન, સન્માન, ખુશાલીથી છાતી ગજગજ ફુલાઈ જાય છે.

પણ થોડા સમય પછી એ બધું જ રમણ–ભમણ બની જાય છે. જાણે સંધ્યાનાં સોહામણાં વાદળાં પછી કાળુ ભમ્મર અંધારૂ ઘનઘોર.

હર્ષ અને વિષાદ આ વાસવના ઘરે જ ધાંધલ મચાવે છે એમ નથી. વિશ્વના બધાજ સ્થળે આ બન્ને તોફાન મચાવરાવે છે અને લોકોને આનંદ અને શોકમાં ડુબાડી નાખે છે. હર્ષ અને વિષાદ એકંદર ખરાબ માણસો છે.



પ્રકરણ દસમું

અવાંતર નગરો

નગાધિરાજ શ્રી વિવેકગિરિના શૃંગ ઉપર મામા ભાણેજ ભવચક્રની ભયાનકતા જોઇ રહ્યા છે. ભાણો જે પૂછે એનું મામા સમાધાન કરતા જાય છે. પછી મામાએ કહ્યું.

ભાણા ! ભવચક્રનગર તો મહા વિશાળ છે. એના દરેક કૌતુક તને કેવી રીતે બતાવું ? જ્યાં જોઈશ ત્યાં નવું જ દેખાશે. તને ટુંકમાં સમજાવી દઉં એટલે સંપૂર્ણ ચીતારનો ખ્યાલ આવી જશે. ભવચક્રની દરેક દરેક વસ્તુનું વર્ણન કરવું શક્ય નથી.

હે વત્સ ! હાલ આપણે વિવેક પર્વત ઉપરથી જોઇ રહ્યા છીએ. સામું દેખાય તે ભવચક્રનગર છે. એના અવાંતર નગરો પાર વિનાના છે પરન્તુ એમાં ચાર નગરોની મુખ્યતા છે.

માનવાવાસ :

સામે નજર કર. એ દેખાય છે, તે "માનવાવાસ" નામનું નગર છે. એમાં રહેનારા પ્રાણીઓને મહામોહાદિ અંતરંગ વ્યક્તિયો ખૂબ હેરાન કરતા હોય, પોતાની શક્તિઓની અજમાશ ખૂબ અજમાવતા હોય છે.

તેથી આ માનવાવાસમાં કેટલેય ઠેકાણે મહાપાપ કરનારા પ્રાણીઓ વસતા હોય છે અને કોઇક ઠેકાણે હૃદયમાં ધર્મની

ભાવના હોય છતાં અજ્ઞાનથી વિપરીત વર્તન કરતા હોય છે. મોહાદિ અધર્મમાં ધર્મ મનાવે છે.

કોઇક ઠેકાણે હર્ષ પોતાનું સામ્રાજ્ય વિસ્તારે છે, તો કોઇક ઠેકાણે શોકથી મહાદુઃખનું સામ્રાજ્ય છાઇ જાય છે. કોઈ સ્થાને લક્ષ્મીની રેલમછેલ જોવા મળતી હોય છે તો કેટલાકને દાંત અને અન્નને વેર જેવું જણાતું હોય છે.

ઘણાં સ્થળે ઈર્ષાથી કલહ કંકાસ અને ઝગડા થતાં નજરે પડે છે, તો ઘણાં સ્થળે પ્રેમનું વાતાવરણ અને સુખદ પરિસ્થિતિ દેખાય છે.

ગરીબી અને અમીરી, સુકાલ અને બેકાલ, સબળ અને નિર્બલ, સ્વતંત્રતા અને પરતન્ત્રતા, ઉન્નતિ અને અવનતિ, હર્ષ અને વિષાદ, આનંદ અને શોક, સુખ અને દુઃખ, આ જાતનું વિપરિતપણું અથવા વિષમતા આ માનવાવાસમાં વધુ પ્રમાણમાં છે. આવું સદાકાળ રહેવાનું પણ છે.

વિબુધાલય :

ભાઇ ! સહેજ ઉપર તરફ જો તો ? એનું નામ વિબુધાલય= દેવલોક છે.

એની શેરીઓ મહાવિશાળ અને માર્ગો પણ વિશાળ છે. જ્યાં જુવો ત્યાં પ્રકાશ પ્રકાશ હોય અને એ નગર નયન અને હૃદયને ગમી જાય તેવું છે.

ત્યાંના મહેલો ઉંચા પૃથુલ અને દીર્ઘ છતાં અનેક રત્ન, સુવર્ણ, મણિ મુક્તાથી મંડિત છે. સંપત્તિનો વાસ અહીં જ હોય એવું જોનારાને લાગે છે.

ત્યાંના સરોવરો રત્નની પાળોથી બંધાએલા છે. સ્વચ્છ નિર્મળ નીર અને નયનહરા નારીયેાના નયનોની સ્પર્ધા કરતા કમળ એમાં શોભી રહ્યા છે.

આરામો અને ઉપવનો, મંદાર, પારિજાત, સંતાન, હરિચંદન અને કલ્પવૃક્ષોથી શોભી રહ્યા છે. અહીં વનરાજી સદાકાળ ખીલેલી હોય છે.

વિબુધાલયમાં વસનારાઓના શરીર નિર્મળ, તેજસ્વી અને રોગરહિત હોય છે. બાંધો દૃઢ, આકૃતિ સુડોળ અને બલ અપૂર્વ હોય છે. શક્તિ અચિંત્ય હોય છે.

જગતભરની સૌંદર્યતાએ અહીં આવીને વાસ કર્યો હોય એવું આ વિશાળ અવાંતર નગર છે. આ નગરને જોતાં કોને આનંદની ઉર્મિઓ ન થાય ?

મોહમહામહિપતિએ પોતાના ખંડિયા રાજા વેદનીયના સુભટ સાત[1]ને આ નગર ભેટ આપ્યું છે. એટલે વિબુધાલય ઉપર સાતનો અધિકાર, ભોગવટો અને સત્તા છે. બધે તું જોઇ શકે છે કે માત્ર સુખના જ સાધનો ખડકાએલા દેખાશે. એ સાતને આભારી છે.

પ્રકર્ષ—મામા ! મહામોહ વિગેરેને અહીં આવવાનો અધિકાર નથી ? એ નહિ આવતા હોય એટલે જ નગરની રમણીયતા રહેવા પામી હશેને ?

વિમર્શ—ભાઇ ! એવું માનવાની તું ભૂલ ના કરીશ.

---

૧ સાત–સાતાવેદનીય કર્મ.

અવાન્તર રાજાઓનો અહીં વધુ પ્રમાણમાં પ્રભાવ હોય છે. અવસર મળે પોતાની શક્તિ પરખાવી આપે છે.

જો ! આ વિબુધાલયમાં ઈર્ષા, શોક, મદ, ક્રોધ, લોભ, ભય, કામ વિગેરેનું પણ વર્ચસ્વ છે. આ અભ્યંતર માનવો દેવોને પણ આકુલ-વ્યાકુલ કરી મૂકે છે.

પ્રકર્ષ—મામા ! જો અહીંયા ઈર્ષા, શોક વિગેરેનું જોર ચાલતું હોય તો આ લોકોને સુખી કેમ કહેવાય ? અને આપે તો અહીં સુખનું જ વર્ણન કર્યું ?

વિમર્શ—વત્સ ! વિબુધાલયમાં વાસ્તવિક રીતે સુખ નથી, તેમ કોઇ પણ પદાર્થ સુંદર નથી. પરન્તુ વિષયમાં સુખ જોનારા અને મોહાધીન આત્માઓને વિબુધાલયમાં સુખ દેખાતું હોય છે એટલે મેં સુખભરપુર છે, એવું વર્ણન કર્યું.

મહામોહ વિગેરેનું સામ્રાજ્ય ચાલતું હોય અને લોકો સુખી હોય એ ક્યાંથી સંભવે ? જ્યાં મોહાદિ હોય ત્યાં સુખનું નામનિશાન ન હોય અને સુખ હોય ત્યાં મોહાદિ ન હોય. મોહના રાજ્યમાં સુખની કલ્પના એ આકાશ-કુસુમ છે.

પશુસંસ્થાન :

ભદ્ર ! સહેજ નજર ફેરવી જો, પેલું "પશુસંસ્થાન" નગર દેખાય છે. એ ત્રીજા નગરમાં રહેતા પ્રાણીઓ સદા મહામોહાદિ દ્વારા દુઃખને પામતા હોય છે.

પશુસંસ્થાનના પ્રાણીઓને કોઇ દુઃખમાં શરણ આપનાર વ્યક્તિ નથી. આ લોકો ભૂખથી પીડાય છે. તૃષા શમન કરવા

સમયસર પાણી મેળવી શકતા નથી. વધ અને બંધન સહન કરે છે. શીત, ઉષ્ણ અને વર્ષોના કષ્ટો અનિચ્છાએ પણ સહન કરે છે.

આ કાર્ય કરવા જેવું છે અને આ કરવા જેવું નથી એવું જ્ઞાન પણ આ લોકોને હોતું નથી. માત્ર આર્તધ્યાનાદિ અપધ્યાનથી દીન, હીન અને નિંદ્ય રીતે પોતાનું આયુષ્ય-જીવન પૂરું કરતાં હોય છે. એમના જીવનમાં ભૌતિક સુખો પણ જણાતાં નથી. કલેશ અને કષ્ટ ઉઠાવી જીવન પૂરું કરવાનું રહે છે.

પાપપિંજર :

બેટા ! નજરને નીચેની ભૂમિ તરફ જવાદે જોઇએ ! એ ચોથું મહાનગર છે અને "પાપપિંજર" નામ છે. તે નગર વેદનીય રાજાના અસાતને લખી આપેલું છે.

મહામોહ પ્રસન્ન બની દાનમાં અધિકારો અને ભોગવટો અસાતને લખી આપ્યા એટલે આ લોકોના દુઃખોનો કદી અન્ત આવતો. સદા દુઃખ દુઃખ અને દુઃખ. સુખની ક્ષણ પણ પ્રારબ્ધમાં લખી હોતી નથી.

પાપિષ્ઠપિંજરના લોકોને વધુ ત્રાસ આપવા અસાતે પરમ અધાર્મિક અસુરોને ગોઠવેલા છે. આ અસુરો પરમાધામી ગણાય છે. આ પરમાધામીઓ હાથમાં મુદ્ગર, ભાલા, તલવાર વિગેરે શસ્ત્રો દ્વારા અહીંના પ્રાણીઓને સંત્રાસ આપે છે.

કેટલીવાર ભાલાની અણીઓ છાતીમાં આરપાર ભોંકી દઇ માંસના લોચા બહાર કાઢી નાખે અને આકાશમાં ઉંચા

ઉછાળે એટલે કાગડાઓ એની છાતીને પોતાની અણીદાર ચાંચથી કોચી કોચી માંસ ખાવા લાગે.

રાજ્ય વિરોધી ભાષા બોલનારના મુખમાં તપ્ત તામ્ર કે શીશુ પાવામાં આવે એમ અહીંયા પણ સાણસાથી મુખના હોઠ પહોળા કરી ધગધગતું તાંબુ, શીશુ અને લોહ પાવામાં આવે છે. જો ! પેલો એની વેદનાથી ભયંકર ચીસો પાડી રહ્યો છે.

કેટલાક જીવોને ચોખાની જેમ અગ્નિ નીચે સળગાવી ઉપર કડાયામાં બાફવામાં આવે છે. ચણાની જેમ ભૂંજવામાં આવે છે. લાકડાની જેમ ચીરી નાખવામાં આવે છે અને તલની માફક મોટા ઘાણાંમાં નાખી પીલી નાખવામાં આવે છે.

ભાઇ ! વિશ્વનું એવું કોઇ દુઃખ નહિ હોય કે જે આ લોકોને સહન ના કરવું પડે. ક્રૂરતાની મૂર્તિ સમા પાપી પરમાધામીઓ રાત-દિન ભારે દુઃખ આપીને પોતે એમાં આનંદ માનતા હોય છે, એ ખુશી થઈ તાળીયો પાડતા હોય છે.

પાપિષ્ટપિંજરમાં સાત મહોલ્લા છે. એમાંના ત્રણ મહોલ્લામાં આ પરમાધામીઓ દ્વારા દુઃખો અપાય છે પણ એ પછીના ત્રણમાં પરસ્પર એ પ્રાણીઓ જ દુઃખો ઉભા કરે અને દુઃખી થાય છે. તેમ ક્ષેત્રની વેદનાઓ પણ પારવગરની હોય છે. સાતમાં મહોલ્લામાં વસનારાઓ ક્ષેત્રના વજ્ર જેવા કાંટાઓની વેદના અને ક્ષેત્રની અસહ્ય વેદના ભોગવે છે.

પાપિષ્ઠનિવાસના પ્રાણીઓને ક્ષુધા એવી અસહ્ય લાગે છે કેજગતના તમામ ધાન્યો આપી દેવામાં આવે તો પણ ક્ષુધા

ના મટે. પણ એમને ખાવા કાંઇ મળતું નથી. સમુદ્રના પાણી પી જાય તોય તૃષા શાંત ના બને, એવી ભયંકર તૃષા હોય છે છતાં પીવા બિંદુ પણ ન મળે.

શીતની ભયંકર વેદના અને ઉષ્ણતાની ગર્મી અસહ્ય હોય છે અને ભોગવ્યા વિના છૂટકવારો થતો નથી. બચાવ માટે કોઈ નાનું મોટું સાધન પણ મેળવી શકતા નથી અને બનાવી શકતા નથી.

ભાણા ! આ લોકોની વેદનાનું વર્ણન કરવું અશક્ય છે. અનેક વર્ષો થાય અને આયુષ્ય પુરું થાય તો પણ વર્ણન ના થઇ શકે. ઇશ્વર પણ વાણીથી ના વર્ણવી શકે.

ભાઇ ! ભવચક્રનગરના હજારો અવાંતર નગરો છે. એમાંના મુખ્ય ચાર નગરોનું ટૂંક વર્ણન તને સમજાવ્યું છે. આ ચાર નગરોએ સર્વ નગરોને લગભગ આંતરી લીધું છે. તને આ ચાર નગરોનું સ્વરૂપ ખ્યાલમાં આવી ગયું હશે તો ભવચક્રનગરનો લગભગ ખ્યાલ આવી ગયો હશે, એમ તારે માની લેવું.

સાત રાક્ષસીઓ :

મામા ભવચક્રની સમજુતી આપતાં હતા અને ભાણો બારીકાઇથી ભવચક્ર જોઇ રહ્યો હતો. એના જોવામાં સાત સ્ત્રીઓ આવી. એ જોઈને પ્રકર્ષ ચમકી ઉઠ્યો.

અરે મામા ! મામા ! આમ તો જુવો ! આ સ્ત્રીઓ કેવી વિચિત્ર દેખાય છે ? શરીરે કાળી, મુખો બિહામણા, આંખો ક્રૂર અને લાલ. માથું મોટું અને દીઠું ન ગમે તેવું.

વાળ લટકતા, ભૂખરા અને વિખરાએલા. લાંબી તાડ વૃક્ષ જેવી. જોનારને ભય પમાડતી આ કોણ છે? સ્વભાવ પણ આકાર જેવો ક્રૂર હશેને?

વિમર્શ—ભાઈ! જરા ધીરો થા. સાંભળ.

૧ જરા. ૨ રુજા. ૩ મૃતિ. ૪ ખલતા. ૫ કુરૂપતા. ૬ દરિદ્રતા. ૭ દુર્ભગતા. એના નામો છે. એ બધી રાક્ષસીઓ જેવી મહાભયંકર છે.

૧ જરા :

આ સાતમાં પ્રથમ રાક્ષસી જરા છે. એ કર્મપરિણામ મહારાજાના પત્ની કાલપરિણતિની આજ્ઞાનું સદા પાલન કરે છે. પ્રૌઢત્વ, વૃદ્ધત્વ એના પરિવારના માણસો છે.

જરા પોતાનું વર્ચસ્વ પ્રાણીઓ ઉપર ફેલાવે છે ત્યારે શરીરની ચામડીમાં કરચલીઓ પડવા મંડે છે. વાળ શ્યામમાંથી સફેદ રૂ જેવા બનતા જાય છે અને માથું વાળ રહિત બની ટાલીયું દેખાતું થાય છે.

ધમધમતું યૌવન, હરિફાઇ કરતું બળ, ચમકતો વર્ણ, દીપતી કાંતિ, મજબુત દંતપંક્તિ, ધબકતો પુરૂષાર્થ, આંખની જ્યોતિ, મુખની મધુરી વાણીનો વિલાસ, આ બધા ગુણો નષ્ટ-ભ્રષ્ટ બની જાય છે.

જ્યારે જરા રાક્ષસી માનવીને આલિંગન કરે છે ત્યારે એ બિચારો આંખેથી દેખતો બંધ થઇ જાય છે, મુખ શ્લેશ્મ અને લાળથી વ્યાપક બની જાય છે. પોતાના પુત્ર, મિત્ર અને પત્નીને પણ અળખામણો બની જાય છે. કોઇ સામે

જેવા રાજી હોતું નથી. ભાગ્યદેવતા જાણે રૂઠી ગયા હોય, એવું એને શેષ જીવન ગાળવાનું રહે છે.

૨. રુજા :

સુન્દર ! જો, બીજી સ્ત્રી છે એને રુજા કહેવામાં આવે છે. એ વેદનીય રાજાના "અસાત" પુરૂષની આજ્ઞાનું પાલન કરતી હોય છે. લોકો રુજાને વ્યાધિ નામથી પણ બોલાવે છે.

રુજા એ વાત, પિત્ત અને કફાદિનો વધારો ઘટાડો કરી અવનવા રોગો સ્વસ્થ શરીરમાં ઉભા કરી દે છે. મહાભયંકર તાવ, અતિસાર, સંગ્રહણી, રાજયક્ષ્મા, દાહજ્વર, શિરોવેદના, ઉદરશૂલ, દંતશૂલ, નેત્રપીડા, ગલત્કોઢ, પામા, હરસ, મસા, ભગંદર, સંનિપાત, ગાંડપણ, ગુહ્યરોગો વિગેરે દ્વારા સાહસિક વ્યક્તિઓને પણ પામર અને સત્ત્વહીણો બનાવી દે છે. એની ગતિ-ભવ બગાડી નાખે છે. શરીર બેડોળ અને અદર્શનીય બનાવી દે છે.

શરીરની સુંદરતા, મનની ધીરતા, આરોગ્ય, ગૌરવ, શત્રુઓને પરાભવત કરતું પરાક્રમ, લજ્જાળુપણું, ધીરજ, બુદ્ધિ, સ્વામિત્વશક્તિ, ઓજસ, આ બધા ગુણોનો એક ઘાએ રુજા સંહાર કરી નાખે છે.

રુજા[1] દ્વારા આવેલી વ્યાધિઓના સકંજામાં સપડાએલા

---

૧ રુજા : આજના મોટા હોસ્પીટલના જનરલ વોર્ડમાં જઇ રોગથી પીડાતા દર્દીઓની મુલાકાત લેતા નજરે જોઇ શકાય છે, કે રોગો કઇ રીતે માનવીને દીન હીન અને દયાજનક સ્થિતિમાં લાવી મૂકે છે.

પ્રાણી વારંવાર કરૂણ રાડો નાખે છે. દીર્ઘ નીસાસા લે છે, જેમ તેમ આળોટે છે. દયાજનક સ્વરે રૂદન કરે છે. દીનતા અને હીનતાભર્યા સ્વરે બોલે છે. મહાસમર્થ પણ તદ્દન પરવશ બની જાય છે. રાજાની રંક જેવી સ્થિતિ બની જાય છે.

૩. મૃતિ :

ભદ્ર ! ત્રીજી રાક્ષસીનું નામ "મૃતિ" છે. "મરણ" એનું બીજું નામ છે. આયુષ્ય રાજાની સત્તા નષ્ટ થાય ત્યારે આ આવીને પ્રાણી ઉપર સત્તા અજમાવે છે.

આ મૃતિને પરિવારમાં કોઈ છે નહિ છતાં બધા કરતાં એની શક્તિ વિશિષ્ટ છે. સાતે રાક્ષસીઓમાં એનું સ્થાન જબરૂં છે.

મૃતિ પ્રાણીઓના શરીરને લાકડા જેવું બનાવી નાખે છે. પછી શ્વાસોશ્વાસ લઇ શકતો નથી, હાલી-ચાલી શકતો નથી, દીર્ઘનિદ્રામાં સદા માટે પોઢી ગએલો બની જાય છે. અને શરીરમાંથી મન અને મગજ બગાડી નાખે એવી દુર્ગંધ નિકળવા લાગે છે. શરીર વિકૃત અને ભયાવહ થઇ જાય છે.

હીમપાતથી સરોવરના સોહામણા કમળો બળી ઝળી નષ્ટ થઈ જાય છે, તેમ મૃતિના આવવાથી પ્રાણીના શ્વાસ, ઉશ્વાસ, જ્ઞાન, જીવન, પ્રભાવ, સત્તા, હુંકાર સદાને માટે ચાલ્યા જાય છે.

મૃતિની આજ્ઞાનો અનાદર કરી શકે એવી કોઈ પણ વ્યક્તિ આ વિશ્વમાં વિદ્યમાન નથી. શૂર હોય કે કાયર હોય, શ્રીમન્ત હોય કે નિર્ધન હોય, મૂર્ખ હોય યા પંડિત હોય,

બાલ હોય યા હો યુવા કે વૃદ્ધ હોય, સૌ કોઇ એની આજ્ઞા મસ્તકે ચડાવી ભયભીત બનેલા ઘર, ધન, ધાન્ય, જમીન, શરીર વિગેરેને તજી પરલોકના પંથે ચાલ્યા જાય છે.

મૃતિના નામથી ત્રણે લોકના મોટા ભાગના પ્રાણીઓ કાંપતા હોય છે. એની ધાક અને ક્રૂરતા અપાર છે.

૪. ખલતા :

વત્સ ! આ ચોથી રાક્ષસી તરફ ધ્યાન દે. એને ખલતા કહીને બોલાવવામાં આવે છે.

મૂળ રાજવી કર્મપરિણામનો પાપોદય એક ખાસ સેનાની છે. એ પાપોદયની આજ્ઞા પ્રમાણે ખલતા કામ કરતી હોય છે.

શઠતા કરવી, દુષ્ટ આચરણ કરવું, કટુ ભાષા બોલવી, ગુણી પુરૂષોની ઈર્ષા કરવી, ઉપકારીના ઉપકારને ભૂલી જવું, સજ્જન સાથે શેતાનપણું દેખાડવું, છલ પ્રપંચ અને મિત્રદ્રોહ કરવા, વિશ્વાસઘાત અને પરવંચનતા કરવી, આ બધા ખલતાના કાર્યક્ષેત્રમાં આવી જાય છે. આ બધા દુર્ગુણો ખલતાના પરિવારના સભ્યો છે.

આ દુર્ગુણ સમૂહ દ્વારા ખલતા લોકોના મનને પાપમાં જોડે છે અને પછી પ્રાણીઓ પાપાચાર આચરે છે.

પુણ્ય, દાક્ષિણ્યતા, સુજનતા, ઉપકાર, સરલતા, ગુણ પ્રશંસા, વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, પ્રસન્નતા, યશઃકીર્તિ, સન્માન વિગેરે સાત્વિક ગુણોને ખલતા પોતાના પ્રદેશમાંથી દૂર-સુદૂર હાંકી કાઢે છે. દેશનિકાલ પામેલા માનવીની જેમ પોતાના પ્રદેશથી નિર્વાસિત કરે છે.

ખલતાને આધીન બનેલા પ્રાણીઓ પારકાને કપટપટુતાથી છેતરતા હોય છે અને પાપને પરવશ બની એ લોકો કયો પાપાચાર જીવનમાં નથી કરતાં એ કાંઈ કહી શકાય તેમજ નથી. જગતના બધા પાપો ખલતાવાળો આત્મા આચરી શકે છે.

૫. કુરૂપતા :

ભદ્ર ! પાંચમી રાક્ષસીનું નામ કુરૂપતા છે. તે "નામ" મહારાજાના આજ્ઞાનું અનુપાલન કરનારી છે.

હીનાંગતા, દીર્ઘાંગતા, કુબ્જાંગતા, કાણાંગતા વિગેરે પરિવારથી પરિવરેલી છે. આ પરિવાર દ્વારા પ્રાણીઓના શરીરમાં વિકૃતિઓ ઉભી કરે છે. કોકને તદ્દન વામનજી બનાવી દે તો કોઇકને તાડ જેવો લાંબતડાંગ બનાવી દે. કોઇકના હાથ, પગ, છાતી, પીઠ, ઢંગધડા વગરનું કરે તો કેટલાકના આંખ, કાન, નાક, દાંત, હોઠ ખોડખાપણવાળા બનાવે અને એ રીતે લોકોને હીનાંગ કે અપાંગ બનાવે.

સુરૂપતા, ગૌરાંગતા, આકર્ષકતા, સુકુમારતા વિગેરે શારીરિક ગુણોને દૂર કરી નાખે છે. અનીતિ વ્યાપાર અને લક્ષ્મીને વેરવિખેર કરે તેમ કુરૂપતા પણ શરીરની સૌષ્ઠવતા, ગૌરતા વિગેરેને વેરવિખેર કરે છે.

કુરૂપતાની સત્તામાં આવી પડેલા પ્રાણીઓ રૂપવાન્ વ્યક્તિઓ માટે હાસ્યનું સ્થાન બની જાય છે અને જોનારાને ઉદ્વેગ, ઘૃણા અને તિરસ્કાર ઉત્પન્ન કરે છે.

૬. દરિદ્રતા :

સૌમ્ય ! દરિદ્રતા છઠ્ઠી રાક્ષસીનું નામ છે. એ "પાપોદય" અને "અંતરાય" રાજાઓની આજ્ઞાને માનનારી છે. બુભુક્ષિતા, બહુપુત્રતા, દીનતા, દુર્ભગતા એના પરિવારના માણસો છે.

આ પરિવારના જોરે દરિદ્રતા પ્રાણીઓને નિર્ધન બનાવી મૂકે છે. ભુખ ખૂબ વધારી નાખે પણ આવાનું ન આપે. પુત્રોની વણઝાર ઉભી કરી દે પણ પાલનપોષણના ફાંફા રાખે. જ્યાં ત્યાં દીનતા કરાવે પણ મલે નહિ દોકડો. મજુરી કરાવે સખ્ત પણ હાથ ન લાગે કાંઇ રૂપિયો રોકડો. માનવ થઇ તિર્યંચ જેવું જીવન જીવવા ફરજ પાડે.

ગૌરવ, સન્માન, ઐશ્વર્ય, જનપ્રિયત્વ, લાભ, મનઃપ્રસન્નતા, આત્મસંતોષ, વિગેરે પ્રભાવિક ગુણો દરિદ્રતાની નજર લાગતા કરમાઇને નિસ્તેજ બની જાય છે. દૂર દૂર ચાલ્યા જાય છે.

દરિદ્રતાના તળે ચંપાએલા પ્રાણીઓ પાપી પેટના ખાતર હલકટમા હલકટ કામ કરતા હોય છે અને રાત દિવસ ભરણ-પોષણની ચિંતાના કારણે આરામથી બે ઘડી સુખભરી નિંદ્રા લઇ શકતા નથી. ચિંતાની આગમાં સદા શેકાતા રહે છે.

૭. દુર્ભગતા :

પ્રકર્ષ ! છેલ્લી રાક્ષસીનું નામ દુર્ભગતા છે. એ "નામ" મહારાજાની આજ્ઞાને અમલમાં મૂકનારી છે. ત્રપા, અભિભવતા, દીનતા વિગેરે એની સહીયરીઓ છે.

પરિવારથી યુક્ત દુર્ભગતા પ્રાણીઓને મહાકષ્ટો આપે છે. એ એકદમ અપ્રિય-વહાલો ન લાગે તેવો બનાવી મૂકે છે. લોકો જોઇને તિરસ્કાર અને દ્વેષ પ્રદર્શિત કરવા લાગે છે. માનભેર અને સ્નેહ નજરે નિહાળવા કોઇ રાજી થતું નથી.

આકાશમાં ઘનઘોર ઘટાએ મેઘ જામ્યો હોય છતાં પ્રભંજનવાયુ એ મેઘઘટાને વિખેરી નાખે છે તેમ દુર્ભગતા અભિમાન, મહત્તા, સૌભાગ્ય, પ્રમોદ, વર્ચસ્વ, સત્તા, ઓજસ વિગેરે ગુણસમુહને વેરવિખેર કરી નાખે છે.

દુર્ભગતાની નજર હેઠળ આવેલો પ્રાણી પોતાના સ્વજનોથી પણ નિંદનીય બની જાય છે. પુત્ર પત્ની પણ એને ચાહતા નથી. ધૂત્કારે અને અપશબ્દો સંભળાવે. આવા દરિદ્રનારાયણ મનુષ્યો પોતાની આજીવિકા મહાકષ્ટ પૂર્વક અને જેમતેમ પૂરી કરતા હોય છે. અન્નને અને દાંતને વેર જેવું હોય છે. મિષ્ટભોજન અને મિષ્ટવાણી એ બન્ને વસ્તુઓ એમને સ્વપ્નમાં પણ પ્રાપ્ત થતી નથી.

વત્સ ! આ સાતે રાક્ષસીઓનું મેં તારી આગળ સંક્ષેપમાં વર્ણન કર્યું છે. આ રાક્ષસીઓ ભવચક્રપુરમાં જ રહે છે અને પ્રાણીઓને યાતનાઓ આપવી એ એમનું કાર્ય છે. પીડા આપવામાં પાવરધી છે. એ રાક્ષસીઓના સંકળામાં આવેલો પ્રાણી છટકી શકતો નથી.

પ્રતિકારની અશકયતા :

પ્રકર્ષ—મામા ! આ ક્રૂર રાક્ષસીઓ ભવચક્રનગરના લોકોને બેસુમાર ત્રાસ આપે છે, તો શું એને રોકનારા રાજા વિગેરે

કોઇ નથી ? કોટવાલ વિગેરે સત્તાધીશો કેમ પકડતા નથી ? લોકપાલો શું કામ કરે છે ? નગરરક્ષકો કયાં ગયા ?

વિમર્શ—ભાઈ ! દેવેન્દ્ર, નરેન્દ્ર, ઉપેન્દ્રાદિ કોઈ પણ આ રાક્ષસીઓને કબજે કરી શકે એમ નથી. સામાન્ય રાજવીનું તો ગજું કેટલું ? સાધારણ માનવી તો કાંઈ ચું'ચા પણ ન કરી શકે.

આ રાક્ષસીઓ બહુ જબરી છે. રાજા, મહારાજા, દેવો અને ઈન્દ્રો ઉપર પણ આમની સત્તા ચાલતી હોય છે. રાક્ષસીઓ પાસે એ બિચારા અને દયામણાં બની જાય છે. જરા પણ જોર બતાવી શકતા નથી.

પ્રકર્ષ—તો મામા ! આ રાક્ષસીઓને દૂર કરવાનો ઉપાય પણ માનવીઓએ ન કરવો જોઇએ ? આવું તે હોય ?

વિમર્શ—વત્સ ! નિશ્ચયથી વિચારીએ તો એ માટેનો પ્રયત્ન ન કરવો જોઇએ. અવશ્યંભાવી કાર્યોમાં પુરૂષાર્થની શી જરૂર ? પુરૂષાર્થ કરે તો પણ ફલપ્રાપ્તિ થતી નથી. છતાં વ્યવહાર દૃષ્ટિએ સ્વદોષોના નાશને માટે પ્રયત્ન કરવો જોઇએ. ફળ શું મળશે એ તો પ્રાણી સમજી ન શકે. નિયતિ દ્વારા જે વખતે જે ભાવ બનવાનો હશે તે થશે. પુરૂષાર્થનું ફળ પુરૂષાર્થ છે. પંચસમવાય ભેગા મળે ત્યારે ખરૂં ફળ મળે છે.

નિર્વૃતિ :

પ્રકર્ષ—મામા ! આ વિરાટ વિશ્વમાં એ કોઇ સુરક્ષિત સ્થાન છે કે નહિ, જ્યાં આ રાક્ષસીઓના ઉપદ્રવો ન થતાં

હોય ? એમનો પ્રભાવ અને સત્તા ન ચાલતાં હોય ?

વિમર્શ—ભાણેજ ! " નિર્વૃતિ " નામની નગરી છે અને ત્યાં રહેલાં આત્માઓ ઉપર આ દુષ્ટ રાક્ષસીઓનું કશુંએ ચાલતું નથી. નિર્વૃતિમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-ચારિત્ર અને અનંતવીર્ય હોય છે. ત્યાં સત્-ચિત્-આનંદ સદા સ્થાયી હોય છે.

આ રાક્ષસીઓનો ત્યાં પ્રવેશ પણ થઈ શકતો નથી. પછી તો ઉપદ્રવો અને તોફાનો કરે કયાંથી ?

જેણે નિર્વૃતિ-મોક્ષમાં જવું હોય તો એણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર માટે ઉદ્યમ કરવો જોઇએ. આ સાધનો દ્વારા પ્રાણી મોક્ષનગરમાં સહેલાઇથી જઇ શકે છે.

ભાઈ ! આ ભવચક્રનગરમાં સદા અને સર્વત્ર સાતે રાક્ષસીઓનું વર્ચસ્વ રહેવાનું જ. એ સાથે બીજા પણ ઉપદ્રવો યાતનાઓ અને દુઃખો પણ સદા રહેવાના છે. ભવચક્રના ચાર મોટા અવાંતરનગરોની અને બીજા અવાંતરનગરોની પણ આ જ પરિસ્થિતિ રહેવાની છે.

પ્રકર્ષ—મામા ! આવું વર્ણન સાંભળવા દ્વારા મને એમ લાગે છે કે આપે ભવચક્રને દુઃખ ભરપૂર વર્ણવ્યું. ભવચક્રમાં કાંઇ મજા જેવું નથી. સુખનો સ્વાદ કે આનંદની લહેર નથી. માત્ર સંતાપ, યાતના, કષ્ટ અને મનોદુઃખ ભર્યું છે.

વિમર્શ—ધન્ય, વત્સ ધન્ય ! તું મારા કહેવાના ભાવાર્થને બરોબર સમજ્યો છે. ખરેખર ભવચક્ર દુઃખથી જ ઉભરાઇ રહ્યું છે. સુખની છાયા એમાં કયાંય નથી.

મહામોહાદિનું વર્ચસ્વ :

પ્રકર્ષ—મામા ! આ ભવચક્રમાં સુખની છાયા પણ ન હોય તો અહીંના વાસીઓ કેમ કંટાળી જતાં નથી ? એમને બહાર જવાનું કેમ મન થતું નથી ?

વિમર્શ—ભાઇ ! તારી વાત સાચી છે. દુઃખ-દર્દભર્યાં ભવચક્રમાં રહેવા છતાં આ લોકો કંટાળી ગયા નથી એ તું તું બરોબર જણાવે છે, પણ એનું કારણ મહામોહાદિ આભ્યંતર યોગીઓ છે.

આ મહામોહાદિ યોગીઓ ભવચક્રના પ્રાણીઓ ઉપર પોતાની શક્તિથી એવું કામણ પાથરતા હોય છે, કે જેથી દુઃખને આ લોકો સુખ માનવા લાગે છે. મહામોહાદિ મહાશત્રુઓ છે, છતાં એમને પોતાના લાડિલાં હિતસ્વી બંધુ માને છે. એ મૂર્ખાઓને વાસ્તવિકતાનું ભાન નથી.

મહામોહાદિથી દબાઇને પછી એમની આજ્ઞા પ્રમાણે સારા નરસા કાર્યો પ્રાણી આચરે અને કર્મો બાંધે, ફરી એ જ રીતે કર્મો બાંધે અને છોડે. આ રીતે ભવચક્રથી આત્માનો છૂટકવારો નથી અને નિર્વૃતિનગરે જવાતું નથી.

અનાયાસે કોઇ મહાત્માપુરૂષ ભવચક્રના પ્રાણીને મળી જાય અને સુખનો સત્ય ઉપાય બતાવે તો પણ આ લોકો એ મહાત્માને સુખનો નાશ કરનારો પોતાનો કટ્ટો શત્રુ ગણે. ઉપકારી નહિ પણ અપકારી અને માયાવી ગણે. એની મશ્કરી કરે.

ભાણા ! મહામોહાદિનું સામ્રાજ્ય છવાએલું હોય અને

એમની સત્તા વ્યાપક હોય ત્યાં પ્રાણીઓને ભવચક્રથી કંટાળો કઇ રીતે આવે ? અણગમો કયાંથી પેદા થાય ?

પ્રકર્ષ—મામા ! ભવચક્રના લોકો આ રીતે મદોન્મત્ત ગાંડા ઘેલા જેવા જ રહેવાના હોય અને શાણાની શીખામણનો પણ અવળો અર્થ કરવાના હોય તો એવા પ્રાણીઓની ચિંતા કરવાથી આપણને શો લાભ ?

મિથ્યાદર્શન મંત્રી કયાં ?

મામા ! આપે ભવચક્રનગરની અંદર આવેલા મહામોહાદિ રાજાઓ અને એમની શક્તિઓનું વર્ણન મને જણાવ્યું, છતાં આપે મહામોહના મંત્રી તરીકે મિથ્યાદર્શનને જણાવેલ પરન્તુ એનું નામનિશાન અને શક્તિનો પરિચય હાલ સુધી જાણવા પણ મળેલ નથી.

વિમર્શ—ભદ્ર ! તેં ઠીક યાદ કર્યું. ભવચક્રમાં વસનારા દરેક ઉપર એનું સામ્રાજ્ય હોય છે. થોડા લોકો એનાથી બચી જાય છે, એઓ પણ કોઇકવાર હડફેટે આવી શકે છે.

છતાં પણ મિથ્યાદર્શનની ખાસ સત્તા કયાં ચાલે છે, એ સ્થળો હું તને દેખાડીશ. તું બરોબર ધ્યાન આપજે.

છ અવાંતર નગરો અને ત્યાંના નાગરિકો :

પ્રિય પદ્માક્ષ ! માનવાવાસ નગરના છ અવાંતર નગરો દેખાય છે ને ? તે તું બરોબર ખ્યાલમાં લઇ લે. એ છ અવાંતર નગર ઉપર મિથ્યાદર્શનનું શાસન જોરશોરથી ચાલે છે. ત્યાંના રહેનારાઓ ઉપર મિથ્યાદર્શનની સત્તા સારી રીતે ચાલે છે.

એ છ નગરમાં પ્રથમ નગરને "નૈયાયિક" નગર કહેવાય છે. એમાં રહેનારા નાગરિકોને "નૈયાયિક" કહેવામાં આવે છે.

બીજા નગરનું નામ "વૈષેશિક" છે. એમાં વસનારાઓને "વૈશેષિકો" કહેવામાં આવે છે.

ત્રીજા નગરનું નામ "સાંખ્ય" છે અને ત્યાં વસનારાઓ પણ "સાંખ્ય" ગણાય છે.

ચોથા નગરનું નામ "બૌદ્ધપુર" છે અને અહીંના વાસીઓ "બૌદ્ધ" ગણાય છે.

પાંચમા નગરનું નામ "મીમાંસક" છે અને તેની અંદર વસનારા "મિમાંસકો" તરીકે પ્રસિદ્ધ છે.

છઠ્ઠા નગરને "લોકાયત" નામ આપેલું છે અને ત્યાંના લોકોને "બાર્હસ્પત્યા" અર્થાત્ "નાસ્તિક" કહેવાય છે.

આ છ નગરોની અંદર વસનારા પ્રાણીઓ મિથ્યાદર્શન-મંત્રીની આજ્ઞાને ઘણી રીતે માન આપતાં હોય છે. મિથ્યા-દર્શનને પ્રભુ તરિકે લેખે છે. એની કદંપોષી કરે છે.

પ્રકર્ષ—મામા ! વિશ્વમાં જે ષટ્દર્શન તરિકે પ્રસિદ્ધ બન્યા છે તેનું આપ સ્વરૂપ બતાવો છો કે એ સિવાય બીજું કાંઇ ઉપયોગી જણાવી રહ્યા છો ?

વિમર્શ—ભાઈ ! જરા ધીરા થા. તને બધું ધીરે ધીરે સ્પષ્ટ સમજાવું છું.

નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ અને લોકાયત એ પાંચ દર્શન છે, પણ મીમાંસક દર્શનની ગણનામાં નથી, એ નગર નવું સ્થપાણું છે.

જૈમિની નામના આચાર્યે જોયું કે લોકો અધર્મ તરફ વળી રહ્યાં છે, અયોગ્ય પ્રવૃત્તિઓ વધી રહી છે એટલે વેદોની રક્ષા કરવા માટે વેદ ઉપર મીંમાસા રચી એટલે મીમાંસકો કહેવાય છે પણ લોકો એને જુદા દર્શન તરીકે ગણતા નથી.

પ્રકર્ષ—જો આપ કહો તેમ હોય તો લોકો છ દર્શન કહે છે, એ છઠ્ઠું દર્શન કયાં આવેલું છે ?

લોકોત્તર જૈન દર્શન :

વિમર્શ—ભાઇ પ્રકર્ષ ! જે વિવેકપર્વત ઉપર આપણે ઉભા છીએ, એના ઉંચા અને નિર્મળ શિખર ઉપર એ છઠ્ઠું દર્શન આવેલું છે. ઉંચા શિખરનું નામ અપ્રમત્તત્વ છે. એના ઉપર " જૈનદર્શન " નામક નગર આવેલું છે.

આ નગરના નાગરિકોને " જૈનો " કહેવામાં આવે છે. અને આ નગર ઘણા શ્રેષ્ઠ ગુણો ધરાવતું હોવાથી બીજા નગરો કરતા ઉત્તમ અને અજેય ગણાય છે. મિથ્યાદર્શનમંત્રી વિગેરે આ જૈનોનુ કશું નુકશાન કરી શકતા નથી. પોતાની સત્તાનો અમલ કરી શકતા નથી.

અપ્રમત્ત શિખર ઉપરના " જૈનો "ને મિથ્યાદર્શન પીડા કરી શકતો નથી એટલે એ લોકો તત્વજ્ઞાન દ્વારા નિવૃતિ પુરીનો માર્ગ શોધી કાઢી મહામોહાદિ આંતર શત્રુઓનો સંપૂર્ણતઃ નાશ કરી " નિર્વૃતિમાં " પહોંચી જાય છે.

નૈયાયિક વિગેરે બીજા દર્શનકારો મિથ્યાત્વને આધીન બનેલા સન્માર્ગને જોઈ શકતા નથી અને પામી પણ શકતા

નથી. એટલા ખાતર એ લોકોને નિર્વૃતિનગરીમાં પહોંચવાનું શકય બનતું નથી.

મેં તને સંક્ષેપમાં નૈયાયિક વિગેરે મિથ્યાદર્શનને આધીન બતાવ્યા. વાસ્તવિકતાએ એની સંખ્યા ગણનાતીત છે. દર્શનોમાં અવાંતર ભેદો, પ્રભેદો, શાખાઓ, પ્રશાખાઓ, વિરોધિઓ અનુયાયીઓ વિગેરે ઘણાં ફાંટાઓ છે. એક બીજામાં અસમાનતા પણ ઘણી છે.

પ્રકર્ષ—મામા ! આપની કૃપાથી મેં ભવચક્રનગર જોયું. આંતર રાજાઓ અને એમની શક્તિ, સત્તા અને વૈભવનો પણ ખ્યાલ આવ્યો. પરન્તુ આપણે જે કાર્યને અનુલક્ષી નિકળેલા એ કાર્ય વિસારે પડયું. આપણું ધ્યાન આ જાણવા અને સમજવામાં રોકાઇ ગયું.

ખેર ! પણ મામા ! આ તરફ આપણે મહામોહાદિનો સર્વથા નાશ કરનારા મહાત્માઓના અને "સંતોષ" રાજાના દર્શને નિકળેલા. અહીં આવ્યા છતાં જોયાં નથી. તો મામા ! આપ કૃપા કરી એમના દર્શન કરાવો.



પ્રકરણ અગ્યારમું

જૈનનગર અવલોકન

પ્રકર્ષે મામાની આગળ મહામોહાદિનો પરાભવ કરનારા મહાત્માઓના અને સંતોષમહારાજાના દર્શનની માગણી કરી, એટલે મામાએ જણાવ્યું; ભાઇ ! આપણે જે પર્વત ઉપર ઉભા છીએ એના જ ઉપર આગળ વધીએ એટલે શિખરે પહોંચશું. જ્યાંથી તને જૈનપુર અને મહાત્માઓના દર્શન થશે. સંતોષ મહારાજાના પણ ત્યાં જ દર્શન થશે.

ભાણા ! ચાલો આપણે ત્યાં જઇએ. તને સાક્ષાત્ એ સૌના દર્શન થાય અને તારી જિજ્ઞાસાની તૃપ્તિ થાય.

સારૂ મામા ! ચાલો.

બન્ને જણા ચાલતાં ચાલતાં એ નગરે પહોંચી ગયા અને મૂળગુણો અને ઉત્તરગુણોના સ્થાનભૂત સાધુપુરૂષોને જોયા.

મામાએ કહ્યું, ભાણા ! જે મહાત્માઓએ મહામોહાદિ આંતરશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, તે બધા આ રહ્યા. તું એમના દર્શન કર અને પવિત્ર થા.

આ મહાત્માપુરૂષોની ચિત્તવૃત્તિ અટવી અતિ નિર્મળ છે. અપ્રમત્તતા એ અટવીની નિર્મળતાનું કારણ છે અને તેથી જ આ અટવી આકર્ષક અને આદરણીય થઈ પડી છે.

નિર્મળ હૃદયવાળા આ મહાત્માઓ ગમે તેટલો લાંબો કાળ અહીં ગાળે છતાં મહામોહાદિ એમનું કાંઇ બગાડી શકતા નથી. જળ અને કાદવ દ્વારા ઉત્પન્ન થયા છતાં કમળો બન્નેથી અલિપ્ત હોય છે, તેમ મહાત્માઓ ભોગજલ અને પાપપંકથી પર હોય છે.

ભાઇ ! આ કલ્યાણકર મહાત્માઓના દર્શન દ્વારા તું તારા નયનોની સફળતા કર. આ સાધુભગવંતો પાપરહિત છે અને આત્મહિતની સાધના કરતા પરહિત પણ ઘણું કરતા હોય છે.

મામા ! આપે મને પતિતપાવન પુણ્યમૂર્તિ સમા સાધુ ભગવંતના સુદર્શનથી ધન્ય બનાવ્યો છે. આ રીતે આપે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. મારું જીવન ધન્ય બન્યું. મારું હૃદય પવિત્ર બન્યું.

મહારાજા શ્રી સંતોષ :

મામા ! આપ પહેલાં જે મહાગુણી પુરૂષના ભારોભાર વખાણ કરતા હતા, એ સંતોષ મહારાજના હજુ સુધી દર્શન કેમ ન થયા ? એ કયાં બિરાજતા હશે ?

વિમર્શ—સૌમ્ય ! સામે નજર કર જોઇએ. ત્યાં વિશાળ મંડપ દેખાય છે ને ? એ મંડપનું નામ " ચિત્તસમાધાન " છે. એમાં ઉજવળતા ઘણા પ્રમાણમાં છે. વાતાવરણમાં સૌમ્યતા અને આનંદ છે. શ્રી સંતોષ મહારાજા જરૂર ત્યાં હશે. આપણે એ વિશાળ " ચિત્તસમાધાન " મંડપમાં જઇએ જેથી તારી મનોકામના પૂર્ણ થાય.

જેવી આપની ઇચ્છા, એમ પ્રકર્ષે કહ્યું એટલે બન્ને જણા પોતાના હૃદયની પવિત્રતા અને વિશદતા સાથે એ "ચિત્તસમાધાન" મંડપમાં પહોંચી ગયા. યોગ્ય જગ્યા શોધી બન્ને જણા ત્યાં આરામથી બેઠા.

આ મંડપના મધ્યભાગે એક બેઠક બનાવવામાં આવેલી હતી. એના મધ્યભાગે ઉંચું અને મનોહર સિંહાસન ગોઠવેલું હતું. એ સિંહાસન ઉપર બિરાજી રહેલા ચાર મુખારવિંદવાળા મહારાજશ્રીને પ્રકર્ષે જોયા.

જોતાંની સાથે હર્ષના લીધે પ્રકર્ષ ઉછળી પડ્યો અને મામા ભણી બોલ્યો, અરે મામા ! આવા મહાયશસ્વી, તેજસ્વી, આજ્ઞાનબાહુ જેના રાજા છે એવા જૈનપુરને ધન્ય છે. આવા પુણ્યમૂર્તિ સ્વામી જેના છે, એ ધન્યવાદને પાત્ર છે.

મામા ! આવું મહાસુંદરતમ નગર આપે વર્ણન કરેલા, દોષો અને દુઃખોથી ભરેલા ભવચક્રનગરમાં આવેલું છે ? વિવેક પર્વત ઉપર છે છતાં એની ગણના ભવચક્રમાં ગણાય ખરી ?

વિમર્શ—વત્સ ! વાસ્તવિકતાએ એ ભવચક્રનગરની સીમા બહારનું એ નગર છે. છતાં વિદ્વાન્ પુરૂષો વ્યવહારથી કે ઉપચારથી ભવચક્રનગરના અવાંતરનગરમાં એને ગણે છે.

સાત્ત્વિકમાનસ નગર વિગેરે :

"સાત્ત્વિકમાનસ" નગર ચિત્તવૃત્તિ અટવીની મધ્યમાં આવેલ છે, અને એ નગરની મધ્યમાં આ વિવેકપર્વત આવેલો છે. ભવચક્રમાં સાત્ત્વિકમાનસ નગર અને એની મધ્યમાં વિવેકગિરિ છે. એ રીતે ભવચક્રમાં પણ ગણી શકાય.

ભવચક્રના ભયાનક દુઃખો અને ત્રાસોથી અહીંના જૈનો પર હોય છે. મોહાદિ પોતાની સત્તા અજમાવી શકતા નથી એટલે ભવચક્રથી બહાર પણ ગણાય.

પ્રકર્ષ—જુવો મામા ! આપ જણાવો એ રીતે આ બધું તંત્ર હોય તો "સાત્ત્વિકમાનસ" નગર એની સેવા કરનારા બાહ્યજનો, વિવેક નામનો પર્વત, અપ્રમત્તત્વ શિખર, જૈનપુર અને ત્યાંના જૈનનાગરિકો, ચિત્તસમાધાન મંડપ, એના મધ્ય-ભાગે આવેલી વેદિકા અને સુંદર સિંહાસન, અહિંના રાજાધિરાજ અને એમના હાથ નીચેના રાજવીઓ, પરિવાર વિગેરે સર્વ બાબતો મારા માટે નવીન છે, તો આપે મને વિગતવાર જણાવવી જોઇએ. આપ કૃપા કરીને જણાવશો એવી આશા રાખું છું.

વિમર્શ દ્વારા સમાધાનો :

ભાઈ પ્રકર્ષ ! આ નગરનું નામ "સાત્ત્વિકમાનસ" છે. એ નગર અંતરંગ રત્નોની ખાણ ગણાય છે. વિશ્વમાં જે જે સાત્ત્વિક અને નિર્મળ ગુણો ગણાય છે, તે બધાં આ નગર-માંથી ઉત્પન્ન થતા હોય છે.

ગુણરત્નનો સમુહ આ નગરમાં હોવાથી કર્મપરિણામ મહારાજાએ આ નગર મહામોહાદિરાજાઓને આપ્યું નથી. જોવા માટે નહિ અને ભોગવટા કે પટા ઉપર પણ આપતાં નથી. સદા માટે પોતાનો જ કબજો-સત્તા રાખે છે.

બધી સત્તા પોતે બજાવી ન શકે એટલે પોતે એના વિભાગો પાડી બીજા સારા માણસોને એ સત્તા આપી એના હાથ નીચે નગર રાખે છે. "શુભાશય" વિગેરે ગુણશીલ

આત્માઓ દેખરેખ રાખતા હોય છે. શુભાશય વિગેરે આ જૈનપુર વિગેરેના શ્રેષ્ઠ રાજાઓ ગણાય છે.

જૈનપુર સાત્ત્વિકમાનસનગર, નિર્મળચિત્ત વિગેરે અહીં આવેલા નગરો જ વિશ્વમાં સારામાં સારા ગણાય છે. એ સિવાયના નગરો અસાર અને દુઃખદાયી છે.

વળી આ નગરમાં જે લોકો રહેતા હોય છે, એમનામાં ધીરતા, વીરતા, ગંભીરતા, ઉદારતા, સદાચાર, સદ્વિચાર, ઇચ્છાનિરોધ, વિગેરે ગુણો અવશ્ય ઝળહળતા હોય છે.

નિર્મળચિત્તનગર વિગેરેના લોકો આ વિવેકપર્વત ઉપર આરોહણ કરી, જૈનપુરમાં આવી સર્વ કલ્યાણમાળાને પામતા હોય છે. અકલ્યાણ એમની સામે તાકી શકતું નથી.

જે લોકો વિવેકગિરિ ઉપર આવ્યા નથી અને જૈનપુરને જોયું નથી ત્યાં સુધી જ એમની ભવચક્રમાં સુખની બુદ્ધિ રહે. પણ જૈનપુર જોયા પછી ભવચક્ર તરફ નફરત જાગી જાય છે.

મહાપ્રભાવશાલી આ મહાન વિવેકગિરિ ઉપર આરોહણ કર્યા પછી ભવચક્રનગર હથેળીમાં રહેલી વસ્તુની જેમ સ્પષ્ટ દેખાય. ત્યાંના કલેશો અને કલેશો ભોગવતા મનુષ્યો સ્પષ્ટ જાણી શકાય.

ભવચક્રના વૈરાગ્ય જગાડનારા વિવિધ દૃષ્ટાન્તો, દુઃખની અધિકતાઓ, પ્રાણીઓની યાતનાઓ, રોગ, શોક, ઉપાધિ આ બધું નિહાળી જૈનપુરના લોકો વૈરાગી બની જાય છે અને એથી જ એ સુખી બને છે.

આ વિવેકગિરિ સર્વ રીતે સુખનું કારણ છે. અહીં મહા-મોહાદિ આવી શકતા નથી, તેથી દુઃખ પણ ફરકી શકતું નથી. જો કદાચ મહામોહાદિ આવી ચડે તો એવી એમની દુર્દશા કરવામાં આવે છે કે એ બીજી વાર અહીં આવવાનું નામ પણ લેતા નથી. એ ભૂલી જાય છે.

આ રીતે જૈનપુર એ કલ્પવૃક્ષ કરતાં શ્રેષ્ઠ, ચિંતામણિરત્ન કરતા અધિક, કામકુંભ કરતાં કિંમતી છે. મંદભાગી આત્મા-ઓને અપ્રાપ્ય છે. પુણ્યના ભંડારો ભરાય ત્યારે આ નગર મેળવી શકાય છે.

કેટલાક લોકો સાત્ત્વિકમાનસ નગર મેળવી લે છે, છતાં પ્રમાદ, વિષય, વિકથામાં પડી આ ગિરિવર વિવેક ઉપર આરોહણ કરતાં નથી.

કેટલાક આત્માઓ ઘણો પરિશ્રમ કરી વિવેક પર્વત ઉપર ચડવાની શરૂઆત કરે છે પણ એના શિખર ઉપર પહોંચતા નથી. પુણ્યના જોરે શિખર ઉપર પહોંચી જાય છતાં એ જૈનપુરમાં પ્રવેશી શકતા નથી.

ભાઈ પ્રકર્ષ ! વ્રતોમાં બ્રહ્મચર્યનું પાલન અતિદુષ્કર છે એમ આ જૈનપુરની પ્રાપ્તિ અતિદુષ્કર છે. એ કાંઇ સરલતાથી મળી જાય એમ નથી. અથાગ અને અવિરત પુરૂષાર્થ હોય તો જ પ્રાપ્ત થાય.

નિર્મળ હૃદયી જે સાધુ મહાત્માઓ આ નગરમાં વસે છે, એમને કોઈ જાતની મનોવ્યથા હોતી નથી, એમનું હૃદય શાંત, સ્વસ્થ અને પવિત્ર હોય છે. અપવિત્ર વિચારો,

અપ્રશસ્ત મોહ, વિષયની વાસના એમને પીડા આપી સતાવી શકતી નથી. શ્રેષ્ઠ ધર્મરાગ સંબંધી મહામોહાદિ પ્રશસ્તભાવ જરૂર હોઇ શકે છે.

ચિત્તસમાધાન મંડપ આદિ :

વરાનન પ્રકર્ષ ! જ્યાં મહામહિપતિ રાજાધિરાજ બીરાજમાન થાય છે અને એનો પરિવાર પણ જ્યાં વિરામ કરે છે એ મંડપની શોભા તને હું શું જણાવું ? એની અપૂર્વતાનું કઇ રીતે વર્ણન કરું ?

ભાઇ ! અનેકવિધ ત્રાસથી સંતપ્ત હૃદયવાલા પ્રાણીઓનું હૃદય આ ચિત્તસમાધાન મંડપ સિવાય કયાંય શાંતિ મેળવી શકે એ સંભવ નથી. આ મંડપની છાયામાં આવતાં જ હૃદયના તાપ શમી જાય છે. સમતાની સમતુલા વૃત્તિનો વિકાસ થવા લાગે છે અને આનંદની ઝાંખી જણાય છે. શાંતિના ચાહકોએ આ મંડપમાં આવી શાંતિ મેળવવી જોઇએ.

પ્રકર્ષ ! આ વેદિકા તરફ ધ્યાન દે. આનું નામ "નિષ્પૃહતા" છે. સંપત્તિ માનવીનું ક્ષણવારમાં દારિદ્ર દૂર કરી નાખે તેમ નિષ્પૃહતા ભોગલાલસાને અને આસક્તિને ક્ષણભરમાં છિન્નભિન્ન કરી નાખે છે.

આ વરવેદિકાની જેના મનોમંદિરમાં સુસ્થાપના થઈ ગઇ હોય તેને ઇંદ્રો, દેવો, રાજાઓ કોઇ આકર્ષી શકતા નથી. દેવેન્દ્રો નરેન્દ્રોની એને મન કાંઇ વધુ કિંમત હોતી નથી. કોઇની ઝંખના હોતી નથી.

વત્સ ! તું સિંહાસનને જો. "જીવવીર્ય" નામથી એનું

ઉદ્બોધન થાય છે. એ મહાપ્રભાવશીલ છે. એના ઉપર આરૂઢ થયા પછી જ રાજા પોતાના પરિવાર સાથે શાસન સારી રીતે ચલાવી શકે છે. આ છે આ સિંહાસનની અદ્ભુતતા.

જો જીવવીર્ય નામનું મહાસમર્થ અને અપૂર્વ શક્તિપ્રદ સિંહાસન ન હોત તો મહામોહાદિ મોરચો માંડી શકે અને આ રાજવી પોતાની સમૃદ્ધિ સાથે બાલસા થઇ જાય. પણ અપૂર્વ સિદ્ધિદાયક સિંહાસન દ્વારા મહામોહાદિનું જોર જામતું નથી અને વર્ચસ્વ વધતું નથી. સિંહાસનના પ્રતાપે મહામોહ હીણો અને વામણો બની જાય છે.

ભદ્ર ! આ રીતે સંક્ષેપમાં સાત્ત્વિકમાનસપુર, ત્યાંના નાગરીકો, વિવેક પર્વત, અપ્રમત્ત શિખર, જૈનપુર, જૈનો, ચિત્તસમાધાન મંડપ, નિષ્પૃહતા વેદિકા, જીવવીર્ય સિંહાસન વિગેરેનું વર્ણન જણાવ્યું છે. તું શાણો છે એટલે સમજી ગયો હોઇશ.

પ્રકર્ષ ! હવે તને અહીંના મહારાજા, એમનું મંત્રીમંડળ, સહ્યો, પરિવાર, મિત્રો વિગેરેનો પરિચય આપું છું, તે તું સાંભળ.

આ વખતે પ્રકર્ષ મામાએ કહેલી વાતોનું રહસ્ય વિચારે છે. એનામાં પોતાની બુદ્ધિ પ્રમાણે વાતોના રહસ્યને સમજી લેવાનું સામર્થ્ય છે. એટલે મનોમન નિર્ણય કરે છે.

અકામનિર્જરાની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ આત્માનો જ્ઞાન વિનાનો અપૂર્વ વીર્યોલ્લાસ એને જ "સાત્ત્વિકમાનસપુર" કહેવામાં આવતું હશે. નદીના પથરા અથડાતા કુટાતા ગોળ

મટોળ થઇ જાય છે એમ આત્માના કેટલાક કર્મો ખરી પડે છે પણ હજુ સમ્યક્‌જ્ઞાન હોતું નથી. છતાં કર્મો હળવા થવાથી માનસ સાત્ત્વિક ગુણોવાળું બની જાય છે.

સાત્ત્વિકમાનસપુરના સાત્ત્વિક નાગરીકો સાત્ત્વિક માનસથી કલ્યાણ અને સુખ અનેક રીતે પામે છે. વળી સાત્ત્વિક બુદ્ધિ થવાથી આત્મા અને શરીર ભિન્ન છે, એમ સમજી શકે છે. પુત્ર, પત્ની, વૈભવ સંપત્તિ એ બધું પરદ્રવ્ય છે. આત્મા એ બધાથી જુદો છે. આવી બુદ્ધિને જ "વિવેક" કહેવાય છે.

વિવેકનો મનોમંદિરમાં વાસ થવાથી દોષો ઓછા થવા લાગે છે. આત્મામાં નિર્મળ ભાવો વધતા જાય છે. કષાયો પાતળા બનતા જાય છે. પરિણામે આત્મામાં અપ્રમત્તતા આવે છે, એ અપ્રમત્તતાને શિખર ગણ્યું હોય એમ લાગે છે.

અપ્રમત્તતા દ્વારા જૈનપુરમાં જવાય છે એટલે એ જૈન-શાસનને પામે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ રૂપ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ એ જૈનો ગણાવ્યા છે.

એ જૈનપુરમાં ચિત્તસમાધાન મંડપ, નિષ્પૃહતા વેદિકા અને જીવવીર્ય સિંહાસન એ ત્રણે નામ જેવા ગુણોવાળા છે. એ યથાર્થ નામક વસ્તુઓ છે. આ જાતનો વિચાર પ્રકર્ષ મનોમન કરે છે અને પ્રસન્ન થાય છે.

મામા ! મને પરિવાર સાથે મહારાજાનું વર્ણન સંભળાવો.

ચારિત્ર ધર્મરાજ :

વત્સ પ્રકર્ષ ! આ સામે સિંહાસન ઉપર બિરાજમાન શ્રી ચારિત્રધર્મરાજ છે. વિશ્વમાં સૌને સુખ આપનારો છે. એના

ગુણો ગણી શકાય એમ નથી. પવિત્રતાની મૂર્તિ છે, આનંદનું ઝરણું છે, સમતાની સરીતા છે.

શ્રી ચારિત્રધર્મરાજ ચતુર્મુખ છે. એ ચાર મુખોને દાન, શીયળ, તપ અને ભાવ કહેવામાં આવે છે. એ ચારે મુખોના ગુણો તને જણાવું છું.

૧. **દાનમુખ :** પ્રથમ મુખ એ જ્ઞાન આપે છે જેથી લોકો મહામોહનું સ્વરૂપ અને ફસાવવાની રીતભાતો સમજી પોતાનો બચાવ અને એનો નાશ કરવાની યુક્તિઓ શોધી શકે છે. વળી સૌને મનગમતું "અભય" આપે છે તેમજ સુપાત્રોને વસ્ત્ર, આહાર, જીવનોપયોગી વસ્તુઓ અપાવે છે. યોગ્ય વસ્તુને જ આપવાનું આ મુખ જણાવે છે.

૨. **શીલમુખ :** આ મુખ સાધુ પુરૂષોને સંયમની સુમર્યાદામાં રહેવાનું જણાવે છે, તે અઢાર હજાર નિયમો જણાવે છે. "અઢાર હજાર શીલાંગરથ" એમ નિયમોની વિશિષ્ટ સંજ્ઞા પણ છે. એના પાલન દ્વારા સાધુઓ મોક્ષ-નગરને પામે છે. સાધુ વિનાના લોકો પણ યથાશક્ય નિયમોનું પાલન કરી સુખના ભોગી બને છે.

૩. **તપમુખ :** આ ત્રીજા મુખનું નામ "તપ" છે. એ પ્રાણીઓને આશા, તૃષ્ણા અને વાસના રાખવાનું ના કહે છે. એના કહેલા વચનોને પાળવાથી પ્રાણી ઘણો સુખી થાય છે. એ કોઇનો દબાએલો રહેતો નથી. કોઇની પાસે આશાથી યાચના કરવાનું કે મોઢા જોવાનું રહેતું નથી. એના બાર પ્રકારો છે. અને તપની આરાધનાથી અનેક લબ્ધિઓ અને વિદ્યાઓ પ્રાપ્ત થાય છે.

૪. **ભાવમુખ :** આ ચોથું મુખ ઘણું શ્રેષ્ઠ છે. એના દ્વારા બાર ભાવનાઓનો પ્રસાર થયા કરે છે અને અનિત્ય, અશરણ વિગેરે ભાવનાઓ તેમજ મૈત્ર્યાદિ ભાવના દ્વારા પ્રાણીઓ પોતાના હૃદયોને શુદ્ધ બનાવે છે. સંપૂર્ણ શુદ્ધ થયેલા તેઓ નિર્વૃત્તિનગરીમાં જાય છે. ભવચક્રના નાશ માટે ભાવમુખ ચક્રરત્ન જેવું વિશિષ્ટ શક્તિપુંજ સમુ છે.

મહારાજાશ્રી ચારિત્રધર્મ આ ચાર મુખો દ્વારા જૈનપુરમાં રહેનારા નાગરીકોને કર્તવ્યાકર્તવ્યનું ભાન કરાવે છે અને કર્તવ્યના પાલનમાં ઉત્સાહ અને અકર્તવ્ય કરતા નિવારવાનો ઉપાય જણાવે છે. આ રીતે ચારિત્રધર્મરાજ સૌને આનંદને દેનારા છે, સુખને આપનારા છે.

મહારાણી વિરતિ :

ભાઈ પ્રકર્ષ ! રાજ્યસિંહાસનના અર્ધ ભાગમાં બિરાજી રહેલા સ્ફટિક જેવા શુદ્ધ કાંતિવાળા અને નિર્મળ અંતઃકરણવાળા જે નારી દેખાય છે તે શ્રી વિરતિદેવી છે, એ મહારાજા શ્રી ચારિત્રધર્મરાજને અતિપ્રિય છે. મૃગનયના એ મહારાણીમાં પણ શ્રી મહારાજા જેવા જ ઉત્તમ ગુણો રહેલા છે. ગુણીયલતા અને નિર્મળતાને કારણે પતિવલ્લભા એ બની છે.

પાંચ મિત્રો :

વહાલા પ્રકર્ષ ! રાજાશ્રીની નિકટમાં બેઠેલા પેલા પાંચ માનવી દેખાય છે, તે એમના પ્રિય મિત્રો છે.

૧. પહેલા મિત્રનું નામ "સામાયિક" છે. તે જૈનપુરના માનવીઓને નિરંતર પાપોથી અટકાવ્યા કરતો હોય છે.

૨. બીજા મિત્રનું નામ "છેદોપસ્થાપન" છે. તે પાપોનો વધુ પડતો છેદ કરવાનું કાર્ય કરે છે.

૩. ત્રીજા મિત્રનું નામ "પરિહાર વિશુદ્ધિ" છે. એ મિત્ર આત્મોત્થાનમાં આગળ વધેલા સાધુઓને વિશિષ્ટ કોટીના અઢાર માસના તપવિધાનને બતાવે છે.

૪. ચોથો મિત્ર "સૂક્ષ્મસંપરાય" નામનો છે. એ મળતાં પહેલા આત્માના સ્થૂલ કષાયભાવો નષ્ટ થઇ ગયા હોય છે.

૫. પાંચમો મિત્ર "યથાખ્યાત" કહેવાય છે. તે ઘણો જ નિર્મળ અને ઓજસ્વી છે. સર્વપાપોનો સર્વનાશ એ કરે છે.[૧]

યુવરાજ શ્રી યતિધર્મ :

ભાણા ! મહારાજા શ્રી ચારિત્રધર્મની નજીકમાં બેઠેલા દેખાય છે, તે યુવરાજ શ્રી "યતિધર્મ" છે. એના મુખ ઉપર રાજતેજ દેખાઈ રહ્યું છે, રાજ્યગાદીનો એ વારસદાર છે. પરમ આનંદને આપવામાં એ સમર્થ છે. બહારના વિભાગમાં તે મુનિમહાત્માઓને જોયેલા છે, એ મુનિમહાત્માઓને આ યુવરાજ અતિપ્રિય થઇ ગયો છે. તેઓ યુવરાજની સેવા કરવામાં આનંદ માનતા હોય છે.

યુવરાજ યતિધર્મની સમીપમાં એના પોતાના જ અંગભૂત દસ વ્યક્તિયો બેઠેલા છે, તેઓના નામ અને કાર્ય તને ટૂંકમાં જણાવું છું.

---

૧ સામાયિક છેદોપસ્થાપન વિગેરે પાંચના સ્વરૂપ માટે તત્ત્વાર્થ સૂત્ર જુવો અથવા ગુરૂગમથી જાણો.

૧ ક્ષમા–કોપની શાંતિને કરે છે.

૨ માર્દવ–સાધુઓમાં નમ્રતાનો ગુણ આપે છે.

૩ આર્જવ–સાધુને સરલતાનો ગુણ શીખવે છે.

૪ મુક્તતા–આશા અને તૃષ્ણાનો છેદ ઉડાડે છે.

૫ તપ–વિવિધ પ્રકારના તપની શિક્ષા આપે છે.

૬ સંયમ–ઇંદ્રિયોના દાસત્વથી મુક્ત કરાવે છે.

૭ સત્ય–હિત–મીત અને પ્રિય બોલતા શીખવે છે.

૮ શૌચ–અંતર પવિત્રતાનું જ્ઞાન આપે છે.

૯ આકિંચનતા–પરિગ્રહના ગ્રહથી દૂર રાખે છે.

૧૦ બ્રહ્મચર્ય–આત્મરમણતાનો ઉમદા પાઠ શીખવે છે.

યુવરાજ પત્ની :

યુવરાજ શ્રી યતિધર્મના અર્દ્ધાસનને શોભાવનારી નારીનું નામ "સદ્ભાવસારતા" અને એ શ્રી યતિધર્મ યુવરાજની પ્રિયતમા છે. ચંદ્ર અને ચાંદનીને પરસ્પર પ્રેમ છે, એથી વિશેષ યતિધર્મ અને સદ્ભાવસારતાને પ્રેમ છે.

ભદ્ર ! આ દંપતીના પ્રેમનો જોટો જગતમાં ગોત્યો જડે તેમ નથી. અપૂર્વ અને શાશ્વત પ્રેમ એમના વચ્ચે છે.

ગૃહિધર્મ :

રાજસિંહાસન પાસે નાના કુંવર જેવો દેખાય છે તેને "ગૃહિધર્મ" કહેવાય છે અને એ યુવરાજશ્રી ચારિત્રધર્મનો નાનો ભાઈ છે. એ બાર પુરૂષોથી પરિવરેલો છે. જૈનપુરમાં ઘણો આનંદ આપે છે. એ બારના નામો અને કાર્યો તું સાંભળ.

૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ–સ્થૂલ પ્રાણીઓના પ્રાણ નાશ કરતાં અટકાવવાનું એ કાર્ય કરે છે.

૨. સ્થૂલ મૃષાવાદ વિરમણ–જેનાથી મહાહાનિ થાય એવું મોટું અસત્ય બોલવાની મનાઇ કરે છે.

૩. સ્થૂલ અદત્તાદાન વિરમણ–અન્યને આઘાત થાય એવી ચોરી કરતાં અટકાયત કરે છે.

૪. સ્થૂલ મૈથુન વિરમણ–સ્ત્રીઓ સાથે વધુ પડતી કામેચ્છાની અટકાયત કરી બ્રહ્મચર્ય પાળવા માટેની શક્તિ આપે છે.

૫. પરિગ્રહ પરિમાણ–જીવન જરૂરીયાતના ઉપયોગી સાધનોની મર્યાદા કરવાની અતુલ પ્રેરણા આપે છે.

૬. દિશિ પરિમાણ–ચારે દિશાઓમાં રખડી કર્મ બંધન કરતા આત્માને ગમનાગમનની મર્યાદા ઉપર સ્થિર કરે છે.

૭. ભોગોપભોગ પરિમાણ–ભોગ અને ઉપભોગની સાધન સામગ્રીમાં અંકુશ લાવી નિયંત્રણ લાવે છે.

૮. અનર્થદંડ વિરમણ–જે સાધનો દ્વારા પોતાના આત્માને કે શરીરને કાંઇ લાભ ન થતો હોય તેવી વસ્તુને વાપરતાં અટકાવે છે.

૯ સામાયિક–સમતાભાવની કેળવણી આપે છે અને સમતાના સુખનું ભાન કરાવે છે.

૧૦. દેશાવગાસિક–દિવસના મોટા ભાગમાં સામાયિકનું મન કરાવી, સંસારના કાર્યનો અલ્પ અવકાશ રાખે છે.

૧૧. પોષધ–દિન અને રાતદિનની મર્યાદાવાળું સામયિક. આત્મને પોષણ આપે તે પૌષધ કહેવાય.

૧૨. અતિથિ સંવિભાગ–સાધુ અને સાધ્વીજી મહારાજાઓને અશન, ઉપધિ વિગેરે આપવાની પ્રેરણા આપે છે.

આ રીતે યુવરાજશ્રીના લઘુબંધુ પોતાના બાર માનવ પરિવાર સાથે જૈનપુરના લોકોનું કલ્યાણ કરે છે. જે જૈનો એ ગૃહધર્મની જેટલી આજ્ઞા પાળે એટલું આત્મસુખ મેળવી શકે છે. આજ્ઞાપાલનમાં જે જાતનો ભાવ હોય એ રીતે ફળ મેળવી શકે છે.

ગૃહિધર્મકુમારની બાજુમાં વિપુલનયના અને શોભનશરીરા જે સુનારી બિરાજેલી દેખાય છે, એ ગૃહિધર્મકુમારના અર્ધાંગના છે. "સદ્ગુણરક્તતા" એમનું ગુણકારી નામ છે. એ ઘણી નમ્ર નારી છે. સાધુ મંડળ એના ઉપર ઘણો પ્રેમ રાખે છે. વડિલોના વિનયમાં એ કુશળતા મેળવી ચૂકેલી છે. પોતાના પ્રાણનાથ ઉપર નિખાલસ અને નિર્મળ નેહને રાખનારી છે.

આવી ગુણવતી સતી કોના સ્નેહને ન મેળવે ?

મહામાત્ય શ્રી સમ્યગ્દર્શન :

શ્રી ચારિત્રધર્મરાજની પાર્શ્વમાં રહેલા સિંહાસન ઉપર જે તેજસ્વી નર દેખાય છે, એ ચારિત્રધર્મરાજના વડાપ્રધાન છે, એમનું નામ "સમ્યગ્દર્શન" છે.

વડાપ્રધાન શ્રી સમ્યગ્દર્શન પ્રાણીઓને સુદેવ ઉપર દેવ-

બુદ્ધિ, સુગુરૂ ઉપર ગુરૂત્વબુદ્ધિ અને સુધર્મ ઉપર ધર્મ બુદ્ધિ સ્થિર કરાવે છે અને એ રીતે પ્રાણીઓની સુસેવા બજાવી મહામંત્રીના પદને સાર્થક કરે છે.

મહામોહ મહિપતિના સંપૂર્ણ રાજ્ય તંત્રને એમના મહામાત્ય મિથ્યાદર્શન ચલાવે છે, એમ ચારિત્રધર્મરાજના રાજ્યના મહાતંત્રને સુચારુ રૂપે મહામાત્ય શ્રી સમ્યગ્દર્શન ચલાવે છે.

યતિધર્મકુમાર અને ગૃહિધર્મકુમારની સુરક્ષા મહામંત્રી ઘણી સુંદર કરે છે એટલે મહારાજાએ એવો નિયમ બનાવ્યો કે બન્ને કુમારોએ મહામંત્રીની સાથેજ રહેવું, મહામંત્રી વિના ક્યાંય એક ડગલું ભરવું નહિ.

પ્રકર્ષ! તું જ્યાં આ બે કુમારોમાંથી એકને પણ જોઇશ ત્યાં મહામંત્રી સમ્યગ્દર્શન વિદ્યમાન હશે. એમની અનુપ-સ્થિતિમાં કુમારો રહી શકતા જ નથી.

મહામંત્રીની પાસે બેઠેલાં સરોજનયના, ગૌરાંગી અંગના છે, એ મહામંત્રીના અર્ધાંગના છે. એમનું નામ "સુદૃષ્ટિ" છે. આ ગૌરાંગ "સુદૃષ્ટિ" જે પ્રાણીના હૃદય સિંહાસન ઉપર પોતાનું સ્થાન મેળવી લે છે, એને જૈનપુર વિના બીજે ક્યાંય ગમતું નથી. ભવચક્ર ભયાનક દેખાવ દેતું લાગે છે. મુક્તિ તરફ મન ઢળી ગયું હોય છે.

મહામાત્ય એ સૈન્યના વડાસેનાધિપતિનું પણ પદ સંભાળે છે. રાજ્યની સુરક્ષાનો દોર પણ એમના હસ્તક છે.

સદ્‌બોધ મંત્રી :

સૌમ્ય ! મહામાત્યની સમીપમાં બેઠેલો જે નર દેખાય છે તે પણ અમાત્ય છે. ચારિત્રધર્મરાજના મંત્રીપદને સારી રીતે સંભાળે છે. એની બુદ્ધિ ઘણી વિશાળ છે. પોતાની બુદ્ધિથી જ વિશ્વના દરેક પદાર્થોનો નિર્ણય કરી શકે છે.

વિશ્વમાં એવો એકે પદાર્થ નથી કે જે આ સદ્‌બોધ ન જાણી શકતો હોય. એને વિશ્વ પણ હથેળીમાં દેખાય છે.

સદ્‌બોધની બાજુમાં જ જે રૂપવતી સ્ત્રી છે, એ એમના સુપત્ની છે, એમનું નામ "અવગતિ"[૧] છે. "અવગતિ" સદ્‌બોધને અત્યંત વહાલી છે. સદ્‌બોધ એને પોતાનું સ્વરૂપ, જીવન, પ્રાણો, શરીર, સર્વસ્વ માને છે. જે કાંઇ છે તે અવગતિમાં છે. ખૂબજ વાત્સલ્ય અને શ્રદ્ધા ધરાવે છે.

પાંચ મિત્રો :

સદ્‌બોધ મંત્રીની પાસે જે પાંચ મહાનુભાવો દેખાય છે તે મંત્રીના પ્રાણપ્રિય મિત્રો છે. શાણા અને કુશળ વ્યક્તિઓ છે.

૧. અભિનિબોધ : પ્રથમ મિત્ર છે; એ નગરવાસીઓને ઇંદ્રિયો અને મન દ્વારા જ્ઞાન ઉત્પન્ન કરાવે છે.

૨. સદ્‌આગમ : બીજો મિત્ર છે. વિશ્વના સર્વ પદાર્થોના રહસ્યને બીજાને સમજાવવામાં ઘણો ચતુર છે. જો આ મહાપુરૂષ વિદ્યમાન ન હોત તો જગતના સ્વરૂપને કોઇ સમજાવી

---

૧ અવગતિ : અવ=સર્વ અપેક્ષાએ. ગતિ=સમજવું.

ન શકત. સદાગમ સિવાયના ચારે મિત્રો મુંગા છે. પોતાનું સ્વરૂપ સમજી શકે પણ બીજાના સ્વરૂપને ન સમજાવી શકે.

૩. અવધિ : ત્રીજો મિત્ર છે. એ લાબું, ટુંકુ અને ઘણું, ઓછું વિગેરે રૂપોનું-રૂપી પદાર્થોનું દર્શન કરાવી આનંદ આપે છે.

૪. મનઃપર્યાય : ચોથો મિત્ર છે. સંજ્ઞીજીવોના મનોગત ભાવોને ખૂબ સુંદર રીતે દર્શન કરાવવાનું કાર્ય બજાવે છે.

૫. કેવળ : આ પાંચમો મિત્ર સર્વ શ્રેષ્ઠ છે. એ સર્વ લોકના સર્વ કાળના સર્વ પદાર્થોના સ્વરૂપને એક સાથે બતાવી શકે છે. એની શક્તિ અજોડ છે.

દિનપતિ સૂર્ય અંધકારના આવરણોને દૂર કરે તેમ સદ્‌બોધ મંત્રી પોતાના પાંચ મિત્રો સાથે જ્ઞાનસંવરણ રૂપ અંધકારને દૂર કરી જ્ઞાનનો અપૂર્વ પ્રકાશ પાથરે છે.

સંતોષ દર્શન :

પ્રકર્ષ—અરે મામા ! આપે શ્રી ચારિત્રરાજ અને એના પરિવારનું વર્ણન કર્યું તે સારૂં છે પણ જેની આકાંક્ષા હું કયારનો રાખી બેઠો એ સંતોષના તો આપે મને હજુ સુધી દર્શન કરાવ્યા નથી. સંતોષના દર્શન માટે હું ઘણો ઉત્સુક છું.

વિમર્શ—ભાઇ ! યતિધર્મ યુવરાજના આગળ બાર જણા દેખાય છે, એમાં છઠ્ઠા સ્થાને સંયમ છે. એ સંયમની આગળ જે એક સૈનીક જેવો વ્યક્તિ દેખાય છે એ પોતે જ "સંતોષ" છે.

પ્રકર્ષ—અરે મામા આ શું કહેા છેા ? જે સંતેાષે મહા-મેાહમહિપતિ વિગેરે સમર્થ રાજવીઓને હંફાવ્યા અને બધા સંતેાષને જ પેાતાને કટ્ટો વિરેાધી ગણે છે, તેા એ સંતેાષ કેાઇ મહારાજા નથી ?

વિમર્શ—ના ભાઇ ના. સંતેાષ તેા ચારિત્રધર્મરાજનેા એક સામાન્ય કક્ષાનેા સૈનીક છે, પરન્તુ એ ઘણેાજ શૂરવીર, નીતિમાન, બુદ્ધિશાળી, સંધી-વિગ્રહમાં કાબેલ, પુરૂષાર્થી છે, એટલે ચારિત્રધર્મ મહારાજાએ એને તંત્રપાલની જગ્યાએ નિમણુંક કરી છે.

લશ્કરી માણસેા અને યુદ્ધના સરંજામ સાથે સંતેાષ મનફાવતી રીતે ફરતેા હતેા, એવામાં એક વખત સ્પર્શન, રસન વિગેરેને જોયા. સામેા પડકાર ફેંકી એ લેાકેાના સકંજા-માંથી કેટલાક પ્રાણીઓને નિર્વૃત્તિ નગરીમાં ધકેલી દીધા છે.

સ્પર્શન વિગેરેનું જોર સંતેાષ પાસે ચાલતું નથી. મહા-મેાહાદિ રાજાઓ આ વાત સાંભળી ઉકળી ગયા અને યુદ્ધની ઝંખનાથી સરવરતા ચિત્તવૃત્તિ અટવીમાં યુદ્ધ માટે આવી પહેાંચ્યા છે.

સંતેાષ ચારિત્રધર્મરાજનેા સૈનીક છે, છતાં એની તાકાત અને પરાક્રમ જોઈ મહામેાહાદિ રાજાઓએ સંતેાષને જ પેાતાનેા પાકેા વિરેાધિ અને શત્રુસેનાનેા મહારાજા માની લીધેા છે.

લેાકેા તેા જુવે એવું બેાલે. સર્પનેા ઉદરભાગ શ્વેત હેાય

છે, છતાં એ કાળો નાગ કહેવાય છે, એમ સંતોષ રાજા નથી છતાં રાજા ગણાય છે.

પ્રકર્ષ ! ચિત્તવૃત્તિ અટવીમાં સંતોષ અને મહામોહાદિ રાજાઓનું યુદ્ધ અનેકવાર થઈ ગયું છે. છતાં જય-પરાજયનો નિર્ણય થયો નથી. કેટલીવાર સંતોષ એવો ત્રાસ વર્તાવે છે કે મહામોહની સેનાહરોળ ભાંગીને કકડા થઇ જાય છે, તો કેટલીવાર મહામોહ સંતોષના સૈનીકોમાં ભયંકર ગાબડું પાડી નાખે છે.

એક બીજાને જિતવાની ઇચ્છાથી આ બંને પક્ષોનું યુદ્ધ ચાલ્યા જ કરે છે. કોનો જય અને કોનો પરાજય થશે, એ એ નિશ્ચયાત્મક કહી શકાતું નથી.

ભદ્ર ! મેં તને તંત્રપાલ શ્રી સંતોષના દર્શન કરાવ્યા. તને જે માટે ઘણું મન થતું હતું તે વ્યક્તિને બરોબર જોયાને ? તારૂં આશ્ચર્ય શમ્યું ને ?

સંતોષને અડીને પંકજનયના બાળા દેખાય છે. એ સંતોષના પ્રિય પત્ની છે. " નિષ્પિપાસિતા " એનું નામ છે.

જગતમાં સ્પર્શાદિ જે સારા અને નઠારાં છે એમાં નિષ્પિપાસિતા સામ્ય રાખતા શીખવે છે. જય-પરાજય, લાભ, અલાભ, સુખ-દુઃખમાં મનોવૃત્તિઓમાં થતાં ખળભળાટને શમાવી દેવાનું કાર્ય બજાવે છે. નિષ્પિપાસિતા સમર્થ નારી છે.

વત્સ ! આ રીતે મેં તને ચારિત્રધર્મરાજ અને એના અંતરંગ પરિવારના તથા બાહ્યપરિવારના સભ્યોનો પરિચય કરાવ્યો છે.

પરન્તુ વેદિકાની બાજુમાં મંડપમાં રહેલા જે શુભાશય વિગેરે રાજાઓ દેખાય છે, તે ચારિત્રધર્મરાજના સૈનીકો જ છે. શુભાશય વિગેરે રાજાઓ ચારિત્રધર્મરાજની આજ્ઞાથી વિશ્વમાં જે કાંઇ સુંદર અને મનોહર જણાય છે તે બનાવે છે.

વિશ્વને જે સુખને આપનારા નરરત્નો, નારીરત્નો અને બાલરત્નો છે એ બધા પણ આ મંડપમાં વિદ્યમાન છે.

મહામોહ અને એમનો પરિવાર વિશ્વના મહાશત્રુ છે એમ ચારિત્રધર્મ અને એમનો પરિવાર વિશ્વના મહામિત્ર છે.

આ ચારિત્રધર્મરાજ અને એમનો પરિવાર સંસારસાગર પાર કરવા માટે સુરક્ષિત પુલનું કામ આપે છે અને અત્યંત સુખના સ્થાનરૂપ નિવૃત્તિ નગરીમાં પહોંચાડી આપે છે.

સંક્ષેપમાં આ સર્વનો પરિચય મેં તને કરાવ્યો છે. કોટિ જીભનો સ્વામી પણ આ સર્વનો પરિચય કરોડો વર્ષે પૂરો ન આપી શકે.

ભાઇ ! તારૂં કૌતુક પૂર્ણ થયું હોય, તારી ઉત્કંઠા શમી હોય તો હવે આપણે બહાર જઇએ.

પ્રકર્ષે સંમતિ આપી એટલે મામા ભાણેજ બહાર નિકળે છે, એ વખતે ચારિત્રધર્મરાજના ચતુરંગ સૈન્યને બારીકાઇથી નિરીક્ષણ કરતાં જાય છે.

એ ચતુરંગ સૈન્યમાં ગંભીરતા, ઉદારતા, શૂરવીરતા વિગેરે રથોની શ્રેણીઓ શોભી રહી હતી. યશસ્વીતા, શ્રેષ્ઠતા, વિશ્વાસ, સૌજન્યતા, ન્યાયપ્રિયતા વિગેરે હાથીની હારમાળા મનોહર

જણાતી હતી. બુદ્ધિવૈભવ, વાક્‌પટુતા, દાક્ષિણ્યતા, હૃદયવિશાળતા વિગેરે ઘોડાઓના હણહણાટો આનંદ ઉપજાવતાં હતાં અને અચાપલ્ય, વિદ્વત્ત્વ, ઉદાત્તત્વ વિગેરે શૂરવીર સૈનીકોની પંક્તિઓ અપાર હતી.

આ વિશાળ સાગર સમા ચતુરંગ સૈન્યને નિહાળતાં મામા ભાણેજ બહાર આવી જાય છે.

મામાનો અંતઃકરણથી આભાર :

મામા ! આપે તો મારા મનની સઘળી ઇચ્છાઓ પૂર્ણ કરી આપી છે. મારા અંગેઅંગમાં હર્ષ સમાતો નથી. જે કાંઈ જોવા જેવું હતું તે આપે મને બધું દેખાડી દીધું છે.

આપે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. જેટલો ઉપકાર માનું એટલો એ ઓછો જ ગણાશે. મામા ! આ નગરમાં કેટલાક દિવસ રહીએ અને આનંદ કરીએ એવી મને ઇચ્છા થાય છે.

આપે જે જે વિષયોમાં મને સમજાવ્યું છે, એ માટેનો હું વિચાર કરતો જાઉં. આપની કૃપાથી હું પણ પ્રાજ્ઞપુરૂષોની ગણનામાં આવી જઈશ.

મામાએ મને પરમ ઉચ્ચ શ્રેણીનો બનાવી દેવો જોઇએ, એટલા ખાતર મામાએ આ નગરમાં વસવાટ કરવો જોઇએ.

વિમર્શ—ભાણા ! જેવી તારી ઇચ્છા. પ્રેમાધીન બનેલો વ્યક્તિ કદી ઇચ્છાનો ભંગ કરે ? હું તારા વશમાં છું એટલે

તારા સુખમાં જ સહભાગી બનીશ. થોડો વખત હજુ અહીં રોકાઇ જઇશું. તારા જ્ઞાનમાં વધારો થાય એ મને તો ઘણું ઇષ્ટ છે.

પ્રકર્ષ—મામા ! આપની મહતી કૃપા.

મામા અને ભાણેજ બે માસ લગભગ જૈનપુરમાં વધુ રહી જાય છે. એક વર્ષની મુદત લઇને નિકળેલા તેથી વધુ ચિંતા આ બંનેને હતી નહિ.



પ્રકરણ બારમું

કાર્ય નિવેદન અને રસના સાથેનો વ્યવહાર.

વિમર્શ અને પ્રકર્ષ વિવેકગિરિ ઉપર વસેલા જૈનપુરમાં બે માસ રહ્યા. અનેક ગુણોનો જીવનમાં વિકાશ સાધ્યો. પ્રકર્ષે પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી. આ વખતે માનવાવાસ નગરમાં મહાદેવી શ્રી કાળપરિણતિની આજ્ઞાથી વસંતકાળ પૂરો થયો અને અત્યંત ઉષ્ણ ગ્રીષ્મકાળ આવી પહોંચ્યો.

ગ્રીષ્મ વર્ણન :

ગ્રીષ્મઋતુએ જગતને પોતાની ભીષણ ઉષ્ણતાનો કટુ પરિચય આપવો ચાલુ કર્યો એટલે ચંદ્ર, ચંદન અને શીતળ જળનું વાસ્તવિક મૂલ્યાંકન લોકો જાણી શક્યા. શીતળ વસ્તુની મહત્તાને પીછાણી શક્યા.

સૂર્યના ઉષ્ણ કિરણોના સંયોગથી ઉષ્ણ બનેલ પવન ફુંકાવા લાગ્યો. લુ સખ્ત વાવા લાગી. અદૃશ્ય અગ્નિજ્વાળા સમી લુ પ્રાણીઓના શરીરને શોષવી નાખતી હતી. આમ્રવૃક્ષોના ફળોને પકવી નાખતી હતી.

અગ્નિની મહાભઠ્ઠીમાં ધાતુનો ગોળો અગ્નિવર્ણો અને મહાદાહક બની જાય છે, તેમ આકાશ અને પૃથ્વીના વચ્ચે રહેલો સૂર્યનો અગ્નિપુંજ સમો ઉષ્ણ ગોળો ઉષ્ણતા વરસાવવા લાગ્યો. એ ઉષ્ણતાએ પ્રાણીઓને ત્રાસ ત્રાસ બોલાવી દીધો.

આ ઋતુમાં સાગરના પાણીમાં વધુ ભરતી આવવા લાગી અને દિવસનું પ્રમાણ વધવા લાગ્યું. નદી, નાળા અને જળાશયના જળ ઘટી ગયા, એમ રાત્રીઓ પણ નાની થવા લાગી.

ભીષણ ઉષ્ણતાથી માનવીના શરીરમાંથી પ્રસ્વેદની ધારાઓ વહેવા લાગી. તેથી આ માનવીનું શરીર ઉદ્યાનમાં આનંદ ખાતર ઉભા કરેલા કુવારાના સજીવ યંત્રપુરૂષ જેવી શોભા આપતું હતું.

માનવીને શેકી નાખે એવો ઉનાળો ચાલુ હતો ત્યાં વિમર્શે ભાણેજને કહ્યું, ચાલો આપણે દેશ તરફ પાછા ફરીએ.

પ્રકર્ષ—મામા ! આપ આ શું કહો છો ? જવા માટે આ સમય જરા પણ યોગ્ય જણાતો નથી. આવી ગર્મીમાં રસ્તા ઉપર હું પગ મૂકી શકું તેમ નથી, એટલે હું નહિ ચાલી શકું. આ દારૂણ અવસર આપણે અહીં જ પૂરો કરીએ. બે માસ અહીંયા જ રહી જઇ આ ઉનાળો પૂરો કરી દઇએ.

વર્ષાઋતુ આવશે અને માર્ગો શીતળ થશે એટલે આપણે દેશ તરફ રવાના થઇ જઈશું.

વિમર્શ—ભાઈ ! જેવી ઇચ્છા.

એમ જણાવ્યું અને ફરીથી વધુ બે માસ માટે જૈનપુરમાં રોકાઇ ગયા.

વર્ષાઋતુ વર્ણન :

ઉષ્ણઋતુની ઉષ્ણતાને કારણે કામીપુરૂષોના મુરઝાઇ ગએલા

કામાંકુરને પુનઃ પલ્લવિત કરી નવજીવન આપવા વાદળની ગર્જના અને મયૂરોના કેકારવની સાથે વર્ષાઋતુએ પોતાના કુમકુમ પગલા પૃથ્વી પર મૂક્યા.

ગર્જના અને અટ્ટહાસ્યદ્વારા ભય પમાડી કાજળ જેવો કાળો બીહામણો રાક્ષસ પોતાના અણીયાલા અને તીક્ષ્ણ દાંત રૂપ કરવતથી પ્રવાસીઓને મારી ભક્ષણ કરે છે. તેમ ગર્જના અને અટ્ટહાસ્ય દ્વારા ભયંકર બનેલો કાળવર્ણો ઘનઘોર મેઘ-રાક્ષસ વીજળીરૂપ દાંતો વડે પ્રવાસીઓના પ્રાણોને વિદારે છે. અર્થાત્ વિરહી યુગલોને મર્મભેદી વિરહવ્યથા ઉભી કરે છે.

ધનુર્ધારી પોતાના શત્રુ ઉપર બાણોનો વર્ષાદ વર્ષાવી મૂકે, તેમ ઘનઘોર મેઘે પણ આકાશમાં રંગરંગીન મેઘધનુષ બનાવી સ્વેચ્છાપૂર્વક જલધારારૂપ બાણોની વર્ષા કરી પૃથ્વીને જલબંબાકાર બનાવી દીધી.

મહાદાનેશ્વર દાતાર સુવર્ણરત્નના મહામૂલા દાન આપીને યાચકોના મનોરથને પૂર્ણ કરે, તેમ વર્ષાઋતુના વાદળ-દળોએ પણ અમૃતતુલ્ય જલનું દાન કરીને કુવા, તળાવ, સરોવર અને નદીઓ રૂપ યાચકોને પૂર્ણ છલોછલ કરી દીધાં.

શંકાશીલ અને અશુદ્ધિભર્યાં ગ્રંથો સમજવા ઘણાં મુશ્કેલ બની જાય છે, એ ગ્રંથોમાં સુગમતાથી પ્રવેશ થઇ શકતો નથી. એ રીતે વર્ષાના કારણે કાદવ અને કંટકથી વ્યાપ્ત બનેલા માર્ગો મુસાફરી માટે મુશ્કેલ બની ગયા. એ માર્ગો ઉપર સહેલાઇથી ગમનાગમન બંધ થઈ ગયું. વ્યાપારો સ્થગિત થયાં.

આ જાતના ચોમાસાના વર્ષાતાંડવને નીહાળી પ્રકર્ષે મામાને કહ્યું: મામા ! આપણે જલ્દીથી દેશમાં પહોંચી જઇએ અને પિતાજીને મળીએ. કારણ કે ચારે બાજુ ઘણી જ વર્ષા થઈ છે અને ધૂળ વિગેરે ઉનાળામાં ઉડતી હતી તે બંધ થઈ ગઈ છે. રસ્તાઓ પણ ઉજળા બન્યા હશે. ચાલો, જલ્દી જઇએ.

વિમર્શ—તું આ શું બોલે છે ? તને વર્ષાઋતુનાં માર્ગીય વ્યવહારોનું જ્ઞાન નથી લાગતું. ભાઇ ! હાલમાં તો યાતાયાત વ્યવહાર વિશેષરૂપે બંધ હોય છે. ગમનાગમનની શકયતા આ ઋતુમાં ઓછી હોય છે. કોઇ પ્રયાણાદિ કરે તો એને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

વત્સ ! અત્યારે માર્ગોમાં કાદવ ઘણો હોય, વર્ષા ચાલુ રહે તેથી કાદવનું શોષણ પણ ન થાય એટલે પ્રવાસ ઘણો જ દુર્ગમ ગણાય. વર્ષાઋતુમાં કોઈ પણ પ્રવાસીઓ પ્રવાસ ખેડતા નથી.

ભાણા ! આપણે આટલો સમય અહીંયા રહ્યા તો હજુ બે માસ વધુ રહી જઇએ. વળી અહીં રહેવામાં કોઈ દોષાપત્તિ નથી, માત્ર લાભ નયો મળે છે. અહીંના પ્રત્યેક ક્ષણો તારા હિતમાં છે. તને તો ઘણો જ લાભ છે.

"જેવી આપની આજ્ઞા." એ પ્રમાણે પ્રકર્ષે મામાને જણાવ્યું અને વધુ બે માસની સ્થિરતા જૈનપુરમાં કરી. વર્ષાઋતુ પૂર્ણ થયે મામા-ભાણેજે પ્રયાણ કર્યું અને પોતાના નગરે હર્ષપૂર્વક આવી પહોંચ્યા.

કાર્યનિવેદન :

આ વખતે શ્રી શુભોદય મહારાજા સભામાં બિરાજી રહ્યાં હતાં. મહારાણી નિજચારૂતા, પુત્ર વિચક્ષણકુમાર અને પુત્રવધુ બુદ્ધિદેવી વિગેરે પણ રાજસભામાં બિરાજેલા હતા.

વિમર્શે રાજસભામાં પ્રવેશ કરી શુભોદયરાજને વિનયપૂર્વક નમસ્કાર કર્યો, વિચક્ષણકુમારને ભેટી પડ્યા અને બહેન બુદ્ધિદેવીને સભ્યતાથી નમસ્કાર કર્યા. સૌએ આશીર્વાદ આપ્યા અને યોગ્ય સિંહાસન ઉપર પ્રેમથી બેસાડ્યો.

પ્રકર્ષ પણ રાજસભામાં મામા સાથે જ આવેલો. એણે શુભોદય દાદાને નમસ્કાર કર્યા. દાદાએ એને ખોળામાં લીધો અને પ્રેમથી ભેટી પડ્યા. મસ્તક સૂંઘી કુશળતા પૂછી. એ રીતે દાદી, પિતા, માતા સૌએ પ્રકર્ષને ખોળામાં બેસાડી આલિંગન કરી, મસ્તક સૂંઘી કુશળતા પૂછી સારે સ્થાને બેસાડ્યો.

વિમર્શની ખબરસાર પૂછી શુભોદયમહારાજાએ જે કાર્ય માટે ગએલા, એ કાર્યની સિદ્ધિ માટે પૂછયું.

વિમર્શે પ્રાપ્ત થએલી માહિતી આપતાં જણાવ્યું કે અમો અહીંથી નિકળી કેટલો કાળ બાહ્યપ્રદેશોમાં ફર્યા, ત્યાર પછી અંતરંગ પ્રદેશોમાં ગયા. ત્યાં રાજસચિત્ત નગર અને તામસચિત્ત નગર જોયાં. પછી ચિત્તવૃત્તિ અટવીમાં પડાવ નાખ્યો.

ચિત્તવૃત્તિ અટવીમાં મહામોહરાજા અને બીજા સાત રાજાઓના સિંહાસનો, પરિવાર, પર્ષદા વિગેરે જોયાં. રસનાની શોધ અમને ત્યાં થઇ, એ રાગકેશરી મહારાજાના વિષયાભિલાષ મંત્રીની પુત્રી થતી હતી.

ત્યાંથી અમો ભવચક્રનગરે કુતુહળથી ગયા. અને અનેક આશ્ચર્યકારી પ્રસંગો જોયા. વિવેકગિરિ પર્વતે જઇ મહાત્મા-પુરૂષોના દર્શન કરી જીવન સફળ કર્યું. ચારિત્રધર્મરાજ, સંતોષ અને એમના પરિવારને જોયાં. ત્યાંથી અહીં આપની સેવામાં હાજર થયા છીએ.

આ પ્રમાણે વિમર્શે સર્વ હકિકત વિસ્તારપૂર્વક કહી સંભળાવી.

રસના જડનો વ્યવહાર :

જડકુમાર લોલતાદાસીના કહેવા મુજબ જાતજાતના માંસ અને મદ્ય દ્વારા રસનાને ખૂશ કરતો હતો પણ એના પાપી પરિણામો કેવા આવશે એ તરફ જરાએ ધ્યાન આપતો ન હતો. કુળની આબરૂ અને નિંદાને પણ ગણકારતો ન હતો.

એક વખતે જડકુમારે ઘણો દારૂ પીધો, એથી એનું મગજ કાબુમાં ન રહ્યું વિવેક ખોઈ બેઠો. માંસ ખાવા માટે એક મોટા બકરાને કાપવા જાય છે પણ ઘેનમાં એને ભાન ન રહ્યું અને પશુપાલનો વધ કરી નાખ્યો. એનું માંસ કાઢી સુધારી-વઘારીને લોલતાના આદેશ મુજબ રસનાને ખાવા આપ્યું અને રસના એ વખતે ખૂબ હર્ષિત બની ગઇ. જડ પણ હરખઘેલો બની ગયો.

માનવમાંસનો સ્વાદ રસનાને ઘણો મધુર લાગ્યો, એથી લોલતાએ જડને પ્રેરણા આપી કે તું માનવમાંસ ખા.

લોલતાની આજ્ઞાથી માનવમાંસ ખાવા માનવહત્યાઓ કરવા લાગ્યો. રસનાને પ્રસન્ન કરવા લાગ્યો. લોકોમાં રાક્ષસ

તરીકે જાહેર થયો અને સૌનો વિરોધી બન્યો. સૌ એના શત્રુ બન્યા.

એક દિવસે માનવમાંસ ખાવાની ઇચ્છાથી અંધાર રાત્રીમાં ચોરની જેમ લપાતો લપાતો શૂર નામના ક્ષત્રીયના ઘરમાં ઘૂસ્યો. તેણે શૂરના છોકરાને ઉપાડ્યો અને કૂતરો પોતાનું ભક્ષ્ય મળી જાય એટલે ભાગવા લાગે તેમ જડ ભાગવા લાગ્યો.

શૂર એ વેળા જાગી ગયો અને પુત્ર ચોરતા જડને જોઇ કોલાહલ કરી મૂકયો. કુટુંબીઓ જાગી ગયા. શૂરે જડને પકડી પાડ્યો. સૌએ મળી ખૂબ જ માર્યો. શૂરે એને મુશ્કેટાટ બાંધી લાઠી લઇને ધીબી નાખ્યો અને જડ ત્યાંનો ત્યાં જ મૃત્યુને શરણ થયો.

પ્રભાતમાં આ સમાચારો ગામમાં ફેલાયા પણ કોઇએ શૂરને ઠપકો ન આપ્યો. બલ્કે અનુમોદન આપતા હતા. જડના બંધુ અને રાજાને પણ સમાચારો મલ્યા છતાં એમણે પણ શૂરને કાંઇ સજા ન કરી. એક કુલદ્રષણ પુત્રનો નાશ થયો એમ માની શૂરને શાબાશી આપી. સારૂં કર્યું કે પાપીને ઠેકાણે પાડ્યો.

વિચક્ષણના વિચારો :

નિર્મળહૃદયી વિચક્ષણે જડની દુર્દશાની વાતો સાંભળી વિચાર કર્યો કે રસનાના લાલન-પાલન ખાતર અનેક પાપો કરનાર અને લોલતાદાસીના કહ્યે ચાલનાર જડની આ ભવમાં મહાદુર્દશા થઈ અને પરલોકમાં અવશ્યમેવ દુર્ગતિ જ થઈ હશે. એ વિના એનો છૂટકવારો કયાંથી થાય ?

આવી વિચારણાને પરિણામે વિચક્ષણ રસનાને પાળવા પોષવામાં ઘણો જ ભેદરકાર બની ગયો હતો. વળી રસનાની શોધ માટે મોકલેલ વિમર્શ અને પ્રકર્ષની રાહ જોવાતી હતી ત્યાં એઓ આવી પહોંચ્યા અને રસનાની મૂળશોધની વાત પણ જણાવી.

વિમર્શે લંબાણપૂર્વક વાત કહી, એ સાંભળી વિચક્ષણને રસનાના સંપૂર્ણ ત્યાગ માટે વિચાર આવ્યો અને પિતાજી ભણી ભોટ્યો.

તાતપાદ ! રાગકેશરી રાજાના કુલદૂષણ દોષવૃંદાધિપતિ વિષયાભિલાષ મંત્રીની દુષ્ટ પુત્રી રસનાએ જડના કેવા હાલ-હવાલ કર્યા એ જાણ્યું ને ? આપ કૃપા કરી મને આજ્ઞા આપો તો હું દુષ્ટકુલઉત્પન્ના અને સ્વયં દુષ્ટા એવી ભાર્યા રસનાનો ત્યાગ કરું. આપની આજ્ઞાની રાહ જોઉં છું.

વત્સ ! તારી ઇચ્છા અનુમોદના પાત્ર છે. પણ રસના તારા પત્ની તરીકે નાગરીકોમાં પ્રખ્યાતિ પામી ચૂકેલી છે. એટલે ખાસ ગૂનો જોયા સિવાય વિના અવસરે ત્યાગ કરવો ઉચિત નથી. સમયની પ્રતીક્ષા કર. ગૂનામાં આવે એટલે તિલાંજલી આપજે. ઉતાવળો ન થા.

ત્યાગ કરવાનો મોકો ન મલે ત્યાં સુધી તારે કઈ રીતે રહેવું એનું તું ધ્યાન રાખ. વિમર્શે વાત કરી તે તારા ખ્યાલમાં આવી હશે.

વિવેકપર્વત ઉપર મહામોહ વિગેરેનો નાશ કરનારા મહાત્માઓ વસે છે. તું એમની સાથે રહે અને એમનાં જેવું

આચરણ કરે તો રસના પત્ની તરીકે રહેવા છતાં તારૂં કાંઈ બગાડી નહિ શકે. એની દુષ્ટતા તને નુકશાનકારક નહિ નિવડે.

તું વિવેકપર્વત ઉપર તારા કુટુંબ સાથે ચડી જા અને ત્યાં સાધુમહાત્માઓના સહવાસમાં રહે પણ સાથે લોલતાને ન લઇ જઇશ. જો લોલતા આવશે તો એ અનર્થ ઉભા કરશે. એના વિના રસના કાંઈ બરાબરી કરી શકતી નથી.

પૂજ્ય તાતશ્રી ! તે ગિરિવર અહીં ઘણો દૂર છે. હું કુટુંબીજનો સાથે કેવી રીતે જઇ શકું ? ઉત્સાહ પણ કેમ થાય ?

વત્સ ! ચિંતામણિ જેવો વિમર્શ મિત્ર મળ્યો હોય પછી આવી તુચ્છ વાત કરવાની હોય ? તારે આ માટે કશો વિચાર કરવા જેવો નથી. વિમર્શની પાસે અતિશ્રેષ્ઠ યોગાંજન છે અને એ યોગાંજન તારા નેત્રોમાં આંજી આપે એટલે તને એ નગાધિરાજ દેખાવા લાગે.

વચ્ચે પ્રકર્ષ બોલી ઉઠ્યો, અરે પિતાજી ! દાદા કહે છે એ વાત સાવ સાચી છે. વિમર્શમામાએ મને પણ એ અંજન આંજ્યું હતું. મેં એ મહાર્ઘ્ય અંજનનો પ્રભાવ પ્રત્યક્ષ જોયો છે.

વિમર્શમામા જ્યાં સુધી અંજન ન આંજી આપે ત્યાં સુધી વિવેકગિરિ, જૈનપુર, સાત્ત્વિકમાનસ, ભવચક્ર વિગેરે ન દેખાય પણ જ્યાં વિમલાલોક અંજન આંજી દે પછી વિશ્વનો કોઈ એવો પદાર્થ નથી કે જે પ્રાણી જોઇ ન શકે ? અંજન અંજાયા પછી દરેક પદાર્થો દરેક કાળે જોઇ શકાય છે. ચારિત્ર-રાજનો પરિવાર, નગર, સૈન્ય વિગેરે બરોબર નિહાળી શકાય છે.

વિચક્ષણે આ વાત સાંભળી એટલે એને ઘણી ખુશી થઇ. વિમર્શને કહ્યું, ભાઇ ! મને પણ એ યોગાંજનનો લાભ આપો, અને મારી ચિંતા ટળે, કામ પણ સરવાળે ચડે.

વિચક્ષણની વાત વિચારી વિમર્શે વિવેકપૂર્વક એ દિવ્યાંજન નયનોમાં આંજ્યું. વિચક્ષણને એ પ્રગટપ્રભાવી અંજનદ્વારા બધું ઘણું જ સ્પષ્ટ દેખાવા લાગ્યું.

સાત્ત્વિકમાનસ નગર, વિવેક પર્વત, અપ્રમત્ત શિખર, જૈનપુર, સાધુ ભગવંતો, ચિત્તસમાધાન મંડપ, નિષ્પૃહતા વેદિકા, જીવવીર્ય સિંહાસન, ચારિત્ર ધર્મરાજ, યતિધર્મ યુવરાજ, સંતોષ વિગેરે પરિવાર આદિ સર્વ વિચક્ષણના જોવામાં આવી ગયા.

વિચક્ષણની દીક્ષા :

વિવેક પર્વત આદિને જોઇ પ્રસન્ન બનેલા વિચક્ષણ પોતાના પિતાજી શુભોદય, માતાજી નિજચારુતા; પત્ની બુદ્ધિદેવી, શાળો વિમર્શ અને પુત્ર પ્રકર્ષ તેમજ વદનકોટરમાં રહેલા જુગજુના પત્ની રસના વિગેરેને સાથે લઇ વિવેક પર્વત ઉપર ચડી જાય છે. પરન્તુ લોલતાને તજીને જ અહીં આવ્યા. વિવેકગિરિ પર આવ્યા પછી જૈનપુરમાં પ્રફુલ્લ હૃદયે પ્રવેશ કર્યો.

ત્યાં મહાત્માઓના ગુરુ, ગુણવિભૂષિત આચાર્ય ભગવંત શ્રી ગુણધરસૂરીજીના દર્શન થયા. વિચક્ષણે દીક્ષાની યાચના અંજલિ જોડી કરી. મહાત્માશ્રીએ એને ભવભય ઉત્તારણી દીક્ષા આપી.

વિચક્ષણ મુનિ પોતાના કુટુંબના પાલન પોષણ કરતા ત્યાં સાધુમંડલની અંદર ઉલ્લસિત હૃદયે રહ્યા. મુનિઓના આચાર, સેવા, જ્ઞાન, જપ, યોગ વિગેરે આરાધવામાં પરમ રસ જાગ્યો અને અલ્પ દિવસોમાં કુશળ બની ગયા એટલે યોગ્ય સમયે ગુરુમહારાજાએ સૌની સમક્ષ આચાર્યપદ આપી પોતાના પદે એને સ્થાપન કર્યા.

એ વિચક્ષણ બીજા સ્થાનોમાં પણ હરતા ફરતા વિહરતા દેખાય છે છતાં પરમાર્થથી વિવેકગિરિના જૈનપુરમાં જ વસતા હોય છે.

હે નરવાહન રાજા ! તે વિચક્ષણ હું પોતે જ છું. વિવેક પર્વત ઉપર મહાત્માઓ વસે છે, એમ જણાવેલું તે આ પર્ષદામાં દેખાતા સાધુઓ સમજવા.

રાજન્ ! તમે મને દીક્ષા લેવાનું કારણ પૂછ્યું હતું, એટલે મેં તમને વિસ્તારથી કહી સંભળાવ્યું. આવી જાતના કારણથી મને ભવનિર્વેદ થયો અને દીક્ષા લીધી.

મારે દીક્ષા લેવાના નિમિત્તમાં જે દોષદુષ્ટા રસના પત્ની હતી એનો પણ મેં હજુ સુધી ત્યાગ નથી કર્યો. પાપણીને હજુ સાથે જ રાખું છું, વળી મારા જુના કુટુંબને સાથે લાવ્યો છું* અને એનું પાલનપોષણ કરું છું એટલે હું ત્યાગી કેમ કહેવાઉં ? મારે દીક્ષા કેવી ? મને દીક્ષા સંભવે ?

---

* અહીં અંતરકુટુંબ છે, છતાં વિચક્ષણાચાર્ય પોતાની લઘુતા જણાવી રહ્યા છે.

છતાં પણ તમારી ગુણગ્રાહક દૃષ્ટિમાં હું એક મહાદુષ્કર-કારક દેખાઉં છું એમાં તમારી સજ્જનતા કામ કરે છે. નહિતર મારા જેવા વ્યક્તિ ઉપર આટલો મહાન્ ભાવ તમને કયાંથી થાય ?

અથવા જૈનસાધુવેષનો આ પરમ મહાપ્રભાવ છે, કે એના ધારણ કરનારા પૂજ્ય ગણાય છે. એ સિવાય અમારી મહત્તામાં બીજું કોઇ કારણ નથી.

આ પ્રમાણે શ્રી વિચક્ષણાચાર્ય રસનાના નિમિત્તે પોતે દીક્ષા લીધી એ વાર્તા પૂરી કરીને મૌન રહ્યા.

(રસના કથાનક સંપૂર્ણ.)



પ્રકરણ તેરમું

નરવાહન દીક્ષા અને રિપુદારણની દશા

નરવાહન રાજાની વિચારણા :

શ્રી વિચક્ષણાચાર્યની વાત સાંભળી અને એમની વાણીના પરમાર્થને જાણી નરવાહન અત્યંત આનંદિત થયા અને વિનયભરી મધુરી વાણીએ કહ્યું.

તરણતારણ ! આ લોકમાં આપને શુભોદય, નિજચારુતા, વિમર્શ, પ્રકર્ષ વિગેરેથી સંયુક્ત ગુણીયલ કુટુંબ પ્રાપ્ત થયું, એ મહાપ્રશંસાપાત્ર અને પુણ્યાઇના સમૂહને બતાવે છે. અમારા જેવાને એવા ગુણીયલ કુટુંબની પ્રાપ્તિ કયાં સંભવે ? અમારે માટે તો એ અશકય છે.

સાધુવેષમાં રહિને આપ આવા શ્રેષ્ઠ કુટુંબને પાળો પોષો છો એથી આપ જ વાસ્તવિક સુસદ્ગૃહસ્થ છો. આપ જ કુટુંબધારી છો.

આપે તો દુર્જયા એવી લોલતા ઉપર વિજય મેળવી રસનાદેવીના બળને વિખેરી નાખ્યું. રસના આપની પાસે રહેવા છતાં એ બાપડી પાપડી જેવી પોચી બની ગઇ એનો ગજ કાંઈ વાગતો નથી.

વળી પેલા બલોન્મત્ત મહામોહ અને એના બલોદ્ધત સૈન્યને જિતી લઇ આપે કમાલ કરી બતાવ્યું છે. વિજય-માળાના કારણે આપ વિવેકગિરિના જૈનપુરમાં આનંદ માણતાં સદા રહો છો.

આપ જેવા સાધુપુરૂષો દુષ્કરકારક ન કહેવાય, તો આ વિશ્વમાં કોણ એ મહાનુભાવો છે કે જે દુષ્કરકારકની ગણનામાં આવી શકે ? કોને અમે દુષ્કરકારક માનીએ ?

અમારા માટે તો આપ સૌ મહાત્માઓ વંદનીય છો, પૂજનીય છો, ધ્યાન કરવા યોગ્ય છો. સ્તુતિ દ્વારા સ્તવનીય છો. એમ અમારા અંતઃકરણનું સુદૃઢ મંતવ્ય છે.

દીક્ષા માટે વિનંતિ :

ઓ ભગવંત ! આપ સૌએ મહામોહ વિગેરે શત્રુઓના ભયથી બચવા ખાતર જૈનપુરનો આશ્રય કર્યો છે, એમ મને પણ ઇચ્છા થાય છે કે હું જૈનપુરનો આશ્રય કરૂં.

મારા ગુરુદેવ ! મને પણ મહામોહનો મહા ભય જાગ્યો છે. એના સૈન્યની પણ ભીતિ રહે છે. મને કરુણા કરીને આપ દીક્ષા આપો. મારા દેવ ! મારામાં યોગ્યતા જણાતી હોય, કોઇ ત્રુટિ કે ભીતિ ન જણાતી હોય તો મને દીક્ષા આપો. દીક્ષા આપો.

પ્રત્યુત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે રાજન્ ! આપની ભાવના ઘણી પ્રશંસાપાત્ર છે. આપનો પુરૂષાર્થ ઘણો અનુ-મોદનાપાત્ર છે. આપે મેં કહેલી વાતને હૃદયમાં સારી રીતે ધારણા કરી છે. એ વિષયનું રહસ્ય બરોબર સમજ્યા છો.

આપની દીક્ષા લેવાની ચાહના ઘણી ઉત્તમ છે. અમલમાં વિલંબ કરવો ઉચિત નથી. તમારા જેવા વિશારદ વ્યક્તિઓ માટે પાવનકારી દીક્ષા મંગળભૂત છે. કોણ એવો મૂર્ખ હશે કે મહામોહાદિ શત્રુથી ભય પામીને જૈનપુરના રક્ષણની મંગળકામના ના કરે ?

ગુરુદેવની ઉત્સાહવર્ધની વાણી સાંભળી દીક્ષા લેવાના ભાવમાં ઘણો વધારો થઈ ગયો. દીક્ષાનો ભાવ અમલમાં મૂકવા નિર્ણય કર્યો. પણ રાજ્યગાદી ઉપર કોને સ્થાપન કરવો એ વિચાર સહેજ મુંઝવવા લાગ્યો. એમણે પોતાની વેધક દૃષ્ટિ ચારે તરફ ફેરવવી ચાલુ કરી.

અગૃહીતસંકેતે ! હું રિપુદારણ* એ વખતે સભામાં શ્રોતા તરીકે બેઠેલો હતો. પિતાજીની નજર મારા ઉપર પડી.

કૃશોદરિ ! હું એ વખતે ક્ષુધા, તૃષા અને શ્રમના કારણે અત્યંત દુર્બલ અને કૃશ બની ગયો હતો. મારો જુનો મિત્ર પુણ્યોદય રીસાઇને સભામાંથી ચાલ્યો ગએલો તે પાછો ધીરે ધીતે ફરકવા લાગ્યો. એ ફરકતા પુણ્યના લીધે પિતાજીને વિચાર આવ્યો.

અરેરે ! મેં નાહક પુત્રને ઘર બહાર કાઢી મૂક્યો. મારા દ્વારા દૂર કરાયા પછી એ બિચારો કેવી અનાથ જેવી દુર્દશાને ભોગવી રહ્યો છે ?

હા ! હા ! દિકરા જેવા દિકરાને મેં ધક્કો મારી, તિર-

* સંસારી જીવ રિપુદારણના ભવની પોતાની વાત પ્રજ્ઞાવિશાળા અગૃહીતસંકેતા, ભવ્યપુરુષ–સુમતિ અને સદાગમની સમક્ષ કહી રહ્યો છે.

સ્કાર કરી કાઢી મૂકયો તે સારૂં ન કર્યું. અરે વિષના વેલાને વાવી ઉછેર્યો હોય તો એ વેલાને પોતે કાપવું યોગ્ય ન લેખાય તો પુત્રને કેમ તજી દેવાય ?

ભાવી જે બનવાનું હતું તે બની ગયું પણ હાલમાં યોગ્ય સમય મળ્યો છે તો રાજ્યગાદી ઉપર એને સ્થાપન કરી હું મહામંગલકારી દીક્ષા ગ્રહણ કરી કૃતકૃત્ય બનું. ભવભયથી વિમુક્ત બનું.

સજ્જનશિરોમણિ પરમકૃપાળુ પિતાજીએ આ જાતનો પ્રેમભર્યો વિચાર કરીને મને પાસે બોલાવ્યો. આદરપૂર્વક મારો હાથ પકડી પ્રેમથી ખોળામાં બેસાડી પંપાળ્યો. મસ્તકે ચૂંબન કર્યું.

પુત્રના માટે પ્રશ્ન અને સમાધાન :

શ્રી નરવાહન રાજાએ પૂજ્ય આચાર્યભગવંતને પ્રશ્ન પૂછયો કે, ગુરુદેવ ! મારા આ પુત્રે દુર્લભ એવું ઉત્તમ કુળ, આરોગ્ય, સંપત્તિ, શક્તિ એવું બધું મેળવ્યું છતાં પૂર્વે શું દુષ્કૃત પાપાચરણ કર્યું છે કે જેના લીધે આ કુમારને વિડંબના, અપમાન, અપયશ પ્રાપ્ત થયા ? આપ જ્ઞાન દ્વારા બધી વિગત જાણો છો જ. માટે જણાવવા કૃપા કરશો ?

પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય ભગવંતે જણાવ્યું કે, રાજન્ ! તારો પુત્ર તો નિર્દોષ છે. એ બીચારાનો કાંઈ વાંક નથી, વાંક બધો શૈલરાજ અને મૃષાવાદનો છે.

પૂજ્ય ગુરુદેવ ! આ મૃષાવાદ અને શૈલરાજ પાપમિત્રોથી કુમારનો વિયોગ કયારે થશે ? એમ પિતાજીએ પ્રશ્ન કર્યો.

આચાર્યશ્રીએ કહ્યું, રાજન્! હાલમાં વિયોગ થાય એમ શકય નથી. એ માટે ઘણો સમય જોઇશે. કારણ કે રિપુદારણ એ બન્ને શત્રુ શૈલરાજ અને મૃષાવાદને પ્રિય મિત્ર તરીકે માને છે.

ઘણો કાળ ગયા પછી કઈ રીતે એ પાપમિત્રો સાથે રિપુદારણનો વિયોગ થશે એ હમણાં જ આપને જણાવી દઉં.

પાપમિત્રોની મુક્તિનો ઉપાય :

"શુભ્રમાનસ" નામનું એક નગર છે. ત્યાં શ્રી "શુદ્ધાભિષન્ધિ" રાજા રાજ્ય કરે છે. એ રાજાની યશઃપ્રભા ચંદ્રની પ્રભાની જેમ દિગંત વ્યાપિની છે. એમને બે રાણીઓ છે. એકનું નામ "વરતા" છે, બીજીનું નામ "વર્યતા" છે.

વરતા રાણીએ એક ગુણવતી પુત્રીનો જન્મ આપેલો એનું નામ "મૃદુતા" રાખવામાં આવેલ અને બીજી રાણીએ પણ શ્રેષ્ઠ પુત્રીને જન્મ આપેલ અને એનું નામ "સત્યતા" રાખવામાં આવેલ.

આ બન્ને કન્યાઓ રૂપરૂપની પરી જેવી છે અને ગુણમાં બંને એકબીજાને ચડે તેવી ગુણવતી અને નિર્મળ અંતઃકરણવાળી છે. અમૃત સરખી એ ભાગ્યવતી કન્યાઓની પ્રાપ્તિ જ્યારે રિપુદારણને થશે ત્યારે આ બન્ને પાપમિત્રો પલાયન થઇ જશે.

કટુતા અને મધુરતા સાથે રહી શકતા નથી અથવા અંધકાર અને પ્રકાશ બન્ને એક સ્થળે વસી શકતા નથી, તેમ શૈલરાજ અને મૃદુતા સાથે રહી શકતા નથી. મૃષાવાદ

અને સત્યતા સાથે વસી શકતા નથી. આ પુણ્યવતી કન્યા-ઓના તમારા પુત્ર સાથે લગ્ન થશે ત્યારે એ પાપમિત્રો નહિ રહે.

અમૃતકુંભ સમી મૃદુતાની અને સત્યતાની પ્રાપ્ત થયા પછી વિષપુંજ સમા શૈલરાજ અને મૃષાવાદ અદૃશ્ય બની જાય છે. વિષ અને અમૃત સાથે રહી શકતા નથી.

એ બન્નેના લગ્ન કયારે થશે, કોણ કરશે, કોણ એની યોજના કરશે, એ બધી વિચારણા કરનાર બીજો કોઇ છે. એમાં તમારી બુદ્ધિ કે યોજના શક્તિ કામ આપનાર નથી. એટલે વર્તમાન સમયે આપને ઇષ્ટ લાગતું હોય એ અમલમાં મૂકવું જોઇએ.

શ્રી વિચક્ષણાચાર્યના વચન સાંભળી નરવાહન રાજા વિચારમાં પડી ગયા. અરે! મામા પુત્ર પાસે આવા ભયંકર બે શત્રુઓ કાયમી વસવાટ કરીને રહે? ઘણા દુઃખની વાત છે. બિચારા રાંકડા મારા પુત્રની આ દશા? ગરીબડો છે, એનું નામ રિપુદારણ પણ ખોટું છે. રિપુનું એ દારણ નથી કરતો પણ રિપુઓ કુમારને દારણ કરી નાખે છે, રહેંસી નાખે છે.

આ વિષયમાં મારો પ્રયત્ન ક્યાં કામયાબ થાય છે? મારી પ્રતિક્રિયા પણ સફળ બનતી નથી, એટલે મારે મારા આત્માનાં હિત ખાતર સાધના કરી લેવી જોઇએ.

રિપુદારણને રાજ્ય અને નરવાહન દીક્ષા:

પિતાજીએ રાજ્ય મને આપવાનો નિર્ણય કરી વિધિપૂર્વક

રાજ્યાભિષેક કરી રાજ્યતિલક મારા ભાલમાં કરાવ્યું. એ વખતે દીક્ષા નિમિત્તે યાચકોને છૂટે હાથે દાન અપાયા, મંદિરોમાં ઉત્સવો ચાલ્યા, નગરમાં ધવળ મંગળ ગીતો ગવાયાં.

અન્ય સર્વ ઉચિત ક્રિયાઓના અંતે શ્રી નરવાહન રાજાએ હર્ષોલ્લાસ પૂર્વક દીક્ષા અંગિકાર કરી. પોતાના ઉપકારી ગુરૂ તરીકે શ્રી વિચક્ષણાચાર્યને સ્થાપન કર્યા.

શ્રી વિચક્ષણાચાર્યની સાથે નરવાહન રાજર્ષિ વિવેકપર્વત ઉપર આરૂઢ થયા અને મહામતિ હોવાથી બાહ્યદેશોમાં પણ ગુરૂદેવની સાથે વિહરતા રહ્યા.

રિપુદારણનો ગર્વ :

પુણ્યોદયના પ્રતાપે મને રાજ્ય મળ્યું એથી મારા મિત્રો શૈલરાજ અને મૃષાવાદ ઘણા ખૂશ થયા. મને બન્ને જણાએ ધન્યવાદ આપ્યા અને મારા શરીરમાં ફરી આવી વસી ગયા. શૈલરાજના કારણે મારી છાતી ગજગજ ફુલી ગઇ. મૃષાવાદના કારણે જુઠું બોલવાની વૃત્તિઓ વધુ માઝા મૂકી ગઇ.

મશ્કરા અને યુવાવસ્થાવાળા મારી મશ્કરી કરતા હતા. પંડિતો મારી નિંદા કરતા હતા. ધૂતારાઓ મને મીઠા મીઠા વેણ દ્વારા ખૂશી કરી ધન પડાવતા હતા. આ રીતે મેં પુણ્યોદયના પ્રતાપે કેટલોક સમય રાજ્ય કર્યું.

તપન ચક્રવર્તીનું આગમન :

ભદ્રે ! જે વખતે હું રાજા હતો, એ વખતે સર્વરાજાઓના સ્વામી "તપન" નામના ચક્રવર્તી રાજા પૃથ્વી ઉપર મહા-શાસન કરતા હતા.

એમને સમગ્ર પૃથ્વીના પર્યટનની ભાવના થઇ, એટલે પોતાના સૈન્ય, પરિવાર, સર્વ સુખોપભોગની સાધન સામગ્રી સાથે ફરતા ફરતા એક વખતે અમારા સિદ્ધાર્થ નગરે આવી પહોંચ્યા.

એ ચક્રવર્તીના આગમનના સમાચાર વાયુવેગે નગરમાં સર્વત્ર ફેલાઇ ગયા. વિજ્ઞાન અને નીતિશાસ્ત્રના વિશારદ એવા મહામાત્યોએ ભેગા મળી હિતબુદ્ધિથી મને જણાવ્યું.

હે રિપુદારણ રાજવી ! આ તપન ચક્રવર્તી પૃથ્વી ઉપર મહાતેજસ્વી શાસનવાળા છે. છ ખંડ પૃથ્વીના પૂર્ણપણે સ્વામી છે. એમની આજ્ઞા અખંડ પાલન કરવાની હોય છે. વળી એ સર્વ રાજાઓ માટે પૂજ્ય ગણાય છે. આપના વડિલો પણ પૂજ્ય માની પૂજતા હતા.

આપણા ઘરના આંગણે પધારેલા આ શ્રી તપન ચક્રવર્તી મહારાજાની સન્મુખ પધારો અને એમનું આદરપૂર્વક સુંદર સ્વાગત કરો. એમનું સર્વ રીતે સન્માન જાળવવું એ આપણી પવિત્ર ફરજ છે.

મૃગનયને ! મંત્રીઓએ હિતબુદ્ધિએ આ વાત મને જણાવી પરન્તુ એજ વખતે શૈલરાજે મારા શરીરમાં પ્રવેશ કર્યો અને મારી બુદ્ધિને વિવેક વિહૂણી બનાવી દીધી. સ્તબ્ધચિત્ત લેપ છાતી ઉપર લગાવ્યો અને સર્વાંગે સ્તબ્ધ બની ગયો.

મેં મંત્રીઓને કહ્યું, અરે મૂર્ખાઓ ! એ તપન વળી મારી આગળ કોણ છે ? એ તપનીયાની હું પૂજા કરું ? હું

પૂજન કરવા આવવાનો નથી. તપનની ઇચ્છા હોય તો અહીં આવે અને મારા ચરણો પૂજે.

મારા ગર્વ ખરતાં વચનો સાંભળી મહામંત્રી ફરી બોલ્યા, દેવ! આપ આ પ્રમાણે ન બોલો. આપ જો શ્રી તપન ચક્રવર્તીની પૂજા નહિ કરો, એમનું સન્માન નહિ જાળવો તો આપણું અનર્થ થશે. પોતાના હાથે પોતાના પગે કુઠારઘાત કર્યો ગણાશે.

આ ચક્રવર્તી નિગ્રહ અને અનુગ્રહમાં સમર્થ છે. દેવતાઓ ઉપર ઇન્દ્રનું શાસન ચાલે છે, એમ માનવો ઉપર તપનની આજ્ઞા ચાલે છે. દેવેન્દ્રની આજ્ઞા દેવો ન માને તો દેવોને નિગ્રહ-શિક્ષા કરવામાં આવે છે. એમ તપનચક્રીની અવજ્ઞા થશે તો આપણા સૌને એ નિગ્રહ કરશે.

હે રાજન્! આપ અમારી નમ્ર વિનંતિ અને આગ્રહને ધ્યાનમાં લઇ ચક્રીનું ઔચિત્ય જાળવો, એમની પૂજા, સેવા, સન્માન જાળવો. આ પ્રમાણે બોલી એ મંત્રીઓ મારા પગમાં પડી ગયા.

મૃષાવાદનો આશ્રય :

કમલાક્ષિ! મેં એ વખતે મૃષાવાદ મિત્રની સહાયતા લઇ મંત્રીઓને જણાવ્યું, કે હાલમાં તપનચક્રી પાસે આવવા મારા હૈયામાં જરા પણ ઉત્સાહ નથી. તમે હાલમાં ત્યાં જાઓ અને એમનું ઔચિત્ય જાળવો. જ્યારે ચક્રી રાજ્યસભામાં સિંહાસન ઉપર બિરાજમાન થશે, એ વખતે હું પણ ત્યાં હાજર થઇ જઇશ. તમે જાઓ, હું આવી જઇશ.

" આપની આજ્ઞા સ્વીકાર છે," એમ જણાવી મંત્રીમંડળ ચક્રવર્તીની સેવામાં ગયું. ત્યાં ચક્રીના સન્મુખ મહામૂલ્યવાન ભેટણા ધર્યાં અને રાજા રિપુદારણ વતી સન્માન, પૂજાવિધિ વિગેરે સર્વ વિનય પૂર્વક કર્યું.

મારા અને મંત્રીઓ વચ્ચે જે આ વાર્તાલાપ થયો તે તપન ચક્રવર્તીના ગુપ્તચરો દ્વારા એમને જાણવા મળી ગયો. ગુપ્તચરો અને મંત્રીના નેત્રો દ્વારા જ રાજા સહસ્ત્રાક્ષ કહેવાય છે.

મારા મંત્રીઓએ હાર્દિક સન્માન વિનય કરી તપન ચક્રવર્તીના મનને પ્રસન્ન કરી દીધું. તપનચક્રીએ સૌને રાજ-સભામાં યોગ્યતા મુજબ પ્રેમથી બેસવા આસનો આપ્યા. ચક્રી સભામાં બિરાજમાન થયા અને મંત્રીઓ પણ પોતાને આપેલા આસને બેઠા.

ચક્રીએ મારી કુશળતા પૂછી એટલે મારા મંત્રીમંડળે વિનયપૂર્વક જણાવ્યું કે દેવ ! આપની પરમ કૃપાથી રિપુદારણ રાજા ક્ષેમકુશળ છે. ઘણો આનંદ છે. આપના દર્શન માટે થોડીવારમાં અહીં હાજર થશે. અમોને આપની સેવામાં અગાઉ મોકલ્યા છે.

સમય ઘણો થયો છતાં હું ગયો નહિ એટલે મંત્રીમંડળે મને બોલાવવા સેવકો મોકલ્યા. પરન્તુ શૈલરાજ અને મૃષા-વાદના સંપૂર્ણ તાબામાં હતો, મારામાં સ્વયં વિચાર કરવાની શક્તિ પણ નષ્ટ થઇ ગઈ હતી, એટલે મને બોલાવવા આવેલા સેવકોને જણાવ્યું.

અરે ! પાછા જાઓ, ધૂર્ત અને ભામટા મંત્રીઓને જણાવો કે તમે તપન પાસે કોના કહેવાથી ગયા ? તમને ડાહ્યા થવાનું કોણે જણાવ્યું છે ? સ્વચ્છંદીઓ ! મારી આજ્ઞા વગર જતાં તમારા પગ કેમ ચાલ્યા ?

હું ત્યાં આવવાનો નથી. જો તમને તમારૂં જીવતર વહાલું હોય, હજુ બચવાની ભાવના હોય, તો તપન પાસેથી જલ્દી અહીં આવતા રહો, નહિ તો તમને મૃત્યુદંડ થશે. તમારૂં આવી બન્યું સમજજો.

સેવકો મંત્રીઓ પાસે ગયા અને મારો સંદેશો સંભળાવી દીધો. મારો સંદેશો સાંભળતાં જ એમના મુખડાં શામળા થઇ ગયા, તેજ પરવારી ગયું. હવે શું કરવું ? કેમ બચવું ? આપણું થશે શું ? એવો વિચાર કરતાં એક બીજાના મુખડાં જોવા લાગ્યા.

સાર્વભૌમ સત્તાધીશ શ્રી તપન એમના મુખના ભાવો તરત સમજી ગયા. એણે મીઠા અને આશ્વાસનના શબ્દો બોલતા જણાવ્યું, હે ઉત્તમ મંત્રીઓ ! તમે ધીરા થાઓ, ગભરાઓ નહિ. તમારે જરા પણ ભય રાખવાની જરૂર નથી.

આ અવિનય અને અસભ્યતામાં તમારો અંશ માત્ર દોષ નથી. તમારો રાજવી રિપુદારણ કેવો દુષ્ટ છે, એ મારી જાણમાં આવી ગયું છે. તમારે એના તરફથી ભય પામવાને કારણ નથી. હું રિપુદારણને સંભાળી લઇશ. એ તમારૂં કાંઇ બગાડી નહિ શકે, મારા સાણસામાંથી એ છટકી નહિ શકે.

તમને માત્ર મારે એટલું જ જણાવવાનું કે આજથી રિપુદારણ ઉપર પ્રેમ અને ભક્તિ ન રાખવા. તમારા જેવા વિનયી અને ગુણી સેવકો માટે સ્વામી તરીકેની જરાય યોગ્યતા એમાં છે નહિ, ક્ષુદ્રવૃત્તિનો છે.

આવા વિશાળ રાજ્ય સંપદાને પ્રાપ્ત કરવાની કે ભોગવવાની એનામાં યોગ્યતા નથી, એ આપદાને યોગ્ય છે, નહિ કે સંપદાને. આંબાના કૂણાં અને મધુરા પાંદળાનો સ્વાદ ચાખવાની ઉંટમાં ક્યાંથી યોગ્યતા હોય? એના પ્રારબ્ધમાં કડવો લીંબડો જ હોય.

મારા કુકૃત્યોથી અત્યંત કંટાળી ગએલા અને તેથી મારા પ્રતિ મમતા વિહૂણા બનેલા મંત્રીમંડળે શ્રી તપન ચક્રવર્તીની આજ્ઞા "તથાસ્તુ" કહી સ્વીકારી લીધી. મંત્રીમંડળ મારાથી વિમુખ હતું અને ચક્રી પ્રત્યે સ્નેહાળ હતું.

યોગેશ્વરે કરેલી મારી દુર્દશા :

શ્રી તપન ચક્રવર્તી પાસે મહાસમર્થ એક તંત્રવાદી હતો. મહામાયા અને ઇન્દ્રજાળ, જાદૂ વિગેરે કળાઓમાં ખૂબ નિષ્ણાત હતો. એનું નામ "યોગેશ્વર" તરીકે પ્રસિદ્ધ હતું. ચક્રવર્તીએ પોતાની પાસે બોલાવી એના કાનમાં મારે માટેની કડક આજ્ઞા ફરમાવી.

તંત્રવાદી યોગેશ્વરે ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારી ઘણા જન સમુદાયની સાથે મારી પાસે આવ્યો. હું સભામાં બેઠેલો હતો. શૈલરાજ અને મૃષાવાદનું મારા ઉપર ઘણું જ વર્ચસ્વ હતું.

માખણીયા લોકો મારી ખોટી પ્રશંસા કરી મને રીઝવતા હતા અને મારી ચારે બાજુ વિંટળાઈ બેઠા હતા.

આવી પરિસ્થિતિમાં મને યોગેશ્વર તંત્રવાદીએ જોયો અને મારી સન્મુખ આવી ઉભો રહ્યો. એણે પોતાની જાદૂઈ ઝોળીમાંથી ચૂર્ણની મુઠ્ઠિ ભરીને જોરથી મારા મુખ ઉપર ફેંકી.

ચૂર્ણ કોઈ જાદૂઈ જાતનું હતું, તરત મારૂં મગજ ફરવા લાગ્યું. મારી પ્રકૃતિમાં ઘણો ફેરફાર થઈ ગયો. અંધકારમયી ગુફામાં મારો પ્રવેશ થયો હોય એમ મને જણાયું. મારૂં સ્વરૂપ હું ભૂલી ગયો. એક પાગલ જેવો બની ગયો.

મારા ખુશામતીયાઓને ખ્યાલ આવ્યો કે આ યોગેશ્વર તંત્રવાદીને તપનચક્રીએ મોકલ્યા છે, એટલે તેઓ પણ ગભરાઈ ગયા. એ બધા ઉભા ઉભા થથરવા લાગ્યા. મોત સામે દેખાવા લાગ્યું.

પુણ્યોદયને વિચાર આવ્યો કે "મારે હવે અહીં રહેવા જેવું નથી." એટલે એ પણ પલાયન થઈ ગયો. શૈલરાજ અને મૃષાવાદ મિત્રો પણ ક્યાંય સંતાઈ ગયા.

તંત્રવાદી યોગેશ્વરે હાથમાં પાતળી અને મજબુત નેતરની સોટી હાથમાં લીધી. એ મુખેથી બોલ્યો "અરે નાલાયક! રે દુષ્ટ! હજુ સુધી તું સ્વામી શ્રી તપન ચક્રવર્તીની સેવામાં કેમ ન આવ્યો? બદમાશ! તું અભિમાનથી ઘણો જ છાકટો થઇ ગયો છે ને? લે આ આ સોટીપાક.

આવી રીતે બોલતો જાય અને નેતરની સોટી છનનન.... છનનન....મારતો જાય.

હું તો ભયભીત બની ગયો. દીનતા લાવી કરગરવા લાગ્યો, મારી શારીરિક શક્તિ તદ્દન હણાઇ ગઇ. રાજામાંથી રંક બની ગયો. સામાન્ય સેવકની જેમ હું તંત્રવાહીના ચરણોમાં વંદન કરવા ઝૂકી પડયો.

મારા શરીરમાં દાહ થવા લાગ્યો. પરસેવાના બિંદુઓ ઉભરાઇ ગયા. યોગેશ્વરે રાજકર્મચારીઓને આજ્ઞા કરી કે આના કપડા ખેંચી લો.

રાજકર્મચારીઓએ મારા વસ્ત્રો ખેંચી લીધા. હું પિશાચ જેવો નગ્ન અને બિહામણો બની ગયો. મારાં માથાના સુંદર ઝુમખાં જેવા વાળો કપાવી મુંડો કરાવ્યો. શરીરે કાળી શાહીના લપેડા કર્યા, અડદનો ચાંલ્લો કર્યો.

મારો દેખાવ તદ્દન બીહામણો અને બેડોળ કરી નાખ્યો. મને વચ્ચે રાખી યોગેશ્વરના માણસો ગોળ કુંડાળાકારે ઘેરી વળ્યા અને રાસડા-ગરબા ગાવા ચાલુ કર્યો.

यो ह्यलिकं मदं कुर्यादनृतं च वदेत् कुधीः ।
स पापो नूनमत्रैव, प्राप्नोत्येवं विडम्बनाः ॥

"જે અભિમાની પુરૂષો મિથ્યાભિમાન કરતા હોય છે અને વાતે વાતે અસત્ય બોલતા હોય છે, તે પાપાત્માઓ આ જન્મમાં જ આવી ભયંકર દુર્દશાને પામતા હોય છે.

આ ગીત ગાતા જાય અને ગરબો-રાસડો લેતા જાય. હું પણ તેમની જેમ રાસડો બોલવા લાગ્યો અને રાસડા લેનારા બધાના ચરણોમાં પડી પડીને નમસ્કાર કરવા લાગ્યો.

રાજપુરૂષો મને સૌના ચરણમાં ઝૂકતો જોઇને મોટેથી ગરબો ગાવા લાગ્યા અને બીજા ઝીલવા લાગ્યા. મોટી તાળીયો પાડી તાલ જમાવતા જાય અને ઝનુનથી નાચતા જાય. ફરી એ લોકોએ રાસડો આગળ લલકાર્યો.

गुर्वादिष्वपि यः पूर्वं, न नतो रिपुदारणः ।
दासांघ्रिष्वपि सोऽद्यैष, नमत्याश्चर्यमीक्ष्यताम् ॥

ઓ મનુષ્યો ! જુવો, જુવો. આ રિપુદારણીયો અભિમાનથી અક્કડ બનીને વડિલો, ગુરૂઓ, માતા, પિતાદિ વગેરે કોઈ પણ આપ્તવર્ગને નમસ્કાર કરતો ન હતો, તે બિચારો આજે દાસના પણ દાસના ચરણોમાં નમી નમી નમસ્કાર કરે છે. આવો ! આ આશ્ચર્ય જોઇ લો. આવું બોલીને રાસડાનો તાલ જમાવતા ગયા.

મારા મુખમાંથી પણ એ વખતે શબ્દો સરી પડ્યા કે–

अलिकभाषिणा गर्वस्तब्धांगेन च यन्मया ॥
विदधे सज्जनावज्ञा-मातृ-दार-वधादिकम् ।
तस्य पापस्य मे नूनं, फलमेता विडम्बनाः ॥

અસત્ય બોલનારા, મિથ્યાભિમાનને ધરનારા મેં શૈલરાજ અને મૃષાવાદની પ્રિય મિત્રતાના કારણે, સજ્જનોની અવજ્ઞા કરી, કળાચાર્યના અપમાનો અને તિરસ્કાર કર્યા. મંગળમૂર્તિ માતા અને વહાલમૂર્તિ પ્રિયતમાનો વધ કર્યો, તે મારાં પાપોના ફળ તરીકે મારી વિડંબના થઇ રહી છે. પાપનું ફળ આ દેખાઈ રહ્યું છે.

યોગેશ્વરે મારા પૂર્વવૃત્તાંતને જાણીને ગાનારાઓને પ્રેરણા

કરી એટલે સૌએ પાદપ્રહારો દ્વારા મને અર્ધમૃત બનાવી દીધો. સૌએ પાટુ ઉપર પાટુ લગાવે રાખ્યું. એ યોગેશ્વરે ફરી રાસડો ગવરાવ્યો.

गुर्ववज्ञां मदात्कुर्यान्मिथ्या ब्रूते च यः कुधीः ।
विधापयति तस्यैवं, तपनोऽयं विडम्बनाः ॥

જે દુષ્ટ વ્યક્તિ આપ્ત-વડિલોની અવજ્ઞા કરે છે અને તિરસ્કાર કરે છે, વળી જેઓ હડહડતું મૃષા બોલે છે, તેવા પાપાત્માને શ્રી તપન ચક્રવર્તી આવી વિડંબના ભરી મહા દુર્દશા કરે છે.

આ રીતે રાસડો ગાતાં ગાતાં મને મુક્કાઓ મારે જતાં હતાં, વચ્ચે વચ્ચે કોઇ જોરથી લાત મારે જતાં હતાં. મારો જીવ મરવાની અણી ઉપર આવી ગયો. યમરાજના સેવકો કોઇનો જીવ લઈ જવા આવ્યા હોય એવું આ લોકો પણ મારી સાથે ક્રૂર વર્તન દાખવતા હતા.

હું ઘણી કફોડી હાલતમાં મૂકાઇ ગયો. પેલા ગરબો ગાનારાઓ હજુ મને છોડતા ન હતા. ગરબો લેતા જાય, ગોળ ગોળ ફરતા જાય અને મને મારતા જાય.

આ રીતે જબરજસ્તી યોગેશ્વર અને રાસડા લેનારાઓ મને તપન ચક્રવર્તી પાસે લઈ ગયા.

ચક્રવર્તી પાસે આવ્યા પછી જોગેશ્વરને વધારે તાન ચડ્યું અને જોરથી રાસડો ગવરાવવા લાગ્યા. બીજાઓ ત્રિતાળ મેળવતા જાય, તાલ આવે ત્યારે મને લપડાક લગાવતા જાય.

ગોળકુંડાળું બની મને ઘેરી રાખ્યો હતો. ક્યાંય માર્ગ મોકળો ન હતો.

જોગેશ્વર કુંડાળાની વચ્ચે આવી ઉભો રહ્યો અને મારા ઉપર ફિટકારનો વરસાદ વરસાવતા બોલ્યો.

ઓ નરાધમ ! તું શું આમતેમ નજર નાખે છે ? ડાફોડીયા કેમ મારે છે ? રાજાધિરાજ શ્રી તપન ચક્રવર્તીને તારૂં નૃત્ય બતાવ. અહીં હાજર રહેલા સર્વેના ચરણોમાં ઝૂકી ઝૂકીને વંદના કર, પ્રણામ કર.

યોગેશ્વર આ પ્રમાણે બોલી બંધ રહ્યો એટલે સૌએ ફરી રાસડો ગાવો ચાલુ કર્યો. સૌ ગાતા હતા અને હું સૌના ચરણોમાં માથુ મૂકી નમસ્કાર કરતો હતો. મારા પોતાના પાપના પ્રતાપે ચંડાલ, ભીલ અને ભંગીઓના ચરણોમાં ઝૂકી પ્રણામ કરવા પડતાં હતાં. હું નિર્માલ્ય બની ગયો. મારી ઘણી જ કંગાલ હાલત થઈ ગઇ.

મારી વિડંબના અને દુર્દશા જોઇને ત્યાં આવેલો જનસમુદાય મારા ઉપર ક્રોધ ઠાલવતો હતો અને નિર્ભયપણે ગાતો હતો, સાથે રાસનો તાલ મેળવતા જતા હતા. વચ્ચે વચ્ચે મોટેથી ખડખડાટ હસી પડતા હતા.

પુત્રને રાજ્ય અને મારૂં મૃત્યુ :

શ્રી તપન ચક્રવર્તીએ સિદ્ધાર્થપુરના રાજ્યાસન ઉપર મારા પુત્ર કુલભૂષણને બેસાડ્યો. ચક્રી પોતે નગરમાં આવ્યા અને રાજ્યાભિષેકમાં ભાગ લીધો.

સુનયને ! ગડદા પાટુના પ્રહારો દ્વારા મારૂં શરીર તદ્દન અશક્ત બની ગયું હતું. પેટમાંથી લોહી નીકળવા લાગ્યું. છેલ્લા શ્વાસોશ્વાસ ચાલવા લાગ્યા. મારી એક ભવવેદ્ય ગૂટિકા પૂર્ણ થઇ અને હું મૃત્યુના મુખમાં ધકેલાઇ ગયો.

ભવિતવ્યતાએ મને નવી ગૂટિકા આપી. તેના પ્રભાવથી પાપિષ્ઠ નિવાસ નગરીના સાતમા મહાતમઃ પાડામાં પહોંચી ગયો. ત્યાં મને પાપિષ્ઠ કુલપુત્રક બનાવવામાં આવ્યો. તેત્રીસ સાગરોપમ સુધી રહેવાનો હુકમ થયો. અનેક દુઃખો અને ત્રાસ ભોગવતો વજ્જના કંટકોમાં આમ-તેમ અથડાતો કુટાતો. મેં મારૂં વેદનાભર્યું જીવન પૂર્ણ કર્યું.

ભવિતવ્યતાએ બીજી ગોળી આપીને પંચાક્ષપશુ સંસ્થાનમાં મને મોકલી આપ્યો, ત્યાં હું શિયાળ બન્યો. એ રીતે શોખીન મારી સ્ત્રી ભવિતવ્યતાએ અસંવ્યવહાર નગર સિવાયના બધા સ્થાનોમાં મને મોકલ્યો, હું પણ એની આજ્ઞા પ્રમાણે વર્તન કરતો રહ્યો.

દરેક ભવમાં મને હીનજાતિ, હીનકુળ મળતું હતું. ત્યાં પણ મારી જીભ કાપી નાખવામાં આવતી હતી. મૂંગો બનાવી દેવામાં આવતો અથવા અસ્પષ્ટ શબ્દો મહાપ્રયત્ને બોલી બતાવનારો થતો. મારી દુર્દશાઓનો પાર નથી, કપરામાં કપરી યાતનાઓ મુંગા મુંગા મેં સહી. દરિદ્રતા અને અપમાન મારા પ્રારબ્ધમાં સર્વત્ર લખાએલાં હતા. ભિક્ષાવૃત્તિ અને દીનતાથી જીવન જરૂરીયાત મહામુશ્કેલીથી પૂર્ણ થતી.

પ્રજ્ઞાવિશાળાની વિચારણા :

સંસારી જીવ પોતાની વીતક કથા સંભળાવી રહ્યો હતો ત્યાં પ્રજ્ઞાવિશાલાએ વિચાર કર્યો કે, અરે ઓ ! માન અને અસત્યની કેવી ભયંકરતા છે ? શૈલરાજ અને મૃષાવાદે આ તસ્કરની કેવી કફોડી હાલત કરી નાખી ?

શૈલરાજ અને મૃષાવાદને પરાધીન બની આ સંસારીજીવે ઉત્તમ માનવ જન્મ વેડફી નાખ્યો અને અનેક ભવો સુધી નિંદ્યજાતિ અને હીનકુળોમાં જન્મો લઇ માત્ર દુઃખ જ ભોગવ્યા કર્યું. યાતના વિના કાંઇ ના મળ્યું.

સંસારીજીવે કથા આગળ ચલાવતાં જણાવ્યું, કે મને ભવિતવ્યતા એકવાર ભવચક્ર નગરના મનુજગતિ નગરીમાં લઇ ગઈ અને ત્યાં મને મધ્યમ ગુણોવાળો માનવી બનાવવામાં આવ્યો. જીવનમાં ગુણોનો વાસ થયો એટલે ભવિતવ્યતા મારા ઉપર અતિ પ્રસન્ન બની.

મારા જુના મિત્ર પુણ્યોદયને સાથે લાવી મને જણાવ્યું. આર્યપુત્ર ! આપે મનુજગતિના વર્ધમાન નગરે જવાનું છે. આપની સાથે પુણ્યોદય આવશે અને આપની સર્વ અભિલાષાઓ પૂર્ણ કરશે.

"જેવી દેવીની આજ્ઞા" એ પ્રમાણે મેં વિનયથી ઉત્તર આપ્યો.

મારી જુની ગૂટિકા જીર્ણ થઇ એટલે ભવિતવ્યતાએ મને

નવીન ગૂટિકા આપી. એ ગૂટિકાના બળે મારે વર્ધમાનપુર જવાનું હતું.

હે મહાનુભાવો ! જડકુમાર અને રિપુદારણકુમારની વિવિધ વેદનાભરી વાર્તા સાંભળી, રસના, શૈલરાજ અને મૃષાવાદથી દૂર થવા પ્રયત્ન કરો. લોલતા, માન અને મૃષાનો ત્યાગ કરી મોક્ષ સુખ સહુ જગ વરો.

इति श्री देवेन्द्रसूरिविरचिते उपमितिभवप्रपंच-कथासारोद्धारे
मान-मृषावादरसनेन्द्रिय-विपाकवर्णनो नाम
चतुर्थः प्रस्तावः समाप्तः ।



શ્રી
ઉપમિતિ ભવપ્રપંચ કથા–
સારોદ્ધાર



પ્રસ્તાવ–પંચમ



ગુજરાતી

અવતરણ

પંચમ પ્રસ્તાવના પાત્રો.

વર્ધમાન–નગરનું નામ.

ધવળ–વર્ધમાન નગરના રાજા

કમળસુંદરી–ધવળ મહારાજાની રાણી.

વિમળ–ધવળ મહારાજાનો પુત્ર.

સોમદેવ–વર્ધમાનનગરનો શેઠ.

કનકસુંદરી–સોમદેવ શેઠના પત્ની.

વામદેવ સોમદેવનો પુત્ર, મૂળ સંસારીજીવ.

સ્તેય–વામદેવનો મિત્ર, ચોરીનું રૂપક

બહુલિકા–વામદેવની સખી, માયાનું રૂપક.



ગગનશેખર–વૈતાઢ્ય પર્વત ઉપરનું નગર.

માણપ્રભ–ગગનશેખરનો રાજા.

કનકશિખા–મણિપ્રભની રાણી.

રત્નશેખર–મણિપ્રભનો પુત્ર.

રત્નશિખા–મણિપ્રભની પુત્રી.

મણિશિખા–મણિપ્રભની પુત્રી.

મેઘનાદ–રત્નશિખાનો પતિ.

રત્નચૂડ–મેઘનાદનો પુત્ર, વિમળનો મિત્ર.

અમિતપ્રભ–મણિશિખાનો પતિ.

અચળ–અમિતપ્રભનો મોટો પુત્ર, રત્નચૂડનો હરિફ.

ચપળ–અમિતપ્રભનો નાનો પુત્ર, રત્નચૂડનો હરિફ.

ચૂતમંજરી–રત્નચૂડની પત્ની.

ચંદન–સિંહપુત્ર, રત્નશેખરનો મિત્ર.

મુખર–દૂત અને ગુપ્તચર.

પૂ. બુધસૂરિજી–એક મહાપુરૂષ.



ભવ–ગામનું નામ.

સ્વરૂપ–શિવમંદિર.

સારગુરૂ–શૈવાચાર્ય.

બઠરગુરૂ–શૈવાચાર્યનું બીજું નામ.



બુધચરિત્રના પાત્રો.

ધરાતલ–અન્તરંગ નગર.

શુભવિપાક–ધરાતલના રાજા.

નિજસાધુતા–શુભવિપાકની રાણી.

બુધકુમાર–શુભવિપાકના પુત્ર, બુધસૂરિજી.

અશુભવિપાક–શુભવિપાકનો નાનો ભાઇ.

પરિણતિ–અશુભવિપાકની પત્ની.

મંદકુમાર–અશુભવિપાકનો પુત્ર.

વિષણા–બુધકુમારની પત્ની.

વિચાર–બુધકુમારનો પુત્ર.

ધ્રાણુ–મંદકુમારનો મિત્ર.

ભુજંગતા–ધ્રાણુની પરિચારિકા.

માર્ગાનુસારિતા–વિચારની માસી.

સત્ય–ચારિત્રરાજનો દૂત.

સંયમ–ચારિત્રરાજનો વડો સૈનીક.

કમળ–ધવળરાજાનો પુત્ર.

વિશદમાનસ–અંતરંગ નગરનું નામ.

શુભાભિસંધિ–વિશદ માનસનો રાજા.

શુદ્ધતા–શુભાભિસંધિની રાણી.

પાપભીરૂતા–શુભાભિસંધિની બીજી રાણી.

ઋજુતા–શુભાભિ૦ શુદ્ધતાની પુત્રી.

અચૌરતા–શુભાભિ. પાપભીરૂતાની પુત્રી.



કાંચનપુર–નગરનું નામ.

રિપુસૂદન–કાંચનપુરના રાજા.

સરલ–કાંચનપુરનો શેઠ.

બંધુમતી–સરલ શેઠની પત્ની.

બન્ધુલ–સરલ શેઠનો મિત્ર.



પ્રકરણ પહેલું

વામદેવ

આ વિરાટ વિશ્વમાં "વર્ધમાન" નામનું એક વરિષ્ટ નગર હતું. રાજહંસોના સ્વૈર વિહારવાળા શ્રીદેવીના પદ્મસરોવરમાં પદ્મ શોભે તેમ આ નગર શોભતું હતું.

વર્ધમાન નગરનું વાતાવરણ સદાય દીપાલિકા પર્વ જેવું જણાતું હતું. કારણ કે ત્યાંના ગગનચૂંબી આવાસોના ઉપલા ભાગમાં દીપમાલાઓ ઘણી હતી. એ દીપમાલાઓનો જ્યોતિસમૂહ રાત્રીમાં દીવાળીનું વાતાવરણ સર્જન કરી દેતું.

જ્યોતિ સમૂહથી ઝગઝગાટ ઝગમગતા આ નગરમાં "ધવલ" નામના મહારાજા સુંદર અને સ્વચ્છ રાજ્યદોર ચલાવતા હતા. રાજ્યના સુવહિવટના કારણે એમની આદર્શ યશોગાથા ગવાતી હતી. પોતાની સ્વચ્છ યશઃપ્રભા દ્વારા ધવલ મહારાજાએ જગતને પણ ધવલ બનાવી દીધું હતું.

ધવલ યશસ્વી ધવલ મહારાજાનો પ્રતાપ વનના મહાદાવાનળ જેવો પ્રખર હતો. એમના પ્રતાપના પ્રસારને કોઇ આંબી શકે એમ હતું નહિ. પ્રખર વનદવથી પર્વતની વંશ સમૃદ્ધિ નષ્ટ ભ્રષ્ટ થાય, તેમ ધવલ મહારાજાના પ્રતાપી પ્રતાપથી શત્રુ રાજાઓના વંશો નષ્ટ ભ્રષ્ટ બની ગયા હતા. એમની સામે કોઈ હામ ભીડતું ન હતું.

મહારાજા શ્રી ધવલને કમલવાસિની શ્રીદેવીના રૂપને શરમાવતી "કમલસુંદરી" નામની પટ્ટરાણી હતી. રાણીનું વદન કમળ સમુ સુશોભિત હતું. એમના વિકસિત નયનો કમળદળ જેવા વિશાળ સુડોળ અને સ્વચ્છ હતા. ઉદારતા અને સદાચાર વિગેરે ગુણો પણ એમના જીવનમાં વણાએલા હતા. સાક્ષાત્ બીજા શ્રીદેવીની ગણનામાં એમનું પ્રતિભાશીલ સ્થાન હતું.

મહારાણી શ્રી કમલસુંદરીની રત્નકુક્ષીથી મહારાજાને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. એ કુમારનું નામ "વિમલ" રાખવામાં આવ્યું. ગુણરત્નો માટે એ મંદિર સમાન હતો. વિમલ ખરેખર દરેક રીતે વિમલ હતો. મલ એનામાં ક્યાંય હતો નહિ.

વળી આ નગરમાં નગરજનમાન્ય અને રાજસન્માન્ય "સોમદેવ" નામના ગર્ભશ્રીમંત ધનપતિ રહેતા હતા. આ ધનપતિ પણ ઘણાજ સાત્વિક ગુણોને વરેલા હતા. એમના આવાસમાં લક્ષ્મીની રેલમછેલ હતી અને જીવનમાં ઉદાત્ત અને નિર્મળ ગુણો ઉભરાતા હતા.

ધનપતિ શ્રી સોમદેવને સુવર્ણરેખા સદશ કમનીય કાંતિવાળી "કનકસુંદરી" નામની શીલવતી અને ગુણવતી સુપત્ની હતી.

હે અગૃહીતસંકેતા ! ભવિતવ્યતાએ મને કનકસુંદરીના ગર્ભમાં લાવી મૂકયો. યોગ્ય સમયે અનુકૂળ વાતાવરણમાં

મારો જન્મ થયો. મારા જન્મની સાથે મારા જુગ જુગ જુના મિત્ર પુણ્યોદયનો પણ જન્મ થયો.

માત–તાતે પુત્ર જન્મના હર્ષમાં નાનકડો છતાં સુંદર ઉલ્લાસ ભર્યો ઉત્સવ કરાવ્યો. સ્નેહીઓ અને નાતીલાઓની ખુશી વચ્ચે મારા નામકરણનો વિધિ થયો. "વામદેવ" મારૂં નામ રાખવામાં આવ્યું.

રાજઉદ્યાનમાં મોંઘેરા આમ્રવૃક્ષનો જે રીતે ઉછેર થાય એ રીતે સોમદેવ ધનપતિના ઘરમાં હું મનમોહક અને તન-સુખકર વાતાવરણમાં મોટો થવા લાગ્યો.

સ્તેય અને માયાની મિત્રતા :

હું આનંદ પ્રમોદમાં મોટો થતો ગયો તેમ મારી જ્ઞાન શક્તિ અને સમજ શક્તિ વધવા લાગી. બાહ્ય વ્યવહારોને હું સાધારણ રીતે સમજતો થયો. ત્યારે એકવાર શ્યામવર્ણી બે પુરૂષો અને કદરૂપી કમર વળેલી એક નારીને જોઇ.

એ ત્રણમાંથી એક પુરૂષ મારી નજીકમાં આવ્યો. મને પ્રેમથી ભેટી પડ્યો અને બોલ્યો, અરે પ્રિય મિત્ર ! તું મને ઓળખે છે કે નહિ ?

મેં કહ્યું, "ભાઇ ! હું તમને ઓળખતો નથી. મારા આ શબ્દો સાંભળી એ પુરૂષનું મુખ નિસ્તેજ બની ગયું. હૈયું ઉદાસ બની ગયું. એ બોલ્યો, અરે મિત્ર ! આપણે જુગ પુરાણા મિત્રો હતા, આપણી પ્રીતિ અપાર હતી. જેને હું જીગરજાન મિત્ર માનતો હતો, એ મને ભૂલી ગયો ? ખરેખર આ મારી પોતાની કમનશીબી છે.

અરે વરલોચન ! મેં તમને ક્યાં અને ક્યારે જોયા છે, એ જણાવશો ?

મારા પ્રશ્નના સમાધાનમાં એણે જણાવ્યું કે, આપને સ્મૃતિ થાય એ માટે હું બધી વાત વિસ્તાર પૂર્વક જણાવું છું, તમે ધીરજ ધરી સાંભળો.

તમે પહેલાં અસંવ્યવહાર નગરમાં રહેતા હતા. ત્યાં તમને મારા જેવા ઘણા મિત્રો હતા, પણ હું મિત્ર તરીકે ન હતો. શ્રી કર્મપરિણામ મહારાજાની આજ્ઞાથી તમારી પત્ની ભવિતવ્યતાને સાથે લઇ તમે એ નગરીથી ફરવા માટે બહાર નિકળ્યા.

સૌ પ્રથમ તમે એકાક્ષનિવાસ નગરની સફરે ગયા. પછી વિકલાક્ષ નિવાસના નગરોની મુસાફરી કરી. ત્યાંથી પંચાક્ષપશુ સંસ્થાન ભણી પ્રયાણ કર્યું. એમાં ફરતાં ફરતાં તમે પંચાક્ષ ગર્ભજ સંજ્ઞી કુળપુત્રક બન્યા. આ સ્થળે તમારી અને મારી મૈત્રીનો મંગળ પ્રારંભ થયો. એ વખતે હું ગુપ્ત રહેતો હતો. ત્યાંની મિત્રતાની વાત તમારા ખ્યાલમાં ન હોય એ સંભવી શકે છે.

ઘણાં વખત સુધી પંચાક્ષપશુસંસ્થાનના નગરોમાં રહીને આગળ સફર લંબાવી. ભમતા ભમતા મનુજગતિ નગરીના અવાંતર વિભાગના સિદ્ધાર્થ નગરની મુલાકાતે આવી પહોંચ્યા. સિદ્ધાર્થ નગરના રાજાના ત્યાં કેટલાક દિવસ તમે કુમાર તરીકે રહ્યા. રિપુદારણ નામથી તમારી પ્રસિદ્ધિ થઇ. તમારૂં મૂળનામ તો સંસારીજીવ હતું.

નવા નવા નગરોની સફરમાં તમારા નામો નવા નવા થતા રહેતા. મૂળનામ સંસારીજીવ પણ ચાલુ રહેતું.

વ્હાલા મિત્ર ! વરનયન ! રિપુદારણના ભવમાં તમારી અને મારી મિત્રતા ઘણી વિકસી ગઇ. તમે મને મૃષાવાદ નામથી ઓળખતા હતા. આપણે એ વખતે ખૂબ આનંદ અને ઉલ્લાસમાં દિવસો ગાળતાં હતાં. રમત ગમત કરી જીવ બહેલાવતાં હતાં. મારી કપટકુશળતા ઉપર તમને ઘણી પ્રીતિ હતી. મારી એ શક્તિ ઉપર તમે ફીદા ફીદા થઇ જતા હતા.

તમે મને એક વખતે પૂછયું હતું, કે મિત્ર મૃષાવાદ ! તું આવી કુશળતા કોની પાસેથી શીખી લાવ્યો છે ? તને એવા કળાગુરૂ કોણ મળ્યા કે જેના શિક્ષણના પ્રતાપે તું કપટકળા હસ્તગત કરી શક્યો ?

મેં એ વખતે તમને કહ્યું હતું, મિત્ર ! શ્રી રાગકેશરી મહારાજાની સુપુત્રી માયાદેવીના ઉપદેશથી મારામાં કળાકૌશલ આવ્યા છે. એમના શિક્ષણના પ્રતાપે હું ચતુરનરની ગણનામાં સ્થાન મેળવી શક્યો છું.

મારી વાત સાંભળી તમને માયાદેવીના મિલનની ઝંખના થઇ. અને તમે જણાવ્યું, મિત્ર ! એ માયાદેવીના દર્શન મને પણ તું કરાવ.

મેં તમારી વાતનો સ્વીકાર કરેલો અને જણાવેલું કે યોગ્ય અવસરે તમને માયાદેવીની મુલાકાત કરાવીશ. તમારી સાથે એની પણ મિત્રતા કરાવી આપીશ. એ પ્રતિજ્ઞાનું સ્મરણ

કરીને મારી બહેન "માયા" ને લઇ તમારા દર્શન કરવા અહીં આવ્યો છું.

તમે રિપુદારણ હતા ત્યારે મારા ઉપર તમારો સ્નેહ અપાર હતો. મારા વગર તમને જરાય ગમતું ન હતું પરન્તુ આજે તમે મને જરાય ઓળખતા નથી એ પણ મારી મોટી કમનશીબી જ ગણાયને ? તમેં મને ભૂલી ગયા એથી હું મંદભાગી છું. તમારા જેવા મિત્ર પણ મને ભૂલી જાય એથી વધુ ખેદજનક શું હોઇ શકે ? હવે હું ક્યાં જાઉં ? શું કરું ? અરે મહાભાગ ! તમે મને ભૂલી ગયા તેથી મારી અવદશા થઇ પડી. ઓ મારા પ્રભુ ! મારૂં શું થશે ?

અરે મૃષાવાદ ! તેં પૂર્વભવોની વાતો જણાવી, પણ મને એની કાંઇ સ્મૃતિ થતી નથી. હું ભૂલી ગયો હોઈશ. એમ છતાં તારા ઉપર મારો અંતરનો સ્નેહભાવ ઘણો ઉભરાય છે. આ કારણથી હું માનું છું કે તું મારો દીર્ઘપરિચિત છે.

જો એમ ન હોય તો તને જોઇને તારા ઉપર મારૂં હેત કેમ ઉભરાય ? "સ્નેહીઓનું દર્શન પૂર્વભવોના સ્નેહની સ્મૃતિ કરાવે છે," તને મળતાં જ મને તારા ઉપર સ્નેહ થયો, એથી માની શકાય કે આપણે જુગ જુગ જુના મિત્રો હતા.

ભદ્ર ! હું તને ભૂલી ગયો, એ વિષયમાં તારે જરાય મનમાં ન લાવવું. તારે મનઃસંતાપ ન કરવો. તું મારો મિત્ર છે. તું મારો પ્રાણસખા છે. તું મારો પ્રિય બન્ધુ છે. મારા જેવું જે કાંઇ કાર્ય હોય, તે નિઃસંકોચ જણાવી શકે છે.

મૃષાવાદે કહ્યું, મિત્ર વામદેવ ! મારે તમને એક જ વાત

કહેવાની છે. તમે સાંભળો. જુઓ ! આ મારી બહેન છે. "માયા" એનું નામ છે. એનો સ્વભાવ અતિ પ્રેમાળ છે. એના કાર્યોથી જનસમુદાયે ખૂશ થઇને "બહુલિકા"[૧] નામ પાડયું છે. આ એનું હુલામણું નામ છે.

મારે તમને એટલું જ કહેવાનું કે તમે જે રીતે મારી સાથે મૈત્રીભર્યો વ્યવહાર રાખતા હતા, એવો જ વ્યવહાર મારી બહેન બહુલિકા સાથે પણ રાખજો. હમણાં હું ગુપ્ત રીતે રહીશ. મારે રહેવા માટે હાલ અનુકૂળ સમય નથી.

પરન્તુ જ્યાં બહુલિકા રહેતી હોય છે ત્યાં ગુપ્તપણે મારો પણ અહો જામેલો જ હોય છે. જ્યાં હું ત્યાં બહુલિકા અને જ્યાં બહુલિકા ત્યાં હું. અમે આ નીતિથી અભિન્ન સ્વરૂપ ધરાવનારા છીએ.

પ્રિય વામદેવ ! આ બીજો પુરૂષ તે મારો લઘુ બન્ધુ છે. મહાપરાક્રમી છે. "સ્તેય" એનું નામ છે. તમારી સાથે મિત્રતા કરવા ઝંખના રાખે છે. તમને એની મિત્રતા લાભમાં થશે, એમ માની હું સ્તેયને પણ તમારી મુલાકાત માટે સાથે લઇ આવ્યો. તમે જે રીતે મારી સાથે સ્નેહાળ વર્તન રાખતા હતા એ રીતે મારા નાના બન્ધુ સ્તેય સાથે પણ કુણું વર્તન રાખશો, એવી નમ્ર આશા રાખું છું.

મેં જણાવ્યું, મિત્ર ! માયા જેમ તારી બહેન છે અને તને જેટલી વહાલી છે, એમ એ મારી પણ બહેન છે અને

---

૧ બહુલિકા એ માયાનો પર્યાયવાચી શબ્દ છે.

હું વહાલથી રાખીશ. સ્તેય તારો બન્ધુ છે એમ મારો પણ પ્રિય બન્ધુ છે. હું પ્રેમથી સાચવીશ.

મારી વાત સાંભળી મૃષાવાદ હર્ષથી નાચી ઉઠ્યો. એણે કહ્યું, મિત્ર ! તમે મારા ઉપર ખૂબ કૃપા વર્ષાવી દીધી. આ શબ્દો બોલી યોગી પુરૂષની જેમ તરત અદૃશ્ય બની ગયો.

માયા અને સ્તેયની અસરો :

મૃષાવાદના અન્તર્ધાન થયા પછી માયા અને સ્તેયે મારા શરીરમાં પ્રવેશ કર્યો. મારા ઉપર પોતાની શક્તિની અજમાયશ ચાલુ કરી દીધી. એ અસરોથી મારૂં અંતઃકરણ મલીન થવા લાગ્યું. વિચારોમાં તમોગુણનો વિકાસ થવા લાગ્યો, સત્ત્વગુણે વિદાય લીધી.

માયા જેવી ચતુરા બહેન મળવાથી અને સ્તેય જેવા વિચક્ષણ મિત્રના મેળાપથી હું મને પરમ ભાગ્યવાન ગણવા લાગ્યો. માયા અને સ્તેયના સહયોગથી હું સૌને સિફતથી છેતરવા લાગ્યો. બીજાનું ધન ચોરવામાં નિષ્ણાત બની ગયો. કપટકળા અને તસ્કરકળામાં હું કુશળ બની ગયો. સાક્ષાત મને કોઈ પકડી શકતું ન હતું.

મારી કપટકળા અને ચૌર્યકળાની વાર્તા ધીરે ધીરે લોકોમાં વહેતી થઇ ગઇ. મને તણખલા કરતા હલકો ગણવા લાગ્યા. ધૂળ કરતા હું તુચ્છ ગણાયો. સર્પની જેમ અવિશ્વાસુઓમાં મારી નોંધણી થઇ. સર્પની પડખે કોઇ જવા રાજી ન થાય, એમ મારો સંસર્ગ કરવા કોઇ ઇચ્છતા ન હતા. સૌ મારાથી દૂર-સુદૂર રહેતા.

વિમળ સાથે મૈત્રી :

આ વર્ધમાન નગરના મહારાજા શ્રી "ધવળ" હતા. કમળવૃંદ સમા ગૌરવર્ણા "કનકસુંદરી" એમના પટ્ટરાણી હતા. કનકસુંદરી અને મારી માતા એ બન્ને બહેનપણીઓ હતી. બંને નિખાલસ સાહેલીયો હતી. એમનો પ્રેમ શુદ્ધ અને સાત્વિક હતો.

મહારાણી શ્રી કનકસુંદરીને "વિમળ" નામનો પુત્ર હતો. અમારી માતાઓ સખીયો હતી એટલે અમે પણ મિત્ર બન્યા. એ મને અંતરથી ચાહતો હતો.

પરન્તુ માયાદેવીના કહેવાથી હું વિમળ સાથે કપટપૂર્ણ વ્યવહાર રાખતો. બગભક્ત જેવો મારો સંબંધ હતો. એ છતાં વિમળ મારી સાથે નિર્મળ વ્યવહાર રાખતો. એનું અંતર શરદ ઋતુના આભ જેવું નિર્મળ હતું, વ્યવહાર પણ નિર્મળ હતો. સાદગી સરલતા અને સૌમ્યતાનો એ અવતાર હતો.

વિમળમાં સજ્જનતાની જ્યોતિનો પ્રશાંત અને સ્થિર પ્રકાશ હતો. પણ મારામાં દુર્જનતાનો અંધકાર હતો, છતાં વિમળની સહૃદયતાના લીધે અમારા દિવસો આનંદમાં જતાં. વિમળને શ્રેષ્ટ અધ્યાપક મળ્યા. દરેક કળાઓનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો. એમ કરતાં યુવતિના હૃદયને હરનારા કામદેવના આધાર-સ્તંભ સમા યૌવનના મદઝર વાતાવરણમાં અમોએ પ્રવેશ કર્યો.

પ્રકરણ બીજું

રત્નચૂડ

વિમળનો પ્રેમ નિર્મળ હતો. હું માયાના મંદિર જેવો હતો. છતાં વિમળની સજ્જનતાથી અમારી મૈત્રી આગળ વધતી ગઇ. અમે મિત્રો ફરતા ફરતા એક દિવસે નહિ જોયેલા અપૂર્વ વનમાં આવી પહોંચ્યા.

ક્રીડાનંદન વન :

એ ક્રીડાનંદન વન હતું. અશોક, નાગ, પુન્નાગ, બકુલ, અંકોલ વિગેરે વૃક્ષોથી સુશોભિત હતું. ચંદન, અગર, તગર, કપૂરના વૃક્ષોથી મઘમઘી રહ્યું હતું. લતા મંડપો અને દ્રાક્ષના મંડપોથી સૂર્યના કિરણો પણ ઉષ્ણતા ઉભી કરી શકતા ન હતાં.

કેતકી, ગુલાબ, મોગરા, મચકુંદ, જાઇ, જુઇ, દમનક, કદંબ વિગેરેના પુષ્પગુચ્છોની સુગંધથી આકર્ષાઇને આવેલા ભ્રમરગણો ગુંજારવ કરી સંગીતનું વાતાવરણ ઉભું કરતા હતાં.

તાલ, હીંતાલ અને નારીયેલના ઉંચા વૃક્ષો સ્વર્ગના નંદનવનને આમંત્રણ આપતા જણાતા હતા. આમ્ર, જાંબુનદ, ફણસ, વિગેરેના વૃક્ષો વનની શોભામાં વધારો કરતાં હતાં.

આ વનમાં કોયલના ટહુકા, મયૂરનો કેકારવ, કબુતરનું

ગુંજન, બુલબુલના બોલ, મેનાના કોલ વાતાવરણને માદક બનાવી દેતા હતા.

આવા મદસભર ક્રીડાનંદન વનમાં અમો આનંદથી ફરી રહ્યા હતા, ત્યાં અમારા કાનમાં રૂપાના ઝાંઝરની ઘૂઘરીઓનો મધુર ઝંકાર આવ્યો અને સાથે કોઇ યુગલ વાતો કરતું હોય એમ જણાયું. વાતો ધીમી હતી એટલે અમે સ્પષ્ટ સમજી શકયા ન હતા.

યુગલ દર્શન :

જે દિશા તરફથી એ અવાજ આવતો હતો તે તરફ અમે ચાલવા લાગ્યા. એ માર્ગમાં કોઇ યુગલના પનોતા પગલાં મંડાએલા જણાતા હતાં. વિમલે એ પગલાં જોયા અને મને કહ્યું.

વામદેવ ! જેના આ પગલાં દેખાય છે, તે કોઇ સામાન્ય યુગલ હોય એમ લાગતું નથી. આ પગલામાં સ્વસ્તિક, અંકુશ, ચક્ર વિગેરે રીતસર જોઇ શકાય છે.

આવા સુંદર લક્ષણોથી જાણી શકાય છે કે આ યુગલ કોઇ મહાભાગ છે. એમાં એક નરરત્ન છે અને બીજી ભાગ્યવતી સુભગા નારી છે. આ બન્ને અદ્‌ભુત સંપત્તિ અને સૌભાગ્યને વરેલા જણાય છે.

મિત્ર વિમળ ! ચાલો આગળ, આપણે જાતે જ એની ખાત્રી કરીએ. આ પ્રમાણે મેં જણાવ્યું.

અમે આગળ વધ્યા. એક ગીચ લતામંડપ જોયો. એ લતામંડપમાં એક નાનું સરખું છિદ્ર અમારા જોવામાં આવ્યું. એમાંથી અમે ધીરે રહીને જોયું. સાચે જ એક યુગલ ત્યાં

હતું. કામદેવ અને રતિને પણ હસી કાઢે એવું સુંદર સોહામણું હતું. વિમલે તો નખશિખ નિહાળી લીધું.

અમે ત્યાંથી પાછા હઠી ગયા. વિમલે ધીરેથી કહ્યું, વામદેવ! ચોક્કસ આ યુગલ સામાન્ય નથી. આ નર નારી મહાન્ જ હોવા જોઇએ. એના પગલાં જેટલા સુલક્ષણા છે એટલું જ એનું પૂર્ણ અંગ સુંદર, સુરેખ અને સુલક્ષણ છે. એના અંગેઅંગમાં પુણ્ય લક્ષણો જણાય છે.

મારૂં માનવું છે કે આ નર અવશ્ય મહાન્ ચક્રવર્તી બનવો જોઇએ. આ કોમલાંગી નારી પણ મહાસૌભાગ્યવંતી જણાય છે. એણીના શરીર ઉપરના સામુદ્રિક લક્ષણો જોતાં લાગે છે કે આ સ્ત્રીરત્ન છે અને માનવીય પરમ સૌભાગ્યને પ્રાપ્ત કરનારી નારી છે. આ ચક્રવર્તીની પત્ની હશે. આ બન્ને અસાધારણ વ્યક્તિઓ છે.

મેં કહ્યું, મિત્ર વિમળ! તારી વાત સાંભળી મને તો સ્ત્રી અને પુરૂષોના સામુદ્રિક લક્ષણો જાણવાની ઉત્કંઠા થઇ છે. આશા છે કે કુમાર એ વિષયક પોતાનો અનુભવ મને જણાવશે.

વિમળ પોતાના અનુભવ અને જ્ઞાન પ્રમાણે સામુદ્રિક વિભાગ વિગત પૂર્વક જણાવે છે. પુરૂષના અને સ્ત્રીના અંગે-અંગનું વર્ણન કરી બતાવે છે. વર્ણન હજુ ચાલુ છે ત્યાં એક નવો જ પ્રસંગ ઉભો થયો.[1]

---

૧ નરનારીના અંગલક્ષણોનું વર્ણન શ્રી મો. ગી. કાપડીયાના ઉપમિતના ભાષાંતરમાં ઘણું કર્યું છે. એથી વધુ જાણવાની ઇચ્છા-વાળાએ શ્રી ભદ્રબાહુનો સામુદ્રિક ગ્રંથ જોવો.

આકાશમાં યુદ્ધ :

વિમલ અંગલક્ષણ વિભાગ મને સમજાવતો હતો, ત્યારે જે લતાગૃહમાં યુગલ આનંદ કરી રહ્યું હતું એના ઉપરના આકાશ વિભાગમાં કોઇ બે માનવો આવી ચડ્યા. એ સૂર્ય જેવા તેજસ્વી, હાથોમાં ચળકતી તલવારોવાળા અને ભયંકરતાથી ભરપૂર જણાતા હતા.

એ બેમાંથી એક ગર્જના કરતો બોલ્યો, અરે દુષ્ટ ! તું આ જગત ઉપર છેલ્લી નજર કરી લે. તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. ગમે ત્યાં નાશી જા એથી તું છટકી નહિ શકે. તારામાં પરાક્રમ હોય તો અમને દેખાડ. લતાગૃહમાં કાં લપાઇ ગયો છે ?

અપમાનજનક શબ્દો સાંભળી લતાગૃહવાળો સુલક્ષણો નર પોતાની ગભરાઇ ગએલ નારીને ધીરજ આપી ત્યાં જ મુકી બહાર આવ્યો અને પેલા બે પુરૂષોને કહ્યું.

અરે ઓ નરાધમો ! તમે જે બોલ્યા છો તે હવે ભૂલશો નહિ. એમ કહી હાથમાંથી વિજળી જેવી ચળકતી તલવાર લઈ આકાશમાં એ નરાધમો પ્રતિ ધસ્યો.

જેણે ગર્જના કરી લતાગૃહમાં રહેલા સુલક્ષણા પુરૂષને ક્રોધિત કરેલો એ બેનું આકાશમાં ભયંકર યુદ્ધ ચાલ્યું. ક્રોધથી એક બીજા ઉપર ધસવા લાગ્યા. સિંહ ગર્જના જેવા હાકોટા કરવાથી અને શસ્ત્રોના ભયંકર અવાજોથી ચારે દિશા અવાજમય બની ગઇ. ગગન શબ્દાદ્વૈત બની ગયું.

આ રીતે બન્ને યુદ્ધ કરી રહ્યા હતા ત્યારે ત્રીજો પુરૂષ લતાગૃહમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખતો હતો અને વારંવાર એ તરફ નજર કરતો હતો.

લતાગૃહમાં માત્ર પેલી અબળા બાળા હતી. આ પુરૂષને જોઇ તે ભયથી ગાભરી બનેલી હરણીની જેવી ગાભરી બની ગઇ. એના નયનો ભયથી ચકળવકળ થવા લાગ્યા. પોતાના રક્ષણ ખાતર ત્યાંથી ભાગવા લાગી.

ભાગતા ભાગતા એણીએ વિમલને જોયો એટલે તે બોલી. "હે નરરત્ન! હું તારે શરણે છું, તું મારી રક્ષા કર. ઓ મહાપુરૂષ! તું મને બચાવ, બચાવ."

વિમલે કહ્યું, હે સુભગે! તું જરાય ગભરાઇશ મા. ત્રાસ પામવાનું કોઈ કારણ નથી, ધીરી બન. શાંત થા. તારો વાળ પણ કોઇ વાંકો કરી શકે એમ નથી.

આ સુંદરીને ઉપાડી જવા બીજો પુરૂષ ત્યાં આવી રહ્યો હતો. લતાગૃહમાં આવે એ પહેલાં જ કુમારના ગુણોથી આકર્ષાએલા વનદેવતાએ એને ત્યાં જ સ્થિર કરી નાખ્યો. એક કદમ પણ આગળ ન વધી શક્યો. આકાશમાં અદ્ધર લટકતો રહ્યો.

આકાશમાં યુદ્ધે ચડેલા બંને જણા ધમસાણ મચાવી રહ્યા હતા. લતાગૃહમાંથી ગએલા નરરત્ને આવેલા પુરૂષને હંફાવી દીધો. તે પોતાના બચાવ ખાતર પલાયન થયો અને તેની પાછળ આ નરરત્ન પડ્યો.

આકાશમાં વનદેવતા દ્વારા સ્તંભિત થએલા પુરૂષને પણ

ભાગવાની ઇચ્છા થઇ અને વનદેવતાને એ વાતનો ખ્યાલ આવ્યો એટલે એને છૂટો કર્યો. છૂટા થતાં જ એ પણ લડી રહેલા પુરૂષો તરફ દોડ્યો.

ત્રણે જણા એટલા દૂર પહોંચી ગયા કે લતાગૃહવાળી બાળા કોઇને જોઇ શકતી ન હતી. પોતાના પ્રિય વ્યક્તિના વિરહ થવાથી એ બાળા વિલાપ કરવા લાગી. ઓ મારા આર્યપુત્ર ! તમે ક્યાં ગયા ? ક્યારે આવશો ? તુમ વિણ મુજ અબળાનું શું થશે ? હું શું કરીશ ?

મેં અને વિમળકુમારે બાળાને ધીરજ અને આશ્વાસન આપ્યું. થોડા જ વખતમાં લતાગૃહવાળો સુંદરીનો સુલક્ષણો નર વિજયમાળાને વરી હેમકુશળ ત્યાં આવી પહોંચ્યો.

સુભગાને પ્રિયના દર્શન થવાથી આનંદ થયો. અમૃતથી સિંચન કરાયું હોય એમ એ પ્રફુલ્લ બની ગઇ. મુખ ઉપર મિલનનું સ્મિત ઉભરાવા લાગ્યું. પોતાના પ્રિયને જણાવ્યું કે:

આભારદર્શન :

હે આર્યપુત્ર ! આપના ગયા પછી આ મહાભાગે દુષ્ટના સંકળામાંથી મને બચાવી છે. આ પુણ્યનર ના મળ્યો હોત તો સાચેજ મારી કઇ દુર્દશા થાત, એ હું ન કહી શકત. આ નરરત્નનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

પ્રિયતમાના વચનો સાંભળી મિથુનકે વિમલકુમારને પ્રણામ કર્યા. હાથ જોડી બોલ્યો કે તમે મારા બન્ધુ છો, પિતા છો, માતા છો. હે નરોત્તમ ! તમે જ મારા પ્રાણજીવન છો.

તમે દુષ્ટના ફંદામાંથી મારી પ્રિયતમાને બચાવી છે, એને સંરક્ષણ આપ્યું છે, તેથી હું આપનો એક તુચ્છ કિંકર છું. આપને જે કાંઇ કાર્ય હોય તે મને જણાવો, આપનું પ્રિય કાર્ય મને બતાવો, હું એ કરી આપવા તૈયાર છું.

વિમળકુમારે કહ્યું, ભદ્ર ! આમ ઉતાવળા શું થાઓ છો ? આભાર માનવાની શું આવશ્યકતા છે ? તમારી પ્રિયતમાનું રક્ષણ કરનાર અમે કોણ છીએ ? અમારૂં એ ગજું નથી. ભાઇ ! તમારા પોતાના જ પવિત્ર પ્રભાવથી તમારી પ્રિયતમાનું રક્ષણ થયું છે.

પરન્તુ એકવાતનું મને ઘણું આશ્ચર્ય થઇ રહ્યું છે, જાણવાની ઉત્કંઠા થઇ રહી છે, તે કુમાર અમને જરૂર કહેશે. આપ કોણ છો ? યુદ્ધ માટે આવેલા પેલા બે કોણ હતા ? એની પાછળ ગયા પછી શું બન્યું ? કાંઇ ગુપ્તતા ન હોય તો જણાવો.

આપે વાત સાંભળવી હોય તો આપણે અહીં શાંતિથી બેસવું જોઇશે. આ પ્રમાણે સુલક્ષણા પુરૂષે જણાવ્યું એટલે અમે બધા લતાગૃહમાં વાત સાંભળવા શાંતિથી બેસી ગયાં.

રત્નચૂડની આત્મકથા :

વિમળકુમારની, મારી અને સુભગા સ્ત્રીની હાજરીમાં વિજયમાળાને વરી આવેલો યુવક પોતાની કથા કહે છે.

શરદ ઋતુના શાંત અને નિર્મળ ચંદ્રના કિરણોની જ્યોતિ સમુહ જેવો શ્વેત રૂપાનો બનેલો "વૈતાઢ્ય" પર્વત છે. એ વૈતાઢ્ય ઉપર વિદ્યાધરોને રહેવાના નગરો આવેલા છે.

ઉત્તરશ્રેણી અને દક્ષિણશ્રેણી એમ બે વિભાગમાં વહેંચાએલા છે. ઉત્તરશ્રેણીમાં સાઠ અને દક્ષિણશ્રેણીમાં પચાસ નગરો આવેલા છે. દક્ષિણશ્રેણીમાં "ગગનશેખર" નામનું એક નગર આવેલું છે.

એ નગરના "મણિપ્રભ" રાજા છે અને એમને કનકજ્યોત જેવી કનકશિખા રાણી છે. એમના ત્રણ સંતાનો છે. "રત્નશેખર" નામનો પુત્ર અને "રત્નશિખા" તેમજ "મણિશિખા" નામની બે પુત્રીઓ છે.

રત્નશિખાને "મેઘનાદ" નામના વિદ્યાધર સાથે પરણાવવામાં આવી. એમનો હું પુત્ર છું અને "રત્નચૂડ" મારૂં નામ છે. મણિશિખાને "અમિતપ્રભ" નામના વિદ્યાધર સાથે પરણાવવામાં આવી. "અચલ" અને "ચપલ" નામના એમને બે પુત્રો હતા.

મારા મામા રત્નશેખરને "રતિકાંતા" નામની એક પત્ની હતી. એને માત્ર આ એક પુત્રી હતી અને એનું નામ "ચૂતમંજરી" છે. આ રીતે અચળ, ચપળ, હું અને ચૂતમંજરી સમવયસ્ક હતા.

બીજી તરફ મારા મામા રત્નશેખરને એક "ચંદન" નામના સિદ્ધપુત્ર સાથે બાળપણાથી મિત્રતા હતી. એ ચંદન જૈનધર્મનો અચ્છો જાણકાર અને સ્ફટિક જેવી સ્વચ્છ બુદ્ધિ ધરનારો હતો. જ્યોતિષશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, મંત્રતંત્ર, યોગવિદ્યા, સામુદ્રિકશાસ્ત્ર વિગેરેનો પણ સારો જ્ઞાતા હતો.

સિદ્ધપુત્ર ચંદનના સંસર્ગથી મામા રત્નશેખર જૈનધર્મી

બન્યા હતા. એના ઉપદેશથી હું અને મારા માત-તાત પણ જૈનધર્મની ઉપાસના કરતા હતા. ચંદન તરફથી જ અમને ધર્મજ્ઞાન મલ્યું.

એક દિવસે સિદ્ધપુત્ર શ્રી ચંદને પોતાના જ્યોતિષાદિ શાસ્ત્રના બળે મામા રત્નશેખરને કહ્યું કે આ તમારો ભાણેજ ઘણા પુણ્ય લક્ષણોથી યુક્ત છે. આ છોકરો જરૂર થોડા સમય પછી વિદ્યાધર ચક્રવર્તી થશે.[૧]

અચળ અને ચપળના દ્વેષનું કારણ :

સિદ્ધપુત્ર શ્રી ચંદનની વાત સાંભળી મારા મામા રત્નશેખર ઘણા ખુશી થયા. અમે બંને એક જ ધર્મની આરાધના કરતા હતા વળી સામુદ્રિક લક્ષણોથી હું યોગ્ય હતો એમ માની પોતાની આ ગુણવતી સુપુત્રી ચૂતમંજરી મને આપી. અમે અંતરના પ્રેમથી લગ્નગ્રંથીથી જોડાયા.

મારી સાથે ચૂતમંજરીના લગ્ન થયા છે એ વાતથી અચળ અને ચપળ ઘણા ગુસ્સે ભરાણા. કોઈ પણ યુક્તિ પ્રયુક્તિથી ચૂતમંજરીને ઉઠાવી જવાનો એમણે નિર્ણય કર્યો. મારા દૂષણ જોવા લાગ્યા. ચૂતમંજરીને ઉઠાવી જવાનો લાગ જોવા લાગ્યા.

મને એ વાતની જાણ થઇ. મારૂં ખૂન ન થઈ જાય એટલે હું ચેતીને રહેવા લાગ્યો. અચળ અને ચપળની હીલચાલ ઉપર દેખરેખ રાખવા લાગ્યો. એ માટે "મુખર" નામના

---

૧. વિમલકુમારે વામદેવને આ વાત કહેલી. માટીમાં પગના ચિન્હ જોઈ એ લક્ષણો જણાવતો હતો.

ચરની ગોઠવણ કરી દીધી. મુખર ઘણો કાબેલ વ્યક્તિ હતો, એ આજે સવારે મારી પાસે આવ્યો હતો. એણે મને જણાવ્યું.

દેવ! અચળ અને ચપળ આજે આવ્યા છે. એમણે "કાલી" નામની વિદ્યા સિદ્ધ કરી છે. વિદ્યા સિદ્ધ કરવામાં એમને ઘણો સમય લાગ્યો. આજે આવતાની સાથે એમણે મંત્રણા ચલાવી નિર્ણય કર્યો છે કે એક જણે રત્નચૂડ સાથે યુદ્ધ કરવું અને બીજાએ ચૂતમંજરીને ઉપાડી ચાલતાં થવું. આ વિષયમાં આપને યોગ્ય લાગે તે કરો.

મુખરની વાત સાંભળી મને વિચાર થયો, કે અચળ અને ચપળ ભલે વિદ્યાસિદ્ધ થયા, હું ધારું તો એમને બંનેને યમધામ પહોંચાડી શકું તેમ છું. મારા માટે એ જરાય મુશ્કેલ નથી.

પરન્તુ મારા માસીજીના દિકરા થાય છે, એટલે મારવા યોગ્ય નથી. વળી અપયશ અને દયાધર્મનો નાશ થાય. અચળ અને ચપળ દુષ્ટ સ્વભાવ અને દુષ્ટ વિચારના છે. એ લોકો કયું અકાર્ય ન કરે એ કાંઇ કહી શકાય નહિ.

છલ કપટના બળે આ ચૂતમંજરીને ઉપાડી જાય અને પાછી મુકી દે તો પણ મારી હલકાઇ ગણાય. મારી નાખે તો પ્રિયતમાનો વિયોગ સહેવો પડે. એક નિર્દોષ બાળાના પ્રાણો જાય.

વળી હાલમાં મારો એવો કોઇ સહાયક નથી કે જે હું અચક કે ચપળ સાથે યુદ્ધ કરૂં ત્યારે મારી પ્રિયતમાનું સંરક્ષણ કરે. સહાયક શુદ્ધ હૃદયી અને બળવાન જોઇએ.

આવી પરિસ્થિતિમાં આ સ્થળેથી મારે કોઇ દૂર પ્રદેશમાં ચાલ્યા જવું એજ ઠીક લેખાશે. એવો વિચાર કરી હું ચૂત-મંજરીને સાથે લઇ આ ક્રીડાનંદન વનમાં આવી પહોંચ્યો.

અચળ અને ચપળ સાથે યુદ્ધ :

હું આ લતામંડપમાં મારી પ્રિયતમા સાથે રહ્યો હતો. અચળ અને ચપળ પણ મને શોધતા શોધતા અહીં આવી પહોંચ્યા. અચળે અભિમાનથી ધમધમી મારા ઉપર આક્ષેપો કર્યા. ક્રૂર શબ્દો બોલી મને ઉશ્કેરી નાખ્યો. એટલે પ્રિયા ઉપર અતિ કોમળ અને પ્રેમાળ લાગણી હોવા છતાં અચળની સામે તલવાર લઈ ધસી પડ્યો.

અચળનું અને મારૂં આકાશમાં યુદ્ધ ચાલ્યું. તમે પણ એ યુદ્ધ જોઇ રહ્યા હતા. યુદ્ધમાં અચળે પીછે હઠ કરી અને ભાગવા લાગ્યો. હું એની પાછળ પડ્યો અને કઠોર વાકયો સંભળાવી ઉશ્કેરી એની સાથે યુદ્ધ કર્યું. શરીરના હાડકા મેં ઢીલા કરી નાખ્યા. જમીન ઉપર પછડાઇ ગયો.

એના પગો પકડ્યા અને ફેરવીને જમીન ઉપર પછાડ્યો. આખું શરીર વળ ઉતરી ગએલ દોરી જેવું ઢીલું બની ગયું. અતિ શક્તિહીન બની ગયો. મને લાગ્યું કે હવે આ ફરી યુદ્ધ માટે તૈયાર નહિ થાય. અરે ! યુદ્ધનો વિચાર પણ નહિ કરે, એમ માની હું લતાગૃહ તરફ પાછો વળ્યો. માર્ગમાં પ્રિયતમા સંબંધી અનેક વિચાર તરંગો ચાલતા હતા.

હું લતાગૃહ તરફ આવતો હતો અને ચપળ સામેથી વેગ-

પૂર્વક આવી રહ્યો હતો. એને જોતાં જ મારા મનમાં અનેક વિચારો ઘોળાવા લાગ્યા. મારૂં મન શંકાશીલ બની ગયું.

અરે ! મારી પ્રિયતમા ચપળના જોવામાં નહિ આવી હોય ? ચપળે વિષય સુખની માગણી કરી હશે અને ચૂત-મંજરીએ ના પાડી હશે તેથી ગુસ્સે બનીને મારી તો નહિ નાખી હોય ? મારી પ્રિયતમાને જીવતી જોઇ હોય અને ચપળ આ રીતે આવે એ કેમ બને ?

ચોક્કસ ચૂતમંજરીને મારી નાખવામાં આવી હશે. ઓ દેવ ! પ્રિયતમા વગર મારે શું કરવું ? હું તરેહ તરેહની આવી શંકાઓ કરતો હતો, ત્યાં ચપળ મારી પાસે આવી પહોંચ્યો. એની સાથે પણ મારૂં ભીષણ યુદ્ધ થયું. જેવા અચળના બુરા બેહાલ થયા, તેવા જ ચપળના પણ બુરા બેહાલ થયા.

અચળ અને ચપળને યુદ્ધમાં જિતીને અનેક જાતની શંકા કુશંકા કરતો, સ્નેહાળ પ્રિયતમાની કુશળતા ઇચ્છતો અધીર મનવાળો હું અહીં આવી પહોંચ્યો. સ્નેહમૂર્તિ સમી પ્રિય-તમાને સુરક્ષિત જોઇ મારા હૈયામાં શાંતિ થઇ. નયનો આનંદથી ડોલી ઉઠ્યા.

પ્રિયતમાએ તમારી વાત જણાવી અને તમે કઇ રીતે બચાવ કર્યો એ જાણીને મારૂં મન પૂર્ણ સ્વસ્થ બન્યું.

અમૂલ્ય રત્ન અર્પણ :

ભદ્ર વિમળ ! તેં મારી પ્રિયતમાનું રક્ષણ કરીને મહાન્ ઉપકાર કર્યો છે. તેં મારા ઉપર પ્રથમ ઉપકાર કરીને મને

ખરીદ કરી લીધો છે. જો કે તું નિઃસ્પૃહ છે, તને કોઇ જાતની લાલસા નથી, છતાં હું શું પ્રત્યુપકાર કરું એ જણાવ !

આ પ્રમાણે કહી રત્નચૂડ વિદ્યાધરે એક ભાસ્વર રત્ન કાઢયું. એ રત્નની જ્યોતિ આગળ સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો અને નિસ્તેજ જણાતો હતો. રત્ન જેવું અસાધારણ હતું, એના રંગો પણ એવા જ અસાધારણ હતા. એમાંથી સફેદ, લાલ, લીલા, પીળા, કાળા વિગેરે અનેક રંગોની પ્રભા નીકળતી હતી. સામેની બાજુએ ઇન્દ્રધનુષની જેમ એની કિરણાવલી આકાર પામતી હતી. એ રત્નનો મૂળ રંગ કયો એવો નિર્ણય કરવો અતિ મુશ્કેલ હતું.

ભાઇ વિમળ ! આ " સુમેચક " રત્ન છે. ઘણા વખત પહેલાં એક દેવ મારા ઉપર પ્રસન્ન બનેલા, એણે આ રત્ન મને આપ્યું છે. આ રત્ન રોગોનો નાશ કરી શકે છે, દારિદ્રયને દૂર કરી શકે છે. દુર્ભાગ્યને દફનાવી શકે છે. બીજા નાના મોટા અનેક ઉપદ્રવોને દૂર કરવામાં ઘણું ઉપયોગી છે. પ્રાણીઓની કોઇ પણ આપત્તિ સહેલાઇથી દૂર કરી શકે તેમ છે.

આ રત્નમાં એવી વિશિષ્ટતા છે કે આ વિશ્વમાં એવો કોઇ પદાર્થ નથી કે જેની ઇચ્છા આ રત્ન પૂરી ના કરે. બીજા શબ્દોમાં કહીએ તો આ રત્ન ચિંતામણિ રત્ન જેવું છે.

બન્ધુ વિમળ ! આ રત્ન ગ્રહણ કરો. આપ એટલો મારા ઉપર જરૂર અનુગ્રહ કરશો. મને નિરાશ નહિ કરો. કારણ કે મહાત્મા પુરૂષો પારકા ઉપર અનુગ્રહ કરવામાં આગ્રહી હોય

છે. જ્યાં સુધી આ રત્ન ગ્રહણ નહિ કરો ત્યાં સુધી મને શાંતિ નહિ થાય. અવશ્ય ગ્રહણ કરવું જોઇશે.

વિમલે કહ્યું, ભાઈ રત્નચૂડ! આ વિષયમાં તારે મને આગ્રહ કરવો નહિ, મનમાં દુઃખ પણ લાવવું નહિ. આ રત્ન ભલે તમારી પાસે જ રહ્યું, આ રત્નનો હું શું ઉપયોગ કરીશ?

મિત્ર રત્નચૂડ! તારા જેવા નરરત્નના દર્શન થવા જ અતિ દુષ્કર છે. એવા પુણ્યવર નરરત્નના દર્શન મને થયા છે. આ દર્શનથી મને શું શું નથી મળ્યું? તારા દર્શનનો યોગ એટલે વિશ્વના તમામ પદાર્થો મને મળી ચૂકયા છે.

ચૂતમંજરી કહેવા લાગી, હે મહાભાગ વિમળ! આર્ય-પુત્રની પ્રાર્થના તમારે માન્ય કરવી જોઇએ. એમની વિનંતિનો અસ્વીકાર તમારે ન કરવો જોઇએ.

મહાપુરૂષો ચિત્તથી ભલે નિષ્પૃહ હોય તો પણ પ્રેમાળ પુરૂષની પ્રાર્થનાને પાછી ધકેલી શકતા નથી. દાક્ષિણ્યતા ગુણને કારણે સંતો ના કહી પ્રાર્થના ભંગ કરતા નથી.

વિચાર કરીને વિમળ ઉત્તર આપવાની તૈયારી કરે છે, ત્યાં તો રત્નચૂડ વિદ્યાધરે સુમેચક રત્ન વિમળના વસ્ત્રને છેડે આદર પૂર્વક બાંધી દીધું.

વિમળનો વાસ્તવિક પરિચય:

વિમળને મહારત્નની પ્રાપ્તિ થઇ છતાં એ માટેનો આનંદ એના મુખ ઉપર ન હતો. રત્ન પ્રતિ જરાય આદર જણાતો ન હતો. સ્પૃહા અને આકાંક્ષાની એક રેખા જણાતી ન હતી. નિષ્પૃહ વર્તનથી રત્નચૂડને ભારે આશ્ચર્ય થયું.

રત્નચૂડને થયું કે આ કોઇ પુરૂષશ્રેષ્ઠ હોવો જોઇએ. સામાન્ય માનવીનું મન શ્રેષ્ઠરત્નના લાભમાં આસક્ત અને ઉર્મિશીલ બન્યા વિના ન જ રહે. સર્વ અદ્‌ભુત ગુણોના સ્થાનભૂત રત્નની પ્રાપ્તિ છતાં કેવી મહા નિઃસ્પૃહતા ?

આ વિમળની સાથેના એના મિત્રને પૂછી જોઉં કે આ તારો શ્રેષ્ઠ મિત્ર કોણ છે ? કયા ઉત્તમ કુળનો છે ? પૂ૦ પિતાશ્રીનું શું નામ છે ? ક્યાંનો નિવાસી છે ? કયા ધર્મનું પાલન કરે છે ?

રત્નચૂડે આવા વિચારો કરી મને એકાંતમાં લઇ ગયો. મારા મિત્ર વિમળના જીવન સંબંધી દરેક પ્રશ્નો પૂછ્યા. મેં કહ્યું કે, હે મહાભાગ ! આપને હું જણાવું છું શાંતિથી સાંભળો.[૧]

વર્ધમાનપુર નામના નગરના અધિપતિ મહારાજા શ્રી ધવલ છે, એમનો આ વિમળ નામનો પુત્ર છે. ક્ષત્રીઓમાં એ શ્રેષ્ઠ ગણાય છે. હજુ સુધી એ કોઇ વિશેષ ધર્મને પામેલા નથી. છતાં પણ સજ્જન પુરૂષોની જીવનચર્યા કોઇક ઉત્તમ જાતની લોકોત્તર હોય છે.

આજે અમે ક્રીડાનંદન વનમાં ફરવા આવ્યા હતા અને એમાં તમારો મેળાપ અમને થયો. વિમળકુમારે તમારા પાદચિન્હો જોઈ ચક્રવર્તી થવાની આગાહી કરી હતી. વિમળ દરેક રીતે વિમળતાની મૂર્તિ છે.

---

૧. આ વાર્તામાં વામદેવ મુખ્ય છે. મેં અને હું શબ્દો વામદેવના બદલે ઘણે ઠેકાણે આવે છે. કારણ કે એ કથાકાર બની પોતાની કથા જણાવે છે.

પ્રકરણ ત્રીજું

વિમળનો વિકાશ

રત્નચૂડે વામદેવ પાસેથી વિમળની વાત જાણી લીધી. એના સાહજિક ગુણો પ્રતિ વધુ આકર્ષણ જાગ્યું. રત્નચૂડને થયું કે વામદેવે સારી વાત કહી.

પ્રભુના મંદિરીએ :

વિમળ કોઇ વિશેષ ધર્મમાં જોડાયો નથી એટલે પરમતારક દેવાધિદેવશ્રીની પ્રતિમાજીના દર્શન કરાવું. પ્રભુ પ્રતિમા અનેક આત્માઓના ઉદ્ધારનું અમોઘ અને અજોડ સાધન છે. મારી પ્રત્યુપકાર કરવાની ઇચ્છા પણ આ કાર્યથી પૂર્ણ થશે. આવો વિચાર કરી વિમળને કહ્યું.

ભદ્ર વિમળ ! મારા માતામહ ઘણા વખત અગાઉ આ વનમાં આવ્યા હતા. એમનું નામ "મણિપ્રભ" હતું. આ ક્રીડાનંદન વન જોઇને એમને આનંદ થયો હતો. વિદ્યાધરોના આવવા માટે એમણે આ ઉદ્યાનમાં એક સુંદર જિનમંદિર બંધાવ્યું. મૂળનાયક તરીકે યુગાદીશ્વર શ્રી ઋષભદેવ પરમાત્માની પ્રતિમા સ્થાપન કરી. આ કારણથી ક્રીડાનંદન વનમાં હું ઘણી વખત દર્શને આવેલો. મારા ઉપર અનુગ્રહ કરીને તું પણ એ પ્રભુના મંદિરીએ દર્શન કરવા ચાલ.

વિમળે પ્રભુ મંદિરીએ જવા પ્રસન્નતા બતાવી. અમે બધા શ્રી ઋષભદેવ સ્વામિના મંદિરીએ ગયા.

પ્રભુ દર્શન અને જાતિ સ્મરણ :

એ પ્રભુ મંદિર જ્યોતિપુંજથી ઝગઝગાયમાન હતું. વજ્ર, વૈડુર્ય, પદ્મરાગ, મરકત, હંસગર્ભ વિગેરે હીરા, રત્ન અને માણેકથી દેદીપ્યમાન હતું. સુવર્ણની શિલાઓથી એનો તલ-ભાગ જડેલો હતો. સ્તંભો, વેદિકાઓ, કુંભો, પુતલિકાઓ, ગવાક્ષો નિર્મળ સ્ફટિક સુવર્ણ વિગેરે દ્વારા નિર્મિત થયા હતા. ઉંચાઇમાં એ મેરૂશિખર જેવું જણાતું હતું. આવા મંદિરમાં સૌએ હર્ષપૂવક પ્રવેશ કર્યો.

અંદર પ્રવેશતાંની સાથે જ રત્નનિર્મિત શ્રી યુગાદિદેવ ઋષભદેવ પરમાત્માની પ્રતિમાના દર્શન કર્યાં. નયનોમાં અમૃત છાટતાં જે આનંદ થાય એથી વધુ આનંદ આ પ્રતિમાજીને જોતા થયો. નયનો હર્ષથી નાચી ઉઠ્યા.

સૌએ પ્રભુ પ્રતિમાને નમી નમીને નમસ્કાર કર્યા અને રત્નચૂડ તથા ચૂતમંજરીએ વિધિવત્ વંદના કરી. સૌના અન્તરમાં આનંદનો ઉદધિ ઉભરાવા લાગ્યો. રોમાંચો વિકસ્વર બની ગયા.

અપ્રતિમ પ્રભુ પ્રતિમાના દર્શન કરી વિમળકુમાર વિચાર કરવા લાગ્યો કે અહો ! દેવાધિદેવ અને સર્વ અતિશયોથી સુશોભિત આદિનાથ પ્રભુનું કેવું રૂપ છે ? કેવી સૌમ્ય કાંતિ છે ? કેવું નિર્વિકારનું ઝરણ છે ? રાગની રજ નથી કે દ્વેષના દ્વન્દ્વ નથી. માત્ર વીતરાગતાની આભા દેખાય છે.

આ પ્રભુની પ્રશમરસ ઝરતી પ્રતિમા જ કહી આપે છે કે પ્રભુ નિર્દોષ છે, નિર્વૈર છે. નિર્વિકાર છે. વિશ્વના બધા જ દોષો વિદાય લઇને સદા માટે અહીંથી ચાલ્યા ગયા છે.

શરીરમાં વ્યાધિ હોય તો એ શરીરમાં કમનીય કાંતિ ન જ હોય. પ્રભુમાં રાગ-રોષ હોય તો પ્રભુ પ્રતિમામાં શાંત અને સૌમ્ય શોભા ક્યાંથી આવે ?

શ્રી વીતરાગ દેવના મેં પહેલાં ક્યાંક દર્શન કર્યાં છે. મંદ અભ્યાસી પોતાના શાસ્ત્રાભ્યાસને ભૂલી જાય, તેમ હું પણ ભૂલી ગયો છું, કે આ પ્રભુને મેં પહેલાં ક્યાં અને ક્યારે દીઠાં છે. મારી સ્મૃતિ ઉપરથી એ વાત બસી ગઇ છે.

વિમળકુમાર વિચારોમાં ખૂબજ લીન બની ગયો. એ વિચાર લીનતામાં પૂર્વભવોની વાતોની સ્મૃતિ કરાવનાર જાતિ-સ્મરણ જ્ઞાનના કારણ રૂપ મહામૂર્ચ્છા આવી ગઇ. મૂર્ચ્છિત થઇ ત્યાં ઢળી પડ્યો.

મને અને રત્નચૂડને સંભ્રમ થઇ ગયો, અરે ! આ વિમળને એકાએક શું થઇ ગયું ? મૂર્ચ્છા શા કારણે આવી ? અમે પંખો લઇ હવા નાખવા લાગ્યા અને અન્ય શીતોપચારો પણ કર્યા. વિમળને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું અને મૂર્ચ્છા ઉતરી. જાગૃત બન્યો. ચેતના સ્વસ્થ થઇ.

રત્નચૂડે પૂછ્યું, પ્રિય વિમળ ! આ પ્રભુ મંદિરમાં તને એકાએક શું થઇ ગયું ?

વિમળની આંખોમાં હર્ષના આંસુઓ ઉભરાણા, રત્નચૂડ

તરફ વધુ પ્રેમભાવ જાગ્યો. વારંવાર એને પ્રણામ કરવા લાગ્યો અને ચરણોમાં ઝૂકી વંદન કરવા લાગ્યો.

અરે મિત્ર રત્નચૂડ! તું મારૂં જીવન છે, તું મારો પ્રિય બન્ધુ છે, મારો નાથ છે, તને મારા માત તાત કહું તોય ઓછું નથી, તું મારો ગુરૂ છે, મારો દેવ પણ તું છે, અરે! મારો પરમાત્મા પણ તું જ છે. તારા દર્શન એ સફળદર્શન છે.

તેં પ્રભુ દર્શન કરાવી મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. પ્રભુ દર્શનના પુણ્ય પ્રતાપે મારા કલ્યાણના કારણભૂત જાતિ-સ્મરણ જ્ઞાન મને થયું છે. આ જાતિસ્મરણ જ્ઞાનની શક્તિથી જ્યારે જે ભવમાં સમ્યગ્ દર્શન પામ્યો હતો, ત્યાંથી આજ સુધીના બધા ભવોને હું સ્પષ્ટ જોઇ શકું છું. બધી વાતો મને યાદ આવી ગઈ છે.

પૂર્વભવોના સ્મરણ જ્ઞાનના લીધે મારૂં મન શ્રી જિન-ધર્મમાં વધુ દૃઢ બન્યું છે. જિનધર્મ ઉપર શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિના ભાવો વધુ જાગૃત બન્યા છે.

ધર્મ આપતાં તેં મને શું નથી આપ્યું? વિશ્વમાં ધર્મ જેવું કયું તત્ત્વ વધુ મૂલ્યવાન્ છે? તેં મને મહામૂલ્યવાન્ વસ્તુ આપી મહા ઉપકાર કર્યો છે. તું મારો નિર્વ્યાજ ગુરૂ છે, તેથી તારા ચરણોમાં વંદનાદિ કરૂં એ તો વિનય છે. અને ધર્મગુરૂના ચરણોમાં વંદનાદિ કરવું એ કાંઈ લજ્જાનું કાર્ય નથી, હું તારો મહાન્ ઉપકાર માનું છું.

વિમળ ફરીથી રત્નચૂડના ચરણોમાં નમન કરવા જાય છે, ત્યાં રત્નચૂડે એના બે હાથ ઝાલી લીધા અને કહ્યું.

ભાઈ વિમળ ! ઘણું થયું. આટલો બધો વિનય કરવાનો ન હોય. જરા શાંત બન. તું પોતે જ કલ્યાણનું વિશ્રામ સ્થળ છે. અમારી તે એવી કઇ તાકાત છે કે તારું કલ્યાણ કરી શકીએ ? તું પોતે ગુણીયલ છે. સુયોગ્ય અને શ્રેષ્ઠ વ્યક્તિ છે.

તેં મારી પ્રિયતમાને સંરક્ષણ આપેલું એટલે એ ઉપકારનો બદલો વાળવાની ઈચ્છા જરૂર હતી, શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાના દર્શન કરાવવાના કારણે તને જાતિસ્મરણ જ્ઞાન અને ધર્મ શ્રદ્ધા થઈ એ જાણી મને અદ્‌ભુત આનંદ થયો છે. તારા ધર્મભાવમાં હું નિમિત્ત બન્યો છું, એટલો મને સંતોષ છે. પ્રત્યુપકાર કરવાની મારી મનીષા ફલવતી બની.

હે મહામના ! તને પ્રત્યુપકાર માટે સુમેચક રત્ન આપેલું પણ એ વેળા મને થયું કે આ રત્ન આપવાથી મહાઉપકારનો બદલો વળતો નથી. ત્યાર પછી પ્રભુ દર્શન કરાવવાની ઉત્કંઠાથી તને જે હેતુથી હું લાવેલો તે હેતુ સફળ બન્યો છે. હું કાંઇક સંતોષની અનુભૂતિ કરૂં છું.

ધર્મબન્ધુ રત્નચૂડ ! શ્રી જિનેશ્વર પરમાત્માએ ફરમાવેલા જિનધર્મની પ્રાપ્તિમાં નિમિત્તકારણ બને છે. એ મહાપુરૂષ પણ ધર્મ પ્રાપ્તિ કરનાર પ્રાણીનો ધર્મગુરૂ બને છે. તેં તો મને પ્રભુ દર્શન કરાવ્યા અને મને ધર્મમાં જોડ્યો છે. તું મારો ધર્માચાર્ય છે.

તેં મારા ઉપર સુમહાન્ ઉપકાર કર્યો છે. હું મારા પ્રાણો પણ તારી સેવામાં સમર્પણ કરી દઉં, તો પણ તારા ઉપકારનો

બદલો વાળી શકું નહિ. હું તારા ઋણને અદા કરી ઋણ રહિત બની શકું નહિ.

દીક્ષાની ભાવના અને કુટુંબ ચિંતા :

ભદ્ર વિમળ ! સંસારથી મને વૈરાગ્ય થયો છે. હું એ બન્ધનોને તજી દઈ ભવસાગરને તરવામાં નૌકાનું કામ આપનારી દીક્ષા સ્વીકાર કરવા ઇચ્છું છું. હવે મને સંસાર પ્રતિ રાગ રહ્યો નથી.

મારે માતા, પિતા, ભાઈ, ભગિની વિગેરે સગા સંબંધીઓ ઘણા છે. જો એમને પણ બોધ આપવામાં આવે અને એ બધા સંસારનો ત્યાગ કરી સંયમમાર્ગનો સ્વીકાર કરે તો ઘણું સારું. મારી અન્તરેચ્છા બધાને સંયમમાર્ગના પથિક બનાવવાની છે. પ્રિય રત્નચૂડ ! એ માટેનો કોઈ વિશદ અને સરળ ઉપાય હોય તો જરૂર જણાવો.

ઉત્તરમાં રત્નચૂડે કહ્યું, પ્રિય બન્ધુ વિમળ ! ગઇ અષ્ટમીના દિવસે હું ક્રીડાનંદન વનમાં પ્રભુ પૂજન કરવા માટે આવેલો, મારો પરિવાર પણ મારી સાથે જ હતો.

ગુરૂદેવ :

આ મંદિરના નજીકના ભાગમાં એ વખતે મેં એક સાધુ સમુદાયને જોયો. એ સમુદાયમાંથી એક મોટા આચાર્ય ગંભીર વાણીથી અમૃતના ઘૂંટડા જેવી મધુરી દેશના આપતા હતા. આચાર્યશ્રીની વાણી અતિ સુંદર હતી પણ શરીર તો મહા-શ્યામ અને બેડોળ હતું. જોતાં જ આંખો પાછી ખેંચી લેવાનું મન થઈ આવે.

એ આચાર્યશ્રીને જોઇને મને થયું કે અરે ! આ મહાત્માનું વાણીમાધુર્ય ઘણું શાંત્વન આપનારૂં છે. ઉચ્ચકોટિના તત્ત્વજ્ઞાનને જણાવી રહ્યા છે. એટલે એઓશ્રી ગુણસાગર હોય એમાં ના કહેવાય શી રીતે ? એમના ગુણો અને એમની મધુરી વાણી જેવું સુયોગ્ય રૂપ એમનામાં દેખાતું નથી.

આવી વિચારધારામાં જ મેં જિનમંદિરમાં પ્રવેશ કર્યો. પરમતારક શ્રી પરમાત્માની સ્તુતિઓ કરી. ભાવભક્તિથી નમી પડ્યો. મહાસ્નાત્ર ઉત્સવ કર્યો. વિલેપનાદિ કર્યા. વિધિવત્ અષ્ટમંગળ આલેખ્યા. સુદ્રવ્યોથી પ્રભુપૂજા કરી. પુષ્પાદિની માળાઓ પહેરાવી. ભાવભીના સંગીત ગીતો ગાઇ ભાવપૂજા કરી. ગુરુદેવના દર્શન કરવાની ઇચ્છાથી હું પ્રભુમંદિરથી બહાર આવ્યો.

બહાર આવતાં જ પૂર્વે જોએલા આચાર્યશ્રીને મેં જોયાં. હતા એ જ, છતાં બીજા ન હોય એમ જણાયું. કારણ કે આ વખતે એઓશ્રી સુવર્ણકમળ ઉપર બિરાજમાન હતા. જાંબુનદ સુવર્ણના કિરણો જેવી એમના શરીરની જ્યોતિ હતી. એમના રૂપ આગળ કામદેવનું રૂપ ફીકું ફચ લાગતું હતું. ચંદ્રના સૌભાગ્ય કરતા એઓશ્રી વધુ સૌભાગી જણાતા હતા.

હું જ્યારે મંદિર પ્રવેશ કરતો હતો ત્યારે જે રીતે દેશના અપાતી હતી એ હજુ પૂર્વવત્ ચાલુ હતી. મેં એમને પહેલાં જોયાં હતા અને અવાજ ઉપરથી એ વાતનો પૂર્ણ નિર્ણય પણ કર્યો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હું તો અનિમેષ નયણે જોતો જ રહ્યો. હું સ્થિર બની ગયો.

અરે ! આ આચાર્ય ભગવંત હું જ્યારે મંદિરમાં દાખલ થએલો ત્યારે ભયંકર કુરૂપ હતા. અલ્પ સમયમાં સુમનોહર સુડોળ સૌમ્યવર્ણો કેવી રીતે બની ગયા ? અરે ! આમાં આશ્ચર્ય જેવું શું છે ?

સાધુભગવંતોને તપના પ્રભાવથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. એ લબ્ધિઓના પ્રભાવથી અનેક જાતના સ્વરૂપો કરી શકે છે. લબ્ધિ અને સિદ્ધિના દ્વારા વિશ્વની એવી કોઇ ચીજ નથી કે જે ન બની શકે કે ન મળી શકે.

આવા વિચારો કરતાં મને ગુરુદેવ પ્રતિ ખૂબ સદ્ભાવ જાગ્યો. આનંદમાં મસ્ત બની મેં ગુરુદેવને વંદન કર્યું. બીજા મુનિવરોને પણ વંદનાદિ કર્યા. ગુરુદેવોએ "ધર્મલાભ" નો આશીર્વાદ આપ્યો. શુદ્ધ અને યોગ્ય ભૂમિ જોઇ હું અને મારો પરિવાર મોહમાયાના પડલોને હઠાવનારી ધર્મદેશના સાંભળવા બેસી ગયો.

નજીકના એક સાધુમહારાજને મેં ધીરેથી પ્રશ્ન કર્યો. હે પૂજ્ય ! ઉપદેશ આપી રહેલા મહાત્માશ્રી કોણ છે ?

એમણે આદરપૂર્વક કહ્યું: ભાગ્યવાન્ ! આ મહાત્માશ્રી અમારા પરમતારક ગુરુવર્ય છે. "ધરાતલ" નગરના નિવાસી હતા. એ નગરના "શુભવિપાક" રાજા છે અને "નિજસાધુતા" એમના રાણી છે. અમારા ગુરુદેવ એમના પુત્રરત્ન છે. "પૂ૦ બુધસૂરિજી" એમનું નામ છે.

આચાર્યશ્રીનો પરિચય સાંભળી અને એમના જુદા જુદા અતિશયોને નિહાળી મારૂં અને મારા પરિવારનું મન જૈન-

ધર્મમાં વધુ સ્થિર બન્યું.

આચાર્યશ્રીને વંદન કરી હું મારા પરિવાર સાથે અમારા નગરે ગયો અને આચાર્યશ્રી બુધસૂરિજીએ જુદી દિશા ભણી વિહાર કર્યો.

ભદ્ર વિમળ ! મને લાગે છે કે જો એ પૂ૦ બુધસૂરિજી ગુરુદેવ અહીં પધારે તો તારા માત-તાત વિગેરે સ્વજન વર્ગને પ્રતિબોધ આપી દીક્ષા આપે.

આર્ય રત્નચૂડ ! કોઇ પણ હિસાબે વિનંતિ કરી તારે ગુરુદેવશ્રી બુધસૂરિજીને અહીં લાવવા. અવશ્ય મારું આ કાર્ય તું કરીશ એમ વિમળે કહ્યું.

રત્નચૂડે ઉત્તર આપ્યો, ભાઇ વિમળ ! તારી આજ્ઞા મારે સર્વથા માન્ય છે. હું મસ્તકે ચડાવું છું. પરન્તુ મારા માતા-પિતા મારા વિરહથી હાલમાં ઘણા ચિંતાતુર હશે.

હમણાં મને માત-પિતાની ચિંતા દૂર કરવા અને એમને આનંદ આપવા જવાની ઇચ્છા છે. એ પછી તરત જ હું તારા સત્કાર્યમાં જોડાઇશ. એ વાતમાં તું અંતરથી શ્રદ્ધા રાખજે.

વિરહનો ખેદ અને આભાર :

નિર્મળ મના વિમળ ! તારા સંસર્ગના અમૃતનો આસ્વાદ માણ્યા પછી " મને જવા દો " એ શબ્દો બોલતાં પણ અંતર અકળાય છે. બોલતાં જીભ ચાલતી નથી. પણ શું કરું ? ચિંતામાં જલતા માત-પિતાને આશ્વાસન અને આનંદ આપવો એ પણ એક મહાકાર્ય છે, એમ હૃદયમાં વિચારી " મને જવા દો " એ શબ્દો મહાપરાણે બોલું છું.

વિયોગની વાત સાંભળી વિમળનું હૈયું ભરાઇ ગયું. એને પણ ખેદ થવા લાગ્યો. વ્યથિત હૃદયે કહ્યું: આર્ય રત્નચૂડ! માત-તાતના શાન્ત્વન માટે અવશ્ય જવું જોઇએ. એટલે તમે જાઓ. પરન્તુ ગુરુદેવને વિનંતિપૂર્વક અહીં લાવવાની વાતનું વિસ્મરણ ન થાય એ લક્ષ રાખશો.

રત્નચૂડે કહ્યું: ભાઇ વિમળ! તારૂં કાર્ય હું નહિ ભૂલું. થોડી ધીરજ ધરજે. એમ જણાવી મને અને વિમલને "આવજો આવજો" કહી પત્ની ચૂતમંજરી સાથે વિદાય લીધી. આકાશમાર્ગે પોતાના નગરે પહોંચી ગયા.

રત્નને ભૂમિમાં :

હે અગૃહીતસંકેતા! મેં (વામદેવે) વિમળ અને રત્નચૂડની ધર્મવાર્તા સાંભળી. અમૃતથી પણ વધુ હિતકારી હતી, પણ હું અભદ્ર હતો, અયોગ્ય હતો, મારૂં હૃદય એ અમૃતવર્ષાથી જરાય ન ભીંજાણું. કોરો ધાકોર રહ્યો.

વિમળે પરમાત્મા શ્રી ઋષભદેવને વારંવાર પ્રેમથી નમસ્કાર કર્યા. એ મંદિરમાંથી અમે બહાર આવ્યા ત્યારે મધુરભાષી વિમળે મને કહ્યું.

મિત્ર વામદેવ! રત્નચૂડે જ્યારે રત્ન આપ્યું એ વખતે કહ્યું હતું કે આ સુમેચક રત્ન મહામૂલ્યવાન છે. મહાપ્રભાવશાલી છે. એ અવસરે કાર્યસાધક બનશે.

પરન્તુ મને શ્રેષ્ઠ ધન સમા રત્નાદિ ઉપર પણ વધુ રાગ કે આસ્થા નથી. વળી એને સાચવવાની કાળજી અને આદર પણ નથી. ઘરે લઇ જઇશ તો થોડા વખતમાં એ નષ્ટ

થઇ જશે કાં ખોવાઈ જશે.

આ રત્નને આપણે અહીં કોઇ સ્થળે જમીનમાં દાટી દઇએ તો સારૂં. પછી આપણે જઇએ. આ પ્રમાણે કહીને વસ્ત્રના છેડેથી રત્ન છોડયું અને મારા હાથમાં મૂકયું.

વનના એક વિભાગમાં મેં ખાડો ખોદી એ રત્ન મૂકયું. ઉપર ધૂળ ઢાંકી દીધી. કોઇ ઓળખી ન શકે એવો ભૂમિપ્રદેશ મેં બનાવી દીધો. ત્યારબાદ અમો પોતપોતાના ઘરે ગયા.

મિત્ર સ્તેયનું તોફાન :

સ્તેય અને માયાએ મારા શરીરમાં અહો જમાવેલો હતો. ઘરે ગયા પછી મને વિચાર આવ્યો કે રત્નચૂડે વિમલને જ્યારે રત્ન આપેલું એ વેળા કહ્યું હતું કે આ ચિંતામણિ રત્ન જેવું શ્રેષ્ઠ રત્ન છે.

હું હમણાં જ પાછો ક્રીડાનંદન વનમાં જઉં અને એ સુમેચક રત્ન ચોરી લાવું. આવો વિચાર કરી હું મારી પથારીમાંથી ઉભો થયો. મિત્રના ગુણો, પ્રેમ, વાત્સલ્ય વિગેરેનો વિચાર ન કર્યો. વિશ્વાસઘાત થઇ રહ્યો છે એ પણ ન વિચાર્યું. વનમાં ગયો અને દાટેલા રત્નને કાઢી લઇ બીજે સ્થળે દાટી દીધું. ઘરે આવી સૂઈ ગયો.

વળી વિચાર આવ્યો કે કદાચ વિમલ હમણાં જ અહીં આવી ચડે અને રત્નના સ્થાને રત્ન ન જુવે તો એના મનમાં થાય કે મિત્ર વામદેવ રત્ન ચોરી ગયો હશે. એ વિના રત્ન જાય કયાં ?

રત્નના સ્થાને રત્ન જેવડો ગોળમટોળ પત્થરનો ટુકડો

મૂકી દેવામાં આવે તો વાંધો નહિ, પછી ભૂમિ ખોદે અને ગોળ પત્થર નીકળે તો માની લેશે કે હું કમનશીબ છું. મારી કમનશીબીના કારણે રત્ન રત્ન મટી પત્થરનો ટુકડો બની ગયો. આ રીતે કરવાથી વિમલને મારા ઉપર શંકા નહિ આવે.

હું તરત વન ભણી ચાલ્યો. રત્ન જેવો પાણો શોધી મૂળ રત્નના સ્થાને દાટી દઈને ઘેર આવી રાત્રે પથારીમાં સૂઈ ગયો.

વળી વનમાં :

પથારીમાં પડ્યો પણ કેમે ઉંઘ આવતી નથી. વિચારે ચડ્યો, અરે ! એ સુમેચક રત્નને હું ન લાવ્યો તે સારૂં ન કર્યું. એક સ્થળેથી રત્ન કાઢી બીજે સ્થળે રત્ન દાટતાં મને કોઇ જોઈ ગયું હશે તો ? અહીં જ લઇ આવવું જોઇતું હતું. મારી મોટી ભૂલ થઈ.

જરૂર રત્ન દાટતા મને કોઇ જોઇ ગયું હશે અને એ ઉપાડી જશે. અરે ! આવું સુંદર રત્ન હાથમાં આવી જતું રહેશે ? સંકલ્પ-વિકલ્પમાં મારી રાત્રી પૂર્ણ થઇ. સહેજ પણ આંખના પાંપણો ન મીંચાણા.

વહેલા પરોઢીએ હું રત્ન લેવા માટે વનમાં પહોંચી ગયો. હું ગયો વનમાં અને બરોબર એ જ અણીના વખતે વિમળ મારા ઘરે આવી પહોંચ્યો. એણે મારા પરિવારને પૂછ્યું કે વામદેવ કયાં ગયો છે ? પરિવારે ઉત્તર પણ તરત આપ્યો કે વિમળ ! તારા મિત્ર વામદેવને હમણાં જ ક્રીડાનંદન વન તરફ જતા અમે જોયો છે.

મારી પાછળ વિમળ પણ ક્રીડાનંદન વન તરફ આવ્યો. વિમળને જોતાં જ રત્નની જગ્યા હું ભયથી ભૂલી ગયો. મેં રત્ન સંતાડેલું એ સ્થળ યાદ ન આવ્યું અને પત્થર દાટેલો એ ખોદી કાઢી મારા કેડના વસ્ત્રમાં સંતાડી દીધો. એ સ્થળ કોઈને વહેમ ન આવે એવી હાલતનું બનાવી દીધું અને હું બીજા વનવિભાગ તરફ ચાલ્યો ગયો.

વિમળ મારી શોધમાં ત્યાં આવી પહોંચ્યો. ક્ષોભ, ભય અને શંકાથી મારા નેત્રો ચકળવકળ થતાં હતાં. હૃદયના ધબકારા વધી પડ્યા હતા. સ્વચ્છ અને સ્વસ્થ મનવાળા વિમળે પૂછયું, અરે વામદેવ! તું મને એકલો મૂકી અહીં કેમ આવ્યો? તું આમ ભયભીત બહાવરો કેમ દેખાય છે? તું શાથી ડરે છે?

બનાવટ :

મેં કહ્યું: મિત્ર વિમળ! સવારે હું ઉઠ્યો અને એ વખતે મને સમાચાર મળ્યા કે મિત્ર વિમળ વનમાં ગયો છે, એટલે હું પણ વનમાં આવ્યો. ચારે બાજુ તપાસ કરી પણ મને કયાંય નજરે ન ચડ્યો એટલે મનમાં ત્રાસ ત્રાસ થઇ આવ્યો. તને જોતાં મારા ચિત્તને ટાઢક જણાય છે. હું હવે ભયમુક્ત બન્યો છું.

વિમળે કહ્યું: મિત્ર વામદેવ! જો એમ જ હોય તો બહુ આનંદની વાત છે. મને ગોતવા તું વનમાં આવ્યો અને તું વનમાં આવ્યો છે એવા સમાચાર મને મળતાં હું વનમાં આવ્યો. આપણે બંને અહીં જ મળી ગયા. ઘણું સુંદર થયું.

ચાલો ત્યારે આપણે પ્રભુમંદિર જઇએ.

હું અને વિમળ પ્રભુમંદિર ભણી ચાલ્યા. વિમળ મંદિરમાં ગયો અને પ્રભુને વંદન કર્યું.

હું મંદિરના દરવાજા ઉપર જ ઉભો રહ્યો. મને વિચાર આવ્યો કે વિમળને રત્ન ચોર્યાની વાત ખ્યાલમાં આવી ગઇ લાગે છે. બળજબરીથી મને મળેલું રત્ન પડાવી લેશે. મારી કનેથી ખૂંચવી લેશે. અહીંથી પોબારા ગણી જાઉં તો સારૂં. અહીં રહેતા મારો છૂટકારો થાય એમ નથી. આવો નિર્ણય કરી, હું ત્યાંથી ભાગ્યો અને ત્રણ દિવસમાં અઠ્ઠાવીશ યોજન ભૂમિ પસાર કરી નાંખી.

અઠ્ઠાવીશ યોજન આવ્યા પછી મેં કમરપટ્ટેથી રત્ન કાઢયું. ગાંઠ છોડી જોયું તો રત્નના બદલે ગોળ પાણો. પાણો જોતાં જ ત્યાં મૂર્છા આવી અને પછડાટ ખાઈ ઢળી પડ્યો. જરા સ્વસ્થતા આવી એટલે હું મોટી બૂમો પાડી રડવા લાગ્યો અને માથું પછાડવા લાગ્યો. રોકકળ અને ધમપછાડા કરી મૂકયા. રડે શું વળશે ? ચાલ પાછો એ વનમાં અને રત્ન લઇ આવું, આવો વિચાર કરી હું પાછો વળ્યો.

વામદેવની શોધ અને મિલન :

હે અગૃહીતસંકેતા ! એ વખતે વિમળ પ્રભુના દર્શન કરી જિનમંદિર બહાર આવ્યો અને મને ત્યાં એણે ન જોયો. ક્રીડાનંદન વનમાં તપાસ કરાવી પણ હું ત્યાં ન મલ્યો. પોતાના માણસોને ચારે બાજુ શોધ કરવા મોકલી આપ્યા. એમાંથી શોધ માટે આ તરફ આવેલા માણસોએ મને જોઈ લીધો.

શોધ કરનારા મારી પાસે આવ્યા અને કહ્યું: વામદેવ ! તું કયાં જતો રહ્યો ? તારા વિયોગથી વિમળકુમાર વિલખા બની ગયા છે. રાત-દિન બેચેન રહે છે. કયાંય એમને ગોઠતું નથી. તને શોધવા અમોને મોકલ્યા છે. વિમળકુમાર પાસે જલ્દી ચાલો. જરાય સમય બગાડવો ઉચિત નથી.

મને થયું કે રત્ન ચોર્યાની વાત વિમળના ખ્યાલમાં આવી નથી. હું નિર્ભય બનીને શોધ કરવા આવનારાઓ સાથે મારા નગર તરફ ચાલ્યો. અમે સૌ વિમળના મહેલે પહોંચ્યા. વિમળ ઉભો થઇ તરત જ પ્રેમથી મને ભેટી પડ્યો.

આનંદ વિભોર બનીને વિમળે મને પોતાના અર્ધાસને બેસાડ્યો. અરે મિત્ર વામદેવ ! અચાનક તું કયાં જતો રહ્યો ? શા માટે તારે ચાલ્યા જવું પડયું ? તારા શરીરે કુશળતા છે ને ? મન પ્રસન્ન તો છે ?

માયાનો પ્રભાવ :

બન્ધુ વિમળ ! શું જણાવું ? ભારે દુઃખ મારા માથે આવી ચડયું. તેં પ્રભુમંદિરમાં પ્રવેશ કર્યો અને હું તારી પાછળ જ પ્રભુમંદિરમાં પ્રવેશ કરતો હતો ત્યાં આકાશમાર્ગથી આવી રહેલી એક વિદ્યાધરીને મેં જોઇ.

એ વિદ્યાધરી પોતાના રૂપ લાવણ્યની પ્રભાથી પ્રકાશ-રેલાવી રહી હતી. હાથમાં સાક્ષાત્ યમરાજના જીભ જેવી ખુલ્લી તલવાર હતી. એક બાજુ આકર્ષક રૂપને કારણે મનોહર જણાતી હતી અને બીજી બાજુ હાથમાં નગ્ન તલ-વારના કારણે ભયંકર જણાતી હતી. એને જોતાં મને ભય

અને આશ્ચર્ય બંને થયાં !

ત્યાં તો વિદ્યાધરી સમળી હારને ઉપાડી જાય એમ મને ઉપાડી રવાના થઇ. હું ચીસો પાડતો હતો " હે કુમાર ! બચાવો. વિમળ ! બચાવો. " પણ વિદ્યાધરી વેગીલી ચાલથી મને કયાંય દૂર લઇ ગઇ.

દૂર લઇ જઇ વિદ્યાધરીએ મને છાતી સરસો ચાંપ્યો. ગાઢ આલિંગન કર્યું. મારા ગાલે અને હોઠે ખૂબ ચૂંબન કર્યાં. મને રતિવિલાસ માટે પ્રેમથી સમજાવવા લાગી. વારંવાર ભોગેચ્છા પૂર્ણ કરવા મનાવવા પ્રયત્ન કર્યો.

મિત્ર વિમળ ! તારા વિયોગને કારણે માદક અને મોહક વિદ્યાધરી મને ઝેર જેવી લાગતી હતી. એના રૂપ, સૌન્દર્ય અને મધુરા બોલ મને ગમતા ન હતા.

હું એ વિદ્યાધરીને કાંઇક ઉત્તર આપવા જતો હતો ત્યાં એક બીજી વિદ્યાધરી આવી પહોંચી. મને જોતાં જ મારા તરફ એને અનુરાગ થયો. એણીએ મને ખેંચીને ભાગવા પ્રયત્ન કર્યો.

એ બંને વિદ્યાધરીઓમાં વાગ્યુદ્ધ ચાલ્યું અને પછી સામ-સામા થઇ લડી પડ્યાં. લડવામાં મારો ખ્યાલ ન રહ્યો. હું એમના હાથમાંથી ગબડી પડ્યો અને જમીન ઉપર પટકાયો. ઉંચેથી પડતાં મને ઘણો મૂઢ માર લાગ્યો. ત્યાં મૂર્છા આવી ગઇ અને હું બેભાન પડ્યો રહ્યો.

વનની હવાથી મારી મૂર્ચ્છા ઉતરી. મને થયું કે આ વિદ્યાધરીઓને પકડવાનો વખત આવે એ અગાઉ હું અહીંથી

નાશી જઉં. યુદ્ધમાં વિદ્યાધરીઓને મારો ખ્યાલ ન રહ્યો. તારા દર્શનની ઇચ્છાથી હું આ તરફ આવવા રવાના થયો.

નગર તરફ આવતાં રસ્તામાં તારા અનુચરો મને મલ્યા. એ અનુચરો ક્ષેમકુશળ મને અહીં લાવ્યા છે. આ મેં મારી આપવીતી વાત તને કહી.

વિમળ સરલ હતો અને મારા તરફ અકૃત્રિમ પ્રેમ રાખતો હતો. મારી વાત સાંભળી એને ભારે આશ્ચર્ય થયું. મારા શરીરમાં રહેલી માયા આ વાત સાંભળી ઘણી ખુશ બની. માયાને થયું કે વામદેવે ભોળા વિમળને ઠીક બનાવ્યો. કપટ-ક્રિયા એ તો માયાની પ્રિય વસ્તુ છે.

શૂળની વ્યથા :

હું વિમળને વાત જણાવી રહ્યો હતો. એટલામાં અચાનક મારા અંગેઅંગમાં મહાવ્યથા ચાલુ થઇ. જાણે કોઇ મગરમચ્છ પોતાના જડબામાં લઇ મને દાબતો ન હોય, એવી કારમી વેદના થવા લાગી. જાણે મારા અંગેઅંગના કટકા થતાં હોય એવું મને લાગ્યું.

શ્વાસની ગતિ ખૂબ તીવ્ર બની ગઇ. આંખો ઉંચી થઈ ગઈ. જીભ બહાર નિકળવા લાગી. શરીર લાકડાં જેવું અક્કડ બની ગયું. મરણતોલ દશામાં મૂકાઇ ગયો.

અણધારેલો બનાવ જોઇને વિમળ ગભરાઇ ગયો. બૂમાબૂમ કરી મૂકી. શ્રી ધવલ મહારાજા અને નગરજનો ઘણાં ત્યાં આવી પહોંચ્યા. મને પ્રાથમિક સારવાર અને ઔષધો આપ-વામાં આવ્યા, પરન્તુ એ સારવારથી મને કશો લાભ ન થયો.

મારી વ્યથા વધતી હતી.

વિમળને સર્વ દોષવિનાશક સુમેચક રત્ન યાદ આવી ગયું. ઝડપભેર વનમાં ગયો અને જે સ્થળે રત્ન દાટયું હતું એ પ્રદેશ ખોદી કાઢ્યો. પરન્તુ રત્ન હાથ ન લાગ્યું.

રત્નનો પત્તો ન લાગવાથી વિમળને મારી ચિંતા થઇ. રત્ન વિના મિત્રની પીડા કેમ શમશે ? કયો ઉપાય લેવો ? એ કિંકર્તવ્યમૂઢ બની ગયો. ઉદાસ ચહેરે મારી પાસે આવ્યો. મારા દુઃખથી એ પણ દુઃખી લાગ્યો. એ મહાનુભાવને રત્ન ગયાની જરાય ચિંતા નથી પણ મારું દુઃખ એને દુઃખી બનાવી રહ્યું હતું.

વનદેવતાનો ચમત્કાર :

એ જ વખતે એક વૃદ્ધા નારી અંગો મરડવા લાગી, માથાનો ચોટલો વિખેરી નાખ્યો. બંને હાથ ઉંચા કર્યા, ચીસો પાડવી ચાલુ કરી. માથું ધૂણાવા લાગી. ત્યાં રહેલાઓને લાગ્યું કે કોઈ વ્યંતરદેવનો આ વૃદ્ધાના શરીરમાં પ્રવેશ થયો જણાય છે.

રાજાએ અને લોકોએ પૂજા કરી ધૂપ-દીપ ધર્યા અને પૂછ્યું: આપ કોણ છો ?

જેનાં ભવાં ચડી ગયા હતા અને નેત્રો લાલ અંગારા જેવા બની ગયા હતા તે વૃદ્ધાના શરીરમાં રહેલી વનદેવતાએ કહ્યું કે હું આ ક્રીડાનંદન વનની અધિષ્ઠાયિકા વનદેવી છું.

વામદેવની શરીરપીડા મેં ઉભી કરી છે. એ મહાપાપી અને બેશરમ છે. કારણ કે એણે સહૃદયી મિત્ર વિમળની સાથે

કપટભર્યું વર્તન દાખવ્યું છે. વિમળના સદ્‌ભાવનો અને લાગણીનો એણે કશો વિચાર ના કર્યો અને છેતર્યો.

આ નરાધમે વિમળનું રત્ન ચોરી લીધું અને તે સ્થળે પત્થર મૂકયો. ઉપરથી આખી બનાવટી વાર્તા ઉભી કરી નાખી. વિદ્યાધરીઓની વાત જોડી કાઢી. કોઇ ઉપાડી ગયું ન હતું. એણે બીજે સ્થળે દાટયું પણ વિમળ વનમાં ગએલો ત્યારે ચોરી કરવા જતાં આ રત્નનું સ્થળ ભૂલી ગયો હતો. ગોળ પત્થર લઇ અઠાવીશ યોજન નાશી ગયો.

વનદેવીએ જ્યાં રત્ન સંતાડયું હતું તે ભૂમિ બતાવી દીધી અને કહ્યું કે આ નરપિશાચને હું હમણાં ને હમણાં પૂરો કરી નાખું.

વિમળકુમારે વનદેવીને સ્તુતિ કરી અને આગ્રહપૂર્વક કહ્યું: હે દેવી ! આપ કૃપા કરો. વામદેવને ન મારશો. નહિ તો મને ઘણું દુઃખ થશે.

વિમળની પ્રાર્થનાથી વનદેવીએ મને માફ કર્યો. પરન્તુ નગરજનોએ મારા ઉપર ફીટકાર વરસાવ્યો. સ્વજનોએ તિરસ્કાર કરી ઘર બહાર કાઢી મૂકયો. નગરમાં હું તણખલા કરતાં પણ હલકો થઇ પડ્યો. મારા નામ ઉપર લોકો નાક મરોડતા અને થૂંકતા હતા.

આવી પરિસ્થિતિમાં પણ વિમળ મારી સાથે પૂર્વવત્ રહેવા લાગ્યો. સ્નેહ જરાય ઓછો ન કર્યો. ન ધૂત્કાર્યો, ન કટુવેણ કહ્યાં. " મહાપુરૂષો સ્વીકાર કરેલી વાતોને મિથ્યા કરતાં નથી." એણે મારી મિત્રતા ન તજી. મોટાની મહત્તાના

દર્શન અહીં થાય છે. વિમળની વિમળતા નિર્મળતા કેટલી મહાન્ છે એ જોઇ શકાય છે. પૂર્વની જેમ અમારો મિત્ર વ્યવહાર ચાલુ રહ્યો.

ભગવંત સ્તુતિ :

એક દિવસે વિમળ મને સાથે લઇ ક્રીડાનંદન વનમાં લઇ ગયો. ત્યાં રહેલા જગદ્‌ગુરુ શ્રી ઋષભદેવસ્વામીના મંદિરમાં વંદના માટે ગયા. શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા-સેવા કરી અને અન્તમાં વિમળે સુમધુર સ્વરે અને ભક્તિભર્યા ભાવે ભગવંતની સ્તુતિઓ બોલવી શરૂ કરી.

વિમળ કોકિલકંઠે સ્તુતિ બોલી રહ્યો છે. બરોબર એ જ વખતે રત્નચૂડ વિદ્યાધર અને ચૂતમંજરી અહીં આવી ચડે છે. સાથે એમનો વિશાળ પરિવાર હતો. વિમળની સુમંજુલ સ્તુતિ સાંભળી સૌ સ્થિર બની જાય છે. કોઇ અવાજ કરતું નથી. મૂર્તિ જેવા સુસ્થિર બની ગયા.

સ્તુતિઓ :

जयाशेषजगन्नाथ !, जय तत्त्वोपदेशक ! ।
जय ज्ञान महाकोष !, जय भावारिवारण ! ॥१॥

मन्ये विश्चिन्मयोपार्जि, पुरा भावि परत्र च ।
शुभं येनेह लब्धोऽसि, स्वामी विश्वाभयप्रदः ॥२॥

नाथ ! नाथमहं नान्यं, नाथे नाथे सति त्वयि ।
को हि कल्पद्रुमं प्राप्य, करीरे कुरुते रतिम् ॥३॥

अभव्यो दुरभव्यो वा, किमहं भुवनेश्वर ! ।
प्राप्तेऽप्याप्नोमि यन्नाहं, मुक्तिं मुक्तिप्रदे त्वयि ॥४॥

ચરાચર જગતના નાથ ! આપ જય પામો. તત્ત્વજ્ઞાનના ઉપદેષ્ટા ! આપ જય પામો. સંપૂર્ણ જ્ઞાનના સાગર ! આપ જય પામો. અંતરંગ શત્રુઓના ટાળનારા નાથ ! આપ જય પામો. આપ વિજય પામો.

ઓ મારા નાથ ! મને લાગે છે, કે ગત જન્મોમાં મેં જરૂર કાંઇક પુણ્ય કર્યું હશે. એથી તો સકલવિશ્વના અભયદાતા સ્વામી આપ મને આ ભવે મલ્યા છો. પ્રભો ! આવતા ભવે પણ પુણ્યબલે મને આપ જરૂર આવી મળશો. ૨

મુજ નાથ ! હવે મને આપના જેવા પ્રિયનાથ મળ્યા છે, તેથી હું અન્ય કોઇને પણ નાથ તરીકે ચાહતો નથી. આપ જ મુજ, જીવનના સર્વશ્રેષ્ઠ સ્વામી છો. પરમાત્મન્ ! કલ્પવૃક્ષ પ્રાપ્ત કર્યા પછી કેરડાની તે વળી કોણ ઝંખના કરે ? ૩

ઓ ભુવનેશ્વર ! જીવિતેશ્વર ! શું હું અભવ્ય છું ? અથવા તો શું હું દુરભવ્ય છું ? મુક્તિદાતા તારા જેવા મને નાથ મળ્યા છતાં હું હજુ સુધી મુક્તિ કાં ન મેળવી શકયો ? મારો શો અપરાધ છે ? ૪

किमभक्तोऽस्मि ते नाथ !, विस्मृतो वाऽस्मि यन्न मे ।
रागादिरिपुरुद्धस्य, सारादि क्रियते त्वया ॥ ५ ॥

संसारप्रान्तभ्रान्ति-श्रान्तेनाऽऽश्रमवत् प्रभो ! ।
प्राप्तोऽसि त्वं मया कृच्छ्रान्निर्वृतिं तत्प्रयच्छ मे ॥ ६ ॥

सोऽपि कोऽपि प्रभो ! भावी, समयः संमदालयः ।
द्रक्ष्यामि त्वामहं यत्र, साक्षाल्लोकाग्रसंस्थितम् ॥ ७ ॥
अलं सांसारिकैरेभि-र्विषयैर्विषसन्निभैः ।
किन्तु नाथ ! सदानन्दं, देहि मे परमं पदम् ॥८॥

દેવાધિદેવ શું હું તારો ભક્ત નથી ? શું આપ મને ભુલી ગયા ? જો એમ ન હોય, તો રાગાદિ શત્રુઓએ મને ચોગરદમ ઘેરી લીધો છે તો પણ આપ મારી ખબરસાર કેમ લેતા નથી ? નાથ ! આવો અને મારી સંભાળ લો. ૫

પ્રાણેશ્વર પ્રભો ! સંસારમાં ભમી ભમી થાકી ગએલાઓના આરામમંદિર સમા નાથ ! મહામુશ્કેલીથી આપને મેં મેળવ્યા છે. મને મુક્તિમાળા આપો. પ્રભો ! મારે બીજું કાંઈ જોઇતું નથી. ૬

વિશ્વેશ્વર ! જરૂર એવો પણ કોઇ આનંદ ભરપૂર સમય આવી મળશે કે જેમાં લોકના ઉપરિતન ભાગમાં રહેલા આપને હું જોઇ લઇશ. હું પણ મુક્તિ મેળવીને જ જંપિશ. ૭

કરુણાધન ! શરણ્ય ! હલાહલ તાલપુટ ઝેર સમા આ સંસારના વિષયસુખોથી સર્યું. મારે એવા સુખો નથી જોઇતા. પરન્તુ વીતરાગદેવ ! મને તું અમન્દ આનન્દના ધામ સમા પરમપદ મોક્ષને આપી દે. આપી દે. ૮

આવી ભાવસભર સ્તુતિયો બોલી નરાધીશ ધવલના પુત્ર વિમલે જિનાધીશ શ્રી ઋષભદેવસ્વામીને નમસ્કાર કર્યા. પોતાના મસ્તક વિગેરે પાંચે અંગો ભૂમિને અડાડી દીધા.

ઝગઝગાટ જ્યોતિ સમુહથી વાતાવરણને પ્રકાશિત કરતો રત્નચૂડ, ચૂતમંજરી અને અન્ય વિદ્યાધરો આનંદિત બની ગયા. રત્નચૂડે કહ્યું, ધન્યવાદ! ધન્યવાદ! વિમળ! તને શતશઃ ધન્યવાદ! પ્રભુ સ્તુતિઓ સાંભળી અમે પણ ખૂબ પ્રફુલ્લ બન્યા છીએ.

વિલંબનું કારણ :

વિમળની પ્રશંસા કરી રત્નચૂડે પરમાત્માને નમસ્કાર કર્યા. વિધિવત્ અષ્ટપ્રકારાદિ પૂજાઓ અને ચૈત્યવંદન વિગેરે યોગ્ય અનુષ્ઠાનો કર્યાં. મંદિરમાંથી બહાર આવી સૌએ ઉદ્યાનની શુદ્ધ ભૂમિ ઉપર ગોષ્ઠિ માટે બેઠક જમાવી.

વિમળે અને રત્નચૂડે પરસ્પર શરીર વિગેરેના સમાચારો પૂછયા. રત્નચૂડે કહ્યું, વિમળ! તેં મને પૂ૦ ગુરૂદેવ શ્રી બુધસૂરિજીને અત્રે લાવવા જણાવેલું પણ એમાં વચ્ચે એક એવું અગત્યનું કાર્ય આવી પડયું કે તેથી આચાર્ય ભગવંતને લાવવામાં વિલંબ થઇ ગયો.

વિમળ—ભદ્ર રત્નચૂડ! એવું શું મહત્વનું કાર્ય હતું? આપને કહેવામાં વાંધો ન હોય તો જણાવો.

રત્નચૂડ—બન્ધુ વિમળ! તે વખતે આ જ ઉદ્યાનમાંથી તારી રજા લઇને હું મારા નગરે ગયો. માત-તાતને વંદન કર્યું. ઘણા સમયે જોવાથી મારા માતા પિતાને ઘણો આનંદ થયો. એ દિવસ સૌનો આનંદમાં ગયો.

પ્રભુને નમસ્કાર કરી રાત્રે હું મારા પલંગમાં સૂતો. દ્રવ્યથી મને નિદ્રા આવી પણ ભાવથી જાગૃત હતો. રાત્રીના છેલ્લા

વિભાગમાં મારા કાને મધુર અવાજ આવ્યો. હે મહાભાગ! સૌભાગ્યના સ્વામી! એ પરમાત્માના ચરણકમળના મધુકર! આપ જાગૃત બનો. ઉભા થાઓ. હું આ શબ્દોથી જાગૃત બન્યો. મારી સન્મુખ અપૂર્વ દૃશ્ય હતું.

પોતાના દૈવી શરીરની જ્યોતિપ્રભા દ્વારા દિશાઓને પ્રકાશમાન કરી દેતી અનેક દેવીઓને મેં મારી સામે ઉભેલા જોયા. સંભ્રમ પૂર્વક શયનમાંથી મારૂં ઉત્થાન એજ એમનું સ્વાગત હતું. મને આ દૃશ્ય જોઇ અતિ આશ્ચર્ય થતું હતું.

પ્રસન્નતાથી જેઓના મુખ ઉપર મધુર હાસ્યની રેખાઓ અંકિત બનેલી છે એવી તે દેવીઓ બોલી, તું ધન્ય છે. કૃતકૃત્ય છે. પૂજનીય છે. સૌભાગ્યનો અધિપતિ છે. અમારા માટે વંદનીય છે. જેના હૃદયમંદિરમાં ધર્મનો સદા નિવાસ છે એના અમે દાસ છીએ. માનસરોવરમાં હંસલા રમે એમ આપના મનસરોવરમાં ધર્મ રમી રહ્યો છે. અમે આપનો પડતો બોલ ઝીલનારી સેવિકાઓ છીએ.

રોહિણી પ્રજ્ઞપ્તિ વિગેરે અમારા નામ છે. સ્વયંવરા કન્યા પોતાનો પ્રિયતમ શોધી કાઢે એમ અમે બધા મળીને આપના ચરણે આવ્યા છીએ. આપ વિદ્યાધર ચક્રવર્તી થવાના છો. અમે આપના શરીરમાં પ્રવેશ કરીશું. આપ અમારા નાથ છો. અમારો સ્વીકાર કરો.

એ મંગલમૂર્તિ! અમારી આજ્ઞાથી વિદ્યાધરોનું વૃંદ આપના દ્વારે આવી ઉભું છે. એ આપના સૈનીકો તરીકે રહેશે.

આપની આજ્ઞાની પ્રતીક્ષામાં દ્વારે ઉભા છે. આપ એમનો સ્વીકાર કરો.

ભાસ્વર અને જુદા જુદા અલંકારોથી શોભતી વિદ્યાદેવીઓ વિનંતિ કરતી હતી ત્યાં બધા વિદ્યાધરો આવી પહોંચ્યા અને મારા ચરણે મસ્તકો ઝૂકાવી દીધાં. સૌ બે કર જોડી સન્મુખ ઉભા રહ્યા.

બીજી તરફ પૂર્વાકાશમાં સવિતાનારાયણ શ્રી સૂર્ય પૂર્વ દિશાને ચૂંબન કરી રહ્યો હતો, એટલે વાદ્યકારોએ મંગલવાદ્યોના સૂરો ચલાવ્યા. રાજના મંગલ પાઠક છડીદારે દોહરો લલકાર્યો.

सूर्योदयेऽधुनोत्थाय, धर्मं कुरुत हे जनाः ! ।
येन वोऽतर्किता एव, संपद्यन्ते विभूतयः ॥

હે મહાનુભાવો ! સૂર્યોદય થઇ ગયો છે. નિદ્રા ખંખેરી તમે જાગો અને ધર્મની આરાધના કરો. કારણ કે ધર્મ ઉત્તમ વસ્તુ છે. એના પ્રભાવે તમે નહિ વિચારી હોય એવી સંપત્તિઓ તમને આવી મળશે.

મંગલ પાઠકનો મંગલ દોહરો સાંભળી મને પણ થયું કે આ સેંકડો વિદ્યાઓ અને વિદ્યાદેવીઓ ધર્મના અમોઘ પ્રભાવથી વિના પરિશ્રમે મને પ્રાપ્ત થઇ છે.

પરન્તુ આ કાંઇ હર્ષનો પ્રસંગ નથી. આ એક નવું વિઘ્ન છે. મારે વિમળ સાથે દીક્ષા ગ્રહણ કરવાની અભિલાષા હતી, એમાં મોટી આપદા આવી પડી.

જિનેશ્વર પરમાત્માએ કહ્યું છે કે પુણ્યકર્મ પણ ભોગવવું

જ પડે છે. પરન્તુ એ પણ સોનાની બેડી જેવું અને ત્યાજ્ય છે. એમાં આનંદ પામવા જેવું નથી. પુણ્યાનુબન્ધી પુણ્ય પણ દીક્ષામાં વિઘ્ન ઉભું કરે છે.

હું આવી વિચારણામાં મશગૂલ હતો અને રોહિણી વિગેરે દેવીઓએ ક્ષણવારમાં મારા શરીરમાં પ્રવેશ કરી લીધો. એઓ મને સ્વતઃ] સિદ્ધ થઈ.

વિદ્યાદેવીઓના શરીર પ્રવેશ] પછી બધા વિદ્યાધરો મળ્યા અને તેઓએ વિદ્યાધર ચક્રવર્તી તરીકેનો મારો અભિષેક કર્યો. અભિષેકનો મહોત્સવ આકર્ષક અને વિશાળ ઉજવવામાં આવ્યો.

ભદ્ર વિમળ ! ત્યાર પછી નવા રાજ્યને ઉચિત પ્રધાન મંડળની રચના, સામન્તવર્ગની ગોઠવણ, રાજપુરૂષોની નીમણુંક, સૈન્યની સેવાનો કાર્યક્રમ, નગરજનોને સંતોષ વિગેરે કાર્યોમાં કેટલાક દિવસો પસાર થઈ ગયા.

સૂરિજીનો સંદેશો :

નૂતન રાજ્યની વ્યવસ્થામાંથી નિવૃત્તિ મળતા તારો આદેશ મને યાદ આવ્યો. મેં એ મહાત્માની શોધ કરી. શોધ કરતાં કરતાં એક નગરમાં એમના પવિત્ર દર્શન થયાં.

મેં પૂજ્યશ્રીને વંદનાદિ કર્યા અને તારી દીક્ષાની ભાવના તેમજ સર્વ સ્વજન વર્ગને પ્રતિબોધ આપી દીક્ષા માર્ગે લાવવાની ભાવના જણાવી. મારી વિનંતિ સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું કે તમે વિમળકુમાર પાસે જાઓ ત્યારે મારો આ સંદેશો જણાવશો.

"થોડા સમય પછી હું અમુક રીતે આવીશ. વિમળકુમારના સ્વજનોને પ્રતિબોધ કરવાનો ઉપાય આમાં જ સમાએલો છે."

હે અગૃહીતસંકેતા ! રત્નચૂડે આ સંદેશો વિમળના કાનની નજીકમાં જઇ અને ધીમેથી કહ્યો તેથી મારા સાંભળવામાં આવ્યો નહિ.

વિમળે રત્નચૂડને કહ્યું, ભાઇ રત્નચૂડ ! તમે ઘણું સારું કર્યું.

વિદ્યાધર ચક્રવર્તી રત્નચૂડ બે ત્રણ દિવસ રહ્યા અને પછી વિમળની રજા લઇ પોતાના નગરે ગયા.



પ્રકરણ ચોથું

વિમળનો વિરાગ

રત્નચૂડના ગયા પછી વિમળ સંસારા સુખોથી વધુ અલિપ્ત રહેવા લાગ્યો. ઇંદ્રિયો અને મન ભૌતિકસુખ ભણી જતાં વિરામ પામ્યા. હૃદય પવિત્ર બન્યું. આ રીતે એના જીવનનો કાળ વિરાગમય વીતવા લાગ્યો.

વિરાગી વિમળને જોઈ માત-તાત વિચારે છે કે અમારા પુત્રનું જીવન કેવું શ્રેષ્ઠ છે? ત્રણે લોકને મુગ્ધ બનાવે એવું આચરણ છે. વિમળ પાસે ખીલખીલાટ કરતું યૌવન છે, મદ-મસ્ત આરોગ્ય છે અને અપાર ધન વૈભવ છે. સાહિત્ય, સંગીત અને કળાઓનો સુમેળ એણે સાધ્યો છે, ભોગો એના ચરણો ચૂંબી રહ્યાં છે, છતાં એક સુસાધુની જેમ વિષયોથી વિરાગી રહે છે. વિષયસુખોમાં લિપ્ત બનતો નથી.

આ કુમાર વિષય ભોગોમાં જો આસક્ત ન બને તો આપણું આ મહા સામ્રાજ્ય નિષ્ફળ છે. આપણે જ પુત્રને વિષયસેવામાં જોડાવા કહીએ. પુત્ર વિનયશીલ છે, એટલે આપણી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરે. દાક્ષિણ્ય ગુણ એનામાં છે એટલે આપણી આજ્ઞા જરૂર પાળશે.

આ જાતનો વિચાર કરી અને એકાંતમાં નિર્ણય કરી પુત્રને પોતાની પાસે બોલાવ્યો, અમૃતસી મીઠી બોલીમાં કહ્યું,

બેટા ! સમુદ્રમાં શીતળ જ્યોતિર્ભર્યો ચંદ્ર ઉત્પન્ન થયો છે તેમ અનેક આશાઓ પછી સમગ્રગુણોના મંદિર રૂપ તું અમારે ત્યાં અવતર્યો છે.

ભદ્ર ! તું તારા દિવ્ય યૌવન તરફ જો, રાજ્ય ભોગનો સમય છે. તું અલિપ્ત કાં બની ગયો છે ? જે રાજ્ય તારા ભોગમાં નથી આવતું એવા રાજ્યનું પણ શું પ્રયોજન ?

વિમળમતિ વિમળને વિચાર આવ્યો કે માત-તાતને બોધ આપવા માટે આ અવસર સરસ છે. આમાંથી જ બોધમાર્ગ મળી આવશે. એવો વિચાર કરી માત-તાતને જણાવ્યું, આપની આજ્ઞા મારે સર્વથા માન્ય છે. આજ્ઞાપાલન એ મારો પરમ ધર્મ છે. કિન્તુ આપ મારા હૃદયના આશયને જાણી લો. હું આપનું વચન જરૂર માનીશ.

પોતાના રાજ્યમાં વસનારા દરેક દુઃખીઓના દુઃખોને દૂર કરી સુખી સુખી બનાવી પછી સ્વયં સુખનો અનુભવ કરે તે સાચો રાજા છે. સૌને સુખી કરવાની વ્યવસ્થા કરનારો રાજા એ જ વાસ્તવિક પૃથિવીપતિ છે. પ્રજાનો સ્વામી છે અને દરેકના કલ્યાણને ચાહનારો છે એમ માની શકાય.

પરન્તુ જે રાજા પોતાની પ્રજાને દુઃખથી પીડાતી જોવા છતાં પોતે એકલો સુખના સાધનોમાં વિલાસી બની જાય એવા પેટભરા સ્વાર્થી રાજવીમાં પ્રભુત્વ હોય ક્યાંથી ? એના શાસનની કે રાજ્યની કિંમત શી ? પ્રજાને સુખી બનાવવી એ રાજ્યધર્મ છે. આપણે પણ એ માટે યોગ્ય કરવું જોઇએ.

હાલમાં ગ્રીષ્મઋતુ ચાલી રહી છે. સૂર્ય આકાશમાંથી

અંગાર વર્ષા કરી રહ્યો છે. શરીરમાંથી ઘામના લીધે પ્રસ્વેદ બિંદુઓ વહી રહ્યા છે. વાયુ પણ ઉષ્ણ બની બેઠો છે.

હું આપણા ભુવનના ઉપવનમાં આવેલા "મનોનંદન" નામના ઉદ્યાનમાં ગ્રીષ્મઋતુના ત્રાસની પ્રતિક્રિયા કરીશ. એ રીતે આપની આજ્ઞાનું પાલન કરીશ અને તેથી આપને આનંદ પણ થશે.

પરન્તુ આપ રાજપુરૂષોને ચારે દિશાઓમાં મોકલો અને જે દુઃખી જણાતા હોય તેઓને અહીં હાજર કરવામાં આવે. તે પામરો પણ આ ઉપવનમાં આનંદનો સ્વાદ જીવનમાં માણી જાય. આપણે આપણો રાજધર્મ બજાવીએ.

માત-તાત વિમળની વાત સાંભળી પ્રમુદિત બની ગયા. ધન્ય બેટા ! ધન્ય. લાડિલા નંદ ! તને ધન્ય.

માત-તાતને સંતોષ :

મહારાજા **શ્રી** ધવળની આજ્ઞાથી મનોનંદન ઉદ્યાનમાં એક વિશાળ હિમગૃહની રચના કરવામાં આવી.

કમળ કોમળ તંતુઓ અને સુગંધી વાળાઓ દ્વારા હિમ-ગૃહની દિવાલો બનાવવામાં આવી. ઘેરા લીલા કેળના ઝાડોના થાંભલા કરવામાં આવ્યા. નીલકમળના પાંદડાઓથી ઉપરિતન ભાગ ઢાંકવામાં આવ્યો. ચંદનના ઘોળ દ્વારા ભૂમિભાગ લીંપ-વામાં આવ્યો. સમીપવર્તી પ્રદેશમાં મદનક, મલ્લિકા, મુદ્ગરની શીતળ પરિમલ યુક્ત કૃત્રિમ ઝરણું બનાવવામાં આવ્યું. બર ગ્રિષ્મઋતુના પ્રતાપી સૂર્યના પ્રખર કિરણો આ હિમગૃહ ઉપર પોતાનો પ્રભાવ પાથરી ન શકયા.

શીતળ હિમગૃહમાં પોતાના સ્નેહીજનો અને પરિવાર સાથે વિમળ ગયો. ગ્રિષ્મ નિવારણ પ્રક્રિયા કરી અને તેથી એના માત પિતાને આનંદ થયો.

જે રાજસેવકોને દુઃખીજનો લાવવાની આજ્ઞા કરેલી તેઓએ દુઃખીયારાઓને લાવવાનું કાર્ય ચાલુ કર્યું, ધવલરાજાએ સૌના દુઃખ દૂર કરી આનંદ અને સુખ સમર્પ્યું. સૌના મનોભિલષિત પૂરવામાં આવ્યા. વાતાવરણ આનંદ સભર બની ગયું.

સુજ્ઞ અગૃહીતસંકેતે ! મહારાજા ધવલ નાની રાજસભા ભરી બેઠા હતાં. હિમગૃહની એ પાર્શ્વભૂમિ હતી. પ્રમોદભરી વાર્તા ચાલતી હતી. એવામાં રાજપુરૂષો આવ્યા, એમણે એક પુરૂષને પડદાની અંદર રાખ્યો હતો.

રાજપુરૂષોએ રાજાને નમસ્કાર કર્યા. વિનયપૂર્વક બોલ્યા, હે નરદેવ ! આપની આજ્ઞા પ્રમાણે અમે દુઃખીની શોધમાં હતાં. એક સ્થળે અત્યન્ત દુઃખીને અમે જોયો. અમને એ દુઃખીને અહીં લાવવા ભારે કષ્ટ સહેવું પડયું.

એ દુઃખીયારો છે, એ કરતાં દીઠે વધુ ખરાબ છે. જોયો ગમે તેમ નથી. અતિ બિહામણો છે. રાજશ્રીના દર્શન માટેની યોગ્યતા એનામાં નથી. એટલે અમે એને સમીપના પ્રદેશમાં પડદા પાછળ રાખ્યો છે. અહીં લાવવા અમારૂં મન ના માન્યું.

વિચિત્ર દુઃખીયારો :

નરપતિએ પૂછયું, તમે એ દુઃખીયારાને કયે સ્થળે જોયો

હતો ? એ ઘણો દુઃખી છે, એમ તમે કઈ રીતે માન્યું ? આ વાત બરોબર મને જણાવો.

નરનાથ ! આપની આજ્ઞાને શિરોધાર્ય કરી અમે દુઃખીની શોધમાં નગરમાં ગયા, પરન્તુ એક પણ દુઃખી અમારા જોવામાં ન આવ્યો. અમે જંગલમાં ઉપડ્યા. ત્યાં શોધ આદરી એમાં આ દુઃખી અમારી નજરે આવી ચડ્યો.

વનવગડાનો વેરાન વિભાગ હતો. ગ્રીષ્મઋતુના ઉત્તપ્ત બનેલા સહસ્ર કિરણના કર્કશ કિરણોએ માર્ગની રેતીમાં અંગારદાહ અર્પ્યો હતો. પગ મૂકતાની સાથે નખો સુધી અસહ્ય ઉષ્ણતા ઉત્પન્ન થતી હતી. રેતભર્યા ઉત્તપ્ત એ અટવી માર્ગમાં આ ઉઘાડપગો ચાલી રહ્યો હતો. અમને થયું કે વિશ્વમાં આ ઉઘાડપગા દરિદ્રી જેવો બીજો કોણ દુઃખી હશે ? અમે દૂરથી એ દરિદ્રીને કહ્યું, ભદ્ર ! ઉભો રહે, ભદ્ર ! ઉભો રહે.

અડવાણે પગે ઉષ્ણપથે ચાલતા દરિદ્રીએ કહ્યું, તમે જ ઉભા રહો. હું તો સુસ્થિત છું. મારે થોભવાની જરૂર નથી. ભદ્રો ! તમે જ થોભી જાઓ. આ પ્રમાણે બોલી આગળ ચાલવા એણે પગ ઉપાડ્યા.

દેવપાદ ! એ દરિદ્રીનારાયણને ચાલતો જોઈ અમો સૌ એને આંબવા દોડ્યા. છેવટે પકડી પાડ્યો. એક ઘટાદાર વૃક્ષ તળે લાવ્યા. એની દશા ખૂબજ દયા ઉપજાવે તેવી હતી.

એ ઉઘાડપગાનું શરીર પરસેવાથી રેબઝેબ હતું. શરીરનો વર્ણ બળી ગયેલા શ્યામ ઠુંઠા જેવો હતો. રોગો તો એનામાં જ આવી વસી ગયા જણાતા હતા. વૃદ્ધાવસ્થાએ મજબુત

ભરડો લઈ શરીરને નિસ્તેજ અને નિસત્ત્વ બનાવી દીધું હતું. દેખાવ વિકરાળ અને બિહામણો હતો. શ્રમ, અતિશ્વાસ અને અસહ્ય પિપાસાથી એનું મુખ ખૂબજ લેવાઈ ગયું હતું.

ગલિતકુષ્ટ રોગના લીધે એના કાન, નાક, હોઠ અને હાથ-પગના આંગળાઓ ગળી રહ્યા હતા. માથે લોચ મુંડો કરાવેલ હતો. ખભા ઉપર ગરમ ધાબળો ધર્યો હતો. એના વસ્ત્રો મેલા અને જુના હતા. હાથમાં દંડ અને તુંબડું હતું બગલમાં ઉનની દોરીનો વણેલો ગુચ્છક હતો.

સર્વ દુઃખોનું એ નિધાન અને દરિદ્રતાનું વાસભુવન હતો પ્રત્યક્ષ નારક જણાતો હતો. આનાથી વધુ દુઃખી કોણ હોઇ શકે ? અમને એના ઉપર ઘૃણા ઉપજતી હતી અને કરુણા પણ આવતી હતી.

અમે પૂછયું, ઓ ભદ્ર ! ભેંકાર વનમાં અને ભીષણ તાપમાં તું અડવાણો અને એકલવાયો કાં રખડે છે ?

દરિદ્રીએ કહ્યું, હું સ્વતંત્ર નથી પણ પરતંત્ર છું. ગુરૂદેવની આજ્ઞા હોવાથી આ રીતે સદા પરિભ્રમણ કરું છું.

અમે પુનઃ પ્રશ્ન કર્યો, તું ગુરૂની આજ્ઞાના કારણે આમ રખડે છે, તો એ ગુરૂ તારા ઉપર શું ઉપકાર કરશે ?

ભાઇઓ ! મારા માથે આઠ લેણદારો છે. યમરાજ જેવા અતિ ક્રૂર અને અધમ છે. એ બળવાન્ લેણદારોથી મને ગુરૂ-દેવ છોડાવશે એમ દરિદ્રીએ ઉત્તર આપ્યો.

અમને સૌને વિચાર આવ્યો કે બિચારા આ રાંકની

સ્થિતિ કેવી છે ? કેવો પાપોદય છે ? કેવી મુશ્કેલીઓ વચ્ચે એ જીવન પસાર કરી રહ્યો છે ? એક તો પરતંત્ર છે અને ઉપરથી ક્રૂર લેણદારોની હેરાનગતિ, વળી લેણદારોનું દેવું ચૂકવી મુક્ત થવાની મૃગજળ જેવી મહેચ્છા. આનાથી અધિકો દુઃખી કોઇ હશે ?

દુઃખીશિરોમણિને રાજાશ્રીના ચરણે લઈ જઇએ, એવો વિચાર કરી અમે એ દુઃખમૂર્તિને કહ્યું, ભદ્ર ! તું ઉભો થા, અમારી સાથે રાજમંદિરે ચાલ. અબઘડી જ તને તારી દરિદ્રા અવસ્થા અને દુઃખ પરંપરાથી મુક્ત કરાવીએ. તું આગળ થા.

પરન્તુ એ દરિદ્રીએ ધૃષ્ટતા ભર્યો ઉત્તર આપ્યો. અરે ! તમે મને સુખી કરનારા અને દુઃખથી મુક્તિ અપાવનારા કોણ છો ? તમારે મારી ચિંતા કરવાની જરૂર નથી. તમે મને શું મુકાવવાના હતા ? એમ બોલી ચાલવા માટે કદમ બઢાવ્યું.

અમને થયું કે આ પાપાત્મા પાગલ લાગે છે, છતાં પણ રાજાજ્ઞાનો અમલ અમારે કરવો જોઇએ. રાજાજીની સન્મુખ હાજર કરવો જોઇએ, એમ વિચારી બળજબરીથી પકડી અહીં ખેંચી લાવ્યા છીએ. હવે આપને જે યોગ્ય લાગે તે કરી શકો છો.

મહારાજા શ્રી ધવળને અનુચરોની વાત સાંભળી ખૂબ આશ્ચર્ય થયું. દરિદ્રીને જોવાની તમન્ના જાગી. રાજાએ આજ્ઞા કરી, એ દરિદ્રીને પડદા બહાર કરો. મારે પણ એનું સ્વરૂપ જોવું છે.

રાજઆજ્ઞા થતાં જ પડદો ઉચકી લેવામાં આવ્યો. રાજ-સેવકોએ જેવું વર્ણન કરેલું એવો જ દરિદ્રી રાજાએ અને

રાજપરિવારે જોયો. સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. રાજસેવકોના વચનોમાં જરાય અતિશયોક્તિ ન જણાઈ.

વિમળની કલ્પના :

દારિદ્રતાની મૂર્તિને જોતાં જ વિમળ આનંદિત થઈ ગયો. એને મનમાં થયું, ઓહ ! આ તો ભગવાન્ શ્રી બુધસૂરીશ્વરજી પધાર્યા છે. અરે ! આ આચાર્યદેવની વૈક્રિયશક્તિ કેવી વિશિષ્ટ છે ? સ્વાર્થથી નિરપેક્ષપણું કેવું ઉમદા છે ? સર્વ જીવના હિતની ભાવના કેવી પાંગરેલી છે ?

મહાત્માઓને પરોપકાર કરવો એજ એમનો પોતાનો સ્વાર્થ છે. શીતળગુણી ચંદન વૃક્ષો પોતાની શીતળતા માટે વૃદ્ધિ પામતા નથી, પણ પરાયા કાજે વનમાં ઉગતા હોય છે.

માત–તાતના પ્રતિબોધના ઉપાય માટે શ્રી રત્નચૂડ દ્વારા મને આ મહાત્માએ કહેવરાવ્યું હતું કે તારે સમય આવે દુઃખથી પીડાતા પ્રાણીઓની શોધ કરાવવી. હું વૈક્રિયલબ્ધિથી રૂપાન્તર કરી તારા બન્ધુજનોને પ્રતિબોધ કરવા આવીશ.

તું એ વખતે મને ઓળખી લે છતાં પણ વંદનાદિ ન કરીશ. પ્રતિબોધનું કાર્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી અજ્ઞાતની જેમ વર્તવું જોઇએ. નહિ તો કાર્યસિદ્ધિમાં વિઘ્ન આવે કાં વિલંબ થાય.

વિચારપૂર્વક વિમળે ગુરૂદેવને મનોમન ભાવથી નમસ્કાર કર્યા અને ગુરૂદેવે પણ વિમળને મનથી જ સર્વસિદ્ધિ પ્રદાયક "ધર્મલાભ" આશીર્વાદ આપ્યો.

દરિદ્રીની સિંહ ગર્જના :

રાજાજ્ઞાથી રાજપુરૂષો દરિદ્ર મૂર્તિને બલાત્કારે હિમગૃહમાં રાજા પાસે લાવ્યા, ત્યાં તો જાણે શ્રમથી અતિશ્રમિત ન બની ગયો હોય તેમ ધબ દઈ ધરતી પર ઢળી પડ્યો. અશક્તિના કારણે એ સ્થિર ઉભો રહેવા પણ અસમર્થ જણાતો હતો.

ધરતી પર ઢળેલા દરિદ્રીને જોઈ કેટલાક જનો એની નિંદા કરવા લાગ્યા. કોઈ અપમાન કરવા લાગ્યા. કોઈ વળી મશ્કરી કરી મુક્તહાસ્ય કરી રહ્યા હતા. કોઇ વળી આવા અદ્દીઠડાને ઉપાડી લાવવા બદલ શોક વ્યક્ત કરી રહ્યા હતા.

અરે ! આ કાળીયા ભીખારાને કોણ ઉપાડી લાવ્યું ? દુર્બલ, નિર્બલ, કોઢિયા અને માંદલિયા ભૂખડી બારસને શા માટે કુપાડી લાવ્યા ? આ દુરાત્મા છે, સાક્ષાત્ દેહધારી પાપનો પુંજ છે. પાપની મૂર્તિ છે. આવા નિષ્ઠુર વચનો ઘણા બોલવા લાગ્યા.

અપમાન ભર્યા અણિયાલા વચનો સાંભળી શ્રી બુધસૂરિજી ક્રોધે ભરાણા. આ ક્રોધ માત્ર દેખાવનો જ હતો, છતાં એમની આકૃતિ કાળભૈરવ જેવી સર્વભક્ષી બની ગઇ. એમના નેત્રોમાંથી મહાજ્વાલા ભર્યો મહાનલ લોકોને બાળી નાખે તેવો ભયંકર વર્ષવા લાગ્યો. તેઓ ગર્જી ઉઠ્યા.

અરે ઓ પાપીઓ ! શું હું તમારા કરતા વધુ કદરૂપો છું ? શું હું તમારા કરતાં વધુ દુઃખી છું ? અધમો ! તમે શું જોઇને મને હસો છો ? મારી મશ્કરી કરવાનો અધિકાર તમને કોણે આપ્યો છે ?

મૂર્ખશેખરો ! તમે જ કાળીરાત્રી જેવા કાળા અને ભૂખડી બારસ છો. કોઢ, તાવ અને ઘડપણે જ તમને થકવી નાખ્યા છે. શૂલ અને શ્વાસથી તમે જ હેરાન બન્યા છો. પાગલ અને હિનાંગ તમે જ છો. દેવાદાર અને પરતંત્ર પણ તમે જ છો. મૂર્ખશિરોમણિઓ ! તમારી જાતને જોતા શીખો. ખબરદાર છે, મારા ઉપર હસ્યા તો.

એક દુર્બળ મુનિ માની મને હસી રહ્યા છો ? મને લાગે છે કે યમરાજાએ તમારા તરફ બાણો તાકયા છે. મૃત્યુના મુખમાં ગબડતા હું તમને પામરોને જોઈ રહ્યો છું.

વનરાજ કેશરીની ગર્જના સાંભળી મૃગલાઓનું ટોળકું થરથરી ઉઠે, એમ આ દરિદ્રી દેખાતા મુનીશ્વરની વિકરાળ વાણી સાંભળી ત્યાં રહેલો જનસમુદાય થરથરવા લાગ્યો. ઉભા ઉભા ધ્રુજવા લાગ્યા. નિશ્ચલ પૂતળા જેવા બની ગયા.

રાજાની કલ્પના :

નિર્મળ બુદ્ધિના અધિપતિ ધવલ મહારાજાનું મન પણ સંભ્રાંત બની ગયું. વિમળ પ્રતિ બોલ્યા, વિમળ ! આ કોઇ સામાન્ય માનવી નથી જણાતો, અવશ્યમેવ આ કોઈ વિશિષ્ટ વ્યક્તિ હોવી જોઇએ.

ક્યાં પહેલાં મળથી મલિન ઝીણુ આંખો અને ક્યાં કલ્પાંત-કાળના સૂર્યના તેજને ઝાખાં પાડતા હાલમાં દેખાતા નેત્રો ? ક્યાં એનો મુડદાલ પહેલાનો અવાજ અને ક્યાં હાલમાં સાંભળેલો સિંહગર્જારવ ? પ્રલયકાળના મહામેઘના મહાસ્વર-નિર્ઘોષની તોલે આ અવાજ આવે છે.

આવા લક્ષણોથી ચોક્કસ માની શકાય છે કે આ કોઇ દેવ છે અથવા અપૂર્વ શક્તિધર વિદ્યાધર વિગેરે હોઈ શકે. કોઇ અગમ્ય કારણથી પોતાનું રૂપ પરાવર્તન કરી અહીં આવેલો જણાય છે.

દૃષ્ટિવિષ સર્પની જેમ આ શક્તિધર પુરૂષ ક્રોધમાં અન્ધ બની બધાને ભસ્મસાત્ ન કરી નાખે એ ખાતર એની પ્રસન્નતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. નહિ તો ઉલ્કાપાત જેવું કાંઇ અઘટિત બની જશે.

વિમલે કહ્યું, પિતાજી! આપની વાત મને પણ સાચી જણાય છે. આ કોઈ સામાન્ય વ્યક્તિ ન જ હોવો જોઇએ. આપ શીઘ્રતા પૂર્વક એ વ્યક્તિને રીઝવવા પ્રયત્ન કરો.

દરિદ્રીમાંથી દિવ્યપુરૂષ :

રાજાએ પરિવારની સાથે ઉભા થઇ મુનિના ચરણોમાં વંદન કર્યું. પોતાના મસ્તકને ભૂમીતલ ઉપર લગાવી દીધું.

વિનંતિ કરતાં બોલ્યા, હે મહાન્ વિભૂતિ! અજ્ઞાની પુરૂષોએ જે કાંઇ આપનો અપરાધ કર્યો છે, કૃપા કરી આપ એમને ક્ષમા કરો. હે દિવ્યજ્યોતિર્ધર! આપ પ્રસન્ન થાઓ અને આપનું પવિત્ર દિવ્યદર્શન અમને કરાવો.

રાજા વિજ્ઞપ્તિ કરી ઉભો થાય છે ત્યાં તો પોતાના સામે અલૌકિક ચમત્કાર જોયો. એમની નજરમાંથી દરિદ્રી પુરૂષ અલોપ બની ગયો હતો અને એને સ્થળે એક ભાસ્વર અને વિકસ્વર સુવર્ણકમળ હતું. એના મધ્યકોષમાં એક મુનીશ્વર બિરાજમાન હતા. રૂપમાં કામદેવ એમની પાસે નિસ્તેજ

જણાતો. સૂર્યના કરતાં વધુ તેજસ્વી જણાતા હતા. નયનોને આનંદ આપનારા ચંદ્ર સમા શીતળ હતા. ગુણગણથી વિભૂષિત જણાતા હતા.

આશ્ચર્યકારક મુનીશ્વરને જોઈ રાજાના નયનો અનિમેષ બની ગયા. સૌને થયું કે આ શું બન્યું ? અવનીપતિએ બે કરકમલો લલાટે લગાવી વિનંતિ પૂર્વક પૂછ્યું, આપ કોણ છો ? કૃપા કરી અમને નાથ ! આપનું દિવ્યસ્વરૂપ સમજાવો.

મુનીશ્વરે કહ્યું, રાજન્ ! હું દેવ નથી, તેમ દૈત્ય પણ નથી. હું એક સાધુ છું. આપ મારા વેષથી પણ અનુમાન કરી શકો છો કે આ એક સાધુ છે.

રાજાએ કહ્યું, ભગવન્ ! જો આપ કહો તેમજ હોય તો પહેલાં આપનું સ્વરૂપ કેવું હતું અને હાલમાં આપનું સ્વરૂપ કેવું છે ? શ્યામતા, કોઢ, વૃદ્ધત્વ, પાગલતા વિગેરે દોષો એ અવસરે આપમાં જણાતા હતાં, છતાં આપે અમારામાં એ દોષોનો આરોપ મુક્યો એનું શું કારણ ? અમને આપ સવિસ્તર સમજાવો.

ભૂપાલ ! મેં સંસારીજીવોને એમની વાસ્તવિક દશાનો ખ્યાલ આપવા બિભત્સ વૈક્રિય રૂપ બનાવ્યું હતું. મારે એ વિરૂપ દ્વારા એક દૃષ્ટાન્ત રજુ કરવું હતું. આ સંસારવર્તી આત્માઓ વિકૃત સ્વરૂપવાળા જ છે, છતાં એ પામરો પોતાના મૂળસ્વરૂપને જાણી શકતા નથી.

અજ્ઞપ્રાણીઓને સર્વાનુરૂપ દૃષ્ટાન્ત પૂરું પાડે એવું મેં મારું વૈક્રિયરૂપ બનાવેલું. એ દ્વારા મારે બોધ આપવાનો હતો.

શ્યામતા, કૌઢ, વૃદ્ધત્વ, પાગલતા વિગેરે દોષો મારા એ કુરૂપ-રૂપમાં હતાં, છતાં તમારા ઉપર મેં દોષારોપણ સહેતુક કર્યું છે. એનું કારણ આપને જણાવું છું તે સાંભળો.

સ્પષ્ટીકરણ :

૧ શ્યામતા : સંસારવર્તી આત્માઓ સુવર્ણવર્ણા રૂડા રૂપાળાં ભલે જણાતા હોય પણ એમનું અન્તઃકરણ પાપોથી બદબડી રહ્યું હોય છે, વિષયવિકારોની કાલિમાથી ઉભરાતું હોય છે. એટલે તાત્વિકદૃષ્ટિએ વિચાર કરતાં એજ શ્યામરંગા ગણાય.

મુનિવરોના દેહ ભલે શ્યામ અને કદ્રૂપા દેખાતા હોય છતાં એઓના અન્તઃકરણ સ્ફટિક સમા નિર્મળાં હોય છે. એટલે ત્વની દૃષ્ટિએ મુનિવરો જ શુદ્ધ સુવર્ણરેખા જેવા સોહામણા છે.

૨ ક્ષુધા : ભાગ્યાનુસાર મેળવેલા વિષયના સાધનો અને લક્ષ્મીમાં જેને સંતોષ નથી, વધુને વધુ મેળવવા ઝંખના રાખતા હોય એવા જીવોને ભૂખડી બારસ તત્ત્વદૃષ્ટિએ કહેવાય. આવી ક્ષુધાથી પીડાતા લોકો જ ક્ષુધાપીડિત ગણાય. ભલેને એમના પેટ ખૂબ મોટા કાં ન દેખાતાં હોય ?

બાહ્ય ક્ષુધા ભલે સતાવતી હોય અને એના કારણે પેટ પાતાળે ગયું હોય છતાં આંતરક્ષુધા જેઓની શાંત બની ગઈ છે. શરીર દુર્બલ છતાં મન નિર્મળ છે એવા મુનિવરો પરમ તૃપ્ત ગણાય.

૩ તૃષા : મળેલા ભોગોને આસક્તિ પૂર્વક ભોગવવા છતાં જેની ભોગતૃષ્ણા છીપાતી નથી. અરે ! ભોગોને ભોગવતા

તૃષ્ણાનો વધુ ઉમેરો થાય છે અને કંઠશોષ ઉલો થાય છે એ ખરી પિપાસા ગણાય. સંસારીઓ ભલેને સ્વાદુ અને શીતળ જળપાન કરતા હોય પણ તત્ત્વતઃ એ ભોગતૃષ્ણાથી સદા તૃષિત જ હોય છે,

નિર્ગ્રન્થ મુનિઓ બાહ્ય નજરે ભલે તરસ્યા જણાતા હોય પણ ભોગપિપાસા એમની પૂર્ણવિરામ પામી હોવાથી વસ્તુતઃ તૃષિત ન ગણાય પણ વીતતૃષ્ણ ગણાય.

૪ **માર્ગશ્રમ** : જે સંસારમાર્ગની આદિ નથી તેમ અન્ત નથી. દુઃખરૂપી ધૂળથી પરિપૂર્ણ ભરેલ છે. વિષયરૂપી ચોરોથી વધુ ભયાનક બનેલો છે. આ માર્ગને સમયજ્ઞો સંસાર-માર્ગ કહે છે. બાહ્ય નજરે સુંદર મહેલાતોમાં મહાલતા જણાતા સંસારસ્થ આત્માઓ સદા અવિરત આ માર્ગની મુસાફરી કરતા હોય છે અને ભાવથી એ જ લોકો માર્ગશ્રમના શ્રમથી શ્રમિત બનેલા ગણાય.

પરન્તુ ઋષિવરો બાહ્ય માર્ગના પરિભ્રમણથી થાકી ગએલા જણાતા હોય, એમનું શરીર પડું પડું થઇ રહ્યું હોય છતાં એ "વિવેકગિરિવર" ઉપર આવેલા "જૈનનગર" ના "ચિત્ત-સમાધાન" નામના હિમગૃહ સમા વરમંડપમાં આરામથી બેઠેલા હોય છે. એ આંતરથી અબેદ્ય હોય છે.

૫ **કોઢ** : સમ્યક્ત્વ એ આત્માનું રૂપસૌંદર્ય છે, એ રૂપ-સૌંદર્યને દૂષિત કરનાર અને સર્વ દુઃખોનું મહાકારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ જ ભાવકોઢ રોગ છે. આ જીવો ભલે રૂપે રંગે રૂડાં રૂપાળાં દેખાતાં હોય પણ એમનામાં મિથ્યાત્વનું

પૂરજોશમાં વહેણ વહી રહ્યું છે, એથી વાસ્તવિક રીતે સંસારી-જીવો કોઢી છે.

સાધુઓની કાયા ભલે કોઢરોગી જેવી ખરાબ જણાતી હોય પણ એમનો આત્મા સમ્યગ્ રત્નની સ્થિર અને નિર્મળ જ્યોતિથી સુશોભિત હોય છે. એટલે સાધુઓ સુંદર શરીરી ગણાય અને સંસારીઓ અસુંદર શરીરધારી કહેવાય.

૬ **તાપ :** કષાયોનો તાપ એજ ખરો તાપ છે. સંસારી-જીવોને સૂર્યનો ખરતાપ ભલે ન સતાવતો હોય, પણ કષાયના અન્તરતાપથી એ સદા સંતપ્ત જ હોય છે. એ બિચારા અન્તરથી બળતા ઝળતા હોય છે.

મુનિવરોને સૂર્યનો તાપ ભલે લાગતો હોય પણ કષાયોનો ઉત્તાપ એમને જરાય સ્પર્શ કરતો નથી. એઓ સદા શાન્ત અને શીતળ હોય છે.

૭ **જ્વર શૂળ :** સંસારવાસીઓ બહારથી જ્વરની પીડા કે શૂળની વેદનાથી મુક્ત જણાતા હોય, છતાં રાગનો જ્વર અને રોષનું શૂળ એમને સદા કનડતું જ હોય છે. એટલે સંસારવાસીઓને જ જ્વરાર્ત અને શૂળાર્ત કહેવાય.

મુનિઓના દેહમાં પાપોદયે જ્વર અને શૂળની કારમી વેદના ફાટી નીકળી હોય તો પણ રાગનો જ્વર કે રોષનું શૂળ એમને હોતું નથી. તત્ત્વતઃ મુનિવરો જ જ્વર અને શૂળ વિનાના હોય છે.

૮ **વૃદ્ધત્વ :** બાહ્ય જનોમાં યૌવન ખીલખીલાટ કરતું

જણાતું હોય પણ વિવેકની તરૂણતા વિના એ યૌવન યૌવનમાં જ ન આવે. યુવાન છતાં વૃદ્ધ છે એમ સંતપુરૂષોનું મંતવ્ય છે.

મુનિવરોના શરીરો ઉપર વૃદ્ધત્વે ભલે સર્વાંગીણ સત્તા જમાવી હોય, નેત્ર, કર્ણ, નાસિકા પોતાના કાર્યો કરવામાં અસમર્થ બની ગએલા હોય, દેખાવ અરૂચિકર થયો હોય, છતાં વિવેકની તરૂણતાને પામેલા હોવાથી નિત્ય યૌવનવન્તા મુનિવરો કહેવાય. એમના આત્મામાં યૌવનની ખૂમારી ભરી હોય છે.

૯ ઉન્માદ : જેઓ અજ્ઞાનતાથી કૃત્યોને કરતા નથી અને અકૃત્યોનો અમલ કરતા હોય છે, એવા ભવવાસી આત્માઓ ખરી રીતે પાગલ કહેવાય. કૃત્યાકૃત્યનું ભાન ન હોય એવાઓને પાગલ નહિ તો શું કહેવાય ?

સાધુઓને સંસારીજીવો ભલે પાગલ ગણતા હોય, અવ્યવહારૂ વ્યક્તિ મનાતા હોય, પરન્તુ વસ્તુતઃ કૃત્યાકૃત્યનું એમને પૂર્ણ ભાન હોય છે, એથી મુનિવરોને કદી પાગલ ન જ ગણાય. નિરૂન્માદી મુનિવરો જ હોય છે.

૧૦ વિકલાક્ષ : જે ભવવાસી કામદેવની સત્તાને પરાધીન બની ગમ્યાગમ્ય વિગેરેનો વિભાગ જાણી શકતો નથી અને સર્વત્ર સ્વચ્છંદપણે ભોગેચ્છાથી ભમતો ફરે છે, એને જ વિચક્ષણ વ્યક્તિઓ વિકલાક્ષ કહે છે. બાહ્ય લોકોના બાહ્ય નયનો ભલે કમળદળ જેવા હોય પણ આન્તર ચક્ષુ બિડાઇ ગએલાં હોઇ એઓ જ નયનહીન ગણાય.

મુનિવરોના નયનો ભલે મનોરમ્ય કે આકર્ષક ન જણાતા

હોય, છતાં જ્ઞાનચક્ષુ એમના સદા સુવિકસ્વર હોય છે અને એથી વાસ્તવિકતાઓને જોઇ શકતા હોય છે. આથી મુનિવરો સુનયનધર ગણાય, નહિ કે વિકલાક્ષ.

૧૧ નિદ્રા : સંસારવાસી જીવો જાગૃત જણાતા હોય છતાં પ્રમાદરૂપ, ગાઢ નિદ્રાથી એ ઉંઘતા જ ગણાય. જ્ઞાની પુરૂષો આવાઓને જાગતાં છતાં ઘોરતા ગણાવે છે.

સાધુભગવંતો કોઇકવાર નિદ્રાનો આશ્રય લેતા હોય છે પણ પ્રમાદશીલ એ હોતા નથી. એમનું અન્તર સદા જાગ્રત હોય છે. એઓ સુતા છતાં તત્ત્વતઃ આન્તર જાગરુક ગણાય.

૧૨ લેણુદારો : સંસારવાસીઓ બાહ્ય ઋણથી મુક્ત હશે, માથે દેવાદારપણું નહિ હોય, પણ આઠ કર્મરૂપ લેણુદારોનું ઋણ એમના લલાટે લખાએલું જ હોય છે. વસ્તુતઃ ઋણની પીડા એમને આકુળવ્યાકુળ કરતી હોય છે.

જો કે મુનિમહાત્માઓને પણ આ આઠ કર્મલેણુદારો હોય છે, છતાં એઓ તરફથી મુનિઓને કનડગત હોતી નથી. એમનું દેવું લગભગ ભરપાઇ કરી દીધાં જેવું હોય છે. એટલે ઋણની પીડા મુનિમહાત્માઓને હોતી નથી.

૧૩ પરતંત્રતા : તત્ત્વજ્ઞાનીઓ પુત્ર, મિત્ર, પત્ની, ધન, વૈભવ વિગેરે પદાર્થોને આત્માથી અત્યન્ત ભિન્ન વસ્તુઓમાં ગણે છે. આત્માને એ પદાર્થોથી કશો સંબંધ નથી, એવું માને છે. છતાં સંસારી આત્માઓ પોતાના મનથી પોતાને સ્વતંત્ર માને છે અને પુત્ર, પત્ની, ધન વિગેરેની એવી ગુલામગીરી

બનાવે છે કે જેની કોઇ સીમા નહિ. પરાધીનતાનો અને કષ્ટોનો સુમાર નહિ. ખરા પરાધીન તો સંસારી જીવો છે.

મુનિવરોએ સંસારના સુંવાળા બંધનો તજી ગૃહવાસનો સ્વેચ્છાએ ત્યાગ કરી ગુરૂદેવની પરતંત્રતાનો સ્વીકાર કર્યો છે. તત્ત્વદૃષ્ટિથી મુનિવરો સ્વતંત્ર છે. બન્ધનથી મુક્તિ મેળવી ચૂકેલા છે.

૧૪ દરિદ્રતા : સંસારવાસીઓ પાસે ભલે સુવર્ણરજતના વિશાળ ઢગલા હોય કે મણિ માણેકના ખડકો ખડકાએલા હોય છતાં એ સંપત્તિથી ધનવાન્ ન ગણાય. તત્ત્વતઃ એ ભીખારી–દરિદ્રી છે. સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર એજ ભાવધન છે. ભાવધન વિહૂણા હોવાથી સંસારીઓ દરિદ્રી ગણાય.

મુનીશ્વરો પાસે બાહ્ય સંપત્તિ કાંઈ ન હોય માત્ર જુના અને જાડા વસ્ત્ર અંગ ઉપર હોય છતાં એમના પાસે સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રય હોવાથી ખરા શ્રીમન્તો મુનીશ્વરો જ છે.

હે રાજન્! આ પ્રમાણે વિરૂપતા, દુર્ભગતા, અસુંદરતા વિગેરે દુર્ગુણો પણ પાપકર્મમાં રક્ત રહેનારા સંસારવાસી જીવોમાં જ ઘટતા હોય છે. આ વાત આન્તર સાથે સંબંધિત છે.

મુનિવરોમાં દોષની નાની કણી પણ હોતી નથી. એઓ સત્કર્મો દ્વારા પોતાના જીવનનું સત્ય સાફલ્ય કરતા હોય છે. એમના રાત અને દિવસ સફળતાને પામતા હોય છે.

આ રીતે શ્યામતા, ક્ષુધા, તૃષ્ણા વિગેરે દોષોનું આરોપણ

મેં તમારા ઉપર કર્યું છે. બાહ્યથી એ દોષો મુનિઓમાં જણાતા હોય છે, પણ વસ્તુસ્થિતિના ઉંડાણમાં જતાં એ દોષો સંસારીઓમાં જ હોય છે, નહિ કે મુનિવરોમાં. મેં જે આરોપ મુક્યો તે યથાર્થ છે ને ?

હે અવનીપતિ ! સર્વ સાંસારીક ચિંતાઓથી મુક્ત બનેલા મુનિઓને વાસ્તવિક જે આંતર સુખ હોય તે સુખ બીજાઓને ક્યાંથી સંભવે ? મુનિઓ જ સુખી છે. બીજા તો દુઃખથી રીબાતા હોય છે.

સંસારીઓને વિષયભોગોનું સુખ હોય છે, પણ તે કેવું હોય છે ? વિષયસુખો જરૂર નષ્ટ થવાના, અલ્પ સમય કાલ્પનિક શાંતિ આપનારા, પરિણામે મહાકટુ દુઃખ ઉભું કરી જનારા હોય છે. એ વિષય સુખોમાં છુપી ભીષણતા અને ભયંકરતાં રહેલી હોય છે. એટલે વિષયસુખો એ પણ તત્ત્વથી દુઃખો જ છે.

પરન્તુ અજ્ઞાની આ આત્માઓ પોતાની ખરી સ્થિતિ જાણતાં નથી અને બીચારા પામરો સ્વેચ્છા પૂર્વક આનંદથી મારો ઉપહાસ કરી રહ્યાં છે. જો કે આ લોકોનો દોષ નથી. દોષ મોહનો છે. આ આત્માઓ મોહાધીન બની ગયા છે, તેથી બઠરગુરૂની જેમ ખરૂં તત્ત્વ મેળવી શકતા નથી.

મહારાજા શ્રી ધવળે પ્રશ્ન કર્યો, ગુરૂદેવ ! એ બઠરગુરૂ કોણ છે ? એઓ તત્ત્વ કેમ ન મેળવી શકયા ? આપ એ દૃષ્ટાન્ત જણાવો.

ગુરૂદેવે ઉત્તરમાં જણાવ્યું, કે તમે શાંતિથી સાંભળો.

(સંસારીજી પોતાના વામદેવના ભવની વાત જણાવી રહ્યો છે. એ મૂળ કથા સદાગમની હાજરીમાં ભવ્યપુરૂષ-સુમતિ, અગૃહીત-સંકેતા અને પ્રજ્ઞાવિશાલાને સંભળાવી રહ્યો છે. હાલમાં વિમળકુમારના પિતા ધવળરાજના પ્રતિબોધ માટે આવેલ શ્રી બુધસૂરિજીનો અધિકાર ચાલી રહ્યો છે.)

પ્રકરણ પાંચમું

બઠરગુરુ

આ ધરાતળ ઉપર "ભવ" નામનું એક વિશાળ ગામ આવેલું હતું. એ ગામમાં "તત્સ્વરૂપ" નામનું સુંદર શિવ-નિકેતન આવેલું હતું. એમાં અનેકવિધ રત્નો અને સુવર્ણાદિ ઉત્તમ દ્રવ્યો ભરપૂર ભર્યાં હતા. કોઇ સાધનોની કમીના એમાં ન હતી.

આ શિવનિકેતનમાં "સારગુરુ" નામનો શિવભક્તોનો ધર્માચાર્ય વસતો હતો. એનું કુટુંબ પણ સાથે જ રહેતું હતું. પરન્તુ શૈવાચાર્ય પાગલ જેવો વ્યક્તિ હતો. પાગલ હોવાના કારણે એ પ્રેમાળ અને હિતસ્વી કુટુંબની ચિંતા કરતો ન હતો. એના યોગક્ષેમનો પ્રયત્ન કરતો ન હતો.

પોતાના હિતની કાંઇ પડી ન હતી. પોતાના શિવનિકેતનની સમૃદ્ધિનું એને જરાય ભાન ન હતું. પોતાના પરિવારના લોકોની સંખ્યા અને સમૃદ્ધિની ગણનાનું પણ એને ભાન ન હતું. આવી હતી શિવાચાર્યની મૂર્ખતા.

ભવગામની સોનેરી ટોળકીના લૂંટારૂ સહુયોને શિવાચાર્યની મૂર્ખતાનો પૂરો ખ્યાલ આવી ગયો. અવસરે લૂંટી લેવાનો નિર્ણય કરી એની સાથે મૈત્રી કરી. મૈત્રીના લેબાશમાં અંદર ધૂર્તતા ધબકતી હતી.

નવા મિત્રો ખરેખરા દુશ્મન હતા. હૈયામાં કઠોરતા અને ક્રૂરતા હતી. આશય ભારે ખરાબ હતો પણ શિવાચાર્ય મૂર્ખ હોવાના લીધે વસ્તુસ્થિતિ સમજી ના શક્યો. અરે! દુશ્મનોને પોતાના પ્રિય દોસ્ત માનવા લાગ્યો. હિતસ્વી અને સજ્જન એણે કલ્પ્યાં.

આ ધૂર્તમિત્રોએ શિવાચાર્યને મિત્રતાથી એવો આંજી દીધો કે એ પોતાના કુટુંબથી પણ વેગળો બની ગયો. એ તરફ જરાય લક્ષ ન આપતો. કુટુંબીને ભૂલી ગયો.

પોતાના ગુરુના વિચિત્ર વર્તનને જોઇ શિવભક્તોએ શિવાચાર્યને કહ્યું, પૂજ્યપાદ! ભટ્ટારક!! આપે જે લોકોની સાથે વધુ પડતી મિત્રતા બાંધી છે, એ મિત્રો નથી પણ સોનેરી ટોળીના સભ્યો–ધૂર્તસમ્રાટો છે. આપે સાવધાન રહેવા જેવું છે. એઓ સાથે સંબંધ ન રાખવો ઘટે.

ઉન્મત્ત શિવાચાર્યે પોતાના ભક્તોની વાત જરાય ગણકારી નહિ. "બહેરા આગળ ગીતો" જેવું બન્યું. શિવભક્તોને થયું કે મૂર્ખને ઉપદેશ આપવો એ વ્યર્થ શ્રમ કરવા જેવો છે. શ્રમનું ફળ કાંઇ નથી. મૂર્ખમાં ગણી કાઢ્યો અને સારગુરુ નામ હતું એના બદલે બઠરગુરુ નામ સ્થાપી દીધું.

બઠરગુરૂ નામ કર્યા પછી ધૂર્તોઓથી વિંટળાએલા પોતાના એ ગુરુનો એમણે સવિનય ત્યાગ કર્યો.

બઠરગુરુની દશા :

શિવભક્તોએ બઠરગુરુનો બહિષ્કાર કર્યો એટલે ધૂતારાઓનું વર્ચસ્વ વધુ જામ્યું. એઓએ બઠરગુરુને ભોજનમાં કોઇ ઔષધ

ચૂર્ણ ખવરાવી દીધું. ઔષધયોગથી બઠરગુરુનો ઉન્માદ–પાગલતા વધુ વિકાસ પામી. અવસર જોઇ ધૂતારાઓએ શિવનિકેતન બથાવી પાડયું.

બઠરગુરુ અને એના કુટુંબને કેદ કરી વચલા એક ઓરડામાં પૂરી દીધા. બારણા સારી રીતે બંધ કરી દેવામાં આવ્યા. જેલમાં સબડતા કેદી જેવી એમની દશા કરી.

સ્તતંત્રવાદી ધૂતારાઓ ખૂબ ગેલમાં આવી ગયા. એમણે એક મહાતસ્કર અને મહાધૂર્તને નાયક બનાવ્યો. એ નાયક ક્રૂર અને પ્રચંડ હતો.

ધૂતારાઓ પોતાના નાયકની સામે જોરથી ગાય છે. મોટેથી તાલીઓ પાડી રાસડા લે છે અને ઓરડામાં રહેલા બઠરગુરુને નાચ નચાવે છે. આ પ્રમાણે બઠરગુરુની વિડંબના ચાલુ થઈ. મૂર્ખાને હજુ વાસ્તવવિકતાનો ખ્યાલ આવતો નથી. નાચ કરવામાં પણ મલકાય છે અને અન્તરમાં આનંદ માને છે.

ભિક્ષા માટે ભ્રમણ :

નાચ કરતા થાકી ગએલા બઠરને ભૂખ લાગી. ભૂખથી પેટ ઉંડુ ચાલ્યું ગયું. ધૂર્તનાયક પાસે ભોજનની માગણી કરી. એમણે કહ્યું, તને ભૂખ લાગી હોય તો આ ગામમાં ભીખ માગી ખા, એ વિના તને બાવા નહિ મળે.

ધૂર્તોએ આ પ્રમાણે જણાવ્યું અને બઠરના શરીર ઉપર મેસના ટીલાં ટપકાં કર્યાં. રખોડી લગાવી અને હાથમાં કુટેલા ઘડાનું ખપ્પર આપી જણાવ્યું, ગુરુદેવ ! આપ હવે ગામમાં ભીખ માંગી ખાઓ. ગામમાં રખડો.

ભવગામમાં ચાર મોટી શેરીયેા હતી. એના અનુક્રમે અતિજઘન્ય, જઘન્ય, ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટતર એ નામેા હતા.

બઠર સૌ પ્રથમ અતિજઘન્ય શેરીમાં ભિક્ષા કાજે ગયેા. ધૂતારાઓ પણ સાથે હતા. ધૂતારાઓ મોટેથી તાળીયેાના ગડગડાટ કરતા હતા. ઘરે ઘર ભીખ માટે બઠર નાચ કરતેા હતેા. એ વિના હવે બિજો ઉપાય ન હતેા.

અતિજઘન્ય શેરીમાં ભીક્ષાની વાત જવાદો પણ "ભીખ આપું" એવું કહેનાર પણ કોઈ ના મળ્યો. ઉપરથી ધૂતારાઓએ શેરીમાં વસતા ગૂંડાઓને ઇસારેા કર્યો. એ ગૂંડાઓ બઠર ઉપર તૂટી પડ્યા. બઠરને એવેા માર મારવામાં આવ્યો કે હોશકોશ ઉડી ગયા.

લાંબા ગાળા સુધી અતિજઘન્ય શેરીમાં દુઃખેા ભોગવવા પડ્યા. આખરે એક દિવસે ભીખ માગવાનું ખર્પર ફુટી ગયું. બઠર એ શેરીમાંથી બહાર આવ્યેા, પરન્તુ ધૂર્તરાજેએ એના હાથમાં શકોરૂં-રામપાતર પકડાવી દીધું.

સરાવલું હાથમાં લઇ એ જઘન્ય શેરીમાં ભીખ માગવા ગયેા. ધૂતારાઓ અહીં પણ સાથે જ હતા. જઘન્ય શેરીમાં ઘણું ઘણું રખડ્યો, અહીં ભિક્ષામાં કાંઇ મળ્યું નહિ. માત્ર ગૂંડાઓનેા ત્રાસ અને માર ઇનામમાં મળ્યાં. એક દિવસે શકોરૂં પણ ફુટી ગયું અને બઠર શેરી બહાર આવ્યેા. ધૂર્તસમ્રાટે તામ્રભાજન હાથમાં બઝાવી દીધું.

તામ્રપાત્ર હાથમાં લઇ બઠરજી ભિક્ષા કાજે ત્રીજી શેરી ઉત્કૃષ્ટમાં ઘૂસ્યા. ત્રીજી શેરીમાં બઠરને થેાડી થેાડી ભિક્ષા

મળતી હતી. ત્યાંના લોકો ઉપર શિવનિકેતના સ્વામી તરીકેની છાયા પડતી હતી. રત્નપૂર્ણ દેવમંદિરના સ્વામી છે, એવી છાપના કારણે ભિક્ષા મળતી હતી. અહીં પણ ગૂંડાઓનો ત્રાસ સારા પ્રમાણમાં હતો. છેવટે એક દિવસે તામ્રપાત્ર પણ તૂટી ગયું અને એ શેરી બહાર આવ્યો. ધૂર્તનાયકે એક ચકચકિત રૌપ્યપાત્ર એના કરકમલમાં નમ્રતાથી મૂકયું.

ઉત્કૃષ્ટતર નામની ચોથી શેરી ઘણી દિલાવર હતી. રજત-પાત્ર હાથમાં લઇ બઠર આ શેરીમાં ભિક્ષા કાજે આવી પહોંચ્યો. ધૂર્તો સાથે હતા.

પરન્તુ વિશિષ્ટ અને મહાર્ઘ્ય રત્નોના ભંડારોનો આ મહાનાયક છે, એવી છાપ આ શેરીમાં બઠરની હતી. એ ઉત્તમ યશઃપ્રભાના પ્રભાવે ઘરેઘરથી સારા પ્રમાણમાં ઉત્તમ ભિક્ષાઓ પ્રાપ્ત થતી હતી. ભિક્ષાનો ઉત્કૃષ્ટતમ શેરીમાં દુષ્કાળ ન હતો.

આ પ્રમાણે ધૂર્તરાજે બઠરગુરુને ફરી ફરી ચારે શેરીઓમાં રખડાવતા અને ભિક્ષા મંગાવતા. ગૂંડાઓનો ત્રાસ મુંગે મોઢે સહન કરવાનો રહેતો. આ કાર્યક્રમનો અમલ ઘણાં સમય સુધી અવિરત ચાલુ રહ્યો.

અનેક વિડંબનાઓની વચ્ચે પણ બઠરને દુઃખ જણાતું ન હતું. મહામુશ્કેલે ભિક્ષા મળતી હતી છતાં એ પોતાને ઘણો શાણો અને સુખી માનતો હતો. આ હતી ભોળા બઠરની મૂર્ખતાની પરાકાષ્ઠા.

પોતાને ધૂતનારા ધૂતારાઓને હજુ એ પ્રિય મિત્રો જ

માનતો હતો. રત્નભરપૂર શિવનિકેતનની સાહ્યબી પડાવી લેવામાં આવી, ભક્તવર્ગથી બહિષ્કાર કરાવ્યો અને પોતાના કુટુંબથી વિયોગ કરાવ્યો છતાં પોતાની કરુણ દશાનો વિચાર એને જરાય સ્પર્શતો નથી. પોતે દુઃખરૂપ સમુદ્રમાં ફેંકાઇ ગયો એનો હજુએ ખ્યાલ આવતો નથી.

હે રાજેશ્વર ! બઠરગુરુનું આ દૃષ્ટાન્ત છે, સંસારીજીવો પણ બઠરગુરુ જેવા બધિર છે. પરમાર્થને જાણતા નથી તેમ જાણવાની ઇચ્છા પણ રાખતા નથી. તત્ત્વતઃ સંસારસંગી આત્માઓ અને બઠરગુરુ એ બન્ને સમાન વ્યક્તિઓ છે.

કથા ઉપનય :

મહારાજા શ્રી ધવળે પ્રશ્ન કર્યો, ગુરૂદેવ ! સંસારીજીવો બઠરગુરુ જેવા કઇ રીતે ? જગતના જીવો મૂર્ખ અને અણસમજુ છે ? કઇ રીતે આપની વાત સત્ય માનવી ?

મુનીશ્વરે જણાવ્યું, ક્ષમાપતિ ! હું એ કથાના ભાવને જણાવું છું. આપને એથી સંસારીજીવોની મૂર્ખતાનો ખ્યાલ આવી જશે. કથાનો ભાવ આપ લક્ષપૂર્વક સાંભળશો.

ભવ નામનું ગામ બતાવવામાં આવ્યું તે અતિ વિશાળ સંસારનું પ્રતિરૂપક છે. અર્થાત્ ભવ એટલે સંસાર.

આ સંસારમાં રહેતા જીવોનું મૂળ શુદ્ધ સ્વરૂપ એને જ શિવનિકેતન જાણવું. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર વિગેરે અનેક રત્નોથી આત્મા પૂર્ણ છે. એ રત્નોની સુરક્ષા કરે તો આત્મા અતુલ અને અમેય આનંદને વરે.

જીવલોક એ શિવનિકેતનનો સ્વામી છે. પણ મોહાદિ કર્મોના કારણે એ ઉન્મત્ત-પાગલ બની ગયો છે.

સમતા, નમ્રતા, સરલતા, નિર્લોભતા, ઉદારતા, સદાચાર, સદ્વિચાર, ઇચ્છાનિરોધ, મૈત્રી, કરુણા, મુદ્રિતા, ઉપેક્ષા વિગેરે ગુણો જીવના સ્નેહાળ સ્વજનો છે.

રાગ, રોષ, અજ્ઞાન, કામ, ક્રોધ, મદ, મોહ વિગેરે ધૂર્તતસ્કરો છે, છતાં પણ સંસારીજીવોને પોતાના આત્મીય જનો જેવા આપ્ત લાગે છે. બઠરે જેમ ધૂર્તોને પોતાના બન્ધુ માનેલા.

શિવભક્તોએ સારગુરુ-બઠરને ચેતવ્યા, પણ એ ન સમજ્યો, તેમ જિનમતના જ્ઞાતા જૈનો જીવલોકને ધૂર્તતસ્કરોની માહિતી આપે છે, અને એનાથી સાવધ રહેવાનું જણાવે છે છતાં કોઇ કશું કાને ધરતું નથી, તત્ત્વને સમજતા નથી.

સમજાવવા છતાં નહિ સમજતાં જીવલોકને કહેવાનું માહેશ્વરો માંડી વાળે છે. એના પ્રતિ ઉપેક્ષા સેવે છે. એને તજી દે છે. રાગાદિ ભાવતસ્કરોએ જીવલોકનો ઉન્માદ ખૂબ વધારી દીધો. એના ઉપર પોતાનું વર્ચસ્વ જમાવ્યું. મનની મહા આશા-તૃષ્ણારૂપ મધ્ય ઓરડામાં જીવલોકને પૂરી દેવામાં આવે છે. આશાના તંતુથી જકડાએલો રહે છે.

બઠરની સંપત્તિનું સ્વામિત્વ ઝૂંટવી લઈ ધૂર્તોએ પોતાની ટોળીમાંથી એકને આગેવાન બનાવ્યો અને એની આજ્ઞા પ્રમાણે બઠરને નૃત્ય વિગેરે કરવા પડતા હતા, તેમ રાગ દ્વેષ તસ્કરોએ જીવની સંપત્તિનું સ્વામિત્વ ઝૂંટવી લઇ પોતાના વડા મોહરાજને અધિપતિ બનાવ્યો. મોહરાજની આજ્ઞા પ્રમાણે જીવો નૃત્ય કરે છે.

"બહરૂપ નૃત્ય કરતાં શ્રમિત બની ગએલો અને ક્ષુધા લાગવાના કારણે ભોજનની પ્રાર્થના કરી" એમ જીવોને વિષયેચ્છાની ક્ષુધા અત્યન્ત લાગી અને રાગાદિ પાસે ભોગરૂપ ભોજનની માગણી કરી.

"તસ્કરોએ બહરૂપને ભિક્ષાપાત્ર આપી ભવગ્રામની ચારે શેરીઓમાં ભીખ માટે ફેરવ્યો હતો; એના શરીરે કાળી મસીના ટીલાં–ટપકાં કર્યાં હતાં." એમ રાગાદિએ સૌ પ્રથમ પાપરૂપ મસીથી જીવલોકને વિચિત્ર ચિત્ર્યો. જુદા જુદા પાત્રો આપી જુદી જુદી શેરીયોમાં ફેરવ્યો. રાગાદિ પણ સાથે જ જતાં, ઘણે સ્થળે ગૂંડાઓનો માર આ જીવોએ સહન કર્યો.

ભવગામમાં ચાર શેરીઓ જણાવેલી, તે સંસાર પક્ષે ચાર ગતિ સમજવી. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ છે. એજ ચાર શેરી જાણવી.

ખપ્પર, શરાવલુ, તામ્રપાત્ર અને રજતપાત્ર એ ચારે ચાર ગતિના રૂપક જાણવા. ખપ્પર મલ્યું એટલે નરકાવાસે ગયો. શરાવલું મળ્યું ત્યારે તિર્યંચગતિમાં સમજવો. તામ્રપાત્ર મનુષ્યગતિ અને રજતપાત્ર દેવગતિને મેળવ્યાનું સૂચવે છે.

ઘરે ઘરે ભિક્ષા યાચના કરતો, ઘર એટલે યોનિ–ઉત્પત્તિ સ્થળ. ચોર્યાંશી લાખ યોનિરૂપ ઘરેઘર આ જીવ ભોગોની આશાના પાપથી ભટકે છે. પરમાધામીઓનો માર, ક્ષુધાની વેદના, તૃષાનું દુઃખ, તાપનો ત્રાસ વિગેરે ગૂંડાલોકો સમજવા. આયુષ્યના પ્રમાણે એ યોનિમાં જીવલોકનું પરિભ્રમણ થતું હોય છે. એમાં માત્ર ભયાનક દુઃખો, સંતાપો અને વેદનાઓ સહન કરવાની હોય છે.

બઠરને ત્રીજી શેરીમાં કાંઈક અને ચોથી શેરીમાં વધુ પ્રમાણમાં ભિક્ષા મળતી અને એના કારણમાં આ બઠરગુરુ રત્નસમુહનો સ્વામી છે, એવી છાયા એની પડતી હતી. તેમ જીવલોકનું પુણ્ય એ રત્નછાયા છે. એ રત્નરૂપ પુણ્ય પ્રભાના કારણે મનુષ્યગતિ અને દેવગતિમાં ભોગરૂપ ભોજન એને પ્રાપ્ત થઇ જતાં હતાં.

આ પ્રમાણે ભોગાભિલાષી જીવલોક વારંવાર કલેશોથી પીડાય છે, છતાં એ મૂર્ખલોકને પીડાનો ખ્યાલ આવતો નથી. "પોતાનું સર્વસ્વ પોતે ગુમાવી બેઠો" એવું એ માનવા તૈયાર નથી. અરે ! એ તો પોતાને સુખીઓનો શહેનશાહ માનતો હોય છે. શું આ જીવલોકના મૂર્ખતાની પરાકાષ્ટા નથી ?

રાજેન્દ્ર ! જીવલોક દુઃખના દરિયામાં ડુબેલ છે અને બઠરગુરુ પરમાર્થને સમજી શકયો ન હતો એમ જીવલોક પણ પરમાર્થને જાણતો નથી. આ દૃષ્ટિએ મારી વાત સર્વથા ઘટી શકે છે.

રાજાનો પ્રશ્ન અને કથાનો ઉત્તરભાગ :

ધવલ—ગુરૂદેવ ! આપે કથા કહી તે અમને જ લાગુ પડે છે. અમે જ ભવવિડંબનામાં પટકાયા છીએ. અમારો આ જંજીરોમાંથી ક્યારે છૂટકારો થશે ? અમે બંધનથી મુક્ત ક્યારે બનશું ?

ગુરુદેવ—ધવલરાજ ! ચિંતા ન કરો, તમે સૌ બંધનથી મુક્ત બની શકો છો. પણ શર્ત એક છે. બઠરગુરુએ પાછળથી પોતાના જીવનમાં અલૌકિક પરિવર્તન કર્યું અને રાહ બદલ્યો એમ તમે પણ રાહ બદલો તો.

ધવલરાજ—ભગવન્ ! એણે કઇ રીતે રાહ બદલ્યો અને સુખી બન્યો ? કૃપા કરી અમને જણાવો. અમે પણ એ માટે સત્પ્રયત્ન કરી શકીએ.

ગુરુદેવ—મહાનુભાવ ! સાંભળો. બઠરગુરુ ધૂર્ત તસ્કરોની અનેક વિડંબનાઓ સહન કરતો હતો. આવી કરૂણા ઉત્પન્ન કરાવનારી પરિસ્થિતિ જોઇ એક માહેશ્વરના હૃદયમાં દયાના અંકુરા ઉગી નિકળ્યાં. એને થયું કે આવો વૈભવશાળી શિવ-નિકેતનનો સ્વામી દુઃખથી રીબાય એ સારૂં નહિ.

એ કરૂણાશીલ માહેશ્વર મહાવૈદ્ય પાસે ગયો અને પૂછયું કે બઠરગુરુના રોગના નિવારણનો શો ઉપાય છે ? એ માટે કયા ઔષધો અને ઉપકરણો જોઇએ ?

મહાવૈદ્યે રોગ નિવારણના ઉપાયો બતાવ્યા અને ઉપકરણો આપ્યા, એટલે કરૂણાશીલ માહેશ્વર બઠરગુરુ પાસે આવી પહોંચ્યો.

બઠરગુરુમાંથી સારગુરુ :

માહેશ્વર શિવનિકેતનમાં મોડી રાત્રે આવ્યો. અહીં ધૂર્ત-સમ્રાટો બઠરગુરુને નચાવી નચાવી થાકી ગએલા એટલે એ બધા ઘસઘસાટ ઉંઘી ગયા. અંધારૂ બધે વ્યાપક હતું. માહે-શ્વરે શિવનિકેતનમાં રહેલાં દીપકની જ્યોત પ્રગટાવી. દીપકની જ્યોતિમાં બઠરગુરુ એના જોવામાં આવ્યો.

બઠરને અતિ શ્રમના કારણે સખ્ત તૃષા લાગી હતી. માહે-શ્વર એના જોવામાં આવ્યો. બઠરે માહેશ્વરને કહ્યું, ભાઇ ! મને ખૂબ તૃષા લાગી છે. થોડું શીતળ જળપાન કરાવ તો.

માહેશ્વરને જોઇતો લાગ મળી ગયેા. એણે નિર્મળ અને શીતળ તીર્થજળ પીવા આપ્યું. બઠરગુરુએ અતિ પ્રેમથી એ જળપાન કર્યું.

જળપાન કરતાંની સાથે બઠરગુરુનેા ઉન્માદ ગળી ગયેા. સચેતનતા આવી ગઇ. સભાન બની શિવનિકેતનની ચારે તરફ બારીકાઇથી નિરીક્ષણ કર્યું. સેાનેરી ટેાળકીના પેલા ધૂતારાઓ એના જોવામાં આવી ગયા. કરૂણાધન માહેશ્વરને પ્રશ્ન કર્યો કે "આ બધું શું છે?"

માહેશ્વરે આરંભથી અન્ત સુધીનેા ઇતિહાસ સંભળાવી દીધેા.

બઠરગુરુએ કહ્યું કે હવે મારે શું કરવું જોઇએ?

દયાસમુદ્ર માહેશ્વરે બઠરગુરુના હાથમાં એક વજ્રદંડ આપ્યેા. પછી જણાવ્યું. પૂજ્યપાદ! આ બધા આપના વિરેાધીઓ છે. મહાધૂર્ત અને તસ્કર વિદ્યાના વિશારદેા છે. આપ હવે જરાય વિલંબ કે આળસ ના કરેા. એક પછી એકને ધીબવા મંડેા. જરાય પાછું જોશેા નહિ.

બઠરગુરુ માહેશ્વરના કહ્યા મુજબ સુતેલા ધૂર્તસમ્રાટેા ઉપર વીજળી વેગે તૂટી પડ્યેા. બધાને યમસદને પહેાંચાડી દીધા. મધ્ય ઓરડાના દ્વારેા ઉઘાડી નાખ્યા. સમતા, નમ્રતા, સત્ય, સંતેાષ વિગેરે કેદ પૂરાએલા કુટુંબીજનેાને જોયા. પેાતાના રત્નના ભંડારેા નિહાળ્યાં.

સાધના સાધતેા સાધુ સાધનાની સિદ્ધિ કરતાં પરમ જ્યેાતિને મેળવી જે આનંદ અનુભવે, તે આનંદ આ બઠરગુરુ

પોતાનું કુટુંબ અને પોતાનો રત્નવૈભવ પ્રાપ્ત કરી અનુભવવા લાગ્યો.

આખરે વિચાર કરી ધૂર્તનાગરિકોના વસવાટવાળા ભવગામનો ત્યાગ કરી દૂર દૂર આવેલા ઉપદ્રવોથી અળગા રહેલા "શિવાલય" નામના મઠમાં રહેવા માટે સારગુરુ પહોંચી ગયા.

ધરણીપતિ ! બઠરગુરુની બાકીનો કથા વિભાગ મેં તમને સંભળાવી દીધો. જીવલોક પણ એવું કરે તો અવશ્ય સદાનંદના સ્વામી બની શકે.

ધવલરાજ—ગુરુદેવ ! જીવલોક સાથે એ વાતો કઇ રીતે ઘટી શકે ?

ઉપનય :

મહાત્મા શ્રી બુધસૂરીશ્વરજીએ જણાવ્યું, હે નરપાલ ! બઠરગુરુને સમજાવવા માટેજ આવેલ એમ આ સ્થળે ધર્મોપદેશક ગુરૂ સમજી લેવા.

જ્યારે જીવલોક રાગાદિ શત્રુઓથી ઘેરાઈ જાય છે અને દુઃખના દરિયામાં ગોથા ખાય છે, લોકોની આ સ્થિતિ જોઈ દયાળુ ગુરૂને દયા આવે છે. દુઃખ દૂર કરવાના ઉપાય માટે ગુરૂ મહાવૈદ્યસમા જિનેશ્વર પરમાત્મા પાસે જાય છે અને એમના ઉપદેશ દ્વારા દુઃખ મુક્ત કરવાનો ઉપાય પ્રાપ્ત કરી લોક ઉપકારની સત્પ્રવૃત્તિ ગુરુદેવો કરે છે.

ત્યાર પછી જીવલોકના રાગાદિ ધૂર્તો ક્ષીણ થયા હોય કે શાંત થયા હોય એવા અવસરનો લાભ લઈ ગુરુદેવો જીવ-

સ્વરૂપ રૂપ શિવનિકેતનમાં જઈ જ્ઞાનદીપ પ્રગટાવે છે. ત્યાર બાદ સમ્યગ્દર્શન રૂપ નિર્મળ તીર્થજળનું પાન કરાવી હાથમાં સમ્યગ્ ચારિત્ર રૂપ વજ્રદંડ આપે છે.

સમ્યગ્જ્ઞાન દ્વારા જીવલોક વાસ્તવિક વસ્તુને જોઇ શકે છે અને સમ્યગ્દર્શનના પ્રતાપે પાપકર્મો હળવા થવાથી સચેતનતા વિકસિત બને છે અને મહાપ્રભાવક ચારિત્રરૂપ વજ્રદંડથી અત્યાર સુધી મિત્ર માનેલા રાગાદિ ઉપર ગુરુદેવના વચનો પ્રમાણે ત્રાટકી પડે છે અને એના ભૂક્કેભૂક્કા બોલાવી દે છે.

રાગ, દ્વેષ, અજ્ઞાન શત્રુઓના નાશ પછી એનો આત્મા નિર્મળ બનતો જાય છે. આંતર જ્યોતિ વિકસતી જાય છે. અપ્રમત્તતા વિગેરે ગુણરત્નોનો વિકાશ થતો જાય છે. એમ કરતાં એના આંતર ઓરડાના દરવાજા ખૂલી જાય છે અને પોતાના સાહજિક કુટુંબીઓનો મેળાપ થાય છે.

પોતાના અતુલ અને અમૂલ્ય ગુણરત્નોના લાભથી એને અતિશય સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. પોતાના ઐશ્વર્યનું ભાન અને પ્રાપ્તિ થવાથી નિરવધિ આનંદનો પરમ અનુભવ કરે છે.

આખરે એને ભવગામરૂપ સંસાર ત્યાગ કરવાનો ભાવ અતિજાગૃત થાય છે. પરિણામે રાગાદિ ચોરોના વસવાટવાળા આ સંસારનો ત્યાગ કરી નિરાબાધ અને નિષ્કંટક સ્થળે રહેલા મઠ સમા મોક્ષમાં જઈ વસે છે. ત્યાં અજર, અમર, અચલ, અક્ષય, અનન્ત, અજર, અવ્યાબાધ, અપુનરાવર્ત અવસ્થાને વરે છે.

હે રાજેશ્વર ! આવું જો તમારા જીવનમાં બની જાય તો તમે મોક્ષ મેળવી શકો છો. ભવ વિડંબનાઓથી સર્વથા મુક્ત બની આનંદધામ મોક્ષમાં જઈ શકો છો. એ વિના બરૂં સુખ મેળવવાનો એકે ઉપાય નથી.

ધવલરાજ—ભદન્ત ! વિવેક ઉદ્યાનના ઉછેરમાં પોષણપ્રદા આપની અમૃતવાણી સાંભળી મને પરમ હર્ષ થયો છે. શ્રોતાઓને પણ આનંદ થયો છે. આપના જેવા અકારણવત્સલ નાથને મેળવ્યા પછી અમારે માટે પણ કોઈ વસ્તુ અશક્ય રહેતી નથી. ભાવશત્રુઓનો નાશ કરવા અમે પણ અમારી તાકાત બતાવી શકીશું.

ભન્તે ! આપ અમારા ઉપર પરમ કરૂણા કરો. અમારે હવે શું કરવું જોઇએ એ માટે આજ્ઞા ફરમાવો. અમે આપની આજ્ઞાને પૂજ્યભાવે શિરોધાર્ય કરીશું.

ગુરૂદેવ—નરપતિ ! તમે ઘણી સરસ વાત રજુ કરી. તમારા બોલ મને ખૂબ ગમ્યા. તમારા કથનથી મારા પ્રયાસ રૂપ વૃક્ષ ઉપર ફળો લચી પડતા દેખાય છે. મારો પરિશ્રમ હું સફળ થતો જાઉં છું.

મારી તમને એટલી જ આજ્ઞા છે અને એને તમે અમલમાં મૂકો. મેં જીવનમાં જે કર્યું છે, એ તમે પણ અમલ કરી બતાવો. આ છે મારી આજ્ઞા.

ધવલરાજ—ભગવન્ત ! આપે શું જીવનમાં કર્યું છે ?

ગુરૂદેવ—રાજન્ ! મેં સંસારને ભયંકર કારાવાસ માન્યો અને એનો પરિત્યાગ કરી ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

મારા ઉપદેશથી તમને સૌને બોધ થયો હોય, તમને પણ સંસાર ઉપરથી વિરક્તભાવ થયો હોય, એના પરિત્યાગની ભાવના ઉત્કટ બની હોય, તો તમે સૌ ભવસન્તાનને વેરવિખેર કરી નાખવામાં મહાસમર્થ પરમપાવની દીક્ષાનો સ્વીકાર કરો.

ધવલરાજ—ભન્તે ! આપે જે આજ્ઞા ફરમાવી એ અમારા હૃદયમાં બરોબર સ્થિર બની ગઇ છે. અમને ગમી ગઈ છે. એનો અમલ કરવા અમે પૂર્ણ ઉત્સુક છીએ.

આપે અમારા બોધ માટે ઘણો પરિશ્રમ કર્યો. ઘણા શ્રમે અમને આપના ઉપદેશની અસર થઇ પરન્તુ આપને કયા કૃપાળુ ગુરૂદેવે બોધ આપ્યો ? કઇ પદ્ધતિથી બોધ આપ્યો ? શા સારૂ બોધ આપ્યો ? કયે સ્થળે બોધ આપ્યો ? આ વાત આપ અમને જણાવશો, તો અમારા ચિત્તને પરમ શાંતિ થશે.

ગુરૂદેવ—નરેન્દ્ર ! સાધુ પુરૂષો આત્મપ્રશંસા અને પરનિંદા કદી કરતાં નથી. હું જો મારા જીવનનું વૃત્તાન્ત જણાવું તો એમાં આત્મપ્રશંસા અને પરનિંદા આવે તેમ છે. એ છતાં આપનો આગ્રહ છે અને જણાવવાથી આપને લાભ થશે, એવું માની મારા બોધનું કારણ વિગેરે આપને જણાવું છું. આપ સાવધાનમના બની સાંભળો.

પ્રકરણ છઠ્ઠું

સૂરિજીની આત્મકથા

આ વિશાળ વિશ્વમાં "ધરાતલ" નામનું અતિ વિશાળ નગર હતું. અનેક નવા નવા પ્રસંગો રોજ અહીં થયા જ કરતાં. એકને ભૂલાવે એવા અનેક આશ્ચર્યો આ નગરમાં બન્યા કરતાં.

આ નગરના રાજ્યસિંહાસનને શ્રી "શુભવિપાક" રાજવી શોભાવી રહ્યા હતા. વિશ્વરૂપ કમળના વિકાસ માટે અમૃતવર્ષી ચંદ્રમા સમા એ શાન્ત અને આહ્લાદક હતા. એમને "નિજસાધુતા" નામની રાણી હતી. પોતાના પતિદેવના દરેક ગુણો નિજસાધુતામાં હતા. બંને ગુણ, રૂપ, વય, વપુ, વિદ્યા અને સ્વભાવમાં મળતાવડા હતા. એમને "બુધકુમાર" નામનો એક સુપુત્ર હતો. ગુણગણથી એ ગુણિયલ ગણાતો.

શુભવિપાક રાજાને એક નાના બન્ધુ હતા. એનું નામ "અશુભવિપાક" હતું. વિશ્વના સર્વ સન્તાપો ઉભા કરવા એ એનું મુખ્ય કાર્ય હતું. ત્રાસ આપવા એ એની આનંદજનક ક્રિયા ગણાતી. અશુભવિપાકને એના જેવાજ ગુણ-સ્વભાવવાળી "પરિણતિ" નામની પત્ની હતી. વળી દ્વેષોરૂપ સર્પરાજોથી સદા વિંટળાઈ રહેતો "મંદકુમાર" નામનો એમને પુત્ર હતો.

બુધકુમાર અને મંદકુમાર કાકા કાકાના પુત્રો હતા. એ રીતે ભાઇઓ ગણાતા. ભાઇના સંબંધને કારણે એમનામાં નિખાલસ મૈત્રી-પ્રેમ થયો. અકૃત્રિમ સ્નેહ થવો એ પણ સાહજિક હતું. બંને ભાઇઓ હળીમળીને રહેતા અને બીજના ચંદ્રની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા ગયા.*

બુધકુમારના લગ્ન :

"વિમલમાનસ" નામનું એક નગર હતું. શ્રી "શુભાભિપ્રાય" રાજાનું રાજ્ય ત્યાં હતું. "ધિષણા" નામની રૂપવતી અને ગુણવતી એમને એક સુપુત્રી હતી.

મદઝર યૌવનમાં જ્યારે ધિષણાએ પ્રવેશ કર્યો, ત્યારે શુભાભિપ્રાય રાજાએ સ્વયંવર રચાવ્યો. એમાં સ્વયંવરા ધિષણા મનગમતા બુધકુમારને વરી. રાજાએ રાજકીય પદ્ધતિથી એમનો ભવ્ય લગ્નોત્સવ કરાવ્યો.

સ્વયંવરા ધિષણા અને બુદ્ધિધન બુધકુમારને સંસાર સુખો ભોગવતાં એક પુત્રરત્ન થયો. ગુણમંદિર પુત્રનું "વિચારકુમાર" નામ સ્થાપવામાં આવ્યું.

ધ્રાણ અને ભુજંગતા :

એક વખતે બુધકુમાર અને મંદકુમાર પોતાના ઉદ્યાનમાં

---

* સૂરિજીની આત્મકથા આંતરપાત્રો સાથે સંબંધ રાખે છે. આ કથામાં આવતા પાત્રોના નામો બુદ્ધિથી વિચારી લેવા જેવા છે. માનસશાસ્ત્રના નિયમો પ્રમાણેની ઉત્ક્રાંતિ અને અવક્રાંતિનો ચિતાર આમાં રજુ થાય છે. કાર્યકારણ ભાવોનો સંબંધ પણ પાત્રોમાં છે. બુદ્ધિની તીક્ષ્ણતાથી વાચક વર્ગ વિચારે એ નમ્ર નિવેદન.

આનંદથી ફરી રહ્યા હતા. એમાં એક શૈલ-લઘુપર્વત એમના જોવામાં આવ્યો. એ લઘુપર્વતનું નામ "લલાટ" હતું.

એ લલાટશૈલ ઉપર "શીર્ષ" નામનું શિખર હતું. ત્યાં "કબરી" નામનો નાનોસો ગાઢ ઉદ્યાન હતો. ત્યાંની ઝાડી ખૂબજ નીલશ્યામ અને ઘટાદાર છાયાવાળી હતી.

શીર્ષ શિખર ઉપરના કબરીવનની વનઘટા જોવા જવાનું બુધ અને મંદ રાજકુમારોને મન થયું. બંનેએ એ પ્રદેશ તરફ જવા આગેકદમ બઢાવ્યા.

આગળ વધતા લલાટશૈલની તળેટીમાં આવી પહોંચ્યા. તળેટીમાં એક રમણીય મહાગુફા એમના જોવામાં આવી. મહાશિલાઓના સમુહથી એનું નિર્માણ થયું હતું. ગુફાનું નામ "નાશિકા" તરીકે જગજાહેર હતું.

નાશિકા ગુફા ઘણી મોટી હતી. ગંભીર ઉંડાણ એનું જણાતું હતું. ચારેકોર મહાઅંધકાર વ્યાપ્ત થએલ જણાતો હતો. ગુફાનો બીજો છેડો જણાતો ન હતો. આદિભાગ ઉપર દ્વારો હતા, એટલે પ્રારંભ કળી શકાતો પણ અન્ત જાણી શકાતો ન હતો. ગુફાના મધ્યમાં એક શિલા હતી. શિલાના કારણે એના બે વિભાગ થતા. એ વિભાગો બે ઓરડાઓ જેવા જણાતા. ગુફા એક આશ્ચર્યનું સ્થળ હતું.

બન્ને રાજકુમારો નાશિકા ગુફાને આશ્ચર્યાન્વિત નયને નિહાળી રહ્યાં હતાં. કુમારોને ઘણી નવાઈ જેવી આ ગુફા જણાતી હતી. ધારી ધારીને ગુફા જોતાં હતાં ત્યાં એ ગુફા-

માંથી નવપલ્લવિતા બાળા બહાર આવી. એ ભારે ચપળ અને ચબરાક જણાતી હતી.

હાસ્ય વેરતી બાળાએ નમસ્કાર કર્યા અને કહ્યું, પ્રભો ! પધારો. હું આપ બંનેનું ભાવભીનું સ્વાગત કરૂં છું. આપે આપના પવિત્ર દર્શન આપી અમને ખૂબ જ આનંદ આપ્યો છે. આપે અમારા ઉપર ખૂબજ અનુગ્રહ કર્યો છે. આપની પ્રસન્નતા એ અમારી પ્રસન્નતા છે. આજનો મારો દિવસ રળીયામણો ઉગ્યો છે.

નવોદ્ભિતા બાળાના મધુવચનો સાંભળી મંદકુમારને અમંદ આનંદ થયો. બાળાની બોલવાની કળાથી એ આકર્ષાઈ ગયો. એ બાળા ઉપર મંદકુમારને પણ અનુરાગ થયો. એણે પ્રશ્ન કર્યો, હે બાળે ! સુલોચને ! તું કોણ છે ? આ ગિરિગુફામાં શા માટે તું રહે છે ? આ બિના અમને જણાવશો ?

મંદકુમારના પ્રશ્નો સાંભળી બાળાના શોકનો પાર ન રહ્યો. શોક સહન કરવા એ અબળા બાળા અસમર્થ બની. એને ત્યાં જ મૂર્ચ્છા આવી અને ધરતી પર ઢળી પડી. પવનથી વેલડી ધરતી પર ફેંકાઈ જાય એમ એ બાળા ફેંકાઈ પડી.

મંદકુમાર તરત જ પવન નાખવા લાગ્યો. અન્ય પણ શીતોપચાર કર્યા. બાળાની મૂર્ચ્છા ઉતરી એટલે મંદે એને આશ્વાસન આપ્યું અને આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછયું, સુભ્રુ ! આ અચાનક શું થયું ?

રૂંધાએલા ગદ્ગદિત સ્વરે બાળાએ કહ્યું કે આપ મારા સ્વામીનાથ છો, હું આપની એક સામાન્ય પરિચારિકા છું.

ચિરપરિચિત હોવા છતાં આપ મને ભૂલી ગયા એથી વધુ મારે બીજું કયું મહાશોકનું કારણ હોય ? હું મંદભાગ્યા છું. નહિ તો આપ મને ભૂલો શાના ?

નયનોમાંથી નીર વહ્યે જતાં હતાં. બાળાએ આગળ ચલાવ્યું હું આપની પ્રિય પરિચારિકા હતી. મારું નામ ભુજંગતા છે. આપના આદેશથી આ ગુફામાં રહું છું. આ ગુફામાં જ "ઘ્રાણ" નામનો આપનો પ્રિયમિત્ર રહે છે. આપે એ મિત્રની સેવામાં રહેવાનો આદેશ આપ્યો અને હું એની પરિચારિકા તરીકે સેવા કરું છું.

એ ઘ્રાણ સાથે આપને યુગયુગાન્તરો પહેલાંથી મિત્રતા છે. એ મિત્રતા કયારથી અને કઇ રીતે થઇ હતી એ હું આપને જણાવું. કૃપાળુ નાથ ! આપ સાંભળો.

પૂર્વ પરિચય :

સૌ પ્રથમ આપ અસંવ્યવહાર નગરમાં રહેતા હતા. એ વખતે કર્મપરિણામ મહારાજાની સત્તા આપના ઉપર ચાલતી હતી. એમની આજ્ઞાથી આપ બન્નેને એકાક્ષનિવાસ નગરમાં લઇ જવામાં આવ્યા.

એકાક્ષનિવાસ નગરેથી અનેક જનસમુહથી વ્યાપ્ત મહા-વિશાળ ત્રણ મહોલ્લાઓ દ્વારા શોભતા વિકલાક્ષનિવાસ નગરમાં લઇ જવામાં આવ્યા. વિકલાક્ષનિવાસ નગરના બીજા મહોલ્લામાં આપ બન્નેને રાખવામાં આવેલા. આપની સાથે "ત્રિકરણ" નામના કુલપુત્રકો વસતા હતા.

આપની કાર્યશીલતાથી કર્મપરિણામ મહારાજા પ્રસન્ન

બન્યા અને આપને આ સુંદર "નાસિકા" ગુફા દાનમાં આપી. એ ગુફાનો રખેવાળ "ઘ્રાણ" નામનો હતો. આપનો ઘ્રાણ રખેવાળ સાથે સ્નેહસંબંધ થયો અને મિત્ર બન્યા.

પરન્તુ કર્મપરિણામ મહારાજાએ એને નાસિકા ગુફામાં રહેવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરી ઘ્રાણ સદાને માટે ગુફામાં જ રહે છે. કદી પણ એ બહાર નિકળ્યા જ નથી.

આપે એ ગુફાવાસી ઘ્રાણનું સુયોગ્ય રક્ષણ, લાલન અને પાલન કર્યું છે. આપ ત્રિકરણ અને એના ઉપરના નગરોમાં ગયા ત્યાં પણ ઘ્રાણને આપે સાથે જ એ ગુફામાં રાખ્યો.

મનુષ્ય ગતિમાં ગયા ત્યારે આપે એ મિત્રની સારવારમાં મને નીમી હતી. આપના આદેશનું પરિપાલન કરતી હું સદા ઘ્રાણ સાથે રહું છું. ઓ મારા નાથ ! આપ આપની દાસીને કાં ભૂલી ગયા ? શું આ શોકનું મારા માટે કારણ નથી ? શું આ મારૂં દુઃખ ઓછું છે ?

હશે, પણ હવેથી આ દાસીને ભૂલશો મા. પૂર્વની જેમ સ્નેહાળ નજરે જોશો. આ પ્રમાણે કાલાં વચનો વદતી બાળા બુધકુમાર અને મંદકુમારના ચરણોમાં ઝૂકી પડી. ચરણ રજ મસ્તકે ચડાવી.

મંદકુમારની દશા :

ભુજંગતા દાસીના મધુલિપ્ત વચનો સાંભળી મંદકુમારના હૃદય નિકુંજમાં ખૂબ પ્રીતિ ઉભરાવા લાગી. ચરણોમાં ઝૂકેલી ભુજંગતાના સુકોમળ બાહુ ઝાલી ઉભી કરી અને કહ્યું, અરે ચંદ્રવદન ! વિષાદનો ત્યાગ કર. અરે વરલોચને ! શાંત થા.

જો કે આ બનાવ હું ભૂલી ગયો હતો, પરન્તુ તેં યાદ દેવરાવ્યો. તને ધન્યવાદ આપું છું. તારા ઉપર હું વારી ગયો છું. હું તારૂં કયું ઇચ્છિત કાર્ય કરૂં ? તેં મને પ્રેમના સુકોમળ છતાં મજબુત બંધને બાંધી લીધો છે. તેં પ્રેમથી મને વેચાણ લઇ લીધો છે. હું તારા ઇષ્ટ કાર્યને કરવા હરહંમેશને માટે તૈયાર છું.

નયનોના કટાક્ષોથી મંદકુમારના હૈયાને વીંધતી બાળા ભુજંગતાએ કહ્યું, આપ જો ખરેખર મારા ઉપર પ્રસન્ન બન્યા હો તો આપના મિત્ર ઘ્રાણનું પાલન પોષણ પૂર્વવત્ કરો. એ આપનો છે અને આપે એનું પાલન કરવું એ પવિત્ર ફરજ છે.

ઘ્રાણને સુપુષ્પોની સુગન્ધ ખૂબ ગમે છે. દુર્ગંધિ વસ્તુઓના નામ પણ એને સાંભળવા ગમતા નથી. સુગંધ મળી એટલે સંતોષ.

કેશરની મહેક, ધૂપની સુવાસ, કસ્તૂરીની પરિમલ, કર્પૂરની સુગંધ અને કુલોની ફોરમ એને અતિપ્રિય છે. કેવડા, રાતરાણી, જુઈ, જાઈ, ગુલાબ, હિનો વિગેરેના અત્તરો ભણી એને ઘણું આકર્ષણ છે. તજ, એલા, લવિંગ, વિગેરે સુગંધિ દ્રવ્યોનું બનેલું પીણું એ પસંદ કરે છે. ખસના પડદા, ચંદનના વિલેપન, એને મનભાવતા છે. આ પ્રક્રિયાથી આપ ઘ્રાણને પાલન કરી સુખી કરી શકો છો. એના હૃદયને વધુ આકર્ષી શકો છો.

આપ ઘ્રાણની સેવામાં સુગંધ ભરી વસ્તુઓ મૂકી જુવો અને એ પછી આપને પણ કેવો અપૂર્વ આનંદ થાય છે એનો

અનુભવ કરી જુવો. એ આનંદ એવો મધુર અને પ્રીતિકર હશે કે જેનું વર્ણન કરવા કવિઓની કલમ કુંઠિત બની જશે. એકવાર મારી વાત અમલમાં મૂકી જુવો.

વરવી વાણીમાં અટડાઇ ગએલા મંદકુમારે કહ્યું, હે સુગાત્રે ! તેં ઘણી સરસ વાત જણાવી. તને ધન્યવાદ આપું છું. ભદ્રે ! તું શાંત અને સ્વસ્થ બની અહીં રહે. હું તારા માર્ગદર્શન પ્રમાણે વર્તન બનાવીશ, નચિંત રહેજે.

"આપની મહાકૃપા" એમ બોલી ચબરાક બાળા ભુજંગતા મન્દકુમારના ચરણોમાં વિનય પૂર્વક ફરી ઝૂકી પડી. મંદકુમારના સ્નેહભર્યા સ્વીકારથી એણીના હૈયામાં આનંદ સમાતો ન હતો. મુખ ઉપર હર્ષના તરંગો વહે જતા હતા. મંદકુમારનો ઉપકાર માન્યો. એક મદભર્યું હાસ્ય વેર્યું.

બુદ્ધિધન બુધકુમારે પણ ભુજંગતાની ભાવભીની વાણી સાંભળી. વિનયી વર્તન જોયું. છતાં એને લાગ્યું કે આના વચનો સોહમણા કાગળના કુલો જેવા છે. માત્ર દેખાવ સુંદર અને સુગંધમાં કાંઇ નહિ. હૈયાનો ભાવ અસુંદર જણાય છે. ભુજંગતા સાથે બોલવું પણ ઉચિત જણાતું નથી. નહિ તો ભાવ વિહૂણા છતાં મિઠા વચનોમાં કયાંક ફસાવી રવાડે ચડાવી દેશે.

પરન્તુ આ પ્રદેશ મારો છે, લલાટ પર્વત અને શીર્ષ શિખર મારા છે. કબરીવન અને નાસિકા ગુફા મારા છે અને ઘ્રાણ નાસિકા ગુફાનો રહેવાસી છે એટલે મારે ઘ્રાણનું રક્ષણ કરવું જોઈએ. એ માટે બીજો વિકલ્પ બીન જરૂરી છે.

આ ભમરાળી ભુજંગતા ભરમાવનારી છે. કપટપટુતા એ

એનું કૌશલ છે. એના કહ્યા પ્રમાણે સુગંધિ પદાર્થોની સુગંધથી ઘ્રાણને ખુશ કરવાની વાત માન્ય કર્યા જેવી નથી. એના શબ્દો છેતરપીંડી ભર્યા છે. જો મારે સુખની ઇચ્છા હોય તો ભુજંગતાનો વિશ્વાસ ન કરવો જોઇએ.

બુધકુમારે બુદ્ધિથી નિર્ણય કરી ઘ્રાણનું રક્ષણ કરવા લાગ્યા, પણ ભુજંગતાને તરછોડી મુકી. પરિણામે બુધકુમાર દરેક રીતે સુખી થયા. કયાંય કશો વાંધો નડતો ન હતો. દોષોથી મુક્ત રહ્યા અને સુખ પામ્યા.

ભ્રમરનેત્રા ભુજંગતાને માન આપી મંદકુમાર ઘ્રાણને દરેક સુગંધિ પદાર્થો મેળવી આપવા માટે અનેક કલેશોને સહન કરે છે. ભામિની ભુજંગતાએ આ રીતે મંદકુમારના હૃદયપ્રદેશ ઉપર સત્તા જમાવી દીધી. આખરે દુઃખી દુઃખી બેહાલ બનાવી દીધો.

વિચારકુમારનું દેશાટન :

બુધકુમાર અને ધિષણાદેવીને સંસારસુખો માણતાં વિચારકુમાર નામનો પુત્ર થએલો. યૌવનવયમાં એને દેશ–વિદેશની યાત્રાએ જવાનું મન થયું. માત–તાતની અનુમતિ લીધા વિના રવાના થએલો. બાહ્ય પ્રદેશો અને અંતરંગ પ્રદેશોની મહાયાત્રા કરી હાલમાં જ પાછો આવેલો.

વિચારકુમારની મનિષા પૂર્ણ થઇ હતી. ઘણા સમયે મિલન થવાથી રાજકુળમાં ઘણો આનંદ થએલો. "પ્રિયમિલન" નામનો મહા ઉત્સવ ઉજવવામાં આવ્યો. એ ઉત્સવ દરમ્યાન

વિચારકુમારને જાણવામાં આવી ગયું કે તાતપાદ શ્રી બુધકુમારને અને કાકા મંદકુમારને ઘ્રાણ સાથે મિત્રતા થઈ છે.

વિચારકુમાર તાતશ્રીને એકાંતમાં લઇ ગયો અને લલાટે હાથ જોડી વિનયપૂર્વક મધુર વચનોથી જણાવ્યું, પૂજ્ય પિતાજી! આપને મારે કાંઇ પણ કહેવું યોગ્ય ન ગણાય, છતાં એક વાત જણાવવા જોગી છે એટલે જણાવું છું.

શેતાનશેખર ઘ્રાણ સાથે આપની મિત્રતા ન શોભે. એ માનવ નથી પણ શેતાન છે. કાકાજીનો પણ એ મિત્ર બન્યો છે. આપ એના મૂળ સ્થળને જાણી લો જેથી આપને એ વાતનો ખ્યાલ આવી જશે.

પૂજ્ય તાતપાદ! આપની અનુજ્ઞા લીધા વિના જ હું દેશ-વિદેશ જોવાની ઇચ્છાથી અહીંથી નિકળી પડ્યો હતો. વિશાળ પૃથ્વીના વિશાળ ખેતરો, નદીઓ, વનો, નગરો, ગ્રામ્યપ્રદેશોને જોતો જોતો આગળ વધી રહ્યો હતો. એક દિવસે મહાવિશાળ ભવચક્ર નામના નગરમાં જઇ પહોંચ્યો.

માસીનું મીલન :

ભવચક્ર નગરના મહાપથ ઉપર હું ફરતો હતો, ત્યાં નયનોને અમંદ આનંદ દેનારી, ચંદ્રની જ્યોત્સ્ના જેવી મૃગનયના અને વિકસિત કપોલા નારી મારા જોવામાં આવી. મને ઘણો આનંદ થયો. એના પ્રતિ આકર્ષણ થયું.

એ નારી પણ મને જોઇ પ્રફુલ્લ બની ગઈ. એના મુખસરોજ ઉપર આનંદની લહેરો રમવા લાગી. પ્રિયમિલન જેવો

ઉમંગ અનુભવતી જણાઇ. અમૃતસિંચાએલી નવવલ્લિકા જેમ નવપલ્લવિતા બની જાય એમ એ નારી સદ્યપ્રફુલ્લા બની ગઇ.

મેં એના પ્રતિ માતૃભાવથી જોયું અને સવિનય મસ્તક નમાવ્યું. એ વત્સલા નારીએ પ્રેમભર્યા આશીષ વરસાવ્યા અને પૂછયું, વત્સ ! તું કોણ છે ? શા માટે આ પ્રદેશો તરફ આવ્યો છે ?

મેં નમ્રતાથી ઉત્તર આપ્યો, માતાજી ! ધરાતલ નગરનો રહેવાસી છું. બુધકુમાર મારા પૂજ્ય પિતાજી છે. શ્રી ધિષણા-દેવીજી મારા માતાજી છે. વિચાર મારૂં નામ છે. વિશાળ પૃથ્વીના દર્શન કરવાનું મન થયું એટલે દેશ-વિદેશની યાત્રાએ નિકળી પડ્યો છું. ફરતાં ફરતાં આજ અહીં આવી પહોંચ્યો છું.

મારી વાત સાંભળતાં જ એ નારીએ મને બાથમાં પ્રેમથી જકડી લીધો, મારા મસ્તક ઉપર પ્રેમથી ચૂંબન કર્યું. નયનો-માંથી હર્ષના આંસુઓ વહી નીકળ્યા. વારંવાર પ્રેમથી મસ્તક ઉપર ચૂંબન કર્યું.

અરે વત્સ ! આજ મારે આંગણીએ કલ્પવૃક્ષો ફળી ઉઠ્યા છે. તારો મેળાપ એ મારે મન વિના વાદળે અમૃતવર્ષા જેવો થયો છે. પુણ્યનો સમુહ આજે વિકસી ગયો.

બેટા ! તું મને બરોબર નહિ ઓળખતો હોય. તું ધાવણો હતો ત્યારે જ મેં તને છોડી દીધેલો. તારી માતા ધિષણા મારી પ્રિય સખી છે. એના ઉપર મને ખૂબ હેત છે અને મારા ઉપર એને ખૂબ હેત છે. બુધકુમારને પણ હું ઘણી વહાલી હતી. મને "માર્ગાનુસારિતા" કહી સૌ બોલાવે છે.

બેટા ! એ બન્નેની આજ્ઞાથી હું વિશ્વાવલોકન કરવા નીકળી છું. એ વાતને આજે વર્ષોના વહાણા વીતિ ગયા. તું એ વખતે માના ખોળા ખૂંદતો હતો. આજે દેખાવડો યુવક બન્યો છે.

તું મારો ભાણીયો થાય છે. તું મારે મન પુત્ર છે તું શરીર અને જીવન છે. મારે મન તું જ મારૂં સર્વસ્વ છે. વિશ્વમાં જે સુંદર છે એ મારે તું જ છે.

સુપુત્ર ! તું વિશ્વના વિશાળ દર્શને નીકળ્યો તે ઘણું સારૂં કર્યું. તું એક સાહસી નર છે. તારે આવો પરિશ્રમ કરવો યોગ્ય છે. દેશ–વિદેશ જોવાની તારી મહેચ્છા સફળ થશે.

જે નર આ વિશાળ વિશ્વના દર્શન કરતો નથી, અનેક આશ્ચર્યો અને અદ્‌ભુત વસ્તુઓને નિહાળતો નથી, એ કૂવામાં રહેલા સંકુચિત દેડકા જેવો છે. એવા કૂપમંડુક નરમાં દક્ષત્વ, વિચક્ષણુતા, બોલવાની કળા, સાહસ, વિદેશનીતિ, નિડરતા વિગેરે ગુણો કયાંથી વિકાસ પામે ?

વત્સ ! તું આ વિશાળ નગરમાં આવ્યો તે સારૂ નહિ પણ ઘણું સારૂં કર્યું. ભવચક્રનગર એ જોવા જેવું મહાનગર છે. પ્રવર નગર ગણાય છે. જેણે આ વિશાળ નગરના બધા સ્થળો જોયા એણે સંપૂર્ણ વિશ્વનું અવલોકન કર્યું ગણાય. કારણ કે અનેક આશ્ચર્ય અને કુતુહલોનો મેળો આ નગરમાં જોવા મળે છે. દેશ–દેશની પ્રજાઓ, વસ્તુઓ, આકર્ષણુતાઓ માહિતીઓ વિગેરેનો આ નગર ખજાનો છે. પંચરંગી પ્રજાનું આ નગર છે.

મેં કહ્યું, માતાજી ! મારા પરમપુણ્યે આ અજાણ્યા પ્રવર નગરે આપનું મિલન થયું છે. આપ મને આ નગરનો પરિચય કરાવશો અને દાર્શનીક સ્થળો દેખાડશો.

નગર દર્શન :

ચોક્કસ. એમ કહેવા પૂર્વક માતાજી સમા માસીબાએ એ ભવચક્રનગરનાં જુદા જુદા આદર્શ સ્થળો મને દેખાડ્યા. અનેક માહિતીઓ મને સંભળાવી. મને રાજી રાજી કરી દીધો.

નગરમાં ફરતાં ફરતાં એક અવાંતર નગર મારા જોવામાં આવ્યું. એ નગરની મધ્યમાં એક પર્વત દેખાતો હતો અને એ પર્વતના શિખર ઉપર એક ગામ વસેલું જણાતું હતું.

માસી માર્ગાનુસારિતાને મેં કહ્યું: માતાજી ! આ સામે દેખાતું અવાંતર નગર કયું છે ? એના મધ્યભાગે રહેલા પર્વતનું શું નામ છે ? વળી પર્વત ઉપર કયું નગર વસેલું છે ?

વ્હાલા પુત્ર ! આ નગરનો હજુ તને ખ્યાલ ન આવ્યો ? આ નગર વિશ્વમાં સુખ્યાત છે. "સાત્ત્વિકમાનસ" એનું નામ છે. આ વિવેક પર્વત પણ સુપ્રસિદ્ધ છે. એના શિખરને "અપ્રમત્તાચળ" સૌ કહે છે. પર્વતીય નગર એ તો વળી વિશ્વના સૌથી વધુ પ્રસિદ્ધ સ્થળોમાં ગણવામાં આવ્યું છે. "જૈનપુર" એનું ગુણવાચક અભિધાન છે. વિશ્વવિખ્યાત સ્થળો માટે તારે કેમ પૂછવું પડયું ?

માસીબા આ વાત મને જણાવી રહ્યા હતા, ત્યાં એક નવી ઘટના બની ગઇ. આપ એ પણ જરા સાંભળી લો. ધ્યાન ખેંચે એવી ઘટના છે.

સંયમને પડેલો માર :

પૂજ્ય પિતાજી ! કેટલાક માનવબંધુઓ પર્વત ભણી એક માનવબંધુને લઈ જતા હતા. એના શરીર ઉપર ઘણા ઘા થએલા દેખાતા હતા. પીડાની વેદના મુખ ઉપર તરી આવતી હતી. મનોવ્યથા પણ ઘણી હતી. મેં માસીબાને પૂછયું, બા ! આ કોણ માનવબંધુ છે ?

બેટા વિચાર ! આ વિવેકપર્વત ઉપર "ચારિત્રધર્મ" નામના રાજવી રહે છે. એમને "યતિધર્મ" નામનો સુપુત્ર છે. એનો "સંયમ" નામનો આ વીર વડો સૈનિક છે.

મહામોહ વિગેરે એના કટ્ટા વિરોધી દુશ્મનો છે. એક વખતે સંયમ એકાકી કયાંય ગએલો અને દુશ્મનોની નજરે આવી ગયો. એકલપણાનો લાભ લઈ સૌ એના ઉપર ખાબકી પડ્યા. દુશ્મનોની સંખ્યા ઘણી હતી અને સંયમ એકલો હતો એટલે તેને મારી-મારી ઘાયલ કરી નાખ્યો. ઘા ઘણા અને ઉંડા પડ્યા છે. રણભૂમિથી એને હાંકી કાઢ્યો. એના બીજા સૈનીકો આવ્યા અને તેઓ સંયમને ઉપાડી પર્વતીય નગર જૈનપુરમાં લઈ જઈ રહ્યા છે, ત્યાં એના માત-તાત અને ભાઇ-ભગિનીઓ રહે છે.

માતાજી ! ચારિત્રધર્મરાજ પોતાના પદાતિ સંયમના પરાભવથી જરૂર શત્રુઓ ઉપર કરડો થશે. એ સંબંધી આઘાતો અને પ્રત્યાઘાતો શું થાય છે, એ જાણવાની મને ઘણી ઉત્સુકતા છે. માતાજી ! આપણે ત્યાં જઇએ અને એમની કાર્યવાહીનું નિરીક્ષણ કરીએ.

પનોતા પુત્ર ! જેવી તારી ઇચ્છા. અમે બન્નેએ પર્વત ઉપર ચડવું ચાલુ કર્યું. ધીરે ધીરે ગિરિવરના નગરે આવી પહોંચ્યા.

રાજસભામાં નિવેદન .

જૈનપુરના "ચિત્તસમાધાન" મંડપમાં મહારાજા શ્રી ચારિત્રધર્મરાજ રાજ્ય સિંહાસને બિરાજી રહેલા હતા. એમની બાજુમાં બીજે નાનો રાજવી સમુદાય બેઠેલો હતો. અમે ત્યાં પહોંચ્યા એટલામાં પેલા સૈનિકો સંયમને રાજસભામાં લઇ આવ્યા.

સૈનીકોએ સંયમની દશાનો ચિતાર જણાવ્યો. શત્રુઓએ અનીતિનો આશ્રય લઇ એના ઉપર કઇ રીતે ધાવો બોલાવ્યો એ વિગેરે જણાવ્યું.

યુગાન્ત સમયે પૃથ્વીના પ્રલયને સર્જવા સાગર ધમધમી ઉઠે, એમ પ્રતિપક્ષીઓ દ્વારા પરાભવ પામેલા સંયમને જોતાં જ શત્રુઓના નાશ માટે ત્યાં રહેલા દરેક રાજાઓ ધમધમી ઉઠ્યા.

કેટલાક રાજવીઓ ભવાં ચડાવી જોરથી હુંકાર ગર્જના કરવા લાગ્યા, કેટલાક રાજવીઓના નેત્રો ચણોઠી જેવા લાલ બની ગયા. અંગારવર્ષા વર્ષતી દેખાવા લાગી. "મારો, કાપો, શત્રુઓનો ખાતમો બોલાવો." વિગેરે ત્રાડ નાખી કહેવા લાગ્યા. કેટલાક તો આજાનબાહુ બળથી ભૂજાઓ અફાળવા લાગ્યા. કેટલાક તો વળી શસ્ત્રો ઉપર નજર કરી યુદ્ધના આહ્વાહનની ઝંખના બતાવવા લાગ્યા. બધા જ રાજવીઓ ક્રોધથી વિકરાળ બની ગયા અને વાતાવરણમાં ખૂબ જ ઉગ્રતા આવી ગઇ.

રાજવીઓના પુણ્યપ્રકોપને જોઈ સદ્‌બોધ મહામંત્રીએ

ચારિત્રધર્મરાજને વિનય સભર વિનંતિ કરતાં જણાવ્યું કે—

વિચાર વિનિમય :

મહા અપ્રતિમ શક્તિવંત રાજેન્દ્ર ! ધીરપુરૂષોએ આવા ઉશ્કેરાટમાં ન આવવું શોભે. આવા ક્ષોભ અને ઉત્તેજનાની જરૂર નથી. આ આપણા નાના રાજવીઓને આપ શાન્ત બનવાની આજ્ઞા ફરમાવો. ઉત્તેજનાથી કાર્ય સફળતા નથી મેળવી શકાતી. મહાપુરૂષો કાર્યની સિદ્ધિનું લક્ષ રાખે છે.

આપ રાજવીઓ તરફ નયનના ઇશારાથી શાન્ત રહેવા જણાવો. એમને પૂછો કે હે વહાલા રાજવીઓ ! આવી પરિસ્થિતિમાં આપણે કયો માર્ગ લેવો જોઈએ ? મહારાજાએ પણ એ પ્રશ્ન સભા સમક્ષ મુકી દીધો.

સ્વમાની રાજવીઓ તરત જ ગર્જના કરી ઉઠ્યા, અરે ! આપણા માનનીય સંયમ સુભટના પરાભવને કેમ સહન થાય ? આવો ભયંકર રકાસ આપણે કેમ સહન કરી શકીએ ? શત્રુઓ દ્વારા આવો ભયંકર પરાભવ થાય છતાં યુદ્ધ માટે કેમ વિલંબ કરવામાં આવે છે ? અમે સૌ યુદ્ધ માટે થનથની રહ્યા છીએ.

શુષ્કતૃણ, રૂ, રાખ અને રજ પણ પ્રતિપક્ષ દ્વારા થતા અપમાનને સહન કરવા તૈયાર થતાં નથી, તો આપણે માનવીઓ અરે, ક્ષત્રીયનરો થઇ કેમ ઉપેક્ષા કરીએ ? પરન્તુ દેવ ! યુદ્ધમાં ઝંપલાવવાની ઇચ્છા આપની ન થાય ત્યાં સુધી એ પાપાત્માઓનો ખાતમો કઇ રીતે બોલાવી શકાય ?

આપ આજ્ઞા કરો તો વનરાજ મૃગટોળાને વેરવિખેર કરી નાખે, તેમ આપનો એક પદાતિ સૈનિક પણ મહાશત્રુઓને

રાઙ નખાવી દે તેમ છે. અરે! વીરનરોની વાત જવા દો પણ આપના સૈન્યમાં રહેલી વીરાંગનાઓ પણ શત્રુસૈન્યમાં કાળો કેર વર્તાવવા અતિ સમર્થ છે. એકએક શત્રુને વીણી વીણીને ઉચ્છેદ કરવાની ક્ષમતા ધરાવે છે.

ગુપ્ત મંત્રણા :

યુદ્ધનો ઉત્સાહ જોઇને ચારિત્રધર્મરાજે પોતાના મહામાત્ય સમ્યગ્દર્શન અને સદ્બોધને મંત્રણા માટે બોલાવ્યા અને એકાંતમાં સુરક્ષિત સ્થળે મંત્રણા કરવા ચાલ્યા ગયા.

પિતાજી! માસીબા અન્તર્ધાન થઇ ગયા અને મને સાથે લઇ મંત્રણાખંડમાં ગયા. બાને સાંભળવાની ઇચ્છા હતી, મને પણ સાંભળવાનું કૌતુક હતું. ગુપ્ત મંત્રણાઓ સાંભળવામાં કોને મળા ન પડે?

શ્રી ચારિત્રધર્મરાજે મહામાત્ય અને સેનાપતિને આ વિષય માટે પ્રશ્ન કર્યો. યુદ્ધનો તરવરાટ સૌએ જોયેલો હતો.

શ્રી સમ્યગ્દર્શને જણાવ્યું, પૂજ્યપાદ મહારાજા! હાલમાં યુદ્ધ કરવું એ યોગ્ય છે. આ અવસરનો લાભ જતો કરવા જેવો નથી. આપણને ધારી તક મળી છે. રાજવીઓ યુદ્ધને ઝંખી રહ્યા છે. યુદ્ધની ચળ ઉપડી છે. એમનો ઉત્સાહ આપણને જરૂર વિજયમાળા અપાવશે. વધુ મંત્રણાઓની જરૂર નથી. વિચારોમાં હવે ઘણું ઊંડા ઉતરી સમય અને શક્તિનો અપવ્યય કરવા જેવો નથી.

જે માનવી શત્રુનો પરાભવ સહન કરે એના કરતાં એનો ભારભૂત જન્મ આ ધરતી પર ન થાય તો સારૂં. કદાચ

જન્મી જાય તો એનું મૃત્યુ વધારે ઈષ્ટ છે. નપુંસક કે નિર્જીવની જેમ જીવવું જરાય સારૂં નથી.

આપના શૂરા સૈનિકો સમુદ્રની જેમ શત્રુસૈન્યને પ્લાવિત કરવામાં કાબેલ છે. આપની આજ્ઞાનો અવરોધ વચ્ચે આડ ન બન્યો હોત, તો રિપુદળ દળદળ બની ચૂકયું હોત. આપની આજ્ઞા એમને યુદ્ધની ઈચ્છા પૂર્ણ કરવામાં વિઘ્નરૂપ છે.

અરે ! મારા શિરતાજ રાજવી ! રાજાને એક જ શત્રુ હોય તો એના ઉપર પણ વિજય મેળવવો જોઇએ. એની ઉપેક્ષા પણ કદી ભયંકર આપદા ઉભી કરી શકે છે. આપને તો હજારો લાખ્ખો શત્રુઓ છે. એમની ઉપેક્ષા કરવી એ શું યોગ્ય લેખાય ?

પ્રભો ! પ્રભો ! ! શરીરમાં જોખમ ઉભી કરનારી વ્યાધિઓનો નાશ કરી સ્વસ્થતા મેળવી શકાય છે. આપ પણ આપના અરિદળનો સંપૂર્ણ નાશ કરી વિશાળ સામ્રાજ્યની સંપત્તિ અને આબાદીના સુખને અવિરત ભોગવો. આપ શત્રુઓના નાશ પછી નચિંત બની જશો.

પોતાનો વિચાર જણાવીને શ્રી સમ્યગ્દર્શન મૌન રહ્યા. શ્રી ચારિત્રધર્મરાજે શ્રી સદ્‌બોધ મંત્રી તરફ જોયું એટલે સુમતિધન શ્રી સદ્‌બોધ મંત્રીએ પોતાનો વિચારો રાજયશ્રીને કહેવા અનુમતિ માંગી અને જણાવ્યું.

રાજરાજેશ્વર ! ગૌરવશીલ શ્રી સમ્યગ્દર્શનજીએ જે ગૌરવભરી ભાષામાં જણાવ્યું, તે આવકારપાત્ર વાત છે. આ વિચારો રજુ કરવા દ્વારા એણે પોતાના સ્વામી પ્રતિ અપ્રતિમ

ભક્તિ અને અનેરી નિષ્ઠા પ્રદર્શિત કરી છે. પોતાની પ્રતિભા શક્તિનો પણ ખ્યાલ આપ્યો છે.

કિન્તુ પ્રજ્ઞાવાન્ પુરૂષોએ સમય અને શક્તિનો વિચાર કર્યા વિના કોઇ કાર્યનો પ્રારંભ કરવો ન ઘટે. નીતિ અને પરાક્રમની સાર્થકતા સુયોગ્ય સમય સાથે સંકળાએલ છે. વર્તમાનકાળે નીતિ અને પરાક્રમ ભલે આપણી પાસે હોય પણ સાનુકૂળ સમય તો નથી. આપ એ માટેના કારણ સાંભળો.

રાજનીતિમાં છ ગુણો કહ્યા છે. પાંચ અંગો, ત્રણ શક્તિઓ ત્રણ ઉદય સિદ્ધિઓ, ચાર નીતિઓ, ચાર રાજવિદ્યા કહેલી છે, તે આપ સૌ જાણો છો.*

આપણે જે કાર્ય સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ, તે હાલ અશકય છે. કારણ કે આ ભવચક્ર, આપણે, આપણા વિરોધીઓ અને આપણા મહારાજા શ્રી કર્મપરિણામ વિગેરે સૌ સંસારીજીવને આધીન છે.

જેની સત્તા નીચે આ વિશાળ ચિત્તવૃત્તિ મહાટવી રહેલી છે, એ સંસારીજીવ આપણામાંના કોઇના નામને પણ જાણતો

---

* સ્થાન, યાન, સંધિ, વિગ્રહ, સંશ્રય અને દ્વૈધીભાવ એ છ ગુણો છે. ઉપાય, દેશ, પુરૂષ, આપત્પ્રક્ષા અને કાર્યસિદ્ધિ આ પાંચ અંગો છે. ઉત્સાહશક્તિ, પ્રભુશક્તિ અને મંત્રશક્તિ આ ત્રણ શક્તિ છે. સામ, દામ, દંડ અને ભેદ આ ચાર નીતિઓ છે. તર્કવિદ્યા, ત્રયી વિદ્યા, વાર્તા અને દંડનીતિ એ ચાર રાજવિદ્યા છે. આ રાજ-નીતિઓનો પ્રયોગ વર્તમાનકાળે પણ દરેક મહારાજ્યો અપનાવતા હોય છે. યુદ્ધના દિવસોમાં એ પ્રયોગ બરાબર જોઇ શકીએ છીએ.

નથી. મહામોહ, રાગકેશરી, દ્વેષગજેન્દ્ર વિગેરેને પોતાના વહાલાં સ્વજનો ગણે છે.

ખરી વાત એ છે કે સંસારીજીવ જેનો વધુ પક્ષપાત કરશે એનો જ વિજય થશે. એનો પક્ષપાત વિજયનું મુખ્ય સાધન છે. કારણ કે આખરે બધાનો સ્વામી એ જ છે.

સંસારીજીવ આપણને ઓળખે નહિ ત્યાં સુધી એ આપણી તરફેણમાં આવે નહિ, એ આપણી તરફેણ ન કરે ત્યાં સુધી યુદ્ધમાં આંધળું ઝંપલાવવું મને યોગ્ય જણાતું નથી. એ સ્વામીના બળ વિના આપણા સૌનું ઉત્સાહબળ શા કામનું ? ઉત્સાહશક્તિનો વિજય પ્રભુશક્તિ ઉપર અવલંબે છે.

આપ સૌએ એવી પણ કલ્પના ન કરવી કે આ સંસારીજીવ કોઇ કાળે આપણને ઓળખશે કે નહિ ઓળખે ? સમયની રાહ જુવો. એક સમય એવો ય આવશે અને એ સંસારીજીવ આપણને સૌને સારી રીતે ઓળખતો થઈ જશે.

કારણ કે શ્રી કર્મપરિણામ મહારાજા મોટે ભાગે બન્ને વિભાગના સૈન્ય ઉપર સમાન નજરે જોતા હોય છે અને સંસારીજીવ એમના દરેક પડતા બોલો ઝીલી લે છે. એટલે અવસરે કર્મપરિણામ આપણી વાતો એને કરશે અને સંસારીજીવ એ વાતોને ઝીલી લેશે.

સંસારીજીવ આપણને ઓળખી લેશે, એની નિર્મળ નજર આપણા ઉપર ઠરશે અને એ જ્યારે આપણને અરિદળના વિનાશ માટે આજ્ઞા ફરમાવશે, ત્યારે અરિદળને દળી નાખવા આપણે સમર્થ બનીશું.

હાલમાં યુદ્ધ માટેનો યોગ્ય સમય જણાતો નથી એટલે સમયની રાહ જોવી શ્રેષ્ઠ છે. અવસરે કરાતી ક્રિયાઓ સફળતાને વરે છે.

સરસેનાપતિ સમ્યગ્દર્શને જણાવ્યું, મંત્રીશ્વર ! જો એમ જ હોય તો આપણે એક દૂતને મોકલીએ. એ ત્યાં સૂચન આપે કે તમારે તમારી મર્યાદાઓનું–સીમાઓનું ઉલ્લંઘન ન કરવું. આટલી સૂચના તો અવશ્ય કરવી જોઇએ ને ?

વડા અમાત્ય શ્રી સદ્બોધે જણાવ્યું, ભાઇ ! ઉતાવળા ન બનો. દૂતના મોકલવાથી આપણને શો લાભ થશે ? સમયની રાહ જોઇ હાલ તો સર્વથા મૌન જ રહેવું ઉચિત છે. જાણે આપણે કાંઇ જાણતા નથી, એવો દેખાવ આપણને લાભ આપશે.

શ્રી સમ્યગ્દર્શને ફરી કહ્યું, મહામાત્યજી ! અતિ ભીતિ રાખવી ન શોભે. આવી વાતો કેમ કરો છો ? પેલા દુશ્મનો આપણા ઉપર ગમે તેટલા રોષે ભરાય તો પણ આપણું એ શું કરી લેવાના હતા ? આવા ભય કાં રાખો છો ?

આર્ય ! આપણે દૂતને મોકલીએ. એ દંડનીતિનો આશ્રય અને યુદ્ધનો ધ્વનિ ન કરે. માત્ર સંધિકરાર માટે સામનીતિનો આશ્રય લઇ મોકલવામાં કયું ભયસ્થાન છે ? દૂતને મોકલવો જોઇએ એમ મારૂં મંતવ્ય છે.

શ્રી સદ્બોધે કહ્યું, ભદ્ર ! ઇર્ષાળુ અને ક્રોધી માનવો પ્રતિ સામનીતિનો આશ્રય લેવો એટલે વધારે ઇર્ષાળુ અને વધારે ક્રોધી બનાવવાનું કાર્ય થાય " ગરમાગરમ ઘીમાં શીતળ

પાણીના છાંટણા નાખવામાં આવે તો એ વધુ ભડકા પ્રગટાવે છે.” સામનીતિ ક્રોધી સામે ન અજમાવાય.

છતાં તમારે મારા કથનની ખાત્રી કરવી હોય અને તમારી જિજ્ઞાસાવૃત્તિ સંતોષવી હોય તો કોઇ સારા અને વાચાળ દૂતને મઠારી મોકલો. આપણને તરત જ એ વાતોનો ખ્યાલ આવી જશે.

મહારાજાશ્રીને આ યોજના ગમી ગઇ. એમણે એ વાત માન્ય રાખી અને ગંભીર, મધુરભાષી, સ્વચ્છ હૃદયવાળા “સત્ય” નામના દૂતને બોલાવ્યો. એને ત્યાં જઈ કેવી રીતે અને કઇ વાતો રજુ કરવી એ સુશિક્ષા આપી શત્રુઓની છાવણી તરફ રવાના કર્યો.

વિરોધીઓની છાવણીમાં :

પિતાજી ! માતાજી માર્ગાનુસારિતા તરત જ દૂતના રસ્તે મને સાથે લઇ રવાના થયા. અમે પણ મોહરાજાની છાવણીમાં ગુપ્ત રીતે પહોંચી ગયા.

“પ્રમત્તતા” નદીના તીરે “ચિત્તવિક્ષેપ” મંડપ હતો. એમાં એક સભાસ્થાન હતું. મોહમહિપતિ સભા ભરી મધ્યના મહાર્ઘ્ય સિંહાસને ઉલ્લસિત વદને બિરાજી રહ્યા હતા.

સત્ય દૂત સભામાં આવ્યો, એણે સભ્યતાની ખાતર મોહ-મહારાજાને પ્રણામ કર્યા. મહારાજાએ બેસવા આસન આપ્યું. સત્ય શાંતિપૂર્વક આસન ઉપર બેઠો. મધુરા વચનોથી કુશળ સમાચારો પૂછ્યા. મોહમહિપાલે પણ દૂતને શાંતિ સમાચારો પૂછ્યા. દૂતે સામનીતિથી મૂળ વાત આગળ રજુ કરતા બોલ્યો.

હે રાજન્ ! બાહ્ય અને અંતરંગ ગ્રામ, નગર, ક્ષેત્ર, ધન, વૈભવ વિગેરેનો અને આ ચિત્તવૃત્તિ મહાટવીનો વાસ્તવિક સ્વામી તો આ સંસારીજીવ જ છે. એ ખરો હકદાર છે.

એ દૃષ્ટિએ આપનો પણ સ્વામી એ અને અમારો સ્વામી પણ એ. આપણા બન્નેના એક જ સ્વામી છે. એક જ સ્વામી હોવાથી પરસ્પર આપણો વિરોધ પણ કેમ હોય ?

સુસેવકો એને જ કહેવાય છે કે જેઓ પરસ્પર સ્નેહલ ભાવથી રહેતા હોય. જાણે એક જ માના બધા દિકરા. આપણા સ્વામી ખાતર આપણે સ્નેહલ વર્તવું જોઇએ. એ સ્નેહલતા આજ સુધી રહી છે અને હજુ આજ પછી કાયમ રહો.

સત્યદ્રુતે મધુર નિવેદન કરી એના પ્રત્યાઘાતો જાણવા મૌન બની ગયો. ચારે તરફ ચકોર ચક્ષુઓથી જોવા લાગ્યો.

દ્રુતની વાતથી મોહમહિનાથની સભામાં મોટો ખળભળાટ મચી ગયો. ક્રોધના ભયંકર આટોપથી નેત્રો અગ્નિસમા લાલ-ઘૂમ બની ગયા. એકદમ બરાડા પાડી બોલવા લાગ્યા.

ઓ ધૂર્ત દ્રુત ! મૂર્ખના જામ ! સંસારીજીવ આપણો સ્વામી છે અને આપણે પરસ્પર સંબંધી છીએ એવું જુઠાણું તને કોણે કહ્યું ? કયા મૂર્ખ ભેજામાંથી આ કલ્પના ટપકી પડી છે ?

અલ્યા ઓ નાલાયક ! આવું બોલનારા પાતાળમાં પેસી જશે તો પણ અમે એને હવે છોડવાના નથી. ઘણો વધુ પડતો બકવાદ કરવાથી શો લાભ ? " સંસારીજીવ આપણો સ્વામી છે અને તમે અમારા સ્વજનો થાઓ છો " ઠીક નવી સંબંધ-

કલ્પના જોડી કાઢી ? આ તો આજે અમે નવું જ સાંભળ્યું. કયા કોષમાંથી શબ્દ જોડણી ઘડી ?

રે રે દુષ્ટ દૂત ! જલ્દી અહીંથી તું ચાલ્યો જા. તમે સૌ પોતાના ઈષ્ટદેવતાનું સ્મરણ કરવા લાગી જાઓ. હમણાં જ તારી પાછળ અમે આવી પહોંચ્યા માની લે. જેવા આવ્યા એવા જ સીધાવો.

સત્યદ્રુતનો દેકારો બોલાવી સભામંડપમાંથી તગડી મૂકયો. મહામોહ મહારાજાએ પોતાના સર્વ સૈનિકોને સાબદા કર્યા. તૈયાર થવાનો આદેશ આપ્યો. પોતાના સમર્થ સેનાનીઓ અને શક્તિશાળી સામગ્રીઓ અને શસ્ત્રસરંજામને તૈયાર કરી યુદ્ધ આપવા ચાલી પડ્યા.

સત્યદ્રુત ચારિત્રધર્મરાજની સેવામાં આવી ગયો. એણે સર્વ ઘટનાનું નિવેદન યથાસત્ય જણાવી દીધું. ચારિત્રધર્મરાજે યુદ્ધના રણશિંગા ફૂંકયા. સર્વ શસ્ત્રસરંજામ લઈ એઓ પણ રણમેદાને જઈ પહોંચ્યા.

ચારિત્રધર્મરાજનો પ્રભાવ :

ચિત્તવૃત્તિ મહાટવીના છેવટના એક વિભાગમાં બન્ને સૈન્યોની અફળામણ થઈ. રણશીંગાઓ ફૂંકાવા લાગ્યા. દુષ્ટાભિસંધિ વિગેરે રાજાઓ ક્રૂરતાપૂર્વક ચારિત્રધર્મના સૈન્યમાં ઘૂસી ગયા. એક પછી એક વીર સેનાનીઓનો ખૂરદો બોલાવો ચાલુ કર્યો. એમની અસહ્ય ક્રૂરતા અને વીરતા આગળ ચારિત્રધર્મના રાજવીઓ નિસ્તેજ થતા ગયા.

વાદ્યકારો સૈનીકોમાં શૂરાતન જગાડતા હતા. અનેક અંતરંગ વિદ્યાધરો યુદ્ધમાં ધસી પડ્યા હતા. ચારિત્રરાજના સૈન્ય ઉપર ઉગ્ર ધાવો બોલાવ્યો અને મોટું ભંગાણ પાડયું. હાથી, ઘોડા, રથદળોનો ચૂરો બોલાવી દીધો હતો. આ ભયંકર યુદ્ધમાં બળવાન્ મહામોહના હાથે ચારિત્રધર્મની હાર થઈ. એનું સૈન્ય તૂટી પડયું. પરાભવનો કાળો ચાંદલો કપાળે ચોટયો.

ચારિત્રધર્મરાજ યુદ્ધભૂમિમાંથી નાસી છૂટી પોતાના રાજ્યમાં જવા ઇચ્છતા હતા. યુદ્ધભૂમિમાંથી પાછા ખસવા લાગ્યા. મોહરાજાના સૈનીકોએ ભારે દેકારો બોલાવ્યો અને ચોતરફથી ઘેરી લીધા. ચારિત્રધર્મરાજ ફસાઈ ગયા.

માસીબાએ મને કહ્યું, બેટા વિચાર! જોવા જેવો તમાસો જોયોને? તારી ઇચ્છા પૂરી થઇને? મેં ઉત્તરમાં જણાવ્યું માતાજી! આપની કૃપાથી ઘણું સરસ જોવા મળ્યું. પરન્તુ આ યુદ્ધનું મૂળ નિમિત્ત કારણ શું છે, એ જાણવાનું મન થયા કરે છે.

ધ્રાણુની શોધ :

માસીબાએ કહ્યું, વત્સ! મોહરાજાની સભામાં રાગકેશરીની આગલી હરોળમાં તેં વિષયાભિલાષ મહામંત્રીને જોયા હતા. એ મહામંત્રીએ વિશ્વ ઉપર મહામોહનું એક છત્રીય મહારાજ્ય સ્થાપન કરવાની મહેચ્છાથી પોતાના વિશ્વસનીય પાંચ વીરરત્ન પુરૂષોને રવાના કર્યા હતા.

પરન્તુ ચારિત્રધર્મરાજના તંત્રપાલ શ્રી સંતોષે આ પાંચેને હરાવ્યા. એ વીરરત્નો પણ સંતોષ દ્વારા પરાભવ પામ્યા. આ

કારણે મહામોહ અને એનો પરિવાર ક્રોધે ભરાણો છે. આ એમના વૈરનું મૂળકારણ છે.

માતાજી ! એ પાંચે વીરરત્નોના શું નામ છે ? કઈ રીતે વિશ્વ ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરતા હોય છે ?

બેટા ! સ્પર્શન, રસન, ઘ્રાણ, દૃષ્ટિ અને શ્રુતિ આ એમના નામો છે. સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દોમાં જગતને આકર્ષે છે. એ રીતે આકર્ષણ કર્યા પછી પોતાનું વર્ચસ્વ એના ઉપર પાથરી દે છે. આધીન બનાવી લે છે.

વત્સ ! આ પાંચમાંનો એક વ્યક્તિ ધારે તો વિશ્વને પોતાને આધીન બનાવી શકે તેમ છે. અરે ! પાંચે જોગા મળે પછી તો પૂછવાનું જ શું ? વિશ્વને પરાધીન કેમ ન બનાવી શકે ? એ કાંઇ આશ્ચર્યની વાત ગણાય ?

પુત્ર ! તું હવે ઘરે જા. વિશ્વાવલોકન થઇ ગયું છે. તારી અન્તરેચ્છા તૃપ્ત થઈ છે. ઘરે જા, હું તારી પાછળ આવી પહોંચીશ. આવું જણાવી માસીબાએ મને મોકલી આપ્યો, એટલે હું આપના ચરણે આવી ગયો.

પૂજ્યપાદ પિતાજી ! વિશ્વના મહાશત્રુઓ જે પેલા પાંચ વીરરત્નો છે, એમાંનો ઘ્રાણ પણ એક મહાશત્રુ છે. એ કોઈ સારો વ્યક્તિ છે એમ ન માનશો. રહેજે વિશ્વાસ કરવા જેવો વ્યક્તિ એ નથી.

માર્ગાનુસારિતા પણ એટલામાં ત્યાં આવી પહોંચી. એણીએ પણ વિચારની વાતને પૂરેપૂરું સમર્થન આપ્યું. બુધકુમારે આ

વાત સાંભળીને ઘ્રાણના ત્યાગ માટે મનોરથો કર્યા. અવસરે સર્વથા તજી દેવાનો પૂર્ણ દૃઢ નિર્ણય કર્યો.

મંદનું મૃત્યુ :

ભોરીંગ સમી ભુજંગતાના આદેશથી મંદકુમાર સુગંધી પદાર્થોના ભોગ ઉપભોગથી ઘ્રાણને સંતોષ આપે છે. એની શાંતિમાં પોતાનું સુખ માને છે, પણ જરાય ચેતીને ચાલતો નથી. ભાવીમાં શું થશે એની એને પડી નથી. પણ બીજી બાજુ એક નવિન ઘટના બની.

આ ધરાતલ નગરમાં દેવરાજ નામનો એક રાજા હતો. એને લીલાવંતી નામની એક પત્ની હતી. એ લીલાવંતી મંદકુમારની બહેન થતી હતી.

લીલાવંતીને બીજી એક શોક હતી. એ શોક સ્ત્રીને એક પુત્ર હતો. ઈર્ષાના કારણે શોક સ્ત્રીના પુત્રને મારવાનો વિચાર કર્યો. નિંદ્ય પુરૂષો પાસે એક વિષમય ગંધચૂર્ણનું પડીકું તૈયાર કરાવ્યું. ઘરના બારણે એ ગંધચૂર્ણનું પડીકું મૂકી પોતે ઘરમાં ગઈ. એણીની કલ્પના હતી કે શોક સ્ત્રીનો પુત્ર આવશે અને ગંધચૂર્ણ સૂંઘશે. સુંઘતા જ એ યમધામ પહોંચી જશે.

ભાગ્ય સંયોગે મંદકુમાર બહેનના ઘરે આવી ચડ્યો. દરવાજે એને સરસ સુગંધ આવવા લાગી. આમતેમ નજર ફેરવતાં ગંધચૂર્ણનું પડીકું હાથ લાગ્યું. ભુજંગતાએ સૂંઘવાનો આદેશ આપ્યો.

મંદકુમારે તરત જ પડીકું ખોલ્યું. સુગંધ સભર ચૂર્ણને સૂંઘવા લાગ્યો. સુગંધ સરસ હતી પણ ઝેર એમાં ભરેલું હતું.

તરત જ શરીરમાં ફેલાયું અને મૂર્ચ્છા આવી ગઈ. થોડીવારમાં તો એના પ્રાણો પરલોકની મુસાફરીએ ઉપડી ગયા.

બુધકુમારની દીક્ષા :

મંદકુમારના મૃત્યુથી બુધકુમારને ઘ્રાણ ઉપર ભારે તિરસ્કાર આવ્યો. ઘ્રાણના ત્યાગનો ઉપાય માર્ગાનુસારિતાને પૂછ્યો.

માર્ગાનુસારિતાએ જણાવ્યું, ભાઇ ! તમે સદાચાર પરાયણ તમારું જીવન બનાવી દો. સાધુ મહાત્માઓની વચ્ચે રહેવાનો નિર્ણય કરો. એમ થવાથી આ ઘ્રાણ તમારી પાસે હશે તો પણ એ જરાય દોષોનું કારણ નહિ થાય. એ ઘ્રાણ તજાએલો તમારે જાણવો. સંપૂર્ણ ત્યાગ પણ થઈ જશે.

માર્ગાનુસારિતાના વચનો સાંભળી એના અમલીકરણ કાજે ગુરૂદેવની સાનિધ્યમાં પહોંચી ગયો. મુક્તિગમનની ઇચ્છાએ તીવ્ર વેગ પકડ્યો. ગુરૂભગવંતે મુક્તિપ્રદા પ્રવ્રજ્યા બુધકુમારને સુયોગ્ય સમજી આપી.

આચાર વિચારોમાં એ શ્રેષ્ઠ હતો, ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાનો પૂર્ણ અભ્યાસી બન્યો. તપ ત્યાગના પ્રતાપે અનેક લબ્ધિઓનો સ્વામી બન્યો. સુયોગ્ય સાધુઓમાં એની ગણના થવા લાગી. ગુરૂદેવે યોગ્ય જાણી આચાર્યપદવી આપી અને ગણનો નાયક બનાવ્યો.

હે રાજન્ ! તે બુધસૂરિ હું પોતે જ છું. આપને સૌને બોધ થાય એ ખાતર ગચ્છને અન્ય સ્થળે રાખી હું એકલો આવેલો છું.

હે નરપતિ ! આપે મને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું અને મેં એ સંવિધાન રજુ કર્યું. એ ઘટના કહી સંભળાવી. આ ઘટના મારા સંબંધમાં ઘટે છે, એ રીતે તમારા સૌના જીવન સાથે ઘટી શકે છે.

આ મારું જીવનચરિત્ર છે. આપના આગ્રહથી રજુ કર્યું છે.

પ્રકરણ સાતમું

વિમળની દીક્ષા

મહારાજા ધવલના આગ્રહથી પૂ૦ બુધસૂરીશ્વરજી મહારાજાએ પોતાના બોધનું કારણ દર્શાવ્યું. ધવલરાજ વિગેરેને દીક્ષા માટેનો ઉપદેશ આપ્યો. ઉપદેશમાં આગળ ચલાવ્યું.

હે નરપતિ! વિશ્વવંચક સ્પર્શન વિગેરે ધૂર્તસમ્રાટોથી કોણ ઠગાતું નથી? મહામોહ વિગેરે પાપાત્માઓ દ્વારા કોણે હેરાનગતિઓ ભોગવી નથી? સહુ કોઇ ઠગાયા છે એ ધૂર્તરાજોથી અને સહુ કોઇ દુઃખી બન્યા છે એ મહામોહાદિથી.

આપને આ ભાવશત્રુઓથી વિરાગ થઇ રહ્યો હોય, સંસારની સુખસાહ્યબીઓને તિલાંજલિ આપવાનું મન થયું હોય, તો કલ્યાણ પરંપરાની કામધેનુ જેવી નિર્મળા દીક્ષાનો આપ સૌ સ્વીકાર કરો. શુદ્ધ સંયમ વિના શ્રેયની સિદ્ધિ શકય નથી.

અજ્ઞાનરૂપ સર્પોના ઝેરનું નિવારણ કરવામાં સમર્થ એવી અમૃતમયી ગુરૂભગવંતની દેશના સાંભળી મહારાજા ધવલ અને તત્રસ્થિત જનગણના હૃદયમાં સંવેગના ઝરણાં વહી નિકળ્યા.

મહારાજા ધવલ દીક્ષા લેવા અતિ ઉત્સુક બની ગયા. પોતાના ગુણશીલ પુત્ર વિમળને જણાવ્યું, વત્સ! તું આ રાજ્યગાદીને ગ્રહણ કર અને અમે દીક્ષા ગ્રહણ કરીએ.

વિમળે વિમળ હૃદયે જણાવ્યું, પિતાજી ! શું આપને હું વહાલો નથી ? આપનો પ્રિય પુત્ર નથી ? નરકમાં ધસડી જનારા રાજ્ય ઉપર કાં મને બેસાડો છો ? રાજ્યગાદીએ બેસી હું શું સુખી થઇશ ?

આપ મુક્તિની પ્રિયસખી સમી દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છો છો અને આ રાજ્યનો ત્યાગ કરો છો. હે પૂ૦ પિતાજી ! તાતપાદથી તજાતા નરકના દ્વાર જેવા આ રાજ્ય વડે મારે કાંઈ પ્રયોજન નથી. એ રાજ્યને મારે શું કરવું ?

હું આપની સાથે જ દીક્ષા ગ્રહણ કરીશ. મહાપુણ્યનો પ્રકર્ષ પ્રાપ્ત થયા પછી જ સકલ ગુણનિધાન તારક ગુરૂદેવની પ્રાપ્તિ થાય છે. ગુરૂદેવના જ ચરણ કમલમાં હું મધુકર બનીને રહીશ. રાજ્યથી સર્યું.

મહારાજા ધવલ પોતાના પુત્ર વિમળની વાતથી સુપ્રસન્ન બન્યા. એમને કમલ નામનો સુપુત્ર હતો. રાજ્યસિંહાસને એનો અભિષેક કરાવ્યો. એ પુત્ર પણ નીતિવાન્ અને યશસ્વી હતો.

અષ્ટાહ્નિકા ઉત્સવ દીક્ષા નિમિત્તે ચાલુ થયો. અન્ય ઉચિત સત્કાર્યો કરવામાં આવ્યા. શુભ દિને મંગલતૂરના મંગળ ધ્વની સાથે ઉદ્યાનમાં પધાર્યા. આચાર્ય શ્રી બુધસૂરીશ્વરજીએ મહારાજા ધવલ, પુત્ર વિમળ, મહારાણી અને અન્ય કેટલાક ભાવિકોને દીક્ષા આપી.

કેટલાક આત્માઓએ દીક્ષા લેવાની અસમર્થતા બતાવી અને યથાશક્તિ સમ્યક્ત્વ, અણુવ્રતો વિગેરેનો ગુરૂદેવ પાસે

સ્વીકાર કરી આત્માને પવિત્ર બનાવ્યો. એઓ પણ પોતાને સુધન્ય માનવા લાગ્યા.

વામદેવની વકતા :

હે અગૃહીતસંકેતે ! આચાર્યશ્રીના અદ્‌ભુત રૂપને મેં બરોબર જોયું. એમના વચનો બરોબર સાંભળ્યાં, છતાં પાષાણ-મૂર્તિને કાંઇ અસર ન થાય એમ મને પણ બોધની જરાય અસર થઇ ન હતી. રહેજે કોમળ હૈયું ના બન્યું.[1]

અરે ! બહુલિકા-માયાની અસર તળે હોવાથી મને એ વખતે વિપરીત અસર થઇ. મેં વિચાર્યું કે કેવી કપટપટુતા છે આ ધૂર્તની ? ધૃષ્ટતા પણ કેવી જબરી છે ? બોલવામાં કેવો ચબરાક છે ? ભારે બંધો છે હો ? ઇંદ્રિજાળની વિદ્યામાં જોરદાર છે. માયાજાળમાં ભલભલાને ભોળવી જાણે છે. ભારે પક્કો ઠગ નિકળ્યો. આ બિચારા ભોળા રાજા વિગેરેને કેવા ફસાવ્યા ? આની ચતુરતા અજબની છે.

આ ધૂર્ત ગમે તેવો હોય પણ મારો મિત્ર વિમળ મને વિના ઇચ્છાએ દીક્ષા લેવાની ફરજ પાડશે. બળપૂર્વક દીક્ષા અપાવશે. વિમળની આંખોમાં ધૂળ નાખી જલ્દી કયાંય નાસી જઉં.

આવા વિચારો કરી બંને મુઠ્ઠીઓ વાળી ત્યાંથી ભાગવા જ લાગ્યો. એવો ભાગ્યો એવો ભાગ્યો કે મારી ગંધ પણ

---

૧ આ વાર્તાનો સંબંધ આગળથી ચાલી રહ્યો છે. જે સંસારી-જીવ હાલ વામદેવ છે તે પોતે સંભળાવી રહ્યો છે. શ્રોતાઓમાં અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા અને સુમતિ-ભવ્યપુરૂષ છે. સદાગમની નિશ્રામાં વર્ણન કરાઈ રહ્યું છે એ વાત વાચકવર્ગ ખ્યાલમાં રાખે.

કોઈને ન આવે. મને કોઈ શોધી પણ ન શકે. મારા ભાગ-વાની કોઈને ખબર પણ ન પડી.

મારા માટે પ્રશ્ન :

વિમળ દીક્ષા સ્વીકાર કરવા ગુરૂદેવ પાસે આવ્યો ત્યારે મારી એણે શોધ કરી. શોધ માટે બધા સ્થળે અનેક રાજ-પુરૂષોને રવાના કર્યા, પરન્તુ મારો પત્તો ન લાગ્યો. વિમળને ભારે અચંબો થયો. મારી એને ઘણી ચિંતા થઈ. આખરે ગુરૂદેવને પ્રશ્ન કર્યો.

ગુરૂદેવ ! મારો મિત્ર વામદેવ એકાએક કયાં અલોપ થઇ ગયો ? શા માટે ચાલ્યો ગયો હશે ? શું એ હવે હાથ નહિ લાગે ?

ગુરૂદેવે જ્ઞાનનો ઉપયોગ મૂકયો અને મારૂં ચરિત્ર જાણી લીધું. એમણે કહ્યું, વિમળ ! દીક્ષા નહિ લેવાની ઇચ્છાથી વામ-દેવ નાસી ગયો. મારૂં અક્ષરશઃ વર્તન જણાવ્યું.

ગુરૂદેવ ! વામદેવ શું અભવ્ય છે ? દુરભવ્ય છે ? આપના જેવા સમર્થ તરણુતારણ ગુરૂવર્ય હોવા છતાં એને દીક્ષાનું મન કાં ન થયું ? વિવેક પણ જાળવી ન શકયો ? ધૃષ્ટતાભર્યું એનું વર્તન શાથી છે ?

વિમળ ! એ અભવ્ય નથી. તારો મિત્ર દુષ્ટ નથી. અસ-દાચરણ શાથી કર્યું એના કારણો જાણ્યા પછી આશ્ચર્ય નહિ થાય.

વામદેવને આંતર બે મિત્રો છે, સ્તેય અને માયા મિત્રો સાથે અતિ મિત્રતા છે. એ બેનો આશ્રય હોવાથી વામદેવ

અઘટિત આચરણ કરે છે. એ બે મિત્રો ન હોય તો વામદેવનું વર્તન આવું ન હોય.

ગુરૂદેવ ! આ બે પાપમિત્રોથી વામદેવનો છૂટકારો થશે કે નહિ થાય ? આવો પ્રશ્ન વિમળે ફરી કર્યો ત્યારે ગુરૂદેવે કહ્યું.

વિમળ ! "વિશદમાનસ" નામનું નગર છે, ત્યાં "શુભાભિસન્ધિ" રાજા છે. તેને નિર્મળ આચાર અને નિર્મળ વિચાર ધરાવતી "શુદ્ધતા" અને "પાપભીરૂતા" નામની બે રાણીઓ છે. એ રાણીઓને આનંદપ્રદા "ઋજુતા" અને "અચૌરતા" નામની પુત્રીઓ છે.

આ ગુણવતી કન્યાઓ સાથે વામદેવના જ્યારે લગ્ન થશે ત્યારે એની વક્રતા ઘટશે. સૌભાગ્યશીલા કન્યાઓના લગ્ન પછી પાપમિત્રોનો સંસર્ગ વામદેવ તજી દેશે.

ઘણા દીર્ઘકાળ પછી આ સુકન્યાઓ સાથે લગ્ન થશે. હમણા તો વામદેવ ધર્મ પ્રાપ્તિ માટે સર્વથા અયોગ્ય છે. એને કાજે કાંઇ પણ પ્રયાસ કરવો ઉચિત નથી. આવા સમયે ઉપેક્ષા કરવી ઉત્તમ ગણાય.

ગુરૂદેવના કથનથી મિત્ર વિમળકુમારે પણ મારી ઉપેક્ષા કરી. ગુરૂદેવ નવીન સાધુઓને લઇ પોતાના ગચ્છમાં આવી ગયા. ગચ્છના સાધુઓને ઘણો જ આનંદ થયો.

પ્રકરણ આઠમું

વામદેવની દુર્દશા

માયાના પ્રતાપે હું વિમળમતિ વિમળને તજી કયાંય નાસી છૂટ્યો. સૌજન્યના બદલે મેં દુર્જનતા બતાવી. એ છતાં હું મારી જાતને ભાગ્યવંત માનતો.

ફરતો ફરતો "કાંચનપુર" નગરે જઇ પહોંચ્યો. ત્યાં બજારમાં ફરવા લાગ્યો. એક દુકાન ઉપર હું ચઢ્યો. "સરલ" શેઠ એ દુકાનના સ્વામી હતા. માયાનો પ્રયોગ મેં અજમાવ્યો અને આંખોમાં આંસુ લાવી સરલશેઠના પગે પડી ગયો.

સરલશેઠ ખરેખર સરલ હતા. એમણે મને પૂછયું, આ શું કરો છો ? આંખમાં આંસુ કેમ ?

મેં કહ્યું, આપને જોતાં મને મારા પિતાજીની યાદ તાજી થઇ. આપ અને મારા પિતા દેખાવમાં એકસરખા લાગો છો.

વત્સ ! જો એમ જ છે, તો તું મારો પુત્ર. મારે કોઇ પુત્ર નથી. આજથી તને મારો પુત્ર ગણીશ.

મેં કહ્યું, "હું આપને મારા પિતા જ માનું છું."

સરળશેઠ ઘરે લઇ ગયા. પોતાના પત્ની "બન્ધુમતી" ને બધી વાત કહી. છેવટે પુત્ર તરીકે સંભાળવાનું જણાવી દીધું.

બન્ધુમતીએ મને નવરાવ્યો, વસ્ત્રો પહેરાવ્યા, બવરાવ્યું. ભોજન પછી અમો આરામ બંડમાં વિરામ આસને બેઠા હતાં ત્યારે મારા નામ, ગામ, કુળ, ગોત્ર વિગેરે બાબતો પૂછી. મેં શેઠ અને શેઠાણીને એ બધી વાતો સાચી જણાવી.

અરે ! આ વામદેવ તો આપણી જ જ્ઞાતિનો છે, એમ જાણ થતાં સરલશેઠને ઘણો ઘણો આનંદ થયો. વિશ્વાસુ સરલ-શેઠે ધીરે ધીરે ઘરનો બધો કારભાર મને ભળાવી દીધો. ગુપ્ત બાતમીઓ પણ મને જણાવી.

સરલના ત્યાં ચોરી :

સરલશેઠને ધન ઉપર મૂર્ચ્છા ઘણી હતી. દુકાનની નીચે એમણે રત્નાદિ ધનરાશિ દાટી રાખી હતી. એ કારણે શેઠજી દુકાને જ સુવાનું રાખતા. પુત્ર તુલ્ય માની મને પણ સુવા ત્યાં લઇ જતાં. દાટેલા રત્નરાશિની વાત પણ એમણે મને જણાવી દીધી.

સરલશેઠને "બન્ધુલ" નામનો એક મિત્ર હતો. બંધુલના ઘરે પુત્રની છઠ્ઠી જાગરણનો ઉત્સવ એ રાત્રે હતો. બન્ધુલનું સરલશેઠને બાસ આમંત્રણ હતું. રાત્રે ગયા વિના ચાલે તેમ ન હતું.

સરલશેઠે મને કહ્યું, બેટા આજે મારે બન્ધુલ મિત્રના ત્યાં છઠ્ઠી જાગરણ માટે જવું પડશે. તું એકલો આજે રાતે દુકાને જજે અને સૂઇ રહેજે.

પિતાજી ! આપના વિના મને દુકાને નહિ ફાવે. એટલે

હું આજ રાતે દુકાને નહિ જાઉં. આજ તો માતાજીના પવિત્ર ચરણે જ રાત ગાળીશ.

સરલશેઠના હૃદયમાં થયું કે આ પુત્રને માત-તાત પ્રતિ કેવી પ્રીતિ છે? કેવું સ્નેહભર્યું આનું વર્તન છે? એવા વિચારો કરતા એમણે કહ્યું, બેટા! તું માતાની પાસે રહેજે. આ પ્રમાણે જણાવી સરલશેઠ બન્ધુલના ઘરે ગયા અને હું અહીં જ રહ્યો.

રાત્રી ચાલુ થઇ, અન્ધકાર ફેલાવા લાગ્યું. મારા અન્તઃકરણમાં પણ અન્ધકારે જોર પકડયું. સ્તેય મિત્રે પ્રેરણા કરી. અરે વામદેવ! આજે દુકાનમાંથી રત્નરાશિ લેવાનો સરસ મોકો મળ્યો છે. તું આ તકનો લાભ લઇલે. મૂર્ખાઈ ન કર.

સ્તેય મિત્રની પ્રેરણાથી હું રાત્રે પથારીમાંથી ઉભો થયો. રત્નરાશિ લેવા માટે દુકાન મેં ઉઘાડી. નગરરક્ષકોએ દુકાન ખોલતાં મને જોયો. એ લોકોને મારા ઉપર શંકા થઇ. વામદેવે મધ્ય રાત્રે દુકાન શા માટે ખોલી હશે એ તપાસવા ગુપ્ત રીતે ખ્યાલ રાખવા લાગ્યા.

મેં રત્નરાશિ ખોદી કાઢી અને દુકાનની પાછળના ભાગની જમીનમાં ખાડો ખોદી ત્યાં રત્નધન દાટી દીધું.

આ કાર્ય કરતાં લગભગ રાત પૂરી થવા આવી. પ્રભાતનો સમય થયો. મેં મોટી ધમાલ કરી મૂકી. જોરથી બૂમો પાડવા લાગ્યો. હાહાકાર કરવાથી આજુબાજુના લોકો ત્યાં આવી પહોંચ્યા. નગરરક્ષકો આવ્યા અને સરલશેઠને સમાચાર મળતાં એ પણ ત્યાં આવી ગયા.

સરલશેઠે મને પૂછ્યું, વત્સ! આ શું હકિકત છે? શા માટે ધમાધમ થઇ રહી છે?

મેં કહ્યું, પિતાજી! ભારે આકૃત આપણા માથે આવી પડી. ઉદાસીનપણે ખુલ્લી દુકાન અને નિધાન સ્થળ પિતાજીને દેખાડયું.

સરલશેઠે પૂછ્યું, બેટા! આ વાતનો તને ખ્યાલ કઇ રીતે આવ્યો. ચોરોએ ચોર્યું છે એની તને જાણ કયારે થઈ?

પિતાજી! આપ રાત્રી જાગરણના માટે મિત્ર બન્ધુલને ત્યાં ગયા હતા. ઘરે હું એકલો હતો. આપના વિરહના કારણે મને જરાય નિંદ્રા ન આવી. આપના વિરહની વ્યથાથી હું આકુળ વ્યાકુળ હતો. શય્યામાં આમ તેમ આળોટ્યાં કર્યું.

મને થયું કે દુકાને જાઉં. ત્યાં પૂજ્ય પિતાજીના સ્પર્શથી પવિત્ર થએલી ભૂમિ છે, એ પવિત્ર ભૂમિ ઉપર શયન કરતાં મને જરૂર શાંતિપૂર્વક નિદ્રા આવશે. આવો વિચાર કરી દુકાને આવ્યો. અહીં ચોરી થએલી જોઇ તેથી મેં હાહાકાર કરી મૂકયો. પિતાજી આપણે મરાઇ ગયા.

સુનયને! મેં આખી વાર્તા બનાવટ કરીને તાતજીને કહી સંભળાવી. પરન્તુ નગરરક્ષક લોકો વિચારવા લાગ્યા, શું આ દુષ્ટની કૃતઘ્નતા છે? કેવી કૂટકલ્પના અને કેવો વિશ્વાસઘાત? ભારે ધીઠ્ઠો માનવી જણાય છે.[૧]

---

૧ ચોરી કરવાનું કેટલાકને વ્યસન હોય છે. એની પાસે સાધન હોય છતાં ઘણાને ચોરી કર્યા વિના ચેન પડતું નથી. આ ઘરનો સ્વામી આખરે વામદેવ હતો પણ ચોરીની ટેવથી લાચાર હતો.

વામદેવે પોતે જ ચોરી કરી છે અને ખૂબજ સફાઇથી એ વાત ઉપર ઢાંકપીછોડો કરી રહ્યો છે. ખેર, એની પાછળ પડી આપણે મુદ્દામાલ સાથે પકડી પાડીશું. એ ભાઇ ઉપર પૂરો જાપો રાખશું, જરૂર પકડાઇ જશે.

નગરરક્ષકોએ વિચાર કરી કહ્યું, શેઠજી! આપ જરાય ગભરાશો મા. ચિંતા ફીકર ના કરશો. આપના ધનની ચોરી કરનાર ચોરને પકડી પાડેલો છે, એમ માનજો. આપ જરા ધીરજ ધરજો. આપનો રત્નસંચય આપને જરૂર મળી જશે.

આ શબ્દો બોલતી વેળા નગરરક્ષકો મારા તરફ વક્ર-નયનોથી જોતા જતાં હતાં. એ વેળા મને થયું કે નગરરક્ષકોએ ચોરી કરતાં મને જોઇ લીધો લાગે છે. મને ખૂબ ભય લાગ્યો. પરસેવો પરસેવો થઈ ગયો. નગરરક્ષકોના કટાક્ષ વચનોની મને ભારે અસર થઇ.

ટોળે મળેલા લોકો વિખરાયા, અમે અમારે ઘરે ગયા. નગરરક્ષકોએ મારી પાછળ ગુપ્તચર વિભાગના કેટલાય માણસો ગોઠવી દીધા. એ દિવસ શાંતિમાં પસાર થઇ ગયો.

સૂર્ય અસ્ત થઇ ગયો. રાત્રીની શરૂઆતમાં જ હું દુકાનની પાછળ ગયો. સંતાડેલો રત્નસમુહ કાઢી એકદમ નાસવા લાગ્યો. ગુપ્તચરો મારી પાછળ પડ્યા હતા એ વાતનું મને લક્ષ ન રહ્યું. નગરરક્ષકોએ મને મુદ્દામાલ સાથે તરત જ પકડી પાડ્યો. ત્યાં એકદમ કોલાહલ થવા લાગ્યો. ઘણા લોકો ભેગા થઇ ગયા. જનસમુદાય સમક્ષ નગરરક્ષકોએ મારી ગઇ રાતની બીના અને આજની બીના ખુલ્લી કરી દીધી.

સરલની સરલતા :

જનસમુદાય મારા ઉપર ફીટકાર વરસાવવા લાગ્યો. વિશ્વાસઘાતી, ચોર, દુષ્ટ, નાલાયક વિગેરે શબ્દો દ્વારા તિરસ્કાર કરવા લાગ્યા. ચોમેર મારી નિંદા થવા લાગી. નગરરક્ષકોએ મને રિપુસૂદન રાજા પાસે હાજર કર્યો. રાજાએ મારી નાખવાનો આદેશ આપ્યો.

આ આજ્ઞાની સરલશેઠને ખબર પડી. તેઓ તરત જ રાજા પાસે આવ્યા. ઉત્તમ ભેટણા ધરી મને જીવતો મૂકવા વિનંતિ કરી. અતિ મુશ્કેલીથી મને જીવિતદાન મળ્યું. યમરાજ પાસેથી જીવન મેળવે એમ રાજા પાસેથી જીવન મળ્યું.

રાજાએ સરલશેઠને એનું બધું ધન પાછું આપ્યું અને કહ્યું, હે શેઠ ! આ તારો પુત્ર તારે ત્યાં રહેશે તો સુધરશે નહિ, એની વ્યવસ્થા મારે ત્યાં થશે. આપ ચિંતા ન કરશો. એને મુક્ત રાખવો ઉચિત નથી.

મારો મિત્ર પુણ્યોદય પહેલેથી દિવસે દિવસે દુબળો થતો હતો. તે મારા આ દુષ્ટચરિત્ર જોઇ મારો ત્યાગ કરી કયાંય જતો રહ્યો. હું પુણ્ય વિહૂણો બની ગયો.

રાજાજ્ઞાનો સરલશેઠે સ્વીકાર કર્યો. એ પોતાના ઘરે ગયા. મારે ફરીજીયાત રાજમહેલે રહેવાનું થયું. સ્તેય અને માયા મારી સાથે હતા પણ રાજસાહેબ તરફથી ઉગ્ર અને કઠોર દંડનો ભય હંમેશા રહ્યા કરતો હતો. તે ભયથી સ્તેય અને માયા કાંઈક શાંત બન્યા.

ચૌર્ય અને માયાનો પ્રયોગ હું કરી શકતો ન હતો. બંને શાંત બની ગયા હતા. છતાં પણ લોકો મારા ઉપર શંકિતો રહેતા. અન્ય કોઇ ચોરી કરે તો પણ મારા ઉપર વહેમ રાખતા. મારી સાચી વાત માનવા કોઇ તૈયાર ન હતું.

ભદ્રે અગૃહીતસંકેતે ! રોજ મારે લોકોની નિંદા સહન કરવી પડતી. કોઈ ચોરી કરે તો મારે માર ખાવો પડતો. માર રોજ ઓછોવત્તો મળતો જ. આ રીતે રાજમહેલમાં રહેતા મારો ઘણો સમય વ્યતીત થઇ ગયો.

ફાંસીની સજા :

એક દિવસે રાજાના લક્ષ્મીગૃહમાં કોઇએ ચોરી કરી. ચોરી કરનાર વ્યક્તિ વિદ્યાસિદ્ધ હતો. રાજાનું લક્ષ્મીગૃહ તદ્દન ખાલી કરી નાખ્યું. ઘણી શોધ કરી છતાં એ હાથ ન લાગ્યો. વિદ્યાસિદ્ધ હતો એટલે પકડાયો નહિ.

એ ચોરીનું કલંક મારા ઉપર આવ્યું. રાજાને થયું કે વામદેવ જેવું સાહસ કોઇ કરે એમ નથી. એ સિવાય રાજમહેલમાં કોઈ ખરાબ માનવી અહીં રહેતો નથી. આનું જ કામ હશે એમ માની મને પકડવામાં આવ્યો. પહેલા ચોરી કરેલી એ દોષના કારણે આજે આરોપ આવ્યો.

ગૂનો કબુલ કરાવવા મને ઘણો માર પડ્યો. આખા ગામમાં ગધેડે બેસાડી ફેરવ્યો. છોકરાઓ મારો હુરીયો બોલાવતા હતા. મારી ઘણી ઘણી કદર્થના કરવામાં આવી. કોપાયમાન બનેલા રાજવીની આજ્ઞાથી ગામ બહાર લઇ જઈ ફાંસીના માચડે મને લટકાવી દેવામાં આવ્યો.

ર૫ડપટ્ટી :

મારી જુની ગુટિકા ખલાસ થવા આવી એટલે પત્ની ભવિતવ્યતાએ મને બીજી ગુટિકા આપી. એ ગુટિકાના પ્રભાવથી અત્યંત તીવ્ર વેગે હું પાપિષ્ઠનિવાસના છેલ્લા પાડામાં પહોંચી ગયો. પાપિષ્ઠનિવાસ નગરનો ખરાબમાં ખરાબ એ સાતમો પાડો હતો.

ત્યાં અસંખ્ય અસંખ્ય જાતના દુઃખો હતા. એનો આરો દેખાતો ન હતો. આખરે તેત્રીશ સાગરોપમ પછી બીજી ગુટિકા ભવિતવ્યતાએ આપી. હું પંચાક્ષપશુસંસ્થાન નગરે ગયો. ત્યાંથી નવી ગુટિકા મળતાં ફરી પશુસંસ્થાનમાં ગયો. વળી પાપિષ્ઠનિવાસમાં.

અસંવ્યવહાર નગર સિવાય એવું એક સ્થળ નથી કે જ્યાં હું મારી પત્ની ભવિતવ્યતાની આજ્ઞાથી ન ફર્યો હોઉં. હું પુરૂષ હોવા છતાં પણ સ્ત્રી કરતાં નીચો હતો. પત્નીની આજ્ઞાને સદા અમલમાં મૂકતો.

સ્તેય અને બહુલિકા–માયાના પ્રતાપે મારા શા હાલહવાલ થયા તે મેં તમને જણાવ્યા.

પ્રજ્ઞાવિશાળાની વિચારણા :

સંસારીજીવે પોતાની વેદનાભરી કથા સંભળાવી એટલે પ્રજ્ઞાવિશાલાના હૃદયમાં અત્યન્ત સંવેગ જાગૃત થયો. વૈરાગ્ય ભીનાં અન્તઃકરણથી એણીએ વિચાર કર્યો કે–

અરે ! આ સ્તેય કેવો ખરાબ વ્યક્તિ છે ? અરે ! પેલી

માયાએ તો દાટવાળી નાખ્યો. સ્તેય અને માયાએ મળીને બીચારા સંસારીજીવનો સંસાર બગાડી નાખ્યો. એ બેની પરવશ બનેલા સંસારીજીવે કેવા કારમા દુઃખો સહન કર્યા? સ્તેય અને માયા વિશ્વસનીય નથી. સર્પથી આઘા રહેવામાં આવે છે, એમ આ બન્નેને નવગજના નમસ્કાર કરવામાં જ શ્રેય સમાએલું છે.

આનંદનગર ભણી :

સંસારી જીવે આગળ ચલાવ્યું. હે કમલાનને! ભવિતવ્યતાએ મને મનુષ્ય બનાવ્યો. મેં ત્યાં થોડું ઘણું સુકૃત કર્યું એટલે ભવિતવ્યતા મારા ઉપર સુપ્રસન્ન બની.

પત્ની ભવિતવ્યતા બે માનવોને લઇ મારી સામે આવી. મને જણાવ્યું, પ્રિયતમ! આપ આનંદપુર પધારો. આપ ત્યાં આનંદમાં વસજો.

આપની સહાય માટે આ બે મનુષ્યો લાવી છું. આ માનવીનું નામ "સાગર" છે. એ રાગકેશરી મહારાજાનો પુત્ર છે. એની માતાનું નામ "મૂઢતાદેવી" છે. આપની સેવામાં રહેશે. આ માનવી આપનો જુનો જાણીતો મિત્ર છે. પુણ્યોદય એનું નામ છે. આપને ઘણી સહાય કરશે. હવે આપ આનંદપુરે પધારો.

મે કહ્યું, "જેવી દેવીની આજ્ઞા."

હું અને મારા બંને મિત્રો સાગર અને પુણ્યોદય સાથે ભવિતવ્યતાએ આપેલ નવી ગુટિકાના પ્રભાવે આનંદપુરની દિશા ભણી રવાના થઇ ગયો.

ઉપસંહાર.

હે ભવ્ય આત્માઓ ! અપવર્ગમાં જવાની કામના છે ? તમારે મોક્ષના સુખો મેળવવા છે ?

જો હા, તો તમે સોમદેવના પુત્ર વામદેવની અને મંદકુમારની કથાને સમજો. ભયંકર પરિણામોનો વિચાર કરી માયા, ચૌર્ય અને ગંધની આસક્તિને તજો. તમે માયા, સ્તેય અને ગંધની લાલસા તજી દેશો તો બુધકુમાર, ધવલ મહારાજા અને વિમળકુમારની જેમ વિમળ ગતિને પામશો.

इति आचार्य-श्रीश्रीचन्द्रसूरीश्वरशिष्यावतंसाचार्य-
श्री-देवेन्द्रसूरिविरचिते उपमितिभवप्रपञ्चकथा-
सारोद्धारे पञ्चमः प्रस्तावः समाप्तः

इति श्री तपागच्छीयाचार्यश्री विजयहर्षसूरिशिष्यावतंसपं-
न्यासप्रमुखश्रीमंगलविजयगणिवराणां सत्प्रेरणया तपागच्छीया-
चार्यश्रीबुद्धिसागरसूरिपट्टधराचार्यश्रीमत्कीर्तिसागरसूरि-
पट्टधराचार्य-श्री-कैलाससागरसूरिलघुशिष्येण
मुनि क्षमासागरेण

कृतो गूर्जरभाषायां भावानुवादात्मकश्चतुर्थ-पञ्चम प्रस्तावस्वरूपोऽयं
श्री-उपमितिभवप्रपञ्चकथा-सारोद्धारस्य
द्वितीयो विभागः समाप्तः

શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય

મુ. શિવગંજ રાજસ્થાન સ્ટેશન જવાહિબાંધ

આ સંસ્થામાં જૈન બાળકોને ધાર્મિક તત્ત્વજ્ઞાન ઉંચી કોટીમાં અપાય છે તેમા કેટલાક વિદ્યાર્થીઓને વગર ચાર્જે ભોજન આદિ આપી ધાર્મિક માસ્તરો તૈયાર કરાય છે તેમ ધાર્મિક પૂર્વાચાર્યોના ગ્રંથોને હિંદી તથા ગુજરાતી ભાષામાં છપાવી લગભગ પડતર કીંમતે આપી જૈન સમાજમાં અધ્યાત્મજ્ઞાનનું વાંચન, સંસ્કાર પણ અપાય છે માટે મુમુક્ષુ આત્માને લાભ લેવા નમ્ર વિનંતિ છે.

બહાર પડેલા ધાર્મિક ગ્રન્થો

ઉપદેશ પ્રાસાદ હિંદી ભાષા ભાગ ૧–૨–૩–૪ દરેકના કીંમત રૂા. ૪–૦૦
ઉપદેશ પ્રાસાદ હિંદી ભાષા ભાગ–૫ કીં. રૂા. ૬–૦૦
શાંત સુધારસ ભાવના ભાગ ૧–૨ બંનેના કીં. રૂા. ૮–૦૦
સોલીસીટર મોતીચંદ ગીરધર કાપડીયાનું ગુજરાતી ભાષાંતર
પંચસૂત્ર (ઉંચ પ્રકાશના પંથે) કીં. રૂા. ૪–૦૦
પંન્યાસ ભાનુવિજયજીગણીનું ગુજરાતી ભાષાંતર
ઉપમિતિ સારોધ્ધાર આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજી કૃત
વિદ્વદ્વર્ય ક્ષમાસાગરજીના ગુજરાતી ભાષાતર ભાગ ૧–૨ બંનેના રૂા. ૮–૦૦
ઉપમિતિ સારોધ્ધાર ભાગ ૩ જો પ્રેસમાં ૨૦૨૪ના કાર્તિક માસમાં તૈયાર થશે

પ્રાપ્તિસ્થાન જૈન જ્ઞાનોપાસક સમિતિ

ઠે. બેડાવાસ, મુ. શિવગંજ રાજસ્થાન સ્ટેશન જવાહીબાંધ

શા. શાન્તિલાલ જગજીવનદાસ

ઠે. માણેકચોક, સાંકડીશેરીના નાકે, યુનાઈટેડ બેંક નીચે, **અમદાવાદ ૧.**

શા. રતીલાલ બાદરચંદ બુક સેલર

ઠે. દોશીવાડાની પોળ, **અમદાવાદ–૧.**

ભૂરાલાલ કાલીદાસ બુક સેલર

ઠે. રતનપોળ, હાથીખાના, **અમદાવાદ–૧.**

સોમચંદ ડી. શાહ મુ. પાલીતાણા

ઠે. જીવન નિવાસ સામે, સુધેપા ઓફીસ (સૌરાષ્ટ્ર)

ટાઈટલ : ન્યુ સીટી પ્રેસ, અમદાવાદ.